જીવનભરનાં સંભારણા

બીજા વિશ્વ યુદ્ધના સમયની સાઈબેરિયાની પૃષ્ઠભૂમિ ઉપર આધારિત પ્રખ્યાત રશીયન નવલકથા
“ઝ્હીવી ઇ પોમ્ની” (Живи и помни)

વાલેન્તીન રસ્પુતીન



૨૦૦૨નાં રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા લોકપ્રિય ગદ્યલેખક (૧૯૩૭-)

અનુવાદ: શ્રુતિ શાહ

પ્રકરણ ૧

યુદ્ધનાં અંતિમ વર્ષ સન પિસ્તાળીસમાં આ ક્ષેત્રમાં શિયાળો હળવો રહ્યો હતો, પણ જાન્યુઆરીના બીજા પખવાડિયાની ઠંડીએ પોતાનો પરચો બતાવી દીધો અને હમેશા ની જેમ ઠંડી શૂન્યથી ૪૦ ડીગ્રીથી પણ વધારે નીચે સુધી પહોચાડી દીધી .અઠવાડિયા સુધી ઠંડીમાં ઠઠર્યા પછી છેવટે તુષારના પડળ વૃક્ષો પરથી ઉતરી ગયા અને જંગલ તદ્દન નિર્જીવ બની ગયું ,જમીન પર પડેલો બરફ ચરમરચરમર કરી ઉઠ્યો અને તેના ચૂરેચૂરા થવા લાગ્યા. સવારની થીજેલી, કઠોર, અને શૂળની જેમ ચુભતી હવામાં શ્વાસ લેવો અસહ્ય થઇ પડ્યો..પછી ઠંડી પણ ઢીલી પડી, ફરી એકવાર ઓછી થઇ ત્યારે ખુલ્લી જગ્યાઓમાં છવાયેલા બરફનું ઉપલું પડ કઈક જલ્દી જ સખત થઇ ગયું.

ઠંડીનાં દિવસોમાં અંગારા નદીનાં કિનારે પાણીની તદ્દન નજીકનાં નીચલા ખેતરમાં બનેલા ગુસ્કોવ કુટુંબમાં ચોરી થઇ ગઈ~મીખેઈચની ઉત્તમ કુહાડી ગુમ થઇ ગઈ .હંમેશાથી જયારે જયારે પણ કોઈ વસ્તુને સંતાડવાની જરૂર પડતી ત્યારે ત્યારે તેને ભઠ્ઠીની બાજુમાં એક પાટિયા નીચે સરકાવી દેવામાં આવતી હતી .વૃદ્ધ ગુસ્કોવને , જેણે ગઈકાલે જ તમાકુનો ભૂકો બનાવ્યો હતો, તેને સારી રીતે યાદ હતું કે તેણે કુહાડી ત્યાંજ સરકાવી હતી.બીજા દિવસે અચાનક તેને ધ્યાનમાં આવ્યું અને જોયું તો કુહાડી ત્યાં હતીજ નહિ .તે બધે ઠેકાણે શોધી વળ્યો પણ તેનું નામોનિશાન સુધ્ધા ન મળ્યું . હા, હમાંમખાનાનાં બધા ખૂણા ખુંદી કાઢ્યા પછી મીખેઈચને બીજી એ વાતની ખબર પડી કે તેની માત્ર કુહાડી જ નહોતી ખોવાઈ; હમાંમખાનામાંથી ચોરી કરનારો કુહાડીની સાથે સાથે ઘરનાંઉગાડેલાં તમાકુનાં પાંદડાંનું મોટું ગાંસડુ પણ ઉપાડી ગયો હતો અને હમાંમખાનાના ઉંબરા પર રાખેલ જૂની શિકારી સ્કી પણ .ત્યારે વૃદ્ધ સમજી ગયો કે ચોર ક્યાંક દૂર દૂરનો છે ,અને હવે તેને કુહાડી કદાપિ જોવા સુધ્ધાં નહિ મળે કારણકે પોતાના જ ગામવાળાઓમાંથી તો કોઈ સ્કી ન ઉઠાવે.

નાસ્ત્યોના સાંજે કામેથી પાછી આવી ત્યારે તેને ચોરી વિષે જાણ થઈ. આખો દિવસ વીતી ગયો હોવા છતાં પણ મીખેઈચ ઠંડો નહોતો પડ્યો .લડાઇના દિવસોમાં આવી કુહાડી ક્યાંથી મળશે? હવે તો ગમે તેવી કુહાડી પણ મળવામાંથી રહી અને આ કુહાડી તો હતી એકદમ હલકીફૂલ,તેજ ધારવાળી,હાથો ચડાવેલી. નાસ્ત્યોના સસરાને બડબડાટ કરતા સાંભળી રહી હતી,અને થાકેલી;પાકેલી મનમાં વિચારી રહી હતી,જરાક જેટલા લોખંડના ટુકડા માટે હવે જીવ બાળવાનો શો ફાયદો, અહી તો ક્યારનુંય બધું જ ઉથલપાથલ થઇ રહ્યું છે,પણ પછી પથારીમાં પડ્યા પડ્યા નાસ્ત્યોનાનું હૈયું એકદમ બેસવા લાગ્યું :તખતની નીચે ડોકિયું કરવાની વાત કોઈ અજાણ્યાના મગજમાં આવી જ કેવી રીતે શકે? આ અંધકારમાં

અક્સ્માંતપણે પ્રગટ થયેલા વિચારથી તેનો શ્વાસ જાણે એકદમ રોકાઈ ગયો, ઊંઘ તરત જ ઉડી ગઈ અને નાસ્ત્યોના બહુવાર સુધી અંધારામાં એ બીકે આંખો ઉઘાડી રાખી નિશ્ચલ પડી રહી કે ક્યાંક કોઈની સામે તેનો આ ડરામણો વિચાર બહાર ન ફૂટી આવે, આ વિચારને તે ક્યારેક દૂર ભગાડતી તો ક્યારેક તેના પાતળા,તૂટતા તારોને પકડવાનો પ્રયત્ન કરવા લાગતી.

એ રાત્રે નાસ્ત્યોનાની ઊંઘ પૂરી ન થઇ અને સવારે પોહ ફાટતા જ તેણે જાતે હમાંમખાનામાં ડોકિયું કરવાનો ફેસલો કર્યો. તે જ્યાં બરફમાં પગદાંડી બનાવેલી હતી, તે વાછરડાઓવાળા વાડામાં થઈને ન ગઈ, પરંતુ ગલીમાંથી પસાર થઇ અંગારા તરફ ઉતરી અને જમણી બાજુ વળી ગઈ,જ્યાંથી ઉંચા ટેકરા પર દીવાલની પાછળ હમાંમખાનાની છત દેખાતી હતી .થોડીવાર સુધી નીચે ઉભા રહીને નાસ્ત્યોના બરફથી જામેલા દાદરા ચઢીને ઉપર આવી ગઈ.દરવાજા કડડ કડડ ન કરે એટલા માટે તે કોટ કુદી ગઈ, હમાંમખાનામાં પ્રવેશતાં પહેલા તે થોડીવાર સુધી દુવિધામાં ઊભી રહી, પછી ધીરે રહીને તેણે નીચેના બારણાને પોતાની તરફ ખેચ્યું, પરંતુ બારણું ઠંડીથી પોતાની જગ્યાએ જામીને અકડાઈ ગયું હતું અને નાસ્ત્યોનાને તેને ખેચવા માટે પૂરી તાકાત લગાડવી પડી .આ બધાનો અર્થ એ હતો કે અહી કોઈ નહોતું અને કોઈ હોઈ પણ શકતું નહોતું .હમાંમખાનામાં ઘોર અંધારું હતું, પશ્ચિમમાં અંગારાની તરફ ખુલતી નાનકડી બારીમાંથી પીળો, નિસ્તેજ પ્રકાશ ફૂટવાનો શરુ થયો હતો .નાસ્ત્યોના બારીની પાસે મૂકેલા બાંકડા પર બેસી ગઈ અને જાનવરોના જેવી ચૈતન્યશીલતાપૂર્વક હમાંમખાનાની હવા સુંઘવા લાગી . તેની અને અનભ્યસ્ત ગંધોને ,જેનાથી ક્યારેક ઘણા વખતથી તે પરિચિત હતી,શોધવાનો પ્રયત્ન કરી રહી હતી પરંતુ બરફાચ્છાદિત ખાઈનાં સડાની તીવ્ર અને કડવી દુર્ગંધ જ તેને આવી" .ગાંડી, ક્યાકની,ન જાણે શું વિચારી કાઢ્યું," તેણે પોતાની જાતને લઢી નાખી અને ઊભી થઇ ગઈ.તે સારી રીતે સમજી પણ શકી રહી નહોતી કે અહી તે શા માટે આવી હતી અને શું શોધવા ઇચ્છતી હતી.

દિવસના સમયમાં નાસ્ત્યોના ખળામાંથીછાણ લાદીલાદી ને સામુહિક ખેતરના ખેડૂતોને પહોંચાડતી રહી અને દરેક વખતે જયારે તે ચઢાણ પરથી ઉતરતી ત્યારે અમસ્તી જ તેની નજર હમાંમખાના તરફ ખેચાઇ જતી .તે પોતાની જાતને લઢતી, ચીડાતી, પણ આંખો એવી હતી કે વારંવાર બેડોળ ધબ્બાંજેવા દેખાતા હમાંમખાના પર સ્થિર થઈ જતી હતી .બરફની નીચે દબાયેલા છાણને લોખંડથી ખેંચી ખેંચીને કાઢીને પછી સ્લેજ પર નાખવું પડતું .દરેક કામથી ટેવાયેલી નાસ્ત્યોના ત્રણવાર આવવા જવામાં થાકીને ચૂર થઇ ગઈ .સ્પષ્ટ છે કે રાતની ઊંઘ પૂરી ન થવાની પણ અસર હતી જ .સાંજે જેમ તેમ કરીને જમીને નાસ્ત્યોના તૂટેલી ડાળી સમી પલંગ પર ઢળી પડી .કાંતો રાત્રે તેણે કોઈ સ્વપ્ન જોયું, કે પછી તાજામાજા મગજમાં જાતે જ એ વાત આવી ગઈ હોય તે તો કોણ જાણે પણ તે ઊંઘમાં બધું ભૂલી ગઈ .પરંતુ જયારે તે ઉંઘીને ઉઠી ત્યારે તેનેસારી રીતે ખબર હતી કે હવે આગળ તેણે શું કરવાનું છે .ભંડાર ઘર માંથી તેણે

સૌથી મોટી રોટલી લીધી, સાફ કપડામાં લપેટી અને ચૂપકીદીપૂર્વક હમાંમખાનામાં સામેના ખૂણાનાં બાંકડા પર મૂકી આવી .તે થોડી વાર સુધી બેસીને વિચારતી રહી કે તેનું મગજ ઠેકાણે છે કે નહિ .પછી બારણું બંધ કરી એક રહસ્યમય અને વિસ્મયમય નિસાસો નાખીને ચાલતી થઇ.

ત્યારબાદ નાસ્ત્યોનાએ બે દિવસ સુધી સવારે જઈને જોયું -- રોટલીને કોઈએ હાથ પણ લગાવ્યો નહોતો.ત્યારે તેણે તેની જગ્યાએ તાજી બનાવેલી રોટલી ત્યાંજ, સહેલાઈથી નજરે પડે તેમ મૂકી દીધી . તેને કોઈ વસ્તુની આશા નહોતી, પરંતુ હ્રદયમાં કોઈ અશાંત અને હઠીલો ભય કૂહાડીવાળી વાતનું સૂત્ર શોધવા પર તેને વિવશ કરી રહ્યો હતો .કોઈ અજાણ્યો માણસ તો એમ વિચારી જ શકતો નહોતો કે પાટિયા નીચે ગુપ્ત સ્થાન છે -- આ રહ્યું એ પાટિયું, બીજા પાટિયાંઓની સાથે અચલ પડ્યું છે .તેના પર ભલે ગમે તેટલું નાચો પણ તે હાલશે સુધ્ધાં નહિ .કદાચ કોઈએ ચોરીછૂપી જોઈ લીધુ હોય? રોટલીથી ખબર પડી જશે તે કોણ હતું; રોટલીનો લોભ રોકી શકવો મુશ્કેલ છે.

બે દિવસ બીજા વીતી ગયા -- રોટલી ગુમ થઇ ગઈ .નાસ્ત્યોનાને રોટલી તેની જગ્યાએ ન મળી ત્યારે તે બી ગઈ, થાકેલી, કણસતી તે બાંકડા ઉપર બેસી ગઈ અને માથું ધુણાવી ઉઠી; નાં ,નાં ,આવું ન બની શકે, બની જ ન શકે આમ !કદાચ સાસુ કે સસરામાંથી કોઈ આ બાજુ નીકળ્યા હોય અને રોટલી પડેલી જોઈને ઘેર લઇ ગયા હશે !બસ, કારણ સ્પષ્ટ છે, નાસત્યોના ઘૂંટણભેર બેસી પડી, ફર્શ પર રોટલીનાં ટૂકડાં પડ્યા હતા .ન તો સાસુ હતી કે ન તો સસરા, પણ કોઈ બીજું જ હતું .ભઠ્ઠીની ઠંડી રાખ ઊંચીનીચી કરતા નાસ્ત્યોનાને સિગારેટનું ઠુંઠું મળ્યું,

આ ક્ષણથી તે જાણે પોતાના મનમાં વિચારવા લાગી :કે હવે શું થશે !તે ઘરનું કામકાજ નીપટાવતી,સામૂહિક ખેતરના કામે જતી અને લોકોની સામે એવી જ બની રહેતી જેવી હમેશા રહેતી હતી .પરંતુ પોતે આખો વખત ચારે બાજુ નજરો દોડાવતી રહેતી રહેતી, દર નવા અવાજથી બી જતી . પરંતુ જયારે એ ખબર ન હોય કે તે શેની પ્રતીક્ષા કરી રહી છે ત્યારે પ્રતીક્ષા કરવી પણ હવે અસહ્ય બની ગઈ હતી અને શનિવારના દિવસે નાસ્ત્યોનાએ હમાંમખાનું તપાવવાનો પાકો નિર્ધાર કરી જ લીધો . સાસુ સેમ્યોનોવ્નાએ ખુબ સમજાવ્યું, ઠંડીની વાત પણ કરી પરંતુ નાસ્ત્યોના પોતાની વાત પર અડગ રહી, કહ્યું કે તે જાતે પાણી ખેંચી લાવશે, જાતે જ હમાંમખાનું તપાવી લેશે, તેમને તો માત્ર નહાવાનું જ કામ રહેશે.

તે હમાંમખાનાને જલ્દી ગરમ કરી શકતી હતી, કોઈ અઘરું કામ તો હતું નહિ તે .પરંતુ તેણે જાણીને ઉતાવળ ન કરી .તેણે સમોવર તૈયાર કર્યો અને મુશ્કેલીથી બળનારી ભોજ્વૃક્ષની લાકડીઓ એક સરખા

પ્રમાણમાં ચીરી લીધી અને હમેશા કરતા વધારે વારે પથ્થરની ભઠ્ઠીમાં આગ લગાવી. તુષારબિંદુઓએ હજી હાર માનવાની શરૂઆત જ કરી હતી, તેથી દિવસ ઠંડો, પરંતુ શાંત, ચઢતો ને સ્વચ્છ હતો .અંગારાથી પાણી ભરીને ઉપર ચઢતી વખતે દરેક વાર નાસ્ત્યોનાની નજર અનાયાસ જ ચીમનીમાંથી ઊઠતા ધૂમાડા પર પહોચી જતી; ભોજ્વૃક્ષની લાકડીઓનો કાળો ધૂમાડો સ્તંભ સમો હવા વિના જ ઊંચો ઊઠતો જઈ રહ્યો હતો અને દૂરથી નજરે પડતો હતો .તેણે જરૂર કરતા પણ વધારે પાણી ગરમ કર્યું, વરાળવાળો ચોરો અને ફર્શ ધોયા, ચીમની બંધ કરી દીધી અને જયારે તે વૃદ્ધ સાસુ-સસરાને બોલાવવા ગઈ ત્યારે આછું અંધારું થવા લાગ્યું હતું .તે તેમને એ પણ કહેવાનું નાં ભૂલી કે લેમ્પ માટે કેરોસીન સાથે લઇ આવે.

તે જાણે સ્વપ્નાવસ્થામાં હોય તેમ અચેત જેવી, દરેક વસ્તુ ને હાથેથી અડી અડીને હરી ફરી રહી હતી, ન તો કોઈ ખેંચનો તેને અનુભવ થઇ રહ્યો હતો કે ન તો દિવસભરનાં થાકનો .તે બધું જ બિલકુલ જેવી રીતે તેણે વિચારી રાખ્યું હતું તેવી રીતે જ કરી રહી હતી.સાસુ સસરાનાં નાહી લેવાની રાહ જોયા પછી તેણે પોતાના કપડાં એકઠા કર્યા અને સાસુએ જયારે પૂછ્યું કે તે કોની સાથે નહાવા જશે ત્યારે તેણે જૂઠું કહી દીધું કે નાદ્કા સાથે .સામાન્યપણે હમાંમખાનામાં જતી વખતે નાસ્ત્યોના પડોશમાંથી કોઈને ને કોઈને બોલાવી લેતી હતી; પોતાના ચીમળાતા નિર્વસ્ત્ર શરીરને જોવું તેને પીડાદાયી અને કટુતાભર્યું લાગતું હતું અને તેની આંખો ભરાઈ આવતી હતી, પરંતુ આજે તેને કોઈ સાથી વિના જ જવાનું હતું .અંધારામાં જ જયારે રાત હજી પૂરી રીતે ચઢી નહોતી અને રોશન નહોતી થઇ ત્યારે નાસ્ત્યોના હમાંમખાનામાં પહોંચી . તેણે અંદરથી બારી પર કપડું નાંખી દીધું અને કપડાં ઉતર્યા .તેણે નક્કી કર્યું કે તે નાહવાનું કામ જલ્દી પતાવી લેશે; જે ઘડીની રાહ તે જોઈ રહી હતી તે તો એટલી જલ્દી આવવાની નહોતી.

નાસ્ત્યોના નાહીને ઘેર પછી ફરી, લેમ્પના પ્રકાશમાં અરીસા સામે તેણે વાળ ઓળ્યા અને વડીલોને કહ્યું કે તે જરા નાદ્કા પાસે જઈને આવે છે , જેની સાથે તે હમાંમખાનામાં જઈને આવી હતી .નાદ્કા પાસે નાસ્ત્યોના સાચે જ થોડીવાર માત્ર મોં દેખાડવા જ ગઈ. તેને પાછા હમાંમખાને પહોચવાની ઉતાવળ હતી .ધીમેથી, ચોરપગલે તે દરવાજા પાસે પહોંચી, મનમાં એ આશંકા હતી કે પાછા ફરવામાં તેને મોડું તો નથી થયું ને, તેણે કાન માંડીને સાંભળ્યું -- અંદર કોઈ છે તો નહીને? પછી સાવધાનીપૂર્વક અંદર ઘૂસી ગઈ .હમાંમખાનું હજી ઠંડું પડ્યું નહોતું, નાસ્ત્યોના એ બીકથી ઉંબરા પર જ ગોઠવાઈ ગઈ કે તે ગરમીમાં પરસેવે રેબઝેબ ન થઇ જાય .જો કોઈ આવી પણ જાય તો તે જલ્દી ઊઠીને દૂર જઈ શકે.પરંતુ હાલ પૂરતું તો બસ રાહ જ જોવાની હતી.

ગામમાંથી છેલ્લા અવાજો, કૂતરાઓના ભસવાના અવાજ સંભળાયા; પછી બધા અવાજો એકદમ શાંત

થઈ ગયાં .અંગારા તરફથી ક્યારેક ક્યારેક ચરમર ચરમર કરતો બરફનો અવાજ આવતો હતો અને ઠંડું પડતું હમાંમખાનું જાણે નિસાસા નાખતું હતું .નાસ્ત્યોના ઘોર અંધારામાં બેઠી હતી .તેણે બારી પણ મહામુશ્કેલીએ દેખાતી હતી .તે પોતાને પિંજરામાં બંધ નાનકડાં બદનસીબ જાનવર જેવી અનુભવી રહી હતી .રાતનાં સમયે આવી જગ્યાએ માણસ છેવટે કરે શું? તેણે બસ આમ જ કઈ વિચારવાનો પ્રયત્ન કર્યો પરંતુ કઈ યાદ આવ્યું નહી : લોકોની વચ્ચે જે વસ્તુ સહેલી બનતી હતી તે અહી અસંભવ બની ગઈ.

થોડીવાર પછી જયારે દરવાજામાંથી ઠંડી હવા આવવા લાગી ત્યારે તે બાંકડા પર આવીને ગોઠવાઈ ગઈ, કદાચ તેને ઝોકું જ આવી ગયું હતું કારણ કે તેને કોઈ પગલાંનો અણસારો આવ્યો નહોતો .અચાનક દરવાજો ખુલ્યો અને કોઈ તેની સાથે અથડાઈને સરસરાટ કરતુ અંદર ઘૂસી ગયું .નાસ્ત્યોના ઝડપથી ઊભી થઇ ગઈ.

“હે, ભગવાન !કોણ છે ! કોણ છે! ” ભયથી જડવત થતી તે ચીસ પડી ઊઠી.
એક કાળી મોટી આકૃતિ પળવાર માટે દરવાજા પાસે રોકાઈ ગઈ, પછી નાસ્ત્યોનાની તરફ ઝપટી .”ચૂપ, નાસ્ત્યોના, હું છું,ચૂપ!”

ગામમાં કૂતરાં ભસી ઊઠ્યાં અને શાંત થઇ ગયાં.

પ્રકરણ ૨

અતામાંનોવ્કા અંગારા નદીના જમણા કિનારા પર સ્થિત હતું .તેમાં કુલ ત્રીસ ઘર હતાં._ગામ તો શું પણ ગામની વસ્તી માત્ર એટલી હતી .પોતાનું ભારે ભરખમ નામ અતામાંનોવ્કા હોવા છતાં પણ તે એકાંતમાં વસેલું હતું અને ધીરે ધીરે મંદ ગતિએ, યુદ્ધ પહેલાં જ તેની દશા બગડવા લાગી હતી .પાંચ મકાન-તે પણ મજબૂત અને જરા પણ તૂટેલા ફૂટેલા નહી, હવે તૂટેલી બારીઓમાંથી ડોકાતા મૃતપ્રાય જેવા ઊભા હતાં .યુદ્ધ દરમ્યાન ગામડાઓ શા માટે નિર્જન થતા જઈ રહ્યાં હતાં, તે સમજાવવાની જરૂર નથી, એનું કારણ એક જ હતું - પરંતુ અતામાંનોવ્કામાંથી લોકોએ, ખાસ કરીને નૌજુવાનોએ, જેઓ હજી પોતાનું ઘર વસાવી શક્યાં જ નહોતા .તેમણે , પહેલેથી જ નીકળવાનું શરૂ કરી દીધું હતું, તેમને અપેક્ષાકૃત મોટી અને શોરબકોરવાળી વસ્તીઓ પોતાની તરફ આકર્ષિત કરતી હતી, વસ્તીઓ, જેમાં ભવિષ્યની ઝલક હતી . અતામાંનોવ્કા આવી ઝલકથી ઘણુ દૂર હતું .અતામાંનોવ્કા કોઈક જમાનામાં બિલકુલ એકાંત સ્થાનમાં વસાવવામાં આવ્યું હતું, આ બાજુ સૌથી નજીક ગામ કાર્દા, જ્યાં ગ્રામ્ય સોવિયેત હતી અને જેની અંદર અતામાંનોવ્કા આવતું હતું તે, વીસ વેર્સ્તાથી વધારે દૂર હતું .એ સાચું છે કે અંગારાના બીજા કિનારે વસેલું

રીબ્ન્યા વધારે નજીક હતું, પરંતુ રીબ્ન્યાનો હંમેશાથી પોતાના પડોશીઓ સાથે વધારે સંપર્ક રહ્યો હતો . ત્યાં ગ્રામ્ય સોવિયેત, દૂકાનો, અધિકારીઓ હતાં.એ બાજુ જ મેહ્સુલની કચેરી પણ હતી .એટલે પોતના કામે લોકો એ બાજુ જ જતા હતાં અને અતામાંનોવ્કા તરફ ક્યારેક ક્યારેક જ કોઈ આવી ચડતું હતું .નવા નવા સમાચારો લઈને જહાજો એની નજીકમાંથી પસાર થઇ જતા-કિનારા પર આવેલું, અનાથ જેવું ટ્મટ્મતું આ ગામ ઘણી બધી વાતોથી વણસ્પર્શ્યું જ રહી જતું .ત્યાં સુધી કે યુદ્ધ શરૂ થવાનાં વિષે પણ અહી બીજા દિવસે જ ખબર પડી.

એટલું જરૂર કહેવું પડશે કે તેનું ભાગ્ય હમેશાથી આવું ઉપેક્ષિત નહોતું .અતામાંનોવ્કા) આગેવાન(નું નામ એક તરફ વધારે ભારેભરખમ અને ખોફનાક નામ રઝ્બોઈનીકોવ) ડાકગઢ((માંથી નીકળ્યું હતું .પ્રાચીન સમયમાં ક્યારેક અહીના માણસો એક ગુપ્ત અને લાભપ્રદ વ્યવસાયથી કોઈ પરેજ નહોતા રાખતા-તેઓ લેના નદીથી આવનારા સ્વર્ણશોધકોની જડતી લેતા હતાં, એટલા માટે ગામ ખૂબ જ સુવિધાજનક સ્થિતિમાં વસેલું છે.પર્વતમાળા અહી એકદમ અંગારા સાથે મળી જાય છે અને ગામમાંથી બચીને નીકળી જવું અસંભવ છે .ચાહો કે ન ચાહો, આ જ રસ્તે આવવું પડતું .નદીની નજીકમાં જ સૌથી સાંકડી જગ્યામાં આ દુ:સાહ્સીઓ સ્વર્ણ શોધકોની ઘાતમાં રહેતા હતાં-ગામ વિષે આવી કિર્તી પ્રખ્યાત હતી.બોલચાલમાંથી ધીરે ધીરે રાઝ્બોઈનીકોવ નામ જ કાગળોમાં પણ ટંકઈ ગયું, પરંતુ સોવિયેત સત્તાના પહેલાં જ જીલ્લાના કોઈ અધિકારીને આ અનુચિત લાગ્યું અને તેની જગ્યાએ "અતામાંનોવ્કા" લખી દેવામાં આવ્યું - .અર્થ પણ એ જ રહ્યો અને કાંનમાં ખટકતું પણ બંધ થઇ ગયું .હા, સ્થાનીય જનતા, ન જાણે કેમ, આ નામ પરિવર્તન સાથે સંમત ન થઇ .આજે આટલા વર્ષો વીતી ગયાં પછી પણ કાર્દા, રીબ્ન્યા,અને બીજા ગામોના વૃદ્ધ અંદરોઅંદર સાંઠગાંઠ જેવું કરી એક જ વાત ફરીને ફરી કહી રહ્યા છે: "આખું ગામ ધાડપાડુગીરી કરતુ હતું અને હવે બધું જ કોઈએક આગેવાનને નામે થોપી દેવા ઈચ્છે છે . નાં, એને કોઈ નહી માને."

નાસ્ત્યોનાનું નસીબ તેને અંગારાના ઉપરી ક્ષેત્રમાંથી અતામાંનોવ્કા ખેંચી લાવ્યું હતું .તેંત્રીસની સાલના દૂકાળના વર્ષમાં ઈર્કુત્સ્કની નજીક પોતાના ગામમાં માને દફનાવીને અને પોતાને મોતના મોમાંથી બચાવતી સોળ વર્ષની નાસ્ત્યોના પોતાની આઠ વર્ષની નાની બેન કાત્કાને સાથે લઈને નદીના નીચેના વિસ્તાર તરફ નીકળી પડી .સાંભળવામાં આવતું હતું કે ત્યાંના લોકો એટલા બધા દુકાળગ્રસ્ત નહોતા . તેમના પિતાની પહેલાં જ હત્યા કરી દેવામાં આવી હતી-સામુહિક ખેતર અંદોલનની પહેલાં, મુંઝવણ ભર્યા વર્ષોમાં .કહેવાય છે કે તેનું મૃત્યુ ભૂલથી, કોઈ બીજાની જગ્યાએ તેને ગોળી વાગવાથી થયું હતું, પરંતુ ગોળી ચલાવનારનો કોઈ પત્તો ન લાગ્યો .આમ બાળકીઓ એકલી રહી ગઈ .આખો ઉનાળો નાસ્ત્યોના અને કાત્કા એક ગામથી બીજે ગામ ભટકતા રહ્યા ,કોઈક ઠેકાણે ખાવાનાના બદલામાં કામ

કરતા, તો ક્યાંક ભીખ માંગી કામ ચલાવી લેતા, જે લોકો નાનકડી પ્યારી કાત્કાને ખાતર આપી દેતા હતાં.કાત્કા વિના નાસ્ત્યોના કદાચ બરબાદ જ થઇ જાત .તે પોતે તો કોઈ દુર્બળ, પડછાયા જેવી દેખાતી હતી .લાંબી, દૂબળી- પાતળી, અસ્તવ્યસ્તપણે લથડાતા હાથ-પગ અને માથું, દર્દથી ઘેરાયેલો ચહેરો . માત્ર કાત્કા જ, જેના માંટે નાસ્ત્યોના માં સમી હતી, તેને હાથ-પગ પટકવા, કામ શોધવા અને રોટીનો ટૂકડો માંગવા વિવશ કરતી હતી.

પાનખર આવતા સુધીમાં બહેનો પડતી-આખડતી હ્યુંતિનાગામ સુધી પહોંચી ગઈ, નાસ્ત્યોનાને યાદ હતું કે અહી તેની ફોઈ રહે છે .તે બબડી તો બહુ પણ છોકરીઓને તેણે રાખી લીધી .થોડા દિવસ થાક ખાઈને નાસ્ત્યોના સામુહિક ખેતરોમાં કામ કરવા લાગી અને કાત્કાને સ્કૂલમાં મોકલી દેવામાં આવી .એ સમય સુધીમાં સ્થિતિ સુધરી ગઈ હતી :શાકભાજીના બગીચાઓ ખીલી ઉઠ્યા, અનાજ પાકી ગયાં .જો ભૂખની દવા પાસે હોય તો તેનો ઈલાજ કરવો મુશ્કેલ નથી અને શિયાળો આવતા-આવતામાં તો નાસ્ત્યોનામાં થોડોઘણો જીવ આવવા લાગ્યો .બીજા વર્ષે તો પાક એવો થયો કે શરીર ન ભરાય તો એ જ શરમની વાત હતી .ધીરે ધીરે નાસ્ત્યોનાના ચેહરા પર દેખા દેતી કસમયની કરચલીઓ ભરાઈ ગઈ, ગાલો પર લાલી ખીલી ઊઠી, આંખોમાં સાહસ ચમકવા લાગ્યું, થોડા સમય પહેલાના દુર્બળ પૂતળામાંથી અનુપમ નવવધુનું રૂપ ખીલી ઊઠ્યું .ત્યાં હ્યુંતિનામાં જ બે વર્ષ પછી તે અન્દ્રેઈ ગુસ્કોવને મળી-અજાણ્યા પણ સ્ફૂર્તિલા અને રોબદાર નૌજુવાનને --તે તરાપાઓ પર ઈંધણ લઇ જતો હતો, જેને આ ગામથી થોડે જ દૂર ડ્રમોમાં ભરવામાં આવતું હતું ..તેમની વચ્ચે જલ્દી જ મનમેળ થઇ ગયો .નાસ્ત્યોનાને એ વાતે પણ ઉતાવળ કરવા વિવશ કરી કે ફોઈને ત્યાં નોકરોની જેમ રહેવાથી, પારકા માટે તન તોડીને તેનું મન થાકી ગયું હતું .ઈંધણથી ભરેલા ડ્રમ મશીન – ટ્રેકટર સ્ટેશન પર પહોચાડીને અન્દ્રેઈ તરત જ જહાજ ઉપર હ્યુંતિના પાછો ફર્યો અને નાસ્ત્યોનાને અતામોનોવ્કા લઇ ગયો.

નાસ્ત્યોનાએ દામ્પત્ય જીવનમાં એવી રીતે પ્રવેશ કર્યો જાણે કુવામાં કૂદી પડી હોય - કોઇપણ પ્રકારનો આગળપાછળનો વિચાર કર્યા વિના :લગ્ન તો કરવાના જ હતાં, એના વિના કદાચ કોઈનું ચાલતું નથી, તો પછી લાંબુ ખેંચવાનો શો ફાયદો? નવું પરિવાર, નવું ગામ તેની રાહ જોઈ રહ્યા હતાં, તેની તેણે ભાગ્યે જ કલ્પના હતી .અને બન્યું એવું કે એક જગ્યાએ મજૂરી છોડીને તેને બીજી જગ્યાએ કરવી પડી -.અંતર માત્ર એટલું કે અહી કુટુંબ બીજું હતું .ઘરબાર મોટું હતું અને અપેક્ષાઓ આકરી .ગુસ્કોવ પરિવાર પાસે બે ગાયો હતી અને ઘેટાં ,ભૂંડ, મરઘી-બતકાં પણ હતાં .મોટા ઘરમાં ત્રણ લોકો રહેતા હતાં .નાસ્ત્યોના ચોથી હતી .આ બધાનો ભાર એકદમ તેના માથે આવી પડ્યો .સેમ્યોનોવ્ના લાંબા અરસાથી વહુની રાહ જોઈ રહી હતી, પોતાના કામનો ભાર હળવો કરવા .પ્રતીક્ષાની ક્ષણો પૂરી થતા જ તે માંદી પડી ગઈ, એકદમ તેના પગ સૂજવા લાગ્યાં, તે મહા મુશ્કેલીએ -બતકાની જેમ પગ ધીમે ધીમે ઉપાડીને ચાલતી .તેમ છતાં

માલિકણ એ જ બની રહી, આખું જીવન સેમ્યોનોવ્ના ગૃહસ્થીનું પૈડું ચલાવતી રહી હતી અને હવે એના પર અધિકાર જમાવનાર હાથ તેને સુસ્ત અને આળસુ લાગતાં હતાં, અને તે પણ માત્ર એ જ કારણે કે એ તેના પોતાના હાથ નહોતા .નાસ્યોનાને સાસુનો સ્વભાવ મીઠો ન જણાયો .ક્યારેક ક્યારેક સાસુ બબડવાનું શરૂ કરી દેતી, ન તો કોઈ વાંધો ઉઠાવેલો સહન કરતી, ન કોઈ ખલેલ, કે ન કોઈ બચાવ, ક્યારેક ગુસ્સાથી મોં ફૂલાવી દેતી અને મોંમાંથી એક શબ્દ સુધ્ધાં ન ઉચ્ચારતી.આવામાં કંકાસ અને કલેશથી બચવા નાસ્ત્યોનાના જેવા ધૈર્યની જરૂર હતી .નાસ્ત્યોના ચૂપ રહી જતી, આ તેણે ઉનાળાના પેલા કપરા દિવસોમાં શીખી લીધું હતું,, જયારે તે કાત્કાની સાથે અંગારાના કિનારા પર વસેલા ગામમાં ચક્કર મારતી ભટકી રહી હતી, જયારે જે કોઈ ચાહે તે વગર વાતે તેની ઉપર તાડૂકી ઊઠતું હતું .નિ:સંદેહ , જો તે અહીની જ અતામાંનોવ્કાની રહેનારી હોત, નજીકમાં જ તેના પિયરવાળા રહેતા હોત, જેઓ જરૂર પડે તેના પડખે ઊભા થઇ શકત અને તેને દુ:ખી ન કરવા દેતા, તો તેની સાથે બીજા પ્રકારનો વ્યવહાર કરવામાં આવતો હોત.પરંતુ તે અભાગણ હતી, ન જાણે ક્યાંથી આવી ટપકી હતી, શરીર પર જે કપડાં હતાં તે જ દહેજમાં લઇ આવી હતી .એટલે બહારના કપડાં પણ અહીંથી જ આપવા પડ્યા હતાં; આ વાત સેમ્યોનોવ્નાના મનમાં ઊંડું ઘર કરી ગઈ હતી અને ખરાબ સમયમાં આગમાં ઘીનું કામ કરતી હતી. હા, વરસ વીતતા ગયાં તેમ સેમ્યોનોવ્નાનું નાસ્ત્યોના સાથે બનવા લાગ્યું, તેનો બડબડાટ દિવસે દિવસે ઓછો ને ઓછો થતો ગયો અને તેણે એ પણ માની લીધું કે તેને વિનમ્ર અને પરિશ્રમી વહુ મળી હતી નાસ્ત્યોના સામુહિક ખેતરમાં પણ કામ કરતી અને આખી ગૃહસ્થી પણ લગભગ એકલી જ સંભાળતી હતી .પુરુષો તો માત્ર લાકડા ચીરી આપતા અને ભૂસું એકઠું કરી મૂકી દેતા હતાં .હા, જો છત પડી જાય તો તેને ફરીથી ઊઠાવી દેતા.પણ અંગારાએથી પાણી લાવવું કે પછી જાનવરોના વાડાની સફાઈ કરવી એ પૂરૂષો માટે અનુચિત અને શરમજનક કામ માનવામાં આવતું હતું .સેમ્યોનોવ્ના પોતાની લથડાતી ટાંગોએ વધારે દૂર સુધી જઈ શકતી નહોતી,અને બધી બાજુ નાસ્ત્યોનાને જ ફરી વળવું પડતું હતું .તેના વગર કામ ચાલવું મુશ્કેલ હતું .એના કારણે ન ચાહવા પર પણ સાસુને હાર માનવી પડી રહી હતી .પણ એક વાત માટે તે એને માફ કરી શકતી નહોતી અને તે એ કે નાસ્ત્યોનાને બાળક નહોતું .તે એ વાતને પ્રગટ થવા દેતી નહોતી, સમજતી હતી કે કોઇપણ સ્ત્રી માટે આ વાત બહુ નાજુક હતી, પણ દિલમાં ને દિલમાં તેને ખટકતી હતી .વળી તેની અને મિખેઇની સંતાનોમાંથી એક અન્દ્રેઈ જ બચ્યો હતો, તેના પહેલાની બે દીકરીઓ જીવતી રહી નહોતીં.

આ વાંઝિયાપણું જ નાસ્ત્યોનાને બધું સહન કરવા માટે વિવશ કરતુ હતું.બાળપણમાં તેણે સાંભળ્યું હતું કે વાંઝણી સ્ત્રી સંપૂર્ણ સ્ત્રી નહી પણ અધૂરી સ્ત્રી કહેવાય છે .નાસ્ત્યોનાને પોતાની અંદર આ દોષ હોવાનો અંદેશો પણ નહોતો અને લગ્ન માટે સહજ જ તૈયાર થઇ ગઈ હતી .સ્ત્રી ના નસીબ વિષે તેને પહેલાથી જ

ખબર હતી અને પોતાના જીવનમાં આ સૌથી મોટા પરિવર્તનથી તે નાખુશ હતી,સમય વીતતા તે થોડી દુઃખી પણ થતી હતી .અન્દ્રેઈ તેની સાથે પ્રેમપૂર્વક વર્તતો હતો, તેના પર પોતાના પ્રાણ પાથરતો હતો . શરૂશરૂમાં તો તેઓ બાળકો વિષે વિચાર સુધ્ધાં કરતા નહોતા ! બસ એકબીજાની સમીપ રહેતા હતાં; સહ્ચર્યનો આનંદ લેતા હતાં .બાળક આ સુખમાં બાધક પણ બની શકતું હતું .પણ પછી ધીમે ધીમે કૌટુંબિક ઝંઝટોની શાશ્વત પરંપરા ભંગ થવાનો ખતરો પેદા થઇ જવાને કારણે અચાનક ચિંતા પ્રગટ થઇ :જે વાતથી પહેલાં બચતા અને ડરતા હતાં, હવે તેની જ રાહ જોવા લાગ્યાં - :થશે કે નહી? મહિનાઓ પર મહિનાઓ વીતી ગયાં, કશું જ ન બદલાયું, પ્રતીક્ષા અધીરાઈમાં પરિણમી, પછી ખોફમાં.એક જ વર્ષમાં અન્દ્રેઈનો નાસ્ત્યોના પ્રત્યે વ્યવહાર સંપૂર્ણ બદલાઈ ગયો.તે એકદમ કઠોર અને કર્કશ થઇ ગયો, વગર વાતે જ તેની સાથે ગાળાગાળી કરવા લાગ્યો, પાછળથી તો હાથનું જોર બતાવવાનું પણ શીખી ગયો .નાસ્ત્યોના બધું જ સહન કરતી રહી – સાધારણ રૂસી સ્ત્રીની જેમ, જે માત્ર એકવાર પોતાનો જીવન માર્ગ પસંદ કરે છે અને પછી વિધિના લેખ માની સહન કરતી રહે છે તેમ, એના સિવાય, નાસ્ત્યોના પોતાની નિયતિમાં પોતાને જ દોષી માનતી હતી .બસ માત્ર એકવાર, જયારે અન્દ્રેઈએ તેને તાણા મારતા કોઈ બિલકુલ અસહ્યનીય વાત કહી દીધી ત્યારે તે ક્ષોભપૂર્વક જવાબ આપી બેઠી હતી :કોને ખબર, બેમાંથી કોનામાં ખોટ છે, બીજાનો તો તેને અનુભવ નથી .અન્દ્રેઈએ તેને મારી મારીને અધમૂઈ કરી દીધી હતી.

સાચી વાત છે, યુદ્ધ પહેલાના વર્ષમાં તેઓ વધરે શાંતિપૂર્વક રહેતા હતાં,જાણે નવેસરથી એકબીજાના અભ્યસ્ત થવાનું શરૂ કરી રહ્યા હોય .તેમને હવે સારી રીતે ખબર હતી કે તેઓને એક બીજાથી શી અપેક્ષા હતી અને જૂની પરિપાટી પર ચાલવા લાગ્યાં હતા :એક વાર બંધનમાં બંધાયા તો જિંદગીભર નિભાવવું જ પડશે .લાડપ્યાર તો નાસ્ત્યોના ને અન્દ્રેઈ પાસેથી પહેલાની જેમ ઓછો જ મળતો હતો પણ તેનો ત્રાસ પહેલાં કરતા ઓછો થઇ ગયો હતો .નાસ્ત્યોના આટલી વાતથી પણ સંતુષ્ટ હતી :હજી આખી જિંદગી પડી છે, સમયની સાથે બધું ઠીક થઇ જશે.જો યુદ્ધ ન થયું હોત તો એવું બની પણ શક્યું હોત, પરંતુ યુધ્ધ શરૂ થઇ ગયું અને ન જાણે કઈ કઈ આશાઓ પર પાણી ફરી ગયું.

અન્દ્રેઈ ને શરૂઆતના દિવસોમાં જ ફોજમાં ભરતી કરી લેવામાં આવ્યો.નાસ્ત્યોના ખૂબ રડી, ખૂબ ખૂબ રડી, પણ પછી શાંત થઇ ગઈ .છેવટે તો તે એકલી જ એવી નહોતી, બાળકોવાળી બીજી સ્રીઓની સ્થિતિ તો એનાથી પણ કપરી હતી .વૈવાહિક જીવનમાં સંભવતઃ પહેલીવાર તેના વાંઝિયાપણાએ તેને દિલાસો અને સાંત્વના આપ્યા હતાં.વ્યર્થમાં જ તે નસીબને કોસતી રહી, ભાગ્ય તો તેનું વિલક્ષણ છે,તેણેપહેલથી જ એ આપત્તિનો હિસાબ લગાવી લીધો હતો, જે હવે અત્યારે લોકો પર તૂટી પડી હતી અને જાણે એવી

વ્યવસ્થા કરી દીધી હતી કે તેને આ આપત્તિ એકલા જ ઝેલવી પડે.પછી સારો સમય આવતા બાળકો પણ થશે, હજી ઉમર કઈ પાકી નથી ગઈ .બસ, અન્દ્રેઈ પાછો આવી જાય .જ્યાં સુધી યુદ્ધ ચાલતું હતું ત્યાં સુધી તેના જીવનનું આ જ એક સંબળ હતું, એના જ સહારે તે ભીષણ યુધ્ધના સમયમાં પણ નિરાંતનો શ્વાસ લઇ રહી હતી, કોઈને ખબર નહોતી કે કાલે શું થશે.

લગભગ પહેલાં ત્રણ વર્ષ સુધી અન્દ્રેઈ સારી રીતે લડતો રહ્યો, પરંતુ ચુમ્બાલીસના ઉનાળામાં તે અચાનક લાપતા થઇ ગયો બે મહિના પછી નોવોસીબીર્સ્કની હોસ્પીટલમાંથી તેનો કાગળ આવ્યો, જેમાં તેણે ખબર આપી હતી કે તે ઘાયલ થઇ ગયો છે અને સ્વસ્થ થતા જ થોડા સમય માટે તેને ઘેર આવવાની રજા મળવાની છે .જો રાજા મળી ગઈ તો ઘેર જ મુલાકાત સૌથી ઉત્તમ રહેશે - એમને એવી જ આશા હતી .પરંતુ અન્દ્રેઈ ભૂલમાં હતો :પાનખરના અંતમાં તેણે સંક્ષિપ્તમાં નારાજગીપૂર્વક લખ્યું કે , ના, કશું નહી થાય, હોસ્પીટલમાંથી રજા મળી રહી છે પણ પાછો મોરચા પર મોકલવામાં આવી રહ્યો છે. અને તે ફરીથી લાપતા થઇ ગયો.

ક્રિસમસ પહેલાં અતામાંનોવ્કામાં કાર્દાથી ગ્રામ સોવીયેતનો અધ્યક્ષ કોનોવાલોવ અને પરગણાનો મિલિશિયા બુર્દાક આવી ટપક્યા.અંગારાથી તેમણે ઘોડા સીધા ગુસ્કોવના ઘર તરફ વળ્યા.નાસ્ત્યોના ઘરમાં નહોતી.

“દીકરાના શા સમાચાર છે?” બુર્દાકે પૂછતાછના કઠોર અંદાજમાં મીખેઈચને સવાલ કર્યો.

તેને અન્દ્રેઈના છેલ્લા પત્રો બતાવી દેવામાં આવ્યા .બુર્દાકે તે વાંચ્યા, કોનોવાલોવને વાંચવા આપ્યા . પછી પોતાના ખિસ્સામાં સંતાડી લીધા.

“પોતાના વિષે તેણે કોઈ બીજા ખબર નથી આપ્યા?”

“નાં,” ગભરાઈ ગયેલો મીખેઈચ છેવટે હોશમાં પાછો આવ્યો, ”એવું શું બની ગયું તેની સાથે? ક્યાં છે તે?”

“એ જ તો અમે જાણવા ઈચ્છીએ છીએ;_છે ક્યાં તે? તમારો અન્દ્રેઈ ગુસ્કોવ ક્યાંક ખોવાઈ ગયો છે .

પોતાના વિષે જાણ કરે તો અમને સુચના આપજો,સમજમાં આવ્યું?”

“આવ્યું.”

પરંતુ મીખેઈચની સમજમાં કશું જ નહોતું આવ્યું – ન તો તેની, ન તો સેમ્યોનોવ્નાની, ન તો નાસ્ત્યોનાની .અને જાન્યુઆરીના બીજા પખવાડિયાની કડકડતી ઠંડી દરમ્યાન ગુસ્કોવના હમાંમખાનામાંથી ફર્શના પાટિયાની નીચે બનેલા ગુપ્ત સ્થાનેથી કુહાડી ગાયબ થઇ ગઈ હતી.

પ્રકરણ 3

“ચૂપ, નાસ્યોના !એ હું છું!”

કોઈ મજબૂત, કઠોર હાથોએ તેને ખભેથી જકડી લીધી અને બાંકડા સાથે દબાવી દીધી .દર્દ અને ભયથી નાસ્ત્યોના કણસી ઊઠી, સાંભળેલો અવાજ ફાટેલો અને કઠોર હતો પરંતુ તેમાં એ જ પહેલાની ઝલક હતી અને નાસ્ત્યોનાએ તેને ઓળખી લીધો: “તું, અન્દ્રેઈ ?! હે ભગવાન !તું ક્યાંથી આવી ગયો?!”

“ત્યાંથી,નાસ્ત્યોના !ચૂપ રહે .તેં કોઈને કહ્યું તો નથી ને કે હું અહી છું?!”

“કોઈને પણ નહી .મને પોતાને જ ખબર નહોતી તેની.”

તેનો ચહેરો તે અંધારામાં સારી રીતે ન જોઈ શકી, માત્ર કોઈ મોટી અને ખરબચડી વસ્તુ જેવો, પડદો ઢંકાયેલ બારીના ખૂણાઓમાંથી ભેદતા હળવા ટમટમતા અસ્પષ્ટ કાળા ધબ્બાં જેવો નજરે પડી રહ્યો હતો .તે જોર જોરથી અને જલ્દી જલ્દી છાતી ફૂલાવીને, હાંફતો હાંફતો શ્વાસ લઇ રહ્યો હતો, જાણે કોઈ કપરી દોડ પરથી આવ્યો હોય .નાસ્ત્યોનાને લાગ્યું કે તેનો શ્વાસ પણ ફૂલવા લાગ્યો છે; આવી મુલાકાતની આશંકા ભલે તેને રહી ન હોય, પણ તેમ છતાં હવે તે એકદમ ટૂટી પડી હોય એમ લાગતું હતું અને પહેલી જ પળે,પહેલા જ શબ્દથી એકદમ અવાક અને ભયભીત થઇ ગઈ હતી.

અંતે ધીરેથી તેણે પોતાનો હાથ હટાવી લીધો અને થોડો પાછળ ખસી ગયો .હજી પણ અસ્વાભાવિક અને તૂટક અવાજમાં તેણે પૂછ્યું: “કોઈ મને શોધી રહ્યું હતું શું?”

“થોડા દિવસ પહેલાં મિલિશિયા આવ્યો હતો અને તેની સાથે કાર્દાથી કોનોવાલોવ પણ ; - બાપુ સાથે કઈ વાતચીત કરતા રહ્યા.

“બાપુ અને માને મારા વિષે કોઇં શંકા તો નથીને?”

“ના, બાપુનો ખ્યાલ હતો કે કુહાડી કોઈ અજાણ્યા માણસે ઊઠાવી છે.”

“એટલે તું ભાંપી ગઈ હતી?” તે કંઈ જવાબ આપે તે પહેલાં જ તેણે પૂછ્યું.

“રોટી તું લઈને આવી હતી?”

“હા, હું.”

તે ચૂપ થઇ ગયો.

“જોયું, મુલાકાત થઇ જ ગઈ, નાસ્ત્યોના, અરે, સાંભળે છે, મુલાકાત થઇ ગઈ,” કંઈક પડકાર કરતો હોય તેવા સ્વરમાં તેણે ફરીથી કહ્યું, જાણે નાસ્ત્યોનાના કંઈ બોલવાની રાહ જોવામાં સફળ ન થયો હોય તેમ આગળ બોલ્યો,“વિશ્વાસ નથી થતો કે હું મારી પત્નીની પાસે છું .મારે અહી કોઈની સામે આવવાની જરૂર નહોતી,પરંતુ શિયાળો એકલા ન કપાય .તેં રોટલીની લાલચ આપીને ખેંચી લીધો મને.” તેણે ફરીથી તેને બાથમાં લઈને તેના ખભા દબાવ્યા, “તું કંઈ સમજી રહી છે કે હું કયું તીર મારીને અહી આવી પહોચ્યો છું? સમજી રહી છે કે નહી?”

“સમજી રહી છું.”

“તો પછી.?”

“ખબર નથી,”નાસ્ત્યોનાએ લાચારીપૂર્વક માથું ધૂણાવ્યુ.” “ખબર નથી, અન્દ્રેઈ,તું એ ન પૂછ.”
“ન પૂછું:......”તેનો શ્વાસ ફરી ચઢી ગયો અને તે હાંફવા લાગ્યો .“નાસ્ત્યોના, જો કોઈ કરતા કોઈને પણ ખબર ન પડવી જોઈકે હું અહી છું .કોઈને પણ કહ્યું તો જાનથી મારી નાખીશ તને .હા, મારી નાખીશ. મારી પાસે ખોવા જેવું કઈ નથી.યાદ રાખી લે, ભલે તું ગમે ત્યાં હોય, પણ હું તને શોધી કાઢીશ .હવે મારો હાથ એમાં ખૂબ કેળવાઈ ગયો છે, ચૂકશે નહી.”

“હે ભગવાન !તું શું કરી રહ્યો છે?”

“હું તને ડરાવવા નથી ઈચ્છતો, પણ મારું કહ્યું યાદ રાખજે .હું હવે ફરીથી નહી કહું .મારી પાસે હવે કોઈ ઠેકાણું નથી, અહી જ તારી સાથે ફરવું પડશે .હું તારી પાસે જ તો આવી રહ્યો હતો, ન તો બાપુની પાસે, ન તો માની પાસે - માત્ર તારી પાસે જ . અને, હા, ન તો માને કે ન તો બાપુને મારા વિષે કંઈ ખબર પડવી

જોઈએ.....હું ન તો હતો અને ન તો છું, ગુમ થઇ ગયો છું .રસ્તામાં ક્યાંક મને મારી નાખવામાં આવ્યો છે, કે જીવતો સળગાવી દેવામાં આવ્યો છે, કે ફેંકી દેવામાં આવ્યો છે .હું હવે તારા અને માત્ર તારા હાથોમાં જ છું .પણ જો તું આ કામમા મને સાથ આપવા ના ઈચ્છતી હોય તો અબઘડી સ્પષ્ટ જણાવી દે."

"તું શા માટે મારા પારખાં કરી રહ્યો છે?" તે કરાહી ઊઠી, "હું તારા માટે પારકી છું શું? પત્ની નથી તારી?"

નાસ્ત્યોનાએ મહામુશ્કેલીથી પોતાના હોંશ સાંભળી રાખ્યા હતાં .તે એકદમ દિગ્મૂઢ થઈને કહી, જોઈ,અને સાંભળી રહી હતી.તે તદ્દન સ્તબ્ધ થઇ ગઈ હતી .જ્યારે વ્યક્તિ થોપેલું અને પારકું જીવન જીવવા લાગે છે ત્યારે એવી પરિસ્થિતિમાં ભય, પીડા,આશ્ચર્ય અને સમજ મોડા આવે છે અને વ્યક્તિ હોશમાં આવે તે પહેલાં તેની અંદર જ કોઈ બુધ્ધીમત્તાપૂર્ણ, દ્રઢ અને ભાવહીન યંત્રની ચોકીદારી રહે છે.નાસ્ત્યોના જવાબ તો આપી રહી હતી પણ પોતાની ક્ષીણ અને સ્મૃતિહીન અવસ્થામાં સમજી શકતી નહોતી કે કેવી રીતે તે આવા આકસ્મિક, ભાવહીન અને અર્થહીન શબ્દો બોલી શકતી હતી .તે પણ સાડા ત્રણ વર્ષના વિરહ પછી,જયારે દરેક દિવસ અંતિમ દિવસ હોવાની ધમકી આપતો હતો; તે પણ ત્યારે, જયારે વિયોગનો સમય પૂર્ણ થઇ આ બધું તેની ઉપર ટૂટી પડ્યું હતું?! તે સમજી સકતી નહોતી કે તે શા માટે હાલ્યા-ચાલ્યા વિના બેસી રહી હતી .તેણે કંઈક તો કરવું જોઈતું હતું - બીજું કશું નહી તો ઓછામાં ઓછું એક વાર પતિને આલિંગન કરી તેનું સ્વાગત જ કરતી.,જેનાથી તે કોઈક સમયે દર રાત્રી વિતાવતી હતી .પણ તે સ્વપ્નવત સ્થિતિમાં બેસી રહી.તે જાણે પોતાની સુધબુધ ગુમાવી બેસી હતી અને જાણે કઈ પ્રતીક્ષા કરી રહી હતી.જોઈએ, આગળ શું થાય છે અને વળી આ મિલન પણ કેવું હતું - રાત્રીના સમયે, હમાંમખાનામાં, નિરાશાભરી ગુપ્તાતાભર્યું, જ્યાં એકબીજાને સ્પષ્ટ જોઈ શકવું પણ અસંભવ હતું, તીખાશભરી અને બેસુધ ગુસપુસ, સાવધાની અને ભય - આ આખી મુલાકાત્ તદ્દન જૂઠી, શક્તિહીન અને મૂર્છિત અવસ્થામાં ડૂબેલી હતી, જે પ્રકાશના પહેલાં કિરણની સાથે જ ઓઝલ થઇ જવાની હતી, આ મુલાકાત કાલે, પરમદિવસે, હમેશા હંમેશા માટે કાયમ રહે તે અસંભવ હતું અને તે પોતાની સાથે બીજી આટલી જ યાતનાભરી અને કમનસીબ મુલાકાતો લઇ આવવાની હતી.

અન્દ્રેઈએ પોતાનો ભારે, કાંપતો હાથ નાસ્ત્યોનાના માથે ફેરવ્યો .પ્યારસભર આ પહેલો સ્પર્શ હતો : નાસ્ત્યોનાના શરીરમાં કંપારી વછૂટી ગઈ અને એકદમ સંકોચાઈ ગઈ .તેને હજી પણ ખબર નહોતી પડતી કે તે શું કરે, શું કહે .અન્દ્રેઈએ પોતાનો હાથ હટાવી લીધો અને પૂછ્યું: "તમે લોકો અહી કેવી રીતે જીવી રહ્યાં છો?"

"તારી રાહ જોતા," તે બોલી.

“જોઈ લીધી રાહ, જોઈ લીધી .યોદ્ધા રણભૂમિમાંથી પાછો આવી ગયો, સ્વાગત કર, ભાગ્યવાન, વીરગાથા ગા, વખાણ કર, મેહમાનોને બોલાવ.”

આ વાર્તાલાપ આગળ લંબાવવાથી કોઈ લાભ નહોતો, એક જ ઝટકામાં તેમના માથે જાણે આભતૂટી પડ્યું હતું .અસ્પષ્ટતા, અનિશ્ચિતતા અને મુંઝવણથી તેઓ ઘેરાઈ ગયાં હતાં, જેને ઉકેલવા માટે ક્યાંકથી પણ હાથ લગાડતાં બીક લાગતી હતી .તેઓ બહુ વાર સુધી ચૂપચાપ બેસી રહ્યાં - પછી નાસ્ત્યોનાને જાણે સહસા કઈ યાદ આવ્યું હોય તેમ પૂછ્યું: “નાહીશ નાહી?”

“હા, નાહી લેવું જોઈએ,” ઝડપથી તે ખુશ થતો તેના સુઝાવ સાથે સંમત થઇ ગયો.

“તેં મારા માટે જ તો હમાંમખાનું ગરમ કર્યું છે, મને ખબર છે .હેં ને, સાચું કહે, મારા માટે જ કર્યું છે ને?”

“હા, તારા માટે જ.”

“મને તો યાદ પણ નથી આવતું કે હું છેલ્લે ક્યારે નાહ્યો હતો.”

ભઠ્ઠી તરફ આગળ વધીને તેણે ટબમાં ભરેલા પાણીમાં હાથ નાંખી છબછબિયાં કર્યા .“પાણી તો બિલકુલ ઠંડું થઇ ગયું હશે ને?” અન્યમનસ્કપણે નાસ્ત્યોનાએ પૂછ્યું.

“કામ ચાલી જશે.”

નાસ્ત્યોનાને સંભળાતું હતું કે કેવીરીતે અન્દ્રેઈએ પોતાની યાદદાસ્તથી દરવાજાની પાસે ખૂંટી શોધી લીધી અને ચામડાનો કોટ તેના પર લટકાવી દીધો, કેવી રીતે તેણે ઉંબરા પાસે જૂતા ખેંચીને ઉતર્યા અને પછી કપડાં કાઢવા લાગ્યો.પછી માંડમાંડઓળખી શકાય તેવી વાંકી ચુકી આકૃતિ નાસ્ત્યોના તરફ આગળ વધવા લાગી.

“નાસ્ત્યોના, હું એકલા સારી રીતે નહી નાહી શકું.ઊઠ,પીઠ ઘસી આપ.”

અન્દ્રેઈએ તેને ફર્શ પર પડી દીધી .નાસ્ત્યોનાના ચહેરા સાથે અથડાતી તેની દાઢીમાંથી ન જાણે કેમ, ઘેંટાની ખાલની ગંધ આવતી હતી અને તે અનાયાસે જ પોતાનો ચહેરો બીજી બાજુ હટાવી લેતી હતી . બધું એટલી જલ્દી થઇ ગયું કે નાસ્ત્યોનાએ હોંશમાં આવતા પહેલા જ પોતાને અસ્તવ્યસ્ત અને સ્તબ્ધાવસ્થામાં, પડદો પાડેલી બારી નજીક બાંકડા પર બેઠેલી જોઈ.બીજા બાંકડા ઉપર આ

અર્ધપરિચિત, તેનો પતિ બની ગયેલ માનવી છમછ્મ છાંટા ઊડાવીરહ્યો હતો .નાસ્ત્યોનાએ કશો જ અનુભવ ન કર્યો - ન તો સાંત્વના, ન તો કડવાશ .અનુભવ્યું હતું તો તે માત્ર ક્ષીણ અને પોકળ આશ્ચર્ય, અસ્પષ્ટ અને અકળ લજ્જા, શરમ.

તેણે નાહી લીધું અને કપડા પહેરવાનું શરૂ કર્યું.

"હું તારા માટે બીજા કપડા જ લઇ આવત," નાસ્ત્યોનાએ કહ્યું .તે આખો વખત પારકાં ન દેખાવા દેવા પોતાની જાતને વિવશ કરી રહી હતી, વાતચીત કરવાનો પ્રયત્ન કરી રહી હતી.
"નથી જરૂર બીજા કપડાંની!" તેણે જવાબ આપ્યો .હું હમણાં જ તને કહી દઉં છું કે સૌથી પહેલા કઈ કઈ વસ્તુઓની મને જરૂર પડશે .કાલે તું આરામ કરી લે, ઉંઘી લે અને પરમ દિવસે મારી બંદૂક અહીં પહોચાડી જજે, જેથી જાનવર મને ફાડી ન ખાય. તે છે તો ખરી ને?"

"છે."

"મને તે કોઇપણ સંજોગોમાં જોઈએ .એ સિવાય દિવાસળી, મીઠું, ખાવાનું બનાવવા વાસણ .તે તું જાતે જ જોઈ લેજે .બાપુના કારતૂસ શોધી લે જે, પણ એવી રીતે કે તેમને ખબર ન પડે."

"બંદૂક વિષે પૂછે તો શું કહું?"

ખબર નથી .જે મનમાં આવે તે કહી દે જે, કોઈ ને કોઈ બહાનું ઘડી કાઢજે.....એક વાત ફરી ધ્યાનથી સાંભળી લે :કોઈનેય મારા વિષે ગંધ સુધ્ધાં ન આવવી જોઈએ, કોઈને પણ નહિં .ન તો હું હતો, ન તો હું છું .તું એકલી જ જાણે છે.....હાલ પૂરતું તો તારે જ મારા ખાવાપીવાનો બંદોબસ્ત કરવો પડશે .બંદૂક લઇ આવીશ પછી માંસનો પ્રબંધ હું જાતે કરી લઈશ, પણ રોટલી તો ગોળી ચલાવવાથી મળવાથી રહી . પરમ દિવસે આવા જ સમયે, કે થોડો મોડો આવીશ .તું જલ્દી ન આવતી, જો જે ક્યાંક કોઈ તારો પીછો કરવા ન લાગે .તું આવે જાય ત્યારે ચારે બાજુ જોતી જોતી જજે."

તે શાંત ચિત્તે બોલતો હતો, તેનો અવાજ ગરમી મળતા નરમ થઈ ગયો હતો, તેમ છતાંય તે અધીર, આશંકા ભર્યો અને પારકો લાગતો હતો.

"જરા શરીરને ગરમાવો આપ્યો, નાહી લીધું, ત્યાં સુધી કે નસીબે પોતાની પત્ની સાથે પ્યાર કરવાની તક પણ આપી દીધી .હવે જવું જોઈએ."

“ક્યાં જશે તું?” નાસ્ત્યોનાએ પૂછ્યું.

તેણે ખભા ચઢાવ્યા .“ક્યાં?........ક્યાંય પણ .મારા સગા ભાઈ ભૂખરા વરુ પાસે .હા, તું પરમ દિવસે આવવું ભૂલીશ તો નહીને?”

“નહી ભૂલું.”

“અહીં જ મારી રાહ જોજે, આગળ પછી જોઈ લઈશું .હું જઉં છું .તું થોડી વાર પછી અહીંથી નીકળજે, તરત ન નીકળતી.”

તેણે કોટ પહેર્યો, સરસર અવાજ થયો અને શાંત થઇ ગયો.

“તું ખુશ તો છે ને કે હું જીવતો પાછો આવ્યો?” નીકળતા નીકળતા ઉંબરાંપરથી તેણે અચાનક પૂછ્યું.
“ખુશ છું.”

“ભૂલી તો નથી ગઈ ને કે હું તારો કોણ છું?‘

“નાં”.

“કોણ?”

“ પતિ “ “હા,પતિ,” તેણે ભાર મૂકતા કહ્યું અને બહાર નીકળી ગયો.

આ બધું એકદમ સમજી ન શકતા અચાનક તેના મગજમાં એક વિચાર વીજળી વેગે ચમકી ગયો :શું હકીકતમાં આ તેનો પતિ જ હતો? તેની સાથે ક્યાંક કોઈ ભૂત તો નહોતું ને? અંધારામાં ઓળખી લેવું શું સહેલું છે? કહેવાય છે ને કે ભૂત-પ્રેત એવો વેશ ધારણ કરી લે છે કે દિવસના અજવાળામાં પણ તેમનામાં અને અસલ માણસમાં ભેદ કરવો મુશ્કેલ છે .તેને બરાબર રીતે ક્રોસ કરતા આવડતું નહોતું , જેવી રીતે આવડ્યું તેવી રીતે તેણે હાથેથી ક્રોસ કર્યું અને બાળપણમાં શીખેલી પરંતુ વર્ષોથી ભૂલાઈ ગયેલી,પ્રાર્થનાના શબ્દો યાદ આવી જતા ગણગણવા લાગી .આવા અપ્રત્યાશિત વિચારથી તે જડવત થઈ ગઈ :શું એ જ વધારે સારું નથી કે આ સાચે સાચ ભૂત જ હોય?

પ્રકરણ ૪

અન્દ્રેઈ ગુસ્કોવ સમજી રહ્યો હતો કે ભાગ્યએ તેને એવી સાંકડી ગલીમાં લાવીને ઊભો કરી દીધો હતો કે જ્યાંથી બહાર નીકળવાનો રસ્તો નહોતો ..આગળ વધવાની સંભાવના તો હતી પણ બહુ ઓછી .બસ ત્યાં સુધી ચાલતા જાવ, જ્યાં સુધી સામે કોઈ અભેદ્ય દીવાલ સાથે ટકરાઈ ન જાવ,પાછા ફરવું હવે અસંભવ હતું.....કશો ફાયદો નહી થાય.એનાથી પાછા ફરવાનો કોઈ રસ્તો નથી એ વિચાર અન્દ્રેઈને વ્યર્થ ચિંતનથી મુક્ત કરતો હતો .જીવવાનો હવે માત્ર એક જ રસ્તો રહી ગયો હતો - જે થવાનું હોય તે થાય.

પોતાના પરિચિત સ્થળોમાં વીતાવેલાં શરૂઅતના દિવસોમાં તેને સૌથી વધારે એ યાદો પીડા આપી રહી હતી કે કેવી રીતે તે સાડાત્રણ વર્ષો પહેલા તે અહીંથી મોરચે જવા રવાના થયો હતો .બે અઠવાડીયાઓની યાદોની શૃંખલા – યુદ્ધના પહેલાં સમાચારથી લઈને તેના ઈર્કુસ્ત પહોચવા સુધીની, જ્યાં તેનું ડિવિઝનબન્યું હતું – તાદ્રશ્યપણે તેની આંખો સામે તરવરવા લાગી, બધું જ જાણે હજી ગઈકાલે જ બન્યું હોય એમ લાગતું હતું .અને આ અનુભૂતિ તેને બેચેન કરી રહી હતી .યાદોમાં એ અનુભૂતિઓ સુધ્ધાને-જેનો તેણેત્યારે અનુભવ કર્યો હતો, સંભાળીને સાચવી રાખી હતી અને જાણે તે ફરીથી તેના અંતરાત્મામાં જીવંત થઇ ઊઠી હતી .તેની અંદર એ જ એ સમયની સ્તબ્ધતા હતી, ભવિષ્ય વિષે સમજવા વિચારવાની અક્ષમતા અને વર્તમાન સ્થિતિની ક્ષણભંગુરતા હતી, એ જ રોષ, એકલાપણું, ક્ષોભ હતાં, એ જ ઠંડો, મ્લાન અને નિરંતર ભય હતો - અનિશ્ચિત મનોસ્થિતિ તથા ઘણુ બધું એવું જ .માત્ર એક મોટું અંતર હતું :આ બધું જ આજના જેવી પ્રતિકુળ દિશામાં પ્રવાહિત થઇ આવ્યું હતું .પરિસ્થિતિઓ પણ એ જ સાબિત કરતી હતી .તે એ જ જગ્યાએ હતો, જ્યાંથી તેણે પોતાની કૂચ શરૂ કરી હતી, પરંતુ આ વખતે તે અંગારાની જમણી નહી, ડાબી બાજુના તટ પર હતો .ત્યારે ગ્રીષ્મઋતુ હતી અને અત્યારે ભર શિયાળાની ઋતુ .ત્યારે તે રણભૂમિ તરફ જવા રવાના થઈરહ્યો હતો, અત્યારે પાછો આવી ગયો હતો, ત્યારે તેની સાથે ઘણા બધા લોકો હતાં, હવે તે એકલો પાછો ફર્યો હતો - પોતાના અલગ રસ્તેથી .ભાગ્ય નિર્ણાયાત્મક વળાંક લઇને તેને પાછો જૂની જગ્યાએ લઇ આવ્યું હતું, મૃત્યુ પહેલાની ભ્રાંતિ બિલકુલ જ નજીક,પોતાના સંપૂર્ણ આકારમાં તેની સામે ઊભી હતી.અચૂક નિશાન સાધવા માટે આ વખતે તેણે પીઠ તરફથી ઘાવ કર્યો હતો, જેથી કરીને તે ભાગી ન શકે .આ સમયે તે કોઈ વિપરીત જીવન જીવી રહ્યો હતો, જેમાં એ સમજી શકવું અસંભવ હતું કે આગલું ડગલું હવે કઈ બાજુ પડશે.તેના આ જીવન પછી સંભવતઃ સ્મૃતિઓ માટે કોઈ ગુંજાઇશ જ નહી રહી જાય.

અતામાંનોવ્કાથી ગુસકોવ સાથે સાત જણાનું મોરચા પર બોલાવવામાં આવેલ પહેલું જૂથ ગામથી પાંચ ગાડીઓ પર રવાના થયું હતું :વિદાય કરનારા પણ એટલા જ હતાં, જેટલા વિદાય થનારાં .અન્દ્રેઈએ પોતાના ઘરવાળાઓની વિદાય ઘેરથી જ લઇ લીધી હતી:બહુવાર સુધી આંસુ વહેવડાવવાથી અને વિલાપ કરવાથી ફાયદો પણ શો હતો, પોતાનું મન જ વ્યર્થમાં દુઃખી થાત .જો કોઈ બંધન તોડવું જ હોય

તો એકદમ તોડી દેવું જોઈએ, એ જ પ્રમાણે તદ્દન આધારહીન આશાઓનો પીછો છોડીને તે ક્યારેય પણ પોતાનું જીવન ત્યજી દેવા તૈયાર હતો {અને તે સમય પણ બહુ દૂર નહોતો}. તેણે બારણામાં જ માંને આલિંગન કર્યું, બાપુને, નાસ્ત્યોનાને પણ કર્યું, પછી ગાડીમાં કૂદીને ચડી ગયો, અને નીકળી પડ્યો.તેણે પોતાના મન પર સંપૂર્ણ કાબૂ રાખ્યો કે તે પાછો વળીને ન જૂએ, છેક ગોચરોથીઆગળ નીકળી ગયાં પછી જ, અતામાંનોવ્કા દેખાતું બંધ થયું ત્યારે તેણે લગામ ખેંચી અને બીજા લોકોની રાહ જોવા લાગ્યો, જેથી બધા એકસાથે એક કતારમાં ચાલે.

કાર્દામાં તેઓ તેમની રાહ જોતા જહાજમાં ચઢી ગયાં, તેમાં જીલ્લા કેન્દ્ર સુધી પહોચી ગયાં.એક દિવસ પછી આ જહાજ આખા જિલ્લામાંથી એકઠી કરેલ ટૂકડીઓને લઈને પાછા ફરવાના રસ્તેથી ઈર્કુસ્ત તરફ રવાના થઇ ગયું .વહેલી સવારે તેઓ અતામાંનોવ્કા સામેથી પસાર થયા.તેમની રાહ જોતા તેઓ આખી રાત ઊંઘ્યા નહોતા અને દૂરથી જ અલગ અલગ અવાજોમાં ચીસો પાડવા લાગ્યાં - એ સમજ્યા વિચાર્યા વગર કે તેઓ શી ચીસો પાડી રહ્યાં છે અને શા માટે .અન્દ્રેઈ ગામ તરફ મૌનપણે અને ક્ષોભ પૂર્વક જોઈ રહ્યો હતો, ખબર નહી કેમ પણ, ગામ છોડીને જવા માટે તે યુદ્ધને નહી ગામને દોષી ઠેરવવા તૈયાર હતો .છેવટે ચીસો પાડનારા સફળ થઈ ગયાં :લોકો કિનારા પર નીકળી આવ્યા અને જવાબમાં ચીસો અને બૂમો પાડવા લાગ્યાં, રૂમાલ અને ટોપીઓ હલાવવા લાગ્યાં .પરંતુ જહાજ કિનારાથી ઘણેદૂર ચાલી રહ્યું હતું તેથી કોઈને ઓળખી શકવા કે કઈ સાંભળી શકવું અશક્ય હતું .અન્દ્રેઈને લાગ્યું કે તેને ભીડમાં નાસ્ત્યોના દેખાઈ હતી .તેને પાકી ખાતરી નહોતી કે તે તે જ હતી, તેમ છતાં તે ગુસ્સે થઇ ગયો શા માટે , શા માટે આ વ્યર્થ તમાશો? એકબીજાથી વિદાય લઇ લીધા પછી, જે કઈ કહેવું હતું તે કહી સાંભળી લીધા પછી, શા માટે? યુદ્ધ તો ટાળી શકાવવાનું નહોતું .પણ જો તેને ખબર હોત કે જે આકૃતિને તે નાસ્ત્યોના સમજી બેઠો હતો તે ખરેખર તેની જ હતી, તો તેનું મન જરૂર હળવું થઇ જાત,પરંતુ તેના પર ક્રોધ તો એટલા માટે સવાર થઇ ગયો હતો કે તેને એ વાતનો વિશ્વાસ નહોતો .જે પાછળ છૂટી ગયું હતું, જેનાથી તેને અલગ કરી દેવામાં આવ્યો હતો અને જેના માટે તેને લડવાનું હતું એ બધા પ્રત્યે અનાયાસ ક્ષોભ બહુવાર સુધી તેના પર હાવી રહ્યો.આ જ ક્ષોભે તેની પાસે પ્રતિજ્ઞા કરાવી હતી, જેને તે આટલા વર્ષોથી બરાબર યાદ રાખી રહ્યો હતો અને હવે અકસ્માત જ તેણે જેને પૂરી કરી લીધી હતી .નિ:સંદેહ, તે એના માટે જ પાછો નહોતો ફર્યો, પ્રતિજ્ઞા પૂરી થઇ જતા તેને વ્યર્થ નહોતી લાગી રહી, તેમાં કોઈ પ્રલોભનકારી અને વાસ્તવિક શક્તિ દેખાઈ રહી હતી,જે ગુસ્કોવના ભાગ્યમાં સહાયતા કરવા માટે આતુર હતી.

જહાજ ત્રણ દિવસ સુધી પ્રવાહથી વિરુદ્ધ છબછબ કરતું ચાલતું રહ્યું .યાત્રીઓ ઘોઘાટ કરતા.કોઈ મેળા જેવું વાતાવરણ સર્જતા, કટુ ઉલ્લાસમાં ડૂબેલા જઈ રહ્યાં હતાં.તેમને સારી રીતે ખબર હતી કે આ તેમનાં અંતિમ ઉન્મુક્ત અને નિર્ભય દિવસ છે.અન્દ્રેઈ અલગ થલગ રહેતો હતો, તે વોદ્કા પીવા ટેવાયો નહી .તે

બહુવાર સુધી મૂર્તિવત બની જહાજના ઉપલાં ડેક પર ઊભો રહી પોંતાની સામે વહેતી અંગારાને જોતો રહ્યો હતો.ધોમધખતી ગરમી હતી, આખો દિવસ આકાશમાં પ્રખર સુરજ ધકધકતો હતો .અંગારા લહેરાતી પાછળ છૂટી રહી હતી, જેનાથી હવામાં સરસરાટ ગૂંજતો હતો, પરિચિત કિનારાઓ, ગામો અને દ્વીપો વહેતા ચાલ્યા જતા હતાં, વહેતા જતા હતાં અને નજરોથી ઓઝલ થતા જતા હતાં.કદાચ તે આ બધું છેલ્લીવાર જોઈ રહ્યો છે તેમ વિચારીને ગુસ્કોવનું હૈયું બેસવા લાગતું .નીચલા ડેક પર જઈને બીજા લોકોમાં ભળી જવું વધારે સારું રહેત- તેના એકલા માટે જ તો આ બધું અસહ્યનીય નહોતું, કાં પછી તે માથા નીચે થેલો રાખીને ઊંઘી જાત અને જ્યાં સુધી તેને ઊઠાડવામાં ન આવે ત્યાં સુધી બધું ભૂલી જાત અને પોતાનામાં જ ખોવાઈ જાત .પણ તે ત્યાંથી ખસતો નહોતો અને પોતાના મનને વિષાદયુક્ત યંત્રણાથી ઝંઝોડતો, પોતાની જાતને સંભાળતો અને પોતાના ઉપર દયા ખાતો એ જોતો, વિચારતો અને પીડા પમાડતો ત્યાંજ ઊભો રહ્યો .જેટલી વાર સુધી તે જોતો તેટલી વાર એટલી જ સ્પષ્ટતા અને નિશ્ચય સાથે એ અનુભવતો કે અંગારા કેટલા શાંતિપૂર્ણ અને તેના પ્રત્યે કેટલી ઉદાસીનતાભર્યા ભાવે વહી રહી હતી .કેટલી ઉદાસીનતાથી પેલા કિનારાઓ - જ્યાં તેણે પોતાની જિંદગી વિતાવી હતી તેની પરવા કર્યા વિના બીજા જીવન અને જેઓ તેનું સ્થાન લેશે એવા લોકો તરફ સરકતા જઈ રહ્યાં હતાં. તે બહુ ક્ષોભ અનુભવતો હતો :આટલી શીઘ્રતા શા માટે? હજી તો તે ત્યાંથી દૂર પણ જઈ શક્યો નથી, પોતાને અલગ હટાવી શક્યો પણ નથી, અને તેના અસ્તિત્વ, આકાંક્ષાઓ બધું ભૂલાવી અને દફનાવી દેવામાં આવ્યું : એનો અર્થ એ કે તું જા અને મરી ખપ, અમારા માટે તું ખલાસ થઈ ગયો છે .શું હકીકતમાં તે પતી ગયેલો માણસ છે? અને ત્યારે આ બધાનો અસ્વીકાર કરતા,અતિ દુર્ભાવપૂર્ણ હઠથી તેણે ઊંચા સ્વરે પ્રતિજ્ઞા કરી નાંખી:

“જુઠ્ઠું બોલો છો-હું જીવતો રહીશ.તમે મને સમય પહેલાં દફનાવી રહ્યાં છો, પણ જોઈ લેજો તમે :હું જીવતો પાછો આવીશ -.બસ રાહ જુઓ.”

મોર્ચા પર તેણે આ આશા છોડી દીધી હતી .પહેલી લડાઈમાં જ તે ઘાયલ થઇ ગયો હતો,પરંતુ સદનસીબે હળવો માર જ લાગ્યો .ગોળી ડાબા પગના માંસને ચીરતી નીકળી ગઈ અને મહિના ભર પછી જ તે લંગડાતો લંગડાતો પોતાની ટૂકડીમાં પાછો આવ્યો .જીવતા બચી જવાનો વિચાર એ વખતે નિરર્થક લાગતો હતો, કારણ કે તે એકલો જ એવો નહોતો જેણે આ વિચારને પોતની અંદર જ ક્યાંક દબાવી રાખ્યો હતો, ઘણીવાર પોતે પણ સ્વીકાર કરતો નહોતો કે આ વિચાર તેના મનમાંય છે અને તેને સંભાળીને રાખે, એટલી વાર તેણે મૃત્યુને એકદમ નજીકથી નિહાળ્યું હતું કે તેને પોતાનું મૃત્યુ અવશ્યંભાવી લાગતું હતું :આજે નાહી તો કાલે, કાલે નાહી તો પરમ દિવસે, ક્યારેય પણ વારો આવી જાય .અહીં યુદ્ધ દરમ્યાન કોઈના ભાગમાં શાંતિપૂર્ણ જીવન આવી જાય તો તે શાશ્વત લાગતું હતું .એ

વિચારવું કેટલું વિચિત્ર હતું કે આવું જીવન સાલ-દર-સાલ દાયકાઓ સુધી પણ ચાલુ રહી શકે છે-વૃક્ષો અને પથ્થરોની જેમ :સમયનો અહી માપદંડ બીજો જ હતો.

અન્દ્રેઈ ગુસ્કોવને નસીબે ઘણા દિવસો સુધી સાથ આપ્યો, મોર્ચા પરથી પાછા ફરતા પહેલાં એકવાર તે મોતના મોંમાં ફેકાઈ ગયો હતો અને બોમ્બમારામાં વિસ્ફોટક તરંગે તેની શ્રવણશક્તિ સંપૂર્ણપણે છીનવી લીધી .લગભગ એક અઠવાડિયા સુધી તે કશું જ સાંભળી શક્યો નહી, ત્યારબાદ અવાજ ધીરે ધીરે પાછો સંભળાવા લાગ્યો .આ ઘટનાની હવે હાસ્યાસ્પદ અને દુઃખદ સ્મૃતિ માત્ર જ શેષ રહી ગઈ હતી : હોસ્પિટલમાં તેના બહેરાપણા દરમ્યાન તેના પર કડકડતી અતૃપ્ત ભૂખ હાવિ થઇ ગઈ હતી .લગાતાર હર ઘડી તેને ભૂખ લાગતી હતી, ખાવાનાની શોધમાં તે જાત જાતની અપ્રિય પરિસ્થિતિઓમાં ફસાઈ જતો .તેને પોતાનો જ અવાજ સંભળાતો નહોતો, એટલા માટે તે વિચારતો હતો કે બીજા લોકો પણ તેનો અવાજ નથી સાંભળતાઆ અને એ ભ્રમમાં જ્યારે તે કઈ ખાવાનું શોધવા ચોરીછુપી રસોડામાં ચાલ્યો જતો ત્યારે તેની પોલ ઉઘાડી પડી જતી .અને જયારે તે પોતાના ભાગ કરતા વધારે હિસ્સો માંગવાનો પ્રયત્ન કરતો ત્યારે સ્વસ્થ થઈ રહેલા સૈનિકોના મનોરંજન માટે જવાબમાં તેને કંઈપણ કહી દેવામાં આવતું - તે માત્ર ભાવશૂન્ય નજરે જોતો રહેતો.

ત્રણ વર્ષ દરમ્યાન ગુસ્કોવ સ્કી બટાલિયનમાં પણ લાગી ચુક્યો હતો, શોધ કંપની અને તોપખાનામાં પણ .તેને બધું જ અજમાવી જોવાની તક મળી :ટેંકોના હુમલા, જર્મન મશીનગનો પર ઝપટીને કરવામાં આવતા હુમલા, રાત્રિકાળની સ્કી કૂચ અને કોઈ દુશ્મનને એકદમ પકડીને, કેદી બનાવવા માટે થકાવટભર્યો , લાંબો અને ધૈર્યપૂર્ણ શિકાર .ગુસ્કોવ યુદ્ધથી અભ્યસ્ત ન થઇ શક્યો, થઇ પણ શકે એમ નહોતો, તેને એ લોકોની અદેખાઈ આવતી હતી, જેઓ શાંતચિત્તે અને સહજપણે એવી રીતે લડવા જતા હતાં જાણે કોઈ સામાન્ય કામે જઈ રહ્યાં હોય.પરંતુ તે પણ પોતાના સામર્થ્ય અનુસાર પોતાની જાતને લડાઈ અનુરૂપ ઢાળવાનો પ્રયત્ન કરી રહ્યો હતો – બીજો કોઈ ચારો જ નહોતો .તે બીજાઓથી આગળ જઈ હુમલો નહોતો કરતો, પણ તેમની પીઠ પાછળ સંતાતો પણ નહોતો – જો એવું હોત તો કોઇપણ સૈનિક તરત જ જોઈ લેત અને તેને ટોકત .“શોધ અભિયાન” દરમ્યાન જયારે પાંચ છ માણસોનું આક્રમક જૂથ જર્મનોની કિલ્લેબંધ ખાઇઓમાં કૂદે ત્યારે કોઈ ચાલાકીની તક જ નહોતી રહેતી - કાં તો આ પાર, કે પછી પેલે પાર..અને જો પોતાને બચાવવાનો - સંભાળવાનો પ્રયત્ન કર્યો તો પોતાની સાથે સાથે સાથીઓને પણ લઇ ડૂબવાનો ખતરો રહેતો .ગુસ્કોવને વિશ્વાસપૂર્ણ સાથી માનવામાં આવતો હતો, સૌથી નીડર જુવાન તેને પોતાનો જોડીદાર બનાવીને સાથે લઇ જતા હતાં, જેથી એકબીજાની સુરક્ષા રહે .તે બીજાઓની જેમ લડતો રહ્યો, ન કોઈનાથી સારી રીતે, ન કોઈનાથી ખરાબ રીતે .સૈનિકો તેની તાકાતની કદર કરતાંહતાં - મજબૂત બાંધાનો, દ્રઢ માંસપેશીઓવાળો ગુસ્કોવ મૂર્છિત કે અડિયલ કેદીને પોતાની

પીઠ પર લાદીને પોતાના બંકરો તરફ લઈ જતો..

સ્કી બટાલીયનમાં ગુસ્કોવ મોસ્કો પાસે લડ્યો, વસંતમાં સ્મોલેન્સ્ક ક્ષેત્રમાં શોધ કંપનીમાં લઇ લેવામાં આવ્યો .તોપખાનામાં તેને સ્તાલીન્ગ્રાદમાં ઘાયલ થયા પછી નિયુક્ત કરવામાં આવ્યો હતો.અહી દૂરમારના તોપખાનામાં જયારે ચઢાઈ શરૂ થઇ ત્યારે જીવવું થોડું સહેલું થઇ ગયું.

સન ત્રેતાલીસના શિયાળાનાં આરંભમાં યુદ્ધનાં અંતિમ ચિહ્નો સ્પષ્ટપણે દેખાવા લાગ્યાં હતાં .જેમ જેમ તે તેની નજીક આગળ વધી રહ્યાં હતાં તેમ તેમ જીવતાં બચી જવાની આશા પ્રબળ થતી જઈ રહી હતી - ભયગ્રસ્ત અને દબાયેલી નહી પરંતુ નિર્ભીક અને અદમ્ય આશા .જે લોકો યુદ્ધનાં પ્રથમ દિવસોથી જ ઝઝૂમી રહ્યાં હતાં, જેમણે એટએટલું સહન કર્યું હતું .વેઠ્યું હતું કે આ જ વિશ્વાસ કરવાની દિલમાં ઈચ્છા થતી હતી :તેમને નસીબનું વિશેષ વરદાન અવશ્ય મળશે, હજી સુધી જો તેઓ મૃત્યુને માત આપી બચી શક્યાં છે તો મૃત્યુએ તેમનો પીછો છોડવો જ પડશે .અહીં યુધ્ધમાં પણ તેમને કોઈ જીવનરક્ષક પરીક્ષણકાળમાંથી પસાર થઈ રહ્યાં હોય તેવું પ્રતીત થઇ રહ્યું હતું, જાણે જો એમાં બચી ગયાં તો બસ જીવી ગયાં .ક્યારેક ક્યારેક ધીરજની ઉજ્જવળ ક્ષણોમાં ગુસ્કોવના હૈયામાં સુખદ વિશ્વાસ જાગી ઊઠતો હતો કે હવે આગળ તેની સાથે કઈ ખરાબ નહી થાય .હમણાની જેમ ધીમે ધીમે, સંભાળી સંભાળીને શક્તિ ગુમાવ્યા વિના તે ડઝનો વાર જેની કિંમત ચુકવવામાં આવી ચુકી છે તે અંતિમ, ચિરપ્રતીક્ષિત દિવસ સુધી પહોંચી જશે, જયારે વિજયની ઘોષણાકરવામાં આવશે અને બધાને પોતપોતાના ઘેર મોકલી દેવામાં આવશે .પરંતુ આ ઉજ્જવળ, આશાસ્પદ ક્ષણો વીતી જતી અને અપ્રત્યક્ષ ભય છવાવા લાગતો : આ જ આશાના આધાર પર જીવતાં હજારો લોકો પ્રતિદિન તેની આંખો સામે મરીખપી રહ્યાં હતાં અને અંતિમ ઘડી સુધી મરતા રહેશે .આ મૃતકો અમારામાંથી જ આવશેને? કોના પર ભરોસો કરવો? ભય સમક્ષ હથિયાર હેઠા મૂકી, સૌભાગ્યની આશા છોડી ગુસ્કોવ દિલના ઊંડાણમાં એ આશા રાખી બેઠો હતો કે તે ઘાયલ થઈ જાય - નિશંકપણે ગંભીર રૂપે નહીં, એવી રીતે નહી કે શરીર ક્ષત-વિક્ષત થઈ જાય, પણ બસ એટલો જ કે સમય નીકળી જાય.

પરંતુ ચુમ્બલીસની ગરમીઓમાંજયારે તેમની ટૂકડી તોપોની અંદર સંતાઈને બીજી જગ્યાએ રવાના થવા તૈયાર ઊભી હતી કે અચાનક ત્યાં જ જર્મન ટેંકોએ હુમલો કર્યો અને ત્યારે ગુસ્કોવ બહુ ખરાબ રીતે ઘાયલ થયો, તેને ખૂબ વાગ્યું હતું .આખો એક દિવસ તેને ભાન આવ્યું નહોતું અને જયારે તેની મૂર્છા ટૂટી અને વિશ્વાસ થઇ ગયો કે તે જીવતો હતો, તેણે પોતાની જાતને દિલાસો આપ્યો :બસ તેનું લડવાનું બંધ થઇ ગયું .હવે બીજા લડાઈમાં જોડાય.તેના માટે આટલું બહુ છે, પોતાનું કર્તવ્ય તેણે સંપૂર્ણ રીતે નિભાવી લીધું છે .તેને સાજા થવામાં ઘણો સમય લાગશે અને ત્યાર પછી પોતાના પગ પર ઊભા થવા લાયક

થઇ ગયાં પછી તેમને તેને ઘેર પાછ જવાની રજા આપવી જ પડશે .બસ, સારો કે ખરાબ, પણ તે જીવતો બચી ગયો.

લગભગ ત્રણ મહિના અન્દ્રેઈ ગુસ્કોવ નોવોસીબીર્સ્ક સૈનિક હોસ્પિટલમાં પડ્યો રહ્યો .તેના છાતીના ઘા, જેમાંથી બે વાર ગોળાના ટૂકડાં કાઢવામાં આવ્યા હતાં, ઘણા દિવસો સુધી ન ભરાયા .તેની મદદ માટે ઘેરથી પહેલાં એક પાર્સલ આવ્યું, પછી બીજું .નાસ્ત્યોનાએ આવવા માટે પૂછ્યું, પણ તેણે સમજી-વિચારીને નક્કી કર્યું કે અહી આવવાની અને રસ્તાનું ભાડું ખર્ચ કરવાની કોઈ જરૂર નહોતી .કોઇપણ સંજોગોમાં તે જલ્દી જ આવી પહોચશે .તેના સાથી સૈનિકોએ તેના આ વિશ્વાસમાં હામી ભરી :ઘાયલોને પહેલેથી જ ખબર રહેતી હતી કે હોસ્પિટલમાંથી કોણ હંમેશા માટે ઘેર જશે, કોણ થોડા દિવસો માટે અને કોણ પાછું મોરચા પર."દસેક દિવસની રજા તો મળી જશે,"તેમણે ગુસ્કોવ માટે ધારણા કરી,"એનાથી ઓછી તો નહી જ," બસ રાહ જો, નાસ્ત્યોના તું રાહ જો.તેને અત્યારે વિશ્વાસ જ નહોતો થઈ રહ્યો હતો કે નાની-મોટી વાતો માટે તે ક્યારેક તેનું દિલ દુઃખાવતો હતો :આખી દુનિયામાં તેના માટે નાસ્ત્યોનાની સરખામણીમાં આવે તેવી કોઈ સ્ત્રી નહોતી.તે જરૂર પાછો ફરશે અને તેઓ સુખચેનથી જિંદગી જીવશે - કાશ, કોઈ જાણતું હોત કે તેઓ કેવી રીતે જીવશે !યુદ્ધ પૂરું થયા પછી બધા માટે સંસાર નવો હશે, જીવન નવું હશે, એ બંને માટે તો ખાસ કરીને .યુદ્ધ પહેલાં તેઓ કશું પણ સમજતા નહોતા, એકબીજાનું મૂલ્ય જાણ્યા વગર, એકબીજાને પ્રેમ કર્યા વિના જીન્દગી જીવતાં રહ્યાં-શું એ ઉચિત છે ?

પરંતુ નવેમ્બેરમાં જયારે રજા મળવાનો સમય નજીક આવ્યો, જેની તે એટલી અધીરાઈ પૂર્વક પ્રતીક્ષા કરી રહ્યો હતો, જેના માટે તે પોતાના ઘાવોને પણ ભૂલવા તૈયાર હતો, ત્યારે તે ફેસલો સાંભળીને તે જાણે સ્તબ્ધ જ રહી ગયો :"પાછા ટૂકડીમાં, ઘેર નહી, ટૂકડીમાં." તે ઘેર જવાના વિષયમાં એટલો આશ્વસ્ત હતો કે બહુ વાર સુધી હતપ્રભ સ્થિતિમાં રહ્યો .તેને લાગ્યું કે કોઈ ભૂલ થઇ ગઈ લાગે છે, તે દાક્તરો પાસે દોડી ગયો, તેમનાં પર બરાડવા લાગ્યો અને દલીલો કરવા લાગ્યો, ગુસ્સાથી ભડકી ઊઠ્યો .કોઈએ તેની એક ન સાંભળી :લડવા માટે યોગ્ય છે - બસ .તેને વર્દી પહેરવા આપી અને હાથમાં પરિચય પત્ર અને રાશન કાર્ડ પકડાવીને હોસ્પીટલમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યો .જાવ, જાવ અન્દ્રેઈ ગુસ્કોવ, પોતાના તોપખાનામાં પહોચો, યુદ્ધ હજી પૂરું નથી થયું.

યુદ્ધ ચાલી રહ્યું હતું.

તે મોરચા પર જતા બીતો હતો,પણ બીક થી વધારે તેને એ બધા પર ક્ષોભ અને ગુસ્સો હતાં, જેના કારણે તે ઘેર જઈ શક્યો નહોતો અને પાછો મોરચા પર મોકલવામાં આવી રહ્યો હતો .પોતાના શરીરનાં રોમેરોમ અને મસ્તિષ્કના એકેએક વિચાર સુધ્ધાં સાથે તેણે પોતાની જાતને પ્રિયજનો સાથેની મુલાકાત માટે તૈયાર કરી રાખી હતી - પિતા સાથે, માં સાથે, નાસ્ત્યોના સાથેની મુલાકાત માટે .એના જ આસરે તો

તે જીવતો હતો, સ્વાસ્થ્ય સંભાળતો હતો અને શ્વાસ લઈ રહ્યો હતો - માત્ર આ એક જ વાત તેના ધ્યાનમાં હતી.પૂરપાટ વેગે દોડતા ઘોડાને પાછો વાળવો અસંભવ છે - એવી જ રીતે પોતાના માટે ઉપરથી છલાંગ મારવી અસંભવ છે .ફરી પાછા એ જ ગોળીઓની બૌછાર સામે, મોતની સામે અને તે પણ ત્યારે, જયારે તે પોતાના વિસ્તારની તદ્દન નજીક, સાઈબેરિયામાં છે?! શું આ ઉચિત છે? ન્યાયપૂર્ણ છે? એક દિવસ, માત્ર એક દિવસ માટે તે ઘેર રહી શકત, પોતાના આત્માને દિલાસો આપી ઢાઢસ બાંધી લેત, પછી તે ભલે ગમે તે વસ્તુ હોય તેના માટે તૈયાર હતો.

તેણે નાસ્ત્યોનાને પણ ન આવવા દીધી-મુરખ જ તો છે .જો પહેલેથી જ ખબર હોત તો સમય વીતતાં તેને બોલાવી લેત, જોઈ લેત, મન હળવું થઇ જાત .તે તેને વિદાય પણ કરી દેત અને જયારે કોઈ વિદાય કરે છે ત્યારે પોતાના પર વધારે ભરોસો રહે છે :માનવીના ભાગ્યમાં એ વિદાયની અશ્રુભીની આંખોનું ચોક્કસપણે કોઈ વિશેષ સ્થાન રહે છે, જતી વખતે મગજમાં એક છાપ છોડી જાય છે - કોઈ છે, જેના માટે પાછા ફરવાનું છે !બધું જ જાણે તેની વિરુદ્ધમાં જ થઇ રહ્યું છે .જો આગળ પણ આવું જ થતું રહ્યું તો તે આ સંસારમાં જીવવાથી રહ્યો, પહેલી લડાઈમાં જ તેનું કામ તમામ થઈ જશે.

હોસ્પિટલના અધિકરીઓ વિષે એ વિચારવા લાગ્યો હતો કે તેઓ જાણે કોઈ બીજા લોકની જ નિર્મમ શક્તિ હતી જેને માનવ શક્તિ બદલી નથી શકતી, જેવી રીતે આંધી કે વરસાદને રોકવા અસંભવ છે . કોઈકે વગર વિચાર્યે નિર્ણય લઇ લીધો અને બીજાઓને તે માનવો પડતો .પણ તે જીવતો જાગતો માણસ છે, તેને શા માટે પૂછવામાં ન આવ્યું? સાચું છે, કોઈએ તેને વાયદો નહોતો કર્યો, તેણે પોતે જ પોતાની જાતને દગો દીધો હતો .પણ બીજા લોકોને તો રજા મળતી હતી, તેણે જોયું હતું, તેને ખબર હતી કે રજા મળે છે, તો પછી કેવી રીતે ધોખો ન ખાઈ જાય?!

શું સાચે જ તેને પાછા ફરવું પડશે? પણ તે નજીક છે, તદ્દન નજીક .આ બધાની પરવા કર્યા વિના નીકળી પડે .છીનવાયેલી તક ઝૂંટવી લે .તેણે સાંભળ્યું હતું કે કેટલાક લોકો પોતાની મરજીથી રજા મારી લે છે અને કોઈ તેમનું કશું બગાડી શકતું નથી .પણ જો તે ન બચ્યો તો? ન બચ્યો તો કઈ નહી, જે થવાનું હોય તે થાય .તે લોખંડી માણસ તો નહોતો .યુદ્ધને ત્રણ વર્ષથી વધારે સમય થઇ ગયો - છેવટે ક્યાં સુધી સહેતો જાય ?!

સ્ટેશન પર તેણે એક માલગાડી છૂટી જવા દીધી, પછી બીજી પણ......ગુસ્કોવ વિચારોના વમળમાં અટવાઈ ગયો,વિચારો આવતા અને જતા રહ્યાં, તેને સમજણ નહોતી પડતી કે તે શું કરે .જેમ જેમ દુવિધામાં વ્યર્થમાં સમય નષ્ટ થઇ રહ્યો હતો તેમ તેમ તેનો ગુસ્સો વધારે વધતો ગયો .કાર્ડ પર રાશન

લેતી વખતે તેની વાતચીત લાઈનમાં ઉભેલા ઠીંગણા, પ્રસન્નચિત, ટોપીવાળા અને ઘોડી પર ટેન્કના માણસ સાથે થઈ .તેનો જાડાપાટાથી લપેટાયેલો જમણો પગ વળેલો હતો .તે પૂર્વમાં ચિતા નામક નગર તરફ જઈ રહ્યો હતો.

“અને તારે ક્યાં જવાનું છે?”તેણે ગુસકોવને પૂછ્યું ગુસ્કોવના મોમાંથી નીકળી ગયું :“ઈર્કુસ્ત.”

“તો તો પછી સાથે જઈશું,” ટેંકનો માણસ ખુશ થઇ ગયો.

આ પ્રમાણે ગુસ્કોવ પોતાના નવા સાથીની સાથે છેલ્લી ક્ષણે પોતે પણ પૂર્વ તરફ જનારી ગાડીમાં કૂદી ગયો .જે થવાનું હોય તે થાય, જો રસ્તામાં કોઈ તેને પકડી લેશે તો કહી દેશે કે તે માત્ર ક્રાસ્નોયાર્સ્ક સુધી જઈ રહ્યો છે, પછી ઈર્કુસ્ત ચાલ્યો જશે .તેણે બે-ત્રણ દિવસમાં પાછા ફરવાનો ફેંસલો કર્યો - કોઈ ગંભીર વાત નથી, કોઇપણ રીતે નીપટાવી લેશે .ક્યારેક પોતાની ચેષ્ટા વિષે ગંભીરતાથી વિચારવાની વાત તેના મનમાં આવતી :સારું થશે જો તેને પકડીને પાછો મોકલી દેવામાં આવે .પરંતુ આવી પરિસ્થિતિમાં નસીબ પણ સાથ આપે છે - તેને કોઈએ ન રોક્યો.ગાડીઓ પહેલાની જેમ ઠસાઠ્સ ભરેલી હતી - ઘણુ કરીને ફોજીઓથી , જેમની પાસે ફટકવું પણ સહેલું નહોતું.

પરંતુ ઈર્કુસ્ત સુધીની યાત્રામાં ત્રણ દિવસથી વધારે સમય લાગવાથી ગુસ્કોવ ખૂબ જ બી ગયો .જો આગળ ચાલશે તો એક દિવસમાં નહી પહોચે, બે દિવસ પણ પૂરતા નહી રહે, કારણકે કડકડતી ઠંડી હતી . જો અડધે રસ્તેથી પાછો ફરી જાય તો સવાલ એ થાય કે આ બધી ઉપાધિ શા માટે માથે વોરી લીધી? - હૈયું બાળ્યું, જોખમ ઉઠાવ્યા, પોતાની વાત પર અડગ રહ્યો.તે શું સાબિત કરવા માંગતો હતો અને કોના માટે? અને હવે શું પાછા વાળવાનો સમય નીકળી નહોતો ગયો? ગુસ્કોવને યાદ આવ્યું કે કેવી રીતે બધા સિપાઈઓની સામે બે ભાગનારાઓને ગોળીએ ઉડાડી દેવામાં આવ્યા હતાં .એ બેંતાલીસનાં વસંતની વાત હતી, જયારે તે શોધ ટૂકડીમાં આવ્યો જ હતો .જંગલમાં ખેતર જેવા મોટા મેદાનમાં ઊભેલી કતારબંધ રેજીમેન્ટ સામે બંનેને લાવવામાં આવ્યા :એક પોતાના પર ગોળી ચલાવનારમાં હાથ પર પાટોબાંધેલો કોઈ ચાલીસ વર્ષનો પુરૂષ હતો અને બીજો હજી છોકરા જેવો જ હતો .છોકરો પણ ભાગીને પોતાના ગામમાં જઈ આવવા ઈચ્છતો હતો, જે લોકોના કહેવા પ્રમાણે લગભગ પચાસ વેર્સ્તા દૂર હતું . માત્ર પચાસ વેર્સ્તા.અને તે કેટલે દૂર ભાગી ગયો હતો .નાં, તેને માફી નહી મળે, દંડિત સૈનિકોની બટાલીયનમાં મોકલીને જ તેનો ગુનો માફ કરી દેવામાં નહી આવે .તે તો છોકરો નહોતો, તેણે તો સમજવું જોઈતું હતું કે શું કરવા જઈ રહ્યો છે.

તેને એ પણ યાદ આવ્યું કે કેવી નફરત અને ધૃણા સાથે સૈનિકો તે આત્મઘાતી તરફ જોઈ રહ્યાં હતાં .

છોકરા માટે બધાને અફસોસ થઇ રહ્યો હતો પણ એ માણસ માટે નહી ."અધમ!" તેઓ કહી રહ્યાં હતાં, "કેટલો અધમ નીકળ્યો ! !બધાંની આંખોમાં ધૂળ નાખવા ઈચ્છતો હતો."

અને તે, ગુસ્કોવ કઈ વાતમાં બીજાઓથી વધારે સારો છે? શા માટે તેઓ લડતા રહે અને તે આમતેમ ફરતો રહે -એ લોકો તો એવી જ રીતે વિચારશે, એ જ અપરાધ તેની પર પણ લગાવશે .યુધ્ધમાં ઇનસાનને પોતાના વિષયમાં જાતે ફેંસલો કરવાનો કોઈ અધિકાર નથી, પણ તેણે એમ કરી લીધું છે અને નિશ્ચિત છે કે એના પર કોઈ દયા નહી ખાય.

ઈર્કુસ્તમાં તે ખોવાયેલો - ખોવાયેલો સ્ટેશન પર ભટકતો રહ્યો .ત્યાં જ તે ચંચળ આંખો વાળી,ચપળ સ્ત્રી સાથે અથડાઈ ગયો, જે તેને રાત વિતાવવા માટે જગ્યા આપવા રાજી થઇ ગઈ અને શહેરથી દૂર એક વસ્તીમાં પોતાના ઘેર લઇ ગઈ .તે વગર કહ્યે સમજી ગઈ કે આ સૈનિકને પોતાની વ્યવસ્થા કરવાનો રસ્તો ખબર નથી અને સવારે તેણે તેને એક આધેડ ઉમરની સાફ સુથરી, સુંદર તાન્યા નામની એક મૂંગી સ્ત્રી પાસે પહોચાડી દીધો .તાન્યા પાસે તે આખો દિવસ સ્તબ્ધ અને ભયભીત થઇ બેસી રહ્યો .વારંવાર તે ઊઠવાનો, ક્યાંય, કોઇપણ દિશામાં નીકળી પડવાનો પ્રયત્ન કરતો .આમ ને આમ તે બીજા દિવસે પણ બેસી રહ્યો અને પછી બિલકુલ જ રોકાઈ ગયો, તેણે થોડા દિવસ રાહ જોવાનું નક્કી કર્યું, જેથી તેને ઘર અને મોરચા પર અંતિમ રૂપે લાપતા સમજી લેવામાં આવે.

મૂંગીની પાસે વસ્તીના છેવાડે પોતાની જ ઝૂપડી હતી .તાન્યા હોસ્પિટલમાં સફાઈનું કામ કરતી હતી અને દિવસમાં બે વાર - સવારે અને સાંજે - થોડીવાર માટે ત્યાં જતી હતી, પોતાની સાથે કપડામાં બાંધીને રોટીના ટૂકડાં અને કાચનાં વાસણમાં ખીચડી કે સૂપ લઈ આવતી હતી .સારી વાત એ હતી કે તેને કશું સમજાવવાની જરૂર નહોતી, તેની સાથે વાત કરવાની પણ જરૂર નહોતી .પોતાની ઈચ્છાનુંરૂપ, અદભૂત સુવિધાજનક અને ખુશનસીબથી આ સ્ત્રી તેને મળી હતી, જેની જીભ ભગવાને જ છીનવી લીધી હતી .તેની પાસે પોતાની જાતને જ કહેવા માટે કશું નહોતું ત્યાં તે બીજા કોઈની સાથે શી વાત કરતો . ક્યારેક ક્યારેક ખોવાયેલા જેવો તે સમજી શકતો નહોતો કે કેવી રીતે, શા માટે તે અહી પહોચી ગયો છે, કઈ વસ્તુ તેને અહી ખેંચી લાવી છે .ત્યારબાદ તેને ગાડી તરફનું પોતાનું દરેક ડગલું, ગાડીમાં વીતાવેલી દરેક ક્ષણ એટલા સમીપથી અને સ્પષ્ટપણે દેખાવા લાગતાં કે તેનું હૈયું ચીરાઈ જતું .જે કંઈ પણ તેની સાથે ઘટી ગયું હતું તેમાંથી તે સંપૂર્ણ રીતે બહાર આવી શકતો નહતો અને બહુ વાર સુધી ભાવશૂન્ય ચહેરે શૂન્યમાં તાકતો નિશ્ચલ બેસી રહેતો, ક્યારેક તે એકદમ ઊભો થઇ જતો અને ઉભરાઈ આવતા દર્દને ઓછું કરવા ડગલાં ભરવા લાગતો, તેના ભારે ડગલાંથી ઝૂંપડી કંપકંપી ઊઠતી, તે એક ખૂણેથી બીજા ખૂણા સુધી વિહવળતાપૂર્વક ફરતો તો પણ કોઈ રીતે મન શાંત નહોતું થતું .તેને પોતાની જાતથી

નફરત થવા લાગી, તે સારી રીતે સમજી રહ્યો હતો કે તેના જેવી સ્થિતિમાં ઝંઝાળોથી, ઝઘડાઓથી બચવું અસંભવ હતું.

આ અનુભૂતિ, આ મન:સ્થિતિ અને પોતાના પ્રત્યે આ અણગમો બહું વાર સુધી તેના પર છવાયેલા રહ્યાં.

તાન્યા અત્યંત મૃદુલ અને ચિંતાશીલ, ભાવુક સ્ત્રી હતી .તેને પોતાના મૂંગાપણાથી લેશમાત્ર કષ્ટ નહોતું, તેના મૂંગાપણાએ તેને બળેલા સ્વભાવની નહોતી બનાવી અને લોકોથી ભાગતી પણ નહોતી .જ્યાં સુધી ગુસ્કોવ તેની પાસે રહ્યો ત્યાં સુધીમાં તેણે તેને કદાપિ ઉદાસ કે પછી કોઈ વાતે નાખુશ નહોતી જોઈ .તેનો ચહેરો ખીલેલો નહોતો પણ શાંત અને પ્રમાણિક હતો - કોઇપણ ક્ષણે મરકવા માટે તત્પર .એમ લાગતું હતું કે મૂંગાપણું તેને દંડ સ્વરૂપે નહી પણ વરદાન રૂપે મળ્યું છે .શરૂઅતથી જ ગુસ્કોવ એ અનુભૂતિ મનમાંથી દૂર કરી શકતો નહોતો કે તે તેના વિષયમાં બધું જાણે છે અને તેના પર દયા ખાઈ રહી છે.સાથે સાથે એ પણ અનુભવી રહ્યો હતો કે તે સ્વેચ્છાએ તાન્યા પાસે નથી પહોચ્યો, તેને રસ્તો બતાવનાર, પોતાની આંગળીઓ પર નચાવનાર કોઈ છે, જે તેને અહી ખેંચી લાવ્યું છે .અંતે શા માટે? તેની સહાય માટે કે પછી ધીમે ધીમે તેને ખલાસ કરવા માટે?

કામેથી પાછા ફરીને તાન્યા પોતાની સાથે લાવેલી શીશીઓ અને પેકેટો કાઢીને મૂકી દેતી.પછી ગુસ્કોવની સામે બેસીને કુતુહલ તથા સંતુષ્ટિપૂર્વક તેને ખાતો જોતી બેસી રહેતી .પેટ ભરાઈ જતા તે હળવે હાથે તેનો ખભો થાબડતો, સહજ પ્રેમાળ વર્તનથી પ્રસન્ન અને દ્રવિત થઈ તે તેના હાથ પકડી લેતી અને પોતાના ગાલે અડાડી લેતી, પછી ઈશારાથી કઈ બતાવવા લાગતી પરંતુ તે કઈ સમજી ન શકતો . ભાવાવેશમાં તે ઝડપથી અને ચપળતાપૂર્વક આંગળીઓ વડે અસ્પષ્ટ આકૃતિઓ બનાવવા લાગતી - તે માથું ધુણાવી મોં ફેરવી લેતો .ત્યારે તે તેને શાંત કરવાનો, સમજાવવાનો પ્રયત્ન બંધ કરી દેતી.

સમયની સાથે સાથે છેવટે તાન્યાએ ગુસ્કોવને પોતાના ઘણા બધા ઈશારાઓ સમજવાનું શીખવાડી દીધું .આ સંકેતોનો અર્થ તે જેવી રીતે બાળકોને બોલતા શાખવાડવામાં આવે છે એ જ પ્રેમ અને ધૈર્યપૂર્વક શીખવાડતી .પણ ગુસ્કોવને આ મૂકજ્ઞાન અપ્રિય હતું અને બને ત્યાં સુધી તેનાથી બચવાનો પ્રયત્ન કરતો હતો .અહી વધારે દિવસ રોકવાનો તેનો વિચાર નહોતો .રાતના સમયે જયારે તાન્યા તેની લગોલગ આવવા લાગતી ત્યારે તેને લાગતું કે તેને તેની દબાયેલી અને આવેશભરી ગુસપુસ સંભળાઈ રહી છે - બિલકુલ એ જ શબ્દો, જે આ સ્થિતિમાં બધી સ્ત્રીઓનાં મોંમાંથી નીકળતા હોય છે .તે કુતૂહલથી દંગ રહી જતો, તેને વિશ્વાસ હતો કે તે ભૂલ ખાઈ રહ્યો છે પરંતુ એ દુસ્વિચાર તેનો પીછો છોડી રહ્યો નહોતો કે તાન્યા તે નથી જે દેખાય છે

તે પણ તો હવે બહુ બદલાઈ ગયો હતો, તેને પોતાને ખબર નહોતી તે કોણ હતો .તેનું બધું ઉલટ પુલટ થઇ ગયું હતું, તેનું અસ્તિત્વ જાણે ડામાડોળ થઇ ગયું હતું .નીકળ્યો હતો થોડા સમય માટે, પણ રસ્તામાંજ અટવાઈ ગયો, વિચારતો હતો નાસ્ત્યોના વિષે અને પડયો હતો તાન્યા પાસે .બીજી બધી વાતોનો તો વિચાર સુધ્ધાં ભયાવહ હતો .પોતાના કર્યાનાં ફળ ભોગવવા જ પડશે, પશ્ચાતાપનો તો કોઈ સવાલ જ નહોતો ઊઠતો.

એકાદ મહિનો વીતી ગયાં પછી તો આ સ્થિતિ તેને માટે એકદમ અસહ્ય બની ઊઠી :આગળ, તેણે આગળ વધવું જોઈએ, પછી ભલેને મોત તેની સામે કેમ ન આવી જાય .મોડી સાંજે જયારે તાન્યા હોસ્પિટલમાં સફાઈકામમાં લાગેલી હતી ત્યારે તે તેના ઘરમાંથી ભાગી ગયો .પાછા ફરવાનો હવે કોઈ રસ્તો નહોતો . રસ્તો માત્ર એક જ હતો—ઘર તરફનો.

ઈર્કુસ્તથી આગળ દરેક પ્રકારે સંભાળીને ચાલવું પડ્યું .તેણે ભર દિવસે બહાર ન નીકળવાનો ફેંસલો કર્યો :કોને ખબર કોણ મળી જાય? તે શિકારીઓની ખાલી ઝૂંપડીઓમાં અને ભૂસાના ઢગલામાં બેસી રહેતો, ઠંડીમાં થરથરતો અને ગાળો બકતો બહાર તાકતો રહેતો, દરેક પડછાયાથી બી જતો અને પોતાની જાતને ધિક્કારતો .રાત્રે જયારે ચોમેર નિસ્તબ્ધતા છવાઈ જતી ત્યારે તે પૂરી તાકાત લગાવી દોડવા લાગતો એટલું સારું હતું કે દિવસો ટૂકા હતાં.

છેવટે જન્યુંયારીનાં બીજા પખવાડિયાની એક રાત્રે તે અતામાંનોવ્કા પહોચી ગયો, તે ગામના છેવાડે રોકાઈ ગયો અને થાકેલીપાકેલી નજરોએ ત્યાંથી બંને તરફ ફેલાયેલા બરફાચ્છાદિત ઘરોની સફેદ છતો પર જોતો ઊભો રહ્યો .પોતાના જ ગામમાં આવીને તેના મનમાં કોઇપણ ભાવના ન જાગી - તે કઈ અનુભવ કરવાની સ્થિતિમાં હતો જ નહી થોડીવાર સુધી શૂન્યભાવે ઊભા રહીને તે અંગારા તરફ ઉતરી ગયો., ટેકરાની નીચેથી ગામ તરફ ન જતા તે જામેલી નદી પર થઈને હમામખાના સુધી પહોચી ગયો . પહોચતાની સાથે જ બારણું બંધ કરી તે ફર્શ પર ચત્તાપાટ ફસડાઈ પડ્યો અને બહુવાર સુધી નિશ્ચેત પડ્યો રહ્યો.

સવારે તે મહામુશ્કેલીએ પગ ઢસડતો અંગારાના બીજા કિનારા તરફ આગળ વધી ગયો.તેના ખભા પર સ્કી લાદેલી હતી અને કમરમાં કુહાડી લટકતી હતી.

અન્દ્રેઈ ગુસ્કોવે નદી કિનારે ઊભેલી શિકારીઓની અન્દ્રયેસ્કોવે નામની જૂની ઝૂંપડીમાં આશરો લીધો . તેણે ઘણા દિવસોથી વણસ્પર્શ્યા પડેલા ચૂલાને ઠીક કર્યો, સૈનિકોની પાણીની બોટલમાં ચા ઉકાળી અને ભટકતા ફરવાના આટલા દિવસોમાં પહેલીવાર તેણે પોતાનું શરીર ગરમ કર્યું.અડધા કલાક પછી

અચાનક તેને કંપારી છૂટી, તેણે પોતાનાં હાથપગ તરફ જોયું - તે થરથર કાંપી રહ્યાં હતાં - કાં તો તેને એકદમ તાવ ભરાઈ ગયો હતો કે પછી તેનાં શરીરના સ્નાયુઓ જકડાઈ ગયાં હતાં, કે પછી અવિરત પ્રતીક્ષાની ક્ષણોનાં અંતની અસર હતી .તેનું શરીર જાણે એકદમ ઢીલું પડી ગયું હતું.

ઈર્કુસ્તમાં જ મનમાં વિચારી રહ્યો હતો કે અતામાંનોવ્કા પાસે તે કઈ જગ્યાએ ઠામઠેકાણું શોધશે, તે વખતે જ તેણે આ ઝૂંપડી પસંદ કરી હતી. આનાથી વધારે સારી જગ્યા કોઈ હોઈ જ શકતી નહોતી, પહાડની પાછળ ઊંડી ખાઈમાં હતી આ જગ્યા, જ્યાંથી રાતદિવસ આગ સળગાવવામાં આવે તો પણ ધૂમાડો ઉપર સુધી ઊઠી શકે તેમ નહોતો .એ સિવાય બે ડગલાં જ દૂર નદી હતી .નદી બરફાચ્છાદિતહતી પણ ક્યાંક ક્યાંક પાણીની ટશરો ફૂટતી દેખાતી હતી .જેના કારણે પગની છાપ છોડ્યા વિના અહી સુધી પહોંચી શકાય એમ હતું.

આ વખતે સૌથી પહેલાં આ વિષયમાં જ વિચારવું પડી રહ્યું હતું .બેશક એ વાત સાચી છે કે અંગારાની આ પાર પહેલાં પણ કોઈ ભાગ્યે જ નજરે પડતું હતું અને હવે તો કોઈને તેનો ખ્યાલ સુધ્ધાં નહી હોય., લાઈટમેનો પણ આ ટાપુ આગળ ફરકતા નહોતા .જહાજ નદીની જમણી બાજુની પહોળી શાખા પરથી પસાર થઇ જતા હતાં.

અતામાંનોવ્કાના ખેતરો અને ગોચરો સદીઓથી એ બાજુ વિસ્તરેલા હતાં અને શિકાર હોય કે માછલા પકડવા - બધા ધંધા મળી રહેતા હતાં; જાનવરો, ચીલગોઝા અને બેરીઓ માટે લેના નદી તરફના સ્થાન વધારે સમૃધ્ધ માનવામાં આવતા હતાં, એટલા માટે નદી પર ભાગ્યે જ કોઈ આવતું હતું .ગામની સામેના ટાપુ પર ઘાસની કાપણી જરૂર થતી હતી .અને સાથે સાથે જ બેરીઓ પણ વીણવામાં આવતી હતી .ટાપુનું નામ જ ઘાસવાળોટાપુ પડી ગયું હતું.

જાપાનની લડાઈ થઈ તેના પણ પહેલાં અન્દ્રેઈ સીવીઈ નામનો પ્રવાસી પોતાના બે દીકરાઓ સાથે અતામાંનોવ્કા આવીને વસ્યો હતો .તેણે ધ્યાન પૂર્વક જગ્યા જોઈ અને પારખી, અને પછી ગામવાસીઓને નવાઈ પમાડતાં અંગારાના કિનારા પરની જગ્યા ખેતીવાડી માટે પસંદ કરી . બીજાબધાની જેમ તેણે પોતાનું ઘર ગામમાં જ બનાવ્યું .ખેડવા લાયક અછૂતી ધરતી ખેડવાની શરૂઆત તેણે અહી કરી .તેને ઝાડી-ઝાંખરા વધારે ન ઉખાડવા પડ્યા કારણ કે જંગલમાં કામ લાયક ખુલ્લી જમીન ઘણી હતી.

તેણે બે ઝૂપડીઓ ખાલી કરી દીધી -એક નદી કિનારે ગોચર પાસે અને બીજી એનાથી લગભગ બે કિલોમીટર દૂર ઉંચી પહાડી ઉપર .તેણે ખેતીવાડી શરૂ કરી દીધી, અને તે પણ એવી કે જેની વાત જ

કરવા જેવી નહોતી !ત્યારથી આ જગ્યાને અન્દ્રેઈ સીવીઈનાં નામ પરથી અન્દ્રયેવ્સ્કોયે કહેવામાં આવવા લાગી.

સામૂહિક ખેતરોની સ્થાપનાના સમય સુધીમાં તે મરી ચૂક્યો હતો .તેના દીકરાઓમાંથી એક પહેલાં વિશ્વયુદ્ધમાંથી પાછો ફર્યો નહોતો અને બીજાને કુલક વિરોધી અભિયાન દરમ્યાન સપરિવાર ક્યાંક નિર્વાસિત કરી દેવામાં આવ્યો હતો .આ પ્રમાણે અન્દ્રેઈ સીવીઈનાં મૂળ નવી જગ્યાએ જામી ન શક્યા.

જેવી આશા રાખી શકાતી હતી તે પ્રમાણે સામૂહિક ખેતરોવાળાઓએ તેના ખેતરો તરફ કોઈ ધ્યાન ન આપ્યું .થોડા હેકટર જમીન માટે વસંત, ગરમી અને પાનખરમાં લોકોને કાળી મજૂરી કરવા મોકલવામાં કયો તૂક હતો ? વાવણી-કાપણીના મશીનોને અંગારાની પેલે પાર ખેંચીને લઇ જવાનો શો અર્થ હતો ?

અને હવે અન્દ્રેઈ ગુસ્કોવ કૃતજ્ઞતાપૂર્વક પ્રવાસી અન્દ્રેઈ સિવેઈને યાદ કરી રહ્યો હતો, જેના કારણે તેને દરેક દ્રષ્ટિએ સુવિધાજંનક અને વિશ્વસનીય શરણ મળી ગયું હતું.

જો તેને અહી વધારે દિવસો રહેવું પડ્યું તો નીચલી ઝૂંપડી માત્ર ગરમીઓ આવવા સુધી કામમાં આવી શકતી હતી .ત્યારબાદ ઉપલી ઝૂંપડીમાં કે પછી ક્યાંક બીજે ઠેકાણે ચાલ્યા જવું પડશે - કોને ખબર, અચાનક કોઈ માછીમાર કે કોઈ બીજું આ બાજુ ડોકિયું કરવા આવી પહોચે તો .અને તેણે ફેંસલો કરી લીધો : કાલે જ જઈને ઉપરની ઝૂંપડી જોશે કે તે કઈ સ્થિતિમાં છે .સ્કી તેની પાસે છે જ .થીજેલી નદી પર તે ચઢી જશે અને પછી સ્કી પર ચક્કર લગાવીને બીજી બાજુથી પહોચી જશે .જો જીવવું હોય તો બધી વ્યવસ્થા કરવી જ પડશે, જોવું પડશે કે તેની પાસે શું શું છે, કઈ વસ્તુઓ લઈને તેણે નવું જીવન શરૂ કરવાનું છે .કાશ !તેની પાસે બંદૂક હોત તો....!નાસ્ત્યોનાની પાસે જવું જ પડશે, તે જ તેની મદદ કરી શકશે .એકલા તો તેનું કામ ખલાસ જ સમજો.

શાંતપણે આ બધું વિચારી - સમજીને, અને થોડીવાર પહેલાની ધ્રૂજારીથી શાંત થઈને તેણે ચૂલામાં લાકડા નાખ્યા અને ઓટલા પર પડ્યો અને નિશ્ચિંતપણે ચોવીસ કલાક ઊંઘતો રહ્યો – છેક બીજા દિવસની સવાર સુધી.

પ્રકરણ ૫

સાંજે સરકારી બોન્ડની ખરીદી માટે નામ લખવામાં આવ્યા - પહેલાના વર્ષોની સરખામણીએ આ વખતે ઘણા જલ્દી .નાસ્ત્યોનાએ પૂરા બે હજાર માટે નામ લખાવી દીધું .ગામવાસીઓમાંથી માત્ર ઇન્નોકેંન્તી

ઇવાનોવિચ જ આ રકમ સુધી પહોચી શક્યો હતો .બધાને ખબર હતી કે તેની પાસે પૈસાની કોઈ ખોટ નહોતી તેનું નામ જ ધન્નાશેઠ ઇન્નોર્કેન્તી પડી ગયું હતું .પણ નાસ્ત્યોના ક્યાં ખજાનામાંથી પૈસા લાવશે, તેની તેને પણ ખબર નહોતી .મીખેઈચ માંદો પડી ગયો કે પછી માંદગીનું બહાનું બનાવી ઘેર રહી ગયો હતો અને સભામાં નાસ્ત્યોના ચાલી ગઈ હતી .સભા શેના માટે હતી એ પહેલેથી કહેવામાં નહોતું આવ્યું . ત્યાં જ નાસ્ત્યોનાએ બે હજારનો ધડાકો કર્યો .અધિકારીએ તેની પ્રશંશા કરી, લોકો આશ્ચર્યચકિત રહી ગયાં અને નાસ્ત્યોના પોતે પણ પોતાની હિંમતથી બી ગઈ, પણ છૂટેલું તીર પાછું કેવી રીતે આવે? પીછેહઠ કરવી અસંભવ હતી .અંતરાત્મામાંથી ઊઠતો કોઈ અવાજ નાસ્ત્યોનાને સાંત્વના આપી રહ્યો હતો કે તે બરાબર કરી રહી છે .જો તેના મોંમાંથી આમ નીકળ્યું છે તો તેનો અર્થ એ જ છે કે કોઈ અંત:પ્રેરણાએ જ તેની પાસે કહેવડાવ્યું છે, આ આમ જ નથી બની ગયું .સંભવ છે, તે પોતાના પતિના બદલે બોન્ડ લેવા ઈચ્છતી હોય ......નાસ્ત્યોનાએ પોતે તો એ સમયે એ વિષયમાં વિચાર્યું જ નહોતું, પરંતુ કોઈ બીજું પણ તો નાસ્ત્યોના માટે વિચારી શકતું હતું.

ઘેર પાછા ફરીને જયારે તેણે બોન્ડનો ઉલ્લેખ કર્યો ત્યારે મીખેઈચે તરત જ પૂછ્યું: ”તો તેં કેટલી રકમ લખાવી?”

‘ બે હજાર.”

બાંકડા પર બેઠે;લા મીખેઈચે હાથમાંથી કામ પડતું મૂકી એકદમ માથું ઊંચું કરી અવિશ્વાસભર્યા સ્વરમાં કહ્યું:”તું મજાક તો નથી કરી રહીને મારી સાથે?”

“હું મજાક શા માટે કરું?”

“ ગાંડી તો નથી થઇ ગઈ ને? તારી પાસે આટલી મોટી રકમ છે? ક્યાંક સંતાડી રાખી છે શું?”

“નથી”

“તો પછી તારી અક્કલ ક્યાં ચાલી ગઈ હતી? ક્યાંથી આટલી મોટી રકમ લાવવાનું વિચારે છે?” તેણે ઓટલા તરફ ઈશારો કર્યો, જ્યાં સેમ્યોનોવ્ના સૂતી હતી, “શું અમને વેચીને રકમ ભેગી કરવાનું વિચાર્યું છે? અમને કોઈ સાવ મફતમાં તો નહી જ લે.”

“કહ્યું છે, છેલ્લીવાર જોઈએ છીએ.જીત માટે”

“જીત માટે....”

ઓટલા પરથી સેમ્યોનોવ્નાના બડબડાટનો અવાજ આવ્યો અને તેણે માથું ઊંચું કર્યું:

“શું, શું કહી રહી છે!”

“ કહી રહી છે આપણે બહુ ધનવાન થઇ ગયાં છીએ.બહુ મૂડી ભેગી કરી રાખી છે, એટલે સમજણ નથી પડતી કે ખર્ચ કેવી રીતે કરવો”

નાસ્ત્યોના પડદા પાછળ પોતાના ભાગમાં જતી રહી, જ્યાં તે અને અન્દ્રેઈ સુઈ જતા હતાં અને જ્યાં હજી પણ તેમનો પલંગ પડ્યો હતો નાસ્ત્યોનાને ખબર હતી કે મીખેઈચ ખૂબ ગુસ્સે થઈને પછી ઠંડો પડી જશે . અને સાસુની સમજમાં જયારે આ આખી વાત આવશે ત્યારે તે બડબડાટ કરવાનો શરૂ કરી દેશે .તેનો પારો ઓછામાંઓછા એક મહિના સુધી ચઢેલો રહેશે, કદાચ તેનાથી પણ વધારે .ખેર, એ વાત છોડો ! કોઈને કોઈ રીતે તે આ રકમ ચૂકવી દેશે, કોઈ ને કોઈ રસ્તો વિચારી લેશે .આ સભા પણ કોઈ છેલ્લી તો નહોતી.....અને વળી બોન્ડનાં કારણે જ તો તેને કાલે કાર્દા જવાનો અધિકાર મળી ગયો છે, બે હજારે હુકમના એક્કાનું કામ કર્યું છે .સ્પષ્ટ છે કે એના વિના કશું ન થાત.

તેણેબધું સારી રીતે વિચારી રાખ્યું હતું.એ ભાંપી ગઈ હતી કે સામુહિક ખેતરનો અધ્યક્ષ નેસ્તોર સારા કામથી બહુ ખુશ છે -પૂર્વનિશ્ચિત રાશિ પૂરી થઇ ગઈ - નાસ્ત્યોના એવી રીતે મરકતી તેની પાસે પહોચી જાણે પોતાનો જન્મ દિવસ હોય:

“નેસ્તોર ઈલ્યીચ,” ખુશામત કરવા તેણે પૂરું નામ લઈને આદરપૂર્વક પૂછ્યું ::“ કાલે સાથી અધિકારીને પહોચાડવા કોણ જશે? “

નેસ્તોરે ચાલાકીથી આંખો મીંચકારી અને બૂમ પડી :સાથી, એય સાથી અધિકારી !જુઓ, આ આજની ઉત્સાહી નારી તમારી સાથે કાર્દા સુધી ફરવા આવવા ઈચ્છે છે .તમારો શો વિચાર છે? વાંધો તો નથીને?”

અધિકારી નજીક આવ્યો .તે વિચિત્ર રીતે વાંકો-ચૂકો ,દૂબળો-પાતળો, માથા પર ગુચ્છાદાર વાળ વાળો પુરુષ હતો .નાસ્ત્યોનાની આંખોમાં ઝાંકતા તે ગણગણ્યો :“કયો મરદ વળી વિરોધ કરે આવા સંગાથનો? મને તો આવી આશા પણ નહોતી.”

નેસ્તોરે પોતાનાપણાથી તેનો ખભો થાબડ્યો અને કહ્યું, “ બસ, એને પાછી મોકલવી નાં ભૂલશો,” તેણે

નાસ્ત્યોના તરફ આંખ મીંચકારી," વધારે વાર ન રોકી રાખતાં, આમેય અમારે ત્યાં કોઈ કામ કરનાર નથી." કાલે તેને કાર્દા જવાનું છે એ ખબર હજી મીખેઈચને આપવાની બાકી હતી .પણ સવારે જણાવવું વધારે સારું રહેશે, આજના માટે બે હજારવાળો કિસ્સો પૂરતો છે .હે ભગવાન, હવે આગળ કેવી હશે તેની જિંદગી ? તેમનું શું થશે ? શું થશે ?

....તે રાત્રે, જેના વિષયમાં તેમણે પહેલી મુલાકાતમાં નક્કી કર્યું હતું તેમ, નાસ્ત્યોના અન્દ્રેઈને બંદૂક પહોચાડી આવી .તેણે કારતૂસ પણ શોધી લીધા પણ છરા મીખેઈચ પાસે નહોતા, માંડ બે ત્રણ કારતૂસ જ નીકળ્યા .નિ;સંદેહ આટલા પૂરતા નહોતા .અન્દ્રેઈએ પણ એ જ કહ્યું, પણ ગામમાંથી માંગીને એકઠા કરવામાં તેને બીક લાગી રહી હતી :તરત જ સસરાને કાને વાત પહોચી જશે અને તેના મનમાં શંકા જાગશે .ગામ તો નાનકડું છે અને એમાંય કાલે કોણ કોની પાસે મીઠું લેવા ગયું હતું, કોણે કોની પાસેથી રોટલી ઉધાર લીધી, તેની પણ બધાને ખબર રહે છે .નાસ્ત્યોનાએ મીખઈચથી છૂપી રીતે ભંડારમાંથી દીવાલ પર કપડા નીચે લટકતી બંદૂક ઉતરી લીધી હતી; તેને એની જરૂર પડી તો શું થશે તેની તેને ખબર નહોતી .હાલ પૂરતું એનાં વિષે વિચારવા સુધ્ધાનું મન નહોતું થતું તેનું.

અન્દ્રેઈ આ વખતે હમાંમખાનામાં બિલકુલ બીજા જ સ્વરૂપે દેખાયો હતો .તેણે તેને બીવડાવી નહી, જરા પણ અવાજ થતા તે ચોંક્યો નહી અને ચૂપચાપ, ખોવાયેલો, લૂંટાયેલો-ઘવાયેલો તે બસ બેસી રહ્યો, તે કંઈ બોલી જ ન શક્યો .નાસ્ત્યોનાને તેના પર બહુ દયા આવી, તેનું હૈયું ચિત્કાર કરી ઊઠ્યું .ધીરે ધીરે અન્દ્રેઈએ પોતાનો ભેદ ખોલ્યો, "જેવી તક મળે તેવી મારી પાસે આન્દ્રયેવ્સ્કોય ચાલી આવજે, નીચલી ઝૂપડીમાં .હું ત્યાં જ છું:" કાંપતા અવાજે તેણે વિનંતી કરતાં કહ્યું :"આવી જજે, નાસ્ત્યોના .હું તારી રાહ જોઇશ .પણ એ વાતનું ધ્યાન રાખજે કે કોઈને ગંધ સુધ્ધાં ન આવે."

અધિકારી માટે કાર્કા નામનો સારો ઘોડો આપવામાં આવ્યો, જેના પર નેસ્તોર પોતે સવારી કરતો હતો . નાસ્ત્યોનાએ સ્લેજ તેની સાથે જોતી દીધી, તેમાં ભૂસું ભરી દીધું અને કાર્કાને નેસ્તોરના ઘર તરફ વાળી લીધો, જ્યાં અધિકારીએ રાતવાસો કર્યો હતો .ત્યાં તે લોકો ચા પીવા બેસી રહ્યા હતાં અને આ બાજુ નાસ્ત્યોના ગાડી લઇને જરૂરી સામાન લેવા પોતાના ઘર તરફ નીકળી પડી.

સવારે જયારે બધા જાગ્યા ત્યારે મીખેઈચ ખુશ દેખાતો હતો કે નાસ્ત્યોનાને આ પ્રવાસની તક મળી ગઈ . ઘરમાં ઘાસલેટ ખલાસ થઇ ગયું હતું, મીખેઈચ બે વાર તબેલામાંથી ચોરીછુપી બોટલ ભરી લાવી ચૂક્યો હતો, એક વાર નાસ્ત્યોના લેમ્પ જ લઈને નાદ્કાને ત્યાં ગઈ હતી .દીવાસળી, મીઠું ખરીદવાની પણ જરૂર હતી .સાબુ મળવાની પણ આછીપાતળી આશા હતી, ના જાણે ક્યારથી સાબુ જોયો સુદ્ધાં નહોતો, સન

વીસથી, જયારે હુમલાખોર ગવ્રીલા અફનાસ્વેવિચે દુકાનદાર સેરીફીમાને થીજેલી નદીના ઓગળેલા ખુલ્લાં છેદમાં ડૂબાડી દીધી હતી ત્યારથી અતામાંનોવ્કામાં ખીલ્લી સુધ્ધાં ખરીદવી મુશ્કેલ હતી અને નાની મોટી વસ્તુઓ માટે પણ કાર્દા જવું પડતું હતું.

પણ સૌથી સારી વાત તો એ હતી કે, મીખેઈચે કહ્યું :"વહુ, ત્યાં શિકારની દુકાનમાં દારૂ અને છરા પણ જોઈ લેજે .આમ તો કેટલાય વખતથી બંદૂક હાથમાં લીધી નથી .પણ બધી વ્યવસ્થા રાખવી જોઈએ, કોને ખબર વસંતમાં જંગલી બકરાં જ આંગણામાં ભાગી ન આવે??"

તે કોઠારમાંથી ઘાસલેટ માટે લોખંડનો ડબ્બો કાઢી લાવ્યો અને નાસ્ત્યોનાના પગ પર પોતાનો કૂતરાની ખાલનો કોટ નાંખી દીધો.

"આજે તારી રાહ જોઈએ કે નહી?"

"ખબર નહી.બધું દુકાન પર છે, જેટલું જલ્દી પતાવી લઈશ."

"સારું, આજે નહી તો કાલે," કાલની વાત યાદ કર્યા વિના છેવટે તેનાથી રહેવાયું નહી અને બોલી જ ઊઠ્યો;" કાલે સવારે જ ક્યાંક નીકળી ગઈ હોત તો મારા માથે આ બે હાજારનો ભાર તો ન આવ્યો હોત . આટલી મોટી રકમ લાવવી શું મજાક વાત છે? હેં ? કેમ ચૂપ છે વહુ? ગઈકાલે જ ચૂપ રહી હોત અને જીભને કાબૂમાં રાખી હોત .આજે જે ઈચ્છે તે કહી લે, ખેર !ભગવાન તને સાથ આપે, જા .અરે હા, ત્યાં ગ્રામ સોવીએતમાં પણ જઈ આવજે અને તપાસ કરી આવજે કે અન્દ્રેઈના વિષયમાં કોઈ નવી ખબર છે કે નહી અને ટપાલ જોઈ લેજે, કોણ જાણે કોઈ કાગળ પત્ર હોય." ઓટલા પર બેઠેલી સેમ્યોનોવા કોણ જાણે કેટલી વારથી બબડી રહી હતી.

"હું ક્યારેય પારકા માણસની સાથે ક્યાંય ન જાત .તે પણ આવા વખતમાં .હે ભગવાન !એમને એ જ ખબર નથી પડતી કે કોઈનો હાથ પકડી લેશે તો." જો કે આ શબ્દો સેમ્યોનોવ્ના સ્પષ્ટ બોલી શકતી નહોતી ." તે આખા રસ્તે તેની સાથે જ બેસીને જશે."

" રહેવા દે હવે, ખોટી વાતો ના બનાવ, "મિખેઈચ તેને ચૂપ કરવા લાગ્યો," ચૂપચાપ પડી રહે ને ભઈ, જે જીભ પર આવે છે તે બોલે જાય છે વગર વિચારે .બીએ છે પણ કોના માટે - નાસ્ત્યોના માટે! "

અત્યંત દયાળુ છે મિખેઈચ .જો તે ન હોત તો નાસ્ત્યોનાની આટલા વર્ષોમાં સ્થિતિ તદ્દન ખરાબ થઇ ગઈ હોત .સેમ્યોનોવ્ના તો તેને ઘરમાં બંધ રાખવા તૈયાર રહેતી - ખેતરના અને ઘરનાં કામ સિવાય એકેય

ડગલું બહાર મુકવા દે તેવી નહોતી .જરા વિચારો તો, જયારે આખા ગામમાં એક જ માણસ બચ્યો હોય ત્યારે કોઈ કોને ધુરવાનું હતું, અને તે પણ વાઈનો રોગી નેસ્તોર જેવો - જેને આ માંદગીને કારણે મોરચા પર મોકલવામાં નહોતો આવ્યો અને જેને તેની પત્ની ચાર આંખો અને છ હાથ વડે જકડી રાખતી હતી . મિખેઈચ તો પોતે જાતે જ ઘણીવાર નાસ્યોનાને બારણાં સુધી મૂકી આવતો હતો : જા, જા, વહુદીકરા જા, બધાની સાથે બેસ અને બે ઘડી હસી વાતો ચીતો કરી આવ .તું જુવાન છે, અમારા જેવા ઘરડાઓ સાથે શું કરીશ તું?

અત્યંત દયાળુ છે મિખેઈચ, પણ બહુ જલ્દી જ તેની દયાળુતા છૂ થઇ જશે .પહેલાં તો તેને બંદૂકની ખબર પડશે, પછી એક એક કરીને બીજી વસ્તુઓની .તે શો જવાબ આપશે? ચોરોને માથે થોપવું અસંભવ હતું : બુમરાણ મચી જશે, પૂછતાછ થશે, શોધખોળ થશે, કોઈના ને કોઈના મનમાં એ શંકા જરૂર જાગશે કે માત્ર ગુસ્કોવનાં ઘરમાં જ શા માટે ચોરી થઇ ? ક્યાંક કોઈ પોતાનું જ માણસ તો આસપાસ નથી જે જાણીબુઝીને પોતાની વસ્તુઓ લઈ જઈ રહ્યો છે ? અન્દ્રેઈએ પોતાના વિષે બાપુ સુધ્ધાને જરા સરખો પણ અણસારો ન આવવા દેવા કહ્યું છે .હવે તે બિચારી જે ઈચ્છે તે સફાઈ આપે .હમણાં થોડા દિવસ પહેલા જ સેમ્યોનોવ્નાને એ રોટી ગુમ થયાની ખબર પડી ગઈ હતી, જે નાસ્ત્યોના અન્દ્રેઈને બીજી મુલાકાત વખતે આપી આવી હતી .તેને બહાનું કાઢવું પડ્યું હતું કે નાદ્કા ઉધાર લઇ ગઈ છે .પણ આગળ શું થશે ?

એટલા માટે નાસ્યોનાને કાર્દા જવાની અત્યંત જરૂર હતી .એક પોટલીમાં તે ઊનનું સ્વેટર લઈ જઈ રહી હતી અને જો સ્વેટર ન વેચાય તો ઓરેન્બુર્ગની શાલ વેચવા માટે લઈ જઈ રહી હતી, જે અન્દ્રેઈએ તેને લગ્નનાં પહેલા વર્ષે ભેટ આપી હતી .આ વેચીને તે લોટ લઈ આવવા વિચારી રહી હતી .ડોલ ભરીને બટાકા તો તેણે અન્દ્રેઈને આપી દીધા હતાં, પરંતુ ઘરમાંથી લોટ કાઢવામાં તેને બીક લાગતી હતી કારણ કે કોથળામાં માંડ બે વાર ગુંદવા જેટલો લોટ વધ્યો હતો .તેના માણસ પાસે લોટ હશે તો થોડી સરળતા રહેશે : રોટી બનાવી લેશે અને પોતાની વસ્તુઓની અદલા બદલી તે મારિયાના નામ પર જ કરશે , જે યુંધ્ધપીડિત ક્ષેત્રમાંથી તેમનાં ગામમાં આવી વસી છે .કાર્દા મોટું ગામ છે, ત્યાં કોઇપણ વાતને પડદામાં રાખવી સહેલી છે .આમેય નાસ્ત્યોનાએ આ સ્વેટર કોઈ વસ્તુના બદલામાં જ લીધું હતું, એટલે સાચા-જુઠ્ઠાનો સવાલ નહી આવે .આખા કાર્દાને ખબર છે કે મારીયા યુદ્ધકાળમાં પોતાનું અને પોતાના બાળકોનું ગુજરાન કપડાં વેચીને જ કરતી રહી હતી.

ગામમાંથી તેઓ ઘણા મોડા નીકળ્યા, છેક વહેલી પરોઢે, જયારે હજી સુરજ નીકળ્યો જ હતો ત્યારે . જાન્યુઆરીનાં તુષાર પહેલાં જ પોતાનો ખેલ દેખાડી પાછળ છૂટી ગયાં હતાં, સવાર ઠંડી હતી પણ ઉઘાડ

અને ગરમાવાનો સંકેત આપી રહી હતી .લાગતું હતું કે દિવસમાં હજી વધારે ગરમી પડશે .કાર્કાએ ગામથી જ વેગ પકડી લીધો હતો અને દબડક દબડક દોડતો રહ્યો, સ્લેજ ગાડી બરફ પર સર સર કરતી એકધારી સરકી રહી હતી, બરફાચ્છાદિત ખેતરોમાંથી ધુંદ ઊઠી રહી હતી, ક્ષિતિજ પર જાણે તેના સફેદ પટ્ટા નજરે પડી રહ્યા હતાં .ખરેલા પાંદડાવાળા વૃક્ષો પર મૌન કાગડાઓ બેઠા હતાં અને પાંખો સાફ કરી રહ્યાં હતાં .વાતાવરણમાં થોડી ઉષ્ણતાભરી ઉન્મુક્તતા તથા ઉન્માદ હતાં .વસંત ઋતુ હજી ઘણી દૂર હતી પરંતુ અત્યારથી પોતાના આગમનની અગમચેતી આપી રહી હતી.

નાસ્યોનાએ ચામડાનો કોટ અધિકારીના પગ તરફ ફેંકી દીધો અને પોતે સામેની બાજુ મોં કરી, ગાડીની આગળની જગ્યા પર ઘુટણભેર બેસી ગઈ .ઘોડાની નાળોથી ઉડતો બરફ નાસ્ત્યોના ના ચહેરા સાથે અથડાઈ રહ્યો હતો .તેની આંખો ભીંચાઈ જતી હતી, પરંતુ મોં ફેરવી નહોતી રહી .પવન વેગે જઈ રહેલી આ સવારી, જાણે તેના માટે જ વિશેષ રૂપે પ્રગટ થયેલ વસંતનાં સ્પર્શયુક્ત દિવસ નાસ્ત્યોનાના મનમાં ઉત્તેજના, અધીરાઈ અને બધાથી પ્રતિકુળ, પોતાની ઈચ્છા વિરુદ્ધ કંઈક કરવાની અદમ્ય ઈચ્છાને જન્મ આપી રહ્યાં હતાં .બહુ થઇ ગયું, નાસ્ત્યોના --ઘણા દિવસો સુધી ગોંધાઈને બેસી રહી, હવે આગળ વધ ! ડર નહી, નાસ્ત્યોના ,આગળ વધ !તારી ખુશી હવે વિશેષ પ્રકારની હોવી જોઈએ, તારું દુ:ખ બીજાઓથી દૂર હોવું જોઈએ, તું ડર નહી : ઘોડા દોડવ, હજી વધારે વેગે દોડાવ, પાછળ ફરીને ન જો .અધિકારી વારંવાર વાતચીત શરૂ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, તે અનિચ્છાપૂર્વક જવાબ આપી દેતી હતી .આવા પણ મર્દ હોય છે :દેખાવમાં બિલકુલ બીજાઓ જેવા, તેમ છતાં પણ મર્દ નહી, માત્ર મર્દ હોવાનો ઢોંગ જ . આ પણ એવો જ છે -આ તો બસ સ્ત્રીઓએ ખરીદેલા બોન્ડો પર માત્ર સહી કરાવવાને લાયક જ છે .બોલે છે તો જાણે રડમસ થઇ બોલતો હોય એમ લાગે છે અને ચહેરો તો જાણે ધૂળથી ખરડાયેલો હતો – જાણે કેટલાય દિવસોથી નાહ્યો ન હોય.

ખેતરો પાછળ રહી ગયાં, નદી પાર થઇ ગઈ અને બંને બાજુ સદીઓ જુનું ફરનું વન વિસ્તરેલું હતું .અહીં નિસ્તબ્ધતા અને નિર્જીવતા હતાં, ન તો હવા હતી, ન તો કોઈ અવાજ હતો, માત્ર કાર્કાની ટાપોનો અવાજ સંભાળતો હતો, ક્યારેક ક્યારેક શાખાઓ પરથી બરફ ખરી પડતો હતો, રસ્તા પરના વૃક્ષોના અણીયારા શિખરો ધીમે ધીમે હાલી ઉઠતા હતાં, જીવનના બસ આ જ ચિહ્નો હતાં.

આ જ જગ્યાએ અચાનક અધિકારીએ હિમ્મત બતાવી .અત્યાર સુધી તે ચુપચાપ બેસી રહ્યો હતો .હવે એકદમ જાણે પાછળથી નાસ્ત્યોનાના પગ જકડીને તેને પોતાના પર પટકી દીધી અને ઘુરકી ઊઠ્યો . નાસ્ત્યોનાએ સ્ફૂર્તિથી તેના કબજામાંથી છૂટી તેને ગાડીમાંથી બરફ પર ધકેલી દીધો-તેને પોતાને આશ્ચર્ય થયું કે તેનામાં આવી તાકાત આવી ક્યાંથી !.કાર્કા પણ બી ગયો અને વેગથી દોડવા લાગ્યો,

નાસ્ત્યોનાએ તેને રોક્યો નહી - અધિકારી ભલે પાછળ દોડતો આવે અને પોતાનો જોશ ઠંડો પાડી લે .. સાડા ત્રણ વર્ષથી તે એકલી જીવતી રહી હતી, પરંતુ આવો માણસ તેણે આજસુધી જોયો નહોતો .અને હવે તો તેનો પતિ પણ પાછો આવી ગયો હતો, તેની સામે એનો શો મુકાબલો.

અધિકારી દોડતો - હાંફતો ગાડી પાસે આવી ગયો .તેની અક્કલ હજી ઠેકાણે આવી નહોતી, નાસ્ત્યોનાના પ્રતિરોધને ખેલ સમજી તે ફરીથી તેની તરફ લપક્યો .આ વખતે નાસ્ત્યોનાને તેને ઠેકાણે બેસાડવો પડ્યો .તેણે આંખો મીંચકારી અને તે શાંત થઇ ગયો .અડધા કલાક પછી તે તદ્દન બદલાઈ ગયો અને પોતાની પત્નીની ડીંગો હાંકવા લાગ્યો અને બાળકો વિષે વાતો કરવા લાગ્યો .નાસ્ત્યોનાએ ચેનનો શ્વાસ લીધો - અક્કલ પરથી પડદો હટી ગયો છેવટે - અને કાર્કાને ઝડપથી હાંકવા લાગી.

તેઓ અંધારું થતા પહેલા જ કાર્દા પહોચી ગયાં, સદનસીબે દુકાન ખુલ્લી હતી. વધારે સારી વાત એ હતી કે ઘાસતેલ પણ મળતું હતું અને કારતૂસ પણ - મીખેઈચની મુખ્ય વસ્તુ .તેના મગજમાં સસરા માટે બહાનું આવી ગયું :પહેલાં દિવસે ઘાસતેલ નહોતું, તેના આવવાની રાહ જોતી રહી .આ કારણ સાથે સહમત ન થવું સંભવ નહોતું .નાસ્ત્યોનાને સાબુના દર્શન ક્યાંય ન થયા, પણ દિવાસળી અને મીઠું તેણે ખરીદી લીધાં .ધ્યાનથી જોતા એને મીણબત્તી નજરે પડી ગઈ અને તેણે પાંચ ખરીદી લીધી .તે ક્યાંથી, કયા દેવળમાંથી પ્રાર્થના કરી અહી આવી પહોંચી હતી - તે તો કોણ જાણે, નાસ્ત્યોનાને યાદ પણ નહોતું આવતું કે અહીંની દુકાનોમાં કદી મીણબત્તી દેખાઈ હોય, પણ અત્યારે આ જૂની, કાળી પડેલી, વાંકીચૂકી મીણબત્તીઓ પોતાના ખરીદારની રાહ જોઈ રહી હતી .ત્રણ તે ઘેર લઇ જશે અને બે અન્દ્રેઈ માટે રહેવા દેશે---

સાચું જ કહેવાય છે કે જો નસીબ સાથ આપે છે તો છેક અંત સુધી .સાંજે નાસ્ત્યોનાએ ખૂબ સહેલાઈથી સ્વેટરના બદલામાં વીસ પાઉન્ડ લોટ લઇ લીધો, શાલ બતાવવાની જરૂર પણ ન પડી .તેનાથી તે એટલી તો ખુશ થઇ ગઈ કે રાત્રે જ પાછા ફરવા માટે તૈયાર થઇ ગઈ, પણ પછી વિચાર બદલી રોકાઈ ગઈ .રાત્રે તે સારી રીતે ઊંઘી ન શકી .દીવાલની પેલે પારથી તેને કાર્કાના ઘાસ ચાવવાનો અવાજ સંભળાઈ રહ્યો હતો, શરીર ઝાટકી રહ્યો હતો, અને પગ પટકી રહ્યો હતો તેના અવાજ પણ સંભળાતા હતાં .તે બહુવાર સુધી પડખા બદલતી રહી, પછી ધીમેથી ઊભી થઇ અને કાર્કાને જોત્યો .કોઈ જાણીતાને ત્યાં રોકાઈ છે એ વાત ધ્યાનમાં રાખી જરા પણ અવાજ કર્યા વિના ઘોડા માટે સ્લેજ્ગાડીમાં એક દિવસનું ખાવાનું ભૂસું નાખી નીકળી પડી.એકેય કુતરું સુધ્ધાં તેની પાછળ ન ભસ્યું, નિંદ્રાધીન ગામમાંથી એકપણ અવાજ સંભળાતો નહોતો.

છેલ્લા મકાનો પછી નાસ્ત્યોનાએ ઘોડાને જમણી બાજુ, અંગારા તરફ વાળી દીધો .કાર્કા પળવાર મૂંઝાઈને રોકાઈ ગયો - ઘરનો રસ્તો તો સીધો જતો હતો .નાસ્ત્યોનાએ ગુસ્સાથી ચાબુક મારી દીધી . ગઈકાલની જેમ ફરીથી તેના પર અધીરાઈ હાવી થવા લાગી, તેના કારણે તેનું શરીર તાવમાં તપી રહ્યું હોય તેમ કંપકંપી રહ્યું હતું, તે સ્લેજ્ગાડીમાંથી કૂદીને કાર્કાથી આગળ દોડી જવા ઉતાવળી થતી હતી . ઝડપથી, હજી વધારે ઝડપથી !તેને ખબર હતી કે અંગારા પર ઘોડાને દોડાવવો ઉચિત નથી :કોઈ પણ બરફની તિરાડમાં ફસાઈ ગયો તો બસ પતી ગયું, તેમ છતાં તે ઘોડાને ભગાડતી રહી .કોઈ જોઈ ન લે તે માટે તે અંધારામાં જ રીબ્ન્યાયા પાર કરવાની ઉતાવળ કરી રહી હતી, તેનું હ્રદય અત્યંત જોર જોરથી ધડકી રહ્યું હતું , ઉતાવળથી બેબાકળી બની રહી હતી, ચાબુક ઘુમાવી રહી હતી અને કોઈ અસ્પષ્ટ શબ્દ મોટે મોટેથી બોલી રહી હતી, જલ્દી, જલ્દી દોડ, હજી ઝડપથી......

બધું જ કઈક ઝડપથી થઈ ગયું -જે છે અને જે થવાનું છે .રીબ્નાયા પાછળ રહી ગયાં પછી જ તેણે કાર્કાની ચાલ જરા ધીમી કરી અને લગામ ઢીલી છોડી દીધી .હવે વધારે દૂર નથી .તેનો બધો તાવ જાણે એકદમ છુમંતર થઇ ગયો અને માનસપટલ પર રિક્તતા છવાઈ ગઈ .હૈયામાં ક્યાંક કડવાશ અનુભવી રહી હતી, કઈક ગૂંગળામણ અનુભવતી હતી, જાણે તેણે ધુમાડો ગળી ન લીધો હોય !પણ આનું કારણ શું હતું તે એ પોતે કળી શકતી નહોતી.

જેમ જેમ રાત ધૂંધળી થતી જતી હતી તેમ તેમ એ સમજી ગઈ હતી કે પો ફાટવાની વાર નહોતી.

જતાં જતાં તે વિચારી રહી હતી :લે નાસ્ત્યોના, તું જુઠ્ઠું બોલતાં પણ શીખી ગઈ અને ચોરી કરતા પણ .આ તો હજી શરૂઆત છે, નાસ્ત્યોના, આગળ આગળ તારી સાથે શું શું થશે? તે છતાં તે પોતાની જાતને દોષી નહોતી અનુભવી રહી હતી, તેને સ્વીકારી રહી નહોતી .બસ આંખના ખૂણેથી ઝાંકવા ઈચ્છતી હતી કે આ બધાંની ઇતિ અને અંત શું હશે.

જયારે તેણે કાર્કાને રોક્યો ત્યારે અજવાળું થઇ ગયું હતું, તેની લગામ પકડીને તે તેને નદીના ઓગળેલા જેવા બરફ પર કિનારેથી દેખાતી તિરાડની તરફ લઈ ગઈ.

પ્રકરણ ૬

“હા, તો પછી કેમ છે! ” નાસ્ત્યોનાએ કહ્યું અને સૂચક રીતે હસી.

તે અચાનક અન્દ્રેઈ પાસે પહોંચી ગઈ, અન્દ્રેઈને સંભળાયું જ નહી કે ક્યારે તેની ગાડી પાસે આવી ગઈ,

કેવી રીતે તે ઘોડાને જલ્દી જલ્દી ગાડી સાથે બાંધી નદી પર જ છોડી આવી હતી, કેવી રીતે ધીમે ધીમે ઝુંપડી પાસે આવી પહોચી હતી .તે ઘેટાની ખાલના કોટને માથા પર નાંખી ઊંઘી રહ્યો હતો અને જયારે નાસ્ત્યોનાએ બારણું ખોલ્યું તો જાણે કોઈ ધમાકાનાં અવાજે તેને જગાડી દીધો હોય તેમ તે સફાળો ઊઠી ગયો .અસ્તવ્યસ્ત એવો તે અવાક અને સ્તબ્ધ બની નાસ્ત્યોના સામે ઊભો હતો .તેને હજી વિશ્વાસ નહોતો થતો કે આ નાસ્ત્યોનાજ તેની સામે ઊભી છે.એકદમ આવી અણધારી મુલાકાતથી તે તેની સામે આમ બી ગયો હતો.

થોડી કળ વળતા અંતે તેને નાસ્ત્યોના સારી રીતે જોઈ શકી :એ જ બેડોળ, જરા જમણી બાજુ વળેલું શરીર, એ જ પહોળો, એશિયાવાસી જેવો, ચપટા નાંકવાળો , સપાટ, કાળી ધુન્ધળાળી દાઢીવાળો ચહેરો . ઊંડી ઉતરી ગયેલી આંખો જાણે પડકાર આપતી દ્રઢતાથી જોઈ રહી હતી, ગળાનો અણીયાળો હયડો કાંઠલાની જેમ આગળ પાછળ ડોલી રહ્યો હતો .તે દુબળો થઇ ગયો હતો .ગાલ અંદર ધસી ગયાં હતાં, શરીર જાણે સંકોચાઈ ગયું હતું - પણ શક્તિ અને દ્રઢતા હજી શેષ બચ્યા હતાં .જોતા એમ લાગતું હતું કે અડતાની સાથે જ તે આઘાતથી કંપકંપી ઊઠશે અને એકદમ સીધો ટટ્ટાર થઇ જશે .તે નાસ્ત્યોનાનો જ છે -ચિરપરિચિત અને સૌથી નજીકનો, તેમ છતાં પણ કેટલો અજાણ્યો અને રહસ્યમય .આ એ અન્દ્રેઈ નહોતો, જેની સાથે તેને હંમેશા એ ખબર રહેતી હતી કે તે શું કહેશે, શું પૂછશે, આ એ અન્દ્રેઈ નહોતો જેને તેણે સાડા ત્રણ વર્ષ પહેલાં વિદાય કર્યો હતો.

“ આ લો,” વિનમ્ર મરકાટસાથે તેણે ફરીથી કહેવાનું શરૂ કર્યું, “ જોવા ચાલી આવી, તું કેવી રીતે રહે છે . ડર નહી .રસ્તામાં કોઈએ મને જોઈ નથી .તું અહી ઊંઘતો હતો ત્યારે જ હું આજે કાર્દાથી આવી ગઈ .તારા માટે કંઈ લાવી છું, ખરાબ સમયમાં કામમાં આવશે.”

“મારાં માટે તો હવે બધા દિવસ ખરાબ દિવસો છે,” પહેલીવાર તેણે જવાબ આપ્યો.

તેણે રૂવાળું પેન્ટ અને ઊનના મોજા પહેરેલા હતાં .નાસ્ત્યોનાની નજર હમણાં જ તેના ઠંડીથી ખરડાયેલા ગાલ પર પડી, ત્યાં એક ધબ્બાં જેવું દેખાતું હતું .અન્દ્રેઈ જાણે ધીરે ધીરે હોશમાં આવ્યો :તેણે ગરમ જૂતામાં પોતાના પગ નાખ્યા, ચૂલામાં લાકડા નાંખ્યા .નાસ્ત્યોના બારણા તરફ ડગલું ભરવામાં જ હતી કે તેણે તેને રોકી લીધી: “તું ક્યાં ચાલી?”

“પોતાની વસ્તુઓ ગાડીમાંથી લઇ આવું, બહાર શા માટે પડી રહેવા દેવી.”

“હમણાં સાથે જ જઈએ.”

તેમણે ગાડીમાં માત્ર ઘાસલેટનો ડબ્બો રહેવા દીધો, બીજી બધી વસ્તુઓ લઇ અંદર આવ્યા .પછી તેમણે કાર્કાને નદીની ઉપરની બાજુ વળાંકની પાછળ લઈ જઈ તેનું જીન છોડ્યું અને ચારા પાસે છોડી આવ્યા . આ બધું કરતી વખતે તેમનો વર્તાવ અજાણ્યા જેવો જ હતો, તેઓ માત્ર અત્યંત જરૂરી શબ્દો જેવા કે “લે”, “આપ” નો જ ઉપયોગ કરી રહ્યાં હતાં .હજી પણ નાસ્ત્યોનાની સમજમાં એ નહોતું આવી રહ્યું કે તે કેવી રીતે તેની સાથે વાત શરૂ કરે અને શું કહે .અન્દ્રેઈ કાં તો પહેલાંની જેમ પોતાનામાં જ ખોવાયેલો રહેતો હતો અને એટલા માટે ચિઢાઈ રહ્યો હતો, કાં તો એ બંનેને જોડનારા સૂત્રોમાં ખેંચાણ આપવામાં ખમચાઈ રહ્યો હતો, જે આટલા વર્ષોમાં ખબર નહી બંધાયેલા રહી શક્યાં હતાં કે નહી.

જેટલી વારમાં તેઓ ઘોડાની ગોઠવણ કરીને પાછા ફર્યા તેટલી વારમાં ઝૂપડીમાં એટલી ગરમી થઇ ગઈ હતી કે નાસ્ત્યોનાને ગરમ કપડા ઉતારવા પડ્યા .તે ફરની ડાળીઓથી બનેલા આસન પર બેસી ગઈ અને તરત ઊભી થઇ ગઈ - ના, કંઈકને કંઈક કરવું જરૂરી હતું, કોઈને કોઈ રીતે તેને અને પોતાને દિલાસો આપવો જરૂરી હતો, બંનેને જોડનારી કોઈ ને કોઈ સહજ કડી શોધવાની જરૂર હતી .બારણાં પાસે મૂકેલ વસ્તુઓના ઢગલામાંથી લોટનો થેલો કાઢતા નાસ્ત્યોનાએ કહ્યું: “જો, કાર્દાથી તારા માટે લોટ લઈ આવી છું.રોટલી બનાવી લે જે.”

તેણે જવાબમાં માત્ર માથું ધુણાવી દીધું.

“આ થઇ શું રહ્યું છે?” નાસ્ત્યોના ગુસ્સે થઈ ગઈ, “શા માટે તું આવી રીતે મને મળી રહ્યો છે ? એક શબ્દ પણ નથી બોલી રહ્યો અને હું, રાતનાં ઘોર અંધકારમાં બેબાકળી જેવી તારી પાસે આવી છું .વિચાર્યું હતું ખુશ થઇ જશે તે .શું હું પાછી ચાલી જાઉં ?”

"નહી જવા દઉં! ”

જે દ્રઢતા, ક્રોધ તથા નિશ્ચય સાથે તેણે આ કહ્યું હતું તેના પરથી નાસ્ત્યોના સમજી ગઈ કે તે જવા નહી દે, કોઇપણ સ્થિતિમાં નહી જવા દે .તે તેની નજીક આવી ગઈ અને તેણે ધીમે હાથે ફંફોસતા અન્દ્રેઈનાં માથે સ્પર્શ કર્યો.

તેણે પોતાનો પીળો પડી ગયેલો ચહેરો તેની તરફ ફેરવીને કહ્યું: "તું શું એમ વિચારે છે કે હું ખુશ નથી? હું ખુશ છુ , નાસ્ત્યોના, હું ખૂબ ખુશ છું !પણ મારી ખુશી તો હવે એવી છે ને :તેને એ જાણવાની જરૂર છે કે તે જોઈએ છે કે નહી, તેને બતાવી શકાય એમ છે પણ કે નહી! "

નાસ્ત્યોનાએ તેની છાતી પર પોતાનું માથું ઢાળી દીધું: "હે ભગવાન ! તું શું કરી રહ્યો છે ? હું તારા માટે પારકી થોડી છું .આપણે ચાર વરસ સાથે રહ્યાં છીએ, તે ભૂલી ગયો?"

તેણે થોડીવાર સુધી તેના હાથ પકડી રાખ્યા, પછી જવાબ આપ્યા વિના છોડી દીધા .પણ નાસ્ત્યોના સ્પષ્ટપણે જોઈ રહી હતી કે અન્દ્રેઈ તેની તરફ ખેંચાઈ રહ્યો છે, પીગળવા લાગ્યો છે, તેનું માથું એક બાજુ ઝૂકીને ડાબા ખભા પર ટકી ગયું .આ એકમાત્ર નાસ્ત્યોનાને જ જ્ઞાત સંકેત હતો .આ સંકેતથી તે તેની મનસ્થિતિ જાણી લેતી હતી : જો માથું એક તરફ ઝુકી ગયું તો નાસ્ત્યોના જે કઈ ઈચ્છે તે બોલે , હસે, મસ્તી કરે - બધું માફ કરી દેશે, એટલું જ નહિ તે તેને પ્રોત્સાહન પણ આપશે, રમતમાં જોડાઈ તેને વધારે હેરાન કરશે અને પછી શાંત થશે, પણ અનિચ્છાથી અને તે પણ બહુવારમાં .ના, પહેલાવાળા અન્દ્રેઈનું એનામાં ચોક્કસ કંઈક ને કંઈક બાકી રહી ગયું છે .તે તેની તરફ દબાયેલા, અધૂરાં અનુમોદન અને પ્રતિક્રિયા ઇચ્છતા સ્મિત સાથે હસી પડી અને બોલી: "મેં આજે પહેલી વાર જ તને સારી રીતે જોયો છે . આ વધેલી દાઢીમાં કેવો વિચિત્ર લાગે છે."

"કેમ , વિચિત્ર શા માટે?"

"કંઈક એવી રીતે... "તે હસી પડી અને તરત જ હાસ્ય રોકી પોતાના હોઠ કરડી લીધા," ખંધાઈપૂર્વક .હું હમામખાનામાં સમજી જ નહોતી શકી કે મારી સાથે કોણ છે - તું કે પછી કોઈ બદમાશ?" વિચાર્યું કે પોતાના પતિ માટે પોતાની જાતને બચાવતી રહી અને આ લો, કોઈ ભૂતના વશમાં આવી ગઈ."

"તો કેવું લાગ્યું આ ભૂત ?"

"ઠીક છે , પણ મારો મરદ વધારે સારો છે."

"ચાલાક છે તું પણ . કોઈને નારાજ ન કર્યા .આવતી વખતે અસ્તરો લઈ આવજે . હું આ ગુચ્છાદાર વાળ સાફ કરી નાખીશ. '

"કેમ?"

"એટલા માટે કે તને કોઈ બદમાશ જેવો ના દેખાઉં," તેણે કહી તો દીધું તરત, પણ એ જ ક્ષણે વિચારમાં પડી ગયો, "ના, ના, દાઢી સાફ નહિ કરૂ .ભલે એ એમની એમ જ રહે , એનાથી પોતાની જાતને છુપાવી શકીશ .બદમાશ જેવો લાગુ એ જ વધારે સારું છે.

"હે ભગવાન ! પોતાના પતિને ખવડાવવું જ ભૂલી ગઈ," નાસ્ત્યોનાને એકદમ યાદ આવ્યું, "આવીને બેસી ગઈ વાતો કરવા! " ઉતાવળમાં એટલી તો ખુશીથી નાચી ઊઠી કે તેઓ એકબીજાને બે શબ્દો પણ કહી ન શક્યા; "વાહ મારી પત્ની !બસ એટલી જ વાત છે : ઘણા દિવસથી કોઈએ ખબર નથી લીધી." તેણે ધ્યાનથી તેની તરફ જોયું અને ખભા ચડાવ્યા: "કહે છે કોઈએ ખબર ના લીધી ?"

"બીજું શું ?"

"મન થાય છે શું ?"

"કોઈ અક્કલ આપનારું જ નહોતું .ખેર, બેસ, હું હમણાં...."

"ચા જ બનાવી દેત ," અન્દ્રેઈને યાદ આવ્યું.

"તો બનાવી દે ને .શા માટે ઊભો છે ? શું અહી પાણી નથી ?"

ભલે થોડીવાર માટે જ હોય , પણ પોતાને માલિકણ અનુભવી હુકમ બજાવવાનું નાસ્ત્યોનાને સારું લાગી રહ્યું હતું .કેટલી ઓછી વાર આવું બન્યું હતું, કોણ જાણે ભવિષ્યમાં બનશે પણ કે નહિ ? તેણે અન્દ્રેઈ પાસે ચૂલામાં લાકડા નંખાવડાવ્યા અને નદીએથી પાણી લાવવા મોકલ્યો .પછી પોટલી ખોલી રાયની રોટી અને મીઠાવાળો માંસનો ટૂકડો કાઢ્યા .પાનખરની શરૂઆતમાં જ સેમ્યોનોવ્નાએ અન્દ્રેઈ માટે એ ડુક્કરની ચરબી સંભાળીને રાખી હતી, જયારે તેના રજા પર આવવવાની રાહ જોવાઈ રહી હતી .રજાનું ઠેકાણું તો કઈ પડ્યું નહીં, પરંતુ આ મુલાકાત માટે તૈયાર કરેલી વસ્તુઓને કોઈ અંધવિશ્વાસ ભર્યા અપશુકનની આશંકાથી સ્પર્શવામાં પણ ન આવી : રાહ જોવા માટે રાખેલી વસ્તુઓને કામમાં લેવાથી મેળાપ નહિ થાય . એકાદ મહિના પહેલા નાસ્ત્યોનાએ આ ચરબી જોઈ હતી - તેને કપડાના ચીંથરામાં વીંટી કોટડીના પાટિયા પર દૂરનાં ખૂણામાં રાખવામાં આવી હતી .કાલે તેણે તેમાંથી અડધી કાપી લીધી હતી .જેના માટે સંભાળીને રાખી હતી તેના જ કામમાં આવશે .એ જ પ્રમાણે ક્યાંક ધૂળ જામેલી બોતલમાં દારૂ રાખ્યો હશે અને એ પણ જાણે અન્દ્રેઈના ઘરે પાછા ફરવાની રાહ જોઈ રહ્યો હતો.

યુદ્ધ પહેલા નાસ્ત્યોનાએ એકવાર સિનેમામાં જોયું હતું કે) આ ચમત્કાર તેણે કુલ મળીને માત્ર ત્રણ વખત જોવા મળ્યો હતો (કેવી રીતે એક શહેરની સ્ત્રી , જેની સમજમાં એ નહોતું આવતું કે કેવી રીતે તે એ પુરૂષને ખુશ કરે, જેને તે ગાંડાની જેમ પ્રેમ કરતી હતી, તેને બાળકની જેમ પોતાના હાથે ખવડાવતી હતી .આ વખતે આ વાત યાદ આવતા જ નાસ્ત્યોનાએ પણ ન જાણે કઈ ધૂનમાં આવીને અન્દ્રેઈના મોંમાં ચરબીનો ટૂકડો મૂકવા ઈચ્છયું, પણ તેણે એમ ન કરવા દીધું .તેણે પોતાના પર શરમ પણ અનુભવી અને આનંદ પણ, જાણે તેનો બધો સંકોચ એકદમ દૂર થઇ ગયો હોય . ચા પણ તેમને એક જ વાસણમાં – સૈનિકોની જેમ એક જ ટમરલમાં - એકબીજાને આપતા પીવી પડી .નાસ્ત્યોના ખબર નહિ કેમ આ વાતથી થોડી ઉદ્વિગ્ન હતી.

અહી બધું જ નાસ્ત્યોનાને ઉદ્વિગ્ન કરનારું અને બીવડાવનારુ હતું - ગંદી પડેલી નિર્જીવ ઝૂંપડી – જેની ફર્શ ઉંધા ચત્તા પાટિયાની બનેલી હતી, છતનું પાટિયું વાંકુ સડેલું હતું, દીવાલો કાળી પડી ગયેલી હતી, જેના પર ક્યાંક ક્યાંક કરોળીયાના જાળાં લટકી રહ્યા હતાં .બારીની બહાર ચળકતો, સ્વચ્છ હિમ - જે મોટા મોટા ઢગલાઓમાં પહાડી પરથી જાણે લપસતો હોય તેમ વિસ્તેરેલો હતો; પાસે બેઠેલો અન્દ્રેઈ - જે દિવસના પ્રકાશમાં ઓળખી લીધા પછી પણ નજીક નહોતો આવ્યો, તે પોતે પણ ખબર નહિ કેમ અને કેવી રીતે આ દૂરસુદૂર વિસરાઈ ગયેલા ખૂણામાં આવી પહોચી હતી .વિચારોમાંથી પળવાર માટે બહાર આવતા તેણે અન્દ્રેઈને સાશ્ચર્ય પોતાની સામે બેઠેલો જોયો, ત્યારે તેને એ અહી શા માટે આવી હતી તે યાદ કરવા બહુ જોર લગાડવું પડતું .માત્ર ત્યારે જ બધા વિચાર અદ્રશ્ય થઇ જતા પણ કમજોર અને અસ્થિર થઈને .એટલા માટે આ સ્થિતિને એકધારી જાળવી રાખવી જરૂરી હતી, જેથી આ બધું ફરીથી ક્યાંક આંખોથી ઓઝલ ના થઇ જાય, ખોવાઈ ન જાય - જે આટલું અવાસ્તવિક, કલ્પિત કે સ્વપ્નમય પ્રતીત થઇ રહ્યું હતું.

નાસ્ત્યોના જાણે પોતાની સાથે જ સંતાકૂકડી રમી રહી હતી :ક્યારેક તેને વિશ્વાસ થવા લાગતો હતો કે સમયની સાથે સાથે નિશ્ચિતપણે બધું સારું થઇ જશે, માત્ર થોડી પ્રતીક્ષાની, થોડી ધીરજની જરૂર છે; ક્યારેક એકાએક તેને પોતાની સામે અથાગ ઊંડી ખાઈ દેખાવા લાગતી અને ભયથી તેનું હૈયું બેસવા લાગતું .પરંતુ તે આ ભયને છુપાવતા ખુશ દેખાવાનો પ્રયત્ન કરી રહી હતી .કાલે ખબર નહિ કોણ જાણે શું થાય, પણ આજનો દિવસ તેનો પોતાનો છે - આજે ઘણા વર્ષો પછી આરામનો એક દિવસ મળ્યો છે તે માણી લઉં, પોતાના અંતરને ઉન્મુક્ત આનંદ અને આરામ આપી દઉં .નાસ્ત્યોનાએ બહુ ઓછું ખાધું, જેથી અન્દ્રેઈનો ભાગ ઓછો ન થઇ જાય, અને ગરમાવાથી આળસ ખાતા બગાસું ખાધું.
“ઘેર બધા વિચારતા હશે કે હું કાર્દામાં છું અને હું અહી તારી પાસે છું,” કોણ જાણે કેમ તેનાથી બોલાઈ ગયું, “જો તેમને ખબર પડી ગઈ તો….. ”

અન્દ્રેઈએ જવાબ ના આપ્યો.

નાસ્ત્યોનાએ પાથરણાં પર ચામડાનો કોટ પાથરી દીધો, નમદાના જૂતા ખેંચીને ઉતર્યા અને હાથ ફેલાવીને સુઈ ગઈ .અન્દ્રેઈએ ત્રાંસી નજરે તેની તરફ જોયું - નાસ્ત્યોના તેને ચીઢવવા માટે આંખો મીંચી સૂવાનું બહાનું કરતી ચુપ થઇ ગઈ .પણ જેવો તે તેની તરફ આગળ વધ્યો તેવી જ તે સફાળી ઘૂંટણીએ બેસી ગઈ અને આગળની તરફ ઝુકી ગઈ, બાળક જેવી સ્ફૂર્તિથી બોલી ઊઠી : "દૂર હ્ટ, અડ નહીં .હું તને નથી ઓળખતી."

"શું, શું ?"

"દૂર હ્ટ , અડ નહીં, હું તને નથી ઓળખતી."

"એમ, એ વાત છે! "

આ રમતમાં જોડાઈ તે તેની તરફ કૂદી પડ્યો, તે તરત દૂર હટી ગઈ .બંને વચ્ચે હલચલ શરૂ થઇ, ઘણા ઘણા વખત પહેલા તેમના સહજીવનના શરૂઅતના વર્ષોમાં થતી હતી બિલકુલ એવી જ - કેવાં કેવાં તોફાન મસ્તી કરતા હતા તેઓ પણ - અસમાન માથે ઊઠાવી લેતા હતા .નાસ્ત્યોના જરાય કમજોર નહોતી અને કદી તરત જ હાર નહોતી માની લેતી; તે ઘણી વાર તો દયાયાચના કરતા પહેલા તેને પરસેવે રેબઝેબ કરી મુકતી .પણ આજે તેને અન્દ્રેઈની શક્તિ માપવાનું મન નહોતું થતું, તેણે જલ્દી જ હથિયાર હેઠા મૂકી દીધાં .અન્દ્રેઈ એને પોતાની રીતે સમજ્યો અને ઉતાવળ કરી બેઠો, અને જુવાનીયા જેવું જોશ બતાવવા લાગ્યો અને ત્યારે નાસ્ત્યોનાએ તેને ખોટું ન લાગે તેમ ધીરેથી રોક્યો: "ધીમે, અન્દ્રેઈ, ઉતાવળ ન કર .મારો પ્રેમ કેટલા દિવસો સુધી તરસ્યો રહ્યો છે .તેને લાચાર ન કર."

તેણે વાત માની લીધી અને જીવનમાં પહેલીવાર તેની સાથે લાડપૂર્વક અને સાવધાનીપૂર્વક વર્તવા લાગ્યો, તેની દરેક ઈચ્છાનું અનુમાન લગાવતા તે અનુસાર વર્તાવ કરતો રહ્યો.

આરામ કરતી વખતે નાસ્ત્યોનાએ અટપટા અને વિચિત્ર ભાવનો અનુભવ કર્યો, તેને લાગ્યું કે તે પોતાના નહી પણ કોઈ પરપુરૂષ સાથે હતી, જેના પર તેનો કોઈ અધિકાર નહોતો .પણ આ ભાવ જલ્દી જ દૂર થઇ ગયો .ઊંઘમાં પડતાં એક ક્ષણ માટે તેને લાગ્યું કે તે કોઈ ચમત્કારને વશ થઇ પોતાને આજના દિવસથી બહુ આગળ જોઈ રહી છે : ત્યાં અહીની સરખામણીમાં કઈક અલગ હતું , પણ ત્યાંય તે એકલી નહોતી , તેના સાથીનો ચહેરો કોણ જાણે કેમ તેની નજરે સ્પષ્ટ નહોતો દેખાતો.તેને ખબર ન પડી કે તે અન્દ્રેઈ જ

હતો કે બીજા.

નાસ્ત્યોનાને મન થતું હતું કે અન્દ્રેઈ સાથે કોઈ સારી, કોઈ પોતાની વાત કહે, પરંતુ શરૂઆત માટે કોઈ શબ્દો ન જડતા તેણે કહ્યું: "બતાવ તો, તું ક્યાં ઘાયલ થયો છે..." તેણે ખમીસના બટન ખોલ્યા અને છાતી પર પડેલા ઘાવના લાલ નિશાન બતાવ્યા .નાસ્ત્યોના ધીરે ધીરે તેમના પર હાથ ફેરવવા લાગી.

"બિચારા...તેઓ તો તને મારી નાંખવા ઇચ્છતા હતા .હવે બિલકુલ ઠીક થઇ ગયું,દર્દ નથી થતું ?"

"હવે સારું છે, બસ ટીસ જેવું ઊઠે છે .ખાસ કરીને ખરાબ મોસમમાં .આમ તો અખો વખત કંઈક ને કંઈક થયા કરતુ રહે , જાણે કઈંક બહાર નીકળી રહ્યું હોય એમ લાગે .હજી એકદમ ટેવ નથી પડી."

હમણાં કલાક પહેલા જ તે સારી રીતે નહોતી સમજી શકતી કે કેવી રીતે અને શા માટે અહી આવી છે, પરંતુ તેને હવે લાગી રહ્યું હતું કે તેના સિવાય બીજું કશું જાણતી જ નથી કે આ દીવાલોની વચ્ચે તે હંમેશાથી ઘેરાયેલી છે .જેને કોઈ બીજા જીવનમાંથી યાદ કરી શકાતું હતું તે બધું અસ્પષ્ટપણે પાછળ છૂટી ગયું હોય એમ લાગતું હતું- ખોવાયેલા સ્વપ્નના વિખરાયેલા ટૂકડાની જેમ .શું હકીકતમાં ત્યાં ક્યાંક લોકો છે, યુદ્ધ છે, મૃત્યુ અને આપત્તિ છે? એવું ક્યારેય થયું પણ હતું કે પછી નહીં? ઝૂંપડીની હવા કડવાશભરી હોય તેમ લાગતું હતું, કોઈ બીજા લોકોની ઊંડી નિ:સ્તબ્ધતા તેને બધી ભૂલાતી ચિંતાઓ અને જંજાળોથી મુક્ત કરી સ્વતંત્ર અને એકાન્તમય અસ્તિત્વનો નશો ચઢાવી રહી હતી .તૃપ્ત શરીર મધુરતાથી ભરાઈ ઊઠ્યું હતું, એક આકાંક્ષા વિનાના મૌન અને વિસ્મૃતિમાં ડૂબેલું પથરાયેલું હતું.
"જો મને ઊંઘ આવી જશે તો તું ગુસ્સે તો નહી થાય ને ?" ધીમા અને પ્રેમાળ સ્વરમાં તેણે પૂછ્યું.
"સૂઈ જા, સૂઈ જા."

તેને જોવા માટે તે કોણીના ટેકે ઊઠ્યો - તે ઊંઘતી હતી .શિયાળાના તડકાથી તપેલો ચહેરો કોમળ થઇ ગયો હતો અને ઊંઘમાં ઉન્મુક્ત મરકાટથી દમકી રહ્યો હતો . તે આટલા વર્ષોમાં થોડો કઠોર અને કર્કશ થઇ ગયો હતો, નિખાલસ અધીરાઈ અને આશ્ચર્ય તેનાચહેરા પરથી સંપૂર્ણપણે નષ્ટ થઇ ગયા હતા .અરે, કેટલી મઝાની વાત છે, હવે આગળ શું થશે? અધીરાઈભર્યો આ ભાવ નાસ્ત્યોનાના ચહેરા પરથી યુદ્ધ પહેલા જ ઓઝલ થવા લાગ્યો હતો .પરીકથા જલ્દી જ પૂરી થઇ ગઈ હતી, બધા રહસ્યો ખુલી ચૂક્યા હતા અને ક્યારેક કઈ આશ્ચર્યજનક ઘટી પણ જાય તો તે અતીતનો પીછો કરતુ લાગત, જાણે કશું ક્યાંક છૂટી ના ગયું હોય .નાસ્ત્યોનાએ છાતી પર હાથ રાખી લીધા હતા, જ્યાં બ્લાઉઝનું બટન ખુલી ગયું હતું, અને તેની હાલતી આંગળીઓ સાથે છાતીની સાથે સાથે ઉપર ઊઠી રહ્યા હતા .અન્દ્રેઈએ જોયું કે તેના હાથ

પણ કામના કારણે ભારે થઇ ગયા છે, નસો ખેંચાઈ ગઈ છે .નાસ્ત્યોનાના ઊંડા અને શાંત શ્વાસોમાંથી ગરમ અને મધુર ગંધ આવી રહી હતી.

તે તેની લગોલગ ગયો, ધીમેથી તેને બાથમાં ભરીને તેના દિલના ધબકારા સાંભળ્યાં .નાસ્ત્યોનાનું હૃદય તદ્દન નજીક અને જોરજોરથી ધડકી રહ્યું હતું અને દરેક ધબકારો અન્દ્રેઈના મનમાં અસ્પષ્ટ કુશંકા ભરી રહ્યો હતો .આ કુશંકા ધીરે ધીરે વધતી જ જઈ રહી હતી અને એ કારણે તેને હજી વધારે ઉદ્વિગ્ન કર્યે જતી હતી . તેને ન તો તેનો અર્થ સમજાઈ રહ્યો હતો કે ન તો એ કળી શકતો હતો કે તે કઈ વાતની ભવિષ્યવાણી કરી રહ્યો હતો .તે વધારે વાર પડ્યો ન રહી શક્યો, ધીરેથી ઉઠીને તે નીચે ઊતર્યો અને ચોરીછુપી, ઊંઘતી નાસ્ત્યોના પર નજર નાંખી .“ઊંઘતી રહે, ઊંઘતી રહે,” ખબર નહિ કેમ તે ગણગણી ઊઠ્યો, પરંતુ તે ઈચ્છતો હતો કે તે જાગી જાય .તેની પાસે હોવા છતાં પણ તેની વાતો ન સાંભળી શકવી, જે તે કહી અને કરી શકતી હતી તેનાથી વંચિત રહી જવું તેના માટે અસહ્યનીય થઇ ગયું .તેનું ઠંડું ખાલીપણાથી ભરેલું હૃદય કોઈ ચેતનાસંચાર, હૂંફની ચાહનામાં તડપી રહ્યું હતું.

તે બહાર નીકળી ગયો .બહાર નીકળતા જ તેની આંખો એકદમ અંજાઈ ગઈ – રોશની અપ્રત્યાશિત હતી . એમ લાગતું હતું કે પર્વત ઉપરનો સૂરજ જાણે અહી નીચેની તરફ ઝડપભેર ઉતરી રહ્યો હતો .બરફ જાણે ધગધગી રહ્યો હતો અને તણખા ઉડાડી રહ્યો હતો .હળવા પડછાયામાં નીલિમા ઝળકી રહી હતી . ગરમાવો વસંતનો હતો – સુગંધ સભર .ઝુંપડીની છતના એક ખૂણામાંથી લટકતા બરફની જાણે કલમ બની રહી હતી અને જ્યાં બરફનું પડ છીછરું હતું ત્યાં બેરીના છોડવા ફૂટવા લાગ્યા હતા.

અન્દ્રેઈ જોરજોરથી શ્વાસ લઈ રહ્યો હતો, જાણે સ્વચ્છ હવાથી તેને દમ ઘૂંટાઈ રહ્યો હોય .તે ઘોડાને પાણી પીવડાવવા ચાલ્યો ગયો, પછી અંગારા તરફ એ જોવા માટે ઉતરી ગયો કે કોઈ અજાણ્યું તો દેખાતું નથી ને ત્યાં .તેનો ઉદ્વેગ તેમ છતાં ઓછો ન થયો .અન્દ્રેઈને લાગી રહ્યું હતું કે આ ક્ષણોમાં જ તે પોતાની મુર્ખામીથી કોઈ મહત્વપૂર્ણ, કદી પછી ન આવનારી જરૂરી વસ્તુ ખોઈ રહ્યો છે, જે પછી ક્યારેય શોધી નહી જડે.

તે ઝૂંપડીમાં પાછો ફર્યો - નાસ્ત્યોના હજી પણ ઊંઘી રહી હતી .બેચેનીની હાલતમાં તે ફરીથી તેની લગોલગ પડ્યો, પોતાનું માથું તેની છાતીમાં છુપાવી લીધું, પણ જ્યારે આટલા લગોલગ સૂવાથી શ્વાસ રૂંધાવા લાગ્યો ત્યારે તે દૂર હટી ગયો .નાસ્ત્યોનાએ ઊંઘમાં તેનું માથું શોધી લીધું અને વાળમાં હાથ ફેરવવા લાગી .આ સ્પર્શથી અન્દ્રેઈ એકાએક શાંતિ અનુભવવા લાગ્યો .તેણે આંખો મીંચી લીધી – ખભા પર નાસ્ત્યોનાના કોમળ , રક્ષક હાથનો સ્પર્શ થતા કલ્પનાના વમળમાં ગોતા ખાવા લાગ્યો - જાણે તે

ધીરે ધીરે ચક્કર ખાતો કોઈ કોમળ અને વિસ્તૃત શૂન્યમાં ડૂબતો જઈ રહ્યો છે .આવી .અનુભૂતિથી તેને હમેશા ઊંઘ આવી જતી હતી .તે જલ્દી જ ઊંઘી ગયો.

તેઓ બંને એકસાથે જાગ્યા .નાસ્ત્યોનાએ આંખો ખોલી અને તેની તરફ જોયું .તે ચોંકીને હોશમાં આવ્યો . તેની તરફ જોઈને તે હસી પડી.

બારીમાંથી ડોકાતો સૂરજનો ધબ્બો બારણા સુધી પહોચી ગયો .દિવસ ડૂબવા લાગ્યો હતો:
"કેટલી સરસ ઊંઘ આવી," નાસ્ત્યોનાએ કહ્યું, પહેલા કદી આવું બન્યું હોય એવું યાદ જ નથી આવતું – એકદમ ઘસઘસાટ ઊંઘી ગઈ .એનું કારણ એ કે હું તારી સાથે છું .તારી તરફ જોઉં છું તો વિશ્વાસ નથી આવતો કે તું મારી સામે છે. અને ઊંઘમાં વિશ્વાસ થઇ ગયો .શરીરનું રોમેરોમ પુલકિત થઇ ગયું છે, એટલું ચેન લાગતું હતું કે શું કહું..."

ઊંઘી ઉઠ્યા પછી જાણે તેઓ પહેલીવાર મળ્યા હોય તેમ એકબીજા તરફ આશ્ચર્ય અને અપેક્ષા સાથે જોઈ રહ્યા હતા .નાસ્ત્યોનાએ ઊઠવા ઈચ્છયું પણ તેને તેણે રોકી લીધી અને તે પ્રસન્નતાથી હસી પડી.
તેઓ બહુવાર સુધી વાતચીત કરવાનું ટાળતા રહ્યા, ટાળતા રહ્યા, જો કે સમજી પણ રહ્યા હતા કે તેનાથી કેમે કરીને બચી શકાવાનું નથી.

પ્રકરણ ૭

...જો હું ત્યાં પાછો ગયો હોત તો ત્યાં જ રહી જાત - એ નક્કી છે .છેવટે કેટલા વખત સુધી ટકી રહ્યો, એકધાર્યો લડતો રહ્યો, ક્યારેય મોં છુપાવ્યું નહોતું,કોઈ ચલાકી નહોતી કરી અને પછી અચાનક મન પર કોણ જાણે શું સવાર થઇ ગયું, એવો પડદો પડી ગયો કે કાંઈ સુઝતું જ નહોતું .આવી વાત વ્યર્થમાં જ નથી થતી .પણ વ્યર્થ હોય કે ન હોય હવે ઉઠેલા પગલા પાછા વાળવા મુશ્કેલ છે.

તે આંખો મીંચીને પડ્યો હતો – આ પ્રમાણે વાત કરવી સહેલી હતી !તે એવા વ્યાકુળતાભાર્યા અગમ ક્રોધથી વાત કરી રહ્યો હતો, જે જયારે આવે છે ત્યારે તેને કોઈની ઉપર ઉતારી શકાતો નથી.

પરંતુ તારી હિમ્મત કેવી રીતે ચાલી ?" નાસ્ત્યોનાના મોમાંથી નીકળી ગયું, "આ કરવું એટલું સહેલું તો નથી .ક્યાંથી આવ્યું આટલું સાહસ ?" "ખબર નથી ," થોડીવાર પછી તેણે જવાબ આપ્યો અને નાસ્ત્યોના સમજી ગઈ કે તે ઢોંગ નહોતો કરી રહ્યો, અને ન તો કોઈ વાત મનથી ઘડી રહ્યો, "મારાથી વધારે સહન

નહોતું કરી શકાતું .તમને લોકોને જોવાની એટલી બધી અદમ્ય ઈચ્છા થઇ ગઈ હતી કે શ્વાસ લેવો મુશ્કેલ થઈ ગયો હતો .ત્યાં મોરચા પરથી જરૂર ના ભાગત .પણ અહી આવી લાગ્યું – બધું તદ્દન પાસે છે .પણ પાસે ક્યાં હતું? એટલો લાંબો પ્રવાસ નીકળ્યો....એના કરતા તો મારી ટૂકડીમાં જલ્દી પહોંચી ગયો હોત . હું કોઈ પાકા ઈરાદાથી થોડો જ ભાગ્યો હતો .પછી વિચાર્યું – ક્યાં પાછો ફરું ? મોતના મોંમાં .તો પછી વધારે સારું છે કે અહી મરું .હવે કહેવાથી શો ફાયદો .ભૂંડ ગંદવાડ શોધી જ લે છે ."કોને ખબર યુદ્ધ પૂરું થયા પછી કદાચ માફ પણ કરી દે," અવિશ્વાસ્પૂર્વક નાસ્ત્યોનાએ કહ્યું.

નાં આવા કૃત્ય માટે માફી કદી નથી મળતી .એના માટે તો જો ગોળી માર્યા પછી માણસને જીવતો કરવો સંભવ હોત તો ત્રણ વાર ગોળી મારવામાં આવત, જેથી બીજાઓને પાઠ મળે .મારું ભવિષ્ય નિશ્ચિત થઈ ચૂક્યું છે, હવે તેનાં વિષે ચિંતા કરવાથી શો ફાયદો ? હું અહી આવતા બસ એ જ વિચારી રહ્યો હતો :અહી પહોચીશ, નાસ્ત્યોનાને એક નજર જોઇશ, માફી માંગી લઇશ કે મેં તેની જીંદગી ખરાબ કરી દીધી, જયારે આરામથી જીવી શકાતું હતું ત્યારે હું અકારણ તને દબાવતો, સતાવતો હતો .અને વાતેય સાચી છે - કઈ વસ્તુની ખોટ હતી ? આપણે જુવાન હતાં, સ્વસ્થ હતાં, બધી રીતે જાણે એકબીજા માટે જ સર્જાયેલા હતાં . બસ જિંદગી જીવત અને ખુશ રહેત .પણ ના, નખરાં જો દેખાડવાના હતાં, તાકાત જો બતાવવાની હતી . મૂર્ખામીની હદ હતી .હું પોતે સમજી રહ્યો હતો કે મૂર્ખામી કરી રહ્યો છું .એટલો તો નાસમજ નહોતો .થોડી ઘણી વિચારશક્તિ હતી, પરંતુ પોતાની જાતને રોકી ના શક્યો .લાગતું હતું - બધું કરી લઈશું, મનભરીને પ્રેમ કરી લઈશું - જિંદગી બહુ લાંબી છે .જો કરી જ લીધુંને !વિચારી રહ્યો હતો :આવીશ, નાસ્ત્યોનાને પોતાનો ચહેરો બતાવીને પ્રાયશ્ચિત કરીશ જેથી તારી યાદોમાં દાનવ બનીને ન રહી જાઉં, દૂરથી જ માં-બાપને એક નજરે જોઈ લઇશ અને પછી માથું બરફના ઢગલામાં...અને ખેલ ખલાસ .. જાનવરનો શિકાર ...પણ આમ તારી સાથે હોવાની....કલ્પના સુધ્ધાં નહોતી કરી .આવું વિચારવાની પણ હિમ્મત કરી શકતો નહોતો ..આ મને કઈ વાતનું ઇનામ મળ્યું છે તે જ મને સમજાતું નથી? જિંદગીનો ભરોસો હોત તો માત્ર આ ઘડી માટે તને હાથમાં લઈ ફરત."

"આ શું કહી રહ્યો છે તું ?" નાસ્ત્યોનાએ કહેવાનું શરૂ કર્યું, પરંતુ તેને વચમાં જ ટોકી દીધી: "ઊભી રહે .જે કહેવાનું શરૂ કર્યું છે તે પૂરું કરી લેવા દે .કોને ખબર પછી તક મળશે પણ કે નહી .હવે મારાં માટે પોતાની પાસે કઈ સાચવીને રાખવાનો કોઈ અર્થ નથી, કઈ કામમાં નહી આવે .જે મનમાં છે તે બધું ઠાલવી દેવા દે .હા, તો જયારે આવ્યો હતો ત્યારે વિચારી રહ્યો હતો કે થોડા સમય માટે જ , બસ તારાથી માફી માંગવા સુધી જ રોકાઈશ અને હવે એવી ઈચ્છા થઇ રહી છે કે ઉનાળા સુધી રોકાઈ જાઉં .છેલ્લી વાર ઉનાળો જોઈ લઉં બસ .પછી આજે તારો સાથ થઇ ગયો – ખુશીના આંસુ વહેવડાવવા જોઈએ . "મને, નાસ્ત્યોના , તારી પાસેથી વધારે કશું નથી જોઈતું .તેં આમેય મારાં માટે ઘણુ કર્યું છે .થોડા મહિના વધારે સહન કરી

લે, ભેદ ગુપ્ત રાખ .સમય આવતાં જ હું હંમેશા માટે જતો રહીશ .બસ થોડો વધારે વખત .તેં મારાં કારણે ઓછું સહન નથી કર્યું, આટલું વધારે સહન કરી લે."

નાસ્ત્યોનાને મનમાં થયું કે તેણે ખોટું લગાડવું જોઈએ, ગુસ્સે થઇ જવું જોઈએ પણ હાલવા ચાલવાની તેને લેશમાત્ર ઈચ્છા નહોતી થઈ રહી .મન પર એવો બોજ હતો, જેનાથી તેના મોંમાંથી એક શબ્દ પણ નીકળી શકતો નહોતો અને તે ચૂપ રહી .અન્દ્રેઈએ થોડીવાર રોકાઈને ફરીથી કહેવાનું ચાલુ રાખ્યું: "લોકોની સમક્ષ ખુલ્લમખુલ્લા તો હવે આપણે રહી જ નહી શકીએ .એક દિવસ પણ નહી.જયારે તારી ઈચ્છા થાય ત્યારે, જયારે મારી ઉપર દયા આવે ત્યારે આવી જજે .હું ભગવાનને પ્રાર્થના કરીશ કે તું આવે .હવે હું મારું મોઢું કોઈને બતાવી શકું તેમ નથી, મરતા સુધી નહી .એ તો હું જરૂર અંત સુધી નિભાવવાનો પ્રયત્ન કરીશ .હું નથી ઈચ્છતો કે લોકો તારા પર, બાપુ પર , માં પર, આંગળીઓ ઉઠાવે, ખબર પાડી લે કે હું કેવી રીતે સંતાતો રહ્યો .હું નથી ઈચ્છતો કે લોકો મારા વિષે ગમે તેમ વિચારે, મારાં પગેરું શોધતા ફરે, મારાં પર થું થું કરે, ના, હું એ નથી ઈચ્છતો. "તે ઊભો થઈ ગયો અને બેંચ પર બેસી ગયો . તેનો ચહેરો પળવાર માટે ખીલી ઊઠ્યો અને એકદમ પીળો પડી ગયો." તું પણ નાસ્ત્યોના, કદાપિ કોઈની ય સામે, ન તો અત્યારે ,ન તો પછી એ ભેદ છતો કરતી કે હું અહી આવ્યો હતો .કોઈની સમક્ષ પણ નહી .નહી તો હું મરીને પણ તારો પીછો નહી છોડું."

"આ શું કહી રહ્યો છે અન્દ્રેઈ?! તું આ શું કહી રહ્યો છે અન્દ્રેઈ?!" નાસ્ત્યોના બીને ઊભી થઇ ગઈ .હવે તેઓ પાસે પાસે એકબીજાની કોણીઓને સ્પર્શતા બેઠા હતાં અને નાસ્ત્યોનાને તેના ભારે શ્વાસ સ્પષ્ટપણે સંભળાઈ રહ્યાં હતાં.

"હું તને બીવડાવી રહ્યો નહોતો .શું હું તને બીવડાવી શકું, નાસ્ત્યોના?! તું તો મારાં માટે જીવન કિરણ છે . હું જીવતો રહું કે મરી જાઉં, પણ તું મને યાદ રાખજે, હંમેશા યાદ રાખજે કે મારાં માટે શું સારું છે, શું ખરાબ છે .અને જયારે આ બધું ખલાસ થઈ જાય ત્યારે તું પોતાની જિંદગી સુધારી લેજે .જરૂર સુધારી લેજે, તારી પાસે સમય છે .બની શકે છે કે ક્યારેક તારું જીવન એટલું સોહામણું - સુંદરબની જશે કે તું પોતાના એ સુખમાં આ બધી યાદોને જડમૂળથી ઉખાડીને સાફ કરી નાખવા ઈચ્છશે, અંતરની આ બધી વાતો કહી દેવા ઈચ્છશે .પરંતુ તેને સ્પર્શતી પણ નહી .તું એકલી એવી વ્યક્તિ છે જેને મારાં વિષે સચ્ચાઈની ખબર છે .બીજા લોકો જે ઈચ્છે તે વિચારે પણ તું તેમની મદદ કરતી નહી."

"મેં એવું કર્યું શું છે કે અન્દ્રેઈ તું મારી સાથે આવી રીતે વાત કરી રહ્યો છે ?" નાસ્ત્યોનાએ પૂછ્યું .તે ગભરાઈ ગઈ હતી અને સમજી શકતી નહોતી કે શું કહે .આ તદન સ્ત્રી સહજ સવાલ હતો, જેમાં ક્ષોભથી

વધારે આજીજી હતી, આ સવાલ તેના મોમાંથી આપમેળે જ નીકળી ગયો હતો અને તેમાં એટલું દુઃખ ભરેલું હતું કે અન્દ્રેઈ થોડો આશ્વસ્ત થઈ ગયો - તેના વિનયભાવથી તે પોતે શાંત થઈ જશે.

“તેં એવું કશું જ નથી કર્યું .ગુસ્સે ન થા .મને ખબર છે કે તું બધું જ સારી રીતે સમજે છે, બધું જ .કોઈ બીજા પ્રસંગે તારી સાથે કદાચ આવી વાત ન કરત પણ અત્યારે કહેવી પડી રહી છે .મને પોતાને અત્યારે સમજણ નથી પડી રહી કે હું પોતે શું કરી રહ્યો છું, શા માટે કરી રહ્યો છું .એવું લાગી રહ્યું છે કે આ હું પોતે નથી જીવી રહ્યો પણ મારાં શરીરમાંથી કોઈ અદ્રશ્ય શક્તિ મારાં પર હુકમ ચલાવી રહી છે .હું જમણી બાજુ વળવા ઈચ્છું છું તો તે ડાબી બાજુ ખેચે છે .પણ કઈ વાંધો નથી, બસ થોડી જ વધારે વાર સુધી.”

“તું લગાતાર ન જાણે કેવી બિહામણી વાતો કર્યે જઈ રહ્યો છે...”

“ડર નહી .હું તને નહી પોતાની જાતને બીવડાવી રહ્યો છું .જો કે આમતો પોતાની જાતને બીવડાવવાથી પણ કોઈ ફાયદો નથી – આનાથી વધારે ભયાનક હવે શું થશે ? બસ, આ તો તારી સામે જરા ઢીલો પડી ગયો.પણ જે કઈ કહેવાનું હતું તે કહી દીધું, તને પહેલેથી જ ચેતવી દીધી.દિલનો બોજ હળવો થઈ ગયો . હવે તું બોલ.”

“હું શું બોલું.....”

“મા કેમ છે ? હરે ફરે છે?”

“એક વરસથી ભઠ્ઠીનાં ચોરા પરથી માંડ એકાદ-બેવાર ઉતરી હશે, તે પણ બસ આમ જ .મને લોટ તો બાંધવા જ નથી દેતી - જાતે જ બાંધે છે .આ પ્રમાણે તો હું કદી રોટલી બનાવતા શીખી જ નહી શકું.”

“બાપુ હજી પણ તબેલામાં જ કામ કરે છે?”

“હા, જો તે ન હોત તો ક્યારનાય બધા ઘોડાનું કામ તમામ થઈ ગયું હોત .બસ એકલા તે જ તેમની દેખભાળ કરે છે .એ પણ હવે ઢીલા પડવા લાગ્યાં છે .આખો વખત ખાંસતા અને કણસતા રહે છે .બહુ થાકી જાય છે, આ બાજુ પરમ દિવસે વધી ઘટી કસર મેં પૂરી કરી.”

“કેમ શું થયું ?”

“સરકારી બોન્ડની ખરીદી માટે નામ લખવામાં આવતાં હતાં.મેં મુર્ખામીમાં કહી દીધું : બે હજાર .હું પણ કેવી મૂર્ખ છું – જે વસ્તુ છે નહી તે આપવાની હામી ભરી દીધી .તેમને તો કઈ ખ્યાલ સુધ્ધા નહોતો,

સાંભળ્યું તો ખુશ થઈ ગયાં, ખૂબ શાબાશી આપી."

નાસ્ત્યોના અપરાધભાવે હસી અને અન્દ્રેઈ તરફ જોયું.

"ઘરડાઓને હમણાં આમ છોડતી નહી," તેણે કહ્યું અને પછી થોડો દુઃખી જેવો થઇ ગયો .વિચારમાં પડી ગયો, "મા તો વધારે સમય કાઢશે નહી .મન થાય છે કે તક મળતા એક નજર જોઈ લઉં."

"અન્દ્રેઈ, આગળ શું થશે?" બીતા બીતાં નાસ્ત્યોનાએ પૂછ્યું, અને પોતાના સવાલથી જાણે મૂઢ બની ગઈ, "તેઓ રાહ જોઈ રહ્યાં છે, એ આશામાં જ જીવી રહ્યાં છે કે આજે નહી તો કાલે તારા સમાચાર મળશે, તું લખશે કે ક્યાં છે .યુદ્ધ પૂરું થશે ત્યારે તેઓ શું વિચારીને જીવતાં રહેશે? તેમની બધી આશા તારા પર છે."

"આશા ...આશા..."તે ઊભો થઈ ગયો અને ઝુંપડીમાં આંટા મારવા લાગ્યો," તેમને કોઈ આશા નથી .બસ નથી .હું એ જ તો સમજાવી રહ્યો હતો હમણાં .અને એ વિષયમાં કે હું ક્યાં છું - તને એક ઘટના કહી સંભાળવું .અમારી હોસ્પિટલમાં એક કેપ્ટન હતો .ઈલાજ પછી તેના હાથમાં કાગળિયાં પકડાવી દેવામાં આવ્યા, મારી જેમ જ ટુકડીમાં પાછા જવાના આદેશના .બીજા દિવસે એ જ કાગળ લેટર બોક્સમાં ફેકેલા મળ્યા .કેપ્ટનનું નામોનિશાન ક્યાય નથી .કોઈને ખબર નથી તે ક્યાં છે .કાં તો તેની વર્ધી, પૈસા, રાશનકાર્ડ પર કોઈની નજર પડી અને તેણે કેપ્ટનને સાફ કરી દીધો કે પછી કેપ્ટને જાતે પોતાને ખલાસ કરી દીધો .હજી હમણાં તો હતો ને હમણાં જ અદ્રશ્ય થઈ ગયો .કોણ જાણે કોણ જવાબદાર છે? એક કેપ્ટનની વાત છોડો, હજારો એવા લોકો છે જેમના ઠામઠેકાણાંની કોઈ ભાળ નથી .કોઈ હવામાં, કોઈ જમીનમાં, કોઈ ભટકતું ફરી રહ્યું છે તો કોઈ સંતાઈ ગયું છે, કોઈને પોતાની જાતનું ભાન નથી – બધું ડામાડોળ થઇ ગયું છે, કોઈ શોધ્યેય નથી મળતું .હું પણ તો – છું કે નહી, જેમ ઈચ્છો તેમ વિચારી લો . મારાં ઘરડા માબાપને હવે વધારે રાહ નહી જોવી પડે .ત્યાંજ મેળાપ થશે .ત્યાંજ વાતો કરીશું .કદાચ ત્યાં યુદ્ધ નહી હોય .અહી તો અશક્ત અને શક્તિશાળી – બધાને માત્ર પોતાની જાત પર જ ભરોસો છે, કોઈ બીજાનો નહી.

નાસ્ત્યોનાની તેની વાત કાપવાની હિમ્મત ન ચાલી ...તે થોડીક ક્ષણો ચૂપ રહીને શાંત સ્વરમાં બોલવા લાગ્યો: "અને વળી કોણ જાણે શું વધારે સારું – એ જાણી લેવું કે તમારો દીકરો કે પતિ મરેલા પડ્યા છે કે પછી કઈપણ ન જાણવું .પત્ની માટે કદાચ જાણવું જરૂરી છે – તે પોતાની આગલી નિયતિનો ફેંસલો કરી શકે .ઠીક વાત છે; પોતે જીવતો ન રહી શક્યો પણ તેને તો જિંદગી જીવવા દો .તેના જીવનમાં વિઘ્નરૂપ ન બન .પરંતુ મા ? કેટલી માઓ આ ન જાણવા આંખો પર પટ્ટી બાંધીને જીવવા તૈયાર થશે .માંને

દીકરાનાં મૃત્યુના સમાચાર મળશે તો પણ તેના પર વિશ્વાસ નહી કરે .તેને ભલે તેના દીકરાને દફનાવ્યાની જગ્યા પણ બતાવી દેવામાં આવે તો પણ તે વિશ્વાસ નહી કરે .દીકરાને દફનાવનાર તેનો સાથી લખીને આપે તો પણ તે માનવા તૈયાર નહી થાય .તો પછી મારાં વૃદ્ધ માબાપ માટે પણ ભલેને કોઈ ઝાંખો પ્રકાશ ઝળહળતો રહે – જો હું તેમને બીજું કશું આપી ના શકતો હોઉં તો...” તે નાસ્ત્યોના તરફ ફર્યો અને કહ્યું :“ખેર, બહુ થયું .અહી આવ .ચા પીએ.બહુ જલ્દી જ તારે પણ જવું પડશે .જશે કે પછી રોકાઈ જશે?”

“કેવી રીતે હું રોકાઈ શકું?”

“ફરી આવશે ને.”

“આવીશ, ચોક્કસ આવીશ, અન્દ્રેઈ .ગાડી નહી હોય તો દોડતી આવી પહોચીશ .રસ્તો હવે ખબર છે.”

“ઈચ્છા ન થાય તો ન આવતી .પોતાની જાત સાથે બળજબરી કરવાની જરૂર નથી .હું તો આજના દિવસની યાદોના સથવારે ઘણું સહન કરી લઇશ.”

નાસ્ત્યોનાને યાદ આવી ગયું : “અરે, હું તો તારા માટે કારતુસ લાવી છું – પોતાની સાથે જ પાછી લઈ જાત.” તે સહજતાપૂર્વક માંચડા પરથી ઊતરી અને વસ્તુઓના ઢગલામાંથી દારૂ અને છરા ભરેલા બે નાનાં થેલા ખેંચી લાવી.

“આમાંથી અડધા પોતાને માટે કાઢી લે .અડધા બાપુ માટે લઈ જઇશ, તેમણે જ લાવવા કહ્યું હતું.”

“મારાં માટે અડધા જ ઘણા છે,” અન્દ્રેઈ ખુશી ખુશી થેલા પર તૂટી પડ્યો.

“હવે વાત બની ગઈ, હવે શેતાનનો પણ ભય નથી .તેં તો મને બધું જ આપી દીધું છે, બધું જ .નાસ્ત્યોના તું તો મહાન છે, મહાન!” તેણે તેને બાથમાં લઇ ઊઠાવી લીધી .તે છૂટવાનો પ્રયત્ન કરતાં લગભગ ચીસ પાડી ઊઠી : અન્દ્રેઈએ તેને હળવે રહીને છોડી દીધી અને ઊંડી ઉદાસીનતાપુર્વક પોતાની જાતને કહી ઊઠ્યો : “આવી પત્ની સાથે તો ખુલ્લમખુલ્લા જીવવું જોઈએ, આમ સંતાવું ન જોઈએ.”

નાસ્ત્યોનાએ આ ન સાંભળ્યું, તે વિહ્વળ થઈ ઊઠી હતી, “તેં તો હદ કરી દીધી ! મારું તો હ્રદય જ બેસવા લાગ્યું – એટલી બધી બીવડાવી મારી ! મને તો ટેવ જ નથી રહી કે કોઈ આવી રીતે પકડે.”

"તું આવી રીતે આવતી રહે, હું ટેવડાવી દઈશ."

"હું તો રોજ ખુશી ખુશી આવું." "તો પછી વાત શી છે બીજી ?"

છેવટે આખા દિવસની લાંબી, ટુકડાઓમાં વહેંચાયેલી આ મુલાકાતનો અંત નજીક આવી ગયો .ઝાંખું અંધારૂ થવા લાગ્યું હતું, ખૂણાઓમાંથી સડાની દુર્ગંધ અત્યંત તીવ્રપણે ઊઠવા લાગી હતી, છત પરથી લટકતું, ગળી ગયેલું પાટિયું નજીક અને ભયાવહ લાગવા લાગ્યું, ચોમેર એકાએક નિરાશા, સંદિગ્ધતા અને બેચેની છવાઈ ગઈ .વાતચીત પણ ઠંડી પડી ગઈ.

તેમણે જલ્દી જલ્દી ચા પીધી .અન્દ્રેઈએ નાસ્ત્યોનાને ખાવા માટે બળજબરી કરી .તેણે અનિચ્છાપૂર્વક ચરબી સાથે પાઉંરોટીનો ટૂકડો ચાવ્યો .તેણે કપડાં પહેરી લીધાં તે પછી અન્દ્રેઈએ વગર કઈ કહ્યે તેની તરફ કોઈ ગોળ અને ચમકીલી વસ્તુ લંબાવી, જેના પર ટપકા ટમટમી રહ્યાં હતાં .નાસ્ત્યોના ચોંકી ઊઠી :

"અરે, આ શી બલા છે! "

"લઈ લે, નાસ્ત્યોના .ઘડિયાળ છે .મેં પોતે જર્મન ઓફિસરના હાથ પરથી ઉતરી હતી – જીવતાના હાથ પરથી, મરેલાના નહી .મને હવે તેની જરૂર નથી, તારા કામમાં આવશે.વેચે તો સસ્તામાં ન આપતી ; "આ સરસ ઘડિયાળ છે, સ્વીત્ઝર્લેન્ડની છે .બે હજારથી ઓછામાં ના વેચતી."

"હે ભગવાન !આને તો હાથમાં લેતા બીક લાગે છે."

"લઈ લે .મારી પાસે આપવા માટે બીજું કશું નથી.'

અન્દ્રેઈએ તેને અંગારાના રસ્તા સુધી વિદાય કરી .સ્લેજ્ગાડીમાં તેને આલિંગનમાં ભરી લીધી, ક્ષણવાર માટે જડવત થઇ ગયો અને પછી કાર્કાને ચાબુક લાગવીને ગાડીમાંથી બરફમાં કૂદી પડ્યો .પછી બહુવાર સુધી, જ્યાં સુધી દૂર થતો ઘેરો ધબ્બો દેખાતો બંધ થયો ત્યાં સુધી તે નિશ્ચલપણે, નિર્જીવ ચહેરે, ભગ્ન હૃદયે વિચારોમાં ખોવાયેલો ઊભો રહ્યો....

...નાસ્ત્યોના સ્લેજ ગાડીમાં બેસી રડતી જઈ રહી હતી – તે હ્તભ્રમ થઇ ગઈ હતી, કોઈ અસહ્ય બોજથી તેનું કાળજું દબાઈ રહ્યું હતું, પણ આ બોજ શો હતો એ તરત જ સમજવું કળવું કપરું હતું .તેને શી વાતનું દર્દ હતું તે કળી શકતી નહોતી, તેને શું કરવું સમજાતું નહોતું - તેની કાયા જાણે કોઈ વેધક, ટીસ મારતી બેચેનીથી જકડાયેલી હતી .જાણે ચામાં ખાંડ અને મીઠું એકસાથે એકસરખું મેળવી એક શ્વાસે પી જાવ -

એ જ પ્રમાણે અંદર પણ બધું ભેગું થઇ ગયું હતું :.મીઠાસ માટે અહી પોતાનું આગવું સ્થાન છે, ખારાશ માટે પોતાનું આગવું સ્થાન છે .મીઠાશનો થોડોઘણો અનુભવ થતા જ તરત ખારાશ લાગવા લાગશે અને આખા શરીરમાં હાડકા કંપાવી દેતી કડવાશ પ્રવર્તી જશે.

કેટલા વર્ષો સુધી નાસ્ત્યોના ગામ, ઘર અને કામ સાથે જોડાયેલી રહી હતી .તે પોતાનું સ્થાન જાણતી હતી, તે પોતાની જાતને સંભાળી રહી હતી કારણકે તેના પર કંઈક ટકેલું હતું, એક સૂત્રમાં બંધાયેલું હતું . અને અચાનક જાણે સૂત્રો ઢીલા પડી ગયા લાગતા હતા - જ્યાં સુધી આઝાદી અને તાકાત પૂરતા પડે ત્યાં સુધી પોતાની મરજી ચલાવ .જ્યાં સુધી જઈ શકે ત્યાં સુધી જા .પણ ક્યાં જાય? શું કરે ? પોતાના પર પડેલ બોજની તેને ટેવ પડી ગઈ છે, ઘસાઈ ઘસાઈને ઢળી ગઈ છે અને જો ફેંસલો પણ કરી લે તોય દૂર નહિ જઈ શકે – જવા માટે જગ્યા જ નથી .એવી સ્થિતિમાં તે શા માટે ન ગભરાઈ જાય? ના, ના, સ્પષ્ટ છે, આ સૂત્રોથી તે છૂટી શકવાની નથી, બસ તેમને ખેંચતા ખેંચતા માત્ર રાહ જોતી રહે – આગળ હવે શું થશે? તે પોતાના નસીબથી ભાગીને ક્યાંય જઈ શકવાની નથી .હવે એ જ ચક્રમાં ઘૂમતા રહેવું પડશે – પરંતુ કિનારે કિનારે જ, જોતાં, ડોકિયું કરતા કે બીજા કેવી રીતે જીવે છે અને પોતે બીજી રીતે, ચોરીછુપી જીવતા .બંને આંખો ફાડીને જોતા અને અધખૂલ્યા મોંએ બોલતા, બમણું કામ કરતા, અને પહેલાથી અડધો સમય ઓછા ઊંઘતા .ચાલાકીપૂર્વક વાતને આમતેમ ઘુમાવતા, ફેરવતા, જુઠ્ઠું બોલતા અને પહેલેથી જાણતા કે આનો અંત શો થશે.

અને આ બધું એટલા માટે કે તેના પતિએ પોતાની જાતને બચાવી રાખવામાં ઉતાવળ બતાવી છે.

માણસ ભૂલ કરે છે, કહેવાય છે કે માણસ માત્ર ભૂલને પાત્ર .પણ આવી ભૂલ? આવું ઘોર પાપ?

અન્દ્રેઈ આ અપરાધને સહી નહિ શકે, સ્પષ્ટ છે નહિ સહી શકે .ભલે ને કેટલાય દિવસો શા માટે ન વીતી જાય, તેનો અપરાધ ઓછો નહિ થાય, ભુલાવ્યે નહિ ભુલાય .જીવનભરનું સંભારણું બની વળગી રહેશે . આ તેના વશ બહારનું છે – તો પછી શું તેનો સાથ હવે છોડી દે? તેનાથી દુર થઇ જાય? કોને ખબર, અન્દ્રેઈના અહી હોવામાં તેનો પણ દોષ હોઈ શકે .વગર કોઈ અપરાધ કરે અપરાધી છે શું તે? શું સૌથી વધારે તેનો જ મોહ અન્દ્રેઈને ઘર તરફ નહોતો ખેંચી રહ્યો? શું એ તે પોતે નહોતી જેને કદી ના મળી શકવાની, અંતિમ શબ્દો ના કહી શકવાની આશંકાથી તે ડરી રહ્યો હતો? તેણે માબાપ સમક્ષ પોતાનો ભેદ ન ખોલ્યો, અને કદાચ મૃત્યુને પણ માત્ર એટલા માટે ટાળી દીધું કે થોડીવાર તેની સાથે રહી લે .તો પછી કેવી રીતે તેને ઇનકાર કરી દે? ત્યારે તો માણસમાં દિલ જ ન હોવું જોઈએ, દિલની જગ્યા એ ત્રાજવું હોવું જોઈએ, જે તોલતું રહે કે શેમાં લાભ છે અને શેમાં હાનિ .આવી સ્થિતિમાં તો પારકાથી પણ હાથ છોડાવવો

મુશ્કેલ છે, પછી ભલેને તે ગમે તેટલો દોષી કેમ ન હોય .જયારે અન્દ્રેઈ તો તેનો પોતાનો છે....તેમને જો ભગવાને નહી તો જિંદગીએ પોતે તેમને એકબીજા સાથે જોડી દીધા છે જેથી એકબીજાનો હાથ-સાથ પકડી રાખે -પછી ભલેને ગમે તે થાય, ભલેને આફતોનો પહાડ તૂટી પડે.

જેઓ જીવિત છે તેઓ ત્યાં છે – અને આ અહી છે .હે ભગવાન, તું જ રસ્તો બતાવ, હું શું કરું!

નાસ્ત્યોનાના મન પર ભાર હતો અને મૂંઝવણના વાદળ છવાયેલા હતા, સાથે સાથે ઉત્સુકતા અને એ જ ઘર જેવું ખાલીપણું પણ, જેમાંથી બધી વસ્તુઓ બહાર કાઢી લેવામાં આવી હોય .હવે વસ્તુઓ જેમ ચાહો તેમ મૂકી દો ..આ ખાલીપણું તેને કંપારી પણ ચડાવી રહ્યું હતું અને લલચાવી-ફોસલાવીને પોતાની તરફ ખેંચી પણ રહ્યું હતું .આ ખાલીપણું ખૂણે ખાંચરે છવાયેલું હતું, જ્યાં દરેકે દરેક વિચાર ભારે ભરખમ સવલી ગુંજમાં બદલાઈ જતો હતો.

પ્રકરણ ૮

દિવસનાં સમયે અન્દ્રેઈ ઝૂંપડીમાં ન રહેવાનો પ્રયત્ન કરતો હતો .આમ તો જોકે ત્યાં ભાગ્યેજ કોઈ આવતું હતું પણ તેમ છતાં પણ તેણે સાવધાન રહેવાનો નિશ્ચય કર્યો .તે પોતાના ઉપયોગની વસ્તુઓ માંચડા નીચે સંતાડી દેતો, સુવાની જગ્યાએ ફરની ડાળીઓ એકઠી કરી તેનો ઢગલો કરી દેતો, દરેક વખતે ઝીણવટપૂર્વક પોતાના નિશાન મિટાવી દેતો, ખભા પર બંદૂક નાખતો અને સ્કી પહેરીને જામેલી નદીની ઉપરની તરફ ચાલ્યો જતો .રીબ્ન્યાના જમણા કાંઠા નજીકના વિસ્તારથી ઘણું કરીને દૂર રહેતો અને ડાબી બાજુ વળી જતો, જ્યાં ત્રણ વેર્સ્તા સુધી વસવાટનું નામોનિશાન નહોતું.

જંગલમાં ઝડપથી દોડવું સંભવ નહોતું, બરફમાં ખૂંપી જવાતું હતું, પરંતુ ખુલ્લા મેદાનમાં ગુસ્કોવ જામેલા બરફ પર ઝડપથી સરકતો જતો હતો .જમીનથી ઉંચી ઊઠેલી, ઝડપી અને ઉન્મુક્ત ચાલથી તે ખુશ ખુશ થઇ જતો .એમાં કોઈ સુખદ અને પ્રફુલ્લ વાંછના હતી, જે આગળ ખુલ્લા વિસ્તારો, સ્વતંત્રતા અને અનંતતા તરફ વધતા રહેવાનું આહવાન આપતી હતી, જ્યાં સંતાવા – બીવાની જરૂર નહોતી, જ્યાં બધું જ પોતાના અસલી રૂપમાં જ નિર્વિઘ્ન પણે જીવે છે.

તૈગામાં દરેક ઠેકાણે બરફ જ બરફ હતો, ભીનાશથી ભારે, પડ્યે પડ્યે જામી ગયેલો બરફ, જેના પર અણીદાર પાંદડા અને શાખાઓ પરથી પડેલા બરફના ભૂખરા ધબ્બા પડ્યા હતા .તૈગા હજી જાગ્યું નહોતું, કોઈ અસ્પષ્ટ ચિંતનમાં ડૂબેલું હતું, તેના પર વધારામાં વૃક્ષોની શાખાઓ ઉપર તરફ ખેંચવા લાગી હતી, ભોજ વૃક્ષોની પર્ણહિનતા કોમળ થઈ ગઈ હતી, વૃક્ષોની છાલોમાંથી રાળ જેવી ગંધ ઉઠી રહી

હતી .શિયાળાની ઋતુમાં સફેદ અને કાળો રંગ જ સૌથી વધારે પ્રભાવી હતા, જયારે ફર અને એસ્પ વૃક્ષો એક સમાન કાળા નજરે પડતા હતા,અઠવાડીયાભરના સારા મોસમે એવું વાતાવરણ ઉભું કર્યું હતું કે દરેક શાખા તીક્ષ્ણ, સાફ અને નજીક દેખાવા લાગી .જયારે હવા ચાલતી ત્યારે બરફ ન તો આંધીમાં ધૂળની જેમ ઉપર ઉઠતો હતો, ન તો જમીન પર ધુમરાઈ ને આગળ વધતો હતો, બરફ મજબૂતી પૂર્વક ધરતી પર ફેલાઈ ગયો હતો, ત્યાં જ તેણે ઓગળવાનું પણ હતું .નિસંદેહ, હજી આકાશમાંથી ઘણીવાર બરફ પડશે, પણ માત્ર દેખાડા પુરતો જ અને પડેલો બરફ તરત જ જુના બરફ ઉપર સખત રીતે જામી જશે.

ગુસ્કોવ બહુવારસુધી વૃક્ષાચ્છાદિત ઢોળાવ પર થઇ આગલા ટેકરા સુધી ચાલતો અને તેના પરથી ઉતરીને અંગારા તરફ જતો હતો .અહીં નદી જમણી બાજુ વળી જતી હતી અને વર્ષ દર વર્ષ વધતા જતા કિનારાનો વિસ્તાર ફેલાઈ ગયો હતો .બેરીઓ, ઘાસ-પાંદડા અને મશરૂમોની વિપુલતાથી આ કિનારો બહુ સમૃદ્ધ હતો .કહેવાય છે કે ક્યારેક ઘણા ઘણા વખત પહેલા અહીં તાતારોનું ગામ હતું .પણ કોઈને એ ખબર નથી કે શા માટે તાતારો પારકી નદીના કિનારે પસંદ કરેલા સ્થાનેથી પોતાના મકાન સળગાવીને ચાલ્યા ગયા હતા .આવું બન્યું હતું કે નહિ તે કહેવું મુશ્કેલ છે, પરંતુ માનવીય હાથોએ અહી પોતાનું કામ કર્યું હતું તે પ્રત્યક્ષ દેખાતું હતું : હજી પણ જંગલમાં વૃક્ષો કાપીને સાફ કરેલા સ્થાનો, ખેતરો, ઘાસના મેદાનો નજરે પડતા હતા.

ગુસ્કોવ ફરીથી જામેલી અંગારા પર નદીની ઉપરની તરફ ચાલતો જતો હતો, ચાલતો તો શું – સ્કી પર દોડતો જતો હતો.

આ વિસ્તાર કોઈનો નહોતો - અહી સાવધાન રહેવું આવશ્યક હતું .પણ બીક એટલી બધી નહોતી .અહીં એક જીલ્લો પૂરો થતો હતો, પણ બીજો શરૂ થતો નહતો .પ્રશાસન દ્વારા વહેંચાયેલા લોકો એકબીજાને બહુ ઓછા જાણતા હતા .ગોળીઓના અવાજ સુધ્ધાને લોકો અલગ-અલગ સ્થાનોએથી આવેલા સમજતા હતા : ઉપરવાળા વિસ્તારમાં રહેનારા લોકો સમજતા હતા કે નીચેવાળા ગોળી ચલાવી રહ્યા છે, નીચેવાળા સમજતા હતા કે ઉપરવાળા .ગુસ્કોવે માત્ર આ જ જગ્યાએ શિકાર કરવાનો ફેંસલો કર્યો.

બે દિવસ તે કિનારા પરથી જ જંગલી બકરાઓ પર નજર રાખતો રહ્યો .તેણે બે વાર જોયું કે કેવી રીતે તેઓ પથરાળ ટાપુ પરથી પસાર થઈને અંગારા નદી પાર કરી રહ્યા હતા .ત્રીજે દિવસે તે ફરી ટાપુ પર આવી ગયો અને તેણે નીચલા ઢોળાવમાં સંતાવાની જગ્યા કરી લીધી .બકરાં અહીંથી પસાર થતા હતા . અહીંથી બંને કિનારાઓ સ્પષ્ટપણે નજરે પડતા હતા .ડાબો કિનારો થોડો નજીક અને જમણો દૂર .આ

દ્રષ્ટિએ આ જગ્યા અત્યંત સુવિધાજનક હતી, પરંતુ નદીના નીચલા ભાગ તરફથી વહેતી હવાને માટે આ જગ્યા બહુ ખુલ્લી હતી .એ કારણે પ્રખર ઠંડી હવા એકધાર્યા થપેડા મારતી હતી .ગુસ્કોવ તેનાથી બચતો પથ્થરો તરફ આગળ વધી ગયો, જે ટાપુની વચ્ચોવચ વિશાળ કબર જેવો લાગતો હતો .અહી તેને એકાએકતિરાડની પાછળ ઊંડા અને લાંબા ખાડા જેવું કંઈક દેખાયું, જે ગુફા જેવો લાગતો હતો .તેમાં બળેલા તાપણાના ચિહ્નો હતા બધું જોઈ –પારખીને ગુસ્કોવ અચરજપૂર્વક મરક્યો અને પછી હસી પડ્યો : આવી શોધનું તેણે સ્વપ્નું પણ જોયું નહોતું .તેને લાગ્યું કે આ સુરક્ષિત સ્થાન જરૂર તેના કામમાં આવશે, પણ કેવી રીતે, તે તેને ખબર નહોતી.

તેણે તાપણું સળગાવ્યું .શરીરને ગરમાવો આપીને ગુસ્કોવે નક્કી કર્યું કે જો આજે શિકારમાં સફળતા નહિ મળે તો તે ઝૂંપડીમાં પાછો નહિ જાય અને અહીં જ રાત વિતાવશે .શા માટે વ્યર્થમાં આટલું લાંબુ અંતર કાપી પોતાના પગને તકલીફ આપવી !હવે ટાપુ પર પણ આશ્રયસ્થાન થઇ ગયું છે અને તે પણ કેવું સરસ !રાત્રે ઠંડી જરૂર લાગશે , પણ આગ હોવાથી કોઈ બીક નહિ રહે .ક્યારેક કોઈ અહી ચોક્કસપણે સંતાઈને રહ્યું હશે – કાં તો ખરાબ મોસમથી, કે પછી લોકોથી .વધારે પડતી સંભાવના છે લોકોથી, નહિ તો શા માટે દુર્ભાગ્ય અહી સુધી કોઈને ખેંચી લાવે .જોયું અહીં કેટલી રાખ એકઠી થયેલી છે - કાળા પથ્થર સમી .એ માણસે અહીં માત્ર એક જ રાત નથી વિતાવી .હા, એ વાતને સમય ઘણો થઇ ગયો હોય એમ લાગે છે .તે માણસે લાગે છે કે પોતાના અંધકારભર્યા ખરાબ દિવસો ઘણાં લાંબા સમય સુધી વિતાવ્યા હતા.

આશ્ચર્ય છે, અન્દ્રેઈ પહેલા આ પથરાળ ટાપુ પર શા માટે ન આવ્યો .તદ્દન નજીક છે પણ નજરોથી બહાર રહ્યો .કેટલીયે વાર તે ટાપુની સામેથી જહાજ પર પસાર થયો હશે, વિશાલ ખડકો પર નજરો માંડી એકીટશે જોતો રહ્યો હશે, પણ અહીં સુધી પહોંચવાનો પ્રસંગ નહોતો પડ્યો .ઉભા કિનારાવાળો, પથ્થરો તથા વૃક્ષોથી ઢંકાયેલો, અજાણ્યો અને અશુભ જેવો દેખાતો ટાપુ કદાચ બીજાઓને પણ તેનાથી વધારે સારો ન લાગત.

અન્દ્રેઈએ ટાપુ પર રાત વિતાવી .એ વાતથી તેને સંતોષનો અનુભવ થયો કે તે ગુફામાં પથ્થરોની વચ્ચોવચ, તેના હાર્દમાં સુતો છે, જ્યાં તેના સુધી કોઇપણ તરફથી પહોચવું અસંભવ છે .સાંજથી જ તેણે સૂકાં લાકડાં સળગાવી લીધાં, પોતાના સૂવાની જગ્યા ગરમ કરી લીધી .તે ગરમી તથા શાંતિમાં ડૂબેલો ઊંઘતો રહ્યો - હંમેશાના ખતરા વગર, તીવ્ર, સ્થાયી ખેંચથી મુક્ત, જે તેને ઊંઘમાં પણ નહોતા છોડતા.

સવારે બહુ મોડા તે ટાપુ પર નીકળ્યો : પહેલા ચા ઉકાળી અને મગ વડે હોઠને દઝાડતા પીધી, પછી

પોતાની જાતને ઊઠવા, ઠંડીમાં બહાર નીકળવા માટે ફરજ પાડી.... નીચલી હવા રોકાઈ ગઈ હતી પણ ઉત્તરી હવા નિ:શબ્દ એકધારી વહી રહી હતી .સવાર ધૂંધળી, ધુમ્મસવાળી અને માણસ - જાનવર બધાને સજાગ રહેવાની ચેતવણી આપતી હતી .આવાં અનિશ્ચિત, અસ્થિર વાતાવરણમાં બકરાં ભાગ્યેજ અંગારા પાર કરવા નીકળશે .કદાચ તેણે પર્વત શૃંખલાના કિનારે કિનારે ધીમે રહીને પાછા ફરી જવું જોઈએ – કોને ખબર બીજું કઈ નહિ તો ખિસકોલી જ મળી જાય ?

તે વિચારી જ રહ્યો હતો કે શું કરે અને આગળ જવા ડાબા કિનારા તરફ વળ્યો જ હતો કે ઢોળાવવાળા કિનારા પર નીચે ઉતરવા જતાં જ ત્રણ બકરાં દેખાયા .આ રહ્યા બચ્ચાઓ ! વૃક્ષની પાછળ સંતાઈને તેણે ખભા પરથી બંદૂક ઉતારી લીધી, મોટી છલાંગો મારતા, જામેલા બરફમાં ખૂંપતા પગ કાઢતા, નદીની શાખા પાર કરીને તેઓ તેની તરફ જ આગળ વધી રહ્યા હતા .એવી કઈ વસ્તુ હતી કે જે તેમને અહીં ખેંચી લાવી રહી હતી? સંભવ છે ફરીવાર ચારે બાજુએથી ખુલ્લા સ્થાનમાં બહાર નીકળતા પહેલા ઓછામાં ઓછા પળવાર માટે ઝાડીઓમાં ધુસવા અને ભય ઓછો કરવાની ઈચ્છા....

એકબીજાની પાછળ પાછળ ચાલતા તેઓ નજીક આવતા જઈ રહ્યા હતાં .ગુસ્કોવને તેમના ચડેલા શ્વાસની એકધારી હાંફ સ્પષ્ટપણે સંભળાઈ રહી હતી .ટાપુ સુધી માત્ર સો મીટરનું જ અંતર રહી ગયું હતું કે ત્યાં જ બકરાં કોઈ વાતથી સાવધાન થઇ ગયા અને આગલો બકરો ટાપુથી નીચેની તરફ વળી ગયો . અન્દ્રેઈએ ગોળી છોડી .સૌથી પાછળ ભાગતો બકરો લથડિયું ખાઈ ગયો, તેણે લાંબી છલાંગ મારી - પણ તે આગળની તરફ નહીં, એક બાજુ પડી ગયો.

અન્દ્રેઈ દોડીને તેની પાસે પહોચ્યો, તે હજી જીવતો હતો .ઘરઘર કરતા અને પગ પટકતાં તે બરફને પોતાની નીચે એકઠો કરી રહ્યો હતો; આંખો લોહીથી ભરાઈ ઊઠી હતી, માથું ક્યારેક ઊઠતુ હતું તો ક્યારેક પડી જતું હતું .અન્દ્રેઈએ તેના પર કરવો જોઈતો હતો તેમ છેલ્લીવાર હુમલો ન કર્યો, પણ ઊભો ઊભો એટલા ધ્યાનપૂર્વક જોતો રહ્યો કે તેની એક હરકત પણ આંખોથી ઓઝલ ન થઇ જાય .તે જોતો રહ્યો કે કેવી રીતે દમ તોડતું જાનવર યાતના પામી રહ્યું હતું, કેવી રીતે તેનું શરીર આમળીયા લઈ રહ્યું હતું, કેવી રીતે માથું બરફમાં આળોટી રહ્યું હતું, મરવાના થોડી વાર પહેલા તેણે બકરાનું માથું હાથમાં ઉઠાવ્યું અને તેની પથરાયેલી આંખોમાં તાકવા લાગ્યો – તેને તેમના તરતા ઊંડાણમાં પોતાની જાતને મળતા આવતા બે અસ્તવ્યસ્ત અને ભયંકર શેતાની ચહેરા દેખાયા.

તે જાનવરની અંતિમ હિલચાલની રાહ જોઈ રહ્યો હતો .જેથી યાદ રાખી શકે કે તે કેવી રીતે આંખોમાં પ્રતિબિંબિત થશે, પરંતુ એ જોવાનું તે ચૂકી ગયો .તેને લાગ્યું કે એ ક્ષણે બકરાની આંખો અંદરની તરફ

તાકી રહી હતી.

 ક્યારેક ક્યારેક તે ઉપલી ઝૂંપડીમાં ચાલ્યો જતો હતો .તે નીચલી ઝૂંપડીની સરખામણીમાં મજબૂત, વધારે સારી અને મોટી હતી .લાર્ચ વૃક્ષના લાકડાથી બનેલી અને પહાડી પર ઉભેલી તે ચિરસ્થાયી જેવી દેખાતી હતી .તેની ચારે બાજુના ખેતરો જાણે ક્યારનાય વેરાન પડ્યા હતાં, તેમાં જંગલી ઘાસ - ઝાડીઝાંખડ ઊગી આવ્યા હતાં; પરંતુ નજીકમાં જ એસ્પ વૃક્ષોની અસમાન પંક્તિની પાછળ ગોળ, મનોરમ્ય મેદાન ચમકી રહ્યું હતું .વિચારોમાં ડૂબેલા અન્દ્રેઈના મનમાં એકવાર અચાનક ઈચ્છા જાગી કે તેને અહીં દફનાવવામાં આવે - એસ્પ વૃક્ષોની પંક્તિ અને મેદાનની વચ્ચોવચ .અહીં જગ્યા સુકી અને આકર્ષક છે , વૃક્ષો પરથી પાંદડા ખરતા રહેશે, પક્ષીઓ ઊડી ઊડીને આવશે અને ગીતો ગાતાં રહેશે અને જાનવરો પણ ઝૂંપડીથી બીને પાસે નહિ ફટકે.

ઝૂંપડીમાં ચૂલો નહોતો, કોઈ ઊઠાવીને લઈ ગયું હતું, નીચે નદી સુધી ઘસડીને લઈ જવામાં તેને આળસ નહોતી આવી .અને કદાચ તે સારું જ હતું : પોતાની જાત પર કાબૂ ના રાખીને જો આગ સળગાવી દેત તો પહાડ પરથી ધુમાડાની રેખા ઊઠત અને અતામાંનોવ્કાથી સ્પષ્ટપણે દેખાઈ જાત .ગરમ મોસમમાં, જયારે તેને અહીં આવીને રહેવું પડશે ત્યારે ચૂલાની જરૂર નહી પડે .હાલ પૂરતાં તે અહીં દિવસ પુરતો જ આવતો હતો અને ઠંડી લાગવા માંડતી તો તે કસરત કરવા લાગતો અને આગ વિના જ પોતાને ગરમાવો આપી દેતો .આમેય ઠંડી ઓછી થઈ રહી હતી .દિવસમાં એવી ગરમી પડતી હતી કે ચામડાનો કોટ નકામો થઇ જતો.

જલ્દી જ બરફ પણ ઓગળીને વહેવા લાગશે, કલકલ કરતાં ઝરણાં વહેવા લાગશે અને તેની પાસે ન તો ન તો જૂતા છે કે ન તો બંડી.

અન્દ્રેઈ અનુભવ કરી રહ્યો હતો : અહીં ખબર નહી કેમ , તે બેબાકળો થઇ જાય છે, પોતાની જાતને જાણે તદ્દન બીજો જ અન્દ્રેઈ હોય એવો અનુભવે છે .નીચલી ઝૂંપડીમાં તેને ચેન મળતું હતું .તે જગ્યાથી તે અભ્યસ્ત થઇ ગયો હતો, ત્યાં તે પોતાના ચામડાના કોટમાં જ લપાઈને બેસી રહેતો હતો, અને વિચારતો રહેતો હતો .તેના જીવનનો ઉદ્દેશ્ય સમેટાઈને માત્ર આ જ સવાલો સુધી સીમિત રહી ગયો હતો : શું કરે? કાલે ક્યાં જાય ? કેવી રીતે એક વસ્તુ પ્રાપ્ત કરે, પછી બીજી? કેવી રીતે ભૂખ શાંત કરે ? તે આગળ ભવિષ્યમાં ડોકિયું નહોતો કરતો, ન તો અતીતને યાદ કરવાનો પ્રયત્ન કરતો , પોતાની સ્મૃતિમાં આ જ ક્ષણોને તાજી રાખવાનો પ્રયાસ કરતો, જે અહીંથી જ શરૂ થઇ હતી .પેટ ભરવા અને શ્વાસ લેવા સુધી સીમિત પોતાની આ જિંદગીથી તે સંતુષ્ટ હતો .પણ અહીં તે નબળો પડી જતો હતો, પોતાને રોગગ્રસ્ત

અનુભવતો હતો, અનાવશ્યક વિચાર અનાયાસે જ ઘેરાઈ આવતા હતાં, જેમને જેટલા સમેટી શકો તેટલા સમેટો, પણ તેમ છતાં તેનો કોઈ આરો કે અંત નહોતો .દસ તાળામાં બંધ, વર્જિત, પાછળથી આવતી પ્રાયશ્ચિતની ભાવના પીછો કરવા લગતી.

હવે શા માટે ચિંતા કરે, શા માટે વિચારે? વ્યર્થમાં જ શા માટે હૈયું બાળે ? કહેવાય છે ને કે "કોણી પાસે છે પણ તે છતાં કરડી નથી શકાતું." એકવાર આ કહેવત અચાનક યાદ આવતા જ તેણે બીજા હાથે કોણી પકડી લીધી અને પૂરી તાકાતથી દાંત તરફ લઈ ગયો – કોણ જાણે કરડી જ લે ? પણ જયારે કોણી મોં સુધી ન પહોચી અને ગરદનમાં અસહ્ય દર્દ થવા માંડયું ત્યારે તે સંતુષ્ટ થઇ હસી પડ્યો: કહેવત તદ્દન સાચી છે .એનો અર્થ એ કે એના કરતા પહેલા લોકોએ પ્રયત્ન કર્યો હશે, પણ સફળતા નહિ મળી હોય.

અહીં તે પોતાની જાત પ્રત્યે ધૃણા કરતો હતો અને બીતો પણ હતો .તે પોતાની જાત માટે જ અસહ્ય થઇ પડતો અને વિચારવા લાગતો કે કેવી રીતે પોતાની જાતને પરેશાન કરે જેથી સ્થિતિ વધારે ખરાબ થઇ જાય .તે પોતાની જાતને યાતના આપતા ધમકાવતો : જો, તારો કાળ આવવાનો જ છે ! પછી ખોફથી ભરાઈ ઊઠતો ; વાસ્તવમાં તે કાળ આવી જ જશે, તે ઘડી અવશ્ય આવશે ! આવીને એવો વાર કરશે કે તે ઊઠી પણ નહિ શકે, પોતાની જાતને સંભાળવાનો સમય પણ નહિ મળે.

આ ગાંડપણ તેની સમજ બહાર હતું .શું આ લાંબી જિંદગી માટે બનેલી ઝૂંપડી, તેની ચોમેર ફેલાયેલા સ્થાનની રોનક અને તરુણાઈ હતાં, અહીંથી વૃક્ષોની પાછળથી ડોકાતો અંગારાનો બરફાચ્છાદિત ખાડા-ટેકરાવાળો થઇ ગયેલો વિસ્તાર અને દૂર દૂર, બીજા કિનારા પર નજરે પડતાં અતામાંનોવ્કાનો કોઈ છોર હતો, કે પછી એવી કોઈ અજ્ઞાત વસ્તુ હતી જે તેની આવી મન:સ્થિતિને જન્મ આપી રહી હતી .જે કંઈપણ હોય આ મન:સ્થિતિ તેના પર હાવિ થઇ જતી, તેને જકડી લેતી - અને ત્યારે કેમેય કરીને તેમાંથી ન છૂટતો.

પણ આ બધું તેને અહીં ખેંચી લાવતું હતું – જાણે કોઈ મીઠા પાપ તરફ ખેંચી લાવતું હોય..
પહેલા બકરાને માર્યે કોઈ એક અઠવાડિયું વીત્યું હતું કે ત્યારબાદ તેણે એ જ પથરાળ ટાપુ પર બીજા બકરાને માર્યો : તેને સ્કી પર નાંખીને તે નીચલી ઝૂંપડીમાં ખેંચી લાવ્યો અને ખાલ ઉતારીને તેના ટુકડાં કરી લીધા અને માંસ ઉપર છત નીચે મૂકી દીધું.

સવારે સવારે બહાર નીકળતી વખતે તેણે બારણું ખોલ્યું તો તે 'સડક' રહી ગયો : મોટો ભૂખરો કુતરો લાંબી છલાંગ લગાવીને દરવાજાથી દૂર કૂદી ગયો અને દાંતિયા કરતો તેની પર નજરો સ્થિર કરીને

ઊભો થઇ ગયો .શરૂઆતમાં અન્દ્રેઈની સમજમાં એ ના આવ્યું કે તે વરૂ છે .તે દુબળું – પાતળું અને લાંબુ હતું, લાંબા બરછટ વાળ ખરતી વખતે થાય તેવા ક્યાંક ક્યાંક ગુચ્છો વળી ગયેલા દેખાતા હતાં .તે અન્દ્રેઈ તરફ એવા ખુંખાર ક્રોધથી જોઈ રહ્યું હતું કે તેણે બંદૂક ઉઠાવી લીધી .પણ કંઈક વિચારીને ગોળી ન ચલાવી .વરુ વૃદ્ધ અને સમજદાર નીકળ્યું : નિશાન તાકેલું જોઈને પહાડી તરફ ભાગી ગયું, પણ ગોળીનો અવાજ ના સાંભળીને ફરીથી રોકાઈ ગયું અને ઘુરકિયા કરવા લાગ્યું.

ત્યારથી તે રાત્રે રોજ ઝૂંપડી પાસે આવવા લાગ્યું .તેણે જ અન્દ્રેઈને હોંકારો કરવાનું શીખવાડી દીધું.

વરુ આવીને ઝૂંપડીના પાછલા ભાગમાં ગોઠવાઈ જતું અને એકી શ્વાસે પોતાનું ભયંકર અને તીણું ગીત ખેંચવા લાગતું .ભાલાની જેમ વેધક અવાજ અંધારાને ચીરતો એવી રીતે તેના ગળામાંથી નીકળતો હતો કે ધરતી પર બધું જાણે તેની આગળ ફિક્કું પડી જતું લાગતું .એકવાર તો અન્દ્રેઈ પોતે કોઇપણ રીતે આ જાનવરને બીવડાવી શકતો નથી એ વાતે વ્યથિત થતા બારણું થોડું ખોલીને ક્રોધપૂર્વક તેને ચીઢવતા પોતે પણ હોંકારો કરવા લાગ્યો .જવાબ આપતા જ તે આશ્ચર્યમાં પડી ગયો : તેનો અવાજ વરુના અવાજ સાથે એટલો બધો મળતો આવતો હતો .આ લો એક બીજું જગ-સત્ સાબિત થઇ ગયું : વરુઓ સાથે રહેવું અને વરૂઓની જેમ બરાડવું .“ચલો, આ ભલા લોકોને બીવડાવવા ના કામમાં આવશે,” દુર્ભાવસભર પ્રસન્નતા અને પ્રતીશોધાત્મક ગર્વથી અન્દ્રેઈએ વિચાર્યું .તે ધ્યાનપૂર્વક વરુનો અવાજ સાંભળતો અને કોઈ અજ્ઞાત પ્રસન્નતા, લાલસા અને અધીરાઈ સાથે પોતે બરાડી ઊઠતો .વરુ પોતે જ્યાં જરૂર જણાતી ત્યાં તેનું સંશોધન કરી દેતું .ધીરે ધીરે, રાત-દર-રાત અન્દ્રેઈ ગળું દબાવવાનો અને માથું પાછળ ફેંકવાનો ગુર સમજીને પોતાના અવાજમાંથી નકામી કર્કશતા દૂર કરવાનું શીખી ગયો.

છેવટે તેનો અવાજ મોટો અને સ્પષ્ટ થઈ ગયો, તે આકાશને ચીરતો ઉપર તરફ જતો .છેવટે વરુએ હર માની લીધી અને આવવાનું બંધ કરી દીધું .અન્દ્રેઈ હવે તેના વગર કામ ચલાવી શકતો હતો .જયારે તેના માટે સ્થિતિ અસહ્ય થઇ જતી ત્યારે તે બારણું ખોલતો અને જાણે મજાકમાં જ તૈગા પર કરુણા અને પોકારભરી વરુના જેવી ચીસ પડતો .પછી ધ્યાનથી સાંભળતો કે કેવી રીતે તેની ચોમેર બધું સુમસામ અને જડવત થતું જઈ રહ્યું છે.

પ્રકરણ ૯

માર્ચના મધ્યમાં અતામાંનોવ્કામાં મોરચા પરથી પહેલો સૈનિક- મેક્સિમ વોલોઝીન પાછો આવ્યો.આમ તો જો કે પ્યોત્ર લુંકોવ્નીકોવની ગણતરી કરવામાં આવે તો તે પહેલો નહિ બીજો હતો.પ્યોત્રને યુધ્ધના

બીજા વર્ષે જ ઘેર જવાની રાજા મળી ગઈ હતી, પણ એ રજા મળી હતી મરવા માટે.બે મહિના સુધી તે લગભગ ઘરમાંથી બહાર નીકળ્યો જ નહોતો, તાવમાં તરફડતો રહ્યો અને ઓક્ટોબરના આરંભમાં, જયારે ખેતરો અને બગીચાઓમાં કામ પૂરું થઇ ગયું હતું ત્યારે તે ચુપચાપ અવસાન પામ્યો.એટલું સારું હતું કે તેની કબર પ્રદેશમાં નહિ પણ પોતાના ગામમાં જ હતી.

મેક્સિમ ભલે ઘવાયેલો હતો પણ તેમ છતાંય હંમેશાં માટે પાછો આવ્યો હતો-જીવવા માટે .અતામાંનોવ્કા તેનાં આગમનથી આતુર થઇ ગયું .જો ઘવાયેલાઓને તેમનાં ઘેર મોકલવામાં આવી રહ્યાં છે તો એનો અર્થ એ છે કે યુદ્ધનો અંત નજીક છે અને બહુ જલ્દી બીજાઓ પણ વારાફરતી પાછા આવવા લાગશે .અહીં મોટી વાત છે રસ્તો બતાવવો,પછી તો બીજા પણ તેનાં પર ચાલવા લાગશે.એ વાત જુદી છે કે હવે પાછા ફરનારાઓ રહી જ કેટલા ગયા છે.ઇન્નોકેન્તી ઇવાનોવિચે, જેને દરેક વાતનો પાકો હિસાબ રાખવાની ટેવ હતી તેણે, ગણતરી કરી બતાવી હતી કે અતામાંનોવ્કાના મરદો પર શી વીતી છે :બે માણસો ફિનલેન્ડની લડાઈમાં ખપી ગયાં, અઢાર આ લડાઈમાં મોરચે જવા રવાના થયાં હતાં.આજની તારીખમાં એક)મેક્સિમ વોલોઝ્જીન (પ્રમાણિક રૂપે જીવતો છે, એક) પ્યોત્ર લુંકોવ્નીકોવ (પ્રમાણિક રીતે કબ્રસ્તાનમાં દફ્નાવાયેલો છે,દસ જણાનાં માર્યા ગયાના સમાચાર તેમની પત્નીઓને મળી ચુક્યા છે, બાકી મોરચા પર લડી રહ્યાં છે .બહુ સરળ ગણિત છે .ગામ નાનકડું છે અને વેઢે ગણી શકાય તેટલા લોકો છે.

તે દિવસે નાસ્ત્યોના, નાદ્કા અને લીઝા વોલોઝ્જીના વખારની નજીક ખળામાં બીજ માટે જવ સાફ કરી રહ્યાં હતાં .બપોરના સમયે નેસ્તોર પોતાના કાર્કાને પૂરપાટ વેગે દોડાવતો ચાલ્યો આવ્યો, તેણે એટલી જોરથી લગામ ખેંચી કે ઘોડો પાછલા પગ પર ઊભો રહી ગયો .નેસ્તોર બરાડ્યો" :એય ,લીઝાવેલા ! જલ્દી મારા ઘોડા પર બેસી જા ! સાંભળે છે ! જલ્દી ! મેક્સિમ આવી ગયો"!

લીઝા ગભરાઈને તેનાથી પાછળ હટી ગઈ, તેનાં ચહેરા પરની રંગત ઊડી ગઈ અને તે ધ્રુસ્કેધ્રુસ્કે રડી પડી.રડતી રડતી તે ગામ તરફ દોડી ગઈ.અતામાંનોવ્કામાં ત્યાર સુધીમાં દોડાદોડી શરૂ થઇ ગઈ હતી.વખારવાળી પહાડી પરથી સ્પષ્ટપણે દેખાતું હતું કેવી રીતે બાળકો અને કુતરાઓ વોલોઝ્જીનના ઘર તરફ દોડતા જઈ રહ્યાં હતાં, કેવી રીતે એ જ બાજુ ઉત્તેજના પૂર્વક વાતચીત કરતા વૃધ્ધો ખેંચાઈને ચાલ્યાં જતા હતાં .નેસ્તોર ફરીથી ગોળીઓ ચલાવતો અને આ ભાગાદોડીમાં વધારો કરતો પોતાનાં ઘોડા પર તીરની જેમ ક્યાંક ચાલ્યો ગયો .બધાં તેનાથી ગભરાઈને તરત જ પાછળ હઠી ગયાં .કાર્કા ગોળીઓના ધમાકાથી ઊછળી રહ્યો હતો અને ધૂરકાટ કરીરહ્યો હતો, પણ નેસ્તોરને રોકવો અસંભવ હતો .અતામાંનોવ્કાના ક્યારેક એક ખૂણે તો ક્યારેક બીજે ખૂણે પુરપાટ વેગે દોડતા તે એકધારી ગોળીઓ છોડતો જઈ રહ્યો હતો.

“ચાલો, આ પ્રમાણે ભલે પોતાની હોંશિયારી બતાવી દે,” નાદ્કાએ ચીઢપૂર્વક કહ્યું, “જનરલ ક્યાકનો! ” તે અનાજના થેલા પર બેસી ગઈ અને બળાપામાં અને નિરાશાભર્યા સ્વરમાં બોલી : “મારો પતિ જીવતો નહોતો બચી શકતો શું ...તું શું મારી તરફ આંખો ફાડીને જોઈ રહી છે? હું શું સાચું નથી કહી રહી ?” તે આશ્ચર્યચકિત નાસ્ત્યોના પર વરસી પડી,” છોકરાઓની લાઈન લગાડી દીધી અને પોતે.... વીરગતિ પામ્યો ..હું તેની વિરગતિનું હવે શું કરું ? એનાથી એમનું પેટ ભરાવાનું છે ?” નાદ્કાએ પોતાના ઘર તરફ માથું ફેરવ્યું, જ્યાં તેનાં ત્રણે બાળકો હતાં અને તે રડી પડી -ધૂળ ખરડાયેલા ચહેરા પર આંસુ સારતી . “આ વણઝાર સાથે મારી સાથે કોણ લગ્ન કરશે ? મારી ઉંમર પણ કેટલી છે -બસ સત્યાવીશ વર્ષ !બસ બધું પતિ ગયું, જહન્નુમમાં જાય બધું! ”

તે દિવસે વધારે કામ ન થયું .સાફ કરેલા જવ એકઠા કરીને તેઓ ઘેર ચાલ્યાં ગયાં.રસ્તામાં ચોકીદારને કહેતા ગયાં કે તે વખાર બંધ કરી દે.

ઘરમાં સેમ્યોનોવ્ના સુધ્ધા ભઠ્ઠીના ચબુતરા ઉપરથી નીચે ઉતરી આવી .કણસતી અને દરેક ડગલે લથડતી તે પોતાનાં સુજેલાં પગ સીધા કરી રહી હતી .ઉત્તેજિત અને પારેશાન જેવો મીખેઈચ તેની બાજુમાં પગ બદલતો બેઠો હતો .નાસ્ત્યોનાને જોઈ તે ખુશ થઇ ગયો: “સાંભળ્યું તેં, મક્સીમ વોલોઝ્જીન પાછો આવી ગયો ?”

“સાંભળ્યું."

“તું ત્યાં ના ગઈ ?”

“નાં! ”

“જવું તો જોઈએને... કોને ખબર , તેને અન્દ્રેઈ વિષે કઈ ખબર હોય તો.”

“અરે, તું જાતે જ ચાલ્યો જાત,” સેમ્યોનોવ્ના દુઃખી થતી બોલી ઊઠી , “વધારે ભણેલો ગણેલો .આ તો સારી રીતે પૂછત પણ નૈ.”

“પૂછવાનું શું છે ? કહેવાનું કઈ હશે તો જાતે જ કહી દેશે.”

“ઠીક છે, જે મનમાં આવે તો કો.”

નાસ્ત્યોના જોઈ રહી હતી કે જ્યારથી અન્દ્રેઈ ગાયબ થઇ ગયો હતો ત્યારથી મિખેઈચ લોકોથી કેવી રીતે દૂર રહેવા લાગ્યો હતો .બેશક , તબેલામાં પણ લોકોથી કેવી રીતે દૂર રહેતો હતો .ઘેર પાછો આવીને તે ખૂણામાં જ લપાઈને બેસી રહેતો હતો .બીજા વૃધ્ધો સાથે બેસીને તમાકુ પીવાનું કે વાતચીત કરવા બહાર નીકળવાનું તેનું ઓછું ને ઓછું થતું જઈ રહ્યું હતું .ત્યાં સુધી કે જયારે કોઈ તેની પાસે પણ આવતું ત્યારે તે વધારે વખત ચુપ જ રહેતો .તેનામાં વાતચીત દરમ્યાન માથું ધૂણાવવાની નવી ટેવ આવી ગઈ હતી . આમ જાણે તે વાત કરનારની સાથે પોતાની સંમતિ જાહેર કરતો ન હોય , પણ હકીકતમાં વધારે સંભાવના એની જ હતી કે પોતે ઓછું બોલવા માટે આમ કરતો હતો .પોતાનાં વિચારોમાં ખોવાયેલો તે ક્યારેક ક્યારેક અસ્થિર અને નિર્જીવ આંખે સામેવાળા તરફ જોતો અને અન્યમનસ્કપણે જ માથું હલાવી ઊઠતો . તે કદાચ પોતે પોતાનાં ભાનમાં પણ નહોતો .કોણ જાણે એ ક્ષણોમાં તેનાં મગજમાં શું ચાલતું હશે, કઈ વાત પર તે પોતાને ભરોસો આપી રહ્યો હશે .પરંતુ માથા પર ઘુમરાઈ રહેલી કોઈ અસ્પષ્ટ અને અપ્રિય સંભાવનાની પોતાને તાકીદ જરૂર આપતો હતો .તેને એ આશંકા અવશ્યપણે હતી કે કંઈક અનિચ્છનીય થવા જઈ રહ્યું છે.

આં વર્ષે તે પોતાનાં સાતમાં દાયકાનું બરાબર અડધિયું પાર કરવાનો હતો .યુદ્ધ પહેલા ઠાઠથી ઉપરની તરફ વળ ચઢેલી મૂંછો હવે નીચે લટકી ગઈ હતી અને તેનો રંગ ફિક્કો પડી ગયો હતો .મિખેઈચનું રંગરૂપ પણ એટલું કલાંત અને આશા વિહોણું થઇ ગયું હતું કે તેને ન તો ઊંઘ કે ન તો આરામ સ્ફૂર્તિ અપાવી શકતાં હતાં .તે સીધો ટટ્ટાર ચાલતો હતો – માથું પાછળ રાખીને, પરંતુ ગયાં વર્ષથી તે પહેલા જર્મન યુધ્ધમાં ઘવાયેલા પગને વધારે ઢસેડવા લાગ્યો હતો .બેસતાં જ તે પોતાનું માથું નીચું ઝુકાવી લેતો હતો, આંખો મીંચી લેતો અને તમાકુ પીને પોતાની અંદરથી બોદો અવાજ કાઢતો જે ગુંજતી .ખાંસીમાં ડૂબી જતો .વધારે વાર સહન ન કરી શકતા સેમ્યોનોવ્ના તેને ચુપ કરવા ભઠ્ઠી પરથી બુમ પાડી કહેતી, પણ તે જવાબમાં એકધાર્યો ખાંસતો જ રહેતો .ખાંસતા ખાંસતા આંગણામાં નીકળી જતો.અને કોઈ કામમાં ડૂબી ધીમે ધીમે શાંત થઇ જતો .તેમ છતાં ત્યાર પછી પણ બહુવાર સુધી મુશ્કેલીપૂર્વક , સીટી જેવો અવાજ આવતો શ્વાસ ભરતો .પણ ઘણું કરીને તે તમાકુથી જ ખાંસીનો ઈલાજ કરતો .એ ખુમારીને સ્થાયી રૂપે જાળવી રાખવા કે પછી ઝેરનો ઈલાજ ઝેરથી જ કરવા જેવું હતું – જેટલું વધારે તેટલું જ પ્રચંડ અને અધીર.

તેનો અવાજ દબાયેલા જેવો અને ધીમો પડી ગયેલો હતો, આંખો એકદમ ઝીણી થઇ ગઈ હતી, જાણે બોજથી ખાડામાં બેસી ન ગઈ હોય .સુકલકડી ચહેરો વધારે અણીયાળો થઇ ગયો હતો .એક જ વર્ષમાં

મિખેઈચની એવી હાલત થઈ ગઈ હતી કે એ વિષયમાં વિચારીને નાસ્ત્યોના બીવા લાગી હતી--હવે શું થશે ."વહુ, તું જઈ આવ," તે નાસ્ત્યોનાને મોકલવા લાગ્યો, "મારે અત્યારે તબેલામાં જવાનું છે."

વોલોઝ્જીનને ત્યાં એકલા ન જવું પડે એટલા માટે નાસ્ત્યોના નાદ્કાને ત્યાં દોડી ગઈ .તે હમેશની જેમ પોતાનાં બાળકોમાં ગુંથાયેલી હતી .કદાચ હમણાં હમણાં જ મેથીપાક ખાધેલ નાની લીદ્કાં, જે પિતાના ગયાં પછી જન્મી હતી તે, ફર્શ પર બેઠી બેઠી સપ્તમ સુરમાં ચીસો પડી રડી રહી હતી .પલંગની પાસે પેત્કા ડુસકા ભરી રહ્યો હતો .સૌથી મોટો રોદ્કા બારી તરફ મોં કરી ઊભો હતો .નાદ્કા બબડતી રસોડાના સાંકડા ખૂણામાં વાસણ પછાડી રહી હતી અને વચ્ચે વચ્ચે ગળું ફાડીને બાળકોને ચૂપ કરવા બરાડી રહી હતી.

"વિચારતી હતી કે બે દિવસ ચલાવી લઈશ .આવીને જોંઉ છું તો આ બધાં તેને ચટકરી ગયાં," તે નાસ્ત્યોનાને ફરિયાદ કરવા લાગી,"તું જ કહે, ખાઉધરા નહિ તો બીજા કેવા કહું? મુઆઓએ શોધી જ લીધું .ઓહિયાં કરી ગયાં, ગાળામાં કોળિયો સુધ્ધા ન અટક્યો, હવે હું તમને ખવડાવીશ ! ત્રણ દિવસ એક દાણો પણ નહિ મળે .તું ચૂપ થશે કે નહિ ?" તે ફરીથી લીદ્કા પર બરાડી,"તને મારી પાસેથી કઈ કરાવીને જ ચેન મળશે .જો તો , જાતે જ પોતાનું પેટ ભરી લીધું અને જાતે જ ચીસાચીસ કરી રહી છે એવી રીતે કે જાણે ભૂલ મારી છે, હાય રે ! તમે બધાં નરકમાં કેમ નથી ચાલ્યાં જતા ? હવે હું શેનાથી તમારું પેટ ભરીશ? મારી પાસે એકવાર ચાલે એટલો જ લોટ વધ્યો છે .આ પછી તો માત્ર એક જ રસ્તો છે – બધાં એકસાથે અંગારામાં કુદી જઈએ .મેં બે વાર તો આ લોટ રોકકળ કરીને લીધો છે, હવે કોઈ નહિ આપે .આમની અક્કલમાં તો એ વાત રત્તીભર નથી આવતી .અને આ ગધેડો કંઈ નાનો થોડો છે હવે," નાદ્કાએ રોદ્કા તરફ હાથ ઉઠાવ્યો, "એણે તો કંઈ સમજવું જોઈએ .પણ ના , બસ, હમણાં કોઇપણ રીતે પેટમાં ઠાંસી લો, માને ધોખો આપી લો .મેં પાંઉરોટી શું મારા માટે સંતાડીને રાખી હતી? અરે નાલાયકો, તમારાં માટે જ રાખી હતી જેથી તમારે ચાવવા માટે કંઇક તો હોય .જેથી ભૂખથી તમારાં પ્રાણ ન નીકળી જાય .હવે જો એવી જ વાત છે તો ભલે ચાલ્યાં જાવ – મને ચિંતા નથી."

"થોડા જ સમયમાં અંગારા નદી ઓગળીને વહેવા લાગશે – હું માછલા પકડી લાવીશ," બારી પાસેથી દબાયેલા અવાજે રોદ્કા બોલ્યો.

"તું ચૂપ જ રહે .માછલાં પકડી લાવશે ! ગયાં વર્ષે ખાઈ-ખાઈને પણ તારા માછલાં પુરા નહોંતા કરી શક્યા, આ વખતે પણ પેટ ભરીને ખાઈએ તેટલા છે .માછલાઓના વધેલા હાડકાનું શું કરીશું – એ જ

સમજાતું નથી .ચૂપચાપ રહે તું .મોંમાંથી ચૂં ન નીકળે, માછીમાર ક્યાંકનો ! તારી માં .... ભંડારમાં જ તારાથી માછલાનો શિકાર થાય છે , અંગારામાં નહિ."

નાસ્ત્યોનાએ મહામુશ્કેલીએ તેને રોકી: "નાદ્કા, ચલ મક્સીમને મળી આવીએ .જોઈ તો લઈએ કે શી સ્થિતિ છે બધા પુરૂષોની અને તરત જ પાછા આવી જઈશું."

"તેને વળી શું જોવાનો !દિલ દુખાવવા . પારકા સુખથી આપણું પેટ ભરવામાંથી રહ્યું."

"તો શું તું નહિ આવે ?"

"ઊભી રહે, આવીશ , થોડી સફાઈ કરી લેવા દે જેથી આમને અહી છોડીને જઈ શકાય .તું ત્યાં પૂતળાની જેમ ઊભો ન રહે," તે રોદ્કા પર બરાડી ."લાકડાં લઇ આવ અને ભઠ્ઠી પેટ્વ .મારાથી બચીને ભાગવાનો વિચાર પણ ન કર .જુઓ તો ખરા, કેટલો દુઃખી થઇ ગયો છે, ભાગવા તૈયાર .કાન ખોલીને સાંભળી લે – આખી સાંજ ઘરમાં જબેસી રહેજે .ઘરમાંથી બહાર ડોકિયું સુધ્ધા કોઈ ન કરે."

લીદ્કા સમજી ગઈ કે માં જવાની તૈયારી કરે છે અને તે છનછ્ન કરવા લાગી : "તારી સાથે જઈશ . પોતાની સાથે લઇ જા ."

માએ મોટો કડછો બતાવી ધમકાવી અને લીદ્કા સમજીને તરત જ ચૂપ થઇ ગઈ.

"જોયું ? બસ, આવી રીતે જ્યાં બેઠી છે ત્યાં જ પુંછ દબાવીને બેસી રહેજે .મારી સાથે આવશે ! બીજાઓની સામે તમારી સાથે કલેશ કરવાનો બાકી રહી ગયો છે, બસ .બધાના છોકરાંઓ છોકરા જેવા છે અને આ પુતળાઓ તો જાણે ભગવાનનો દંડ .અરે, કોઈ તો જરા મને એ કહો કે આમનું શું થશે, "

નાસ્ત્યોનાએ લીદ્કાને ફર્શ પરથી ઊઠાવી લીધી અને તેનો ભાર લાગતાં તેને પલંગ પર મૂકી દીધી . છોકરી તરત ગૂંચળું વળી ગઈ, ડુસકા ભરતાં, કાંપતા તેણે આંખો મીંચી લીધી .તેને સારી રીતે સમજાઈ ગયું હતું કે આજે ક્યાંયથી પણ કોઈ ખુશી તેને મળવાની નથી .સૌથી સારું એ છે કે તે સુઈ જાય અને બીજા દિવસ સુધી ઊંઘતી રહે.નાસ્ત્યોનાએ તેનાં માથા પર હાથ ફેરવી દીધો, પણ આ લાડથી લીદ્કા વધારે જોરથી કાંપી ઊઠી અને નાસ્ત્યોના તેનાથી દૂર ખસી ગઈ.

બેશક, નાદ્કાની રાડારાડની પ્રશંસા કરવું યોગ્ય નહોતું, પરંતુ તેની નિંદા કરવી પણ મુશ્કેલ હતી.તે યુદ્ધ પહેલા પણ બડબડાટ કરનારી સ્ત્રી હતી અને તેનો પોતાની સાસુ સાથે અણબનાવ નકામો નહોતો .

સાસુને તેનો જીદ્દી સ્વભાવ ન ગમ્યો, એટલા માટે નાદ્કા અને વિત્કાને પોતાનું ઘર જુદું વસાવવું પડ્યું . નાદ્કાના પિયરવાળા લેના નદીના કિનારે ક્યાંક રહેતા હતાં, એટલે તેને અહીં આગંતુક અં પરદેશી માનવામાં આવતી હતી વિત્કા તેને નસીબજોગે મળી ગયો હતો -કામગારો, શાંત અને દયાળુ .નાદ્કા તેની સાથે ગમે તેટલું બરાડતી રહેતી પણ તે તો પોતાનાં માથા પર ભૂરી લટ કાઢીને બસ મરકતો રહેતો .પરેશાન થઇ જતા તે તેને બાથમાં લઇ લેતો અને મજાકમાં કોદાલ્લી જેવી પહોળી હથેળી વડે નાદ્કાને એક થપ્પડ જમાવી દેતો અને તે સંતુષ્ટ થઇ જતી .આમ તો તે ઝઘડાળુ નહોતી, બસ થોડી બડબડાટ કરવામાં તેજ હતી : જ્યાં નાદ્કા હોય ત્યાં અવશ્ય ઘોંઘાટ, શોરબકોર, હસીમજાક થતો, એકબીજાને ચીઢવવામાં આવતા, જેમાં સૌથી વધારે તેનાં પર જ આફત આવતી, પણ તેનાં વગર કંઈ શરૂ પણ નહોતું થતું.જો યુદ્ધ શરૂ ના થયું હોત તો તે પોતાનાં બાળકો અને વિત્કા સાથે રહીને કોમળ અને શાંત સ્વભાવની બની જાત, પાછળના દિવસોમાં એવું બની પણ રહ્યું હતું .પરંતુ યુધ્ધની શરૂઆતના દિવસોમાં જ , શિયાળામાં જ વિત્કાના મૃત્યુએ નાદ્કાને સ્તબ્ધ કરી દીધી અને વધારે કઠોર બનાવી દીધી.વિત્કા માટે તે એવો વિલાપ કરતી હતી કે તેનાં ચિત્કારોથી સાંભળનારાઓની રગોમાં લોહી થીજવા લાગતું હતું .તેણે ત્યારે દીકરીને જન્મ આપ્યો જ હતો અને તેને દૂધ પીવડાવવા ઘેર મોકલવા માટે સ્ત્રીઓને બળજબરી કરવી પડતી હતી નાદ્કા ક્યારેક જંગલમાં નીકળી જતી, તો ક્યારેક નદી કિનારે અને અતામાંનોવ્કામાં બધાં વાસ્તવમાં બીવા લાગ્યા હતાં કે તે ક્યાંક જીવ ન દઈ દે .પણ બધાં સારાવાના રહ્યાં – નાદ્કા શાંત થઇ ગઈ અને તેણે બાળકોનું પેટ ભરવા ફરીથી કામ કરવાનું શરૂ કર્યું . બીજા કોઈનો તો ભરોસો નહોતો જ, નાદ્કાને સહન ન કરનારી સાસુએ તેની કોખે જન્મેલા પૌત્ર-પૌત્રીઓને પણ લાડ-પ્યાર ન કાર્ય .નાદ્કા ગમે તેટલો પ્રયત્ન કરતી તેમ છતાં પણ પૂરું પડતું નહોતું . શહીદ સૈનિક પરિવાર માટે મળનારું વધારાનું અનાજ તેણે શિયાળામાં જ લઇ લીધું હતું .તે બહુ હાથ પગ પછાડતી, તેમ છતાં પણ ખાવાનું-પહેરવાનું પૂરું ન થતું .છોકરાંઓ બધાં વિત્કા પર ગયાં હતાં -ભૂખરા વાળવાળા અને ગુમસુમ.યુદ્ધ અને નાદ્કાના અસ્થિર સ્વભાવે તેમને ભીરુ અને ડરપોક બનાવી દીધા હતાં .એમ લાગતું હતું કે જાણે તેમને પોતાને જ વિશ્વાસ નહોતો કે તેઓ જીવતા બચી જશે ઘણું કરીને તેઓ ત્રણે ફાટકમાંથી બહાર નીકળી માની રાહ જોતા રસ્તા તરફ તાકતા ઉભા રહેતા હતાં.

તેઓ એટલા અનાથ અને દુઃખી દેખાતા હતાં કે કોઇપણ ભલા માણસનું દિલ સહાનુભૂતિથી ભરાઈ ઊઠતુ.તે રોદ્કાને બુમ પાડીને પોતાની સાથે લઇ જતો, તેનાં હાથમાં કંઈને કંઈ પકડાવી દેતો પણ રોદ્કા ઇનકાર કરતો રહેતો .નાસ્ત્યોના પણ પોતાનાં સામર્થ્ય પ્રમાણે નાદ્કાના બાળકો સાથે , વિશેષ કરીને છોકરી સાથે લાડ દુલાર કરતી રહેતીતી .પણ પોતાની મુશ્કેલીના કારણે તે પાછલા

અઠવાડિયાઓથી તેમનાં વિષે ભૂલી જ ગઈ હતી .આ વખતે રડતી લીદ્કાને પલંગ પર સુવાડતી વખતે તેનાં પ્રત્યે અપ્રપ્ર ભાવથી તેનું હૈયું ભરાઈ આવ્યું.

નાદ્કાની રાહ જોતા જોતામાં ઝાંખું અંધારું થવા લાગ્યું હતું, દિવસની ગરમીથી નરમ પડેલો બરફ ફરીથી થીજી ગયો હતો અને પગ નીચે ચરર ચરર કરતો સારો લાગી રહ્યો હતો .ગામનો નીચાણવાળો વિસ્તાર જાણે સંપૂર્ણરીતે નિર્જીવ થઇ ગયો હતો – ન કોઈ અવાજ, ન કોઈ ખ્ર્પ્રત .માત્ર થોડાક જ મકાનોમાંથી ડોસીઓના હાથે સળગાવવામાં આવેલ હળવો હળવો પ્રકાશ ટમટમી રહ્યો હતો .કૂતરાં સુધ્ધા વોલોઝ્જીનના ઘર તરફ ભાગી ગયાં હતાં, જ્યાંથી તેમનાં અકારણ બેસુધપણે ભસવાનો અવાજ આવી રહ્યો હતો .ત્યાં જ બાળકોની અવરજવર અને ચીસો સંભળાતા હતાં .નાસ્ત્યોના અને નાદ્કા ચૂંપચાપ અનાયાસપણે જ ચોક્કસ ડગલા ઉઠાવતા, ઉત્સવની બેચેનીભરી ગંભીરતાપૂર્વક સીધા ચાલતા જઈ રહ્યાં હતાં .પહેલીવાર ત્યાંથી, છેક મોરચા પરથી, દુષ્કર રણક્ષેત્રમાંથી એક માણસ પાછો ફર્યો હતો .તે પાછો ફર્યો હતો જાણે બધાં પુરુષો તરફથી મોકલાયેલ દૂત બનીને : જલ્દી જ , જલ્દી જ , ...બધાનો અંતિમ રૂપે નિર્ણય થઇ જશે : કેટલાંકણે અંતિમ આશા છોડીને રડવું પડશે, તો કેટલાંક ખુશ થશે, પરંતુ બધાને એકસાથે નવી જિંદગીની શરૂઆત કરવી પડશે.

વોલોઝ્જીનને ત્યાં ઘણા લોકો હતાં, શોરબકોર હતો .છત પરથી લટકતા બે તેજસ્વી લેમ્પો મોટા ઓરડામાં ખાવા-પીવાની વસ્તુઓથી સજાવેલ મેજને પ્રકાશિત કરી રહ્યાં હતાં .મેજના મુખ્ય સ્થાન પર તે બેઠો હતો – દુબળો થઇ ગયેલો, કાળો પડી ગયેલો, કેદીઓના જેવા નાનાં કાપેલા વાળવાળો, મોટી મોટી આંખોવાળો, આરામનો શ્વાસ લેતો નસીબદાર મક્સીમ .તેનો જમણો હાથ પાટામાં લપેટાયેલો અને ગાળામાં નાંખેલી પટ્ટી સાથે લટકતો હતો, ડાબી બાજુથી વોલોઝ્જીનની બે છોકરીઓમાંથી સૌથી નાની છ વર્ષની વેરકા પિતાના ફોજી ખમીસ પર લટકતા ચંદ્રકો ખણખણાવતી તેનાં ખોળામાં બેઠી હતી.પહેલા નાદ્કા મક્સીમ પાસે આવી અને હાથ મેળવી કહ્યું ;"પાછા આવવા પર વધાઈ! "

અને નાસ્ત્યોનાએ પણ તેનાં પછી એમ જ કહ્યું: "પાછા આવવા પર વધાઈ! "

એક સાથે ગોઠવવામાં આવેલ બે મેજોની ફરતે વૃધ્ધો, સ્ત્રીઓ બેઠા હતાં, મક્સીમની જમણી બાજુ, તેનાં પિતા યેફીમદાદાને હટાવીને દોસ્ત અને ભાઈથી પણ વધારે મોટો બનેલો નેસ્તોર નશામાં ડૂબેલો જામેલો હતો .ડાબી બાજુ લીઝા માટે જગ્યા ખાલી રાખવામાં આવી હતી પણ તે રસોડામાંથી ઓરડામાં અને ઓરડામાંથી રસોડામાં દોડવામાં વ્યસ્ત હતી.લીઝામાંથી જાણે પ્રકાશ ફૂટી રહ્યો હતો – હંમેશા પીળો પડી ગયેલો દેખાતો ઉદાસ ચહેરો ચમકી રહ્યો હતો, ખુશીથી ભરેલી તેની આંખો ચમકી રહી હતી, નીલા

બ્લાઉઝ નીચે તેની છાતી ચમકી રહી હતી – બધું જ ચમકી રહ્યું હતું, તેનું અંગેઅંગ જાણે જ્યોતિથી ભરાઈ ઉઠ્યું હતું .તેણે નાસ્ત્યોના અને નાદ્કાને બેસાડ્યા અને પોતાનાં પર કાબુ ન રાખી શકતા તેમને આલીંગનમાં લઇ પોતાની તરફ ખેંચી લીધા .પછી ગુસપુસ અવાજે બોલી ઊઠી: ”સવાર સુધી કશી ખબર નહોતી .સાથે સાથે જ તો જવ સાફ કરી રહ્યાં હતાં .જવ....”હિબકા ભરતી તે હસી પડી અને ભાગી ગઈ.

મક્સીમ હસતા હસતા નાસ્ત્યોના અને નાદ્કા તરફ જોઈ રહ્યો હતો .તેઓ બંને બરાબર તેની સામે,મેજના બીજા, દુરવાળા ખૂણા પર બેઠા હતાં .નાસ્ત્યોનાએ આંખો ઢાળી લીધી અને સાંભળ્યું કે મક્સીમ પૂછી રહ્યો છે : ”હા, તો નાસ્ત્યોના, તું ક્યારે પોતના પતિનુ સ્વાગત કરશે ?”નાસ્ત્યોના શરમને માર્યે કોકડું વળીને રહી ગઈ, તેનાં ચહેરા પર લાલી દોડી ગઈ અને તેણે યથાસંભવ ધૈર્યથી પોતાનું માથું ધીમે ધીમેં ઊઠાવતા જવાબ આપ્યો" મને તો હવે વિશ્વાસ જ નથી રહ્યો કે તેનું સ્વાગત કરવાનો પ્રસંગ જ આવશે .ક્યાંક ગુમ થઇ ગયો છે મારો પતિ.....”

“કોણ – અન્દ્રેઈ ગુમ થઇ ગયો ?” --- તે તો હોસ્પિટલમાં હતો...ઘવાયેલો હતો .ત્યારબાદ તેને પાછો એટલે કે મોરચા પર મોકલી દેવામાં આવ્યો,” કહેતાં કહેતાં નાસ્ત્યોનાના પોતાની તરફ ઇન્નોકેન્તી ઇવાનોવિચની એકટક, જિજ્ઞાસુ દ્રષ્ટિનો અનુભવ કરી ઊઠી, “ત્યારથી કોઈ ઠામ-ઠેકાણું નથી .નથી ખબર ...કશી જ ખબર નથી.”

“કશો વાંધો નહિ, ખબર પડી જશે.”

“હા, વાસ્તવમાં ગુમ થઈ ગયો છે,” નાસ્ત્યોના પર નજર નાંખતા ઇન્નોકેન્તી ઇવાનોવિચ સમજાવવા લાગ્યો, ‘થોડા દિવસો પહેલા તપાસ કરવા આવ્યા હતાં, પુછતાછ કરી રહ્યાં હતાં, લાગે છે કાગળ પત્રોમાં ક્યાંય કોઈ ઠેકાણું નથી. ”

‘રસ્તામાં ક્યાંય ગરબડ થઇ હશે અને તેને કોઈ બીજી ટુકડીમાં રવાના કરી દેવામાં આવ્યો હશે .ઘણીવાર એવું બને છે .રહી કાગળની વાત, તો આજકાલ ઘણા કાગળો સરનામાં પર નથી પહોચતા, “ મક્સીમે વિશ્વાસપૂર્વક કહ્યું અને નાસ્ત્યોનાનું મન આ વિશ્વાસથી થોડું હળવું થઇ ગયું, જાણે હકીકતમાં તેને એ ખબર નહોતી કે અન્દ્રેઈ સાથે શું વીતી છે.

લીઝાને ત્યાં ન જાણે ક્યાંથી આટલી બધી વસ્તુઓ આવી ગઈ હતી, આમ તો મક્સીમના આવવાની આશા નહોતી રાખી રહી કે ન તો રાહ જોવાઈ રહી હતી પણ મેજ સજેલી હતી .સ્પષ્ટ છે કે મુરધા તો આજે

જ હલાલ કરવામાં આવ્યા હશે પણ મીઠામાં આથવેલી માછલીઓ તો કદાચ ઉનાળાથી આ જ પ્રસંગ માટે સાચવીને રાખવામાં આવી હતી, સાથે સાથે જ દેશી દારૂ પણ, જે વરસ બે વરસથી કે પછી તેનાથી પણ વધારે સમયથી સાચવીને રાખ્યો હતો .આ જ સ્થિતિ બીજી સ્ત્રીઓની પણ હતી, જેમના ભાગ્યમાં રાહ જોવાનું લખાયેલું હતું .સ્ત્રી પોતે ભલે ભુખી રહે, બાળકોને પેટભરીને ખાવા ન આપે પણ પતિના સ્વાગત માટે જરૂર બચાવીને રાખતી .આવી ન જાણે કેટલીયે સ્ત્રીઓને આંસુઓ સાથે પોતાનો સંગ્રહ બહાર કાઢવો પડ્યો હતો ! ગયાં પાનખરમાં દીકરાના મૃત્યુના સમાચાર મળતા અને થોડા દિવસો રડી કકળીને અગાફ્યા સોમોવાએ સ્ત્રીઓને એકઠી કરી લીધી, દારૂ સામે મુક્યો, યુદ્ધ દરમ્યાનજેના વિષે તદ્દન ભૂલી ગયાં હતાં તેવી દરેક પ્રકારની ખાવાની વાનગીઓ બનાવી .દારૂ મૃતકની યાદમાં શ્રાદ્ધમાં કામ આવ્યો .એકલી અગાફયા સાથે જ આવું નહોતું બન્યું – હવે તો માત્ર મૃતકોને યાદ કરવાનું જ બાકી રહી ગયું હતું અને કોણ જાણે કોના-કોના માટે નસીબે આ ચક્ર જ વિચારી રાખ્યું છે .હજી સુધી માત્ર લીઝાની આશાઓ ખોટી સાબિત નથી થઇ.

લીઝા એકધાર્યો દારૂ ઠાલવી રહી હતી અને મેજ પર ખુબ ઘોંઘાટ થઇ રહ્યો હતો .નેસ્તોર વારંવાર ગાવાનું શરૂ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પણ કોઈ તેનો સાથ આપવાની વાત તો દૂર પણ તેની તરફ ધ્યાનસુધ્ધા નહોતું આપી રહ્યું .વૃદ્ધોમાંથી એકાદ જણ મેજ પરથી ઊઠી ગયું હતું અને તમાકુ પિતા દીવાલને ટેકે ઉભડક બેઠા હતાં .ઊઠવાની તકલીફ પણ લેતા તેઓ ત્યાં જ બેઠાં બેઠાં લીઝાના હાથમાંથી ગ્લાસ પકડી લેતા અને જામ ઊઠાવતા હતાં .ઇન્નોકેન્તી ઇવાનોવિછ મક્સીમની પાસે બેસી ગયો અને અમેરિકા વિષે ગંભીર અને બુદ્ધિમત્તાસભર વાતચીત કરવા લાગ્યો – અમેરિકા કેવી રીતે લડી રહ્યું છે અને ક્યારે ત્યાં ક્રાંતિની સંભાવના છે .મક્સીમ અનિચ્છાપૂર્વક જવાબ આપ્પી રહ્યો હતો .સ્પષ્ટ હતું કે ઇન્નોકેન્તી ઇવાનોવિચને એના વિષયમાં, વિશેષ કરીને ક્રાંતિના વિષયમાં વધારે જાણકારી હતી .વેરકા પિતાના ખોળામાં જ ઊંઘી ગઈ હતી; લીઝે તેને લઈને પલંગ પર સુવાડવા ઈચ્છયું પણ તે પિતા સાથે એવી ચોંટી ગઈ અને ચીસ પાડી ઊઠી કે તેને ત્યાં જ છોડવી પડી .કોઈના પૂછવા પર મક્સીમે એકવાર ફરી પોતાનાં હાથ વિષે કહેવાનું શરૂ કર્યું કે કેવી રીતે તેને હોસ્પિટલમાં કાપી નાખવા ઇચ્છતા હતાં, પણ તેણે કાપવા ન દીધો - ડાબો હોત તો તો જુદી વાત હતી પણ આ તો જમણો હાથ હતો.

એના વિના તો તદ્દન લુલો જ થઇ જાત .ખેર, હજી પણ આ હાથની ઘણા દિવસો સુધી સંભાળ રાખવી પડશે .ગ્લાસ ભરીને દારૂ ગળે ઉતારીને નાદ્કાએ ઉત્સુકતા પ્રગટ કરી: ”આને શું...,એકબાજુ હટાવી શકાય?”

“ ક્યાં એક તરફ? શા માટે ?”

“અરે, રાત્રે તો આડે નહિ આવે ?”

મક્સીમ હસી પડ્યો:” આડે આવશે તો લીઝા કાપી નાખશે.”

“નાદ્કા હું તને આવી વાતો માટે ફાર્મમાંથી કાઢી મુકીશ,”દાંત દેખાડતા નેસ્તોરે કહ્યું.

“બેસી રહે હવે તું .બહુ મોટો આવ્યો કાઢનારો ! જોજે ક્યાંક તારી જ છુટ્ટી ન થઇ જાય,” નાદ્કા શરુ થઇ ગઈ, પણ કોઈ દુર્ભાવ વિના, બસ માત્ર તેને જવાબ આપવા જ ,”જરા ઊભો રહે, મરદો પાછા આવી જશે પછી કોણ તેને પૂછશે .અમે સ્ત્રીઓ પર બહુ હુકમ ચલાવી લીધો, બહુ રુઆબ બતાવી લીધો .કાગડાઓ માટે બારે મહિના શ્રાદ્ધ નથી હોતા.”

“હું તમારા પર રુઆબ બતાવી રહ્યો છું ?” નેસ્તોર નારાજ થઈ ગયો .“અરે દેવીઓ? હું શું રુઆબ બતાવી રહ્યો છું સ્ત્રીઓ ચૂપ રહી....એમને કેવી રીતે રઝળતા મૂકી દેવાય ? તને શી ખબર પડે કે અંતર આત્મા કેવી રીતે વલોવાઈ રહ્યો છે, અંદર કેવી આગ લાગી છે, હવે તો દર્દની ટીસ સુધ્ધાં નથી ઊઠતી અને બળેલો ભાગ ખબર નહીં ક્યાં ખરતો જઈ રહ્યો છે .તું હવે પૂરી સ્ત્રી બનશે, પત્ની બનીને જિંદગી જીવશે , ગળે વળગશે, લાડ પ્યાર કરશે .અને હું –હું તો બસ માત્ર મહેનત કરવા માટે છું, મારી પોતાની જિંદગી તો ખલાસ થઈ ગઈ છે .જો ખબર હોત કે આવું થશે તો પહેલા આનંદથી જીવત, જેટની યાદ કરવા જેવા કંઈકતો સંભારણા રહી જાત .હું તો બધું પછી પછી કરતી ટાળતી રહી , સુખની જિંદગી જીવવાની તૈયારી જ કરતી રહી .થઇ ગઈ બધી તૈયારી .જો કોઈ યાદ રહી ગઈ છે તો તે માત્ર યુદ્ધની, આ યાદ હવે કોઈના ભુલાયે નહી ભૂલાય બાકી કશું જિંદગીમાં રહ્યું નથી, સુખ ગયું – તેનું નામોનિશાન સુધ્ધાં નથી રહ્યું. લીઝાએ સહેલાઈથી પોતાની ભૂલ સ્વીકારી લીધી : “અરે બહેન .જો મારાં મોંમાંથી કઈ ઉંધુ ચત્તું નીકળી ગયું હોય તો મને માફ કરી દેજે. ”

“તને શો દોષ દઉં? જો તું નસીબવાળી છે તો અમારા બધાના વતી જીવ .પણ જો એકવાત ધ્યાનમાં રાખજે : ખરાબ રીતે જિંદગી જીવી તો અમારાથી ખરાબ કોઈ નથી .એ હું તને ચોક્કસપણે કહી શકું છું . સૌથી પહેલા હું જ તારાં માટે ખાડો ખોદવાનું શરૂ કરી દઈશ .આપણે એ વાત માટે ગુનેગાર તો નથી કે આપણાં પતિઓ ત્યાં હંમેશને માટે પોઢી ગયા .સાચી વાત છે ને , મક્સીમ, અમે તો ગુનેગાર નથી ને ?તું જ કહે "“બિલકુલ નહિ.” “સાંભળ્યું ? નસીબને દોષ દેવા માટે અમારી પાસે કારણ છે .હવે છેલ્લા શ્વાસ સુધી અમે તેને કોસતા રહીશું .પણ લીઝા, તું શા માટે કોસશે? તમે લોકો તો હવે જીવો અને સુખ માણો, બધું હવે તમારા પર જ નિર્ભર છે .અને જો કઈ ગડબડ થઇ તો યાદ રાખજે : સૌથી પહેલા તેં જ અમને

યાદ અપાવડાવ્યું છે કે જો નસીબ મહેરબાન હોત તો મારી સાથે, તેની સાથે, બધાની સાથે આમ બની શક્યું હોત .અમને એ વિષે વિચારવા સુધ્ધાની મનાઈ છે .અમે એવું તેવું કંઈપણ જાણવા નથી ઇચ્છતા _ સમજી ?" કોલાહલ સાથે દરવાજો ખુલ્યો અને બાળકો ઘરમાં ઘુસી આવ્યા .લીઝા તેમને બહાર કાઢવા એ તરફ લપકી કે તેઓ એક અવાજમાં બરાડી ઊઠ્યા : "આને નથી આપ્યું, આને."

"એ હમણાં જ આવ્યો છે."

"મક્સિમકાકા, આને નથી આપ્યું. "

બાળકોએ રોદ્કાને મેજની તરફ ધકેલી દીધો .નાદકા તેને જોઈને ગરજી ઊઠી: "તું અહી કેવી રીતે આવી ટપક્યો? મેં તને શું કહ્યું હતું ? બોલ, શું કરવા કહ્યું હતું ? ચલ ભાગ અહીંથી." રોદ્કા વગર હાલ્યે ચાલ્યે , લાલચ અને દર્દભરી નજરે આંખો ફાડીને મક્સિમની તરફ જોઈ રહ્યો હતો .તેની સાથે નજર મળતાં જ મક્સિમે ધીમે રહીને છોકરીને ફર્શ પર ઉતારી દીધી અને ઊભો થઇ ગયો.

"રોદીઓન, આ તું છે ?" ભારે ભરખમ અને રૂંધાતા અવાજે તેણે પૂછ્યું.

રોદ્કાએ ઝડપથી માથું હલાવ્યું.

"અરે, કેવો સરસ છે," મક્સિમ તેની પાસે આવી ગયો અને તેની તરફ હાથ લંબાવ્યો, "જુઓ તો ખરા ,કેટલો મોટો થઇ ગયો , પુરો મરદ લાગે છે.શાબાશ. તું આટલી વાર પછી શા માટે આવ્યો ?" તેણે તાસકમાંથી ગોળ બિસ્કુટ લીધું અને જેવી રીતે બીજા છોકરાઓને આપ્યા હતા તેમ રોદ્કાની તરફ ધર્યું . તેણે લઇ લીધું. "બસ આટલી જ મીઠાઈ છે, બીજું કશું જ નથી મારી પાસે ., મોં ગળ્યું કરી લે .કાલે દિવસે સમય મળે તો આવી જજે , વાતચીત કરીશું .આજે તો તું જોઈ રહ્યો છે _ શક્ય નથી.આવીશને કાલે ?" રોદ્કાએ ફરીથી માથું ધુણાવ્યું અને ઉંબરા તરફ હઠી ગયો .બાળકો તેની આસપાસ એકઠા થઇ ગયા અને ઘોંઘાટ કરતા બારણામાંથી બહાર નીકળી ગયા.

"જુઓ તો, કેટલો મોટો થઇ ગયો ," બેસતી વખતે મક્સિમે વિષાદભર્યા આશ્ચર્યથી ફરી કહ્યું.

"આમનું તો કામ જ વધવાનું છે," ઉત્સાહભેર નેસ્તોરે સમર્થન કર્યું .તેનાથી ટેવ પ્રમાણે બોલ્યા વગર રહેવાતું જ નહોતું, "યુદ્ધ હોય કે પછી કંઈપણ હોય _એમને તો વધવાનું જ છે ને."

“યુદ્ધ જલ્દી જ પૂરું થશે શું ?” અચાનક લીઝાએ પૂછ્યું ,”તું મક્સિમ ત્યાંથી આવી રહ્યો છે તો તું જ જણાવ હજી વધારે વાર રાહ જોવી પડશે ?”

“તારાં માટે તો પૂરું થઇ ગયું,” નાદ્કાએ ધીરેથી કહ્યું પણ લીઝાએ સાંભળી લીધું અને ગુસ્સે થઇ ગઈ :”મારાં માટે તે કેવી રીતે પૂરું થઇ ગયું? એમ વિચારે છે કે જો તે અહી છે તો મને બીજી કોઈ વાતની ચિંતા જ નથી ?તું પણ કેવી વાત કરે છે .હું એવી તો પથ્થર દિલની નથી કે બધા મુશ્કેલીમાં હોય અને હું મોજ માણું .હું એટલી સ્વાર્થી નથી કે બધાંતરફ આંખો મીંચી લઉં .હું લોકોની સાથે રહું છું, લોકોની.”

“જલ્દી જ , ભાઈ ,જલ્દી જ ,” મક્સિમે જવાબ આપ્યો,”એ તો ખબર છે જ કે આપણે બિલકુલ જર્મની સુધી પહોંચી ગયા છીએ . હવે બસ દુશ્મનનું કામ તમામ જ સમજો.”

“પાછા તો નહીં મોકલી શકે ? જર્મનો પણ મોસ્કોની એકદમ નજીક સુધી આવી ગયા હતા , પણ આપણે તેમને બહાર ખદેડી મૂક્યાં હતાં. ”

“પાછાં ?” મક્સિમેં આંખો મીંચકારી અને સીધો ટટ્ટાર થઇ ગયો ,તે જાણે દૂર દૂર એ જોઈ રહ્યો હતો જે માત્ર તેને જ જ્ઞાત હતું . તેનો ચહેરો થોડો વિકૃત થઇ ગયો.

“ના , પાછાં નહિ મોકલી શકે , લીઝા . હું એક હાથે પાછો લડવા ચાલ્યો જઈશ , એક પગવાળા ,લુલા-લંગડા ચાલ્યા જશે , પણ પીછેહઠ નહિ કરીએ .બહુ થઇ ગયું .હવે અમને પાછાં નહિ હઠાવી શકે . અમે એવું નહિ થવા દઈએ . અમે હવે તેમની કમર તોડ્યા વિના હાર માનીએ એવાઓમાંથી નથી રહ્યાં. ”

“ચાર વરસ તો થઇ ગયાં, હવે હજી કેટલો વખત ચાલશે યુદ્ધ ?” વાસિલીસા બુધ્ધિમાને માથું ધુણાવ્યું ,” અહી અમે પણ તો તૂટીને ચૂર ચૂર થઇ ગયાં છીએ. ”

નાદ્કા પણ તીર છોડવામાંથી ન ચુકી. ”તને જોઈને તો લાગતું નથી કે તું ચૂર ચૂર થઇ ગઈ છે. ”
“એય નાદ્કા... તારી જીભ જરા ઓછી ચલાવને ! આટલી ગંભીર વાત ચાલી રહી છે અને તું આમ તીર છોડવામાંથી ઊંચી નથી આવતી.

“આપણને પણ ઘણું બધું સહન કરવું પડ્યું છે ,”લીઝાએ વાત આગળ વધારી,” સાચી વાત છેને ,સ્ત્રીઓએ પણ ઘણું સહેવું પડ્યું છે ને ? યાદ કરતાં જ કંપકંપી છૂટી જાય છે . ફાર્મનું કામ તો ચલો બરાબર છે , આપણું કામ છે. પણ આ બાજુ પાક કાપ્યો કે બરફ શરુ થઇ ગયો અને ચલો જંગલમાં

લાકડાં કાપવાં ...કઠિયારાઓનું આ કામ પણ કરવું પડ્યું છે. મરતી ઘડી સુધી યાદ રહેશે . રસ્તાઓ છે નહીં , ઘોડાઓમાં તાકાત નથી , લાકડાનાં ભારાઓથી લાદેલી સ્લેજગાડી કેમે કરીને ખેંચી શકાતી નથી .ઇનકાર કરવો પણ સંભવ નથી . આપનું કામ પણ મોરચો જ છે – શ્રમનો મોરચો ,આપણા પતિઓનો આસરો. શરૂઆતનાં વર્ષમાં નાનાં નાનાં બાળકોને છોડીને કામે જતા હતાં... જેમનાં બાળકો નહોતા કે મોટા થઇ ગયાં હતાં તેમને તો પળવાર પણ ચેન નહોતું -ચાલો , ચાલો ,કામ કરો , કામ કરો . નાસ્ત્યોના તો એક શિયાળો પણ ઘરમાં નથી બેઠી . મારે પણ બે વાર બાપુની પાસે બાળકોને છોડીને જવું પડ્યું હતું .ઝાડ કાપો , ભારા બનાવો ,અને પછી એ વજનદાર ભારાને સ્લેજગાડીમાં લાદો , દંડો બાજુમાં ગોઠવો અને ખેંચીને લઇ જાવ દંડા વગર એક ડગલું પણ વધવું અસંભવ હતું-- .સ્લેજગાડી ક્યારેક બરફના ઢગલામાં ફસાઈ જાય , ક્યારેક ક્યાંક બીજે ,અને બસ ખલાસ ,સ્ત્રીઓને જોર લગાવી બહાર ખેંચવી પડતી , ક્યાંકથી નીકળી જતી , ક્યાંક ફસાયેલી જ રહી જતી . નાસ્ત્યોના સાક્ષી છે : એક શિયાળામાં મારી ઘોડી ઢોળાવ પરથી ઝડપથી દોડતી ચાલી ગઈ અને વળાંક પર પોતાને કાબૂમાં ન રાખી શકી – સ્લેજગાડી એકબાજુ બરફમાં ઊંધી વળી ગઈ અને ઘોડી મરતાં મરતાં બચી . હું માથું કૂટતી રહી ગઈ , પૂરું જોર લગાવી દીધું – પણ કંઈ વળ્યું નહિ . ત્યાં જ બેસીને રડવા લાગી . નાસ્ત્યોના પાછળથી પોતાની સ્લેજ પર આવી પહોંચી – મારી આંખોમાંથી અનરાધાર આંસુ વહી રહ્યાં હતાં , હું ધ્રુસકે ધ્રુસ્કે રડી પડી .લીઝાની આંખોમાં પણ આંસુ ઉભરાઈ આવ્યાં , એણે મને મદદ કરી .અને અમે સાથે નીકળી પડ્યાં ,પણ મારાથી રડવાનું બંધ જ ન કરી શકાયું . રડતી ને રડતી જ ગઈ . અને વધારે યાદ કરતી લીઝા ડુસકા ભરવા લાગી ,"રડતી ને રડતી જ ગઈ. આંસુ ખાળ્યે નહોતા ખળતા. "

"લીઝા, લીઝા! " તેને રોકતાં મક્સીમે બૂમ પાડી.

"બસ ,હવે નહી , મક્સીમ , હવે નહી , આ તો દિલ ભરાઈ આવ્યું...તમે લોકો વાતો કરો , હવે નહી રડું ,"તે રસોડા તરફ ચાલી ગઈ પણ તરત જ પાછી આવી અને મેજનાં ખૂણા પાસે એ જ જગ્યાએ ઊભી રહી ગઈ ,"અને બોન્ડ ?" તેણે યાદ કરાવ્યું . તે એટલી બધી વ્યાકુળ થઇ ગઈ હતી કે હવે એકદમ શાંત થવું તેના માટે મુશ્કેલ હતું."

વસંતમાં છેલ્લાં બટાકા કાર્દામાં વેચવા લઇ જતા ,જેથી લખાવેલી રકમ ભરપાઈ કરી દેવાય , જેથી મોરચાની મદદ કરાય . એ જ વિચારતાં કે તેમને થોડીઘણી સરળતા થશે અમે તો કોઈને કોઈ રીતે દિવસો કાપી લઈશું - અહી કોઈ ગોળીઓ નથી ચલાવી રહ્યું , હત્યાઓ નથી કરી રહ્યું . સત્યાનાશ વળે આ જર્મનોનું , મૂઆઓને પેલી દુનિયામાં પણ શાંતિ ન મળે. અમારા એક એક દુઃખની તેમને સજા મળે."

" એ જ ખબર નથી પડતી કે અમારા બેમાંથી કોનું - મારું કે તારાં પતિનું રાહ જોવાનું પૂરું થયું છે ?"લીઝાની તરફ વળતાં નાદ્કાએ પૂછ્યું ."મારાં પતિનું, નાદ્કા ,મારાં પતિનું. હું હવે વધારે લવારો નહી કરું."

"અમારે ત્યાં તો બધું ઊંધું થઇ રહ્યું છે , "નશામાં ડૂબેલો નેસ્તોર ગણગણ્યો. "કેવા લોકો છે ? પુરુષોને યુદ્ધ માટે ગીતો ગાતા રવાના કર્યા હતાં . હવે સ્વાગતની ઘડી આવી તો વિલાપ કરી રહ્યાં છે . નાદ્કાની બહુ સાંભળી લીધી . ચાલો હવે ગીતો ગાવાનું શરૂ થઇ જાય. " નાદ્કા હાલી પણ જવાબ ન આપી શકી . નાસ્ત્યોનાની પીઠ પાછળ લીઝા ઉત્તેજના અને અશ્રુઓથી ધ્રુજતા અવાજે "કત્યુંશા" યુદ્ધગીત ગાવા લાગી. બીજાં તેનો સાથ પુરાવા લાગ્યા – એમાં સૌથી પહેલો હતો ઇન્નોકેતી ઈવાનોવિચ .માત્ર વૃદ્ધો જ દીવાલ પાસે ધીરે ધીરે એકબીજા સાથે ગુસપુસ કરી રહ્યાં હતાં. વાસિલીસા બુદ્ધિમાન ગાઈ રહી હતી , મક્સિમ ગાઈ રહ્યો હતો , નેસ્તોર હાથ વીંઝી રહ્યો હતો . પાછળ રહી ગયેલ નાદ્કા પણ જોડાઈ ગઈ , પણ અચાનક ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડી . પોતાનું માથું મેજ પર પટકી પટકીને વિલાપ કરવા લાગી. તેની સમગ્ર કાયા થરથર ધ્રુજી રહી હતી . લીઝાએપાછળથી તેના ખભા પકડી લીધા અને "ક્ત્યુંશા" ગીતને વધારે ઊંચા સ્વરમાં ગાવા લાગી . નાદ્કા પછી જ્યાંરે વેરા ઓલોવા મોટેથી પોક મૂકી રડી પડી ત્યારે પણ ગીત ન તૂટ્યું . નાદ્કાએ મેજ પરથી પોતાનું માથું હટાવી લીધું . નાસ્ત્યોના સામે મૂકેલો દેશી દારૂનો ગ્લાસ ઊઠાવીને એકીશ્વાસે પી ગઈ અને આંસુ લુછ્યા વગર ફરીથી ગાવા લાગી.

નાસ્ત્યોના સંતાઈને ચૂપ ચૂપ બેઠી . તે ન તો બોલી શકતી હતી ,ન તો રડી શકતી હતી અને ન તો બધાની સાથે પી શકતી હતી. પહેલા કદાપિ તેની સાથે આમ બન્યું નથી. અહી નાસ્ત્યોનાને પહેલીવાર સમજાયું કે આ બધું તેના માટે વર્જિત છે ,તેને તેનો અધિકાર નથી . તે કંઈપણ કેમ ન કરે – બધો ધોખો હશે ,ઢોંગ હશે .તેની પાસે માત્ર એ જ રહી ગયું હતું કે તે સાવધાનીપૂર્વક બીજાઓની ગતિવિધિઓ , વાર્તાને જુએ –સાંભળે અને પોતાનો ભેદ છુપાવી રાખીને લોકોને પોતાની તરફ ધ્યાન ન આપવા દે .તે અહી આવવા માટે અફસોસ કરવા લાગી હતી, પણ હવે ચાલ્યા જવું પણ ઊચિતનહોતું લાગતું. અહી બધાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યાં હતાં : ખુશનસીબ ,ઝળહળતી લીઝા , પોતાને ઘેર પાછાં ફરવાથી બાવરો બનેલો અને સગાવ્હાલાઓના ચહેરા જોઈને અંજાયેલી આંખોવાળો મક્સિમ, અચરજ પામેલો, એક જ દિવસમાં ફિક્કો પાડી ગયેલો નેસ્તોર , દરેક વસ્તુને સૌથી પહેલા જાણવા માટે ઉત્સુક , લિખાપઢીમાં ચતુર, સામુહિક ફાર્મનો મુનીમ ઇન્નોકેન્તી ઈવાનોવિચ , દ્રઢતા અને શાંતિથી જિંદગીમાં કદમ રાખનારી વાસિલીસા બુદ્ધિમાન, ઝઘડાળુ પણ ભોળી નાદ્કા – બધાં ખુલ્લા અને નિખાલસ દિલથી વ્યવહાર વર્તન કરી રહ્યાં હતાં . જો કોઈ કશું સંતાડી રહ્યું હતું તો તે બહુ થોડું અને જેટલું આવશ્યક હતું તેટલું જ હતું અને

તે પણ કંઈ પોતાનું ,વ્યક્તિગત જ સંતાડી રહ્યું હતું . પણ નાસ્ત્યોના જે સંતાડી રહી હતી તે ખબર નહી કેમ, તેનો સંબંધ બધાં સાથે હતો , તે બધાંની વિરુદ્ધ હતું ...તેને લઈને તેમનામાંથી કોઇપણ આ સાંજની મિજબાનીમાં ન આવત – તે નાદ્કાની વિરુદ્ધ હતું ,વાસિલીસા બુદ્ધિમાનની વિરુદ્ધ હતું ,લીઝા સુધ્ધાની વિરુદ્ધ હતું. એ રહસ્ય એ બધાને એકસાથે સાંકળતું હતું .પરંતુ નાસ્ત્યોનાને બધાથી જુદું પડતું હતું . તેઓ તેને ટેવ મુજબ પોતાની સમજી રહ્યાં હતાં પણ તે તેમના માટે પારકી અને અજાણી બની ચૂકી હતી. તેને હવે તેમનાં આંસુઓ અને ખુશીઓનો જવાબ આપવાનો , તેમની વાતો અને ગીતોમાં જોડાવાનો કોઈ અધિકાર નહોતો.

નાદ્કા ચાલાકી બતાવી રહી છે કે વીત્યાને તેણે નથી ગુમાવ્યો ,તે પોતે દુશ્મનની ગોળી વડે માર્યો ગયો છે. એટલા માટે તો તે વારંવાર કહે છે , એટલા માટે તો એ વિષે વારંવાર પૂછે છે કે તે પોતે પોતાનાં દોષી હોવાની લાગણી અનુભવે છે. તેને લેશમાત્ર પણ એ વાતની ખબર નથી કે તેનો દોષ શો છે , વીત્યાની તે શી મદદ કરી શકતી હતી ,પણ અનુભવ કરે છે અને કષ્ટ પામતી રહે છે . શું તેણે જરૂર કરતાં ઓછી દુઆઓ કરી હતી , ઓછું દુઃખ વેઠ્યું હતું ,તેના વિષે ઓછું વિચાર્યું હતું ? શા માટે લીઝની ઇન્તેજારી પૂરી થઇ , તેની નહીં ? શા માટે યુદ્ધ પૂરું ન થયું હોવા છતાં પણ વાસિલીસા બુદ્ધિમાનને વિશ્વાસ છે કે તેનો ગાવ્રીલ સહીસલામત પાછો આવશે. તે પાછો પણ આવશે . વાસિલીસા બુદ્ધિમાન અને ગાવ્રીલ જેવાઓ સાથે કદી કંઈ નથી બનતું – બધાં મારી જશે ,ખલાસ થઇ જશે , ખપી જશે , પણ તેઓ બંને બચી જશે અને આરામથી ,સુખચેનથી આગળની જિંદગી જીવશે . એવું શા માટે બને છે ? ના , કંઈક એવું છે જે સ્ત્રી પર પણ નિર્ભર કરે છે . સદીઓથી કદાચ સ્ત્રીઓ આ જ કોયડો ઉકેલવામાં પરેશાન થતી રહી છે ,આ રહસ્યને ખોલવાનો પ્રયત્ન કરતી રહી છે .માત્ર સૌભાગ્ય પર જ ભરોસો નથી રાખતી , પણ વ્યર્થમાં જ સદી દર સદી દરેક સ્ત્રી પોતાનાં અંતર્જ્ઞાન ,પોતાનાં આંધળા ,અનુંરાગાત્મક અને સંદેહયુક્ત જાદુઈ મંત્રનો આશરો લેતી આવી છે અને જયારે જયારે તે અપૂરતો રહ્યો છે ત્યારે ત્યારે તે આ જ અપરાધભાવથી પોતાની જાતને પજવતી રહી છે.

નાસ્ત્યોનાને પણ પુરો વિશ્વાસ હતો કે અન્દ્રેઈના નસીબમાં , જયારે તે ઘર છોડીને ગયો હતો ત્યારે, ક્યાંક તેની પણ ભાગીદારી હતી. એ વિશ્વાસ કરતાં તે ડરી રહી હતી કે તે કદાચ માત્ર પોતાનાં માટે જીવતી રહી છે , પોતાનાં વિષયમાં વિચારતી રહી છે અને તેની વાટ પણ માત્ર પોતાને માટે જોતી રહી છે . અને એ વાટ જોવાનું આવું ફળ મળ્યું: લે ,નાસ્ત્યોના, ભોગવ , પણ કોઈને બતાવ નહી. એકલી , લોકોની વચ્ચે તદ્દન એકલી : કોઈની સાથે વાત ન કરતી ,રડતી નહીં ,બધું જ પોતાની અંદર સમાવી રાખજે. અને કોને ખબર આગળ ,આગળ શું થશે ? કેવી રીતે તે તેને આ મુસીબતમાંથી ઉગારે ,કેવી રીતે જીવે ,જેથી વગર

ભૂલ કર્યે, વગર મૂંઝવણમાં પડે તેની મદદ કરી શકે ? હવે તેની સાથે જે કંઈ પણ બને તેના માટે તે જવાબદાર છે.

તે ધીમેથી મેજ પાસેથી ખસી ગઈ અને બહાર નીકળી આવી. ઘણું મોડું થઇ ગયું હતું , બાળકો અને કુતરાઓ પોતપોતાના ઘરોની તરફ દોડી ગયાં હતાં . ગામનો નીચલો ભાગ સંપૂર્ણ રીતે અંધકારમય અને નિશબ્દ હતો . નાસ્ત્યોના થોડીવાર સુધી વોલોઝ્ઝીનોની પ્રકાશમાન બારીઓ પાસે ઊભી રહી ,જ્યાંથી ગીતના સ્વરો ફૂટી હઅહ્યા હતાં , પછી અંગારાની તરફ વળનારી ગલીમાં એકલી આગળ વધી ગઈ , લોકોથી દૂર થઇ તેનું મન થોડું હળવું થઇ ગયું , પરંતુ તે પોતાની જાતને ધિક્કાર આપવા લાગી : જોયું , ક્યાં સુધી નોબત આવી ગઈ છે – પહેલાં પોતાની જાતને દિલાસો આપવા , સાંત્વના આપવા તે લોકોનો આશ્રય લેતી હતી . હવે તદ્દન વિપરીત ,તેમનાંથી દૂર ભાગવા લાગી છે. તેની અંદરનું દર્દ શમી ગયું હતું પણ શ્વાસ લેવામાં કોણ જાણે કેમ આહ ,શોક અને કડવાશનો અનુભવ થઇ રહ્યો હતો . છાતીમાં એકદમ ઊંડેથી ઊંડો શ્વાસ લઈને નાસ્ત્યોનાએ ન ચાહતા પણ ઊઠતી આ ચાહને દબાવી અને નદીનાં કિનારે કિનારે બરફ પર તીરાડોથી બચતી ચાલવા લાગી . તે ચાલતી રહી અને બિલકુલ બીજા કિનારા પરના ટાપુની પાછળ માંડ માંડ નજરે પડનારાં એ નિર્જીવ ખૂણાને જોતી રહી જ્યાં અન્દ્રેઈ સંતાઈને પડ્યો હતો . તેને વિશ્વાસ થઇ પણ રહ્યો હતો અને નહોતો પણ થઇ રહ્યો કે તે અહી પાસે જ છે . તેનાં નિયંત્રણમાંથી છૂટેલી કોઈ વણદેખી ક્ષણમાં તેને લાગ્યું કે તેણે એક એક મિનિટ પહેલાં જ આ બધું જાતે જ વિચારી નાખ્યું છે , એ કલ્પના કરી લીધી કે કેવી રીતે બધું બની શકે છે – કે મક્સિમ પાછો ફર્યો છે અને અન્દ્રેઈ ભાગી આવ્યો છે – અને પોતાની આ કલ્પના પર વિશ્વાસ પણ કરી લીધો છે . અત્યારે જો તે અન્દ્રયેવસ્કોયે ચાલી જશે તો ત્યાં તેને કોઈ નહી મળે . પણ શીઘ્રતા પૂર્વક તેનાં પર ચઢેલું જાદુ ઊતરી ગયું – ઉદાસીની આછી પાટલી લહેર શેષ રહી ગઈ અને સત્ય નિર્દયતાપૂર્વક પાસે આવતું ગયું : તેણે કંઈ પણ કલ્પના ન કરી, બધું વાસ્તવમાં એવું જ છે . તે પોતાનાં કિનારેથી ઢાળ પર ચઢી ગઈ અને છેલ્લીવાર અન્દ્રયેવસ્કોયે તરફ જોઈને ભારે પગલે ઘર તરફ આગળ વધી ગઈ . હજી તો તેને મિખેઈચને એ ખબર આપવાની હતી કે મક્સિમને અન્દ્રેઈ વિષે કશી જ ખબર નથી . તેનાં સિવાય કોઈને પણ કશી ખબર નથી , પરંતુ મુર્છાવસ્થામાં પણ એવી વાત મોંમાંથી બહાર કાઢવી વર્જિત છે.

પ્રકરણ ૧૦

દિવસના સમયે નાસ્ત્યોના ક્યાંય પણ નીકળવાનો વિચાર નહોતી કરી રહી પણ બપોરના સમયે બરફનું તોફાન શરૂ થઇ ગયું . નાસ્ત્યોનાએ જોયું કે લાકડાનાં ટબમાં પાણી એકદમ તળિયે આવી ગયું છે .અને મોસમ બિલકુલ ખરાબ થઇ જાય તે પહેલાં જ તે અંગારા તરફ દોડી ગઈ .અંગારા પર પૂર જોરમાં હવા

ચાલી રહી હતી, ભીનો, ચીકણો બરફ ધૂમરાઈને ઉડી રહ્યો હતો .નાસ્ત્યોનાએ હંમેશની ટેવ મુજબ આ તોફાનમાં ડૂબેલા બીજા કિનારા તરફ જોયું તો તેનાં મનમાં વિચાર જાગ્યો કે શા માટે તે એ બાજુ ભાગી ન જાય, અત્યારે કોઈ જોઈ પણ નહી શકે .તેણે હજી માત્ર આ વિષયમાં વિચાર્યું જ હતું.પણ આ વિચાર માત્રથી તેનું દિલ જોર જોરથી ધડકવા લાગ્યું : શા માટે સાચે સાચ જ ન ભાગી જાય ? બધું જ ભૂલીને કેમ ભાગી ન જાય ? અને વળી ફરી ક્યારે આટલી સરસ તક મળશે ? હવે તે પાણી લઈને પોતાની અધીરાઈને દબાવતી જલ્દી જલ્દી પાછી ફરી રહી હતી ત્યારે દ્રઢપણે તે એ જાણતી હતી કે તે ભાગી જશે .એકાએક જ કરેલા આ નિર્ણયથી તેનાં મનમાં દબાયેલી ખુશી અને દુ:સાહસનો આવેગ ઊઠી રહ્યો હતો : તેને લાગ્યું કે ભલે ને કોઈપણ અત્યારે તેને રોકવાનો પ્રયત્ન કરે પણ તેમ છતાં તે ભાગી જ જશે . પણ તેને રોકનાર કોઈ નહોતું : મિખેઈચ તબેલામાં હતો અને સાસુ હંમેશાની જેમ ભઠ્ઠી પર ઊંઘતી હતી . નાસ્ત્યોનાએ ઝડપથી ભોંયરામાંથી ડોલ ભરીને બટાકા કાઢ્યા, છાબડામાં થોડા બટાકા નાંખી દીધાં જેથી તેમને જો સાંજે જરૂર પડે તો ભોંયરામાં ન ઊતરવું પડે, બાકી કેનવાસના થેલામાં ભરી લીધા . ભંડારમાં ભાગીને જઈને તે પહેલેથીજ સંતાડેલી વટાણાની થેલી અને અડધી રોટલી લઇ આવી .રોટલી પીળી હતી , તે પણ વટાણાની બનેલી હતી . આખા ગામમાં બધે વટાણા જ વટાણા હતાં. સામુહિક ફાર્મે થોડા દિવસ પહેલાં ઉદારતા બતાવતા લગભગ દસ ક્વિન્ટલ વટાણા પોતાનાં કર્મચારીઓને વહેંચ્યા હતાં , આમ બધાં વટાણાની ખીચડીને વટાણાની રોટલી સાથે ખાવા લાગ્યા હતાં.

નાસ્ત્યોના ઝડપથી તૈયાર થઇ ગઈ , સવારે પહરેલાં જૂતાંની જગ્યાએ તેણે ફેલ્ટના જૂતાં પહેરી લીધાં અને નીકળતી વખતે પોતાને શરમાતાં શરમાતાં અરીસામાં જોઈ .બંડી પહેરીને અંગારા પાર કરવું વધારે સહેલું હતું પણ પતિની સામે સજેલા દેખાવાનું મન થઈ રહ્યું હતું . તે કદાચ એ તરફ ધ્યાન પણ નહી આપે - તેનાં માટે ત્યાં સરખામણી કરવા માટે છે જ કોણ, પણ નાસ્ત્યોના પોતાને સારાં કપડામાં સજેલી-ધજેલી અને સાફ સુથરી અનુભવી રહી હતી . કપડાંની સાથે સાથે જાણે કામનો બોજો પણ ઉતરવા લાગ્યો હતો . ઘોડીને જેમ સાજ સાથે બંધાઈને કામમાં જોતાયેલાં હોવાની અનુભૂતિ થોડીવાર માટે જતી રહે છે તેમ સજેલી અને તૈયાર થયેલી સ્ત્રીને યાદ નથી રહેતું કે તેની ઉંમર કેટલી છે અને એના મનમાં શું ચાલી રહ્યું છે – કશું યાદ નથી રહેતું , બસ કામ કરતાં રહો ,એટલા માટે જ નાસ્ત્યોનાને કામ પૂરું કરીને ભલે થોડીવાર તો થોડીવાર, પણ સાંજે સારાં સાફ કપડાં પહેરી લેવાનું સારું લાગતું હતું .ત્યારે અનાયાસે જ પોતાનાં યૌવન અને સૌંદર્યની અનુભૂતિ ઉભરાઇ આવતી હતી – એ ચંચળતાની અનુભૂતિ, જેને જેટલી દૂર કરો ,જેટલી ઓછી યાદ રાખો, તેટલી જ તે જલ્દી નષ્ટ થતી જાય છે .જયારે તે કપડાં બદલી લેતી ત્યારે, ચાલતી હતી ત્યારે પણ ખૂબ સંભાળી સંભાળીને રહેતી, જાણે પોતાની જાતને કોઈ વિક્ષતીથી બચાવી રહી હોય, તેના સ્મિતમાં વધારે લાડ અને સ્નેહ ભરાઈ જતાં, જાણે તે કોઈ પોતાની,

માત્ર પોતાની જાત સાથે સંબધિત એવા રહસ્યને સંભાળીને તપાસી રહી હોય, જેના માટે હજી સમય પાક્યો નથી .આવી ક્ષણોમાં યુદ્ધ, અભાવ અને એકલાપણાની સામે હાર ન માનીને તે પોતાને ભાવિ સુખી જીવન માટે સંભાળીને રાખી રહી હતી, તૈયાર કરી રહી હતી .નાસ્ત્યોનાને ખબર હતી કે વૃદ્ધાવસ્થા ઉંમરની સાથે આવે છે પણ મનની વૃદ્ધાવસ્થા ઉંમર કરતાં પહેલાં જ આવી જાય છે – આ વાતથી તે સૌથી વધારે બીતી હતી . કેટલા બધાં સ્વસ્થ અને શક્તિશાળી લોકો પોતાની આગવી, ભગવાનથી મળેલી ભાવનાઓને બધાં લોકોની સામાન્ય ભાવનાઓથી અલગ નથી કરી શકતાં .આ લોકો તો બારેમાસ પથારીમાં પણ એ જ આનંદથી સૂઈ જાય છે, જેની સાથે ખાવા માટે બેસે છે : બસ પેટ ભરાઈ જાય એટલે બહુ .તેઓ રડે છે , હસે છે તો ચારે બાજુ જોઈ-કોઈને -લોકોને તેમનું રુદન અને હાસ્ય દેખાઈ-સંભળાઈ રહ્યું છે કે નહીં, આંસુનું એકપણ ટીપું ફોગટમાં ન વહી જાય !તેમનું જીવન સંગીત જાણે ગુંજી ઊઠતું : તેમને જરા જુદી રીતે સ્પર્શો તો તેઓ સમજશે નહીં , કોઈ પ્રતિક્રિયા વ્યક્ત નહીં કરે, જવાબમાં એક પણ તાર સંવેદનાથી નહી ઝણઝણે, ઘણું મોડું થઈ ચૂક્યું છે – બધું જ બહેર મારી ગયું છે , નિર્જીવ થઈ ગયું છે .અને તેઓ પણ કોઈને ઝણઝણાવી નહી શકે .આ બધું એટલા માટે કે પોતાનાં કાળમાં તેઓ પોતાની સાથે એકાંતમાં રહી ન શક્યા કે પછી રહેવા ઈચ્છતાં નહોતાં. તેઓ પોતાની જાતને ભૂલી ગયાં હતાં, ખોઈ બેઠાં હતાં - હવે ન તો યાદ કરવું સંભવ હતું, ન તો શોધી શકવું સંભવ હતું.

તૈયાર થવામાં નાસ્ત્યોનાને દસ મિનિટથી વધારે સમય ન લાગ્યો .પણ ભાગવાની અધીરાઈમાં તે સમય તેને એક કલાક જેટલો લાંબો લાગ્યો .થેલો લઈને નાસ્ત્યોના છેવટે બહાર નીકળી આવી અને થોડીવાર માટે રોકાઈ ગઈ .તેણે ઝડપથી ચોમેર નજર દોડાવી અને સાંય સાંય હવાના થપેડા સહેવા માટે પોતાની જાતને તૈયાર કરી લીધી .અતિરિક્ત સાવધાની વર્તવામાં કોઈ નુકસાન નહોતું, એટલા માટે તે વાછરડાઓના વાડામાંથી નીકળી : જો કોઈ અચાનક જોઈ જ લે તો હમામખાના તરફ જવા માટે કારણોની કોઈ કમી નહોતી, પછી ભલેને આવાં તોફાનમાં જ શા માટે ન હોય .અહી હમામખાના નજીક એવું ઘેરું ધુમ્મસ છવાયેલું હતું કે નજીકનાં ઘર પણ માંડ માંડ નજરે પડી રહ્યાં હતાં .હવે નાસ્ત્યોના નીડરતાપૂર્વક નદી પર ઊતરી આવી અને જમણી બાજુ વળી ગઈ , જ્યાં રસ્તો નદી તરફ નીકળતો હતો .છેક હવે તેનાં મગજમાં આવ્યું કે રસ્તો બરફથી ઢંકાઈ શકે છે, ત્યારે તેણે અનુમાન લગાવીને ચાલવું પડશે .આ વખતે એ વાતનો ખતરો હતો :આવાં તોફાનમાં ભટકી જવું, કિનારાઓનું ઓઝલ થઈ જવું બહુ સામાન્ય હતું .કોને ખબર તમે હવાની સાથે કઈ બાજુ ચાલવા લાગો, તે આમેય પગમાં થપેડા મારીને દિશા જાળવી રાખવામાં અડચણરૂપ બની રહી હતી .પણ સદનસીબે રસ્તો હજી નજરે પડી રહ્યો હતો, ક્યાંક ક્યાંક નદીનો બરફ શિલાની જેમ ઉપર ઊઠેલો હતો, આ શિલાઓની ફરતે જ હિમ જમા થઈ ગયો હતો અને રસ્તો તો જાણે અદ્રશ્યમાન થઈ ગયો હતો, પણ એકંદરે હવા હિમને રસ્તા પરથી ઉડાવીને લઇ

જઈ રહી હતી.

ચાલતી વખતે માથું નીચે ઝુકાવી રાખવું પડતું હતું.જેનાથી બરફનાં એકધાર્યા પ્રવાહથી દમ ઘૂંટાવા ન લાગે .હવા એકધારી તીવ્ર ગતિથી વહી રહી હતી .હવાનો સુસવાટો જાણે તુરાઈમાંથી તીવ્ર, તીણો, લાંબો અવાજ નીકળી રહ્યો હોય તેવો હતો, વચમાં વચમાં એક બીજો અવાજ – ઉડતા હિમનો ફૂંફકાર પણ સ્પષ્ટપણે સંભળાઈ રહ્યો હતો .જો કે ચારે બાજુ પ્રકાશ હતો પણ તે ઝાંખો, ધુમ્મસમાં ડૂબેલો, અપારદર્શક, પોતાની ગતિમાં તૂટતો ટમટતો હતો .બરફની ઉભરાઈ આવેલી શિલાઓ ખણખણ કરી રહી હતી, તેમની સાથે અથડાતો હિમ આમતેમ ઉડતો વિખેરાઈ જતો હતો અને હવા તેને પોતાની સાથે આગળ ખેંચી જતી હતી.
ક્યાંથી આવું વાતાવરણ અચાનક તૂટી પડ્યું ? નાસ્ત્યોનાને યાદ જ નહોતું આવી રહ્યું કે કદી આ દિવસોમાં આવું બરફનું તોફાન ચાલ્યું હોય .કેવી સરસ વસંત છે - માર્ચ મહિનો પૂરો થવા આવ્યો છે.

તે ભટકવા લાગી હતી પણ હાલ પૂરતી રસ્તો શોધી લેતી હતી અને દરેક વખતે તે તેને ડાબી બાજુ જ મળતો હતો .નાસ્ત્યોના પોતાની જાતને ગમે તેટલી સ્થિર રાખતી, સીધી ટટ્ટાર રાખવાનો પ્રયત્ન કરતી, તેમ છતાં પણ હવા તેને એકધારી ડાબી બાજુ ધકેલી રહી હતી .એ કલ્પના કરવી જરાપણ મુશ્કેલ નહોતી કે રસ્તેથી ભટકીને તે ક્યાં જઈ પહોચશે .પણ સ્લેજના નિશાન પડેલા જૂના રસ્તાને જોઈ શકવું અતિ કપરું થતું જઈ રહ્યું હતું .હિમના ઢગલાં વધતાં જતાં હતાં અને એકબીજામાં મળતાં જતાં હતાં .નાસ્ત્યોના રસ્તાનાં કિનારાઓ પર સુકા ઘાસના ટુકડાં અને ઘોડાની લીંડના ધબ્બાં શોધતી, એ ચિહ્નોના આશરે આશરે તે ચાલતી જઈ રહી હતી .આ ચિહ્નો એ દિવસોમાં બન્યા હતાં, જયારે ‘ઘાસવાળા’ ટાપુ પરથી સુકું ઘાસ લાદી જવામાં આવ્યું હતું .તે થાકી ગઈ હતી, જોરદાર હવાથી શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી હતી, પગ બરફમાં ખૂંપતા જતાં હતાં, જૂતાં પર પણ બરફ લાગી ગયો હતો, શાલ અને જાકીટ એકદમ પલળી ગયાં હતાં .હવા ઠંડી નહોતી – દક્ષિણી હતી, પરંતુ ઠંડી ન હોવાના કારણે જ તેમાં ભીનાશ હતી, બરફ ચોંટી જતો હતો .કહેવું મુશ્કેલ હતું કે કઈ હવા વધારે સારી હોત.

ડાબી બાજુથી તે ‘ઘાસવાળો’ ટાપુ શોધી રહી હતી; કોઇપણ રીતે બસ ત્યાં સુધી પહોંચી જાય એકવાર – પછી આગળ સહેલું થઈ રહેશે, ટાપુની આગળ નદીની શાખા સાંકડી છે અને તેનાં પર સીધા જઈ શકાય છે .નાસ્ત્યોનાના મનમાં સંદેહ નહોતો કે તે પહોંચી શકશે કે કેમ , પહોંચી તો શકશે જ, નહી તો જશે ક્યાં? પણ તે ઈચ્છતી હતી કે તે સીધી ગુફાની પાસે જ કિનારા પર નીકળે જેથી કિનારા પર પહોંચી અટકળો ન લગાવવી પડે કે ગુફા ક્યાં છે, આમતેમ ભટકવું ન પડે .તેને એ વાતનો અફસોસ પણ નહોતો થઈ રહ્યો કે આવાં તોફાનમાં ઠોકરો ખાતી ચાલતી હતી : તેને તો જવાનું જ હતું , કોણ જાણે આ મોસમ પણ તેને

બીજાઓની નજરોથી બચાવવા માટે જ ખરાબ થયો હોય .ખબર નહી કેમ, તેને એ વાત પર વિશ્વાસ નહોતો બેસી રહ્યો કે ક્યારેક તે સૂકી અને ગરમ જગ્યાએ બેઠી હશે, એવી પણ ક્ષણ આવશે જયારે તે જૂતાં ઉતારીને ફેંકશે, ટીસ ઉઠતાં પગને લંબાવી લેશે અને સંતોષથી આંખો મીંચી લેશે .એ બધું બહુ દૂર લાગી રહ્યું હતું, બિલકુલ પરલોક જેવું.

છેવટે તે રસ્તેથી ભટકી જ ગઈ – તેનાં પગ નીચે બધું જ જાણે સમેટાઈ આવ્યું હતું . ત્યારે નાસ્ત્યોનાએ હવાથી વધારે સામે ચાલવાનું નક્કી કર્યું , જેથી કોઇપણ રીતે અંગારાના એ કિનારા સુધી પહોંચી જાય, તો પછી તેને વિશ્વાસ થઈ જાય કે નાની નદી ક્યાંક જમણી બાજુ છે .તેમ છતાં નાસ્ત્યોના પોતે રસ્તો ભૂલ પડી ગઈ એ વાતે થોડો ક્ષોભ અનુભવી રહી હતી : ખોફથી નહીં પણ માત્ર ક્ષોભ અને થાકથી તે હિબકું ભરી ઊઠી અને ન જાણે શું વિચારીને અન્દ્રેઈને મોટેથી બૂમ પાડી ઊઠી . એ આશા રાખવી મૂર્ખામી ભર્યું હતું કે કોઈ તેનો અવાજ સાંભળી લેશે – આંધીએ અવાજને બીજી તરફ ખેંચીને હવામાં ઓગાળી દીધો.

તે ઘણીવાર સુધી ચાલતી રહી .તેને સમજાઈ રહ્યું નહોતું કે તે જઈ કઈ બાજુ રહી છે . એકવાર માથું ઉઠાવ્યું તો ઝટ દઈને તેને સંતાડવું ન પડ્યું – કદાચ હવા ધીમી પડી ગઈ હતી .તે રોકાઈ ગઈ અને ચોમેર જોવા લાગી : પાછળ એ જ બેકાબૂ શક્તિથી આંધી ચાલી રહી હતી .પણ અહી કોઈ વસ્તુ હવાને માટે અડચણરૂપ બની રહી હતી . તે કોઈ વસ્તુ સાથે અથડાઈ રહી હતી અને તેની ઝડપ ઓછી થઈ જતી હતી . થોડા આગળ વધતાં જ નાસ્ત્યોનાને કિનારો દેખાયો . આ ટાપુ નહોતો , ટાપુ તો બેધ્યાનપણામાં જ તેની નજરોમાંથી નીકળી ગયો હતો . આ મુખ્ય ભૂમિ હતી .ભગવાનની દયાથી અંગારા તો પાર થઈ ગઈ .હવે અન્દ્રયેવ્સ્કોયે શોધવાનું છે .તટના વળાંકથી તે સમજી ગઈ કે ટાપુની પાછળનો વનાચ્છાદિત ઊંચો અંતદ્વીપ ડાબી બાજુ રહી ગયો છે ; તેણે જ કદાચ હવાથી તેની રક્ષા કરી છે . એનો અર્થ એ કે જેવી તેની ગણતરી હતી તે પ્રમાણે હવે તેને કિનારે-કિનારે ચાલતાં નદીનાં નીચલા ભાગની તરફ જવાનું છે . હવે તો સમજો પહોંચી જ ગઈ, હવે દૂર નથી .પહાડ પરનું સરુવન સ્પષ્ટ અને ધીમા અવાજે સાંય સાંય કરી રહ્યું હતું , સમતલ તટ પરના સાંકડા ઘાસના મેદાન પર ઊભેલા ભોજ વૃક્ષો અને એસ્પ વૃક્ષોને હવા ઝંઝોડી રહી હતી . નાસ્ત્યોનાએ જમણી બાજુ વળવાનો પ્રયત્ન ન કર્યો , ત્યાં પણ તે જ સ્થિતિ કાયમ રહી .હવા પીઠમાં જોરથી લપડાકો મારી રહી હતી અને તે પગ પર નિયંત્રણ ન રાખી શકતાં ઠોકર ખાઈ જતી હતી ,એકવાર તો પડી જ ગઈ . થેલામાંથી બે બટાકા બરફ પર પડી ગયાં અને ખબર નહી કેમ પણ કોઈ અગમ્ય ખિન્નતાથી તેને તે ઉઠાવવાનું મન ન થયું .તેણે તે બટાકા ત્યાં જ થીજી જવાં છોડી દીધાં.

પોતાની ધૂનમાં તેણે નદી પાર કરી જ લીધી હતી .પરંતુ સમય વીતતાં જોઈ લીધું કે હવા બરફને ઝડપથી એકબાજુ ઉડાડીને લઈ જઈ રહી હતી અને તે રોકાઈ ગઈ, નહી તો તે રીબ્નાયા જ જઈ

પહોંચત .નાસ્ત્યોના સમજી નહોતી શકતી કે આજે નસીબ તેનો સાથ આપી રહ્યું છે કે નહી : આમ તો સકુશળ અંગારા પાર કરી આવી છે, ભૂલી નથી પડી, કોઈ જગ્યાએ પડી નથી ગઈ અને આ અંધાધૂંધ મોસમમાં ફાલતું અંતર પણ કાપ્યું નથી .તેની જગ્યાએ બીજું કોઈ હોત તો ખુશ થાત કે બધું કેટલું બરાબર રીતે થઈ રહ્યું છે, બધું શું જેવી રીતે થવું જોઈએ તેવી રીતે જ નથી થઈ રહ્યું ! માત્ર થાકનાં લીધે જ તેની મનસ્થિતિ આટલી બધી અશાંત નહોતી થઈ રહી – કોઈ બીજી વાત પણ હતી .તે એ વિચાર માત્રથી બી ગઈ કે આ “કોઈબીજી વાત” ખરાબ અને અચૂકપણે પૂર્વાભાસ છે.

તે ઝડપથી ઝૂંપડી સુધી ચઢી આવી.

અન્દ્રેઈ અહી જ હતો : છતની ચીમની માંથી ધુમાડો નીકળી રહ્યો હતો . એ કસર બીજી બાકી રહી ગઈ હતી કે બધી મુશ્કેલી સહન કર્યા પછી તેનાં હાથે કંઈ ન આવે, અહીં કોઈ મળે જ નહી .ગઈ વખતે તેણે પોતાનાં પતિને કેટલો બીવડાવી દીધો હતો તે યાદ કરીને તે દરવાજામાંથી ન ધૂસી .તેણે ઊંડો શ્વાસ લીધો, હથેળી વડે પોતાનો ભીનો ચહેરો લૂછ્યો અને ત્યારબાદ ધીમે રહીને બારીએ ટકોરો કર્યો: “અન્દ્રેઈ, હું છું .અન્દ્રેઈ! ”

તેણે સાંભળી લીધું અને બહાર નીકળી આવ્યો , નાસ્ત્યોનાને બાથમાં ભરીને કંઈ કહેતાં કહેતાં બારણાં તરફ લઇ ગયો . એક જ ક્ષણમાં તેના પર એટલા ભયંકર થાકનો જાણે પહાડ તૂટી પડ્યો હોય તેમ તેનામાં હાલવા-ચાલવા સુધ્ધાની શક્તિ ના રહી .ઉંબરો પાર કરતી વખતે તે ઠોકર ખાઈ ગઈ અને પડતાં પડતાં રહી ગઈ – તે રડું-રડું તો થઈ જ રહી હતી, અને આનાથી તેની ધીરજનો બાંધ એકદમ તૂટી ગયો અને તે રડી પડી .અન્દ્રેઈ ગભરાયેલો તો હતો જ, તેના રડવાથી તે મૂંઝવણમાં પડી તેની પાસે બેઠો .તેને સમજાતું નહોતું કે શું કરે, કેવી રીતે તેને શાંત કરે .કદાચ હજી તે એ વિશ્વાસ કરવાની સ્થિતિમાં નહોતો કે હકીકતમાં નાસ્ત્યોના તેની પાસે છે.

“તું મને બહાર મળી શકતો નહોતો,” નખરા અને ચીડિયાપણા સાથે તે આંસુ સારતી નાસ્ત્યોના જોરથી બોલી રહી હતી, “વિચારી રહી હતી કે પહોંચી જ નહીં શકું, ક્યાંક રસ્તામાં પડી જઈશ અને આ છે કે અહીં આરામથી બેઠો છે, જેને રત્તીભર ચિંતા નથી. ”

“મને ક્યાંથી ખબર પડે કે તું આજે આમ નીકળી પડીશ ?!”

“ ક્યાંથી ...! ખબર હોવી જોઈતી હતી ...! કહે છે , ક્યાંથી! ”

થોડી વાર રહીને તેને સુઝ્યું કે તેનું જાકેટ અને શાલ ઉતારી દે .ફેલ્ટના જૂતાં નાસ્ત્યોનાએ જાતે જ નફરતથી ઉતારી ફેક્યાં .અન્દ્રેઈએ તે હાથમાં લીધાં અને તેનું વજન જોતા આશ્ચર્યથી માથું ધુણાવી ઊઠ્યો .તેણે જૂતાં ચૂલા પાસે સુકાવા માટે મૂકી દીધાં .ચૂલો સળગી જ રહ્યો હતો ,ઝૂંપડીમાં ગરમી હતી જ, શાંતિ હતી; ઘરનાં જેવાં અંદાજથી બળતાં લાકડાં તતડી રહ્યાં હતાં .અને બારીનાં કાચ ખણખણી રહ્યાં હતાં – બહારના તોફાનની યાદ એકમાત્ર તે જ અપાવતાં હતાં.

અન્દ્રેઈ માંચડા પર નાસ્ત્યોનાની નજીક બેસી ગયો અને ધીમેથી પૂછવાં લાગ્યો: "કેવી રીતે ભાગી આવી ? કોઈ ખાસ વાત તો નથી બની ગઈને ?"

"પૂછે છે , કેવી રીતે ભાગી આવી ?" છંછેડાઈને તેણે તેની નકલ મારતાં કહ્યું , "તારી પાસે ભાગી આવી , સમજ્યો ! ઉપરથી પૂછે છે પાછો! " અને પછી બીજી જ ક્ષણે તદ્દન જ જુદાં, શાંત અવાજે તેણે જવાબ આપ્યો, "ના, કશું જ નથી થયું"

"જબરી હિમ્મતવાળી છે તું .મને ખબર નહોતી કે તું આટલી હિંમતવાળી છે .આજે તો જાનવરો માટે પણ ગુફામાંથી બહાર નીકળવું અઘરું છે, પણ તેં ખરી હિમ્મત કરી લીધી. "

"તને ક્યાં કશી ખબર છે? છછુન્દરોની જેમ તો રહે છે બીલમાં, આવાં અંધારામાં પોતાની પત્નીને સારી રીતે જોઈ પણ ન શકે."

"હા, વાત તો સાચી છે, છછુંદરની જેમ જ રહું છું," તેણે વાત સ્વીકારી લીધી , પણ તેણે પોતાની ખુશી સભર , સૌભાગ્યશાળી મનસ્થિતિને ડામાડોળ ન થવા દીધી અને પૂછ્યું : "ભૂખ લાગી હશે ને? અત્યારે બપોરનું ખાવાનું ખાઈશું કે સાંજનું , હું તો બિલકુલ મૂંઝવણમાં પડી ગયો છું. "

"જોઉં તો જરા, તું મને શું ખવડાવાનો છે ?" અન્દ્રેઈએ ખાવાનું નામ લીધું ત્યારે નાસ્ત્યોનાને ખ્યાલ આવ્યો કે તે સાચેસાચ ભૂખી છે .તે સવારે જમી નહોતી અને હવે અત્યારે તો દિવસ ઢળી ગયો હતો . ના પાડવી એટલા માટે ઉચિત નહોતી કે તે જોઈ રહી હતી – અન્દ્રેઈ તેનાં માટે કંઈ કરવા, કોઈ વસ્તુથી તેને ચકિત કરવા, પોતાનું માલિકપણું બતાવવા ઈચ્છે છે.

"માછલાનો સૂપ બનાવી લઈએ . મેં અહીં માછલા પકડવાનું શરૂ કરી દીધું છે "

"પણ હું કોઇપણ સંજોગોમાં બહાર નહી નીકળું. "

”બેસી રહે , હું જાતે બધું કરી લઈશ. ”

“તેણે થોડું બારણું ખોલ્યું અને ઉંબરામાંથી પગ બહાર મૂક્યાં વિના જ ક્યાંક ઉપરથી માછલી ઉતારી લીધી – લગભગ ત્રણ કિલોની ઈલ માછલી હતી તે – અને તેને મેજ પર પટકી.

“જોઈ રહી છું કે તું અહીં અમારાં બધાંથી સારી જિંદગી વિતાવી રહ્યો છે,” નાસ્ત્યોનાને આશ્ચર્ય થયું.

“કાલે જ નસીબ મહેરબાન થઈ ગયું .અને તે પણ જાણે ખાસ તારા માટે જ .એનો અર્થ એ કે નસીબદાર તું છે".

“હા , શા માટે નસીબદાર ન હોઉં,” તેણે ન જાણે કેમ સંતુલિત જેવા સ્વરમાં જવાબ આપ્યો.

આ વાત પર એ ચૂપ રહ્યો કે તેણે માછલાં પકડવાની વ્યવસ્થા કેવી રીતે કરી લીધી .એ વિષે તે તેને જણાવી જ નહોતો શકતો .થોડા જ વખત પહેલાં તે વિચારી પણ શકતો નહોતો કે પારકી વસ્તુ પર નજર કરી શકે છે અને હવે તો નોબત ત્યાં સુધી આવી ગઈ હતી .રીબ્નાયાના કોઈ માછીમારે લીલ-કીચડવાળા શાંત કિનારા નજીક જાળ પાથરી હતી; એક રાત્રે અચાનક તે તેની સાથે અથડાઈ ગયો અને પોતાની જાત પર કાબૂ ન રાખી શક્યો .તેને ખબર હતી કે કોઇપણ માણસ રોજ રોજ કોશ ગામમાંથી ઉઠાવીને નહી લાવતું હોય અને વાસ્તવમાં ઝાડીઓમાંથી તેને તે મળી ગઈ .ત્યાં જ નાનાં નાનાં હાથાવાળી કડછા જેવી કોદાળી પડી હતી – એટલે કે માછીમાર દરેક વસ્તુની પૂરેપૂરી તૈયારી રાખવાનું પસંદ કરનારો હતો .ઘણું કરીને સવારે સવારે બરફ તોડીને જાળમાં જોઈ લેવામાં આવતું, પણ અન્દ્રેઈ રાતનાં અંધારામાં જ જોવા લાગ્યો, જેથી રાતભરમાં જ જાળ માટે બનાવેલાં છિદ્રોમાં ફરીથી બરફ જામી જાય . આ પ્રમાણે તેણે ચાર મોટી માછલીઓ પકડી લીધી . પોતાનું કામ તે સફાઈપૂર્વક અને સારી રીતે કરતો હતો, પોતાની પાછળ એક પણ નિશાન નહોતો છોડતો; જાળનાં માલિકને ભાગ્યે જ શંકા જઈ શકે તેમ હતું, અને વળી તેનાં ભાગમાં રાત્રે જ ફસાયેલી સૌથી વધારે માછલીઓ પણ આવતી હતી .શી વાત છે – “કામ કરતો હતો “ – આવા કામને પહેલાં અન્દ્રેઈ નાનમભર્યું કામ કહેતો હતો.

એવી કોઈ સખ્ત જરૂર કે ઘોર અભાવ નહોતો; જે તેને આવું ખોટું કામ કરવા માટે વિવશ કરે .તેની પાસે માંસ બચેલું પડ્યું હતું, અને નાસ્ત્યોના પણ હંમેશાં કંઈકને કંઈક લાવતી રહેતી હતી .વાત આમ તો સાચી છે કે વસ્તુઓ કંઈ ઓછી નહોતી પણ અન્દ્રેઈને કોઈ તેનાં વશ બહારનો રહસ્યપૂર્ણ અને શક્તિશાળી ક્ષોભ એવું કામ કરવા વિવશ કરી રહ્યો હતો .આ ક્ષોભથી એ લોકોને એટલી ગહન, છુપાયેલી – ઢંકાયેલી, દુઃખ પહોચાડવાની અદમ્ય ઈચ્છા પેદા થતી હતી, જે લોકો તેનાથી ઉલ્ટા, ખુલ્લેઆમ રહે છે,

વગર ડર્યે -સંતાયે હરે છે, ફરે છે .તે કોઈને કોઈ રીતે એમના રસ્તામાં આવી જવા ઈચ્છતો હતો, જેથી એ અનુભવી શકે કે બીજાઓનું નસીબ સુધારવા – બગાડવામાં તેની પણ ભાગીદારી છે, બીજાઓને માટે તેનું પણ આડકતરું કોઈ મહત્વ છે .તેઓ ભલે તેને જોઈ – સાંભળી ન શકે, તેનાં વિષે શંકા ન કરે, પણ તે છે અને તેનાં અસ્તિત્વનો પ્રભાવ કોઈને કોઈ રૂપમાં બીજાંઓ પર પણ પડવો જોઈએ .અન્યથા તે જીવતી લાશ છે, છાયા છે, શૂન્ય છે .એ વાંતથી તેને સંતોષ નહોતો મળતો, આત્મસંતોષને માટે પોતાનાં ક્રિયાકલાપોને કબુલ કરી સાચા ઠેરવવાં જોઈએ, પણ કોઈ નાનકડી, તુચ્છ જેવી તૃપ્તિ જરૂર તે અનુભવતો હતો .તે વિચારવાનો પ્રયત્ન પણ કરતો નહોતો કે એ તૃપ્તિ કઈ વાતની હતી – એ જાણવું જરૂરી નથી કે મનને કઈ વાતથી આરામ મળે છે, બસ આરામ મળવો જોઈએ.

માછલીનો સૂપ ધગધગતાં ચૂલા પર જલ્દી જ ઉકળી ગયો અને તેમણે તે ખાધો, નાસ્ત્યોના માટે એક જુદો લાકડાનો ચમચો પણ મળી ગયો, જે અન્દ્રેઈએ ખાસ આવા તહેવાર જેવા પ્રસંગો માટે કાપીને બનાવી લીધો હતો .તેની પાસે ધીરે ધીરે ઘરગૃહસ્થીનો સમાન વધવા લાગ્યો હતો, હવે નાનાં ફ્લાસ્ક નહી પણ ત્રણ લીટરનાં વાસણમાં જે કંઈ ઉકાળવું હોય તે ઉકળતો હતો, જે નાસ્ત્યોના ગયાં અઠવાડિયે બંડીની સાથે હમાંમખાનામાં લઇ આવી હતી.

ત્યારે તેઓ એકબીજાને મળ્યા હતાં, પણ હમાંમખાનામાં હંમેશની જેમ અડી – અડીને .આવી મુલાકાતો પછી નાસ્ત્યોનાના મનમાં પોતાની અનૈતિકતા અને અપવિત્રતાનો અપ્રિયકર તથા વિતૃષ્ણાભર્યો ભાવ શેષ રહી જતો; તેને પહેલાની જેમ ધોખો અને વંચના નજરે પડતાં, તે સમજતી હતી કે તેની સાથે કોઈ દગો નથી થઈ રહ્યો પણ તેમ છતાંય પોતાની જાતને સાંત્વના આપી શકતી નહોતી : ધ્યાનપૂર્વક અન્દ્રેઈનો અવાજ સાંભળી વિચારતી – શું આ તેનો જ અવાજ છે? તે એ જોવાનો પ્રયત્ન કરતી હતી કે તેની ટેવોમાં કંઈ નવું તો નથી અને બેશક શોધવા પર તે એવી નવી વાતો જોઈ પણ લેતી હતી જે તેણે પહેલાં કદી જોઈ નહોતી .આ પ્રમાણે વ્યર્થમાં જ પોતાની જાતને બીવડાવતી અને મૂંઝવણમાં નાંખી દેતી હતી .પણ તેને ઠંડા, ચીકણા, સડેલાં પાંદડાઓની કડવી ગંધવાળા, ભઠ્ઠીના ઊંચાં ચોતરા પર સુવું સૌથી વધુ અપ્રિયકર લાગતું હતું, ત્યાં ઘૂંટણભેર ચઢવું પડતું હતું .નાસ્ત્યોનાને લાગતું હતું કે તે ત્યાં જાનવરોની ઘૃણાજનક ખાલથી ઢંકાઈ જાય છે અને ઈચ્છે તો જાનવરોની જેમ અવાજ પણ કાઢી શકે છે.

અહીંની વાત બીજી હતી .અહીં તેઓ એકબીજાંની આંખોમાં આંખો પરોવીને જોઈ શકતાં હતા, તેનાં ચહેરા પરથી અનુમાન લગાવી શકતી હતી કે તે શું વિચારી રહ્યો છે, અહીં તેનું સામીપ્ય પહેલાનાં કૌટુંબિક જીવન જેવું હતું .આ સામીપ્ય એટલાં વિચિત્ર અજાણ્યાં અને ઘૃણાજનક વાતાવરણમાં થતું હતું કે એ વાતથી નાસ્ત્યોના બેચેન થઈ ઉઠતી હતી .તેનામાં કોઈ અજાણ અને સાથે સાથે અભિલાષિત

આતુરતા ભરાઈ જતી હતી, જે એવા અવસરની સાધારણ, અભ્યસ્ત અનુભૂતિની સીમાથી આગળ નીકળી જતી હતી.

પતિ-પત્નીની આ દુ:ખદાયી સ્થિતિ, જેમને ચોરીછૂપી મળવું પડતું હતું અને તે પણ ક્યારેક ક્યારેક, જેની પૂરતી તે આ જ મુલાકાતોમાં શોધવાનો પ્રયત્ન કરતી હતી; નાસ્ત્યોના ઈચ્છતી હતી કે આ દરેક મુલાકાત જિંદગીના ઘણાં ઘણાં વર્ષોને પોતાનામાં સમેટી લે અને કોઈ વિશેષ અર્થ, શક્તિ તથા પ્રેમથી ભરાઈ જાય .આવું કેવી રીતે બની શકે એ તે વિચારી શકતી નહોતી; યાતના અને પીડા પામતાં, આવનારાં કાલની આશંકાથી બીતા પણ એ સ્વપ્ન જોતી રહેતી હતી કે કોઈ અપાર મહત્વની એવી વાત બનશે, જે તેની પહોંચ બહાર નથી પણ તેમ છતાંય અસ્પષ્ટ જ છે .તેને બસ એટલી આશા હતી કે એવું જયારે બનશે ત્યારે તે તેને માટે યોગ્ય સાબિત થશે, તેને દગો નહી આપે.

એકવાર કદાચ એનાથી મળતું આવતું કંઈક બન્યું પણ ખરું, પણ ક્યારે, કઈ મુલાકાત દરમ્યાન – તેને ખબર નહોતી .આ વાત પણ તેને બહુ પીડા આપતી હતી :કેવી રીતે એવી વાત પર તેનું ધ્યાન ન ગયું? શું તે તદ્દન ભાવશૂન્ય થઈ ગઈ હતી કે પથ્થર જેવી? એ સાચી વાત હતી કે નાસ્ત્યોના સંપૂર્ણપણે આશ્વસ્ત નહોતી કે વાસ્તવમાં એવું કંઈ બન્યું છે, પણ તેને વધારે ને વધારે અનુભવ થઈ રહ્યો હતો કે હા, બન્યું જ છે - એટલાં માટે પણ તે આજે વધારે ઉત્તેજિત અને ખોવાયેલા ખોવાયેલા જેવી હતી.

તે મેજ પરથી ઊઠી, પોતાનાં દુખતાં, થાકથી ચૂર થઈ ગયેલા પગે પડતી – આખડતી માંચડા સુધી જઈને સૂઈ ગઈ .હવે તેનામાં તાકાત આવી ગઈ હતી કે તે કહી શકે શા માટે આવી છે.

“અન્દ્રેઈ તને ખબર છે ?"

“શું?”

પણ તેણે વિચાર બદલી નાખ્યો :“છોડ પછી વાત ?”

નાસ્ત્યોનાએ તેનાં પાસે આવી જવાની રાહ જોઈ .તે ત્યાં જ મેજ પાસે બેસી રહ્યો; નાસ્ત્યોનાએ એ વાત પર ધ્યાન આપ્યું કે અન્દ્રેઈ ધીરે ધીરે ખાઈ રહ્યો છે – કદાચ તે તેની કોઇપણ વાતમાં ઉતાવળ ન કરવાની ટેવનો પ્રભાવ હતો .છેવટે તે ઊઠી ગયો અને ખાતાં ખાતાં પરસેવાથી રેબઝેબ થઈ જવાના કારણે બારણાની તરફ ઠંડક ખાવા આગળ વધ્યો .નાસ્ત્યોનાને તરત ઠંડી હવા લાગી અને તે બૂમ પાડી ઊઠી:

““જલ્દી બંધ કર! ”” “કરી દીધાં , કરી દીધાં .લાગે છે હવા ધીમી પડી ગઈ છે”

“હા, લાગે તો છે.” તે આવીને તેની પાસે બેસી ગયો .“કેમ હજી ગરમાવો નથી આવ્યો શું ?

“આવ્યો તો ખરો, પણ વિચારું છું કે જલ્દી જ પાછાં જવાનું છે, ત્યારે કંપારી છૂટવા લાગે છે .અહીં આવતાં આવતામાં તો મારો જીવ જ નીકળી ગયો.”

“વધારે વાર અહીં રોકાઈ જજે, આરામ કરી લે .હવે તું એકલી નહી જાય, હું સાથે આવીશ.”

“વધારે વાર કેવી રીતે રોકાઈ જાઉં, અન્દ્રેઈ? હું તો આમેય ભાગીને આવી છું, કોઈને કંઈ કહીને પણ નથી આવી .કદાચ મને શોધી પણ રહ્યાં હોય ત્યાં .રાત્રે દોડતી પાછી ફરીશ – કોને એ ગમશે? આમેય રાતના સમયે ફરતી રહું છું .વિચારતાં હશે કેવી વહુ છે ...કેવી રીતે બંધ બારણું ખખડાવશે એની કલ્પના કરતાં નાસ્ત્યોનાએ આંખો મીંચી લીધી .“બાપુ કંઈ પૂછતાં તો નહોતાં ને?” “હમણાં તો નહી , ચૂપ છે .કેવી રીતે શંકા જાય? તેમને બંદુકની ખબર નથી પડી, સમજાતું નથી શું થશે .જલ્દી જ એક એક કરીને બધી ખબર પડી જશે.” “તેં વિચારી રાખ્યું છે ને કે ખબર પડતાં શું કહેશે ?” “વિચારવાનું તો વિચારી રાખ્યું છે… ” નાસ્ત્યોનાએ કપાળે કરચલીઓ પડતા કહ્યું . “શું વિચારી રાખ્યું છે.”

“શા માટે હું તને મારું સાચું-જુઠું કહી દઉં ? નહી કહું જા .હું મારી જાતે કોઇપણ રીતે ફોડી લઈશ.”

અન્દ્રેઈએ અચાનક જ વિચિત્રપણે તેનાં માથા પર હાથ ફેરવતા: “બહુ મુશ્કેલી પડી રહી છે ને તને, નાસ્ત્યોના?”

“ના, ના,” તેણે આંખો ખોલી દીધી અને હસવા લાગી .ઠંડી હવાથી તમતમેલો તેનો ચહેરો ગરમ ઓરડામાં સ્પષ્ટ લાલીમાની સાથે ચમકી રહ્યો હતો, તેનાં ચહેરા પર હળવું સ્મિત રેલાયું , “બસ, તારાં માટે દિલમાં દુઃખ થાય છે,” તેણે એ બધું કહેવા ન ઈચ્છયું, જેનો તે અનુભવ કરી રહી હતી .“મારું શું છે ? હું તો મજબૂત છું, જે કંઈ આવી પડશે તે બધું સહી લઈશ .તું શું વિચારે છે, તારાં વગર આરામ હતો? દર દિવસે આત્મા સુન્ન રહેતો હતો, ખબર નહી, આજે તું જીવતો છે કે નહીં .હવે ઓછામાં ઓછી એટલી તો ખબર છે કે તું જીવતો છે.”

“થોડા દિવસ આપણે નહીં મળીએ, તું થોડો આરામ કરી લે .મારી પાસે બધું છે .હું ચલાવી લઈશ.”

"તું કેમ આવો છે? કહે છે, આરામ કરી લે .એકવાર મને પૂછી તો લે કે હું આરામ કરવા ઈચ્છું પણ છું કે નહીં? થોડા જ સમયમાં અંગારા પીગળવા લાગશે, જ્યાં સુધી બરફ વહી જશે, અને પૂર ઊતરશે નહિ, ત્યાં સુધી આરામ જ આરામ કરવાનો રહેશે ને .હવે જો તને જ ન જોઉં તો પછી મારાં માટે જિંદગીમાં બીજું રહી શું જશે? તું તો સાવ કંઈપણ સમજતો જ નથી." નાસ્ત્યોના થોડીવાર ચૂપ રહી, પછી ઊંડો શ્વાસ લઈને અને કંઈ નક્કી કરીને બોલતી હોય તેમ ધીરે ધીરે, હળવે રહીને પોતાનાં એક એક શબ્દ પર ભાર દેતાં તેણે કહેવાનું શરૂ કર્યું: "લાગે છે અન્દ્રેઈ, હું ગર્ભવતી થઈ ગઈ છું."

"શું ?!" તે બેઠો ન રહી શક્યો, એકદમ ઊભો થઈ ગયો, "તું ...આ સાચું ...સાચે સાચ સાચું કહે છે?" "હજી ઠીક ઠીક ખબર નથી, પણ પહેલાં કદી આવું થયું નથી એટલે લાગે છે સાચું છે." તેણે પહેલાની જેમ ધીરે ધીરે સાવધાનીપૂર્વક એક એક શબ્દ કહ્યો, જાણે આ વિષયમાં અન્દ્રેઈની પ્રતિક્રિયાની ખબર પડી જશે એ પળને ટાળવાનો પ્રયત્ન કરી રહી હોય.

"તો તું ચૂપ શા માટે રહી અત્યાર સુધી?" તેણે અચકાતાં અચકાતાં કહેવાનું શરૂ કર્યું અને મોંમા આવેલા આ શબ્દો બોલી જ રહ્યો હતો કે તે તેમને વશીભૂત થઈ ગયો હતો, જે કંઈ ઘટ્યું હતું તેનો સંપૂર્ણ અર્થ અન્દ્રેઈની સમજમાં આવી ગયો અને આ ચેતનાએ તેને પગથી માથા સુધી ઝંઝોડી મૂક્યો –હચમચાવી દીધો તેને ."ના-સત્યો –ના!"" દબાયેલા પણ આજીજીભર્યા સ્વરમાં, પરંતુ પૂરા ભાવાવેગથી નિ:શક્ત થઈ બેસી ગયો અને, નાસ્ત્યોનાનો હાથ પકડી લીધો, "જુઓ તો જરા ! કુદરતનો કેવો ચમત્કાર છે !છેવટે આ છે શું?! તું સમજી શકે છે? તું કંઈ સમજી શકે છે, નાસ્ત્યોના? તો વાત આમ છે ... મને ખબર છે ... હવે મને ખબર પડી નાસ્ત્યોના :હું અહીં વ્યર્થમાં નથી આવ્યો, હા, વ્યર્થમાં જ નથી આવ્યો .આ છે નસીબ ... એ જ મને અહીં ખેંચી લાવ્યું છે, તેણે જ મને અહીં સુધી ચલાવ્યો .મને ખબર હતી , મને ખબર હતી .તું સમજી રહી છે ને ? મને એમ લાગી રહ્યું હતું .આ બાજુ હું મૂર્ખ બી રહ્યો હતો .આને ખાતર જ તો..." હા, તે ખુશીમાં ચીસો નહોતો પાડી રહ્યો, તે શુષ્ક, દાઝેલાં જેવા અવાજે એકસાથે ખાંસતા અને હસતાં શબ્દોને શ્વાસની સાથે બહાર કાઢી રહ્યો હતો .તેની આંખોમાં બળતરા થઈ રહી હતી અને દીવાલોને ભેદતી ક્યાંક દૂર જોઈ રહી હતી .નાસ્ત્યોનાને સંબોધતા પણ તે તેની તરફ જોઈ રહ્યો નહોતો, ધ્યાન આપી રહ્યો નહોતો – તે જાણે પોતાની જાત સાથે જ વાત કરી રહ્યો હતો, પોતાને વિશ્વાસ અપાવી રહ્યો હતો, ""બસ આ જ તો બધું છે – હવે કોઈ સફાઈની જરૂર નથી .આ હકીકત બધી સફાઈથી પર છે .હવે ભલે ગમે તે થાય, ભલે મને કાલે જ જમીનમાં દાટી દેવામાં આવે, પણ જો આ સાચું છે, જો તે મારાં પછી જીવતો રહેશે ...આ તો મારું લોહી છે, મારો વંશ ચાલુ રહેશે .તે પૂરો ખલાસ નથી થયો, મારો વંશવેલો સુકાયો નથી, કરમાયો નથી .અને હું તો વિચારતો હતો :બસ, હું જ છેલ્લો છું, મારી સાથે જ મારો વંશ પણ નાશ પામશે .પણ ના તે જીવંત રહેશે .વંશની વેલને આગળ વધારશે .જો તો ખરી, શું થઈ ગયું ! અરે, આ શું

થઈ ગયું !નાસ્ત્યોના !ઓહ, તું મારી હિતચિંતક!” તે નાસ્ત્યોના તરફ દોડી ગયો અને તેની લગોલગ આવી તેને આલિંગનમાં લઇ લીધી અને મોટું અસ્તવ્યસ્ત માથું ધુણાવતાં કંઈ બીજું ગણગણતો રહ્યો.

નાસ્ત્યોના પહેલાં તો તેની પ્રસન્નતા જોઈને ખુશ થઈ, પણ પછી તેની વાતો સાંભળતા તે ક્ષોભ અને ચિંતામાં ડૂબતી ગઈ :તે માત્ર પોતાનાં જ વિષયમાં વિચારી રહ્યો છે? અને હું ? મારું શું? મારાં માટે કંઈ નહી?

આ ચિંતા અને ક્ષોભ તેનાં મનમાં કોઈ નજીકના ખૂણામાં જ પડ્યાં હતાં એટલાં માટે જ આટલી જલ્દી ઉભરાઈ આવ્યાં .અઠવાડિયા પહેલાં જયારે પહેલીવાર નાસ્ત્યોનાને પોતાની અંદર નવજીવનનાં અંકુરનો અંદેશો થયો ત્યારે તેની અંદર એટલાં બધાં ભાવ એકીસાથે ઉમટાવા લાગ્યાં હતાં કે તેનો શ્વાસ જ જાણે રૂંધાવા લાગ્યો હતો .ન જાણે ક્યારથી ઠોકર મરાયેલી, અપમાનિત થયેલી અને ગુપ્ત રાખેલી ભાવનાઓ હવે ઉન્મુક્ત અને સત્ય સાબિત થઈ રહી હતી :હે ભગવાન, શું સાચે સાચ જ?! શું ખરેખર તેનામાં પણ બીજી સ્ત્રીઓની જેમ માં બનવાની સમર્થતા છે? શું ભગવાનને સાચે જ તેનાં પર દયા આવી ગઈ અને તેણે તેને એ સુખનું વરદાન આપી દીધું ? શું સાચે જ આટલાં વર્ષોના દાંપત્ય જીવન પછી, આટલી બધી વ્યર્થ આકાંક્ષાઓ, પ્રયાસો અને પ્રાર્થનાઓ પછી હવે ,જયારે કોઈ આશા શેષ રહી નહોતી ત્યારે તેનું શરીર ભરાઈ ઊઠ્યું અને તે માં બનવાની છે? એવું શું થઈ ગયું? તે રાત્રે સુવા જઈ રહી હતી અને લેમ્પ બુઝાવી ચૂકી હતી કે આ પ્રશ્ન “શું ખરેખર” તેના મનોમસ્તિક પર હાવી થઈ ગયો હતો? ચકિત થયેલી તે લાકડાનાં પોતાનાં પહોળા પલંગની પાટી પર બેસી ગઈ, જરા શ્વાસ લઈને તેણે સારી રીતે પડદો ખેંચી લીધો અને કપડાં ઉતારવા લાગી .... તે બારી પાસે ચાંદની ચાંદનીમાં ઊભી રહી ગઈ, જે જાણે વિશેષ રૂપે નીચો, ગોળ અને ચમકતો લાગતો હતો .તે લાલચભરી અધીરાઈપૂર્વક પોતાની જાતને ધ્યાનપૂર્વક જોતા પોતાનામાં થયેલા પરિવર્તનના ચિહ્ન શોધવા લાગી .તેની સુડોળ, સ્વસ્થ કાયા ઉષ્ણતા અને શુભ્રતાથી ચમકી રહી હતી, વ્યાકુળતા અને સ્પર્શથી કંપી ઊઠતી, પણ તે તેને કંઈ પણ સ્પષ્ટ અનુભવ ન કરાવી શકી .ત્યાં જ પોતાની છાતી પર બારીનાં ચોકઠાના પડછાયાને જોઈને કોઈ અશુભસુચક વિચાર મનમાં આવતાં નાસ્ત્યોના બીને દૂર હટી ગઈ .તે સૂઈ ગઈ, પણ સુતી કામળા પર – બંને બાજુ હાથ ફેલાવીને, આંખો મીંચીને અને શ્વાસ રોકીને, જેથી નાનકડી વાતથી પણ અડચણ ના આવે .તે ક્યાંક ઊંડા છુપાયેલાં બિંદુ પર સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરી, કાન માંડીને સાંભળી રહી હતી .તે બિંદુ મળી ગયું, નાસ્ત્યોનાએ એને સ્પર્શ કર્યો અને તેણે ક્ષીણ, સુક્ષ્મ પ્રતિક્રિયા કરી હોય તેવો તેને અનુભવ થયો, સ્વપ્ન જેવું જોયું અને એ ક્ષણથી તેનું શરીર પ્રતીક્ષાથી ભરાઈ ઊઠયું :શું ખરેખર એ તે છે, મને ધોખો તો નથી થયોને? જો છે તો તે હવે આગળ શું કરે ? કેવી રીતે કરે ?”

વાસ્તવમાં શું કરે? કેવી રીતે કરે? આ સુખ, હા, આ સુખ તો છે અને તે પણ જિંદગીનું કેટલું મોટું સુખ ! પણ તે આટલાં અનુપયુક્ત સમયે આવ્યું હોય ત્યારે એને કેવી રીતે માણી શકવાની હતી? આ ચીરપ્રતિક્ષિત સુખ અત્યાર સુધી ક્યાં ખોવાયેલું હતું, શા માટે અત્યારે જ પ્રગટ થયું છે? તે ન વિધવા છે, ન વિવાહિત; તે આજે ન જાણે કોણ છે અને કાલે ન જાણે કોણ હશે? નાસ્ત્યોના માટે બધું જ ગૂંચવાડામાં પડી ગયું, જાણે પોતાની જગ્યાએથી ખસીને અણધાર્યું માથે આવી પડ્યું હતું .તેને તો ખબર હતી કે પોતાનાં પતિ સિવાય તે કદી કોઈ બીજાની સાથે રહી નથી, પણ આખું ગામ તો બીજી જ વાત જાણે છે – લગભગ ચાર વર્ષથી તેણે પોતાનાં પતિનું મોઢું સુધ્ધાં નથી જોયું .તો શું હવા તેનાં માટે આ સુખ ઉડાડી લાવી છે? અચાનક ક્યાંથી આવી ગયું? હા, હવાને માથે મઢવું ખોટું નહોતું, પણ વિશ્વાસ કોણ કરશે .કોઈ જીવતાં જીવને શોધવો જરૂરી હતો .શા માટે કોઈને શોધે, શા માટે કોઈ નિરપરાધીને માથે પાપ ચઢાવે, જયારે વાસ્તવમાં એવું કશું જ નથી તો? અને જે સાચું છે તેના વિષે ખુલ્લમખુલ્લા કહેવાની સખ્ત મનાઈ છે.

બધું કોકડું બહુ ગૂંચવાઈ ગયું છે, મોટી ગરબડ થઈ ગઈ છે અને આગળ હજી તો વધારે ગૂંચવાશે.

પણ કોને ખબર, કદાચ કંઈ પણ ન થાય, તે વ્યર્થમાં જ મગજ ખરાબ કરી રહી છે અને કાળજું બાળી રહી છે .સ્ત્રી સાથે ન જાણે જિંદગીમાં શું શું થતું રહેતું હોય છે, જીંદગી હંમેશાં એક જેવી તો રહેતી નથી .અહીં તેણે મોટું તોફાન ઊભું કરી મૂક્યું છે – કદાચ ફોગટમાં જ !જેવી રીતે પહેલાં કશું નહોતું, તેવી રીતે હમણાં પણ કશું નથી .અને ન કદી થશે .એ નક્કી કરવું બહુ મુશ્કેલ હતું – એ કે હમણાં હોય કે પછી બિલકુલ ના હોય એ ?

તે અન્દ્રેઈ પાસે એટલાં માટે જ ભાગી આવી હતી કે તેની સામે આ મૂંઝવણને હલ કરી લે, કોઈ ફેંસલો કરી લે, કોઇપણ રીતે ચિત્ત શાંત થઈ જાય .અંતિમ ક્ષણ સુધી તે નક્કી નહોતી કરી શકી કે આ રહસ્ય ઉઘાડું પાડી દે કે પછી સંપૂર્ણ રીતે વિશ્વાસ થાય ત્યાં સુધી રાહ જુએ અને હાલપુરતું તેની પાસેથી લાડ પ્યાર પામતાં ધૈર્ય અને શક્તિ એકત્ર કરી લે .તેને વધારે કશાની જરૂર નહોતી – બસ, એની સાથે બે ઘડી સમય વિતાવી લે, જેની સાથે તેનું ભાગ્ય જોડાયેલું છે .જે તેને માત્ર પોતાનાં માટે રાખતા લોકોથી દૂર અને દૂર લઇ જઈ રહ્યો છે .તે તેનાં સિવાય બીજા કોના ખભે માથું મુકીને સાંત્વના શોધે?

પણ છેવટે તેણે રહસ્ય છતું કરી દીધું હતું અને અન્દ્રેઈની હર્ષાતિરેકભરી ગુસપુસ સંભાળી અફસોસ કરવા લાગી :ખોટું કહ્યુંતે આ વાતને એટલું મહત્વ આપી રહ્યો હતો જેની નાસ્ત્યોનાને કલ્પના પણ નહોતી.

“અને હુ?”, માંચડા પરથી ઉઠતા નાસ્ત્યોનાએ પૂછ્યું .“મારું શું થશે? હું તો લોકોની વચ્ચે રહું છું, કે પછી

ખુશીનો માર્યો તું એ ભૂલી જ ગયો? જરા એ તો કહે કે હું તેમને શું કહીશ? તારી માને, તારાં બાપુને શું કહીશ? તેઓ તો પૂછશે જ, જાણવા માંગશે!" "

આ પ્રશ્ન એટલો તાદ્રશ્ય હતો પણ તેણે તેની અપેક્ષા પણ નહોતી કરી .તે એકદમ ઊભો થઈ ગયો.

અને ફરીથી બેસી ગયો .વિસ્મયચકિત થઈને તેણે પોતાની નજર તેનાં પર સ્થિર કરી દીધી.
"ખબર નહી," તેણે ખભા મચકોડતાં કહ્યું, "ચૂલામાં જવા દે બધાને."

"તારાં માટે આમ બોલવું સહેલું છે, કેમ કે તું અહીં એકલો છે."

"આ તું શું કહી રહી છે, નાસ્ત્યોના? શું તું પોતે ખુશ નથી ?"

"ખુશ તો બહુ છું .પણ હવે કરવું શું? પોતાને લઈને ક્યાં જાઉં? થોડા જ વખતમાં બધાંને ખબર પણ પડી જશે." "તને યાદ છે, આ ઘડીની આપણે કેટલી આતુરતાથી રાહ જોતા હતાં?"

તેનાં અવાજમાં ઠેસ લાગ્યાનો ભાવ હતો, તે હજી પણ કંઈ સમજવા -જાણવા ઈચ્છતો નહોતો.

" યાદ છે ... યાદ કેવી રીતે ન હોય? તને, અન્દ્રેઈ, થઈ શું ગયું છે? શા માટે મને સમજાવી રહ્યો છે? હું જ તો આખીને આખી રાત વિનંતી કરતી રહેતી હતી, તારી પાસે બાળક માંગતી હતી .મને બીજું કશું જ જોઈતું નહોતું – બસ, માત્ર એક બાળકને જન્મ આપવા, તારાં કોઈ કામમાં આવવા ઈચ્છતી હતી .હું પણ તો વાંઝણી કહેવડાવવાથી ખૂબ બીતી જ હતી ને ? પાપ તો મારાં માથે જ ચઢી રહ્યું હતું, બીજા કોઈના નહી .તું પણ મને જ દોષ દેતો હતો .મારી તો તારાથી પણ વધારે કફોડી સ્થિતિ હતી, બધી બાજુએથી લાગતું હતું કે વાંક મારો જ છે, ખોટ મારામાં જ છે .માબાપે મારાં પર આશા રાખી હતી, તેમણે મને જન્મ આપ્યો, જેથી હું પણ બાળકને જન્મ આપું, તેં પણ આશા રાખી હતી, મારી સાથે લગ્ન કર્યા હતાં અને હું કેવી નીકળી? માત્ર સજાવટનું પુતળું !પળેપળ મને એમ જ લાગતું હતું કે જાણે મેં કોઈની જગ્યા છીનવી લીધી છે, કોઈનું સુખ ઝૂંટવી લીધું છે .કોણ જાણે કેટલીયે વાર પોતાની જાતને કોસતી રહેતી હતી – તને શી ખબર !જો મારાં હાથમાં હોત તો હું ન જાણે ક્યારનીયે ચૂપચાપ ક્યાંક ચાલી જાત, નહી તો તને આઝાદ કરવાં અંગારામાં ડૂબી મરત .પણ તું જ નહોતો છોડતો મને .પછી તો આ યુદ્ધ શરૂ થઈ ગયું .અને તું પૂછે છે :યાદ છે? મને યાદ નહી હોય તો આ બધું કોને યાદ હશે ? કેવી રીતે હવે ખુશીઓ માણું, નાચું – ગાવું ? કોને આ બધું કરવું જોઈએ? ભગવાન જાણે છે, મારો તો જાણે બીજો જન્મ થયો છે .હે ભગવાન ! પણ અન્દ્રેઈ તું સમજતો કેમ નથી કે બીજાઓને માટે તું તો અહીં છે જ નહી !અન્દ્રેઈ, તું નથી, બધાંને માટે તું નથી! " નાસ્ત્યોના દિલથી ચિત્કારી ઊઠી અને જાણે આ અસ્તવ્યસ્ત વાળવાળી, કઢંગી છાયાને દૂર

ભગાડવા તેણે હાથ ઝાટક્યો, "તું મને કોઈને ઈશારો પણ કરવાની ના પાડે છે કે તું અહીં છે .ના તો ભલે ના, હું ચૂપ છું અને રહીશ .હું સમજુ છું .પણ જયારે બાળક થશે ત્યારે, જો થશે તો, તે તારું નહી હોય . બીજા કોઈનું પણ હોઈ શકે છે, પણ તારું તો નહી જ ને .તું તો અહીં છે જ નહી, ખબર નથી જીવતો પણ છે કે પછી.... તારાં માબાપુ શું એ બાળકને અપનાવશે? લોકો શું એ સ્વીકારશે, મારાં પર દયા કરશે? હા,ચોક્કસ .જો તેમને વિશ્વાસ થઈ જાય કે તું જીવતો નથી તો કદાચ થોડી સરળતા થઈ જાય, કદાચ મને કોઈ સમજે, અને દોષી ન ઠેરવે .પણ તેઓ તો માને છે કે તું કોઇપણ ક્ષણે મારી પાસે પાછો આવી જશે અને હું શું કરી રહી છું? કેવી રીતે તારી રાહ જોઈ રહી છું? આ વાત પર તો શેરીનો કૂતરો પણ મારાં પર ઘુરકશે – અને એ બરાબર પણ કરશે .તમે કઈ દિશામાં આગળ જઈ રહ્યાં છો તેની ખબર તો હોવી જોઈએને .આ બોજ સાથે લોકોની સામે મને એકલીને બહુ મુશ્કેલી પડશે – ડરું છું, અન્દ્રેઈ, હું સંભાળી નહી શકું સ્થિતિને સારી રીતે.

તે ચૂપ રહ્યો અને શુષ્ક અને નિર્જીવ દ્રષ્ટિએ ક્યાંક દૂર દૂર શૂન્યમાં તાકતો રહ્યો .તે બહુવાર સુધી ચૂપ બેસી રહ્યો .નાસ્ત્યોનાને પોતાનાં શબ્દો માટે પહેલાં સંકોચ થયો, પછી ભય લાગવા માંડ્યો .એવું લાગી રહ્યું હતું કે તે બાળકને માટે ઇનકાર કરી રહી છે .કોને ખબર, અત્યારે બિલકુલ એ જ સંક્રમણ કાળ હોય જયારે ભ્રૂણ કાં તો વધવા લાગે છે, કાં તો કરમાઈ જાય છે .ઇનકાર કરી દઈશ તો કંઈપણ નહી થાય .બધું તેનાં પર નિર્ભર છે .જો થશે તો ખરાબ છે, નહી થાય – તો પણ ખરાબ છે .પણ તે ઇનકાર કરવા નહોતી ઈચ્છતી – ના, પોતાની આશાઓને ઠોકર મારવાનો ભાર પોતાની ઉપર લેવો તેને અસહ્ય લાગવા માંડ્યો . તે ઇચ્છી રહી હતી કે હવે કશું પણ તેના પર નિર્ભર ન રહે અને જે છે તેને બદલી ન શકાય.

" મને નથી ખબર, અન્દ્રેઈ," સહાયતાની આશાથી તેણે દોષ ભાવે આગળ કહ્યું, "ખબર નથી પડતી કે શું કરું, કશું જ સમજાતું નથી. "

" નાસ્ત્યોના, નસીબથી બચીને ક્યાંય નથી જઈ શકાતુ," છેવટે તેણે જવાબ આપ્યો ."ભલે તમેં ગમે તેટલા રસ્તાઓ રોકો, પણ જે થવાનું છે તે થઈને રહેવાનું છે." તે ઉદાસીન ભાવે વિશ્વાસ ભેર હસ્યો, જાણે આ વિષયમાં તેને બીજાઓ કરતાં વધારે ખબર હોય .પોતાની દાઢી પર હાથ ફેરવતો તે ફરી થોડીવાર માટે ચૂપ થઈ ગયો, પછી વધારે દ્રઢતા અને દુષ્ટતા પૂર્વક બોલી ઊઠ્યો : તેણે જ તો મને યુધ્ધમાંથી પાછો આવવા પ્રેર્યો હતો અને અહીં મોકલી દીધો .આ એનો જ હાથ છે .કદાચ તેણે જ મારી શક્તિને નિરસ્ત્ર કરીને મને અહીં મરતાં પહેલાં તારી સાથે મેળાપ કરાવવા મોકલી દીધો .તું એમ વિચારે છે કે આ જંગલી જાનવરોના દાબડાઓમાં સંતાવું મારાં માટે સહેલું છે? સરળ છે? અને તે પણ જયારે પેલા લોકો ત્યાં જીવને જોખમમાં નાંખી લડી રહ્યાં છે, જયારે મારે પણ અહીં નહી ત્યાં હોવું જોઈતું હતું? હું અહીં ભૂખ્યાં

વરૂઓની જેમ કિકિયારીઓ કરતાં શીખી ગયો છું .કહે તો કરી બતાવું? “તેની સંમતિની પ્રતીક્ષા કર્યા વિના જ તે ઊભો થઈ ગયો અને ભારે પગલે બારણાં પાસે આવીને તે ખોલ્યાં .આગળ નમીને પહેલાં તેણે હીબકું ભર્યું, જાણે કોઈ ઈચ્છિત સ્વર શોધી રહ્યો હોય અને તે સ્વર શોધીને તેણે પાતળો અને લાંબો, ભેદક, દર્દનાક અને શોકાકુળ નિ:સાસો છોડ્યો .અદ્રશ્ય ભયથી કાંપી ઉઠેલી નાસ્ત્યોના છાતી પર હાથ રાખી ઉછળી પડી .અન્દ્રેઈએ અચાનક આ અમાનવીય સ્વર તોડી નાખ્યો અને બારણું બંધ કર્યું .ખોંખારો ખાઈને તે પાછો આવી ગયો, “”કેમ મળતો આવે છે ને અવાજ?”” તેણે પૂછ્યું અને જાતે જ જવાબ આપી દીધો, “મળતો છે .જયારે તને આવો અવાજ સંભળાય તો સમજી લે જે કે હું છું .વરુઓને તો મેં પહેલાં જ બીવડાવી દીધાં છે, તેઓ કદાચ તારાં વાળા કિનારા તરફ ભાગી ગયાં છે .જોયું, કેવું મનોરંજન શોધ્યું છે? વિચારતી હોઈશ કે ઠાલાંપણાને કારણે હશે .પણ ના, નાસ્ત્યોના, કોઈ બીજી વાતે -ખુશનુમા જિંદગીથી . શા માટે તું મારી પાસેથી એ છેવટની આશા છીનવી લેવા ઈચ્છે છે કે હું ઓછામાં ઓછો કોઈ જરૂરને લીધે અહીં આવ્યો છું? મેં નકામો જ પોતાનાં માથા પર આ નાલેશીનો કલંક નથી મઢી લીધો? તેં મને સુખનો ટુકડો બતાવીને સાતમાં આસમાને ચઢાવી દીધો અને હવે તેને પાછી છીનવી રહી છે ? મારાથી હવે વધારે સહન નહી થાય. તું બાળકને જન્મ આપ, મારું જીવન સફળ થયેલું સાબિત થઈ જશે, મારાં માટે આ અંતિમ તક છે .હું શું કહી રહ્યો છું તે તું સમજે છે ને :હા,તક, આ મારાં માટે સર્વસ્વ છે .મારાં સમગ્ર જીવનનો અર્થ આમાં જ નિહિત છે .ભલે લોકો ન જાણે પણ મારાં લોહીને તો ખબર રહેશે કે એ મારું છે . છેવટે મારો વંશ તો મારું લોહી જ આગળ વધારશે અને યાદ રાખશે.

"બની શકે છે કે તે હજી હોય જ નહી,” નાસ્ત્યોનાએ દબાયેલા અવાજે વાંધો ઉઠાવતા કહ્યું,” “મેં કહ્યું, હજી પાકું નથી .થોડી રાહ જોવી પડશે".

“જો નથી તો પછી કંઈ સવાલ જ નથી !હા, જો હોય તો રહેવા દે .પાડી ન નંખાવતી .મારાં આત્માને બચાવી લેજે .તું ઈચ્છે તો હું કાલે જ તારી નજરોથી ઓઝલ થઈ જઈશ, ક્યાંક બીજે જતો રહીશ, કોઇપણ વાતે તને હેરાન નહી કરું અને બાકી બધી બાબતોમાં તું તારી મરજી મુજબ જ કરજે… ”

“” હું શા માટે ઈચ્છું કે તું ઓઝલ થઈ જાય ! દૂર જતો રહે ! આ તું શું કહી રહ્યો છે ?!” “

“ચાર વરસ આપણે એક સાથે રહ્યાં .સારી રીતે રહ્યાં હોઈએ કે ખરાબ રીતે, પણ ચાર વરસ રહ્યાં .પછી ચાર વરસ યુદ્ધનાં .ત્યારે પણ આપણે એક તાંતણે બંધાયેલા રહ્યાં, ભલે હજારો માઈલો દૂર હતાં .તો શું, આ બધું નિરર્થક જીવન હતું, બધું નકામું હતું અને આપણી જિંદગીમાંથી કંઈ શેષ નહી રહી જાય? તું તો હજી ઘણું લાંબુ જીવશે, જુવાન છે, સુંદર છે, પણ આ વરસોને પાછાં તો નહી વાળી શકાય .તે તો વીતી

ચૂક્યા છે .પછી ભલે તારી જિંદગી ગમે તેવી હોય પણ આ જિંદગીમાં તો હું સમાવિષ્ટ હતો .મારાથી બચીને ક્યાં જઈશ ?"

યુદ્ધ દરમ્યાન કેટલીએ સ્ત્રીઓ બાળકો સાથે જીવી રહી છે અને તું એકને પણ સ્વીકારવા નથી ઈચ્છતી? તું શું કરત, જો તે પહેલાં યુદ્ધ આવી ગયું હોત તો ?"

"અન્દ્રેઈ તું શું એમ માને છે કે હું બાળક નથી ઈચ્છતી? હું નથી ઈચ્છતી ?! તું શું કહ્યે જઈ રહ્યો છે મને? શા માટે ? હું પણ બહુ ઈચ્છું છું."

"તેં મારાં તરફથી મોં કેમ ન ફેરવી લીધું, જયારે તેં જાણી લીધું કે હું યુદ્ધમાંથી સાચે રસ્તે પાછો નથી ફર્યો, ભાગીને આવ્યો છું .કાઢી ના મૂક્યો મને , સમજાવ્યો નહી મને, મારો ભેદ ઉઘાડો ન પડ્યો, ઉલટા જીવતાં રહેવામાં મદદ કરી મને, તારાં વગર તો કદાચ હું મરી જ જાત .તને ખબર હતી કે પોતાનાં પર કયો બોજ ઉપાડી રહી છે તેમ છતાં તેં હિમ્મત બતાવી ઉપાડી લીધો, કોણ વિચારી શકતું હતું કે હવે જયારે આપણું કોઈ કુટુંબ નથી રહ્યું.... હં...કેવું કુટુંબ ? કુટુંબના તો બે ટુકડાં માત્ર રહી ગયાં છે, ત્યારે જિંદગીમાં માત્ર એકવાર મને પતિનું કર્તવ્ય પૂરું કરવાની તક મળી છે .મારી જિંદગી વ્યર્થ નથી ગઈ .એ સિવાય બીજું શું કહું? તારી પાસે અત્યાર સુધી માત્ર એક જ કિનારો હતો :લોકો .ત્યાં અંગારાની જમણી બાજુ .પણ હવે બે કિનારા છે :લોકો અને હું .બંનેને એક કરવાં અઘરાં છે, એના માટે અંગારાને સુકાવું પડશે .બેશક, મારાં માટે કહેવું અતિ સહેલું છે, મારે પેટ લઈને નથી ફરવાનું .હું તો મારો કાળ આવવા સુધી હવે અહીં જ સંતાઈને બેસી રહીશ.""

"બસ, અન્દ્રેઈ, મહેરબાની કરીને હવે ચૂપ થઈ જા !બહુ વિલાપ થઈ ગયો, હવે આમ ન બોલ."

અન્દ્રેઈનો મનમાં દબાયેલો ક્રોધનો ઉભરો ઠલવાઈ ગયો, તે માંચડા પર બેસી ગયો અને હાંફને રોકતો ચત્તાપાટ સૂઈ ગયો .પણ તેણે હજી પોતાની વાત પૂરી નહોતી કરી, તે થોડીવાર ચૂપ રહ્યો અને મનની શેષ પીડા ઉભરાઈ આવતાં ફરીથી બોલવા લાગ્યો, પણ હવે વધારે શાંતિ અને સાહજિકતાપૂર્વક, એમ સમજીને કે મુખ્ય વાત તો તે કહી ચૂક્યો હતો:

"તું લોકોના બોલવાથી ડરે છે ... તેઓ તારું શું બગાડી લેશે ? લોકોનું તો એવું છે ને કે જરા વિષય મળવો જોઈએ, કોઈએ જરા સરખી આંગળી પણ હલાવી તેઓ આસમાન માથે ઉઠાવી લેશે .બોલીને ચૂપ થઈ જશે અને પછી રાહ જોશે કે હવે આગળ બીજા કોનો વારો આવે છે .બેશક, તારાં પર તો તેઓ ખૂબ બોલશે, ઘણી મનગઢંત વાતો કરશે, ખૂબ જીભ ચલાવશે, કોઈ કસર બાકી નહી છોડે .ખાવા-પીવાનું પણ

ભૂલી જશે, બસ તેમને તો માત્ર તારાં પેટની વાતો કરવાની તક મળવાની વાર છે .ઠીક છે, કરવાં દે વાતો, ગામને મોંઢે ગળણું થોડું બંધાવાનું છે, એમને બીજું કામ પણ શું છે? વાતોનો વિષય અને વ્યક્તિ તો જોઈએને, તે તમને મળી રહેશે, એના વિના તેઓ જીવી જ ન શકે .તું જાણીબુઝીને ચૂપ જ રહેજે, પોતાનું કામ કરતી રહે અને એમને છંછેડતી નહી – તેઓ જલ્દી જ ઠંડા પડી જશે .તારાં પછી કોઈ બીજાનો વારો આવશે અને તું લોકોમાં ક્યાંય ભળી જઈશ .આવું કંઈ પહેલીવાર થોડું બની રહ્યું છે? જે વાતને માટે પહેલાં જે લોકો તારા માટે કડવું બોલતાં હતાં તેનાં માટે હવે તારાં ગુણ ગાતાં થાકશે નહી . લોકો ... એમના પોતાના પર એવી મુસીબત આવી પડે તો કોને ખબર કોણ શું કરશે? લોકોની નહી , પોતાનાં અંતરાત્માની વાત સાંભળ .તને ખબર છે – સાચું શું છે, તું કોઈની સમક્ષ દોષી નથી, તે તારું પોતાનું સંતાન છે .એના માટે પોતાને બચાવી રાખ, પોતાની રક્ષા કર .હા, તને ખુશી તો હવે મળવાની નથી . અત્યારે પણ કઈ ખુશ છે ?”

“મને કોઈ ફરિયાદ નથી.”

“ફરિયાદ શું કરશે – બધું સ્પષ્ટપણે દેખાય જ છે.”

વાતોમાં તેમણે ધ્યાન જ ના આપ્યું કે ક્યારે બારીનો કાચ હાલવાનો બંધ થઈ ગયો, અને ઝુંપડીમાં પહેલાં એકદમ રોશની થઈ, ત્યારબાદ શીતળ, ઝાંખું અજવાળું પ્રસરવા લાગ્યું .તેજ હવા બંધ થઈ ચૂકી હતી, બસ ક્યારેક, ક્યારેક છૂટાછવાયા ચકરાતા હવાના હિલોળા એક કે બીજી દીવાલ સાથે અથડાતાં હતાં .ચુલાના બધાં લાકડાં બળી ચૂક્યા હતાં.

વાતચીતને વચમાંથી જ છોડી અન્દ્રેઈ ઊભો થઈ ગયો, તેણે ચીમની ઢાંકી દીધી, જેથી ધુમાડો બહાર ન નીકળે અને બારીમાંથી જોવા લાગ્યો .પહાડ તરફની હવાએ પણ બરફનો એટલો મોટો ઢગલો ખડકાવી દીધો હતો કે તે કદાચ કાચ સુધી આવી પહોચ્યો હતો, વિશાળ વૃક્ષોના થડ પર પણ બરફ ચોંટી ગયો હતો, નીચેની તરફ અંધકારમાં ડૂબતાં આસમાનમાં વિખરાયેલા ધૂમિલ વાદળાઓનાં ઝુંડ હજી પણ વહી રહ્યાં હતાં.

નાસ્ત્યોના મોં ફેરવીને અન્દ્રેઈની ગતિવિધિઓ નિહાળી રહી હતી .તે પાછો આવ્યો અને ફરીથી તેની નજીક સૂઈ ગયો .કંઈ પણ બદલાયું નહોતું, પણ આ અનાવશ્યક ઊઠવાનો અર્થ બંને માટે એ જ હતો કે જે કંઈ કહેવામાં આવી ચૂક્યું છે તેનાથી વધારે કંઈ હવે કહેવાની જરૂર નહોતી .હકીકતમાં રાહ જોઈ લેવી જોઈએ, જેથી પેલી રોકકળ કરતી સ્ત્રીનાં જેવું પુનરાવર્તન ના થાય -: અરે , જો મારે પણ બાળક હોત અને જો તે માંદુ પડી જાત.... જે જરૂરી હતું તે બધું અન્દ્રેઈએ કહી દીધું , નાસ્ત્યોનાએ સાંભળી લીધું-પૂરતું

છે .થોડી ધીરજ રાખીએ, બધું જાતે જ સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે.

નાસ્ત્યોનાએ રાહતનો શ્વાસ લીધો અને સાવધાનીપૂર્વક આળસ મરડી – તે પોતાની કાયામાં ઊઠતા તરંગોને દબાવવા ઈચ્છતી હતી .તેની સાથે હંમેશાં આવું બનતું હતું : તે જરા પણ વ્યાકુળ થઈ જાય, ચિંતિત થઈ જાય તો લાગતું કે જાણે શરીરમાંથી સંવેદનશીલ, પીડાભર્યા તરંગો, બહાર ફૂટી નીકળવા વ્યાકુળ થઈ રહ્યાં છે .આ તરંગોમાંથી નાનામાં નાનું દુઃખ પણ ચિત્કારી ઊઠે છે અને ફરી ધીમે ધીમે જાતે જ લુપ્ત થઈ જાય છે.

તે હજી પણ બી રહી હતી, ચોકસાઈ કરી રહી હતી કે ક્યાંક અન્દ્રેઈ અચાનક, ભૂલથી પણ તેમના મૂક અને તેનાં કારણે કમજોર, કાચાં કરારને તોડી તો નહી દે ને? તે સિહરી ઊઠ્યો અને નાસ્ત્યોના જડ થઈ ગઈ.

“ ત્રણ વર્ષ પહેલાં તારાં વિષે જોયેલું એક સ્વપ્ન મને હજી સુધી યાદ છે ,” તેણે અચાનક જ કહેવાનું શરૂ કર્યું અને પછી ચૂપ થઈ ગયો – એ વાતની રાહ જોતા કે નાસ્ત્યોના વાતચીતના આ વળાંક માટે તૈયાર થઈ જાય, “ ત્યાં બધું એવું જ હતું – એક જગ્યા, જ્યાં અમે ઊભાં હતાં, લોકો, જેમની સાથે હું લડી રહ્યો હતો .જે કંઈ સુતાં પહેલાં હતું એ જ સ્વપ્નમાં દેખાયું .જાણે હું સુતો છું અને ભોજવૃક્ષોમાંથી – ત્યાં નજીકમાં ભોજવૃક્ષો હતાં, મારી તરફ એક છોકરી ચાલતી આવી રહી છે .જોવામાં તદ્દન અપરિચિત .ફાટેલાં જૂનાં સ્કાર્ફમાં, થાકેલી, માંદલી, ઉઘાડા પગે – તારી સાથે કંઈપણ મળતું નહોતું આવતું, તેમ છતાં પણ ખબર નહી કેમ હું વિચારું છું એ તું છે. ”

“ એ હું જ તો હતી, “ સાશ્ચર્ય નાસ્ત્યોના સંમત થઈ ગઈ,” તને મળી તે પહેલાં હું એવી જ તો હતી .વાળ પણ છોકરાઓની જેમ કાપેલા હતાં.”

“ હા, વાળ પણ કાપેલા હતાં.” “ હું જ હતી.”

“ એવું કેવી રીતે બને? જો મેં તને આવી સ્થિતિમાં કદી જોઈ જ ન હોય તો સ્વપ્નમાં એવી જ ક્યાંથી દેખાઈ ?”

“ ખબર નહી .કદાચ મેં તને આ વિષે ક્યારેક કહ્યું હશે .પણ એ હતી હું જ.”

“ હા હું પણ તો એ જ કહી રહ્યો છુ કે મને ખબર નહી કેવી રીતે ખબર પડી હતી – આ તું છે . તું મારી પાસે આવે છે અને કહે છે,” તું અહીં કેવી રીતે અટવાઈ ગયો ? હું ત્યાં બાળકોથી દુઃખી થઈ ગઈ છું, તને એની

કોઈ પરવા જ નથી?" હું પુછું છું , "તારાં વળી કેવા બાળકો ? તારી પાસે ક્યાંથી આવી ગયાં ? શું બકે છે ? પાછી જઈને જો – તારી પાસે છે પણ કે નહી ?" તે ચાલી ગઈ ."ચાલી ગઈ?"

" લાગ્યું કે તેણે વાત માની લીધી અને ચાલી ગઈ." પછી એકદમ સામે આવીને ઊભી રહી ગઈ . પહેલીવારની જેમ એ જ વાત : "હું ત્યાં તેમનાંથી દુઃખી થઈ ગઈ છું... " હું જરા કરડાકીથી કહું છું," જા, મારી પાછળ ના પડ – તારાં કોઈ છોકરાં – બોકરાં નથી." તે જાણે વાત માની લેતી, વિચારમાં પડી જતી અને પછી પાછી ફરી જતી .સ્વપ્ન પણ હકીકત જેવું હતું : જાણે સ્વપ્નમાં મને ઊંઘ આવી રહી છે પણ ઊંઘી શકતો નહોતો .આંખો બંધ કરીને પણ જોઉં છું : તે એ જ ભોજવૃક્ષોમાંથી પાછી આવી રહી છે . વારંવાર એ જ વાત, વારંવાર એ જ વાત .તેણે આખી રાત મને ચેન ન લેવા દીધું."

"નાસ્ત્યોનાનાં મગજમાં અચાનક કંઈક ચમકારો થયો, માથું ઉઠાવીને અને કઈ વસ્તુ તેને આ પૂછવા વિવશ કરી રહી હતી તે ન સમજાતાં પણ તેણે ઝડપથી પૂછ્યું : "અને અંતમાં? અંતમાં તેં શું કહ્યું? છેલ્લીવાર શું કહ્યું ?"

"યાદ નથી આવતું .કદાચ એ જ કહ્યું હશે .બીજુ શું હું કહી શકતો હતો ?"

" તેનાં પર દયા ખાઈ શકતો હતો, એવું ન કહ્યું ,"સહસા દબાયેલા સ્વરમાં તેણે જવાબ આપ્યો.

" શા માટે ?"

" આમ જ . આટલી બધી વિનવણીઓ જો કરી રહી હતી." નાસ્ત્યોના સામે ક્યાંક ધ્યાનપૂર્વક કશું જોતી હતી અને જાણે જોઈ જોઈને કહી રહી હતી, " તારી પાસે ત્યાં તોપો ઊભી હતી અને નીચલા ભાગમાં, જ્યાંથી હું તારી તરફ ચઢી હતી ત્યાં મોટરો ઊભી હતી .મોટી – મોટી, લીલી-લીલી .તું ત્યાં કોટ ઉપર તાડપત્રીનાં કપડાનો ટુકડો નાંખી સૂતો હતો .તું કિનારા પર જ સૂતો હતો, નજીકમાં જ તારાં ત્રણ કે ચાર સાથીઓ ઊંઘતા હતાં, હું તારી બાજુથી આવી હતી.... "

તે કોણીના ટેકે ઊઠી ગયો અને તેની તરફ તાકવા લાગ્યો : " તને ક્યાંથી ખબર ?"

"મેં પણ આ સ્વપ્ન જોયું હતું .માત્ર પોતાની તરફથી .આશ્ચર્ય છે નહી! " નાસ્ત્યોના વિસ્મયથી ચકિત જ થઈ ગઈ અને કાન માંડીને સાંભળવા લાગી કે તેનું મન શું કહે છે – આ વિષયમાં બોલીને જણાવવું ઉચિત છે કે અનુચિત .બન્નેએ જોયેલું એક જ સ્વપ્ન – તેણે પોતાની જિંદગીમાં આ વિષયમાં નહોતું સાંભળ્યું .એનો અર્થ એ કે એ સ્વપ્ન કોઈ સાધારણ વાત નથી, આ સ્વપ્નનો તો અર્થ પણ કાઢવાની જરૂર

નથી, બધું એકદમ સ્પષ્ટ છે .કોઇપણ ક્ષણે ચૂપ થવા તૈયાર એવી તેણે ધીમે ધોમે ય કહેવાનું શરૂ કર્યું : " મને એક ડોસીએ સલાહ આપી હતી .કઈ ડોસી એ કેમેય કરીને યાદ નથી આવી રહ્યું .કહ્યું, જા તેની પાસે અને છોકરાંઓ વિષે જણાવી દે .જો માની લેશે , તૈયાર થઈ જશે તો ઠીક છે, નાં પાડી દેશે તો પોત પોતાનાં રસ્તે ભલાં .હું નીકળી પડી .તું કોઇપણ રીતે મારી એક વાત પણ સાંભળવા તૈયાર નહોતો .હું ચાલી જાઉં છું અને ફરી પાછી આવી જાઉં છું .પણ તું સમજી જ નથી શકતો :ના, તો ના .હું ઈશારો કરવા ઈચ્છું છું પણ કરી શકતી નથી .તું મારાં પર ગુસ્સે થઈ રહ્યો છે, મને ભગાડી રહ્યો છે .પણ અંતમાં શું થયું યાદ નથી આવતું .એટલું યાદ છે કે છેલ્લીવાર હું પોતાનાં લગ્નનાં સ્વરૂપમાં આવી હતી, કુંવારાપણાનાં નહી , જેથી તારાં પર અસર પાડી શકું .આવી હતી આ રૂપમાં ?"

" આવી હતી. "

" અને તેં શું કહ્યું હતું?"

" ખબર નહી .યાદ નથી આવતું."

" તેં કંઈક તો જરૂર કહ્યું હશે ?"

"કદાચ કહ્યું હશે. "

" જો તો ! સૌથી મુખ્ય વાતની જ ખબર નથી પડતી ," નાસ્ત્યોના પોતાને રોકી ન શકી , મહેણું મારી બેઠી," વાત માની લેવામાં કે ઓછામાં ઓછું ચૂપ જ રહી જવામાં તારું શું બગડત? બધું બીજી રીતે હોતને?"

" સ્વપ્નોમાં વિશ્વાસ કરવાની જ કસર બાકી રહી ગઈ છે હવે . " તેણે હળવેથી અસંમતિ પ્રગટ કરી.

" સ્વપ્ન પણ તો જુઓ કેવું હતું .બંને બાજુથી .કદાચ એક જ રાતે બંનેને દેખાયું હોય – કોને ખબર, મારો આત્મા તારી ખબર લેવા પહોંચી ગયો હોય .એટલાં માટે બધું મળતું આવી રહ્યું છે," કોઈ વાતની આશા રાખતાં નાસ્ત્યોનાએ પૂછવાનું ચાલુ રાખ્યું , "ત્યારબાદ એકવાર પણ તેં મને બાળકો સાથે નહોતી જોઈ ? સારી રીતે યાદ કર." " ના, એકવાર પણ નહી."

"ભૂલી ગયો હોઈશ કદાચ .કોઈ બીજી વાતે ... આ યુદ્ધે ભુલાવી દીધું હશે .એ બધું જ પગ નીચે મસળી રહ્યું છે." " ના, એવી વાત તો કદાચ જ ભુલત .એ તો યાદ છે કે તું આવી હતી .બે વરસથી યાદ છે."

“પણ અંત તેમ છતાંય ખોવી નાખ્યો? હવે કેવી રીતે તેનો ક્યાસ કાઢવો ?”

“એનો કદાચ કોઈ અંત જ નહોતો .ભાગ્યએ જાણીબુઝીને આપણાં પર છોડી દીધો, જેથી સ્વપ્નમાં નહી પણ જિંદગીમાં બતાવી દે હકીકત બનીને .બતાવી દે અને બસ પછી ઈચ્છો તો પકડી લો, નહી તો નહી, જેવી તમારી ઈચ્છા.”

“તું ભાગ્ય વિષે કંઈ વધારે જ બોલવા લાગ્યો છે .પહેલાં તો મેં તને આટલો વિશ્વાસ કરતાં કદી નથી જોયો.”

“ તે પોતે જ પોતાની યાદ અપાવી દે છે... ” તે હસી પડ્યો અને માથું ધુણાવવા લાગ્યો,” તું પણ કેવા મહેણાં મારવા લાગી છે .યાદ કેવી રીતે ન કરું .તે તો હવે મને જાણે પગે વળગી જ ગયું છે .એવું વળગી ગયું છે કે એક ડગલું પણ આમથી તેમ હટાવવા નથી દેતું .સંપૂર્ણપણે મને પોતાનાં વશમાં કરી લીધો છે . જે ઈચ્છે છે તે જ કરાવે છે.”

“મારાં મનમાં તને મહેણાં મારવાનો વિચાર સુધ્ધાં નહોતો આવ્યો .બસ આપમેળે જ મોમાંથી વાત નીકળી ગઈ,” આ કહેતાં નાસ્ત્યોનાએ પગ તરફ નજર નાંખી જ લીધી, જ્યાં અન્દ્રેઈએ ઈશારો કર્યો હતો.

“અને હવે તેણે તને પણ મારી સાથે જોતી દીધી છે.” અન્દ્રેઈએ ન જાણે તેને બીવડાવતા કે પછી તેનાં પર દયા બતાવતા કહ્યું : “ હું જોઇશ, કેવી રીતે તું એનાં પંજામાંથી છૂટે છે.”

“મારે છૂટીને શું કરવું છે ? હું તારી સાથે છું – હવે તો જે કંઈ પણ થશે, બંને સાથે જ ભોગવીશું અને નિભાવીશું.”

પ્રકરણ ૧૧

ગમે તેમ પણ નાસ્ત્યોના થોડી હળવાશ અનુભવવા લાગી. તેનું હ્રદય થોડું વિમુક્ત થઈ ગયું હતું .પણ બોજ તો દૂર ન થયો - ના, તે હજી વધારે ભારરૂપ થઇ ગયો હતો , તેનાથી છુટકારો પામવાની વાત વિચારવી વ્યર્થ હતી, પણ એ સ્પષ્ટ થઇ ગયું હતું -ભટકેલી, થાકીને ચુર થઇ ગયેલી નાસ્ત્યોનાની સમજણમાં જાણે અચાનક એ આવી ગયું હતું કે તે ક્યાં જઈ પહોચી છે, પોતાને જાણે આશાથી બહુ દૂર ઊભેલી જોઈ હોય, પણ હવે એ ખબર હતી કે અહીંથી નીકળવાનો રસ્તો શો છે .એ વાત જુદી હતી કે નીકળવા માટે જે નસીબમાં લખાયેલું હતું તે બધું સહન કરવાની શક્તિ પૂરી પડશે કે નહી .પણ જાય તો

જાય ક્યાં, કઈ બાજુ જાય- હવે બધું સ્પષ્ટ થઇ ગયું હતું.

નાસ્ત્યોના માટે આનો અર્થ એ હતો કે તે હાથપગ ન પછાડે, જે છે તેની સાથે જ સમાધાન કરી લે . અને ભાગ્યનાં રસ્તામાં આડે ન આવે .જે થવાનું હોય તે થાય .તે જોકે હજી અંતિમ રૂપે આ નિર્ણય સુધી પહોચી નહોતી પણ સમજી રહી હતી કે તેનાથી બચીને ક્યાંય જઈ નહી શકે .લાગે છે દુઃખોનો આ પહાડ તેને અંત સુધી ઉપાડવો જ પડશે .પીછેહઠ કરવામાં હવે ઘણું મોડું થઈગયું છે .પણ તે પીછેહઠ કરવા ઇચ્છતીએ ક્યાં હતી .નાસ્ત્યોના માટે એ તો પોતાની જાતને નકારવા જેવું હતું પોતાની જાતને છેતરવા જેવું હતું .અન્દ્રેઈની સામે વાંધો ઉઠાવવાનું પણ તેણે એટલા માટે જ શરૂ કર્યું હતું કે તે તેનાં શબ્દોમાં પોતાનાં માટે સંબળ શોધી શકે .બીજે ક્યાં શોધે એ? નાસ્ત્યોનાએ અન્દ્રેઈના મનમાં એવી આશા જગાવી દીધી હતી કે જેને તે રોક્યા વગર રહી શકતો નહોતો, તે શું કહેશે તે પહેલેથી કળવું મુશ્કેલ નહોતું.

બધું સ્પષ્ટ થઈ ગયું હતું અને મનમાંથી અંધકાર દૂર થઈ ગયો હતો .બધી માંદગીનો એક ઈલાજ . નાસ્ત્યોના બહુ દૂર નીકળી ગઈ હતી, બીવા માટે ઘણું બધું હતું, એટલે વધારે સારું એ હતું કે કોઇપણ વસ્તુથી ન બીવું અને સીધેસીધા ચાલતા રહેવું .નાસ્ત્યોનાને એમ લાગી રહ્યું હતું કે નસીબે કે પછી કોઈ અજ્ઞાત શક્તિએ તેને લોકોથી અલગ પાડી છે - નહી તો તેનાં પર એક સાથે આટલાં બધાં દુઃખોનો પહાડ તેનાં પર ન તૂટી પડત .તેનાં માટે જુદું દેખાવું જરૂરી છે .નિસંદેહ, અત્યારે તેને મુશ્કેલી પડી રહી છે, પણ શું એ સારું હોત કે તે પહેલાંની જેમ જિંદગીના દિવસો પૂરાં કરતી રહેત, ક્યાંય ન જનારી બંધ, આશાવિહોણી ગલીઓમાં પગ ઘસતી રહેત? તેનાં પર કૃપાદ્રષ્ટિ પણ થશે જ, જરૂર પડતાં મદદ પણ મળશે, આગળ જઈને જો જો કષ્ટોનાં બદલામાં તેને દેવસ્થાન મળશે - એમનેમ કશું જ નથી મળતું .તે બધું જ સહન કરી લેશે, જે પણ દુઃખ તેનાં ભાગમાં આવશે સહી લેશે, ઝેલી લેશે, પણ નકામી આળસુ સ્ત્રીની જેમ જિંદગી વિતાવવા કદાપિ તૈયાર નથી - એનાથી વધારે સારૂ એ કે તે જીવે જ નહીં.

નાની ઉંમરથી જ નાસ્ત્યોના કોઇપણ સધારણ વ્યક્તિની જેમ પોતાનાં માટે સુખનાં સ્વપ્નાં જોતી રહેતી હતી, તેને વર્ષોની સાથે બદલાતી ધારણાઓથી ભરતી રહી હતી .જયારે તે કુંવારી હતી ત્યારે તેનું સુખ પણ સહજ અને ઉન્મુક્તપણે વિચરનારું હતું, કોઇપણ ક્ષણે તે ક્યાંયથી પણ આવીને ટપકી પડી શકતું હતું, તેનાં માટે ચારેય દિશાઓ ખુલ્લી હતી .તેને પ્રતીત થતું હતું : તે વચ્ચોવચ ઊભી છે અને સુખ હાથતાળી દેતું ક્યારેક ડાબી બાજુથી ઊડી જાય છે તો ક્યારક જમણી બાજુથી, લાડભર્યા પ્રેમાળ ક્ષણિક સ્પર્શથી ગલગલિયાં કરી જાય છે, પોતાની પાછળ પાછળ બોલાવે છે અને વચન આપીને ફરી આવનારી ઘડી સુધી ઉડી જાય છે .એમાં એટલો સરસ અને અનનુભૂત ઉલ્લાસ, એટલો પ્રેમ અને સંતુષ્ટિ દૃષ્ટિગત થતાં હતાં કે તેમાં તત્કાળ ડૂબકી માર્યા વિના રહી શકાય એમ નહોતું-બસ ન્હાતાં રહો, ન્હાતા જ

રહો .તેને બેફિકરાઈથી દર દિવસે અને દરેક ક્ષણે ખર્ચતાં રહો જેથી પાછળથી પસ્તાવાનો વારો ના આવે .પણ સાથે સાથે જ કોઈ સુખદ, મધુર પ્રતીક્ષાથી તેની સાથે સંપૂર્ણ ભેટાની ક્ષણ ટાળી દેવાનું મન થતું હતું કારણકે આ ભેટો દરેક સ્થિતિમાં અવશ્યંભાવી હતો .નાસ્ત્યોના લગ્ન માટે પણ એ જ સમજ્યાં-વિચાર્યા વિના જ તૈયાર થઇ ગઈ હતી કે સુખના બધાં રસ્તાઓમાંથી હવે માત્ર એક જ રસ્તો રહી ગયો છે -જે તેણે પોતે પસંદ કર્યો છે, હાલપૂરતો તે બહુ પહોળો અને વિસ્તૃત છે, ત્યાં સારા અને ખરાબ બધાને માટે એકબીજાની નજીકથી પસાર થઈ જવાની જગ્યા છે .તેને લાગતું હતું કે તેનાં કૌટુંબિક જીવનમાં કોઈ અભાવ નહી હોય પરંતુ સાથે સાથે તે કામથી ભરેલું હશે, પતિની સાથે સંબધ ઉલ્લાસપૂર્ણ અને સહજ હશે ત્યારે કામના દિવસ ઓછા હશે અને તહેવારનાં દિવસો સુંદર .બેશક, ક્યારેક કોઈ વસ્તુથી તે કંપિત થઇ શકે છે, ઠોકર ખાઈ શકે છે, ઘાયલ થઇ શકે છે, કોઇપણ રસ્તો કાંટા વગરનો તો હોતો નથી, પણ ત્યારબાદ બધું બરાબર થવું, પ્યાર અને સુલેહથી જિંદગી ચાલુ રહે એ વ્યાજબી છે, અને વળી નાસ્ત્યોના શરૂઆતથી જ પ્રેમ અને કૃપા દ્રષ્ટિ પામવા કરતાં વહેંચવાની કલ્પના કરતી હતી - એટલા માટે જ તો તે સ્ત્રી છે, જેથી દાંપત્ય જીવનને મૃદુ અને સુગમ બનાવતી રહે, એટલા માટે જ તેને એ ચમત્કારિક શક્તિ મળી છે જેનો જેટલો વધારે ઉપયોગ કરે તે તેટલી જ જાદુઈ, કોમળ, અને સામર્થ્યવાન થતી જાય છે . નાસ્ત્યોનાને વિશ્વાસ હતો કે તેની સાથે એવું જ બનશે અને કેવળ આ જ એક વાતમાં તેનાથી ભૂલ નથી થઇ .અને સુખ ...સુખ દર્શન દઈને, ચમકારો બતાવીને, શરૂઆતના દિવસોમાં જ આશા જગાડીને પછી તેને બાળકો વિના છોડીને ક્યાંય આગળ વધી ગયું - આગળ તેનાથી ભેટો થવાનો હતો પણ હવે તે રસ્તો, જેના પર તેમનાં મળવાની સંભાવના હતી તે સાંકડો બનીને પહેલા કરતાં અડધો રહી ગયો હતો અને પગદંડીમાં બદલાઈ ગયો હતો, જો કે હજી સ્પષ્ટપણે નજરે પડતો હતો.

નાસ્ત્યોનાએ કદી પાછળ વળીને નથી જોયું, કર્યાંનો અફસોસ નથી કર્યો, માથું પકડીને બેઠી નથી કે ક્યારેક ક્યાંક આ દિશામાં નહીં પેલી દિશામાં વધવું જોઈતું હતું એમ વિચારીને દુઃખી થઇ નહોતી .જીવન કોઈ કપડાં નથી કે ઈચ્છો ત્યારે બદલતાં રહો .જે છે તે બધું જ તમારું છે અને કોઈનાથી પણ વિમુખ થવું ઉચિત નથી પછી ભલે ને તે ગમે તેટલું ખરાબ ન હોય .અન્દ્રેઈની સાથે નાસ્ત્યોનાના કપરાં દિવસો પણ આવ્યાં હતાં પણ તેણે પોતાનું ભાગ્ય બદલવાનો વિચાર સુદ્ધાં નહોતો કર્યો, પહેલેથી જ બધું બરાબર છે એમ અવશ્ય કરતી રહી પણ જે કંઈ બની ચૂક્યું હતું તેમાં હેરફેર નહોતી કરતી, પોતાની નજીક કોઈ બીજા પુરુષની કલ્પના સુદ્ધાં પણ કરતી નહોતી .ત્યારે તો પોતાની જાતને પણ બદલવી પડશે - કોણ એવું થવા દેશે? બીજા લોકો ભલે ગમે તે ઈચ્છે, તે તો શરૂઆતની જિંદગી જીવી લેશે અને ક્યારેક આમ તો ક્યારેક તેમ ભટકતી નહી ફરે .તે પોતાનાં ભાગના સુખની રાહ જોઈ લેશે.

કહેવાય છે ,સુખ બધાને એકસરખું મળતું નથી .કોઈના નસીબમાં વધારે તો કોઈના નસીબમાં બિલકુલ

નહી .પણ તે તો સંસારમાં એકમાત્ર છે, કોઈ બીજું તેનું સ્થાન લઇ શકવાનું નથી - તો પછી શા માટે તે જ સુખ વગર ન જીવે ? આવી વહેંચણી કોણે કરી છે ? જે વસ્તુ માટે જેણે જન્મ લીધો છે તે જ વસ્તુ તેનાં માટે જીવનમાં ઓછી પડી જાય તો તેને શા માટે આ જીવન મળ્યું છે? તેનું સમગ્ર જીવન તો તેની અંદર જ છે, તેનાં હૃદયમાં છે, આત્મામાં છે, દેહમાં છે, શેષ બધું ભલે નજીક હોય, નિકટ હોય,પણ અર્થહીન છે, શેષ બધાનું અસ્તિત્વ માત્ર આ જીવનને લીધે જ છે -તો પછી તેના માટે જે નિર્દિષ્ટ છે તે શા માટે જાણીબુઝીને તેની નજીકથી પસાર થઇ જાય, શા માટે કોઈ બીજાના ભાગમાં જતું રહે? ના, ઈન્સાનની સાથે આવો વ્યવહાર વર્જનીય છે .કેવું સારું હોત, જો તે બીજું, ત્રીજું, ઈચ્છે તેટલાં જીવન જીવી શકતી હોત તો, ખોવાયેલાની પૂર્તિ તો કરી શકત, પણ ન આવી રીતે જીવવું સંભવ છે , ન તો પૂર્તિ કરવી . પોતાનું બધું પોતાની સાથે એકવારમાં જ સમેટીને આવો, સંચય નહી થાય તેનો - કશું કામમાં નહીં આવે પછી.

યુદ્ધે નાસ્ત્યોનાના સુખનો રસ્તો ઘણાં લાંબા સમય માટે રોકી લીધો હતો .પણ યુદ્ધનાં દિવસોમાં પણ નાસ્ત્યોનાને વિશ્વાસ હતો કે સુખનો દિવસ જરૂર ઊગશે .શાંતિનું આગમન થશે, અન્દ્રેઈ આવશે અને રોકાઈ ગયેલી જિંદગીના ચક્રો ફરી ગતિમાન થશે .નાસ્ત્યોના પોતાનાં જીવનની આનાથી ભિન્નપણે કલ્પના જ નહોતી કરતી .પણ અન્દ્રેઈ સમય કરતાં પહેલો પાછો આવી ગયો - વિજય ઘોષણા કરતાં વહેલો અને તેણે બધું ગૂંચવાડામાં નાંખી દીધું જીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું, સ્વાભાવિક ક્રમનો ભંગ કર્યો - આ વિષે નાસ્ત્યોના તો અનુમાન પણ નહોતી લગાવી શકતી .હવે તેને સુખના વિષે નહી પણ બીજાં કશાના વિષે વિચારવું પડી રહ્યું હતું .સુખ તો ક્યાંય દૂર જતું રહ્યું હતું, ઝાંખું પડી ગયું હતું - એમ લાગતું હતું કે જાણે તેનાં માટે ત્યાંથી હવે કોઈ રસ્તો નથી, કે નથી કોઈ આશા .આગળ વધતા મુશ્કેલીઓમાં પણ વધારો જ છે.

શું હકીકતમાં તેને સુખથી વંચિત જ રહેવું પડશે? તેનાં નસીબમાં સુખ લખાયું જ નથી? આ પહેલા તે કદાપિ આટલી ભયંકર પરિસ્થિતિમાં સપડાઈ નહોતી .આગળ દૂરદૂર સુધી કોઈ પ્રકાશનું કિરણ સુદ્ધાં દેખાતું નહોતું, ચોમેર ઘોર અંધકાર માત્ર હતો .આગળ વધતાં મુશ્કેલીઓમાં વધારો જ થવાનો છે, આજે સ્થિતિ ખરાબ છે તો કાલે સારી નહી પણ વધારે ખરાબ જ થવાની છે .પણ એનાથીયે મોટી" વધારે મુશ્કેલી "એ જ છે, જ્યાં તે આજે રોકાઈ ગઈ છે - એ બાળક , જેના માટે તે કષ્ટ પામતી રહી હતી, જેની પૂરી શક્તિથી કામના કરતી રહી હતી, એ જ એક તેને ઈચ્છિત સુખ લાગતું હતું .એનો અર્થ એ નહોતો કે તે પોતાના સુખની એકદમ સમીપ છે, જે માત્ર બીજી, વિપરીત દિશામાંથી, તેની પીઠ પાછળથી તેની પાસે આવી ગયું છે .હવે સુખ તો સુખ છે, પછી ભલેને તે સીધું આવ્યું હોય કે પછી પીઠ પાછળથી, શું ફેર પડે છે, બસ તે તેને મળી જાય, હાથતાળી દઈને પાસેથી માત્ર પસાર ન થઇ જાય.

પણ હવે તેને આ સુખનો ફાયદો શો?

ના, કંઈક તો જરૂર નિર્ધારિત થયેલું હોવું જોઈએ, તેનું જીવન રસ્તે રઝળી પડયું તો? તો તો ગાંડા થઇ જવામાં વાર નહી લાગે .માની લો, કઈ થઇ પણ ગયું છે; બાળક ગર્ભમાં રહી ગયું છે, તે નજરે ચડી ગઈ છે અને તેને જો બરબાદ ન થવા દેવામાં આવે, જો બાળક થવા દેવામાં આવે - તો તેને બીજું શું જોઈએ ?! અને તે થશે, થશે, જરૂર થશે, તે આવી રહ્યું છે.

હવે તેને ખબર હતી કે શું કરવું જોઈએ .હા, કંઈ પણ કરવાની જરૂર નથી, જે થવાનું હોય તે થાય, જેવું પણ થવાનું હોય તે થાય, તેને તેનાં રસ્તે છોડી દે .ક્યાંક નજીકમાં જ કે પછી દૂર, તેનાથી વિરહનું કષ્ટ ભોગવતું તેનું પોતાનું વૈધ સુખ પણ જરૂર રાહ જોઈ રહ્યું હશે.

તે આડી પડી હતી અને ઘટનાક્રમ આગળ વધતો જઈ રહ્યો હતો.

તેઓ આડા પડ્યા હતાં અને જે મનમાં આવે તે કહેતાં જઈ રહ્યાં હતાં, જાણે કહેલી સૌથી મુખ્ય, નાજુક અને ક્ષણભંગુર વાતની ચારે બાજુ તેની રક્ષા કરનારી નાની નાની કોમળ વાતોનો ઘેરો વાળી રહ્યાં હોય . જયારે સુતા હોય ત્યારે આવી વાતચીત ચલાવવી સહેલી છે : આંખો મીંચીને તે બધું જ કહી શકાય છે જે સામસામે કહેવું કપરું હોય છે, વગર સંકોચે ચૂપ થઇ શકાય છે, પોતાનામાં ખોવાઈને એકલાં થઇ જઈ શકાય છે, પછી ઈચ્છીએ ત્યારે ફરીવાર સાથે થઇ શકાય છે.

અંધારું થઇ ગયું પણ તેમણે રૂમમાં અજવાળું ન કર્યું, ચંદ્રમાં વિના જ હિમથી ફેલાતો વેરણ, ઠંડો પ્રકાશ બારીમાંથી ચળાઈને અંદર આવતો હતો .તેમાં અન્દ્રેઈ અને નાસ્ત્યોનાના ચહેરા રક્તહીન લાગી રહ્યાં હતાં, આકૃતિઓ – નિર્જીવ, ઢીંગલીઓ જેવી, ગતિવિધિઓ –-કોઈ બાહ્ય શક્તિ દ્વારા પ્રેરાયેલી .અવાજો પણ જાણે કોઈ અદ્રશ્ય જગ્યાએથી આવી રહ્યાં હોય તેમ લાગતું હતું .અન્દ્રેઈ અને નાસ્ત્યોના પણ આ એકાંત ક્ષણોમાં પોતાને અવાસ્તવિક, અજાણ્યાં અનુભવી રહ્યાં હતાં -આ દુષ્કર અને તનાવગ્રસ્ત દિવસ, એટલાં પ્રાયશ્ચિત અને નીસ્ત્બ્ધતાભર્યો દિવસ, સમગ્ર વાતાવરણને શાંત કરતો, વિદાય પહેલાંનાં પૂર્ણ ક્ષમાદાનને લઈ ચાલ્યો જઈ રહ્યો હતો .તેઓ વિનમ્રતા સાથે તેના સુરમાં સુર પુરવતાં હળવે હળવે, બિલકુલ ગુસપુસ અવાજે વાતો કરી રહ્યાં હતાં .વાતચીત કોઈ વિશેષ બિંદુ પર ટકી શકતી નહોતી, પણ તાણવિનાની તથા સહજ હતી .તે ઘડિયાળના લોલકની જેમ આમથીતેમ ડોલી રહી હતી, જે એકબાજુ વધારે વાર તો બીજી બાજુ ઓછીવાર રોકાઈ શકે છે, જ્યાં ઈચ્છે ત્યાં રોકાયેલું રહી શકે છે, અને પછી આમતેમ ડોલવા લાગી શકે છે .આવાં એક વિરામ પછી અન્દ્રેઈએ વગર કોઈ કારણે અચાનક પૂછી લીધું:

"નાસ્ત્યોના, તું મારી પાસેથી કંઈ ઈચ્છે છે?"

"શા માટે? શું ઈચ્છું?" તેને કંઈ સમજાયું નહીં.

"જો, સાંભળ, મને ખબર છે કે હું તારી પાસેથી શું ઈચ્છું છુ .અને તેને પણ એ ખબર છે .આજે આપણે એ વિષય પર વાત કરી હતી અને બધું ફરીથી શરૂ કરવાનો મારો ઈરાદો નથી .પણ મને આ બધાં સિવાય તારી પાસેથી બીજું પણ ઘણું જોઈએ છે .તું જ મને અહીં રોટલાં પહોચાડે છે, કપડાં પણ તું જ લાવે છે, જે કંઈ અહીં છે તે બધું તું જ લાવી છે અહીં મને તો હવે તારો ફાયદો ઉઠાવવામાં શરમ આવે છે, બદલામાં રત્તીભર પણ કંઈ જ નથી આપતો .લાગે છે, જાણે કશી શરમ જ નથી રહી મારામાં, હું તો હવે સંપૂર્ણપણે તારાં આશ્રયમાં છું અને આશ્રિત પણ જુઓ કેવો :દસની બરાબર .એ પણ ગણતરી બહુ ઓછી છે .તારે હવે એના કારણે બીવું પડશે .હું તો બીવું છું તો એનું કારણ પણ છે, પણ તું? તું શા માટે દુનિયાથી વિરુદ્ધ ચાલે? મને ખબર છે તને મારા પર દયા આવી ગઈ .અને અહીં આજે આપણે જે વાતો કરતાં રહ્યાં છીએ તેનાં પર પણ દયા ખાવા લાગશે .તું છે જ એવી .જોઈ લેજે, તું બીજું કશું જ નહી કરી શકે .હું તને ચઢાવી નથી રહ્યો - નાં, હું તને ઓળખું છું .તું ઈચ્છશે તો પણ નહી કરી શકે .નહી કરી શકે, નાસ્તોના, મારાં આ શબ્દો યાદ રાખજે .હું તારાં પર એકધાર્યો બોજ લાદે જ જઈ રહ્યો છું, લાદે જ જઈ રહ્યો છું અને પોતે, કોઇપણ વાત હોય એક બાજુ થઇ જાઉં છું, તારે એકલીને જ ટક્કરો લઇ બધાંનો સામનો કરવો પડી રહ્યો છે .તું સાચું કહી રહી હતી .હું શું કરી શકું તેમ છું? હું શું કરી શકું, નાસ્ત્યોના? નાસ્ત્યોના - તું પોતે વિચાર કર .હું ખુશીથી તારી મદદ કરું, પણ કેવી રીતે? મારું પણ તો તને મદદ કરવાનું મન થાય છે, તારા માટે આકાશમાંથી તારાં પણ તોડી લાવું, કોઇપણ રીતે તને મદદરૂપ થવા દિલથી ઈચ્છું છું, પણ તું કહે તો ખરી તારે શું જોઈએ છે?"

"શું જોઈએ?"

"કંઈપણ નથી જોઈતું."

"જોઈ રહી છે તું, કંઈપણ નથી જોઈતું," તેણે તત્પરતાથી વાત પકડી લીધી, જાણે બીજા જવાબની આશા જ ન હોય, "જોયું :મને જોઈએ છે, પણ તને નહી .પડતો - આખડતો ક્યાં આવી પહોચ્યો છું :મારી પાસેથી કોઈ કામની આશા રાખવી વ્યર્થ છે .હું પોતે એ જાણતો હતો; તેમ છતાં પણ કોઈ વસ્તુની આશા હતી .વિચારતો હતો, કોને ખબર, કદાચ અચાનક કંઈ માંગી જ લે? ના, કોઈ સાવ સાધારણ નકામી વસ્તુ જ માંગી લે? તે પણ નહી? તેનો અર્થ છે, મારાથી હવે તને નુકસાન જ નુકસાન છે, કષ્ટ જ કષ્ટ છે, બીજું કંઈ નહી .સાફ વાત છે, હું બરબાદ થઈ ગયેલો નકામો માણસ છું, બધાંના માટે નકામો બરબાદ થઈ

ગયેલો - હું એના માટે તૈયાર જ થઈને ચાલ્યો આવ્યો હતો, પણ વિચાર્યું હતું કે કોને ખબર કદાચ તારાં માટે એવો ન હોઉં .વિચાર્યું, તું મને કદાચ અચાનક દયાની ભીખ આપી દેશે; મારાં માટે પોતાનાં દિલમાં નાનકડી જગ્યા શોધી લેશે!" પીડા પામવા છતાં પણ, તેની વ્યથા સ્પષ્ટપણે ફૂટી રહી હતી અને પોતાની આગમાં બાળી રહી હતી, તે ધીરે ધીરે અને શાંત ચિત્ત થઈને બોલી રહ્યો હતો; એમ લાગતું હતું કે તેને પોતાનો ઉપહાસ ઉડાવવામાં અને એમ આ પીડાને સહેવામાં કોઈ સંતોષનો અનુભવ થઈ રહ્યો હતો, "આ બધાનો અર્થ એ જ કે તું મારાં પર બસ માત્ર દયા જ ખાય છે .મારાં માટે તો જો કે અત્યારે એ પણ વરદાનરૂપ છે, પણ માત્ર દયાને આધારે વધારે દિવસ જીવવું મુશ્કેલ છે - દયાની દોર બહુ પાતળી હોય છે, જોતજોતામાં તૂટી જશે".

"તું આ શું કહી રહ્યો છે, અન્દ્રેઈ?! શું કહી રહ્યો છે ?!" બી ગયેલી નાસ્ત્યોનાએ તેને ટોક્યો," હું તો વિચારી રહી હતી કે તેં બસ આમ અમસ્તું જ પૂછી લીધુ છે અને મેં પણ આમ જ જવાબ આપી દીધો, પણ જો તો તેં વાતને ક્યાંની ક્યાં પહોચાડી દીધી .શું આમ કરવું ઠીક છે ? શા માટે તું આવું કરે છે? અચાનક વાત અડધેથી જ પકડી લીધી અને પોતાની જ વાત કરવા લાગ્યો, મને તો જાણે જુદી જ સમજી લીધી .તું તો મને આવી રીતે ન ધકેલી દે .જોઈ લેજે આગળ તને કામમાં હું જ આવીશ .તું કરવા ઈચ્છતો હોય તો હું અબઘડી તારાં માટે હજાર કામ શોધી કાઢું."

"જેવી રીતે?"

"સૌથી પહેલા તો એ જ કે આ પ્રમાણે બોલ નહી .એ વાત સાચી કે આગળની મારી જિંદગી સહેલી અને સરળ નહી હોય, પણ જો તું પણ આવી રીતે વિશ્વાસ કરવાનું છોડી દેશે તો પછી મારાં માટે બાકી શું બચશે?"

"સ્પષ્ટ વાત છે, મારાં વગર તારી જિંદગી વધારે જ સારી હોત."

" સારું માની લીધું વધારે સારી હોત, ચોક્કસપણે વધારે સારી હોત," તેણે વાત માંની લીધી ."પણ એનાથી વધારે સારું હોત, જો હું જ ન હોત .ન કંઈ જાણવું, નાં કંઈ જોવું, ન કંઈ સાંભળવું, ન કોઈ વાતે તકલીફ પામવી, ન દુઃખી થવું - વાહ, કેવી સરસ વાત છે, કેટલું સારું નહી, કેટલી શાંતિ, કેમ ખરુને ! પણ જરા મને એ તો કહે, હું મારી જાતનું શું કરું? સાજી-નરવી, જીવતી-જાગતી છું? શા માટે તું એમ કહી રહ્યો છે કે તારાં વિના કેટલું સારું હોત? હું એ જાણવા - વિચારવા પણ ઈચ્છતી નથી .તું આમ મને પોતાનાથી જુદી ન માન, મહેરબાની કરીને ન માન," નાસ્ત્યોનાએ તૂટતો શ્વાસ પકડીને કહેવાનું ચાલુ રાખ્યું," ચલ, હવે બધું સાથે સાથે કરીએ .જો તું ગુનેગાર છે તો તારી સાથે હું પણ એટલી જ ગુનેગાર છું .જવાબદારી

સાથે લઈએ.

જો હું ન હોત તો કોને ખબર કદાચ આવું બન્યું જ નહોત .તું એકલાં પોતાને માથે દોષ ન લે .હું તારી સાથે હતી - શું તેં ખરેખર એ જોયું નથી? જ્યાં તું, ત્યાં જ હું .અને અહીં તું મારી સાથે હતો .આપણને સ્વપ્ન પણ એક જેવા જ દેખાયા - શું એ વ્યર્થ હતાં? ના .અન્દ્રેઈ, એ વ્યર્થ નહોતાં .તું ઈચ્છે કે ના ઈચ્છે, માને કે ન માને, આપણે દરેક જગ્યાએ સાથે હતાં, બંને બરાબરના ભાગીદાર છીએ .તું શું એમ વિચારે છે કે વીરની ભાંતિ પાછો ફર્યો હોત તો શું કોઈ અર્થ ન હોત? મને તારી સાથે ખુશી માણવાની તક શું નાં મળી હોત? કેમ નહીં વળી?! હું પોતાને તારાં કરતા પણ વધારે વીર માનત :મારો પતિ છે, બીજા કોઈનો નહી .હું તો ગર્વભેર માથું ઊંચું રાખી આખાં ગામમાં ઘૂમતી ફરત - જોઈ લો, બધાં જોઈ લો, અદેખાઈ કરી લો - આ રહી હું, જુઓ કેવું જૌહર બતાવ્યું છે મેં ?"

"તું હવે આવી વાત ન કરત, તુલના ન કરત તો"....

"એમાં શું થઇ ગયું? શા માટે ન કરું? તારાં પર કંઈ બીજું જ આવી પડ્યું - એનો અર્થ મેં તને સારી રીતે સતર્ક ન કર્યો .તું સહન ન કરી શક્યો તેનો અર્થ એ જ છે કે કાં તો તને મારાં પર વિશ્વાસ નથી, કે પછી તારાં વિષેની મરી ફિકર ચિંતામાં કોઈ ખોટ રહી ગઈ છે, અથવા તો પછી કારણ કોઈ બીજું જ છે .તું મારાં દોષને ન નકાર, હું તે સ્પષ્ટપણે જોઈ રહી છું .અને જો એવું બન્યું હોત :ધારી લે કે હું તારી રાહ જોઈ શકી ન હોત, કોઈ બીજાંનો હાથ પકડી લેત, બધું છોડીને તેની સાથે ક્યાંય પણ ચલી ગઈ હોત તો શું તું માત્ર મને જ ગુનેગાર ઠેરવત?"

"તો બીજા કોને વળી?"

"ના, એમાં પણ તું શામેલ એટલો જ હોત .તારાં વિના એ સંભવ કેવી રીતે હોત? તેં જ એમ કરવામાં મદદ કરી હોત .બની શકે છે કે આવું બનવાનાં ઘણાં પહેલા જ આપણે ભૂલી ગયાં હોત કે ક્યારે આપણે આવો ફેંસલો કર્યો હતો .પણ ફેંસલો સાથે સાથે જ કર્યો હોત, એકલાં તો મારી કદી હિમ્મત ચાલી જ ન હોત .હે ભગવાન, હું આ બધું શું કહી રહી છું ! મારી તો કદાપિ હિમ્મત ચાલી ન હોત, આ તો હું એટલા માટે કઈ રહી છું કે આપણે દોષની વહેંચણી કરવાની જરૂર નથી :આ તારા લીધે છે અને આ મારાં લીધે છે .આપણે બંને સાથે જીવન જીવવાં એક થયાં હતાં .જયારે બધું બરાબર રીતે ચાલી રહ્યું હોય ત્યારે સાથે રહેવું સરળ છે :એક સુંદર સ્વપ્ન જેવું, બસ આરામથી જિંદગી જીવો .પણ વાસ્તવમાં ખરાબ દિવસોમાં સાચો સાથ હોવો જોઈએ .એના માટે તો લોકો એકબીજાનો સાથ અને પ્રેમ પામવા એકબીજાનો હાથ પકડે છે .હું માં ન બની શકી એટલા વર્ષોમાં, તેં મને કાઢી ન મૂકી .મારો સાથ આપી મને અપનાવવા

તૈયાર થઇ ગયો, પછી ભલે ને મારામાં ગમે તેવી ઊણપ હોય, બીજીની શોધમાં ન નીકળી પડ્યો .જરા હવે મને એ કહે કોણ મને તારાં બંધનમાંથી મુક્ત થવા દેશે? હું તો મારો જીવ કેટલો બાળત મારું તો કાળજું જ ચીરાઈ ગયું હોત ……..”

“ખરાબ ખરાબમાં તફાવત હોય છે, નાસ્ત્યોના .હું અપરાધી છું, કાયદો મારી વિરુદ્ધ છે .શા માટે તું મારી સાથે અપરાધી બને? કાયદાની વિરુદ્ધ જાય?”

“હવે અત્યારે આ સવાલ પૂછવો નકામો છે .એ તો પહેલા વિચારવું જોઈતું હતું, જયારે તેં આ ડગલું ભર્યું ત્યારે .ડગલું ઊઠાવી લીધું - એનો અર્થ કે મને પણ પોતાની પાછળ લઇ ચાલ્યો .બીજું કંઈ મને ખબર ના પડે .તું પોતે જ તો કહી રહ્યો હતો હમણાં; આપણે એક દોરથી બંધાયેલા છીએ .બસ, વાસ્તવમાં એવું જ છે .તું બસ મારાં પર વિશ્વાસ કર , નહી તો આપણને બંનેને જ મુશ્કેલી વધારે પડશે .આપણે હાથે કરીને કષ્ટ વોહરી લઈશું આપણાં પર.” નાસ્ત્યોના અન્દ્રેઈનાં જવાબની પ્રતીક્ષામાં ચૂપ થઇ ગઈ, પણ તેણે જવાબ આપવામાં વાર કરી .નાસ્ત્યોનાએ કંઈ વિચારીને આગળ કહ્યું, “કદાચ હું પોતાનાં માટે કોઈ બીજું ભાગ્ય ચાહી શકતીહતી, પણ કોને ખબર એ કેવું હોત, એટલે એના વિષે વિચારવું ઢીક જ નથી, બસ હવે તો જે છે તે આ જ છે, તારી સાથે જ મારું ભાગ્ય જોડાયેલું છે અને મને તેનો કોઈ અફસોસ નથી, બસ આ જ મારું છે,” નાસ્ત્યોના ફરીથી ચૂપ થઇ ગઈ અને પાછી બોલી ઊઠી, “બધું ઠીક થઇ જશે, અન્દ્રેઈ .બની જ ન શકે કે ઠીક ન થઈ જાય .તું જોઈ લેજે ને, બધું ઠીક થઇ જશે.”

તેણે તેમ છતાં પણ જવાબ ન આપ્યો..

“મારાં માટે તો અત્યારે પણ બધું સારું છે .તને તો યાદ હશે :મને વધારે કશું નથી જોઈતું .હું તારી સાથે છું -કેટલું સારું લાગે છે, મારાં માટે તો આ જ ઘણું છે .બાકી બધું તો ક્યાંય દૂર છે, દૂર બહુ દૂર છે .મને યાદ નથી આવતું કે શું થઇ ગયું અને આગળ દેખાતું પણ નથી કે શું થશે .બધું ઠીક થઇ જશે એ વાત સુધ્ધા પર લેશમાત્ર વિશ્વાસ બેસતો નથી .અત્યારે તો એમ લાગે છે કે હંમેશા હવે બધું આવું જ રહેશે :તું અને હું . હું અને તું .બસ, મારું ચાલત તો તારી પાસે દાઢી જરૂર સાફ કરાવી દેત, આમ તું જાણે સાવ અજાણ્યો લાગે છે .એનાથી હું કેમે કરી ટેવાઇ શકતી નથી, ચાહીને પણ નહી.”

થોડી ઊઠીને નાસ્ત્યોના તેની તરફ વળી અને તેને વગર જોયે જ, માત્ર બદલાયેલાં શ્વાસ પરથી અનુભવ કર્યો કે તે મરકી રહી છે .અત્યાર સુધી તેઓ વગર હાલ્યે-ચાલ્યે એક સાથે ઉપર છત તરફ જોતા પડ્યા હતાં, જાણે એકબીજાને સંબોધિત જ ના કરી રહ્યાં હોય, જાણે માત્ર પોતાની સાથે જ વાતો કરી રહ્યાં હોય .અન્દ્રેઈ શરૂથી અંત સુધી આંખો બંધ રાખીને બોલતો રહ્યો - વાસ્તવમાં આ રીતે બોલવું સહેલું હતું .

પણ હવે નાસ્ત્યોનાના સ્મિતનાં જવાબમાં તેણે આંખો ખલી દીધી, નજરો ધ્યાન અને સ્વીકૃતિભરી દ્રષ્ટિ સાથે ટકરાઈ ગઈ અને તેને સહન ન કરી શકતાં તેણે આંખો ફેરવી લીધી.

"પહેલા શા માટે આપણે કદી આવી રીતે વાતચીત ન કરી?" તેણે કહ્યું અને પોતાની વાતનાં સમર્થનમાં શાંત અને નિરાશાભર્યા ક્ષોભથી માથું ધુણાવવા લાગ્યો," છેવટે બધું તદ્દન જુદી રીતે ઘટી શકતું હતું, તદ્દન બીજી જ રીતે, કે પછી માત્ર અત્યારે એમ લાગે છે કે એવું બની શકતું હતું - કોણ જાણે ! પણ એટલું તો ખરું કે આપણે કદી વાત ન કરી - એટલું તો ચોક્કસ જ કે ન કરી, બસ ખપ પૂરતું કહી - કહેવડાવી દેતા હતાં, કોને શું જોઈએ છે, નાની મોટી રોજેરોજની જરૂરની વાતો .શરૂઆતનાં એ ચાર વર્ષ દરમ્યાન તો વાત કરવા માટે, ઊંડાણપૂર્વક એકબીજાને જાણવા- સમજવા માટે કે કોણ શું વિચારે છે, ખૂબ સમય હતો .એનો અર્થ એ કે હું તને સારી રીતે જાણતો જ નહોતો .બસ ચહેરો તો છે - બરાબર છે, પણ બીજું શું છે? મારી પાસે શું છે - નહોતો જાણતો .વિચારો તો જરા :તારાં પર હાથ આ ઉઠાવતો હતો. "

"તું મારાં પર હાથ નહોતો ઉઠાવતો."

"શું નહોતો ઉઠાવતો!"

"ના."

"એનો અર્થ એ કે તું ખરાબ વાતો યાદ કરવા ઈચ્છતી જ નથી .નહી તો નહી સહી .જો કે મારાં માટે કદાચ સારું હોત, જો તું યાદ કરત .હું તારાં જેવી સ્ત્રીની સામે શું છું? તારું બહુ ઋણ છે મારાં પર અને એને ચૂકવવા તું પોતે જઈ રહી છે .મારામાં એવું કશું જ નથી, નાસ્ત્યોના .નાસ્ત્યોના !હું તારે લાયક જ નથી, તારાં માટે તો કોઈ બીજું જ હોવું જોઈતું હતું .તું વાતને આમ જ કહેલી ન સમજ :હું સાચે જ ગંભીરતાપૂર્વક કહી રહ્યો છું .જો તો જરા તું કેવી છે અને હું ક્યાં !કેવી રીતે મારી સાથે ભટકાઈ તું? કળી નથી શકતો. "

"મને કોઈ બીજું નથી જોઈતું, મારાં માટે તો તું જ સારો છે, તારો સાથ સાચો છે .મેં પહેલા પણ કહી દીધું છે .એ વિષયમાં તને મારાં વતી કોઈ ફેંસલો કરવાનો હક્ક કોને આપ્યો?"

"એટલું પણ ન હોય તો શું ...."

"તું કંઈપણ નથી સમજતો, અન્દ્રેઈ," ઉદાસી, ક્ષોભ અને દુ:ખભર્યા ગણગણાટ સાથે નાત્યોનાએ કહ્યું અને પછી માથા તરફ પાથરેલા જાકેટ પર માથું મૂકી દીધું, " એ તો કહે, તું હતો ક્યાં, તું તો એ પણ નથી

જાણતો કે હું સારી રીતે રહી છું કે નહી! ' અન્દ્રેઈએ જવાબ ન આપ્યો, માની લીધું કે તેને જવાબની જરૂર નથી .“ જયારે તું મને અહીં લઈને આવ્યો હતો ત્યારે હું કોઈને પણ જાણતી નહોતી, બધાં જ અજાણ્યા હતાં, બધાં જ .એમ કહેવું જરાય ખોટું નહી હોય કે હું તો બસ આંખો મીચીને તારી પાછળ પાછળ નીકળી પડી હતી :જ્યાં તું લઇ જશે ત્યાં જવા માટે .હું તને પણ ક્યાં ઓળખતી હતી, બે કે ત્રણ વાર અમસ્તાં મળી ગયાં અને એમ જ લગ્નનો ફેંસલો પણ કરી લીધો .મને તો છેક સુધી વિશ્વાસ જ નહોતો બેસી રહ્યો કે તું સાચે જ લેવા આવશે .કેટલી બીક લાગી રહી હતી ખબર છે તને? - આખી જિંદગી નવેસરથી શરૂ કરવાની હતી, પહેલાંની જિંદગીમાંથી કશું પણ બાકી રહ્યું નહોતું, બાકી હતી બસ એકલી હું, એ પણ સમજવું મુશ્કેલ હતું કે હું સાચે જ હું છું કે નહી .કદાચ તને યાદ હશે :આપણે જહાજમાંથી ઊતર્યા, હું આંખો ઊંચી કરવામાં પણ બી રહી હતી, સીધી સપાટ જગ્યાએ ઠોકર ખાઈ રહી હતી .યાદ છે? - એવું જ બન્યું હતું :આપણે ઢોળાવવાળા કિનારા પર ચઢવા લાગ્યા, મારાં પગમાં આંટી પડી ગઈ અને હું પડી ગઈ . લોકો હસી પડ્યાં, મારી સ્થિતિ હજી વધારે ખરાબ – કાપો તો લોહી ન નીકળે એવી .તું સમજી ગયો કે હું બહુ બી ગઈ હતી અને તું હાથ પકડીને ચાલવા લાગ્યો .પછી આપણે ઘેર આવ્યા, તેં કહ્યું : આ છે મારી પત્ની .બાપુ પૂછે છે : નામ શું છે? નાસ્ત્યા - હું કહું છું .તેમણે નામ ધારી લીધું : નાસ્ત્યોના .ત્યારબાદ બસ ચાલવા લાગ્યું - નાસ્ત્યોના, નાસ્ત્યોના .પણ માં જોઈ રહી હતી અને ચૂપ હતી .હું જોઈ રહી હતી કે હું તેને પસંદ નહોતી આવી, તે કદાચ બીજી વહુની રાહ જોઈ રહી હતી .અને તું પણ એ ભાંપી ગયો .અને બોલ્યો :અહીં એ એકલી છે - મારાં વિષયમાં -એના માટે બોલનારું કોઈ નથી, આપણે તેને દુઃખી નહી કરીએ .જાણે મજાક મજાકમાં કહ્યું હતું, હસતાં હસતાં, પણ હકીકતમાં એમાં મજાકની વાત કઈ હતી? ત્યારે જ મને વિશ્વાસ થઈ ગયો કે ભલે હોશ ખોઈને ન જાણે ક્યાં ભાગી છૂટું, તારાં રહેતાં ચોટ નહી ખાઉં, તારી સાથે બધું સારું જ થશે.

“એ જ સાંજે તું મને લોકોની ઓળખાણ કરાવવા લઈ ગયો . યાદ છે ? વીત્યા બેર્યોઝ્કીન પાસે ગયાં હતાં, મક્સીમ વોલોઝ્જીન પાસે ગયા અને બીજાઓની પાસે પણ .અરે હું તને કહેવાનું જ ભૂલી ગઈ કે મેક્સિમ પાછો આવી ગયો છે .કહી રહ્યો હતો, હાથ નાકમાં થઈ ગયાં છે, હજી પાટા લપેટેલા છે.” પોતાનાં મનના ભાવ છુપાવતાં અન્દ્રેઈએ આ ખબર પર કોઈ ટિપ્પણી ન કરી, નાસ્ત્યોનાએ કહેવાનું ચાલુ રાખ્યું : તું મારાં નામની ડીંગો મારવા નહોતો લઈ ગયો પણ એટલા માટે લઇ ગયો હતો કે હું તરત જ બધાંને જાણી લઉં, ઓળખી લઉં, જેથી તેમની વચ્ચે મને પરાકાપણું ન લાગે.

સાચેસાચ જ સવારે વીત્યાની નાદ્કાને મળતા જ મારી આંખો પહોળી થઈ ગઈ : અરે, આ ક્યાંથી મારી ઓળખાણની નીકળી આવી ? એવું લાગી રહ્યું હતું કે એને ઓળખું છું , ઓળખું છું પણ ક્યાંથી, કોણ છે- સમજી નહોતી શકતી અને પછી એકદમ યાદ આવ્યું :હે ભગવાન, કાલે જ તો ઓળખાણ થઈ હતી, તું

લઇ ગયો હતો પણ મગજમાં બધું ગરબડ થઈ ગયું .તેને જોઈને એ એટલી ખુશ થઈ ગઈ કે જાણે તે તેની કોઈ સગી હોય .મને યાદ છે રાત આપણે ભંડારઘરમાં વિતાવી હતી .તું એમ જ ઈચ્છી રહ્યો હતો - ત્યાંજ પથારી પાથરી લીધી હતી .શરૂઆતમાં મને વિચિત્ર જેવું લાગ્યું, પણ ભંડાર સાફ સુથરો હતો -ત્યાં જ, નાનો, આંગણ તરફનો છેલ્લો ખૂણો, બસ બારી વિના ત્યાં તદ્દન અંધારું હતું .આ જ પ્રકારનો માંચડો પણ હતો-પછી એ માંચડો ક્યાં ગયો, કોણે હટાવી દીધો? અરે હા, તેં તો હટાવ્યો હતો .બરાબર છે, તેં જ; અનાજ સંઘરવા ખાડો કરવાની જરૂર પડી હતી .અફસોસ છે :કેટલો સરસ માંચડો હતો .અંધારું હતું-જાણે જમીનની નીચે હોય, પણ લાકડાનાં છાલની ગંધ આવી રહી હતી, કદાચ બાપુ ત્યાં સુથારી કામ કરતાં હતાં અને તારાંમાંથી પણ લાકડાની ગંધ આવી રહી હતી-એવી રીતે યાદ છે જાણે હમણાંની જ વાત હોય .તેં પૂછ્યું :બીક તો નથી લાગી રહીને? ના-મેં કહ્યું-તારી સાથે કોઈ બીક નથી લાગતી .અને ત્યાં જ દીવાલની પાછળ વાડામાં જાણે મુરઘાઓએ સાંભળી લીધું હોય અને પરખવા ઈચ્છયું હોય તેમ એવી જબરદસ્ત બાંગ લગાવી !હું તો એકદમ ઉછળી જ પડી હતી!” નાસ્ત્યોના ધીમે રહીને હસી પડી .તેનું લાડભર્યું સ્મિત રેલાઈ ગયું અને ઓસરી ગયું .તેણે સાહજીકતાપુર્વક શ્વાસ લીધો, “ અને સવારે હું મહામુશ્કેલીએ દરવાજો ફંફોસીને શોધી રહી હતી .હું શોધી શકી નહોતી કે કઈ બાજુ છે .તું બપોર સુધી પડ્યો રહ્યો અને જુવાન ઘરવાળી વિષે ભૂલી ગયો .હું અંગારા તરફ જઈ આવી .બગીચાઓ જોઈ આવી- આમ તેમ બધે ફરી આવી .જમવા તારાં વિના નહોતી બેઠી, રાહ જોઈ રહી હતી .છેવટે મારાથી રહેવાયું નહીં, તને જગાડી દીધો .યાદ છે, બધાએ સાથે મળીને પાંઉરોટી સાથે ચા પીધી -બાપુ, માં, તું, હું, તું ચૂપચાપ મારી પાછળ પડી રહ્યો હતો, મસ્તી કરી રહ્યો હતો, જાણે હું આખી રાત ક્યાંય હતી જ નહીં .ચા પી લીધી - તેં કહ્યું તૈયાર થઈ જા -.ક્યાં જઈશું? - સાતમાં પહાડ પર -કહ્યું, અને હકીકતમાં મને પહાડ પર ખેંચીને લઈ ગયો, ઊંચાં ઘાસના મેદાનમાં, ખેતરો બતાવ્યા .ચારે બાજુ બધું બતાવ્યું, સમજાવ્યું, સાંજ સુધી ફરતાં રહ્યાં .પાછાં આવ્યાં-તારાં મિત્રો બેઠાં હતાં, કહેતાં હતાં; એ નશાખોર, બોટલો કાઢ, જો લગ્ન કર્યાં હોય તો .વીત્યા ફરીથી ત્યાં હતો અને મક્સિમ વોલોઝ્જીન પણ .વીત્યા માર્યો ગયો-કદાચ ખબર હશે !યાદ છે, મેં લખ્યું હતું, તેનાં ગયાં પછી નાદ્કાને દીકરી જન્મી યાદ નથી, લખ્યું હતું કે નહી .હવે તેનાં ત્રણ બાળકો છે, દુઃખી છે, બહુ દુઃખી છે, પણ શું કરે?”

નાસ્ત્યોનાએ ડાબી બાજુ ત્રાંસી નજરે જોયું, જ્યાં અન્દ્રેઈ સૂતો હતો -તે બિલકુલ પથ્થરની જેમ પડ્યો હતો, તેના શ્વાસ પણ તેનાં અસ્તિત્વનો સંકેત નહોતાં આપી રહ્યાં .એ ધ્યાનમાં આવતાં જ નાસ્ત્યોના અફસોસ કરવા લાગી કે ક્યાં તે વીત્યાનો ઉલ્લેખ કરી બેઠી .વીત્યા અને તે સાથીદાર હતાં .પણ નાસ્ત્યોનાએ વાર્તાલાપને કોઈ બીજી વાત વડે તોડવા ન ઈચ્છયું .તે કદાચ એવું કરી પણ શકી ન હોત . તે પોતાની સંપૂર્ણ સૂધબુધ સાથે વાતચીત કરી રહી હતી, ખુશી અને બેચેનીથી યાદો તેની આંખો સમક્ષ

તાદ્રશ્ય થઈ, જાણે તેને ન છોડવાની અને આગળ વાત ચાલુ રાખવાની પ્રાર્થના કરી રહી હતી .જે યાદ પર નાસ્ત્યોના રોકાઈ ગઈ હતી તે તદ્દન તેની નજીકમાં જ તરી રહી હતી, જાણે નાસ્ત્યોનાને પોતાની તરફ ખેંચી પોતાનામાં સમેટીને આગળ લઈ જવા ઇચ્છી રહી હતી .ત્યાં હકીકતમાં એટલુ બધું સારું હતું, એટલું સુખમય અને આહ્લાદ્પૂર્ણ હતું, ત્યાં કેટલાં આશ્વાસનો હતાં !તેમ છતાં પણ નાસ્ત્યોનાએ આ યાદને દૂર હટાવી દીધી :આટલું બહુ છે .નવી દ્રષ્ટિ અને નવી મન:સ્થિતિથી ભરીને તેણે હસતાં હસતાં પૂછ્યું:

“અને તને યાદ છે, કેવી રીતે હું તારી પાસે જિલ્લા કેન્દ્રમાં આવી હતી, જયારે તું બુક-કિપરનો કોર્સ કરી રહ્યો હતો ?” તેમનાં લગ્ન પછીનાં બીજા શિયાળામાં અન્દ્રેઈને સામુહિક ફાર્મ તરફથી બુક કીપિંગનો કોર્સ કરવા મોકલવામાં આવ્યો હતો .તે છ ધોરણ પાસ હતો, થોડું ઘણું તો ભણેલો હતો, એટલાં માટે તેને ટ્રેકટર ચલાવવાનું છોડવા માટે મનાવડાવી લેવામાં આવ્યો – જેનો તેણે ઈરાદો કર્યો હતો અને બુક કિપર બનવા માટે મોકલી દીધો .આ કામ પણ ઈજ્જ્તવાળું છે, રુઆબવાળું છે, જો કે ટ્રેકટર ચલાવવા જેવું નહીં, પણ એમાં એ કે લગાતાર ઘેર એક જગ્યાએ બેસી રહેવાનું મળતું .જો મશીન ટ્રેકટર સ્ટેશન સાથે જોડાઈ ગયાં તો મહિનાઓ સુધી બીજાઓનાં ખેતરોમાં અને પારકાં લોકોની વચ્ચે રહેવું પડે .જયારે પસંદગી કરવાનો વારો આવ્યો ત્યારે આ જ વાતે અન્દ્રેઈને રોકી લીધો.

નવા વર્ષ પર તે આવી ગયો હતો અને ક્રિસમસ સુધી ઘેર રહ્યો ,ફેબ્રુઆરીમાં નાસ્ત્યોના તેની પાસે જવા માટે તૈયાર થઈ ગઈ .જિલ્લા કેન્દ્ર સુધી પહોચવા એક રાત વિતાવી સિત્તેર વેર્સ્તા જવાનું હતું .એક જ સ્લેજગાડીમાં ઇન્નોકેન્તી ઇવાનોવિચ, બુદ્ધિમાન વાસિલીસા-જેને કોઈ કારણસર તાત્કાલિક હોસ્પિટલ જવાની જરૂર પડી ગઈ હતી -અને નાસ્ત્યોના સવાર થઈ ગયાં .ઇન્નોકેન્તી ઇવાનોવિચ અને નાસ્ત્યોના રસ્તો કાપતાં જે મનમાં આવ્યું તેના વિષે વાતો કરી રહ્યાં હતાં .ઈન્નોકેન્તી ઈવાનોવિચને વાતો કરવી ગમતી હતી, પણ બુદ્ધિમાન વાસિલીસા માટે તો દરેક શબ્દ કિંમતી હતો, તોળી-તોળીને બોલતી હતી . બીજા દિવસે સાંજ સુધી તેઓ પહોંચી ગયાં, એક દિવસમાં બધું કામ પૂરું કરવાનું નક્કી કરીને જુદી-જુદી દિશાઓમાં નીકળી પડ્યાં .નાસ્ત્યોનાને કામ જ શું હતું-અન્દ્રેઈને મળવું, એનાં માટે તો જેટલા પણ દિવસ મળે ઓછા જ હતાં .અન્દ્રેઈ અંગારામાં મળનારી નાનકડી નદીનાં મુખથી થોડેક દૂર બનેલાં દબાઈ ગયેલી બારીઓવાળા ઘરમાં ભાડે રહેતો હતો .વૃદ્ધ માલિકણ નાસ્ત્યોનાને જોઈને ખુશ ન થઈ, અન્દ્રેઈના ઓરડાનાં પડોશીને તેનાથી પણ વધારે ખુશી ન થઈ .તે આધેડ ઉંમરનો પુરુષ હતો, તેનાં ભવાં હમેશા ચઢેલાં રહેતાં હતાં, ચહેરો શીતળાના ચાઢાથી ભરેલો હતો, ધુધટને મળતાં ચશ્માનાં કાચ જુદાં જુદાં પ્રકારના હતાં -એક કાચ બીજા કાચ કરતાં ઘણાં ઘેરાં રંગનો હતો .તે જેવી રીતે પલંગ પર ચોપડી લઈને પડ્યો હતો તેવી જ રીતે પડ્યો રહ્યો, આવકારનો એક શબ્દ પણ ન બોલ્યો .અન્દ્રેઈ આમતેમ હાથપગ ચલાવતો રહ્યો થોડીવાર, પછી નાસ્ત્યોનાને આરામ કરાવવા કૃષક ઘરમાં લઇ ગયો.

નાસ્ત્યોનાને પહેલાં, અહીં આવવાનો વિચાર કરતાં મનમાં એક નવી આશા જેવું જન્મ્યું હતું .જેને ચોંકાવી દેવાનાં ભયથી તે સ્વયં પણ તેનું ધ્યાન સંકોચપૂર્વક કરતી હતી .અને અન્દ્રેઈની સમક્ષ તો તે કોઇપણ સ્થિતિમાં તેનો ભેદ ન ખોલત .તેને પ્રતીત થયું કે જો તે ઘેર ગર્ભવતી ન થઇ શકી હતી તો કદાચ અહીં એમાં સફળતા મળી જાય .ઘરમાં તેમને એકબીજાંની ટેવ પડી ગઈ છે, પણ અહીં બધું નવું હશે અને તેની અસર જરૂર થઈ શકે છે .નાસ્ત્યોનાની બાબતમાં બધું આબરુભેર હતું, પ્રેમ સાથે હતું, માત્ર એક તફાવત હતો .ઘરથી દૂર એટલે કે અસફળતાથી દૂર .તેને વિશ્વાસ નહોતો કે આ વિચારનું કોઈ પરિણામ નીપજશે, પણ તે જેટલો ઓછો વિશ્વાસ કરી રહી હતી એટલી જ વધારે પોતાની જાતને તેની તરફ ધકેલી રહી હતી અને પરખવાની રાહ જોઈ રહી હતી.

“યાદ છે, સવારે તું ભણવા નહોતો ગયો, મારી પાછળ ભાગી આવ્યો અને આપણે બંને ત્યાં રસ્તો પાર કરી ચાની દુકાન તરફ નીકળી પડ્યાં .ત્યાં મેજ પર મોટો સમોવાર મુકેલો હતો, એવો ફરી મેં કદાપિ નથી જોયો .નળમાં કંઈ ખરાબી હતી અને તેમાંથી પાણી ટપકી રહ્યું હતું , તેની નીચે ખાસ ઊંડી પ્લેટ મૂકવી પડી હતી . ખબર નહી કેમ તેમાં કોઈ ટાંકા નહોતું લગાવી શક્યું અને ચા આપનારી સ્ત્રીએ એ જ પ્લેટમાંથી તારાં ગ્લાસમાં -ખટાક !તેં જોઈ લીધું .કહ્યું, “ના, સમોવારમાંથી રેડ.” તે વાદવિવાદ કરવાં લાગી :આ પણ તો સમોવારમાંથી જ તો છે .ના, તેં કહ્યું, આ તો ટપકેલુ છે, ચા નહી, ખાલી ઉકાળેલું પાણી છે.–કોઈ ઉકાળેલું પાણી નથી-ઉકાળેલું પાણી છે . છેવટે તેણે હાર માની લીધી, સમોવારમાંથી ચા આપી .મને યાદ છે, તેં મારાં માટે કાગળમાં લપેટાયેલી ચોકલેટો ખરીદી હતી અને હું ખાંડની જગ્યાએ તે ચા સાથે થોડી થોડી ખાઈ રહી હતી .મધવાળી ચોકલેટો કેવી સરસ હતી :ખુશબોદાર, ખૂબ સ્વાદવાળી-ખાઈ લો અને સ્વાદ બહુવાર સુધી મોં માં રહેતો હતો .“જાણે પોતાની અંદર આ અવિસ્મરણીય મીઠાશનો અનુભવ કરતી હોય તેમ જીભ વડે ચટકારાં ભર્યા અને હોંઠ ચાટી લીધાં.

“આપણે ચા પી લીધી, કંઈ ખાઈ પણ લીધું .પછી ફરીવાર ઘર તરફ ચાલ્યાં ગયાં-એટલે જ્યાં તું રહેતો હતો .તારો જુદાં જુદાં પ્રકારના કાચનાં ચશ્માંવાળો બુધ્ધુ ત્યાં નહોતો, પણ ડોસી ઘરમાં જ હતી .તેને બુક કિપરનું તો ભણવાનું નહોતું, પણ બેઠી બેઠી જોઈ રહી હતી કે આગળ આપણે શું કરીએ છીએ .ચાલાક ડોસી હતી :જોઈ રહી હતી કે આપણે તેનાં જવાની રાહ જોઈ રહ્યાં હતાં અને તે હતી કે જાણીબુઝીને જઈ રહી નહોતી .ત્યારે તેં તેને બહાર મોકલવાનો રસ્તો વિચારી કાઢ્યો :તેને પૈસા આપ્યાં જેથી તે પીણું લેવા દુકાનમાં ચાલી જાય .તેં પાછળથી કહ્યું પણ હતું કે તેને પોતાને બોટલો ખરીદવી ખૂબ ગમતી હતી અને એ કામ બીજા કોઈને કરવાં નહોતી દેતી .આપણી ડોસી તૈયાર થવા લાગી .કહ્યું, પીણું લેવા, ચાલો દોડીને જાઉં છું, નહી તો બીજે ક્યાંય જવા માટે પોતાની જગ્યાએથી હાલત સુધ્ધાં નહી .તેં એને કહ્યું-

ઉતાવળે ના જતાં, થોડીવાર પછી આવજો .તેણે કહ્યું : હું તો આવી જઈશ, પણ તું બારણે આગળો ભરાવી દેજે .હું પાછી ફરીને રાહ જોઇશ."

નાસ્ત્યોના હસી પડી-સ્નેહપૂર્ણ, ભેદક રીતે, શરીરમાં કંપારી વિના-જાણે નાનકડું સુઘડ જેવું પૈડું પાણી ઉપરથી પસાર થઈ દૂર ચાલ્યું ગયું હોય.

"પછી અમે સાથે સાથે આખો દિવસ ફરતાં રહ્યાં, ફરતાં રહ્યાં, કોઈ જગ્યા બાકી ના છોડી," પોતાનાં અવાજને ગુસ્પુસમાં બદલતાં અને શબ્દોને લાંબા ખેંચતા તેણે કહેવાનું ચાલુ રાખ્યું, તું મારાથી ક્યાંય દૂર હટી રહ્યો નહોતો અને ખુશ હતો કે આપણે સાથે છીએ .હું જોઈ રહી હતી કે તું ખુશ છે .અને હું તો કેટલી બધી ખુશ હતી ! ભર શિયાળામાં, કડકડતી બર્ફીલી ઠંડીમાં આખું શરીર ખુશીથી ગરમ થઈ ઊઠ્યું હતું .ચાલતાં ચાલતાં યાદ કરી રહી હતી કે કેવી રીતે ચહેરો અંદરથી તપી રહ્યો હતો, કેવી રીતે હાથ કાંપી રહ્યાં હતાં .હું શરૂઆતથી જ ડરી રહી હતી કે તું પૂછી બેસશે : શા માટે અહીં ચાલી આવી? સાચે જ શા માટે? શબ્દો વડે એ સમજાવવું શું સહેલું હતું? મારે તો તારું કોઈ કામ હતું જ નહીં-બસ,એમ જ ચાલી આવી અને અહીં તારી સામે ઊભી છું .આવી ધમકી-આ લો કેવી વાત !અને લાગી ફરવા-ફરવા અને પતિનું ધ્યાન ભણવામાંથી હટાવવા .સિનેમા પણ જોઈ હતી !"તે અચાનક એકદમ ચીસ જ પાડી ઊઠી, " યાદ છે? સિનેમા જોઈ હતી !જો તો મગજમાંથી નીકળી જ ગયું હતું .યાદદાસ્ત બિલકુલ ઓછી થઈ ગઈ છે :ખાસ વાત તો યાદ જ રહેતી નથી !બીજા દિવસે પાછાં ફરતી વખતે જયારે હું ગાડીમાં સિનેમાની વાતો સંભળાવવા લાગી ત્યારે વાસિલીસા બુદ્ધિમાન પણ બોલી પડી....અને આપણે બંને બેઠાં હતાં પાછળની લાઈનમાં, પેલી બારી નીચે, જ્યાંથી સિનેમાની લાઈટ ફેંકવામાં આવે છે .છેવટે તું મારી તરફ ઝુકી ગયો અને ગુસપુસ અવાજે બોલવા લાગ્યો :તું કાલે ન જાય તો? એક દિવસ વધારે રોકાઈ જાને? હું માથું હલાવી રહી હતી અને આંસુ હતાં કે વહ્યે જ જતાં હતાં, વહ્યે જ જતાં હતાં :તેણે પોતે રોકાવા કહ્યું છે, પોતે .ખુશીને માર્યે હૈયું ફાટ ફાટ થઈ રહ્યું હતું..."

"અને આગળ, આગળ યાદ છે અન્દ્રેઈ? આગળ એવું બન્યું-હસતાં હસતાં પેટ ફાટી જાય છે .મને કૃષક ઘરમાં પહોચાડતા પહેલાં ફરીથી આપણે તારે ઘેર ગયાં .સમજી રહ્યાં હતાં કે ડોસી પહેલાં કરતાં દયાળુ થઈ ગઈ હશે .પહોચ્યાં એવું જ તેણે કહ્યું-એય પીણા માટે બીજા કાઢ, પછી અહીં મારાં રસોડામાં જામી જા, હું મારી બેનપણીને ત્યાં જ રાત્રે રહી લઈશ અને અમે બંને પીને મૌજ કરીશું .તેં પૈસા આપી દીધાં-શા માટે ડોસીની વાત ન માની લેવી? તે ત્યાંથી ટળી ગઈ અને આપણે સૂવાનો વિચાર પણ ન કરી શક્યાં ત્યાં તો તે પાછી આવી અને બોલી :દુકાન બંધ છે અને બોટલ વગર બેનપણીને ત્યાં જવું નકામું છે .ત્યારે તું પોતે દોડી ગયો અને ક્યાંકથી બોટલ શોધી લાવ્યો અને ડોસીને મોકલી દીધી .પછી એવું બન્યું કે તારો

ફૂલેલાં મોં વાળો બુધ્ધુ પણ ન આવ્યો, ક્યાંક રોકાઈ ગયો .અને આપણે બંને આખી રાત એકલા જ રાજ કરતાં રહ્યાં .ઓહ અન્દ્રેઈ ! અને તું કહે છે : શું મને તારી સાથે સારું ન લાગતું હતું? તું આ શું કહી રહ્યો છે?! હે ભગવાન ! પોતે જ વિચાર ! બીજું મને શું જોઈએ?"

પણ અન્દ્રેઈ હવે તેને ન તો સાંભળી રહ્યો હતો કે ન તો સમજી રહ્યો હતો . શરૂઆતમાં તે નાસ્ત્યોનાની પાછળ પાછળ યાદોને પુનરાવર્તિત કરતાં તે દિલને ઝડપથી, ખૂબ જ ઝડપથી સ્પર્શતાં મધુર અને ટીસ ઊઠતા દર્દનો અનુભવ કરી રહ્યો હતો – દર્દ એટલાં માટે કે આ બધું હકીકતમાં ક્યારેક બન્યું હતું, તેને પણ આ બધું યાદ હતું, પરંતુ શુષ્કતા, અસ્પષ્ટતા, ક્ષીણતાં અને ઉતાવળાપણાની સાથે જાણે લાગતું હતું કે આ બધું તેની સાથે ઘટ્યું નહોતું, પરંતુ તેનાં પહેલાં કોઈ બીજાની સાથે ઘટ્યું હતું, તેની સાથે, જેણે પોતાની સ્મૃતિ તેને સોંપી દીધી હતી .આ સ્મૃતિનું તે શું કરે, તેને ખબર નહોતી .આ જીવંત અને પારખું સ્મૃતિ તેને યાતના સિવાય બીજું કશું આપી શકતાં નહોતાં :તેની પોતાની સ્મૃતિ સાથે તે જીવી શકતી નહોતી .એ બંને સ્મૃતિઓ એકબીજાને સમજવાનો ઇનકાર કરી રહી હતી; પણ તેની પોતાની સ્મૃતિ વધારે દૃષ્ટતાભરી અને શક્તિશાળી હતી, તે જયારે ઈચ્છે ત્યારે હાવિ થઈ ઊઠતી હતી.

આ વખતે પણ એવું જ બન્યું .નાસ્ત્યોના શાંત ઉદ્વીગ્નતાથી બોલી રહી હતી, તે જવાબ આપ્યાં વિના સાંભળી રહ્યો હતો, ક્યારેક તેની સાથે સાથે ચલતો તો ક્યારેક નહીં, પોતાની વાતો યાદ કરતાં રોકાઈ જતો; તે ભલે નાસ્ત્યોનાની પાછળ પાછળ પથરાયેલા, પગ તળે રોંદાયેલા રસ્તા પર ચાલી રહ્યો હતો પણ તેમ છતાં ઘણીવાર બેચેનીપૂર્વક ઠોકર ખાઈ જતો હતો .પાછળ વળી વળીને જોતાં બી રહ્યો હતો કે તે ક્યાં લઈ જશે .અને જયારે તેની પોતાની સ્મૃતિ ત્યાં સુધી પહોંચી ગઈ ત્યારે તે આશ્ચર્યચકિત ન થયો- એવું બનવું વ્યાજબી હતું, તે જાણે તેની રાહ જોઈ રહ્યો હતો :અને તે આશા પણ હતી કે જલ્દી જલ્દી કષ્ટ પામીને પોતાનાં ભાગનું બધું સહન કરીને તે ફરીથી નાસ્ત્યોના પાસે પાછો આવી જશે .આ સ્મૃતિઓ આમ જ, કોઈ ઝીણાં કરોળિયાનાં જાળાથી શરૂ થઈ હતી, જેને તેણે અસાવધાનીપુર્વક પોતાની આગળ બિછાવી દીધું હતું અને જે એ વાત માટે પૂરતું હતું કે અન્દ્રેઈની સામે બીજું દ્રશ્ય ઉભરાઈ આવે અને તેનાં મન પર છવાઈ જાય .એ દ્રશ્ય આજનાં દિવસે તેની તદ્દન નજીક ઊભું હતું-તેને નકારવાની શક્તિ અન્દ્રેઈમાં નહોતી .યુદ્ધની સાથે જોડાયેલી આ અંતિમ સ્મૃતિ હંમેશાં આકસ્મિકપણે અને શક્તિ સાથે પ્રગટ થતી હતી અને બહુવાર સુધી કાયમ રહેતી હતી, તેનો એક એક વિગતવાર ઘટનાક્રમ નિર્દયતાપૂર્વક ભય અને કંપારી છુટાવતો સ્મૃતિપટલ પર ચમકી જતો હતો-કેટલીયે વાર અન્દ્રેઈ ગુસ્કોવને એક જેવી, બિલકુલ એક જ જેવી, અનુભૂતિઓમાંથી પસાર થવું પડ્યું હતું .વાસ્તવમાં એ જ ઘટનાથી તેની જિંદગીમાં તોફાન આવી ગયું હતું, બધું ઉંધુ-ચત્તું થઈ ગયું હતું :પહેલાં તે હોસ્પિટલમાં આવી પડ્યો અને પછી સીધે રસ્તે અહીં.

......ગ્રીષ્મની એક તપતી સાંજે છૂપા હુમલા પહેલાનાં ગોળીબાર પછી તોપખાનું નવી જગ્યાએ લઈ જવાની તૈયારી થઈ રહી હતી .ચોકીદારોએ ટેલિફોનનાં સંપર્ક તાર લપેટી લીધાં હતાં, જમણી બાજુની તોપો હટાવી દેવામાં આવી હતી, ડાબી બાજુ લોકો હજી પણ કામે લાગેલા હતાં .ઓફિસરો ખાસ ઉતાવળ કરી રહ્યાં નહોતાં .જે તોપ પરની ટુકડીમાં અન્દ્રેઈ લડી રહ્યો હતો તેનાં પરથી નિશાન તાકવાનું યંત્ર ઉતારી લેવામાં આવ્યું હતું, સાઈડની પ્લેટો સમેટીને બંધ કરી દેવામાં આવી ચૂકી હતી અને તેઓ હવે ખોળોમાં ગૂંથાયેલા હતાં .પાછળથી છૂટાછવાયાં વૃક્ષો ઉગેલાં ટેકરા તરફથી એક પછી એક આર્ટીલરી ટ્રેકટરોના એંજીન ઘરઘર કરી ઉઠ્યા હતાં, ખખડતાં ચોકઠાંવાળી બે લોરીઓ તોપો તરફ આગળ વધી રહી હતી.

આર્ટીલરી ટ્રેકટરોનાં એંજીનોએ જ કદાચ ટેંકોના ઘોંઘાટને દબાવી દીધો .લોકોનું ધ્યાન જવાની તૈયારી તરફ જતું રહ્યું હતું, ખતરાની અનુભૂતિ એટલી ઓછી થઈ થઈ ગઈ હતી કે અજાણ્યો જોરદાર ગડગડાટ સાંભળતા-ઓળખતાં હોવા છતાં પણ તેમણે તેની તરફ ધ્યાન ન આપ્યું .જયારે જર્મન ટેંકો પહાડી પર સામે જ નીકળી આવી, પળવાર માટે રોકાઈ ગઈ અને ક્ષણિક ગભરાટ પર વિજય પામી નીચે ઉતરવા લાગી તો આ દ્રશ્ય બિલકુલ માયાજાળ જેવું લાગ્યું .ક્યાંથી? આગળ તો આપણાં લોકો છે !આ ક્યાંથી? બંને તોપખાનાઓમાંથી ચીસો સાંભળવા લાગી, ખોલ ઉતારતી, સાઇડ પ્લેટો ખોલતી, તોપોના મોં નીચાં કરતી અને વાળતી ટુકડીઓ આમતેમ ભાગવા લાગી .અન્દ્રેઈ) તેનું કામ તોપ ભરવાનું હતું (ગોળાઓની પેટી તરફ દોડી ગયો કે પછી બેભાન થઈ જમીન પર પડી ગયો-પડતી વખતે જાણે તેણે બંધ આંખોએ જોયું કે કેવી રીતે નજીકની તોપના પૈડા ઘૂમતાં, ઉપર ઊઠતાં અને નીચે પડતાં તેની નજર સમક્ષ તરવરી રહ્યાં હતાં .પોતે જીવતો છે એમ સમજીને અન્દ્રેઈ આગળ કૂદી પડ્યો અને તેણે ગોળાની પેટી પકડી લીધી .ટેંકો પાંચ હતી .પણ ડાબી બાજુથી પહેલાં તોપખાનાને એક ટેંક પર વાર કરવામાં સફળતા મળી ગઈ હતી, તે બળી રહી હતી .બીજા તોપખાનાએ એક પણ ગોળો છોડ્યો નહોતો, ત્યાં અન્દ્રેઈ હતો .કમાંડર ગળું ફાડીને ઘોઘરાં અવાજે કંઈ બરાડી રહ્યો હતો પણ અત્યારે કમાંડ વિના જ સ્પષ્ટ હતું કે શું કરવાનું છે .ટેંક પહાડી પરથી નીચે ઊતરી આવી .અમે બે ટુકડીમાં વહેંચાઈ ગયાં :એક પહેલાં તોપખાના તરફ ચાલી ગઈ, એક બીજાની તરફ, સાથે સાથે જ તેઓ ચાલાકીપૂર્વક બંને તોપખાનાઓની વચ્ચેની રેખામાં આવતી જઈ રહી હતી, જેથી તોપ ચલાવનાર એકબીજાં પર ગોળા વરસાવા લાગે .આગળ પાછળ કરવાનો તો સમય જ નહોતો .તોપખાનાની પહેલી મુખ્ય તોપ, જેને અન્દ્રેઈ ગુસ્કોવ ભરી રહ્યો હતો, એક જ ગોળો છોડી શકી .પછી તેની નજીક પળવારનાં ઝણઝણાટ સાથે કોઈ ભારે વસ્તુ આવી પડી અને તેને લાગ્યું કે તે ગોથમડું ખાતો ક્યાંક દૂર જઈને પડ્યો હતો .ક્યાંક દૂર, ઘણે દૂર દૂરથી નાસ્ત્યોનાનો અવાજ ગુંજી રહ્યો હતો, પ્રેમભર્યો તે અવાજ બહુવાર સુધી ગુંજી રહ્યો હતો

અને અન્દ્રેઈને પોતાનાં સ્વરથી કંપાવી રહી હતી.તે શબ્દો છૂટાં પડી શકતો નહોતો :તેનાં કાનોમાં આ ક્ષણિક અને ભયંકર લોખંડની અથડામણનો ટંકાર ગૂંજી રહ્યો હતો, જ્યાં લોકોની જાણે કોઈ આવશ્યકતા જ નહોતી, આંખોમાં વારંવાર પળવારનાં ચમકારાં સાથે અથડામણના દ્રશ્યો ઉભરાઈ આવતાં હતાં . તીવ્ર દુર્ગંધ ભરાઈ ગઈ હતી, એકબીજાં સાથે ભળતી તીવ્ર ચીસો, તોપોનાં ઘસડતાં ટ્રેલ સ્પેડો વડે પડેલી કાળી જમીન પરની પટ્ટીઓ, ઝડપથી છુપાવાની જગ્યાએ પાછાં જતાં આર્ટીલરી ટ્રેકટર, નિશાનેબાજ તોપચી કોરોત્કો, જે માથું ઊંચું કરીને ગોળાનાં ટુકડાથી ફાટી ગયેલાં પોતાનાં પેટ તરફ જોઈ રહ્યો હતો, વિસ્ફોટથી હવામાં ફેંકાયેલ તોપની નળીની ખોળ-આ બધું વધતાં ઘેરાં થતાં ભયની સાથે પેટીઓના ગડગડાટની છાયામાં તેની નજરો સમક્ષ તરવરી રહ્યું હતું . અને અચાનક નાસ્ત્યોનાનો અવાજ લુપ્ત થઈ ગયો .પોતાની અંતિમ અથડામણમાંથી હોંશમાં આવી, પાછાં ફર્યા વગર અન્દ્રેઈ સાવધાનીપૂર્વક વળી ગયો અને નાસ્ત્યોનાની આંખોમાં તેને કંઈ બીજું જ દેખાયું-તેની આંખોમાં સ્નિગ્ધતા હતી .વધારે સહન ન કરી શકતાં અન્દ્રેઈએ પોતાનું માથું તેની છાતી સરસું ચાંપ્યું અને દુઃખથી આહ ભરતાં કરાહી ઊઠ્યો .“અન્દ્રેઈ, શું થયું ?! શું થયું ?! શું થયું તને ?!” તે બી ગઈ .તે બસ હીબકું ભરવામાં જ હતો પણ તેણે પોતાની જાત પર કાબૂ મેળવી લીધો .“કંઈ નહી .કંઈ નહી, નાસ્ત્યોના .તું અહીં છે, તું મારી પાસે છે.” પણ તે હજી બી રહ્યો તો કે હમણાં હમણાં જોયેલી અથડામણ જ સત્ય છે અને ચોતરફ જોતો રહ્યો.

“તું શું વિચારી રહ્યો હતો ?” નાસ્ત્યોના તેનાં માથા પર હાથ ફેરવવા લાગી, પણ વાત તો પોતાની જ કહેતી રહી, “મૂરખ છે તું, બીજું શું .કોણ જાણે મનમાંને મનમાં શું વિચારી લીધું .તને મારી સાથે ખરાબ લાગતું હોય તો મારાં વિષયમાં વાત જ ન કર .મને તો હંમેશાં તારી સાથે સારું લાગે છે – એ જ યાદ રાખજે .તારાં વિના રહી શકવાની હું કલ્પના પણ કરી શકતી નથી .તારાં વિના ભલાં કેવી રીતે રહી શકું? આટલાં વર્ષોમાં, તારાં આવતાં સુધીમાં મેં જે વીતાવ્યા છે, તેમાં મેં માત્ર તારી જ રાહ જોઈ છે, બીજા કોઈની નહીં, હું કદાપિ ત્યાં સૂવા નહોતી જતી જ્યાં સુધી તારી સાથે વાત ન કરી લઉં અને સવારે ત્યાં સુધી ઊઠતી નહોતી જ્યાં સુધી તને સ્પર્શ ન કરી લઉં .મને સાચેસાચ એવું લાગી રહ્યું હતું કે હું તને જોઈ રહી છું, પહેલાં તો કોઈ નજરે ન પડતું, પછી એકદમ કોલાહલ સંભળાતો, જાણે હવા સિસોટીઓ વગાડી રહી હોય, પછી ધીરે ધીરે બધું શાંત, એકદમ શાંત થતું જતું હતું -એનો અર્થ એ કે તારાં સુધી પહોચવામાં વધારે અંતર નહોતું અને પછી એકદમ તું દેખાઈ જતો હતો, હંમેશાં ખબર નહી કેમ એકલો જ ! સૈનિકના પૂરાં ગણવેશમાં બેઠેલો કે ઊભેલો -દુઃખી, ખૂબ જ દુઃખી અને આસપાસ કોઈ નહીં .હું જોઈ લેતી કે તું જીવતો છે અને પાછી આવી જતી :ત્યાં રોકાવાની કે વાત કરવાની મનાઈ હતી .અને પછી આગળ સહન કરતી રહેતી, આમ એક પછી એક દિવસ વીતતાં ગયાં .હોઈ શકે છે, હું જરૂર કરતાં વધારે રાહ જોઈ રહી હતી તારી, તને છોડતી નહોતી, લડવામાં અડચણ પહોંચાડતી હતી તને .મને ક્યાંથી ખબર કે શેની

મનાઈ હતી અને શેની નહોતી-જેવું આવડતું હતું હતું તેવું કરતી હતી, કોઈ શીખવાડનાર, કહેનાર નહોતું . તું પણ ચૂપ રહેતો હતો .અરેરે, અન્દ્રેઈ, અન્દ્રેઈ….. ”

તે બંને હાથે પોતાનું માથું પકડીને ઝડપથી આમતેમ હલાવવા લાગ્યો, જાણે કોઈ અસહ્યનીય બોજ તેનાં પરથી ઉતારી ફેંકવા ઈચ્છતો હોય અને ચિત્કાર કરી ઊઠ્યો.

“હે ભગવાન, મેં આ શું કરી નાંખ્યું ?! શું કરી નાંખ્યું, નાસ્ત્યોના ?!” અને હાથ હટાવીને ચહેરો નાસ્ત્યોના તરફ ફેરવી લીધો, “ મારી પાસે હવે ન આવતી, મહેરબાની કરીને ન આવતી - સાંભળી રહી છે? અને હું પણ અહીંથી ચાલ્યો જઈશ .સદા સદાને માટે અહીંથી ચાલ્યો જઈશ .આ પ્રમાણે હવે નહી ચાલે :બસ, બહુ થઈ ગયું હવે .બહુ કષ્ટ દઈ દીધું પોતાને અને તને, બસ હવે વધારે નહીં, હવે વધારે સહન નહી થાય.” નાસ્ત્યોના ગભરાટથી જાણે જડવત થઈ ગઈ.

“ના,” તેણે તેને વચમાં જ ટોક્યો, “ તું ચાલ્યો જશે? અને હું? મારું શું થશે? તેં એ વિચાર્યું નહીં? આ મારું પાપ લઈને ક્યાં જઈશ હું? લોકોની સામે તો લઈને નીકળી શકવાની નથી તેને .હવે તો જે થવાનું હોય તે સાથે સાથે જ થવા દો .જરા જોઈ લઈએ, અન્દ્રેઈ, જોઈ લઈએ, ઉતાવળ ન કર .કદાચ બધું ઠીક થઈ જાય અને થઈ પણ જવું જોઈએ .મારી મા ઘણાં વખત પહેલાં કહેતી હતી :દુનિયામાં એવું કોઈ પાપ નથી જેને માફ ન કરી શકાય .શું તેઓ માણસ નથી? યુદ્ધ પૂરું થઈ જાય પછી જોઈ લઈશું .કોને ખબર પ્રાયશ્ચિત સંભવ હોય કે પછી બીજું કંઈ .બસ, સહન કર, જતો નહી અહીંથી .તું એકલો બરબાદ નહી થાય, હું પણ એમાં બરબાદ થઈ જઈશ-પહેલાં તો હું જ થઈ જઈશ .અત્યારે ઓછામાં ઓછી મને ખબર તો છે કે તું ક્યાં છે અને જો હકીકતમાં બાળક થશે તો? માત્ર તને જ ખબર છે કે એ બીજા કોઈનું નહી, પણ તારું જ બાળક છે .હું બીજા કોની સાથે બે વાતો કરીને મન હળવું કરીશ…. હું તો હવે લોકોની વચ્ચે પણ એકલી છું .બોલ, તું જશે તો નહીને?”

નાસ્ત્યોનાએ થોડીવાર પછી પોતાનું માથું ધુણાવી દીધું, “એ જ સાચું છે, એજ સાચું છે, જવાની જરૂર નથી,”તેણે ઊંડો શ્વાસ ભર્યો અને પળવાર માટે ચૂપ રહીને બારી તરફ વળી ગઈ , “અંધારું થઈ ગયું છે, ઘોર અંધારું .હું તો ભૂલી જ ગઈ કે જવાનું છે .ઊઠ, અન્દ્રેઈ; તેં કહ્યું હતું ને કે તું મૂકવા આવશે .ચલ-થોડીવાર વધારે સાથે રહી લઈએ .અને હા, ફરી કંઈ મનમાં ઘડી ન લેતો .તું એકલો નથી .જો એકલો હોત તો જે મનમાં આવે તે કરી શકત, પણ હવે નહી.”

અંધારામાં જોઈ શકાતું નહોતું કે તેનાં ગાલ પરથી અશ્રુધારા વહી રહી હતી.

પ્રકરણ ૧૨

આ મુલાકાતના ત્રણ દિવસ પછી, જેવો હવાથી ખેંચાઈ આવેલો બરફ જૂતાં ઘર સુધી પીગળી ગયો તેવો જ, અન્દ્રેઈ ગુસ્કોવ અતામાનોવ્કા જવા માટે તૈયાર થઈ ગયો ..ન જાણે ક્યારથી તેની ઈચ્છા ગામની નજીક ફરી આવવાની થઈ રહી હતી, પણ કોઇપણ પ્રકારની આકસ્મિકતા અથવા અસાવધાનીથી ઓળખાઈ જવાની બીકે તેણે પોતાની જાતને રોકી રાખી હતી .હવે નાસ્ત્યોના સાથે વાતચીત કર્યા પછી, તેની પાસેથી બધું જાણી લીધાં પછી વધારે સંયમ રાખવો અસહ્યનીય થઈ ગયું હતું .આશ્ચર્યની વાત છે : તે હવે પોતાને ઘણો વધારે દ્રઢ અને મક્કમ અનુભવી રહ્યો હતો, જાણે તેને અચાનક અહીં રહેવાના કોઈ વિશેષ અધિકાર મળી ગયા હોય અને તેને બીવાની, કે પીછો કરી રહેલ ખતરાથી બચવાની જરૂર ઓછી થઈ ગઈ હોય .એ સિવાય મોસમમાં ગરમી આવી ગઈ હતી, વસંત ઋતુ પૂરજોરમાં ખીલી રહી હતી, અને એ પણ મોટો ઉપયુક્ત અવસર હતો, તેણે જો જરા પણ વિલંબ કર્યો કે રાહ જોઈ કે બસ મોડું થઈ ગયું હશે.

વિદાય થઈ રહેલ સ્વચ્છ અને તારલાંભરી, ઝાંખાં અજવાળાવાળી રાતે અન્દ્રેઈએ અંગારા પાર કરી લીધી, ગામનાં નીચલાં વાસની પાસેથી નીકળીને તે પહાડ પર ચઢી ગયો .જ્યારથી તે પાછો ફર્યો હતો, તેણે પોતાનાં અતામાંનોવ્કાને આ બાજુથી જોયું નહોતું અને તે તેને પહેલાનાં આકાર કરતાં પણ નાનું દેખાયું .અન્દ્રેઈ નીચલાં,રસ્તાનાં કિનારે ઊભેલાં નહીં પણ જાણે સૂતેલાં ઘરોને જોઈ રહ્યો હતો-તેમની અંદર ધસેલી બહુરંગી બારીઓ) ક્યાંક જંગલોની સાથે, ક્યાંક જંગલો વગર (અત્યારે થીંગડાં જેવી લાગી રહી હતી, છતો લગભગ જમીનને સ્પર્શી રહી હતી, બેરંગી ચાર દીવાલો આમતેમ ફેલાયેલી હતી .તે મહામુશ્કેલીએ એ ઘરોને ઓળખી શકી રહ્યો હતો .અન્દ્રેઈને મોંઢે યાદ હતું કે ક્યાં કોનું ઘર છે, પણ તેમ છતાં અત્યારે તેમને ધ્યાનથી જોતાં તે લગભગ દરેકને ઓળખવામાં ભ્રમમાં પડવા લાગ્યો હતો :આમ તો એ જ છે અને કદાચ નથી પણ-જગ્યાના હિસાબે તો ચોક્કસ તે તે જ છે, પણ જોઈને ઓળખવું અઘરું છે, કે પછી એવું એટલાં માટે થઈ રહ્યું છે કે હજી સારી રીતે પોહ નથી ફાટ્યું અને વાતાવરણ ધૂંધળું માટોડીયું છે, કે પછી હકીકતમાં પુરુષોના હાથ વિના યુદ્ધ દરમ્યાન ગામ ઘરડું થઈ ગયું છે ?

તેણે બહુવાર સુધી પોતાના ઘરથી નજર બચાવી રાખી અને જાણીબૂઝીને તેની તરફ જોયું નહીં, પહેલાં તે ગામથી થોડો અભ્યસ્ત થઈ અને તેનાથી નજીકપણું અનુભવી વિશ્વાસ કરી લેવા ઈચ્છતો હતો કે તે જે જોઈ રહ્યો છે તે યાદોમાં નહી પણ જાગૃતાવસ્થામાં જ જોઈ રહ્યો છે .પણ આ અનુભૂતિની કોઈ ઉતાવળ નહોતી :એ વર્ષો દરમ્યાન જયારે તે અહીં નહોતો રહી રહ્યો અને વિશેષ કરીને એ મહિનાઓમાં, જયારે પાસે રહેવા છતાં પણ તેણે પોતાની જાતને અતામાંનોવ્કાનું નામ સુધ્ધાં લેવાની મનાઈ કરી રાખી હતી

ત્યારે, તે તેનાથી બહુ અલગ પડી ચૂક્યો હતો .કોઈ બીજો ચારો જ નહોતો :ગામ તો અહીં જ કાયમ રહેવાનું છે, તેને ક્યાંક દૂર ભટકતાં ફરવાનું છે .ત્યાં જ સાથે સાથે જીવવું તેનાં માટે અસમ્ભવ છે, તેને તો ત્યાં બે હાથ જમીન પણ નહી મળે, એટલે વ્યર્થમાં તકલીફ વેઠવાની, જીવ બાળવાની, નકામી ઉદાસીનતાથી પોતાનો જીવ દુ:ખવવાનો કોઈ ફાયદો નહોતો .ક્યારેક ક્યરેક અંગારાની પાછળ દેખાનારા અતામાંનોવ્કાના છેડા સાથે નજર ટકરાઈ જતાં અન્દ્રેઈ આળસ અને બેફિકરીથી, અને તેનાં કરતાં પણ વધારે યોગ્ય શબ્દોમાં કહીએ તો પોતાનો ઉપહાસ ઉડાવતાં યાદ કરવાનો પ્રયત્ન કરવાં લાગતો હતો :તેને ત્યાં કઈ વસ્તુની જરૂર હતી? છેવટે તેને ક્યારેક તો કોઈ વસ્તુની જરૂર હતી, પણ ચોક્કસપણે શેની તે ભૂલી ગયો હતો.

તેનું ઘર, જેમાં તે જન્મ્યો હતો અને ઊછર્યો હતો, જ્યાં આ દુનિયામાં તેનાં સૌથી નજીકનાં સગાં લોકો રહેતાં હતાં તે, રસ્તાની નીચેના ભાગમાં બરાબર સામે જ ઊભેલું હતું .છેવટે તે માનસિક રીતે તૈયાર થઈ ગયો, બધું ધ્યાન કેન્દ્રિત કરીને અન્દ્રેઈએ તેની તરફ નજર ફેરવી :પહાડની તરફ, તેની તરફ મોં કરેલી એ જ ત્રણ બારીઓ, એ જ જમણી બાજુ ત્રાંસો નીકળેલો સામેનો ડાબો ખૂણો) બાપુ કહેતાં હતાં :ઘરના માલિક જેવું છે-લંગડું(, ત્યાં જ નજીકમાં લાકડાનો બનેલ મજબૂત, લાંબો-પહોળો ઊબરો, જેની એક ઢાળી અગાશી પર દરેક પ્રકારની નકામી વસ્તુઓ પડી છે .ઘર મજબૂત હતું, લાંબુ ટકે એવું હતું, પણ સમય વીતતાં તેની તરફ ધ્યાન આપવામાં નથી આવ્યું અને ખૂણો બેસી જવા દીધો છે, બિલકુલ એ જ ઉનાળામાં, જયારે યુદ્ધ શરૂ થવાનું હતું .ઘાસની કાપણી પછી તેઓ લોકોને “મદદ” માટે એકઠા કરવાનો વિચાર કરી રહ્યાં હતાં, જેથી મોડું કર્યાં વિના એક જ વારમાં તેની નીચે ટેકો મૂકી દે અને ખૂણો સીધો કરી લે.“ હા !...લોકોને એકઠા કરીયે લીધાં, ખૂણો પણ સીધો કરી લીધો! ” હવે તો ડોસો એ વિષે વિચારી પણ શકતો નહોતો .ઘર હવે જ્યાં સુધી બિલકુલ ધસી નહી પડે કે પછી કોઈ નવો માલિક ન આવે ત્યાં સુધી આ જ પ્રમાણે રહેશે .અને શું? મા-બાપુ તો વધારે કંઈ કરી શક્વામાંથી રહ્યાં અને નાસ્ત્યોના .... નાસ્ત્યોના કદાચ જ અહીં રહે, રહી પણ ગઈ તો એકલી નહી હોય.

અન્દ્રેઈ પૂરું જોર લગાવીને બારીઓને એકીટશે જોઈ રહ્યો હતો, જાણે તેમાંથી અંદર શું ચાલી રહ્યું છે તે જોઈ શકવાની આશા રાખી રહ્યો હોય .જમણી, ખૂણાવાળી બારી રસોડાની છે, રસોડાની તદ્દન બાજુમાં મુરઘીઘર છે, સામે – રૂસી ભઠ્ઠી, જેના ચોતરા પર પાછલાં દિવસોથી માં દિવસ-રાત પડી રહે છે .ભઠ્ઠી હજી ગરમ કરવામાં નથી આવી – ધૂમાડો નથી નીકળી રહ્યો .હમણાં બધાં જાગી જશે; માં નાસ્ત્યોનાને બૂમ પડશે તે છોડિયાં સળગાવશે .નાસ્ત્યોનાની બારી ડાબી બાજુથી છેલ્લી છે, ત્રાંસા ખૂણા પાસે .અત્યારે તેની નિંદ્રાની અંતિમ ક્ષણો છે, તે ચત્તાપાટ, પગ ફેલાવીને સૂતી છે, હાથ વડે તેણે પેટને પકડી રાખ્યું છે – નાસ્ત્યોના ગર્ભવતી છે એ વાત સાચી હોય તો તેની આ ટેવ હવે તેનાં કામમાં આવશે .તો આ પ્રમાણે

માણસ જે તેની સાથે બનવાનું છે તેની વર્ષો પહેલાં તૈયારી કરવા લાગે છે : નાસ્ત્યોના યુદ્ધ પહેલાં જ વગર કોઈ સ્પષ્ટ કારણે, પોતાનાં પેટને આલિંગન કરતાં શીખી ગઈ હતી અને હવે તેની પ્રાર્થના, લાડ, સાર્થક થઈ ગયાં .આજે અન્દ્રેઈને તદ્દન સ્પષ્ટપણે ખબર પડી જશે કે તેની આશા તૂટી તો નથી ગઈને; તેનાં પર પાણી તો નથી ફરી વળ્યાંને, આજે નાસ્ત્યોના તેને સંકેત આપવાની છે .જો કંઈપણ પરિવર્તન નહી થયું હોય તો તે સાંજે હમામખાનું ગરમ કરશે .પણ નાસ્ત્યોનાને ખબર નથી કે અન્દ્રેઈ અહીં નજીકમાં જ છે, રાત્રે તે તેની હમામખાનામાં રાહ નહી જુએ, કારણ કે તેણે એ જ કહ્યું હતું કે તે અંગારા તરફ નીકળી આવશે.

અત્યારે નાસ્ત્યોના કેવી રીતે સૂતી હશે, – સ્તબ્ધ, હાથ ફેલાવીને, પેટ પર ખમીસની ગડીઓ જમાવીને, રાતભરમાં થોડા થોડાં સુજી ગયેલાં અને પીળાં પડી ગયેલાં, જોર લગાવીને યાદ કરતાં કાંપતે ચહેરે અને ખુલ્લાં વાળ સાથે – તેની પ્રાત:કાળની નિંદ્રાવસ્થાની કલ્પના કરીને અન્દ્રેઈ જડવત થઈ ગયો અને નિ:સાસો ભરી ઊઠ્યો .અન્દ્રેઈએ ઠંડો શ્વાસ ભરી ભંડારની તરફ નજર ફેરવી, જે ડાબી બાજુ હતું – વાડા તરફનું છેલ્લું ભંડારઘર, જેના વિષે નાસ્ત્યોના તેમની પહેલી રાતને યાદ કરતી વખતે કહી રહી હતી, અહીંથી દેખાતું નહોતું .પણ ત્યારે નાસ્ત્યોનાએ બધી પૂરી વાત કહી નહોતી – તેણે કહ્યું નહી કે તેને ગભરાવી મૂકનાર મુરઘો તેને ત્યારે અપશુકનિયાળ લાગ્યો હતો અને આ વાત પર બહુવાર સુધી અડગ રહી હતી .“ખરાબ શુકન છે, બહુ ખરાબ શુકન,” તે ફરીને ફરી એક જ વાત કહી રહી હતી અને અન્દ્રેઈ તેને શાંત કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો :“તું પણ શું મુરઘાઓની સાંભળે છે ! અરે, તેઓ તો અહીં આખો વખત બરાડતા જ રહે છે.”

સવાર છેવટે સંપૂર્ણપણે અંધકાર મુક્ત થઈ ગઈ, ચોમેર અજવાળું ફેલાઈ ગયું, અને ગામ ઊભું થઈ પાસે આવી ગયું .ચીમનીઓમાંથી ધૂમાડો રેલાવા લાગ્યો, ક્ષીણ, અર્ધનિન્દ્રિત, અસ્પષ્ટ અવાજો સંભળાવા લાગ્યાં .નાસ્ત્યોના પણ ઊઠી ગઈ :ભઠ્ઠીની સામે વાળી બારી લાલાશ પડતાં હાલતાં ઝગમગાટથી ભરાઈ ઊઠી .ખુલતાં દરવાજાનો ખૂણો ડોકાયો, કોઈ બહાર નીકળી આવ્યું, પણ દીવાલને કારણે જોવામાં અડચણ પડી રહી, દેખાતું નહોતું કે કોણ નીકળ્યું:
નાસ્ત્યોના કે બાપુ? નાસ્ત્યોનાને ગાયની પાસે જવાનો સમય થઇ ગયો હતો .પણ બાપુ કદાચ દોડતાં જઈ પહેલા ગાયને ચારો નાખશે, બની શકે છે કે હવે આ કામ પણ નાસ્ત્યોનાના માથે આવી પડ્યું હોય- ત્યાં શું હોય કોણ જાણે ? કોને ખબર, અચાનક મા કોઈ અંતર્બોધથી વિભ્રમિત થઇ અંતિમ જોર લગાવીને બહાર નીકળી આવી હોય અને ઊભી ઊભી રાહ જોઈ રહી હોય કે કઈ વસ્તુએ તેને અહીં સુધી બોલાવી લીધી છે, તેને કઈ વસ્તુ ખેંચીને ક્યાં લઇ જશે? શું હકીકતમાં મા લેશમાત્ર પણ અનુભવ નથી કરી રહી કે તે અહીં જ, ક્યાંક તદ્દન પાસે જ છે? તે ઊભો રહ્યો, જોતો રહ્યો, યાદ કરતો રહ્યો, પણ આ બધું તે કોઈ

સહજતાપૂર્વક, ઉદ્વિગ્નતા અને પીડા વિના જ કરી રહ્યો હતો - કાં તો એ ભાવ હજી જગ્યા નહોતા, ગતિશીલ થયાં નહોતા કે પછી તે તેમને નષ્ટ કરી ચુક્યો હતો .તેને પોતાને જ પોતાની શાંતચિત્તતા પર અચરજ થવા લાગ્યું હતું : ચાર વર્ષમાં તે પહેલી વાર પોતાનાં ગામ પાસે ઊભો છે અને એ સમજતા ઊભો છે કે સંભવ હતું કે હવે પછી આ પ્રમાણે ઊભાં રહેવાની તક નહી મળે, તેમ છતાં પણ તેનું રૂવાડું સુદ્ધાં ફરકતું નહોતું .ત્યાં તે પોતાનો જીવ હળવો કરી રહ્યો હતો, તેનું મન ઘમરોળાઈ રહ્યું હતું, તે પોતાનાં અતામાંનોવ્કાને ભલે ને એક નજરે પણ અંતિમ વાર જોઈ લેવા કંઈ પણ કરવા માટે તૈયાર હતો - કદાચ એટલા માટે જ તો તે આ બાજુ નીકળી પડ્યો હતો - અને હવે આવી પહોચ્યો હતો ત્યારે તેનો આત્મા તદ્દન શૂન્ય બની ગયો છે .શું હકીકતમાં તેની અંદરનો આત્મા તદ્દન મરી પરવાર્યો છે, તેની અંદરનો આત્મા રાખ થઈ ચૂંક્યો છે .પોતાને પરખવા માટે તેણે વીત્યા બેર્યોજીકનનાઘર તરફ નજર ઘૂમાવી - પોતાના સાથી અને ઉંમરમાં સરખેસરખાનાં ઘર તરફ, જે મોસ્કો પાસે હંમેશાં હંમેશાં માટે પોઢી ગયો હતો .એ જ પરિચિત ઘર – એ જ ઊઠી રહેલો ધૂમાડો, તેમાં હવે બાળકોની સાથે નાદ્કા છે .જયારે વીત્યા પોતાની માંથી જુદો થયો હતો ત્યારે અન્દ્રેઈએ વીત્યાને ગામના ઉપરવાસમાં સામાન ઉપાડી લાવવામાં મદદ કરી હતી .જો કે ઉપાડી લાવવા જેવું કંઈ ખાસ હતું પણ શું ? ઘોડો જોતી લીધો, ગાડીમાં બે કે ત્રણ પોટલીઓ પટકી દીધી અને પલંગ તથા પાટીનો ખાટલો - ઘરની આ જ પુંજી હતી .બાંકડા, મેજ, અહીં જ બનાવ્યા હતાં, ઓજારો અન્દ્રેઈ ઘરેથી લઇ આવ્યો હતો .તેમણે જો કોઈ વસ્તુ નાદ્કાના હિસાબે ન બનાવી તો તે બબડવા લાગી હતી - ત્યારે તેઓ બંને એ નાદ્કાને છાપરાં પર ધકેલી દીધી, પછી ભલેને તેણે ગમે તેટલી બૂમાબૂમ કરી કે છૂટવાનો પ્રયત્ન કર્યો અને ત્યાંથી તે આખાં ગામમાં ગુંજે તેવી રીતે રડવા લાગી અને તેઓ હસતાં હસતાં સાંભળતાં રહ્યા .છાપરાં પરથી ઉતારવા માટે તેમણે દારૂની બોટલ માંગી અને તેઓ સફળ પણ થઈ ગયાં :તેને વાયદો કરવો પડ્યો .નાદ્કા સામે બીજો કોઈ ચારો નહોતો - કૂદવામાં તેને બીક લાગી રહી હતી અને નીસરણી હતી નહી .આ બધું યાદ પણ આવી રહ્યું હતું તો તદ્દન સાહજિકતા અને જીવંતતા સાથે - એટલા માટે સૌથી પહેલાં આ જ યાદ નજરો સમક્ષ તરવરી આવી હતી .પણ અન્દ્રેઈ એ વાતથી ચકિત થઈ ગયો કે અત્યારે તેની કલ્પનામાં વીત્યા કેટલો નજીક અને કેટલો આબેહૂબ ઉભરાઈ આવ્યો હતો :તેનો ચહેરો, અવાજ, ચાલ, હાવભાવ-બધું જ .બિલકુલ તાદ્રશ્ય, જાણે હમણા અહીં પાસે જ ઊભો હતો અને પળવાર માટે ક્યાંક ગયો હોય .“મજાની વાત છે,” અન્દ્રેઈએ વિચાર્યું, “તે નથી પણ હું તેને જીવતાં માણસની જેમ જોઈ – સાંભળી રહ્યો છું .કોણે એના માટે ચેષ્ટા કરી હશે - વીત્યાએ કે પછી મારી યાદદાસ્તે? એનો અર્થ એ કે શું મને પણ કોઈ એ જ રીતે સ્પષ્ટપણે જોઈ રહ્યું છે? હું તો જીવતો છું .હોવું તો એમ જ જોઈએ કે હું લોકોને વધારે સારી રીતે દેખાઉં, જીવિત માણસ, જીવિત, લોકોને દેખાશે જ !ના, અહીં કદાચ વાત જુદી છે,” તેણે જાતે જ પોતાની જાતને રોકી લીધી, “વીત્યાએ પોતાની જાતને દેશને માટે અર્પણ કરી દીધી છે, જિંદગીના અંત સુધી લડતો રહ્યો, બધાં જાણે

છે તેની સાથે શું થયું .અને તારી સાથે શું થયું - કોઈને નથી ખબર .લોકો હવે મને યાદ કરતા કતરાય છે, તારી પાસે કોઈ એવો આધાર નથી જ્યાંથી યાદોને આગળ વધારી શકે, તું જીવતો હોવા છતાં પણ તેમનાં માટે મૂઓ છે, એમ કહો કે ગયાં વર્ષના બરફની જેમ પીગળીને અદ્રશ્ય થઈ ચૂક્યો છે .અને વળી લોકોની આસપાસ ઘૂમરાતી ફરતી સ્મૃતિ અવશ્યપણે પોતાનું મૂલ્ય જાણે છે, એટલા માટે તારી સ્મૃતિ હંમેશાં લજ્જિત થતી રહેશે, લુપ્ત રહેશે, બિલકુલ તેવી જ રીતે, જેવી રીતે તું અત્યારે સંતાતો-છુપાતો ફરી રહ્યો છે .તું આશા ન રાખ, કોઈ વસ્તુની આશા ન રાખ, તારાં માટે અહીં આશાનું એક કિરણ સુધ્ધા નજરે નથી પડતું." તે બધી રીતનો પૂરો વિચાર પણ શાંત ભાવે કરી રહ્યો હતો, જે કંઈ વિચારતો હતો તેને દિલ સુધી પહોંચવા નહોતો દેતો .નહી, તો ભલે નહીં .મર્યા પછી તેને શો ફેર પડવાનો છે કે લોકો તેનાં વિષે શું કહેશે .તેનાં માટે એ વખતે બધું એક સમાન હશે .ત્યાં એ વાતથી હાડકામાં શૂળ નહી ભોંકાય, ત્યાં બધાની દશા એક જેવી જ હોય છે .અન્દ્રેઈનું ધ્યાન એકધાર્યું પોતાનાં ઘર તરફ જ લાગેલું હતું, જ્યાંથી તે નજર પળવાર માટે પણ ન હટાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો .પિતાને તેણે તરત જ જોઈ લીધાં .તેને ફાટકનો ચરમારટ સુધ્ધાં સંભળાયો હોય એવો આભાસ થયો .પિતાએ બહાર નીકળીને તે બંધ કરી દીધું અને રોકાઈને ધ્યાનપૂર્વક પહાડી તરફ જોયું, જ્યાં અન્દ્રેઈ ઊભો હતો, જાણે અટકળ કરી લીધી હોય કે તે ત્યાં ઊભો છે, પછી પોતાની હંમેશની લંગડાતી ચાલે જમણી બાજુ ચાલ્યાં ગયાં, તેમનાં શ્વાસની વરાળ મોમાંથી નીકળતી હતી કે તમાકુનો ધૂમાડો છોડી રહ્યાં હતાં - તે દૂરથી દેખાયું નહી ."આ રહ્યો- મારો બાપ," કોઈ ઠંડા અને સુસ્ત વિચારથી અન્દ્રેઈ જડવત થઈ ગયો,

"આ એ જ છે," તે પિતાની પીઠ તરફ જોઈ રહ્યો હતો, જે વૃદ્ધોની જેમ કમર ન ઝૂકાવતાં હજી પણ સીધી રાખતો હતો .ગભરાટ અને ખાલીપણાના ભાવ અન્દ્રેઈને હજી વધારે જકડી રહ્યાં હતાં.અડધે રસ્તે આવી પિતા રોકાયા અને ઝૂક્યા, કમર બેવડી વળી ગઈ, માથું હાલવા લાગ્યું - તે કદાચ ખાંસી રહ્યાં હતાં . થોડીવાર પછી અન્દ્રેઈને લાગ્યું તેને આ ખાંસી સંભળાઈ રહી છે, તેમનો ભારે, પીડાદાયી અવાજ તેનાં સુધી પહોચી રહ્યો હતો .શાંત થતાં પિતા લંગડાતી ચાલે આગળ વધ્યા અને પળવારમાં જ વાચનાલય પાછળ અદ્રશ્ય થઈ ગયાં.

અન્દ્રેઈ નિરર્થક જ પોતાની સામેની જમીનમાં નજર સ્થિર કરી થોડીવાર વધારે ઊભો રહ્યો, પછી અચાનક, જાણે કોઈ વાત મગજમાં વીજળીની જેમ ઝબૂકી આવી હોય તેમ, ઝડપથી, લગભગ ભાગતો જ હોય એમ તરત જ પહાડી તરફ લપક્યો .પછી જયારે ગામ શાંત થઈ ગયું ત્યારે તે જમણી બાજુ વળી ગયો અને એ જ ઝડપી, ઉતાવળાં ડગલે જ્યાં સુધી રસ્તા પર ન આવી નીકળ્યો ત્યાં સુધી જંગલમાં ચાલતો ગયો .ત્યાંથી તે ફરીથી નીચે ઊતરી આવ્યો--ધીચ, નવાં પાંદડા ફૂટેલા ફર વૃક્ષોનાં ઝુંડોની પાસે, ત્યાંથી એક રસ્તો વળી જતો હતો, એ રસ્તો છોડીને તે સીધો આગળ વધી ગયો .આ ઝુંડમાંથી નીકળતી

વખતે જયારે મકાન દેખાવા લાગ્યાં ત્યારે તે રોકાઈ ગયો - તેની સમક્ષ ઘોડાઓનો તબેલો હતો, જેની ઉપલી દિવાલ જંગલની નજીક સુધી પહોચેલી હતી .અહીં અન્દ્રેઈને તેનાં પિતા પાસેથી દેખાવા જોઈતા હતાં .તેની અને પિતાની વચ્ચે કોઈપણ પ્રકારનાં વિશેષ સંબધ કદી રહ્યાં નહોતાં - ન તો ખરાબ, ન તો સારા, એમ કહી શકાય કે દરેક પોતપોતાની રીતે જીવી રહ્યાં હતાં .એ વાત સાચી કે બાળપણમાં બાપુ તેનાં પર નજર રાખતાં હતાં પણ માત્ર નજર જ, તેનાં કામોમાં અને રુચિઓમાં સામાન્યપણે કોઈ દખલ નહોતાં કરતાં .ખાવાપીવાનું, કપડાલત્તા, જેની જવાબદારી એક બાપની હોય છે તે બધી જરૂરિયાતની વસ્તુઓ સમય સમય પર મળી જતી -અને એટલું પૂરતું હતું, જીવવાની રીત તે પોતે જાતે શીખે, એના માટે તો તેને મગજ અને હાથપગ આપ્યા છે .તે દીકરાને શિખામણ કે તાલીમ નહોતો આપતો, તેને તો ખબર પણ નહોતી કે તાલીમ કોને કહેવાય; તે એમ માનતો હતો કે જિંદગી દરેકને જાતે જ બધું શીખવાડી દેતી હોય છે, તે જ ઉત્તમ તાલીમ આપી દે છે .બહુ જરૂરી લાગે ત્યારે તે તેને ટોકી દેતો હતો, નહી તો મનમાં આવે તે કરવા દેતો હતો .અન્દ્રેઈ કંઈ પૂછતો તો તે સમજાવી દેતો હતો અને સમજાવતો પણ સ્પષ્ટપણે અને વિસ્તારપૂર્વક હતો .તે ખુશ થતો કે તેનો દીકરો કંઈ જાણવા ઈચ્છે છે અને તે બતાવી-કહી શકે છે; જો તે જોતો કે તેનો દીકરો કોઈ કામની વસ્તુ તરફ ખેંચાઈ રહ્યો છે તો જેટલું જાણતો હોય તેટલું તેને કહેતો અને સમજાવતો હતો, પણ બળજબરી કંઈપણ કરવા માટે વિવશ નહોતો કરતો, એ એના સ્વભાવમાં જ નહોતું .તે માનતો હતો કે છોકરાઓ પોતાની મેળે જ બધું સમજે, વિચારે ત્યારે જ જ્ઞાન પાકું થશે .અન્દ્રેઈની યાદદાસ્તમાં માત્ર એકવાર બાપુએ સારાખોટાની શિખામણ આપી હતી; જયારે કોઈ બદમાશી કરીને અન્દ્રેઈએ તે પાડોશીનાં મિશ્કાને માથે મઢી દીધી હતી ત્યારે બાપુએ ખીંટીએથી ચામડાની ચાબૂક ઉતારી લીધી હતી અને ચૂપચાપ તેને શિખામણ આપી હતી-બસ એકવાર જ આવું બન્યું હતું.

એટલા માટે બાપુ સાથે સરળતા રહેતી હતી .તે લાડ નહોતા કરતા અને બરાડતા પણ નહોતા,માની જેમ ગુસ્સો નહોતા કરતાં, જેના મિજાજમાં હંમેશાં અપ્રત્યાશિત ઉતાર-ચઢાવ થતો રહેતો હતો :આજે તે કંઈ છે-કાલે તદ્દન બીજી જ .બાપુની પાસે અન્દ્રેઈ કોઇપણ ક્ષણે બેધડક જઈ શકતો હતો, પણ માં પાસે જતા પહેલાં ધ્યાનથી જોઈ લેતો હતો :વાતાવરણ કેવું છે અત્યારે? મા બ્રાત્સ્ક ક્ષેત્રની રહેનારી હતી, જ્યાં ચ-ની જગ્યાએ" ત્સ "અને" સ"ની જગ્યાએ" શ "બોલવામાં આવે છે.” ત્સામાં ખાંડ લો,” “શાત્સે જંગલ બહુ શારુ છે.” અંગારાના કિનારે આવી બોલી બોલનારાં થોડાક જ ગામ હતાં - સુંદર, મજબુત બાંધાના અને મહેનતુ લોકો, વિશેષ કરીને આવી સ્ત્રીઓ વાળા - આ જાતિ ક્યાંથી આવી ટપકી હતી, કોઈ જાણતું નહોતું.આ વિસ્તારમાં ઉપલાં અને નીચલાં ક્ષેત્રનાં ગામોમાં બધાં સામાન્ય રીતે બોલે છે પણ અહીં ખબર નહી શા માટે લોકો સામાન્ય રીતે બોલી શકતાં નથી, જાણે તેમની જીભ કોઈ વિશેષ રીતે બેસાડેલી ન

હોય !કોઈ બહારના માણસ માટે આવી બોલી સાંભળવી બેશક મુશ્કેલ અને ઉટપટાંગ લાગે, તેની ટેવ પાડવી પડે છે .અતામાંનોવ્કામાં માના વૃદ્ધ થવા સુધી લોકો તેનો મજાક ઉડાવતાં રહ્યાં, ચીઢવતા રહ્યાં અને તે ગુસ્સે થતી રહી, તે પોતાનો ગુસ્સો છુપાવી શકતી નહોતી, એટલા માટે લોકોથી દૂર રહેતી હતી, બને ત્યાં સુધી હંમેશાં એકલી જ રહેવાનો પ્રયત્ન કરતી હતી .પણ માની પાસે પોતાનો જીવ દુખવવા માટે આ સિવાય બીજું પણ એક કારણ હતું : ગૃહયુધ્ધમાં તેનું આખું કુટુંબ ખલાસ થઇ ગયું હતું - બાપ, મા,ત્રણ ભાઈઓ,-બધાંને ગુમાવી દીધા હતાં .ક્યારેક કોલ્ચાક્ના) પ્રતિક્રાંતિકારીઓની ફોજોમાંથી એકનો કમાંડર, ભૂતપૂર્વ ઝારશાહ, એડમીરલ (નેતૃત્વમાં લડનારો તેનો નાનો ભાઈ છાપમારોથી બચવા માટે બેનની પાસે અતામાંનોવ્કા ભાગી આવ્યો હતો, પણ તેઓ અહીં સુધી પણ તેની પાછળ પહોંચી ગયાં હતાં .આ કદાચ અન્દ્રેઈનું સૌથી પહેલું, શરૂઆતનું, ધૂંધળું અને આછું પાતળું સંસ્મરણ હતું, ત્યારે તે લગભગ પાંચેક વરસનો હતો, આ સ્મરણ એ વાતનું હતું કે કેવી રીતે અજાણ્યાં, દાઢીવાળા લોકો મામાને ભોંયરામાંથી કાઢીને લઈ ગયાં હતાં .મા પછી આખી જિંદગી બાપુને મહેણાં મારતી રહેતી કે તે તેનાં ભાઈ માટે ઊભો થઈ સામે નહોતો આવ્યો .બાપુ ચૂપ રહી જતાં :જર્મનોના યુદ્ધમાં લંગડા થઈને પાછા ફર્યા બાદ તે કોઈના પણ માટે લડવાથી બચતો રહેતો હતો .સામૂહિક ફાર્મમાં શામેલ થયાનાં પહેલાં જ દિવસે તે ઘોડાઓના તબેલામાં કામ કરવા ચાલ્યો ગયો હતો.

બાપુને ઘોડાઓથી ખૂબ પ્રેમ હતો .અન્દ્રેઈએ કદી કોઈ બીજી વ્યક્તિ એવી જોઈ નથી જે બાપુની જેમ આ જાનવરોની આટલી ચિંતા અને દરકાર કરતી હોય, હોઈ શકે છે, તેણે એટલા જ માટે અશ્વશાળામાં કામ કરવાની રજા માંગી હતી .જયારે તે પોતાનાં વાડામાંથી સામુહિક ફાર્મનાં વાડામાં ત્રણ ઘોડા, જો ખચ્ચરની પણ ગણતરી કરવામાં આવે તો, લઈને ગયો હતો ત્યારે તેને પારકી દેખરેખનો વિશ્વાસ નહોતો .સામાન્યપણે માત્ર શાંત જ નહીં પણ તદ્દન સુસ્ત રહેનારો બાપુ ઘોડાની વાત આવતાં જ કોઈને પણ છોડતો નહોતો .સામુહિક ફાર્મનાં શરૂઆતનાં દિવસોમાં એકવાર તેણે બધાંની સામે આજકાલના અધ્યક્ષ નેસ્તોરની ચાબુક વડે ખાલ ઉધેડી નાંખી હતી .તે ક્યાંકથી ગ્રોમ નામનાં ઘોડાને ભગાવતો લઈ આવ્યો હતો -ઘોડો બહુ ખરાબ રીતે હાંફી રહ્યો હતો, તેનાં હોંઠ ફાટી ગયાં હતાં અને મોમાંથી ફીણનાં ગોટેગોટાં નીકળી રહ્યાં હતાં .બાપુએ તેનો નાનાં છોકરાની જેમ ઉધડો લીધો, કોઈની તેને રોકવાની હિમ્મત ન ચાલી .અને વળી ઘોડો સામુહિક ફાર્મ કરતાં પહેલા નેસ્તોરના મોટા ભાઈ ઉલ્યાનનો હતો, જે પછી ફિનલેન્ડના યુધ્ધમાં માર્યો ગયો હતો; કદાચ એટલા માટે જ નેસ્તોરે મન ફાવે તેમ તેને દોડાવ્યો હશે, ઘોડાને પોતાનો સમજ્યો હશે, પણ બાપુએ કોઈ વાતની પરવા ન કરી .તે એ લોકો પર ગુસ્સે થતો હતો, જેઓ ઘોડાના ગોશ્તથી પરહેજ કરતાં હતાં, તર્ક આપતો હતો કે બધાં જાનવરોમાં સૌથી સાફ છે, પણ પોતે તે ખાતો નહોતો :ખાઈ શકતો નહોતો .ઘોડા પ્રત્યે તેનાં પ્રેમ અને સહાનુભૂતિને કારણે તે તેનું

ગોશ્ત ખાઈ શકતો નહોતો .કહેતો હતો :“ મરવા પડ્યો હોઈશ તો પણ ઘોડાનું માંસ મોંમાં નહી મૂકું.” સ્તાલીનગ્રાદ પાસે ઘોડાનાં માંસથી ભૂખ મિટાવતી વખતે અન્દ્રેઈ ઘણીવાર આ શબ્દો યાદ કરતો હતો અને એ નિષ્કર્ષ પર પહોચ્યો હતો કે બાપુને તેની સ્થિતિમાં પડવાનો વારો ન આવ્યો, નહી તો તે પોતાને એવું કહેતાં રોકી લેત .ત્યાં તેમને એકવાર મરેલા ઘોડાનું માંસ ટુંકડાઓમાં વહેંચીને ઉકાળવું પડ્યું હતું - તેઓ તો આ વાતે પણ ખુશ થયાં હતાં.

ઝાડીઓની વચ્ચે સંતાયેલો અન્દ્રેઈ રાહ જોવા લાગ્યો કે ક્યારે બાપુ તબેલામાંથી બહાર નીકળશે વાડાની વચ્ચોવચ જૂની જગ્યાએ એક ઝાડનાં લાકડામાંથી બનાવેલ મોટા કુંડા રાખેલાં હતાં, તેની નજીક પાણી ખેંચવાની ગાડી દેખાતી હતી, જેનાં પર ઉપર ઊઠેલો, તોપની જેમ અંગારા તરફ નિશાન તાકેલા જેવો દેખાતો કઠેડો રાખેલો હતો .ડાબી દીવાલને લગોલગ ઉનાળામાં કામ આવનારી ગાડીઓ એક પંક્તિમાં ઊભી હતી, તેમનાં બાંધેલાં વળ ઉપર ઊઠેલાં હતાં, તેમનાં પર બર્ચની લાકડીઓ લાદેલી પડી હતી .તબેલાની પાછળ જમણી બાજુ વાડો શરૂ થઈ જતો હતો, ત્યાં ઘોડાની પીઠો હાલી-ડોલી રહી હતી .આટલા વર્ષોમાં અહીં કશું જ બદલાયું નહોતું, કદાચ બધું થોડું જૂનું પડી ગયું હતું .ભૂસા અને અનાજના છોતરાંઓથી વાડો મટમેલાં કથ્થાઈ રંગનો અને મુલાયમ થઈ ગયો હતો, તેમાંથી સવારથી જ ઠંડીની ગંધને ચીરતી તીવ્ર, સડાની ગંધ ઊઠી રહી હતી; અન્દ્રેઈ તેને અંદર ખેંચી રહ્યો હતો, પણ ટેવ છૂટી જવાને લીધે તે મહામુશ્કેલીથી શ્વાસ લઇ શકતો હતો, પરંતુ આ પ્રમાણે શ્વાસ લેવામાં તે સંતોષનો, દમ ઘૂંટાઈ જવાની ઈચ્છાનો અનુભવ કરી રહ્યો હતો.

વાડામાં સુંદર, બંને બાજુએથી કથ્થાઈ ચકામાંવાળું વાછરડું એકલું આમથી તેમ ફરી રહ્યું હતું - તાકતવર, હલકાં મજબૂત પગવાળું, કાળાશથી ચમચમતી પીઠવાળું, કેશવાળી અને માથાનાં વાળ કાપેલાં હતાં .અન્દ્રેઈ તેને જોતો રહી ગયો, પછી તેણે વિચાર્યું કે કદાચ વાછરડાં પાસેથી કામ નહી લેવામાં આવે, તેને જોડી મળવા સુધી રાખી લેશે - કેટલું સરળ છે દેખાવમાં .અને જિજ્ઞાસુ પણ છે :કોણ જાણે કેવી રીતે તેને અન્દ્રેઈની હાજરીની ખબર પડી ગઈ અને બરાબર સામે ડાળીઓની બનેલી વાડ પાસે આવીને તેમની વચ્ચેથી માથું કાઢીને તેનાં પર બહુવાર સુધી ચાંપતી નજરે એકીટશે જોઈ રહ્યું હતું . અન્દ્રેઈએ તેને બીવડાવી દીધું-વાછરડું કૂદીને હટી ગયું, તબેલા પર નજર દોડાવી -પોતાની જગ્યાએ જ છે ને, પછી આંખો અજાણ્યાં સંદિગ્ધ માણસની તરફ કરી લીધી .તે તેનાં વિષે પછી પણ ન ભૂલ્યો : ભૂસામાં મોં મારતો અને જોવા લાગતો, મોં મારતો અને જોવા લાગતો.

અન્દ્રેઈ કોઈ ભટકી ગયેલી, અસ્પષ્ટ, ખોવાયેલી-ખોવાયેલી અને વિસ્મૃતિની સ્થિતિમાં હતો : ક્યારેક તેને સમજમાં નહોતું આવતું કે જયારે પોતાની મંઝિલ માટે માત્ર થોડાં ડગલાં આગળ વધારવાની, વાડ કૂદી

જવાની અને બહાર નીકળી આવવાની જરૂર છે ત્યારે તે શા માટે જંગલમાં સંતાતો ફરી રહ્યો છે -.કૂદી જા અને નીકળી આવ બહાર, તે કઈ વસ્તુની રાહ જોઈ રહ્યો છે? ક્યારેક એ ભાનમાં આવતાં કે બહાર નીકળવાની તેનાં માટે મનાઈ છે, તે સારી રીતે સમજી નહોતો શકતો કે ક્યાંથી આ પહેલાં કદી જીવેલી અને ખલાસ થઈ ચૂકેલી જિંદગીનો પરિચિત ખૂણો તેની સામે આવી ગયો છે, જયારે તે તો ન જાણે ક્યારથી બીજી દુનિયામાં છે .ક્યાંથી? આ માત્ર પ્રતીતિ છે, ભ્રમ છે? શા માટે? કોને છે તેની જરૂર? એ બંનેની વચ્ચે સામાન્ય શું છે? કેવી રીતે તે અહીં આવી પહોચ્યો?

અન્દ્રેઈની નજરથી પિતાનું સામેની કોટડીમાંથી નીકળવું ચૂકી ગયું, તેણે તેને અચાનક ઘોડાની લગામ પકડેલો જોયો : બાપુ તેને તબેલામાંથી બહાર લાવી રહ્યાં હતાં .ઘોડી ગાભણી હતી, થોડાં જ દિવસ બાકી લાગતાં હતાં, ધડ અંને બાજુએથી ફૂલેલું હતું -પેટ લટકી ગયું હતું, તે ભારે ડગલે અને સાવધાનીપૂર્વક ચાલી રહી હતી .અન્દ્રેઈનું ધ્યાન સૌથી પહેલાં ઘોડી તરફ ગયું, સૌથી વધારે તેણે જ તેને અચરજમાં નાંખી દીધો -તે પોતાની જાતને પણ સમજાવી શકતો નહોતો કે શા માટે ઘણાં વખતથી તેણે ગાભણી ઘોડીઓને જોઈ નહોતી અને ભૂલી ગયો હતો કે તે કેવી દેખાય છે, એ પણ ભૂલી ગયો હતો કે તેઓ આ દુનિયામાં હોઈ પણ શકે છે .પછી પિતાની તરફ એકદમ પૂરી દ્રષ્ટિથી જોવાનો સફળ અવસર મળી જવાથી ખુશ થઈ ગયો હતો -બાપુને એક નજરે જોતાં અભ્યસ્ત થઈ જવા અને મુલાકાત માટે તૈયારી કરી લેવાનો અવસર મળી જવાથી ખુશ થઈ ગયો હતો .બાપુએ ઘોડી ને બહાર કાઢી લીધી અને રોકાઈને તેને ચારેબાજુથી જોઈ, કદાચ એ નક્કી કરતાં હતાં કે તેને ફેરવવી જોઈએ કે નહીં, પછી તેણે લગામ ફરીથી પકડી લીધી અને તેઓ આગળ વધી ગયાં .નીચલી દીવાલની સાથે સાથે ચાલતાં તેઓ ખૂણા સુધી પહોંચી ગયાં અને પહાડી તરફ વળી ગયાં - એ જ તરફ, જ્યાં અન્દ્રેઈ ઊભો હતો...તે ગભરાઈ ગયો, બેચેન થઈ ગયો, તેને સમજણ નહોતી પડી રહી કે આ જગ્યાએ તે રોકાઈ જ રહે કે પછી ઝાડીઓમાં ચાલ્યો જાય .અંતમાં તે એ ભરોસે રોકાઈ ગયો કે ડાળીઓથી તે સારી રીતે ઢંકાયેલો છે, તેમ છતાં પણ સાવચેતી ખાતર બેસી જ ગયો.

તેને મોરચા પર વિદાય કરતી વખતે અંતિમ વિદાય સમયે પિતા કાંપી ઊઠ્યા હતાં અને કોઈને પૂછતાં પૂછતાં રડી પડ્યાં હતાં :"શું અમારાં નસીબમાં ફરીથી એકબીજાને જોવાનું લખાયું છે? લખાયું છે શું? "તે માત્ર બે વિકલ્પોની કલ્પના કરી શકતાં હતાં :કાં તો તેઓ કદી ને કદી એકબીજાને જોશે અથવા નહીં જુએ .પણ તેમનામાંથી એક બીજાને જોઈ શકશે અને બીજો એકને નહીં, એ તો તેનાં મગજમાં પણ નહોતું આવ્યું, એના માટે તેનું મગજ વધારે જ સીધું સાદું હતું .અત્યારે બની પણ બિલકુલ એવું જ રહ્યું હતું .બાપુ નજીકને નજીક આવતાં જઈ રહ્યાં હતાં :તેણે કમરેથી બાંધેલી બંડી, ઉપર ઊઠેલા કાનવાળો ઘરનો સીવેલો ટોપો અને ઘૂંટણો પર બાંધેલાં જૂતાં પહેરેલા હતાં .તે ધીમી ધીમી અને થાકેલી-માંદલી ચાલે

ચાલી રહ્યો હતો; તેનો થાક અશક્ત, ઢીલાં છોડેલાં હાથમાં, મુશ્કેલીથી ઉઠનારા ડગલામાં, ઢસડાતા, માંડ માંડ એકપછી એક ઉઠતાં લડખડાતાં પગલાંમાં ડોકાતો હતો, અને લંગડાપણાને લીધે ધસી ગયેલા શરીરમાં અનુભવી શકાતો હતો - તે અત્યારે બિલકુલ એક ઘાયલ જાનવર જેવો લાગતો હતો, જે કોઈના પીછાથી થાકીને માત્ર કોઈ અજાણી જડ શક્તિથી ભાગતું જઈ રહ્યું હોય .હવે અન્દ્રેઈ તેનાં પરથી નજર સુધ્ધાં નહોતો હટાવી રહ્યો .બાપુ નજીક આવતાં જતાં હતાં અને જેમ જેમ પાસે આવી રહ્યાં હતાં તેમ તેમ અન્દ્રેઈ સાવધાની વિષે ભૂલીને ઊઠતો જઈ રહ્યો હતો, સીધો થતો જઈ રહ્યો હતો, ઊઠતા ઊઠતા તે જાણે જડવત થતો જઈ રહ્યો હતો, તેની અંદર બધું જાણે સુન્ન થઈ રહ્યું હતું, તે કંઈપણ જોઈ-સમજી શકતો નહોતો .દીવાલ સુધી પહોંચતાંમાં બાપુ ખાંસવા લાગ્યા અને રોકાઈ ગયાં .ઘોડી તેને પાછળથી ચતુર અને સમજતી હોય તેવી નજરે જોઈ રહી હતી .તે ખોં ખોં કરતાં ફાટેલાં ગળે, હાથોને છાતીએ રાખી અને ચહેરો એક તરફ કરી બહુવાર સુધી ખાંસતા રહ્યાં, પછી શાંત થઈને તેમણે માથું ઊઠાવ્યું અને પોતાની બરાબર સામે અન્દ્રેઈ હતો તે દિશામાં જોવા લાગ્યા તેમની વચ્ચે માંડ વીસ ડગલાનું અંતર હશે .અન્દ્રેઈ સ્તબ્ધ રહી ગયો .બાપુ જરા પણ વાર નજર ટકાવી રાખત તો અન્દ્રેઈ કદાચ તે સહન ન કરી શકત અને બહાર નીકળી પડત .પણ બાપુએ આંખો ઢાળી લીધી અને લગામ ખેંચી ચાલવા લાગ્યા .અન્દ્રેઈ પર ટકેલી બાપુની દ્રષ્ટિએ તેને આંધળા જેવો કરી દીધો, તે પિતાનો ચહેરો યાદ ન રાખી શક્યો, જોઈ ન શક્યો કે તે કેટલો બદલાઈ ગયો છે, તેણે માત્ર એટલું જ જોયું કે સફેદ મૂંછોવાળો આ તેનાં બાપુનો ચહેરો છે અને બસ; પછી જઈ રહેલાં પિતાની પીઠ તરફ જોતાં તેને લાગ્યું કે તેની અંદર કોઈ વિશેષ, દરેક અસાધારણ વસ્તુને ધ્યાનથી જોવાની ક્ષમતા જાગી ગઈ છે .પણ આ ક્ષમતા બહુ મોડી આવી હતી .બાપુ બાજુનાં ફાટકમાંથી ઘોડીને તબેલામાં લઈ ગયાં અને અદ્રશ્ય થઈ ગયાં, પાંચ મિનિટ પછી અન્દ્રેઈએ એક ઝલકે તેને પયાળનો મોટો ઢગલો ઉઠાવેલો જોયો .ત્યારબાદ બાપુને કોઈએ બૂમ પાડી -અન્દ્રેઈ સમજી ગયો કે હવે તેનાં જવાનો સમય આવી ગયો છે.

પ્રકરણ ૧૩

તે રસ્તા પર નીકળી આવ્યો અને વગર સંતાયે ઝડપભેર તેનાં પર ચઢવા લાગ્યો .ક્યાં? તે એ વિચારી પણ નહોતો રહ્યો, બસ, લોકોથી દૂર ચાલતો જઈ ચાલતો જઈ રહ્યો હતો, એ બધાથી દૂર જવા ઇચ્છી રહ્યો હતો, જે તેને હમણાં હમણાં જ ભોગવવું પડ્યું હતું .પણ તેને એ વાતનો અફસોસ નહોતો થઈ રહ્યો કે તે તબેલા તરફ દોડી ગયો, તે એ વાતનો અંદાજ જ ક્યાંથી લગાવી શકવાનો હતો કે જેનાં માટે તે દોડ્યો છે તે પણ તેને આવી મળશે .કોણ જાણે કદાચ તે એટલા માટે જ તો નહોતો દોડ્યોને, શું આજે તેણે અંગારા નદી એટલા માટે જ પાર નહોતી કરી, શું એ વાતની આશા તેનામાં નહોતી જાગી :કદાચ એવું

બની જ જાય, અકસ્માત બધાં કિનારા આ તરફ વળી જેવી રીતે તેઓ જોડાઈ ગયાં હતાં તેવી રીતે જોડાઈ જાય? સ્પષ્ટ વાત હતી, તેણે જોખમ ઊઠાવ્યું હતું પણ તેનું દિલ હવે પાકું થઈ ગયું હતું, દિલને માટે આ સારું જ થશે .પણ છોડો આ બધું - ! તેણે પોતાનાં પિતાને જોયા, સગાં પિતાને, એ પણ ક્યારેક ને ક્યારેક તેનાં હિસાબમાં જરૂર જોડાશે .તેને હવે આગળ જિંદગી જીવવામાં સરળતા થશે :એક ઋણ તેણે ઉતારી દીધું .પિતાના દર્શન કરવાં તેનું કર્તવ્ય હતું, જરૂર કોઈ એવી શક્તિનું અસ્તિત્વ છે જે પિતાને મૃત્યુ પહેલાં જણાવી દેશે કે આજે સવારે તેનો પુત્ર ક્ષમાયાચના કરતો તેની સામે ઊભો હતો -કોઈ એવી શક્તિનું અસ્તિત્વ જરૂર છે .અને બાપુ પણ માફ કરી દેશે .કેવી રીતે તેઓ તેને ભાંપી ન શક્યા? તેઓ તો સીધા તેની આંખોમાં જોઈ રહ્યાં હતાં .હોઈ શકે છે કે તેમણે ભાંપી લીધું હોય પણ સ્વીકાર કરવા ન ઇચ્છતા હોય અને એવો દેખાવ કરી દીધો હોય કે શૂન્યમાં જોઈ રહ્યાં છે .ના, ના, નથી ભાંપી લીધું .નહી તો પૂછી તો લેત જ .તે તો પૂછી લેત, પણ તું શું જવાબ આપત? ત્યારબાદ તું શું કરત, ક્યાં જાત? વધારે સારું એ હતું કે પોતાનો બોજ તું એકલો જ ઉપાડ, બીજાને માથે ન લાદ .જો, નાસ્ત્યોના મદદ કરી રહી છે અને તેનાથી તેનો બોજ બમણો થઈ ગયો .એમ લાગે છે કે હવે નાસ્ત્યોનાને પણ ધીરે ધીરે આઝાદ કરવી પડશે .એકલાં, તદ્દન એકલાં .નાસ્ત્યોના વિના? બકવાસ, નાસ્ત્યોના વિના તો તારી જિંદગી જ નથી, નાસ્ત્યોના તો તને પોતાનાં પ્રાણ આપી રહી છે અને બની શકે કે આગળ, બહુ આગળ સુધી, છેક તારાં મૃત્યુ સુધી અને કદાચ એ પછી પણ જરૂર પડ્યે આપશે.

તેણે એ વાત તરફ ધ્યાન ન આપ્યું કે સુરજ નીકળી આવ્યો હતો.; ઊંચાઈ પર, જ્યાં રસ્તાએ જંગલને બે ભાગમાં વહેંચી દીધું હતું ત્યાં તે અન્દ્રેઈને પલકો ઝપકારવા વિવશ કરતો સીધો તેની આંખો સાથે અથડાઈ રહ્યો હતો . ચોમેર બધું જાણે એકદમ ગતિમાં આવી ગયું હતું - ક્ષીણ , સંયમિત, પણ વધતી ગતિમાં .આસમાન દિવસમાં ભરપૂર અને સ્વચ્છ થવાની સંભાવના હતી, તડકાથી હવા નરમ થઈ ગઈ હતી .રસ્તા પર જામેલો બરફ ઓગળવા લાગ્યો હતો .જંગલમાં હજી બરફ છવાયેલો હતો, પણ દરેક જગ્યાએ અંદર ખૂંપતો જઈ રહ્યો હતો .તેમાંથી જાણે ગયાં વર્ષનું ઘાસ બહાર નીકળી રહ્યું હતું, બરફથી મુક્ત જમીન દેખાઈ રહી હતી .અર્ધજાગૃત વૃક્ષો સીધા થવા લાગ્યા હતાં, પોતાની અંદર રસ પ્રવાહથી હાલી રહ્યાં હતાં .વાતાવરણમાં કડવાશ હતી :હવા રાતભરના કાલનાં ઓગળેલા ભેજ બરફનો ઊઠાવીને ઉપર નહોતી લઇ જઈ શકી .સૂરજનાં કિરણો જાણે જમીનનાં ટેકે ટેકે પ્રસરી રહ્યાં હતાં - ત્યાં સુધી પહોંચ્યા વગર પણ એકધાર્યા નીચે ને નીચે ઝુકતા જઈ રહ્યાં હતાં.

અન્દ્રેઈએ ઉતાવળ કરવી જોઈતી હતી જેથી ગામમાંથી જલ્દી ચાલ્યો જાય, પણ ઉતાવળ કરવાનું તેનું મન નહોતું થઈ રહ્યું અને તે સુસ્ત, ખોવાયેલાં ખોવાયેલાં ડગલે આગળ વધી રહ્યો હતો .પિતા સાથેની મુલાકાત અસરવિહોણી ન રહી :અન્દ્રેઈ પર શિથિલતા છવાઈ ગઈ, તેને ખબર નહોતી કે તે ક્યાં જઈ

રહ્યો છે, શા માટે, અહીં શું શોધી રહ્યો છે અને બસ હાથપગ ચલાવ્યા વિના પોતાની જગ્યાએ બેસી રહેતો . થોડીવાર પછી તે શાંત થવા લાગ્યો, પોતાની નવી સ્થિતિથી અભ્યસ્તપણું અને અહીં આવવાનો અર્થ તેનાં ઘા પર મીઠું ભભરાવતા હતાં .પણ ના, તેને તેની જરૂર છે, જરૂર છે - એ દુઃખ, જાનવર જેવી જિંદગી જાતે ન જોઈ લે ત્યાં સુધી તેનો અનુભવ કરવો શક્ય નહોતો, જૂની જિંદગીથી સંબંધ તોડ્યા વગર નવી જિંદગી જીવવી અસંભવ છે, પણ આ નાડ તેને સંતાડવાનો પ્રયત્ન કરવા છતાં પણ લટકી રહી હતી અને આડે આવી રહી હતી .તેનું અહીં આવવું જરૂરી હતું, જેથી પૂરી જાગૃતાવસ્થામાં, નજીકથી પૂરો વિશ્વાસ કરી લે કે તે હવે કદી પોતાના ઘરમાં નહી હોય, બાપુ સાથે, મા સાથે કદી વાત નહી કરી શકે, આ ખેતરોને ખેડી નહી શકે, તે પેલી જૂની કહેવત પર ભરોસો રાખી અહીં આવી ગયો હતો :કાંટાથી જ કાંટો નીકળી છે .હવે તે એકવારમાં જ હંમેશાં માટે સમજી જશે કે તેનાં માટે આ બાજુનો રસ્તો કાયમ માટે બંધ થઈ ગયો છે .અંતમાં તે એ યાતના પણ ભોગવી લેશે, જેને તે બહુ વાર સુધી ટાળતો રહ્યો હતો, પણ કોઈપણ રીતે તેનાથી બચવું અસંભવ હતું.

પિતા સાથે ભેટાની ઈચ્છા કદાચ મનમાં ક્યાંક અંદર દબાયેલી હતી અને માત્ર ઉપયુક્ત ક્ષણની જ પ્રતીક્ષા કરી રહી હતી, ઉદ્વેગિત થઈને નવી શક્તિથી તેનાં પર કાબૂ મેળવવા લાગે; જેની તેનામાં ઉણપ હોવાનો અનુભવ તે કરી રહ્યો હતો .એ ભેટાની ઈચ્છા અત્યારે તેની સામે સ્વપ્ન સમી ઊભી હતી, બધું જાણે સ્મૃતિમાંથી ધીરે રહીને પસાર થઈ ગયું હતું, પણ ત્યાં રોકાયું નહી હોય અને જાણે એકદમ વચમાં ઊભું રહીને હવે ચાલવા અને વિચારવામાં અડચણ પહોચાડી રહ્યું હોય .વિચારોમાં તે વારંવાર એ ભેટા તરફ પાછો વળી આવતો હતો અને ક્યારેક આશ્ચર્યથી જડવત થઈ જતો .તેણે પિતાને આટલાં નજીકથી જોયા, તો ક્યારેક બહુવાર પછી વિચારતાં કે પિતા તેને જોઈ શકતાં હતાં, તે ભયથી કાંપી ઊઠતો .તે ખૂબ સાવધાનીપૂર્વક અને પળવાર માટે જ પાછો ફર્યો હતો, બીતો હતો કે આ ભેટાને ફરીથી જીવંત ન કરી દે અને ફરી તેને વધારે યાતનાપુર્વક જીવન જીવવું ન પડે .આજે એનાથી કોઈ ફાયદો નહોતો :તે પારકી બાજુ હતો, પારકી? વિકૃત હાસ્ય સાથે અન્દ્રેઈ પોતાની જાત સાથે સહમત થયો :હા, પારકી બાજુ -અહીં હરઘડી કાન સરવા રાખવા જરૂરી હતાં .અહીં જરાપણ કમજોરી બતાવવાની મનાઈ હતી .એ બહુ મોંઘી પડત.

ખબર નહી કેમ તેને મૂંગી તાન્યા અચાનક યાદ આવી ગઈ, જેની પાસે તે ઈર્કુસ્તમાં સંતાઈ રહ્યો હતો .તે વગર કોઈ કારણે જ યાદ આવી ગઈ, આમ જ કંઈ પૂછતાં હાલતાં હોંઠોવાળો તેનો ચહેરો આંખો સામે તરવરવા લાગ્યો અને અન્દ્રેઈનું મન અચાનક તેની પાસે પહોંચવા તત્પર થઈ ઊઠ્યું .તેને લઈને ક્યાંક દૂર, દુનિયાને છેવાડે ચાલ્યો જાત, જ્યાં લોકો નથી, ત્યાં તે પણ બોલવાનું ભૂલી જાત અને પોતાની સંતુષ્ટિના બદલામાં તાન્યાનો મજાક ઉડાવત, પછી તેનાં પર દયા ખાત અને ફરીથી મજાક ઉડાવવા

લાગત, તે બધું સહન કરી લેત અને કોઈ સાધારણ વસ્તુથી જ પોતાને ખુશનસીબ સમજત .કંઈપણ હોય, ગૂંગાના ચહેરાં મજાના હોય છે :હસે છે પણ આંખો ઠંડી, નિર્વિકાર; હોંઠ હાલે છે પણ બાકી બધું નિર્જીવ અને ખેંચભર્યું :.તે તો બેશક તાન્યાને લાયક નથી; પણ એ પાપ પોતાનાં આત્મા પર લઈ લેત . તાન્યા આમેય દુઃખની મારી છે, એટલા માટે તેને વધારે દુઃખ દઈ શકાય ."જો એવું બની પણ જાય તો તારે તેને દુઃખ દેવાની શી જરૂર?" તેણે પોતાની જાતને પૂછ્યું .એટલા માટે કે ગુનો હંમેશાં ગુનો જ શોધે છે, પતિત આત્મા ઘોર પતનનાં ખાડા જ ખોદે છે .તે કદાચ બીજું કંઈ ન કરી શકત, તેને હંમેશાં પોતાની વાતની પુષ્ટિની, કોઈ તર્કની જરૂર રહેતી કે તે જે છે તેમાં સંપૂર્ણ રીતે બદલાઈ ચૂક્યો છે .આ પ્રમાણે તે પોતાને વધારે આશ્વસ્ત અનુભવ કરતો હતો.

અન્દ્રેઈ ખેતરોમાં નીકળી આવ્યો અને જમણી બાજુ વળી ગયો -દૂરનાં મેદાનો તરફ, તેને ત્યાં જ આખો દિવસ ગાળવાનો હતો .આ દિવસોમાં ત્યાં લોકો કામ માટે આવતાં નહોતા :સારાં વર્ષોમાં પણ તેઓ ખાતર લાદીને ત્યાં નહોતા લઇ જતાં અને અત્યારે, રસ્તાઓ આટલા ખરાબ થઈ જતાં તો સવાલ જ નહોતો ઊઠતો .કોઈ અશાંત ભટકતા જીવનો પગ પણ ત્યાં મહામુશ્કેલીએ પડશે .જંગલમાંથી જે વસ્તુની જરૂર હોઈ શકે તે ત્યાં જ ગામની નજીકમાં જ મળી રહે છે અને ભૂલેચૂકે કોઈ આવી પણ ટપકે તો ચિંતા નહીં .કોઈ તેને ઓળખી લેશે તો - એટલા પાસે તે કોઈને ફટકવા પણ નહીં દે અને દૂરથી જેટલી મરજી થાય તેટલું જોઈ લે અને કોયડો ઉકેલતા રહે કે આ કોણ છે -મને તેની પરવા નથી .તેની પાસે અહીં માલિકની જેમ ફરવાનો અધિકાર છે, તેણે આ ખેતરો પર બીજાઓથી ઓછું કામ નથી કર્યું, તેને મોંઢે યાદ છે કે કયા ખેતરમાં કેટલી જમીન છે, યુદ્ધ પહેલાં ક્યાં શું વાવવામાં આવ્યું હતું અને કેટલો પાક કાપવામાં આવ્યો હતો .તે આમાં હજી સુધી ઝાડીઝાંખરાઓથી ઢંકાઈ નથી ગયાં અને હજી પણ અનાજ આપી રહ્યાં છે, આમાં તેનો પરસેવો પણ છે - જે પહેલાં તેણે ત્યાં વહેવડાવ્યો હતો .તે અહીં માટે પારકો નથી -બિલકુલ નહીં .અહીંની હવા પણ તેને ઓળખે છે, તેને ઓળખીને ખેતરો પણ જાણે સીધા અને સજડ થઈ ગયાં .તેને હવે એવી જ યાદોનો આશરો હતો .માણસોને એકબીજાને યાદ રાખતાં આવડતું નથી, તેઓ વહેતા પ્રવાહમાં ઝડપથી વહી જાય છે; માણસોની યાદ તો તે ધરતી રાખે છે, જ્યાં તેઓ જીવતાં હતાં .ધરતીને એ જાણવાની જરૂર નથી કે તેની સાથે શું ઘટ્યું, તેનાં માટે તો તે નિષ્પાપ માણસ છે.

સૂરજ એકધાર્યો ઉપર ઊઠતો જઈ રહ્યો હતો અને તેની ગરમીથી રસ્તો પીગળવા લાગ્યો હતો, તે ચમકી ઊઠ્યો હતો, તેનાં પર આ મોસમની પહેલી, નાની નાની જલધારાઓ વહેવા માટે તૈયાર હતી .રસ્તાનાં કિનારાઓ પરનો બરફ કાળો પડતો ફૂલી ગયો હતો અને ભારે થઈ ઊઠ્યો હતો, ધીરે ધીરે ભેજવાળી થતી હવા પણ ભારે થવા લાગી હતી .અન્દ્રેઈ નમદાના જૂતાં પહેરીને ચાલી રહ્યો હતો,(તેની પાસે બીજા

જૂતાં નહોતા, છેલ્લી મુલાકાતમાં નાસ્ત્યોનાએ વાયદો કર્યો હતો કે તે તેનાં જૂના હલકાં જૂતાં શોધી લાવશે (અને આ જૂતાં જ અત્યારે તેને સૌથી વધારે તકલીફ આપી રહ્યાં હતાં .તે જ તેનો ભેદ ખોલી રહ્યાં હતાં અને સ્થાનિક માણસ જેવો દેખાવા દઈ રહ્યાં નહોતાં, તેમની અનુપયુક્તતા અને ચૂક તેને જાણે જે જમીન પર તે પગ રાખતો જઈ રહ્યો હતો તેનાથી અલગ કરી રહ્યાં હતાં .આ જૂતામાં અત્યારે જ ચાલવું મુશ્કેલ થઈ રહ્યું હતું ત્યારે ત્રણ ચાર કલાક પછી જયારે દિવસમાં સૂરજ ધીકવા લાગશે ત્યારે તે કેવી રીતે હરી ફરી શકશે - તેને તેની કલ્પના સુધ્ધાં નહોતી .લાગે છે ક્યાંક બેસીને રાહ જોવી પડશે; ઝરણાં પાસે છેલ્લાં ખેતરમાં ઝૂંપડી છે -ત્યાં જ ઠીક રહેશે .ના, આજે તે કદાચ ઝૂંપડીમાં સંતાવા નથી ઈચ્છતો - જીવ ઉબતાઈ ગયો છે, તે આટલા માટે તો અહીં નહોતો આવ્યો .ઓ પછી વધારે સારું એ હતું કે તે જૂતાં કાઢીને ઉઘાડા પગે ચાલતો જાય, જ્યાં સુધી પહોંચી શકે ત્યાં સુધી જઈ પોતાની સ્મૃતિમાં આ ક્ષણો ભરી લે, પછી કદાચ ક્યારેય આવી તક નહી મળે.

યાદો તેને ચોમેરથી ઘેરી રહી હતી -ખેતરોમાંથી, નાનાં બંધોમાંથી, જૂના વાંકાચૂકા લાર્ચના વૃક્ષમાંથી, જે ખેતરની બરાબર વચ્ચે ઊભું હતું, સાંકડા ઉપવનમાં ફર વૃક્ષની નીચે ફૂટતાં ઝરણામાંથી અને આકાશમાંથી પણ, જે અહીં જંગલની પાછળથી એવાં રૂપમાં ઊઠતુ દેખાઈ દેતું હતું, તેવું બીજે ક્યાંયથી નહોતું દેખાતું .પણ સંસ્મરણોથી બીતાં અન્દ્રેઈ તેમનાથી મોં ફેરવી લેવાનો, પોતાને તેનાથી દૂર રાખવાનો પ્રયત્ન કરતો હતો અને તેઓ ઊઠતા ઊઠતા તૂટી જતા અને કોઈ ગર્તમાં પડી જતા હતાં . એકવાર જો તેમને હાવી થઇ જવા દેશે તો પછી તેમનાથી પીછો છોડાવવો મુશ્કેલ થઈ પડશે .તેને આ સંભારણાઓથી શું લેવા દેવા, જો કંઈપણ બદલવું અસંભવ છે તો શા માટે આ યાતના સહેવી? અફસોસ કે સ્મૃતિઓ આ નથી સમજતી .જુઓ તો :એકબીજાથી તદ્દન અજાણ્યાં બે લોકોના ભાગમાં એક સરખી જ સ્મૃતિ આવી જેને કોઇપણ રીતે વહેંચી શકાય તેમ નથી .જેની સાથે તે પહેલાં જીવતો રહ્યો હતો તે બધાને સંપૂર્ણ રીતે ભૂલી શકવું સંભવ હોત તો કેટલું સહેલું હોત-પણ આવું થઈ ક્યાં રહ્યું છે :પેલો પહેલાનો આન્દ્રેઈ હજી તેની અંદર જીવી રહ્યો છે અને દબાયેલો, પરવશ તે ઘણાં દિવસો સુધી જીવતો રહેશે - તેનાથી ક્યાંય પીછો છોડાવવો મુશ્કેલ છે .અને અન્દ્રેઈને કદાપિ શાંતિ નહી મળે, મુક્તિ નહીં મળે, તેને તો પોતાની જિંદગીના અંતિમ દિવસ સુધી તડપતાં અને બસ તડપતાં જ રહેવાનું છે .આ બધું તે કેમે કરીને નહી ભૂલી શકે.

તેનાં મનમાં વિચાર પળવાર માટે ચમકી ગયો કે તે આનાથી સંમત હોવા છતાં, પોતાને વિશ્વાસ અપાવતા પણ કોઈ વસ્તુની આશા રાખ્યે જઈ રહ્યો હતો : નાનકડી મૌન આશા તેનાં અંતરમાં કોઈ એવાં ગુપ્ત સ્થાને વસેલી હતી કે તે પોતે પણ હંમેશાં તેને ઓળખી શકતો નહોતો, પણ તે જીવંત હતી, શ્વાસ લઇ રહી હતી, ક્યારેક ક્યારેક તેને તેની આશંકિત, સાવધાનીપૂર્ણ કંપારી સંભળાઈ જતી હતી .પરંતુ

કોઈની પણ, કે કશાની પણ આશા રાખવાની કોઈ ગુંજાઇશ જ નથી -એકદમ કોઈ ચમત્કાર નથી થઈ જવાનો .સંભવતઃ પહેલી વાર અન્દ્રેઈની સમક્ષ આટલાં સમીપથી તેની સ્થિતિનું સમગ્ર નગ્ન સત્ય, વગર કોઈ દયા કે શરતે આવી ઊભું હતું -તેને એવું લાગ્યું કે એ સત્યનો તેણે જાતે શરીરથી અનુભવ કર્યો છે, જાણે તે શરૂઆતથી અંત સુધી તેનાં હૈયાને વીંધતું શરીરમાંથી સોંસરું નીકળી ગયું; તેનાં ઠંડાપણાથી તે કાંપી ઊઠ્યો .કઈ વસ્તુએ તેને આ સત્યનો સાક્ષાત્કાર કરાવ્યો હતો તે તેને ખબર નહોતી .ન તો પહેલાં, કે ન તો પછી, પણ બરાબર એ જ સમયે, જયારે તે હ્રદયમાં સંગ્રહાયેલ આ પોતીકાં સ્થાનો પર આવી પહોચ્યો છે -શું તેમણે જ તો આ સજા નથી સંભળાવી દીધી ને? અન્દ્રેઈએ ત્રાંસી નજરે ચારેબાજુ જોયું અને પોતાની જાતને ટોકીને નિર્દયપણે દુષ્ટતા અને વિદ્રુપતાપુર્વક હસી પડ્યો :રાહ જોઈ લે, પળવારમાં પ્રાણપંખેરું ઊડી જશે અને માણસના અવાજમાં કહી દેશે :અન્દ્રેઈ મક્કમ અને દ્રઢ થવા ઇચ્છી રહ્યો હતો, પણ તેની અંદર કંઈ ખળભળી રહ્યું હતું, કોઈ અગમ્ય અને અપ્રિય ભાવ અંતરમાં વધતો જઈ રહ્યો હતો, તે ઉતાવળ કરી રહ્યો હતો, તેમ છતાં તેનાં ડગલાં લથડવા લાગ્યાં હતાં, શ્વાસ ઉછળવા લાગ્યો હતો અને જોર જોરથી ચાલવા લાગ્યો હતો .“પંખેરું....” તેનાં મનમાં અપ્રત્યાશિત વિચાર ચમકી ગયો, “ હું પોતે અહીં આકાશી પંખીડાની જેમ જીવ્યો છું .બીજું શું જોઈતું હતું? શું ?”

ત્યારબાદ તેનાં બધાં બંધન જાણે ખુલી ગયાં, બધાં અવરોધ અને નિષેધ તૂટી ગયાં અને હ્રદયમાં ભાવાવેગનું પુર આઈ ગયું .પોતાની જાતને રોકવી કે શાંત કરવી હવે તેનાં હાથમાં નહોતું, તે વિવશ થઈ ગયો હતો.

“ જો આ યુદ્ધ ન હોત, જો આ કમબખ્ત યુદ્ધ ન હોત તો,” તે સફાઈ આપવા લાગ્યો ..“હું એવી જ રીતે જીવતો હોત, એવી જ રીતે કામ કરતો હોત, મારી હજી ઉંમર જ શી છે, ત્રીસ વરસ, હજી અડધી જિંદગી પણ પાર નહોતી કરી .અડધી જિંદગી પણ જીવ્યો નહોતો ને બધું પતી ગયું, જાણે અંત આવી ગયો .પણ મારાં એકલાં પર જ આ બધું શા માટે આવી પડ્યું હતું? દુનિયામાં આટલાં બધાં લોકો છે....મેં એવો તો શો ગુનો કર્યો હતો કે નસીબ મારાથી આવી રીતે રૂઠ્યું છે, એવું તો શું કરી દીધું મેં ?” તે અત્યંત પીડા અનુભવતો હ્રદયથી ચિત્કાર કરી ઊઠ્યો અને બેસવાની જગ્યા શોધવા લાગ્યો, પગ હવે જવાબ આપી રહ્યાં હતાં, એક ડગલું પણ ભરવાની તાકાત હવે તેનામાં નહોતી .સામે રસ્તા પાસે ગંદુ અને ભીનું લાકડાનું થડ પડ્યું હતું, તે તેનાં પર જ બેસી ગયો, “ આ જ પ્રમાણે બીજાઓની જેમ જીવતો રહેત, “તેણે એ જ વિચારને પકડી રાખ્યો હતો :“કામ કરતો હોત, હું સારો કામગરો હતો -બધાં જાણે છે .આ વખતે બીજાઓની જેમ કામે અહીંથી જઈ રહ્યો હોત ...આ જ પ્રમાણે જઈ રહ્યો હોત, આ જ પ્રમાણે થોડીવાર બેસી લેત, સિગારેટ ફૂંકી લેત અને પછી કામ પૂરું કરીને પાછો ગામ ચાલ્યો જાત...,” આ સંભાવના તેને એટલી સમીપ અને વાસ્તવિક પ્રતીત થઈ કે તે સ્તબ્ધ થઈને અને પોતાને ભૂલીને શોધવા લાગ્યો કે

વાસ્તવમાં ક્યાંક એવું જ તો નથી ને, જે કામે તે આવ્યો હતો તે પતાવીને ગામમાં પાછા જવાનો સમય તો નહોતો આવી ગયો .ના, આ દુનિયા ઉલ્ટી નથી થઈ ગઈ, બધું પોતાની જગ્યાએ જ જેમ છે તેમ જ છે . આ કોઈ મધુર સ્વપ્નમાંથી તે જગ્યો નહોતો, પણ દર દિવસે તેની સાથે ઘટનારી પરિસ્થિતિઓની અસંખ્ય તરફેણોમાંથી એક હતી, પણ આ વખતે તે તેને વિશેષ રૂપે કડવી અને ભયંકર લાગી, મહામુશ્કેલીએ ઉભી કરેલી એની સમગ્ર રક્ષાપંક્તિ પળવારમાં કડડભૂસ કરતી તૂટી પડી, તે વિવશ થઈ ગયો; કોઈ અપ્રિયકર, લજ્જિત દુર્બળતા તેનાં પર હાવિ થઈ ગઈ, તે પોતાનાં પર પણ ચીસ ના પાડી શક્યો અને ખબર નહીં કેમ, તે આ દુર્બળતાથી સંતુષ્ટ હતો, એ વાત તે સારી રીતે જાણતો હતો કે તે તેમાંથી ઉગરી શકવાની સ્થિતિમાં નથી, “ આ બધાં માટે જવાબદાર એ જ છે, હા, એ યુદ્ધ જ છે,” તે ફરીથી સફાઈ અને શાપ આપવા લાગ્યો, “ તેનાં માટે મરેલા, લુલાલંગડા ઓછા છે જો મારાં જેવાની જરૂર પડી ગઈ .આ ક્યાંથી આવી પડ્યું છે? બધાં પર એક સાથે ! ભયંકર, અત્યંત ભયંકર દંડ છે .અને મને પણ, મને પણ ત્યાં ભાડમાં ઝોંકી દીધો -અને એક,બે,મહિનાઓ માટે નહીં, વર્ષો માટે .ક્યાંથી એવી તાકાત લાવતો કે તેને વધારે સહન કરતો રહે? જેટલી મારામાં તાકાત હતી તેટલી મેં ખર્ચી કાઢી, હું ત્યાંથી તરત જ થોડો ભાગ્યો છું, મેં મારી જવાબદારી પૂરી કરી લીધી છે, શા માટે મારી સરખામણી બીજાઓ સાથે, એવાં નીચો સાથે કરવામાં આવવી જોઈએ કે જેમનું કામ શરૂઆતથી અંત સુધી દુષ્ટતા કરવાનું જ છે? શા માટે અમારાં માટે એક જ સજા લખાયેલી છે ? તેમને તો તેમાં સરળતા છે, કારણ તેમનો આત્મા તો તડપતો નથી અને અહીં તો કોણ જાણે ક્યારે તે ધારહીન બની જશે, ભાવહીન થઈ જશે ....જુઓ, હું અહીં નીકળી આવ્યો કે તે ઝટ દઈને પીગળી ગયો -કમજોર છે ને …... હું કોઈ વ્લાસોવી, (બીજા વિશ્વયુદ્ધમાં ફસીવાદીઓ સાથે મળી જનાર જનરલ વ્લાસોવ દ્વારા એકત્ર કરવામાં આવેલ ફોજનો સૈનિક (.થોડો છું, પોતાનાંઓની વિરુદ્ધ તો નહોતો લડ્યો, મેં તો બસ મૃત્યુથી મો ફેરવી લીધું છે .શું એને મારાં નસીબના હિસાબમાં નહી લખવામાં આવે? મૃત્યુથી મોં ફેરવી લીધું છે, યોગ્ય શબ્દોની પસંદગીથી ખુશ થઈને તેણે પુનરુચ્ચારણ કર્યું અને અચાનક પોતાની જાતથી જ ખુશ થઈ ઊઠ્યો" :આવું યુદ્ધ -! અને હું ભાગી આવ્યો .એના માટે અક્કલ જોઈએ,કરીને કમાલ!

અને માથું ઊંચું કરીને પાછળ છોડેલાં ખેતરો તરફ દૂર દૂર જોતા જાણે કોઈ પડકાર આપતો હોય તેમ જોર જોરથી હસી પડ્યો.

તે બહુવાર સુધી બેસી રહ્યો - એ જ ગુસપુસ દબાયેલા અવાજે બોલતાં અને એ જ પ્રમાણે કમજોરી ભરી ક્ષણોને હાવી થવા દેતા, શ્વાસ રૂંધનારા દર્દથી ચેતનહીન થતાં, જોરથી ચીસ પડી ઉઠવાનું મન થવા લાગ્યું .યાતનાથી છૂટીને અને આ દર્દમાંથી બહાર નીકળીને તે પોતાનો ઉપહાસ ઉડાવવા લાગી જતો -

જ્યાં સુધી એ વિચાર ફરીથી તેનાં પર હાવિ ન થઇ જતો અને તેને ઊંડાણમાં ડૂબાડી ન દેતો ત્યાં સુધી તે કોઈ નિરાશાભર્યા, સુસ્ત, કટુ ઉલ્લાસથી ભરાતો જતો હતો.

પછી તેણે ફેંસલો કર્યો કે આ બધી યાતના તેની નિશ્ચલતાને કારણે છે અને એટલા માટે પણ છે કે તે ખાલી બેઠો છે .તે ઊભો થઇ ગયો અને જેના પર બેઠો હતો તે; લાકડાનાં થડને રસ્તા પર ગબડાવી દીધું - કોઈકે તો હટાવવું જ પડશે .ચારે બાજુ નજર દોડાવીને અન્દ્રેઈ આગળ વધી ગયો; તેનું મન ભારે અને ઉચાટભર્યું હતું, પણ ઝડપી ડગલાં વાસ્તવમાં વિચારોને હાવિ થવાં નહોતા દેતાં અને તે પાછળ છુટતા જઈ રહ્યાં હતાં.

સવાર સંપૂણર્પણે ખીલી ગઈ હતી, ગરમી ચડી ગઈ હતી, ઝરણાં વહેવાં લાગ્યા હતાં, હજી તે મૌનપણે જ વહી રહ્યાં હતાં, ખેતરોની ઉપર પહાડી તરફથી હવાની તરંગો લહેરાઈ રહી હતી, તેની પાછળ જંગલ તડકાથી નહાયેલું દૂધિયું લાગતું હતું .ગામમાંથી આઝાદ કરાયેલાં મુરઘાઓનો ઉત્સવી, ખુશખુશાલ અવાજ આવી રહ્યો હતો; ઉડતાં કાગડાઓની ક્રાઉ ક્રાઉ કાંટાની જેમ ચૂભી રહી હતી; નીચે જમીન પર વહેતી ક્ષીણ હવા કોઈ ચોક્કસ દિશામાં વધ્યા વિના ચકરાવા ખાઈ રહી હતી .અન્દ્રેઇને ચહેરા પર હવા નહી પણ સુરજ ચૂભી રહ્યો હતો, હવા માત્ર હળવી લપડાક આપી ખેંચાઈ જતી હતી, તે ક્યારેક એક બાજુથી આવી તેને ખેંચતી તો ક્યારેક બીજી .ઝુંપડીની પાસે ખળામાં ગંદી, અસ્તવ્યસ્ત પાંખોવાળી ચકલીઓ ભૂસાનાં ઢગલામાં ચીં ચીં કરી રહી હતી, જયારે અન્દ્રેઈ પાસે આવી ગયો ત્યારે બે જંગલી કબૂતરો દાણાં છોડીને અવાજ કરતાં સામેથી ઊડી ગયાં.

અન્દ્રેઈ ખળાં પાસે રોકાઈ ગયો અને ચકલીને ધ્યાનપૂર્વક જોવા લાગ્યો - તે લોકોથી દૂર અન્દ્રયેવ્સ્કોયેમાં નહોતી .ચકલીઓ કેટલા વર્ષ જીવે છે - તેણે પોતાની જાતને પૂછ્યું, તે અનુમાન લગાવવા લાગ્યો કે આ ભૂખ્યાં તોફાની ઝુંડમાં તો ચકલીઓ નથી, જે તેનાં હોવા છતાં ઉડતી ફરતી હતી . પણ તેને ચક્લીઓનું આયુષ્ય ખબર નહોતું .પહેલાં તે આવી નાની મોટી વાતોમાં પોતાનું મગજ ખરાબ નહોતો કરતો .પણ અત્યારે આ વિચારથી તેનાં મન પર ઉદાસીનાં વાદળ છવાવા લાગ્યા .ચકલીઓને ડરાવીને તે ઝુંપડી પાસે આવી ગયો, શિયાળા દરમ્યાન અકડાઈ ગયેલાં દરવાજા તે મહામુશ્કેલીથી ખેંચી શક્યો .ઝૂંપડીમાં ઠંડી અને ખાલીપણું હતું; અન્દ્રેઈ શોધવા લાગ્યો કે કદાચ કોઈ કામની વસ્તુ મળી જાય, પણ કશું જ શોધી ન શકતાં તે બહાર નીકળી આવ્યો .તે કોઈ વાતે થાક અનુભવી રહ્યો હતો, તેને ખાવાની ઈચ્છા થઇ રહી હતી કે સુવાની - તે સમજી શકતો નહોતો .તે પોતાની સાથે થોડું ખાવાનું લઈને નીકળ્યો હતો, પણ તેને બચાવી રાખવું જરૂરી હતું .ખબર નહી કેમ તે એ આશામાં હતો કે તેને ત્યાં કંઈક ખાવા માટે મળી જશે, જો કે ક્યાંય કંઈ મળી શકવાની શક્યતા નહોતી; ગામમાં માંગવા ઓછો જ જવાનો

હતો !અને ગામ સિવાય અત્યારે ક્યાંય કશું જ નથી ઉગતું, ન તો સંભાળીને રાખેલું હોય છે.

તે બહુ વાર સુધી દુવિધામાં પગ બદલતો ઊભો રહ્યો - સમજણ નહોતી પડી રહી કે શું કરવાનું શરૂ કરે, પછી ક્યાંક બેસવાની જગ્યા શોધતો ઝૂંપડીની પાછળ પહાડી પરથી આવતાં તડકા તરફ વળી ગયો .. ત્યાં પહેલાં થડનાં ટુકડાં પર બેસીને તેણે પીઠ દીવાલે ટેકવી લીધી .તેંત્રીસમાં પહેલાં દુકાળ પછી ક્યારેક તેણે આ મેદાનમાં ઝાડીઝાંખરા ઉખાડ્યા હતાં, તેની નજરો સામે એ જ અઢી હેક્ટરનું ખેતર પ્રસરેલું હતું, જેને તેણે જોયું હતું .બીતાં-બીતાં, અનાવશ્યક સ્મૃતિઓથી બચતાં અન્દ્રેઈએ તે તરફ જોયું -તેનો નીચાણવાળો ભાગ કાળો પડી ગયો હતો, ત્યાં ખૂંટીઓ દેખાઈ રહી હતી .પણ ખેતર તેનું સ્વાગત કરતુ, તેને ધૈર્ય બંધાવતું લાગતું હતું :સૂરજની ગરમીથી શરીર ઢીલું છોડી અન્દ્રેઈ ખરેખર ઊંઘવા લાગ્યો . વચ્ચે વચ્ચે તેની ભારે ભરખમ આંખો ખૂલી જતી હતી; માત્ર તે એકલી જ બીજાં કોઈ અંગને ચિંતીત કાર્ય વિના પોતાની ટેવ મુજબ એ વાત પર નજર રાખી રહી હતી કે બહારનો કોઈ પડછાયો તો પ્રગટ નથી થઇ ગયોને !બધું જ જાણે તદ્દન શાંત હતું.

અન્દ્રેઈ ઊંઘી રહ્યો હતો અને તેને નાનાં નાના, ટૂકડે ટુકડામાં વહેંચાયેલા, વિખરાયેલાં જેવા સ્વપ્નાં દેખાઈ રહ્યાં હતાં .ક્યારેક શોધ કંપનીનો કમાંડર કેપ્ટન લેબેદેવ પ્લાતુનને શોધ માટે મોકલતા, ખબર નહીં કેમ, અન્દ્રેઈને ચેતવણી આપી રહ્યો હતો કે જો તે જર્મનોની તરફ ભાગી જશે તો તેને જનરલથી બરતરફ કરી દેવામાં આવશે અને ગોળીઓથી ઉડાવી દેવામાં નહી આવે, નાં, એટલી તરફેણ શા માટે ! તેને તો ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી ઊંધી છુરી વડે હલાલ કરવામાં આવશે; હા, એકધાર્યા કરશે, જરા પણ નહી રોકાય !તો ક્યારેક સ્વપ્નમાં ત્યાંજ સ્મોલેન્સ્ક વિસ્તારમાં કિલ્લાની ખાઈઓ આગળની પટ્ટીમાં, જેના પર કોઈનો કબ્જો નહોતો, તે આવી જતાં, ત્યાં અચાનક તેનાં ગામ અતાનામોવ્કાની ઘંટી આવી જતી, જેને તે ચલાવી રહ્યો છે, અને તેનાં પર બંને બાજુએથી ગોળીઓની વર્ષા થઈ રહી છે -માત્ર તેનાં કારણે જ હજી યુદ્ધ ચાલી રહ્યું છે અને તેમાં જીત તેની થશે, જે તેને ધારાશાયી કરી દેશે .ત્યારબાદ તે પોતાને નોવોસીબીર્સ્કની હોસ્પિટલમાં જુએ છે, જ્યાં મૂંછોવાળો મેડિકલ લેફ્ટનન્ટ કર્નલ સર્જન તેને પોતાનાં કક્ષમાં દારૂ પીવા બોલાવે છે અને દારૂ પીતાં પીતાં તેની સમક્ષ હમણાં હમણાં જ દિવંગત થયેલ કોઈ મહત્વપુર્ણ કર્નલનું સ્થાન લેવાનો પ્રસ્તાવ મુકે છે .અને તે પછી તે મોરચા પર છે - તોપખાના પર નિયુક્ત, તેનાથી નિશાન તાકવાનાં અંગોની પેટી ખોવાઈ ગઈ છે અને તેને સૈનિક અદાલતમાં સોંપી રહ્યો છે.પ્રોજેક્ટરોના ચકાચૌંધ કરનારાં પ્રકાશથી ચમકતું કોઈ લાંબુ, બહુ લાંબુ સાંકડું મેદાન છે; તે ગરમીથી રૂંધાતા શ્વાસે આ મેદાન પર ચાલતો જઈ રહ્યો છે અને તાપ એકધાર્યો વધતો જઈ રહ્યો છે, તેનામાંથી નીલિમા અને આગ ફૂટતાં જઈ રહ્યાં છે..

તે જાગી ગયો, પણ બહુવાર સુધી નિશ્ચલ બેસી રહ્યો - આ છિન્નભિન્ન, ભટકતાં દુષ્ટ સ્વપ્નાંઓથી ઉત્પીડિત અને વિષાક્ત .તેમાં સત્યનો અંશમાત્ર પણ નહોતો, કદી કોઈએ તેની પાસેથી કંઈ ખરાબની શંકા નહોતી કરી .પણ માણસનું એક પગલું પોતાની પાછળ આખી જિંદગીને ખેંચી લે છે : સ્વપ્નાં સુધ્ધાં બદલાઈ ગયાં, તેની અંદર ઊઠતા હોવા છતાં પણ તેની વિરુદ્ધ થઈ ગયાં હતાં, ત્યાં બીજાની તો વાત જ શી ?

સ્વપ્નમાં દેખાયેલી ઘંટી પરથી ગુસ્કોવને મનમાં ઘંટી પાસે જઈ આવવાનો વિચાર આવ્યો .તે પાસે નહોતી, પણ અન્દ્રેઈનો દિવસ હજી શરૂ થયો જ હતો .વધારે પડતી સંભાવના એ હતી કે ઘંટી પર અત્યારે કોઈ નહી હોય, આટલા વહેલા દળવાનો સમય નથી .તેણે ભૂસાના ઢગલા પરથી ફરીથી ચકલાંઓને ઉડાડી દીધાં, જેમનાથી તે અચાનક ઘૃણા કરવા લાગ્યો હતો અને ખેતરનાં કિનારેથી નીચે ઉતરવા લાગ્યો, પછી જયારે ખેતર પૂરું થઈ ગયું ત્યારે તે સીધો નદીની તરફ વળી ગયો .ઠંડા ફર ઉપવનમાં બરફ લગભગ ઓગળ્યો નહોતો, સૂરજ અહીં ખુલ્લાં ભાગો પર પણ ઊંચા મેદાનોની સરખામણીમાં ઓછો તપતો હતો, જ્યાં વૃક્ષો નહોતા ત્યાં વૃક્ષોની સ્પષ્ટ, ઉત્કીર્ણ છાયાઓ પ્રસરેલી હતી .અન્દ્રેઈના નમદાનાં જૂતાં અહીં મજબૂતીથી પડી રહ્યાં હતાં અને તેનામાં ફરીથી સ્ફૂર્તિ આવી ગઈ .તે વીતેલાં વર્ષોની શેષ બચેલી ઉદ્વિગ્નાતાનો અનુભવ કરી રહ્યો હતો - ક્યારેક તેને ઘંટી પર આવવું સારું લાગતું હતું .અને એ વળી કોને સારું ન લાગે? અનાજ દળવું કોઈ ઉત્સવના ઉલ્લાસભર્યું કામ હતું - પરિશ્રમનાં પારિતોષિક સમું .કાપણી પછી લોકો અહીં આવી વારો લગાવી દેતાં હતાં, ખુશી ખુશી અહીં રાત વીતાવવા પણ રોકાઈ જતાં હતાં, પણ ઊંઘતા નહોતા :વૃધ્ધો તમાકુ પીતાં કંઈ વાતો કરતા રહેતાં, નાનાં છોકરાંઓ ધમાલ મચાવતાં હતાં અને છોકરીઓ ઝાડીઓમાં બૂમાબૂમ મચાવતી હતી, નવી નવી રમતો વિચારવામાં આવતી, એક પછી એક કીટલી ગરમ કરતો ચૂલો હંમેશા બળતો રહેતો અને ગુંજતા શોરબકોર સાથે ઘંટીનાં પડ ચાલતાં અને ચાલતાં રહેતાં અને નીચે રાખેલાં કોથળાઓમાં એકધાર્યો ગરમ લોટ પડતો રહેતો હતો.

આ સ્મૃતિઓથી અન્દ્રેઈ ખુશીથી ભરાઈ ઊઠ્યો, તે હસી પડ્યો, એમ લાગ્યું કે તેનો આત્મા આનંદથી ભરાઈ ઊઠ્યો છે .પણ એ આનંદ પળવારનો હતો : ઘંટીની પાસે આવતા જ તે ચકિત થઈ ગયો, તેણે પોતાનું બધું ધ્યાન કેન્દ્રિત કરી લીધું, શરીર આગળ ઝુકાવી દીધું અને જરા રોકતા, પોતાની જાતને સચેત કરતાં કંઈક ગણગણી ઊઠ્યો .અહીં માણસનું નામોનિશાન નહોતું :ઉપલાં અને નીચલાં બંને બારણાઓ પર તાળા મારેલાં હતાં અને નિસરણી પર, જેના પરથી અનાજ ચઢાવવામાં આવતું હતું ત્યાં, બરફ પડ્યો હતો .અન્દ્રેઈએ કોઇપણ જાતની ઉતાવળ કર્યા વિના બીજી થોડીવાર રાહ જોઈ તથા નજીકનાં નેતરના ઝાડોની બાજુથી બારણાં તરફ આગળ વધ્યો .તાળું ત્યાં પહેલાંની જેમ દેખાડા પૂરતું

જ લટકી રહ્યું હતું :અન્દ્રેઈએ એક ઝાટકો માર્યો અને તેની સાથે જ તે ખુલી ગયું .અને એ ઠીક જ થયું - અન્યથા અન્દ્રેઈ તેને તોડી નાંખત કે પછી બારીનું ચોકઠું કાઢી નાંખત, તે પીછો ન છોડત.

અંદર ઠંડી અને ધૂળ ભરેલાં હતાં, ફરશ પર જૂતાનાં સફેદ નિશાન રહી ગયાં હતાં .પહેલાં અન્દ્રેઈએ ઘંટીવાળાની કોટડીમાં ડોકિયું કર્યું અને તેને ત્યાં થેલામાં મોટો તામચીનીનો મગ, લસણની બે ગાંઠો અને અડધું પેકેટ મીઠું મળી ગયાં, દીવાલ પર આરી લાટકાવેલી હતી.આ બધું તેણે બાંકડા નીચે પડેલા મોટા થેલામાં નાંખી લીધું અને આખી ઘંટીનું નિરીક્ષણ કરીને તે નીકળી પડ્યો .તે બે વાર ઉપર ચઢ્યો, બધાં ખૂણાખાંચામાં ફંફોસી લીધું પણ એક બીજો થેલો અને ફાટેલાં પૂંઠાવાળી ચોપડી સિવાય કોઈ કામની વસ્તુ ન મળી.

તે બહાર ખુલ્લામાં આવી ગયો, બારણાં પર તાળું લટકાવી દીધું, ચોમેર નજર ધુમાવી, ત્યાં જ અચાનક ઘંટીમાં આગ લગાડી દેવાની અનિયંત્રિત, ઉગ્ર ઇચ્છા તેને ઘેરી વળી .વધારે વાર ક્યાં લાગવાની હતી - બર્ચની છાલ પડી છે, દીવાસળી હાજર છે, ઈમારત જૂની અને સુકી છે, તરત જ ભડભડ ભડકી ઊઠશે . તેને પોતાનું ભાન હતું, સમજી રહ્યો હતો કે આગ ન લગાડવી જોઈએ અને અંતે તે બાળવાની હિમ્મત પણ નહી કરી શકે, પણ શેતાની પ્રલોભન એટલું પ્રબળ હતું અને પોતાની કોઈ ગરમ યાદ છોડી જવાની એટલી તીવ્ર ઈચ્છા થઈ રહી હતી કે પોતાનાં મન પર ભરોસો અને વિશ્વાસ ના કરતાં તે ઝડપથી ઘંટી પાસેથી નીકળી ગયો .બંધ પાસે જ તે પળવાર રોકાયો, ત્યાં તેને સ્વચ્છ, લીલાં કાચ જેવાં બરફનાં ઝગમગાટે રોકી લીધો, જેની નીચે નજરો પર જાદુ ચઢાવતું અને પોતાની તરફ ખેંચતું પાણી ધીમેધીમે હાલી રહ્યું હતું .અન્દ્રેઈ કલ્પના કરી ઊઠ્યો કે કેવી રીતે બરફ પર તેને ગંદો કરતાં ખોયણા ઊડી ઊડીને પડશે અને તેની અંદર નવી શક્તિથી આ દ્રશ્યની માંગ ઊઠવા લાગી અને તે ત્યાંથી ચાલ્યો ગયો - ફરીથી પહાડી તરફ, ખેતરો તરફ.

આખો દિવસ તે ઊંચા મેદાનોમાં ભટકતો રહ્યો, ક્યારેક ખુલ્લાં સ્થાનોમાં નીકળી આવતો, તો ક્યારેક જંગલમાં સંતાઈ જતો, ક્યારેક ઉત્કંઠા અને દુષ્ટ્તાપૂર્ણ અધીરતાથી તેને ઈચ્છા થવા લાગતી કે તે લોકોને જુએ અને લોકો પણ એને જોઈ લે, જોઈ લે અને બેચેન થઈ જાય, તે કેવો માણસ છે, ત્યારબાદ તેનાં પર અકારણ ભયનું આક્રમણ થતું અને તે બહુવાર સુધી નિશ્ચલ, સ્થિર સ્તબ્ધ થઈ ઊભો રહેતો . ઝરણાં ખળખળ કરી વહી રહ્યાં હતાં; ધોમધખતા સૂરજથી ધરતી તપી રહી હતી, માદક ગંધોથી માથું ભમવા લાગ્યું હતું .તેનાં કારણે કે પછી બીજા કોઈ કારણે અન્દ્રેઈ પર બેહોશી જેવું છવાઈ ગયું :તેની યાદદાસ્તમાંથી બપોર પછીનો બેત્રણ કલાકનો દિવસનો ટુકડો છૂટી ગયો હતો; પછી એ યાદ કરતાં કે એ સમયે તે ક્યાં હતો અને શું કરી રહ્યો હતો, તે તેને યાદ આવતું નહોતું .આ વિસ્મૃતિની સ્થિતિમાં માત્ર

તેનાં આત્માને ભેદતી ગામનાં મુરઘાઓની બાંગ અને પાણીનો ખળખળ અવાજ જ તેનાં સુધી પહોચી રહ્યાં હતાં, તેનાં નમદાનાં જૂતાં એટલાં ભીના થઈ ગયાં હતાં કે તેને નીચોડતા તેમાંથી પાણી ટપકવા લાગત, પગ પણ લથપથ થઈ ગયાં હતાં અને તેમાં ખંજવાળ આવી રહી હતી અને તે એકધાર્યો ક્યાંક ચાલતો જઈ રહ્યો હતો, ચાલતો જ જઈ રહ્યો હતો - ન તો રસ્તાનો વિચાર કરીને કે ન તો એ જોતા કે ક્યાં રસ્તો સખત અને સૂકો છે અને ક્યાં નથી.

સાંજે તે સમયનો અંદાજ ના લગાવી શક્યો અને બહુવાર પછી ઝાંખા અજવાળામાં ગામ તરફ ઊતર્યો . વસ્તુઓ અને મકાન હજી અલગ અલગ ઓળખી શકાય તેમ હતું; તેણે પોતાનું હમાંમખાનું શોધી કાઢ્યું પણ ત્યાંથી ધૂમાડો નહોતો ઊઠી રહ્યો . અન્દ્રેઈ ઠંડો પડી ગયો :ખબર નહી કેમ, આખો દિવસ તેને શંકા પણ નહોતી ગઈ કે તેને નહી દેખાય, પણ આશ્વસ્ત થઈને ગણતરી કરતો રહ્યો હતો - હવે નાસ્ત્યોના પાણી ખેંચી રહી હશે, હવે તેણે ભઠ્ઠી સળગાવી દીધી હશે ....શું વાસ્તવમાં બધો ક્રમ ભંગ થઈ ગયો? કદાચ પોતાની આ ભટકતી જિંદગી દરમ્યાન તેણે પહેલીવાર ભગવાનને યાદ કર્યાં હતાં .“હે ભગવાન, આમ ન છોડી દે !કંઈ એવું કરી દે ભગવાન કે હમાંમખાનું ગરમ થઈ જાય, તું કરી શકે છે, હજી મોડું નથી થયું .માત્ર આટલી જ દયા કરી લે અને પછી મારી સાથે જેમ ચાહે તેમ વર્તાવ કર, હું દરેક વસ્તુ માટે તૈયાર છું .“તેનાં પર અચાનક ભારે, શરીરનાં રોમેરોમને જકડી લેતી ઝણઝણાટી છવાઈ ગઈ અને તેને એકદમ ઝંઝોડીને, જાણે કંઈક સમજાવીને એ જ પ્રમાણે અચાનક દૂર થઈ ગઈ .ત્યારબાદ તે કમજોરીથી નિઢાલ થઈ ગયો .અન્દ્રેઈ સામે પડેલાં ઠુંઠા પર બેસી ગયો અને રાત પડવાની રાહ જોવા લાગ્યો.

રહી રહીને કૂતરાં ભસી ઊઠતાં હતાં અને શાંત થઈ જતાં હતાં, લોકો તરફથી આવતાં અવાજો સંભળાઈ રહ્યાં હતાં, ક્યારેક ક્યારેક સ્વરો પણ કાન સુધી પહોચી જતાં હતાં, પણ આ બધું ખબર નહી ક્યાંથી ઉઠ્નારી સુસ્ત લહેરોના રૂપમાં અન્દ્રેઈ સાથે અથડાઈ રહ્યું હતું .તે સવારની જેમ ફરીથી ભાવશૂન્ય થઈ ગયો હતો, તેને માત્ર એક વાત, સૌથી ખાસ વાત સંતપ્ત કરી રહી હતી :નાસ્ત્યોના સાથે શું થયું? પણ બારીઓના પ્રકાશે અન્દ્રેઈને ઉદ્વિગ્ન કરી જ મૂક્યો, તેને કલ્પનામાં મેજ પર રાખેલો સમોવાર દેખાયો, બળતી ભઠ્ઠી, દીવાલ પર પડતી આગની છાયા, પલંગ પર હવા ભરેલાં ઓશિકાઓ, અને ઉઘાડા પગ મુકવા ફરશ પર પાથરેલી શેતરંજી દેખાયાં - આ બધાથી પોતાનાપણાની ગંધ ઊઠી રહી હતી, જેનાથી મધુરતા અને નિરાશા મિશ્રિત ટીસ અંદરથી ઊઠી - થોડીવાર સુધી તે રહી અને સમજદારીપૂર્વક સમેટાઈ ગઈ .અન્દ્રેઈએ પ્રકાશ તરફથી મોં ફેરવી આંખો મીંચી લીધી - વધતાં અંધકારમાં તેને તે સૂકાં ઠુંઠા જેવું દેખાઈ રહ્યું હતું .પછી જયારે ગામ શાંત થઈ ગયું ત્યારે તે એક જ પહેલેથી નિર્દિષ્ટ અને તૈયાર ક્ષણમાં નિશ્ચયપૂર્વક ઊભો થઈ ગયો, હાથોને કષ્ટ આપ્યા વિના હળવેથી માથું હલાવીને જ ક્રોસનું નિશાન બનાવ્યું અને નીચે અંગારા તરફ ચાલવા લાગ્યો .જામેલાં બરફ પરથી પસાર થતો તે હમાંમખાના સુધી

પહોચી, સીધા કિનારા પર ચઢી ગયો અને દીવાલની પાસે વિચારમાં ડૂબેલા જેવો જડ થઈ ગયો - સાવધાનીના કારણે એટલો નહી જેટલો આગામી ક્ષણનાં મહત્વના કારણે થયો હતો .બારણાં પાસે જ તેણે અનુભવ કરી લીધો કે અંદરથી તાપ ખેંચાતો આવી રહ્યો છે.

તે હમાંમખાનામાં ઘુસી ગયો અને બારણું બંધ કરી દીધું .તેણે વગર ઉતાવળે પગ પરથી ભારે અને ભીના, આખો દિવસ હેરાન કરતાં રહેનાર નમદાનાં જૂતાં ઉતારી દીધાં .ત્યારબાદ તૈયાર થઈને દુષ્ટ અને વિજયભાવથી ગણગણતાં હસી પડ્યો .તે પોતાને મહામુશ્કેલીએ રોકી શક્યો કે તે આખાં વાતાવરણને બીવડાવતા શોર મચાવવા ન લાગે, જોરથી ચીસ ન પડી ઉઠે, ગાવા ન લાગે - મન ભરીને ખુશી ન માણે.

તેને અહીં નાસ્ત્યોનાની યાદ સુધ્ધાં ન આવી, તેનાં માટે એટલું જ પૂરતું હતું કે હમાંમખાનું ગરમ છે.

પ્રકરણ ૧૪

બસ – શરૂ થઇ ગયું .નાસ્ત્યોનાએ ભલે ગમે તેટલી ચોકસાઈ રાખી હોય, તૈયારી કરી હોય પણ બધું એકદમ અચાનક જ શરૂ થઇ ગયું.

એપ્રિલમાં, જયારે બરફ ઓગળ્યો જ હતો, ત્યારે મિખેઈચ અને નાસ્ત્યોનાએ લાકડાં કાપવાનું કામ હાથમાં લઇ લીધું .લાકડીઓ તેઓ ગામની પાસે જ ચીરી રહ્યાં હતાં, જેથી જયારે બંનેનો ખાલી સમય મેળ ખાતો હોય ત્યારે તેઓ કલાક બે કલાક માટે અહી ભાગી આવે, જેટલી વાર સંભવ હોય તેટલી વાર આરી ચલાવે બંને અને પછી પાછાં .લાકડાં કાપવા ઘણું કરીને મિખેઈચ એકલો જ જતો હતો, પછી નાસ્ત્યોના એ જ પ્રમાણે ભાગતી - દોડતી આવતી અને કાપેલાં લાકડાંને એકની ઉપર એક મૂકતી જતી . પણ આ વર્ષે લાકડાં ચીરવાનું કામ સારી રીતે નહોતું થઇ રહ્યું, મિખેઈચ બહુ જલ્દી થાકી જતો હતો અને લઠ્ઠામાંથી એક ભાગ ચીરીને આરામ કરવા લાગતો .લઠ્ઠા વગર તો પહેલાં પણ કામ ચાલતું નહોતું, ત્યારે હવે તો કોઇપણ સ્થિતિમાં આવતા શિયાળામાં તેમનો જ ભરોસો હતો.

મિખેઈચ બંદૂક સાથે લેતો નહોતો, તેની અહીં, ગામથી એક વેર્સ્તા જેટલી દૂરી પર કોઈ જરૂર નહોતી . પણ જંગલમાં આ કામે છેવટે મિખેઈચના શિકારી આત્માને બેચેન કરી જ મૂક્યો :તે કારતૂસ તૈયાર કરવા લાગ્યો, તેણે પોતાની બંદૂક સાફ કરી લીધી અને એક દિવસ જંગલ તરફ જવા નીકળતાં પહેલાં ભંડારનું બારણું બંધ કરતાં બહુવાર સુધી રોકાઈ રહ્યાં બાદ તેણે અચાનક પૂછી જ લીધું:
“વહુ, તેં અન્દ્રેઈની બંદૂક તો ક્યાંય નથી જોઈને? મેં બધી જગ્યાએ શોધી લીધું, પણ ક્યાંય દેખાઈ નહી -

જાણે ધરતી ગળી ગઈ હોય એમ લાગે છે."

જવા માટે સસરાની રાહ જોતી નાસ્ત્યોના આ સાંભળીને આરીને હાથમાં પકડીને આંગણાની વચ્ચોવચ ઊભેલી જાણે ત્યાં ને ત્યાં જ થીજી ગઈ .તેને આ સવાલની જ લગાતાર બીક લાગી રહી હતી, ઘણાં પહેલેથી જ જવાબ આપવા તૈયાર હતી, પણ તેમ છતાં તે એ સવાલ સાંભળીને એકદમ હ્તભ્રમ થઇ ગઈ .કાશ, અત્યારે સસરાને જવાબ ન આપવો પડ્યો હોત, અત્યારે નહી - ફરી કોઈવાર, પ્રસંગ બિલકુલ અનુકૂળ નથી

"ક્યાંય નથી જોઈ તેં?" તેનો પીછો ન છોડવા તૈયાર મિખેઈચે ફરી પૂછ્યું.

"જોઈ હતી," નાસ્ત્યોનાએ મૂર્ખામી અને ગભરાટભર્યા સ્મિત સાથે સ્વીકાર કરી લીધો અને મોટેથી ન બોલવું પડે એટલા માટે મિખેઈચની પાસે આવીને કહ્યું, "બાપુ, મેં તે વેચી દીધી." વિશેષ ક્ષણોમાં તે તેને બાપુ કહીને સંબોધતી હતી.

"વેચી દીધી? ક્યારે વેચી દીધી, કોને.?"

"ઘણાં દિવસ થઇ ગયાં .તમને કહેતાં બીક લગતી હતી, બી રહી હતી કે ગુસ્સે થશો .જયારે અધિકારીને કાર્દા પહોંચડવા ગઈ હતી ...ત્યારે તમે બોન્ડના કારણે મારાં પર નાખુશ થઇ ગયાં હતાં -હું પણ વિચારવા લાગી હતી કે આટલી મોટી રકમ ક્યાંથી આવશે ? મુર્ખામીમાં બોલી તો ગઈ, પણ લાવીશ ક્યાંથી? અને તેણે બંદૂક જોઈ લીધી હતી, તેનેગમી ગઈ .પાછળ જ પડી ગયો કે વેચી દે, વેચી દે તેને . બસ, વેચી દીધી.....તેણે મને રાજી કરી લીધી."

"વહુ તું શું બોલી રહી છે તે મને સમજાતું નથી ! કોણે જોઈ? કોણે રાજી કરી લીધી? સમજાતું નથી મને તો કંઈ."

"કાર્દામાં એક માણસ હતો .હું તેને નથી ઓળખતી, એટલું યાદ છે કે તે ફૌજી ઓવરકોટમાં હતો .કાત્યા રીબ્નસ્તોવા છે ને, અફનાસ્ત ખ્લીસ્તોવનાં દીકરાની વહુ, તે તેને ઓળખે છે, તેની સાથે એવી રીતે વાતચીત કરી રહી હતી જાણે પોતાનું જ માણસ હોય .મને પુછતાછ કરવું સારું ન લાગ્યું કે કોણ છે, ક્યાંનો છે .સોદો થઇ ગયો - બસ પતી ગયું."

"તો તું બંદૂક શું પોતાની સાથે લઇ ગઈ હતી ?"

“હા,પોતાની સાથે .વિચાર્યું હતું, પાછા ફરતાં અંધારામાં આવવું પડશે ....બીક તો લાગે ને.”

“અને વેચી દીધી?”

“હા, વેચી દીધી.”

મિખેઈચને આ સમાચાર મળ્યાં ત્યારે તે ભંડારઘરની સામેના ચોતરા પર કરચલીઓવાળા, ખેંચથી સન થઇ ગયેલ, અસુંદર ચહેરે અને ઉઘાડું મોં લઈને ઊભો હતો, તેનું માથું સામે નાસ્ત્યોના તરફ લંબાયેલું હતું અને તે કંઈપણ સમજવામાં અસમર્થ આંખો મટમટાવી રહ્યો હતો.

“તું, નાસ્ત્યોના, મારી સાથે મશ્કરી તો નથી કરી રહીને? તું સાચું કહી રહી છે?” તે હજી પણ વિશ્વાસ કરવા નહોતો ઇચ્છી રહ્યો.

“સાચે જ .મારે ત્યારે જ કહી દેવું જોઈતું હતું - ટાળતી રહી, બી રહી હતી.”

“તું શું એમ વિચારે છે; અન્દ્રેઈ પાછો આવશે ત્યારે તારાં આ કામ માટે તારો આભારી બનશે? કે પછી બીજું કંઈ ?”

“આવશે ત્યારે બંદૂક પણ નવી આવી જશે .હું તો એ જ ઈચ્છતી હતી કે કોઈપણ રીતે અત્યારે કોઈ રસ્તો નીકળી આવે, કોઈ મારાં માટે ઓછું કર્યું છે?”

“નવી આવી જશે ....મિખેઈચ ગણગણ્યો અને હળવે રહીને માથું ધુણાવ્યું - જાણે નાસ્ત્યોના સાથે નહી પણ કોઈ વિષાદપૂર્ણ વિચારથી સંમતિ દર્શાવી રહ્યો હોય .આ વિચારને અંતિમ નિર્ણય સુધી ખેંચતાં તે ચૂપ રહ્યો અંને કંઈ યાદ કરીને, ચહેરાને જરા એક તરફ વાળતા, સારી રીતે સાંભળવા કાન આગળ કરતાં તેણે પૂછી લીધું,” તો પછી કેટલામાં વેચી દીધી?”

આ આખી કહાણીની સૌથી નાજુક અને સૌથી રોચક ક્ષણ આવી પહોચી.

“હમણાં જ આવું,” વાયદો કરીને નાસ્ત્યોના ઘરમાં ચાલી ગઈ અને તેણે થેલાના કપડામાં લપેટેલી ઘડિયાળ કાઢી, જે તેને એકવાર અન્દ્રેઈએ આપી હતી .જયારે તે પાછી ફરી ત્યારે મિખેઈચ ભંડારનો ચોતરો ઊતરીને દાદરા પર બેસી ગયો હતો .“આ રહી” નાસ્ત્યોનાએ તેની તરફ ઘડિયાળ લંબાવી.

મિખેઈચ એ જોઈને ખમચાયો, પછી સીધો ઊભો થઇ ગયો.

"આ વળી શી બલા છે?" તે વિસ્મયચકિત થઇ ગયો, તેનો ચહેરો વધારે જોર નાંખવાને લીધે ફરીથી કરચલીઓથી ભરાઈ ઊઠ્યો.

"ઘડિયાળ .આ ઘડિયાળ છે," નાસ્ત્યોનાએ ઝડપથી સમજાવ્યું ."મેં બંદૂક પૈસાનાં બદલામાં નહીં પણ આના બદલામાં વેચી દીધી .સમજી લો, બસ અદલબદલ કરી લીધી .ઘડિયાળ વેચવી સહેલી છે, તે માણસ કહી રહ્યો હતો કે આ ખાસ વિદેશી ઘડિયાળ છે, આની કિંમત બહુ છે .તમે જુઓ તો ખરા, આમાં ત્રણ ત્રણ સોયો છે." નાસ્ત્યોનાએ ઝડપથી ચાવી ફેરવી દીધી, જાહેર હતું કે તે તેણે પહેલીવાર હાથમાં નહોતી લીધી, અને ઘડિયાળ મિખેઈચના હાથમાં પકડાવી દીધી, " જુઓ તો :મોટી પાતળી સોય જોતજોતામાં ભાગતી ચાલી રહી છે, એવી ઉડતી જઈ રહી છે, એવી ઉડતી જઈ રહી છે, મેં તો મારી જિંદગીમાં આવી ઘડિયાળ નથી જોઈ .જુઓ તો, લોકોએ પણ કેવી કેવી વસ્તુઓ શોધી કાઢી છે, કેટલી સરસ છે.....અને હંમેશા ચોક્કસ સમય બતાવે છે, ખોટું નથી બોલતી." મિખેઈચે ડરતાં ડરતાં ઘડિયાળને એક હથેળીમાંથી બીજી હથેળીમાં, સંભાળતા, હાથમાં ફેરવીને, ઘુમાવીને જોઈ અને તરત પછી આપી દીધી .અંધારામાં ઘડિયાળ ચમકે છે, આ ટપકાંઓ સફેદ પ્રકાશની જેમ બળે છે, બધું દેખાય છે, " અજાણ્યાં દુસાહ્સી ઉત્સાહ સાથે નાસ્ત્યોનાએ જોડ્યું અને ચૂપ થઇ ગઈ.

" બંદૂક, ઘડિયાળ સાથે, આ રમકડાં સાથે", સાનમાં આવતાં મિખેઈચે પોતાનો અભિપ્રાય આપ્યો, "વાહ, વાહ."

"ઘડિયાળ વેચવી સહેલી છે ....બંદૂક તો અહીં બધાની પાસે છે, પણ ઘડિયાળ ....તે પણ આવી ઘડિયાળ ....આને તો બસ બતાડવાની વાર છે, જોતા જ લોકો લેવા તૂટી પડશે."

"અરે ઓ મૂરખ, ઝપટશે તારાં માથા પર ભમરીઓ, તું જરા અક્કલથી કામ લેતી, આંખો મીંચીને ગમે તે વસ્તુ ઉપાડી લાવી .તું આ કોને વેચશે, આની કોને જરૂર છે?! સમય માટે એટલો મોટો સૂરજ જો ઉગે છે."

"અંધારામાં ચળકે છે," શબ્દો યાદ કરીને ભડકી ઊઠ્યો કે આ વાતને નાસ્ત્યોનાએ ઘડિયાળ માટે તેનાં મુખ્ય ગુણ તરીકે ગણાવી હતી અને થુંક્યો, મારે આનું, આ પ્રકાશનું શું કરવું છે? એમાં શું જોઉં?"
"ઈન્નોકેન્તી ઈવાનોવિચ ખરીદી લેશે," નાસ્ત્યોનાએ હાર ન માની, "મને ખબર છે, તેને ગમી જશે, તેને આવી વસ્તુઓ ગમે છે - બસ તેને બતાવવાની વાર છે .જે અધિકારીને હું પહોચાડવા ગઈ હતી તે તો આને બેહજાર રૂબલમાં માંગી રહ્યો હતો," વિશ્વાસ અપાવવા માટે તેણે વધારામાં એમ પણ જોડી દીધું કે,

“અને એવી રીતે માંગી રહ્યો હતો.....”

“કેટલામાં, કેટલામાં?”

“બેહાજારમાં.”

“જો તને આવો મૂરખ મળી જ ગયો હતો તો પછી તેં આપી કેમ ન દીધી?”

“આની કિમત કદાચ વધારે છે.”

“તો પછી વધારે વાળાને શોધ .હું પણ જોઉં, તું કેવી રીતે શોધે છે .બે હજાર રૂબલ....પેલો તારો અધિકારી તને મૂરખ બનાવી રહ્યો હતો અને તેં વિશ્વાસ કરી લીધો .ખેર,” તેણે વાત કાપી દીધી, “જોઈએ હવે . આમેય તારી આ ઘડિયાળના ચક્કરમાં કેટલો બધો સમય નષ્ટ થઇ ગયો .તેં મને વિશ્વાસ અપાવી દીધો, એટલું જ બહુ છે .દૂર કર એને મારી નજરો સામેથી, ભગવાનને ખાતર દૂર કરી લે.”

તેઓ નીકળી પડ્યા કામે .પણ નાસ્ત્યોનાને લાગતું હતું કે આ વાતચીત હજી પૂરી નહોતી થઈ અને મિખેઈચ ફરીથી આને શરૂ કર્યાં વિના નહી રહી શકે - તેમને હજી ઘણીવાર સુધી એકબીજાની સાથે રહેવાનું હતું અને અત્યારે હવે કોઈ બીજી વસ્તુ વિષે વાત કરવી એટલુ સરળ નહોતું .નાસ્ત્યોના બી રહી હતી, જો કે તેને આશા હતી કે આજ માટે સૌથી ભયંકર વાર્તાલાપથી રાજા મળી ગઈ છે, હવે તેનાં માટે પોતાનાં શબ્દો પર ટકી રહેવું આવશ્યક છે, તે બિલકુલ ડગમગે નહીં અને આવી રીતે જ નાસમજ બની રહે તે જરૂરી હતું.એને એ વાતનો સંતોષ હતો કે ઓછામાં ઓછું એક થક્વનારી, ભારે પ્રતીક્ષાનો તો અંત આવ્યો - સારી રીતે કે ખરાબ રીતે, પણ એક ખોવાયેલી વસ્તુની ચોખવટ તો થઈ ગઈ .જો બધું ચૂપચાપ ચાલતું રહ્યું તો પાછળથી સરળતા રહેશે - બેશક, એ મઝાની ક્ષણ સુધી, જયારે ખોવાયેલી નહી પણ પામેલી વસ્તુની સફાઈ આપવી પડશે - આવનાર બાળકની .પણ એ હજી દૂરની વાત છે, જો કે તેમાં હવે શંકાને કોઈ સ્થાન નહોતું.

પોતાની નક્કી જગ્યાએ પહોચીને તેઓ વગર વાર કર્યે વૃક્ષોને પાડવાનાં કામમાં લાગી ગયાં .મિખેઈચ જે બાજુ વૃક્ષોનો ઝુકાવ હતો એ બાજુ બેચાર કુહાડીઓ મારી અને બીજી બાજુથી તેનાં પર આરી ચલાવવા લાગ્યાં .ઝાડ જાડું નહોતું - તેઓ કાપવામાં સહેલું પડે તેવું જ ઝાડ પસંદ કરતાં હતાં, તેમ છતાં પણ ખબર નહી કેમ આરી ભારે ચાલી રહી હતી અને બહુ તાકાત લગાવવી પડી રહી હતી; મિખેઈચનો શ્વાસ જલ્દી જ ફૂલવા લાગ્યો અને તે ખાંસવા લાગ્યો .તેનાં શાંત થવાની રાહ જોતી નાસ્ત્યોના જમીન પર બેસી ગઈ અને ત્યાં તેને ગયાં વર્ષનાં ઘાસ વચ્ચે અચાનક ઝાંખું લીલું નવું ઘાસ દેખાઈ ગયું - તે

પળવાર ચમક્યું અને ઓઝલ થઈ ગયું .પણ નાસ્ત્યોનાએ નીચા નમીને તેને ફરીથી શોધી લીધું, નજીકમાં જ તેને બીજું ઘાસ પણ મળી ગયું, પછી વધારે .બીજુ . તેણે એક તણખલું તોડી લીધું અને હાથમાં લાડપૂર્વક પંપોળતી વિચારમાં ડૂબી ગઈ, જાણે કોઈ મહત્વપુર્ણ દૂરસુદૂરનાં એ વિચારને સમીપ લાવી રહી હોય, જે તેનાં માટે કોઈ આશાનો સંદેશ લઈને આવવાનું સામર્થ્ય ધરાવતો હતો, પણ આ વિચાર નાસ્ત્યોનાને ચીઢવતો હોય તેમ તેનાં હાથમાં ન આવ્યો, દૂર સરકી ગયો .ખાંસીને મિખેઈચ પાસે આવી ગયો અને નાસ્ત્યોનાએ તે બતાવતા કહ્યું:

"જુઓ, નવું ઘાસ પણ નીકળી આવ્યું .આજે પહેલી વાર જોઈ રહી છું."

જવાબ આપ્યા વિના તેણે આરી પોતાની તરફ ખેંચી લીધી .નાસ્ત્યોના પોતાનાં બોલ્યાનો અફસોસ કરી ઊઠી :એમ લાગી રહ્યું હતું કે તે સસરાની ખુશામત કરી રહી છે, ઘાસ વડે પોતાની ભૂલ ભૂંસવાનો પ્રયત્ન કરી રહી છે.

દિવસ ઉઘાડવાળો હતો પણ જાણે શાંત અને ફિક્કો ફિક્કો, સુસ્ત જેવો લાગતો હતો .આસમાનમાં સૂરજ હોવા છતાં પણ લાગતું હતું કે તપતાં તપતાં તે બિલકુલ દુર્બળ થઈ ગયો હતો, તેનો ક્ષીણ પ્રકાશ જમીન સુધી ન પહોચતા હવામાં જ ક્યાંક લટકી ગયો હતો .ક્યાંક ખિસકોલી સીટી વગાડી રહી હતી, દૂર પહાડ પર કૂતરો ભસી રહ્યો હતો, જુનું ઝાડ ચરમર કરી રહ્યું હતું પણ આ ધ્વનિઓ નિસ્તબ્ધતામાં કોઈ ખલેલ નહોતાં પહોંચાડી રહ્યાં, પણ ઉલટાનો તેઓ તેનો બોજ હળવો કરી રહ્યાં હતાં .એવું લાગી રહ્યું હતું કે જાણે આજનો દિવસ ખાસ કરીને આટલો અગોચર અને એકાંતમય હતો, જેથી કરીને વગર કોઈ ભયે ઘાસ અંધારામાં જ બહાર નીકળી આવે અને વૃક્ષો પર કૂંપળો ફૂટી આવે .સરુ વૃક્ષ અંતે ચરમર કરી ઊઠ્યું .તેનું શિખર કાંપી ઊઠ્યું, એકવાર ફરીથી તે રોકાઈ રહેવાનાં, સ્થિર ઊભા રહેવાના હતાશાભર્યા પ્રયાસથી જડ થઈ ગયું પણ ઊભું ન રહી શક્યું - પડવા લાગ્યું અને પોતાનાં બચેલાં તંતુઓને ફાડતું ઢગલો થઈ ગયું . મિખેઈચ અને નાસ્ત્યોના કૂદીને દૂર હટી ગયાં .થડનો નીચેનો ભાગ ગોળ ફરી ગયો, થડ હવામાં ડોલી ઊઠ્યું અને ધડામ કરતું પડી ગયું - તૂટેલી ડાળી હવામાં બહુ ઊંચે ઊછળી, ઝાડીઓ હાલી ઊઠી, નદીની પેલે પાર પડઘાં ગૂંજી ઉઠ્યાં .મિખેઈચે લાકડીઓનાં ઢગલાં પાસેથી કુલ્હાડી ઉઠાવી લીધી અને ડાળીઓ કાપવા ચાલ્યો ગયો, નાસ્ત્યોના હમેશની જેમ તેમને ઢગલામાં એકઠી કરતી જઈ રહી હતી.

પછી સરુ વૃક્ષને ચીરવા માટે તૈયારી કરી તેઓ આરામ કરવા બેઠાં ત્યારે મિખેઈચે પૂછ્યું: "નાસ્ત્યોના, તને સાચેસાચ જ ખબર નથી કે અન્દ્રેઈ ક્યાં છે?"

આવાં સવાલની તો તેણે અપેક્ષા જ નહોતી કરી - બીજા કોઇપણ સવાલ માટે તે તૈયાર હતી, પણ આવા સવાલ માટે તો બિલકુલ નહીં; આ તો અણધાર્યો, હકીકતમાં બીવડાવનારો સવાલ હતો.

“અન્દ્રેઈ?” તે ચોંકી ઊઠી અને તેનો ભય સફળતાપૂર્વક તેનાં વિસ્મયને સાથ દઈ બેઠો, “મને ક્યાંથી ખબર હોય ? એવું શા માટે પૂછી રહ્યાં છો તમે?”

“એટલે કે ખબર નથી તને?”

“સાચે જ કંઈપણ ખબર નથી .જેટલી તમને ખબર છે તેટલી જ મને .બીજું કંઈ મને ક્યાંથી ખબર પડે? એક જ ઘરમાં તો રહીએ છીએ આપણે.”

તેણે નાસ્ત્યોના તરફ એકીટશે, દર્દભરી નજરે જોયું - તે તેની તરફ જોઈ નહોતો રહ્યો પણ તેને પરખી રહ્યો હતો, જાણે તેને તેનાં શબ્દો પર વિશ્વાસ નહોતો બેસતો અને તે તેનાં ચહેરા પરથી, તેનાં હાવભાવ પરથી વાંચી-સમજી લેવા ઈચ્છતો હોય કે તે શું વધારે જાણે છે.

“મેં વિચાર્યું કે તને કદાચ કંઈ બીજી ખબર હોય .ખબર હોય અને કહેવા ન ઈચ્છતી હોય .તો તું તે... કહી દે .નાસ્ત્યોના .મને એકલાને કહી દે .છૂપાવ નહી મારાથી.”

"સંતાડવાનું શું છે?” પોતાની જાતને જાતને સંભાળી, હોશમાં આવી તેણે દ્રઢતાપૂર્વક જવાબ આપવાનું શરૂ કર્યું, “ કમાલ છે, હું વળી તમને શું કહું? જો કંઈ કહેવા લાયક હોત તો શું હું કહેત નહી તમને? મને તો તમને જેટલી ખબર છે તેટલી જ ખબર છે.”

“અરે, મેં તો બસ આમ જ પૂછી લીધું ...અને પૂછી પણ એટલા માટે લીધું કે તું છેલ્લાં કેટલાંક દિવસોથી ખબર નહી કેમ, કેવી થઇ ગઈ છે ?”

“કેવી વળી?” જાણવાની જિજ્ઞાસાથી નાસ્ત્યોનાએ અચરજ વ્યક્ત કર્યું.

“જાણે પહેલાં જેવી રહી જ નથી .હોઈ શકે છે, મને ખાલી એવું લાગી રહ્યું હોય....પણ હું જીવતાં જીવ કલ્પનામાં પણ વિચારી નહોતો શકતો કે તું વગર પૂછ્યે બંદૂક કોઈ આડીઅવળી ઘડિયાળ સાથે બદલી લેશે .અત્યાર સુધી તો તારામાં એવી કોઈ વાત નહોતી .વહુ, તને કંઈક થતું જઈ રહ્યું હોય એમ લાગે છે - બંદૂકની વાત સિવાય પણ દેખાય છે તારાં વર્તનમાં .હરઘડી જાણે કોઈ વસ્તુથી બીતી રહેતી હોય એમ લાગે છે....હરઘડી જાણે ઉતાવળમાં રહે છે...અમને છોડીને જવાની તૈયારી તો નથી કરી રહીને?”

"ના -ના, હું વળી ક્યાં જઈશ? જ્યાં સુધી તમે જાતે નહીં કાઢી મૂકો ત્યાં સુધી ક્યાંય નહીં જાઉં," સાચા દિલથી, પોતાની ભીતર છુપાયેલી સચ્ચાઈથી તેણે જવાબ આપ્યો, "જલ્દી જ કદાચ યુદ્ધ પૂરું થઇ જશે - કંઈ તો થશે."

"પણ તે છે ક્યાં?"

"મને ખબર નથી, તે ક્યાં છે, મેં કહી તો દીધું."

"અરે વહુ, હું હવે તને ક્યાં પૂછી રહ્યો છું."

તેઓ ફરી આરી ચલાવવાના કામમાં લાગી ગયાં; નાસ્ત્યોના તેને આગળ-પાછળ, પોતાની તરફથી અને પોતાની તરફ ચલાવતાં ચોરીછુપી સસરા પર નજર નાંખી રહી હતી, તે એ સમજવાનો પ્રયત્ન કરી રહી હતી કે તેને તેની વાત પર તેનો વિશ્વાસ થઈ ગયો છે કે નહીં .એક એ જ વાત કે તેને શંકા થઈ ગઈ - નાસ્ત્યોના અન્દ્રેઈ વિષે કંઈ વધારે જાણે છે -એ સારો સંકેત નહોતો .હવે એ અટકળ કરવી મુશ્કેલ નહોતી કે હવે તે તેનાં પર નજર રાખવા લાગશે - ભલે ને તેને હમણાં તેની વાત પર વિશ્વાસ થઈ ગયો હોય, તેમ છતાંય અનિચ્છાએ પણ તેની પર નજર રાખવા લાગશે કારણ કે શંકાથી છૂટવું એટલું સહેલું નથી . એકવાર પ્રગટ થતાં જ તેનું અસ્તિત્વ સ્વતંત્ર થઈ જાય છે અને પછી માણસ તેનાં પર નહીં પણ તે માણસ પર હાવી થઈ જાય છે, તેનાં મનોમસ્તિષ્ક પર છવાઈ જાય છે, હવે નાસ્ત્યોનાને બમણું, ત્રણ ગણુ, અને એનાથી કદાચ વધારે સાવધાન રહેવું પડશે .પોતાનાં દરેક પગલાંને ગણતરીપૂર્વક ઉઠાવવા પડશે .આમેય હવે શું હિસાબ રાખશે, શી સાવધાની રાખશે, જ્યાં બે મહિનામાં તેનું જ પેટ બહાર નીકળી આવશે, તેનાં માટે તો તે બંદૂક જેવું બહાનું કાઢી નથી શકવાની- આ ઘડી તો જિંદગીમાં એકને એક દિવસ આવવાની જ છે .નાસ્ત્યોના કલ્પના કરી શકતી નહોતી કે આગળ શું થશે, એ એની વિચારશક્તિ બહારની વાત હતી; જે પરિસ્થિતિ આવી પડવાની હતી તેની કોઈની પણ સાથે તુલના કરી શકાય એમ નહોતું; તેની તો વગર કંઈ કર્યે નતમસ્તક રાહ જ જોવી રહી, જ્યાં સુધી લોકોને ખબર ન પડી જાય કે તેની સાથે શું થયું છે, જ્યાં સુધી લોકો તેનાં પર આંગળી ઉઠાવવાનું અને પૂછવાનું શરૂ ન કરે ત્યાં સુધી - . અને ત્યારે તે હાથપગ પછાડવાનું શરૂ કરશે, કંઈ કરશે, પણ તે માત્ર પોતાની તાકાતનાં બળ પર, જેની તેને એકલીને ત્રણેને બચાવવા માટે જરૂર પડશે .તે અત્યારે જાણતી નહોતી કે તે તાકાત પૂરી પડશે કે નહીં અને પહેલેથી એ વિષયમાં વિચારવા પણ નહોતી ઈચ્છતી .તેને એ વાતનો પૂરો વિશ્વાસ હતો કે તે કમજોર નથી પણ સાથે સાથે બી પણ રહી હતી કે તાકાત અને ધીરજ સિવાય બીજી કોઈ વસ્તુની જરૂર પડશે તો, જે તેનામાં નહી હોય તો શું .કહેવા માટે તો કોઇપણ કલંક સહી શકાય, પણ શું બધાં લોકોને,

આખી દુનિયાને એકસાથે દગો દઈ શકાય, કોઇપણ કદાપિ કોઈ સત્ય જાણી ન શકે એ શક્ય છે? શું એના માટે એક માણસ, તેની ચાલાકી અને સૂઝબૂઝ, ભલેને પછી તે ગમે તેટલી સફળતાપૂર્ણ શા માટે ન હોય તેમ છતાં તે ઓછી નહી પડે? શું આ પાપ એ બધાંથી ઘણું મોટું નથી? પોતાની જાતથી પણ વધારે મોટું, પેલી બાકી બચેલી જિંદગીથી પણ મોટું - જે આ પાપના પ્રાયશ્ચિતમાં લગાવવી પડશે.

કોઈ ઉપયુક્ત ક્ષણે સસરાની સામે બધું સાચેસાચું કહી દેવાની તેને અદમ્ય ઈચ્છા થઈ આવી કે તે ગર્ભવતી છે, જેથી એની સાથે સાથે જ ભવિષ્યમાં રહસ્ય ખૂલવાનાં સૌથી કપરાં ભયથી મુક્તિ મળી જાય . જો તે આ વાત સ્વીકારી લે, પછી ભલેને મોડેથી, કદાચ મુશ્કેલીપુર્વક, પણ અંતમાં સ્વીકાર કરી લેત તો નાસ્ત્યોનાને બહુ મોટી રાહત રહેત, બાકી બીજું બધું તો તે સહન કરી લેત .પણ તેને મિખેઈચ પર દયા આવી ગઈ .તેણે વિચાર્યું કે તે કેવી રીતે ભયથી જડ થઈ ગયો છે, કેવાં ભારે અને દુઃખી વિચારથી તેણે માથું ઝુકાવી દીધું છે, અત્યારે તે આવાં પ્રસંગે પૂછવામાં આવે તેવાં પ્રશ્નો માટે હિંમત એકત્ર નહી કરી શકે -ના, મિખેઈચને માટે આજે એકલી બંદૂકવાળી વાત જ પૂરતી છે અને નાસ્ત્યોના માટે તેમની વચ્ચે થયેલી વાતચીત .એવું ન બને કે તે સ્વીકાર કરીને સસરાની શંકા વધારી દે અને અત્યારે જે તેને કદાચ લાગી જ રહ્યું છે તેનાં પર વિશ્વાસ બેસાડી દે .નાસ્ત્યોનાને બીક હતી કે મિખેઈચ તેને સૌથી વધારે જાણે છે અને તેની વિચિત્ર મનગઢંત વાતો પર વિશ્વાસ નહીં કરે ત્યારે બધી વાતો ગૂંચવાઈ જશે અને અન્દ્રેઈ તરફ ઈશારો કરી ઉઠશે - એવું તો બનવું જ ન જોઈએ; કોઈપણ સંકેત, અસાવધાની તેના માટે સંપૂર્ણ વર્જિત છે.

તેમણે સરુ વૃક્ષ ચીરી લીધું અને જવાની તૈયારી કરવા લાગ્યાં :સમય વધારે બચ્યો નહોતો .દિવસ ઢળી ગયો હતો .એક જ આકાશમાં અલગ અલગ દિશામાં સૂરજ અને ચંદ્રમા મળી ગયાં હતાં; પાતળો અને ધારદાર બીજનો ચાંદ આછા તડકામાં ઝગમગી રહ્યો હતો .નાસ્ત્યોના તેમને સાથે જોઈને દરેક વખતે કોઈ વાતથી બીવા લાગતી હતી અને સમજી નહોતી શકતી કે તેઓ જુદાં શા માટે નથી થઇ શકતાં .હવે તેને પણ ન જાણે શું થવા લાગ્યું હતું .આંખનું મટકું માર્યા વિના તે આખી આંખો ખોલીને સૂરજ તરફ જોઈ રહી હતી અને તેને લાગી રહ્યું હતું :તે અનુભવ કરી રહી છે કે કેવી રીતે ચંદ્રમાની ચુભતી શીતળ કિરણો તેને સ્પર્શી રહી છે.

જતાં પહેલાં મિખેઈચ થડનાં ટૂકડા પર બેસી ગયો અને નાસ્ત્યોના સાવધ થઇ ગઈ -એ બીકે કે તે ક્યાંક ફરીથી અન્દ્રેઈ વિષે બોલવા ના લાગે .પણ તે એકલાં જતાં રહેવાનો નિશ્ચય કરી શકતી નહોતી; તે નહોતી ઈચ્છતી કે તે એમ વિચારી લે કે તે તેનાથી ભાગી રહી છે .તેણે સિગારેટ બનાવીને સળગાવી લીધી અને બે મિનિટ ધુમાડો છોડીને ઊભો થઈ ગયો; નાસ્ત્યોનાને યાદ આવ્યું કે તેને ચાલતાં ચાલતાં

તમાકુ પીવું ગમતું નથી .તેઓ મૌન અને અપ્રિય અકથનીયતાથી બંધાયેલા ગામમાં પાછાં ફર્યા.

નાસ્ત્યોના ઘરનું કામકાજ કરતી વખતે સાંજના સમયે ઘણીવાર એ ભયપૂર્ણ ગભરાટથી ભરાઈ ઉઠતી હતી કે તે વ્યક્તિ, જેણે આજે મિખેઈચને ગરબડમાં નાંખવાનો પ્રયત્ન કર્યો હતો, પણ નાંખી શકી નહોતી, બસ સાવધાન જ કરી શકી હતી -એ વ્યક્તિ, જેનાં વિષયમાં વિચારતાં, કલ્પના કરતાં પણ બીક લાગે છે, તેની સાથે શું થશે, જે જાણીબૂઝીને પોતાને બરબાદ કરવા માટે એકપછી એક મૂર્ખામી કરતી જઈ રહી છે, જેનું ભવિષ્ય આવતાં મહિનાઓથી આગળ નજરે પડતું નથી અને વર્તમાન ભિન્ન ભિન્ન છે, અલગ થલગ એકબીજા માટે અજાણ્યા ટુકડાઓમાં વહેચાઈ ગયેલું છે – તે વ્યક્તિ બીજી કોઈ નહી પણ તે પોતે છે, તે ભયગ્રસ્ત થઈ ગઈ હતી, ભય પારખવાવાળો હતો, દીર્ઘ હતો, જાણે ઘણાં લાંબા સમયનો હિસાબ લગાવીને બેઠો હતો, અને ચંચળ આજ્ઞાકારી હતો : ઈચ્છા થતાં દૂર થઈ જતો હતો, જાણે એ બતાવતો હોય કે તેનો સમય હજી નથી આવ્યો, થોડીવાર પછી ફરીથી આવીને ઘેરાઈ વળતો હતો અને ફરીથી દૂર થઈ જતો હતો - પોતાની પાછળ કોઈ વિશેષ યાતનાભરી બેચેની છોડીને .આ બેચેની ઓછી નહોતી થતી, નાસ્ત્યોના તેને જીતી શકતી નહોતી .તે જોઈ રહી હતી કે આજે જિંદગીએ એ વિશેષ દિશા તરફ વળાંક લઈ લીધો છે, જ્યાં કંઈક થવાનું છે; જે રહસ્યની તેણે એકલીએ માલિક બની રહેવાનું હતું, તે આજે કદાચ બીજાની આંખો સામે ઝલકી ગયું હતું - આવી સ્થિતિમાં શાંત બની રહેવું સંભવ નહોતું . નાસ્ત્યોના આ વાત માટે પોતાને જ દોષ દઈ રહી હતી :એનો અર્થ એ કે તેણે સારી રીતે નહોતું વિચાર્યું, સારી રીતે કહ્યું નહોતું, સારી રીતે એ વાતને છુપાવી શકી નહોતી, જેના માટે વિશેષ ધ્યાન આપવાની જરૂર હતી, મિખેઈચને વિશ્વાસ નહોતી અપાવી શકી કે તે પહેલાં જેવી જ નિષ્કપટ અને આજ્ઞાકારી છે......

નાસ્ત્યોના બેચેનપણે સસરાનાં કામેથી પાછાં આવવાની રાહ જોવા લાગી, જેથી જોઈ શકે કે તે તેની સાથે કેવો વર્તાવ કરે છે, શું કહે છે, નાસ્ત્યોનાનું આ સમયે તેની પાસે રહેવું જરૂરી હતું - જો કોઈ ખરાબ વાતની ખબર પણ પડી તો અપ્રત્યક્ષ અને ગૂંચવાયેલી આશંકાઓના મુકાબલે સરળતા અને સ્પષ્ટતા તો થશે .તેને આશા હતી કે જો મિખેઈચના મનમાં કંઈ હશે તો તે સંતાડી નહી શકે, તરત કહી દેશે, જો કહેશે નહી તો કોઈને કોઈ રીતે જાહેર કરી દેશે .તે મનમાં દબાવી નહી રાખી શકે, તે એવો માણસ નથી, ન તો ચાલક છે, વાતને સ્પષ્ટપણે કહેવાનું પસંદ કરનાર છે.

પણ તેને ખબર હતી કે મિખેઈચ તબેલામાંથી અંધારું થઈ ગયાં પછી આવે છે - એટલે વ્યર્થમાં હેરાન થવાની જગ્યાએ પોતાને કોઈ કામમાં વ્યસ્ત કરવા ઘરનું કામકાજ પતાવીને તે નાદ્કાને ઘેર ચાલી ગઈ-

નાદ્કાને ત્યાં સાંજનું વાળું ચાલી રહ્યું હતું, એના કરતાં એમ કહેવું જોઈએ કે ખાવા માટે બેસી રહ્યા હતાં તેઓ .મેજ પર દરેકની સામે નાના-મોટાના હિસાબે વહેંચાયેલા બટાકા પડ્યાં હતાં :નાની લીદ્કા સામે ચાર, પેત્કા સામે પાંચ, રોદ્કા અને મા સામે છ, છ .અને રોટીનો એક ટૂકડો .નાસ્ત્યોનાને પણ ખાવા બેસવા માટે કહેવામાં આવ્યું પણ તેણે ના પાડી, પોતાનાં માટે ચા કાઢી તે લીદ્કા પાસે બેસી ગઈ . લીદ્કા તરફ જોયું નહોતું જતું :તેણે પળવારમાં જ પોતાની રોટી હોઈયા કરી લીધી અને બટાકા ઝાપટીને ભાઈઓના રોટીનાં ટુકડાં પર લાલચભરી નજર નાંખી રહી હતી .નાદ્કા તેનાં પર બરાડી ઊઠી, ક્યાંક છોકરીનાં ગળામાં કોળિયો અટકી ન જાય .લીદ્કા તરફ જોતાં નાસ્ત્યોના પોતાનાં હંમેશના ભારે વિચારોથી થાક અનુભવવા લાગી :આ બધું છેવટે ક્યારે પૂરું થશે? ક્યારે આ જિંદગી કોઈ બહારી ક્રૂરતા, કોઈ ઘોર નરકને આધીન નહી પણ માણસ પર નિર્ભર થશે? ક્યારે ઓછામાં ઓછું બાળકોને પેટ ભરીને ખાવાનું મળવા લાગશે? છેવટે તેમનો શો વાંક છે?

એ જ જબરદસ્ત ઝડપથી લીદ્કાએ બટાકા પૂરાં કર્યાં અને પોતાની સામે બીજું કંઈ ન જોતાં આશ્ચર્યથી ડગમગી ઊઠી - તેનાં હાથ હવામાં લટકતા રહી ગયાં અને ભૂખી, કંઈ શોધતી નજરો ફરવા લાગી. તેનાં ગભરાટ તરફ કોઈ ધ્યાન આપવા નહોતું ઇચ્છી રહ્યું :માએ એટલા માટે જ તો ખાવાનાની વહેંચણી પહેલાં જ કરી લીધી હતી, જેથી દરેક માત્ર પોતાનાં ભાગને ભરોસે જ રહે.

“ચા પી લે અને સૂઈ જા, “ માએ ઝાટકી અને છોકરીએ આજ્ઞાકારી બની ગ્લાસ પકડી લીધો.

નાસ્ત્યોનાથી રહેવાયું નહીં, તે રસોડાનાં ખૂણામાં ચાલી ગઈ, જ્યાં તેણે જોઈ લીધું હતું કે ટુવાલ નીચે કાલને માટે રાખેલી પાઉંરોટી પડી હતી, જો કે તેને યાદ હતું કે નાદ્કા ધમાલ મચાવી શકે છે તેમ છતાં પણ તેણે આ જોખમ પોતાનાં માથે વોરી લીધું અને તેણે એકબાજુએથી નાનો ટૂકડો કાપી લીધો અને લાવીને લીદ્કાને આપી દીધો, જેનાથી તે કદાચ તેની ભૂખ તો સંતોષી ન શકત તો ઓછામાં ઓછું તેને ફોસલાવી તો લેત જ .નાદ્કા ચૂપ રહી .પણ થોડીવાર પછી જયારે નાસ્ત્યોનાએ લીદ્કાને પોતાનાં ખોળામાં બેસાડી અને તેનાં દૂબળાં, કાંપતા નાનાં શરીરને પોતાની બાથમાં લીધું ત્યારે નાદ્કાએ ક્ષોભપૂર્વક ચીઢવતા કહ્યું:

“ખોળે તો નથી લેવા ઈચ્છતીને ?”

“શા માટે હું તારી પાસેથી લઉં? કોને ખબર, હું પોતે જ જલ્દી જણી ન લઉં, તને શી ખબર! ”

જવાબ તો તેણે આપી દીધો પણ તરત જ અફસોસ કરી ઊઠી :તેને આ શું સૂઝ્યું ? જયારે નાદ્કાને જો

કોઈ ગરબડ દેખાશે તો તેને આ શબ્દો યાદ આવી જશે, એ જ તો તેને સૌથી પહેલાં આ ગરબડ ભાંપી લેવામાં મદદ કરશે .ક્યાંક તેણે અત્યારે જ તેના અવાજ, તેના જવાબની આશ્વાસ્તતા અને પડકારથી એ સમજી ન લીધું હોય કે આ માત્ર બહાનું જ નથી, પણ એમાં કંઈ હકીકત છુપાયેલી છે.

“તો તેં પહેલાં શા માટે પેદા ન કર્યાં ?” નાદ્કાએ સકારણ પૂછ્યું.

“બસ, ઈચ્છતી નહોતી.”

જુઓ તો જરા: ઈચ્છતી નહોતી .રાહ જોતી રહી કે ક્યારે યુદ્ધ પૂરું થઈ જાય,એવું જ તો વળી? જોઉં છું, ચાલક છો તમે બધાં .એમ નહી કે મને પણ કોઈ કાનમાં કહી દેત કે યુદ્ધ થવાનું છે, કદાચ હું પણ પોતાને રોકી લેત, આખો વખત પેટ લઈને ન ફરત.”

નાસ્ત્યોના એ કલ્પના કરી હસી પડી કે કેવી રીતે નાદ્કા પાંચ વર્ષ લડાઈની શરૂઆતનાં અને ચાર વર્ષ તેનાં અંતની રાહ જોતાં જોતાં પોતાની પાસે કોઈને ફટકવા પણ નહોતી દેતી - ન વીત્યાને, ન કોઈ બીજાને .તેણે આ વાત નાદ્કાને પણ કહી અને તે ખડખડાટ હસી પડી.

“મારાં હાથમાં ક્યાં છે,” તે માની ગઈ, “કેટલી ધીરજ જોઈએ !મારાં હાથમાં હોય તો હું દર વર્ષે પેટ લઈને ફરું .બીજાને માટે ત્રણ મહિના બીજા બચી જાત -હું બહુ તંદુરસ્ત છું, પહેલીવારમાં જ બીજ ફળી જાય છે .બીજાંઓની જેમ નથી,” તે નાસ્ત્યોના પર તીર ચલાવવામાંથી ન ચૂકી,” હું તો જો પોતાની જાતને ન રોકું તો અહીં બાળકોની પૂરી ફૌજ ઊભી કરી દઉં - બસ પકડતા જાવ અને ખવડાવતા જાવ . મારી બરાબરી તો કોઈ ન કરી શકે .વીત્યાએ એક ચોપડીમાંથી વાંચીને મને એક સ્ત્રીની વાત કહી હતી . એવી સ્ત્રીઓ પણ છે કે જેમને એક પુરૂષથી કામ જ નથી ચાલતું !અને એ છે કે તેમનાં પર મુરઘાની જેમ અક્કડ બતાવતો ફરે છે :ચાહું તો પસંદ કરી લઉં, ચાહું તો દુઃખી થવા છોડી દઉં .તે જરા મારા પર તો પાંખ ફેલાવવાનો પ્રયત્ન કરત, હું તેની બધી અક્કડ કાઢી નાંખત, તેની પાંખો કાપી નાંખત, એ સ્ત્રીઓના શોખીનને દિવસે તારા દેખાડી દેત, સાચે જ, આવી કેવી સ્ત્રીઓ છે કે જેમને છોકરાં જણવા આખા ટોળાની જરૂર પડે? હું એકલી જ તેમનાથી સવાઈ રહેત.” નાદ્કા પોતાનો મજાક ઉડાવી રહી હતી, પણ તેમ કરતાં પણ પોતાનાં પર ગર્વ કરી રહી હતી :તેણે પોતાનું નારી કર્તવ્ય પૂરું કરી દીધું હતું, એ તો માનવું જ પડશે.પહેલાં કદાચ નાસ્ત્યોનાને નાદ્કાની આ ડીંગો ખરાબ લાગી હોત પણ અત્યારે તેને આવું સાંભળવું સારું લાગી રહ્યું હતું.

નાસ્ત્યોનાનો લાડ પામીને લીદ્કા સૂઈ ગઈ; નાસ્ત્યોનાને તેની ઊંઘતી પકડથી પણ સંતોષ મળી રહ્યો હતો; તેને લાગી રહ્યું હતું કે તેની અંદરનું બીજ પોતાની પ્રતિક્રિયા અને ઈર્ષ્યા વ્યક્ત કરતાં હંમેશાથી વધારે ઝડપથી વધી રહ્યું છે.

તે ઘેર પાછી ફરી અને તેને એવું દ્રશ્ય જોવા મળ્યું, જેની તે કલ્પના પણ કરી શકતી નહોતી .મિખેઈચ સેમ્યોનોવ્નાને ઘોડી પર ચાલતાં શીખવી રહ્યો હતો .તે તેણે ઘણાં વખત પહેલાં જ બનાવી લીધી હતી, પણ સેમ્યોનોવ્ના આ ઘોડી પર ઊભાં થવાનો સ્પષ્ટ ઈનકાર કરતી રહી હતી, પણ આજે મિખેઈચે કોઈ ચમત્કારથી પોતાની વાત મનાવી જ લીધી .સેમ્યોનોવ્ના ઘોડીઓ સાથે ઝઝૂમી રહી હતી :બગલમાં ઘોડી દબાવીને તે ખબર નહી કેમ, છંછેડાયેલી ગાયની જેમ તેમને એક ઝાટકે આગળની તરફ ફેંકતી હતી અને પડવાથી બચવા માટે પોતાનાં માંદા, તૂટતાં પગ પર ઊભી થઇ જતી હતી - જે હાથમાં આવી જાય તેને પકડી લેતી હતી અને હાયવોય કરતી રોવા-ધોવાનું શરૂ કરી દેતી હતી.
“એક પછી એક કરીને, તું એક પછી એક પગ ઉપાડ,” મિખેઈચ તેને શીખવાડી રહ્યો હતો, “ કેવી મૂરખ છે તું ! કૂદ નહી તું, બસ બહુ કૂદી ચૂકી, બહુ થયું .લોકો તો વગર પગે ઘોડી સાથે ચાલે છે, તારા પગ તો હજી કામને લાયક છે, ધીરે ધીરે તેમનો ટેકો પણ લઈ શકાય છે .તું પહેલાં આનાથી ચાલતાં તો શીખી લે પછી ઉતાવળ કરજે.”

“હે ભગવાન!” સેમ્યોનોવ્ના કણસી ઊઠી, “ આ ઘડપણમાં કઈ વાતની સજા છે આ? તું જ જરા દયા કર, મા મારિયા .આ વૃદ્ધ મૂરખને સમજાવ કે કબર સુધી હું આ ઘોડીના ટેકા વિના પણ પહોચી જઈશ .તું ઓછામાં ઓછું તેમને તાબૂતમાં ન મૂકી દેતો,” તે મિખેઈચ પર બબડી રહી હતી, “ત્યાં મને કલંક ન લગાડી દેતો .જુઓ તો જરા, કેવો પાછળ પડી ગયો છે, માંચડા પરથી મને ઉતારી લીધી; ચલ !ક્યાં ચાલું? બોલ, ક્યાં ચાલું?”

“ઠીક છે, ઠીક છે, બેસી લે થોડી વાર,” મિખેઈચે તેને પાટીના પલંગ પર બેસાડી દીધી, “ થાકી ગઈ હોય તો આરામ કરી લે, બીજું શું .પગમાં દુઃખી તો નથી રહ્યુંને ?”

“દુઃખી કેમ નથી રહ્યું? અરે ભઈ, દુઃખી કેમ નથી રહ્યું? ગરમ આગ પડી રહી છે પગ પર, હે ભગવાન ....દુઃખી તો નથી રહ્યું ને - પૂછી રહ્યો છે ઉપરથી પાછો.”

નાસ્ત્યોનાએ ચૂલા પાસે સમોવાર મૂક્યો, ચીમનીને ધૂમાડા પર લગાવી દીધી .તે લેમ્પ સળગાવવા ઈચ્છતી હતી પણ મિખેઈચે એ કહીને રોકી દીધી કે ઘાસલેટ ઓછું રહી ગયું છે અને તેને સાચવીને વાપરવું જોઈએ .મિખેઈચે સગડી સળગાવી આપી .નાસ્ત્યોનાને ખરાબ લાગી ગયું, તેણે વિચાર્યું કે જો

તેણે લેમ્પ ન ઉઠાવ્યો હોત તો થોડી જ વારમાં સસરા પોતે જ સળગાવી દેત, તેણે જાણીબૂઝીને તેને રોકી છે .દિવસ લાંબા થવા પર સગડીને મહિના ભરથી હાથ લગાવવામાં નહોતો આવ્યો, પણ જુઓ, તેને તેની યાદ આવી ગઈ, લાકડાં લઈ આવ્યો - ક્યાંક આ ચૂપચાપ ચાલી રહેલ વિવાદ જ તો નથી ને ? સમોવર ખળખળ કરી ઊઠ્યો, ભઠ્ઠી આગની લાંબી લાંબી, જાદુભરી લપટોની છાયા દીવાલો અને બારીઓ પર ફેંકતા ધગધગી ઊઠી, ઘરમાં ગરમી અને સજીવતા ભરાઈ ગયાં .સેમ્યોનોવ્ના ભાવહીન મુદ્રા ધારણ કરી સુસ્તીપુર્વક હાથ હલાવતી પગ પર માલિશ કરતાં ઝૂકીને બેઠી હતી.

" કેમ ડોસીમાં, આગળ ચાલીશું ?" મિખેઈચે તેને પૂછ્યું.

" મને મારી નાંખીને જ છોડશે ?" અવાજમાં આંસુભર્યા પડકાર સાથે તેણે પૂછ્યું.

" હા."

"ચલ, તો પછી મારી જ નાંખ .દયા ના દેખાડ."

ગુસ્સાભર્યા, મક્કમ નિશ્ચયપૂર્વક તે ઊઠવા લાગી :પહેલાં તે વળેલાં પગો પર, જેવી રીતે તે બેઠી હતી ત્યાંથી પાટીનાં ખાટલા પરથી અડધી ઊભી થઈ, પછી ધીરે ધીરે ઘૂંટણો પર જોર નાંખી સીધી થવા લાગી .મિખેઈચે ફરી તેની બગલમાં ઘોડી લગાવી દીધી .નાસ્ત્યોના બીજી બાજુએથી સાસુને પકડવા આગળ વધી .પણ સેમ્યોનોવ્ના આ વખતે આશ્ચર્યજનક રીતે જલ્દી જ પોતાનાં ડગલાં આ નવી ચાલે વધારવા લાગી :એક ઘોડી પર વજન નાંખી તે બીજીને એક ઝાટકે આગળ ફેંકતી અને પોતાનું વજન તેનાં પર નાંખી દેતી હતી.

"અરે, હટી જાવ, પકડો નહીં .હું જાતે." જયારે તે આ માંગ કરતી હતી ત્યારે તેનાં સ્વરમાં બાળક શી આ હુન્નર શીખી લેવાની નખરાંભરી અધીરાઈ અને ગર્વ રણકતા હતા. તે આખા ઓરડામાં એક ખૂણેથી બીજા ખૂણા સુધી ફરી આવી, બહુવાર સુધી વળતી રહી, પછી ફરીને ખાટલા તરફ પાછી ફરી અને સંતોષપૂર્વક હાયવોય કરતી બેસી ગઈ .મિખેઈચ તેની તરફ જોતો નિ:સ્વર હસતો રહ્યો, તેનાં ખભા હાલી રહ્યાં હતાં, મૂંછો જાણે ઊછળી રહી હતી .તેનાં તરફ ફર્યા વિના જ સેમ્યોનોવ્નાએ થાકેલા અવાજમાં સંમતિ વ્યક્ત કરતાં કહ્યું : " ઠીક છે, પગ ત્સલવા લાયક છે .થોડા એમને ત્સલાવીશું તો આગળ વધી શકશે."

" એય શાબાશ, આ થઈને વાત," મિખેઈચે ઉલ્લાસપૂર્વક કહ્યું ." અરે, નહી તો બે જણા માટે મારો એક પગ છે-આમ શું આપણે બહુ દૂર સુધી ચાલી શકવાના છીએ? હવે વાત તદ્દન જુદી છે :ત્રણ તંદુરસ્ત પગ,

બેનો ઈલાજ કરતાં રહો અને જુઓ,એક અવેજીમા.”

“અરે, જો અન્દ્રેઈ મને આમ ઘોડીઓ ત્સ્લાવતા જોત તો ખુબ હશત અને સાચે જ કોઈને મન હસી તો કોઈને મન ફાંસી.”

“એય ડોસી, મારાં અને તારા માટે એકદમ પથારીમાં પડી જવાની સખ્ત મનાઈ છે,” કોઈ વિશેષ ઉષ્મા, પણ આગ્રહભર્યા વિશ્વાસભેર મિખેઈચે કહ્યું, જે નાસ્ત્યોનાને આકસ્મિક ન લાગ્યું, “ભલેને ઘોડીઓના ટેકે, પણ હાલતા-ચાલતા રહેવું જરૂરી છે.”

નાસ્ત્યોનાને આ શબ્દોમાં કોઈ છુપાયેલો મર્મ, ગુપ્ત અર્થ દેખાયો, અને તેને તેણે આજની વાતચીત સાથે જોડ્યો .ના, સસરા માટે આ વાતચીત નિરર્થક ના રહી, તે કંઈ સમજી ગયા છે, તેમણે કંઈ નક્કી કરી લીધું છે, કંઈક એવું કે જેણે તેને વગર વાર કર્યે સેમ્યોનોવ્નાને ઘોડીઓ પર ઉઠાડવા માટે વિવશ કર્યો છે . ક્યાંક તે તેને એ વાત માટે તૈયાર તો નથી કરી રહ્યો ને કે જલ્દી જ નાસ્ત્યોના વિના તેમણે કામ ચલાવવું પડશે? પણ એવું શા માટે? છેવટે શા માટે ?

“ઉનાળો આવતા જ જોજે તારાં પગ ગરમી મેળવીને દોડવા લાગશે,” તેણે હિમ્મત આપતાં કહ્યું.
અને તેણે જવાબ આપ્યો :“ સારું જ થશે, અંત સમયમાં સૌ સારું જ થશે.”

“યાદ છે, કેવી રીતે તું સૌથી આગળ ઉંચા મેદાનો તરફ દોડી જતી હતી ?” “યાદ છે ...યાદ કેવી રીતે ન હોય....ફ્યોદર, જો તું અત્યારે એ વાતોની યાદ ન અપાવત, એ ઘાને તાજા ન કરત તો વધારે સારું રહેત.”

નાસ્ત્યોના બંનેનો વાર્તાલાપ સાંભળી ચોંકી ઊઠી :ન જાણે ક્યારથી તેમણે એકબીજાને નામ લઈને સંબોધ્યા નહોતા અને તે ભૂલી જ ગઈ હતી કે સસરાનું નામ ફ્યોદર છે; આ નામ તેમનાં દૂરસુદૂર અને સુખદ યૌવનના દિવસોની યાદમાંથી આકસ્મિક પ્રતિધ્વનિ બનીને તરી આવ્યું હતું .નાસ્ત્યોનાએ વૃદ્ધો તરફ જોયું, તેઓ ભૂતકાળની સ્મૃતિઓમાં ડૂબીને મૌન બેઠાં હતાં.

અને અચાનક કોણ જાણે કઈ વાતથી, કોઈ અનાયાસ અને અસ્પષ્ટ ક્ષોભથી તે પોતાને એટલી એકલી અટુલી, એટલી અભાગી અને કમનસીબ, અકારણ બરબાદ થયેલી, દગો પામેલી અને પારકી અનુભવવા લાગી કે તેને પોતાનું ગળું, જાણે શ્વાસ ઘૂંટાતો હોય તેમ રૂંધાઈ ગયું હોય તેમ લાગ્યું અને તેનું હૈયું ભરાઈ આવ્યું, તેને ખૂબ ખૂબ, ધ્રુસકેને ધ્રુસકે, મોટી પોક મૂકીને રડવાનું મન થઈ આવ્યું .પણ તેણે પોતાની જાતને રોકી લીધી :રડવાની તેને મનાઈ હતી, આ નિષ્કપટતા પણ તેનાં માટે વર્જિત હતી .

જયારે મિખેઈચ રસોડાવાળા ખૂણા તરફ જતો રહ્યો ત્યારે નાસ્ત્યોનાને ઉપયુક્ત ક્ષણ મળી ગઈ, તે તેની પાછળ ભાગી અને ગુસપુસ અવાજે પૂછવા લાગી:

“બાપુ, તમે બંદૂક માટે નારાજ તો નથીને? સાચે જ ને?”

“બંદૂક માટે કેમ? તે હજી પણ કોઈ બીજી જ દુનિયામાં ખોવાયેલો હતો અને તરત સમજી ન શક્યો કે તે શું કહી રહી હતી,” અરે ના, વહુ, ગુસ્સે નથી થઈ રહ્યો, જરાપણ નહી .હવે બંદુકની જ શી.......”

આ અધૂરાં વાક્યએ નાસ્ત્યોનાના ભટકેલા આત્માની બેચેની વધારે વધારી મૂકી.

પ્રકરણ ૧૫

અંતિમ વાર અન્દ્રેઈ હમામખાનામાં આછા, ઓગળતાં બરફ પર થઈને એપ્રિલ મહિનાની મધ્યમાં ગયો હતો .ભઠ્ઠીના ચોતરા નીચે તેને મોટો થેલો મળ્યો અને તે એ થેલો ઝૂંપડીમાં લઈ આવ્યો .થેલામાં બટાકા, ડુંગળી, બે મૂળા, પહેલાંની જેમ વટાણાના લોટની થેલી, દસ ઈંડા, કપડામાં બાંધેલી રોટલી મળી ગયાં હતાં; પગ પર પટ્ટો લપેટવાનાં કામમાં આવે તેવા બીજા મોટા કેન્વાસના કપડામાં જૂના બૂટ હતાં, જેમની અંદર ચામડાનાં ટૂકડા ધૂસેલાં હતાં, સમારકામ માટે મીણ પાયેલો દોરો અને સોયો હતાં; આ સિવાય થેલામાં ઘેરાં રંગનું ખમીસ, ઘેટાનું ઉન કાતરવાની કાટ લાગેલી કાતર, કાર્બન પેન્સિલનો ટૂકડો, થોડું મીઠું, થોડું પાંદડાંવાળું તમાકુ, સાબુનો કાળો ટૂકડો અને અન્દ્રેઈને આશ્ચર્યચકિત કરતુ દારૂનું પીણું મળ્યાં .આ સંપત્તિને આધારે ખબર નહીં કેટલાં દિવસ ગુજારો ચલાવવાનો હતો, લાગે છે ઓછામાં ઓછા એક મહિનો તો ચલાવવો જ પડશે, જ્યાં સુધી નદીનો બધો બરફ ઓગળી નહી જાય અને નાસ્ત્યોના હોડી પર નહીં આવી શકે ત્યાં સુધી .જયારે તે થેલાને ખાલી કરી રહ્યો હતો ત્યારે ભરેલો ભરેલો અને સામાન બહુ વધારે લાગતો હતો પણ ત્રણ દિવસ વીતતાં જ બટાકાનાં એકેએક ટૂકડાનો અને લોટની દરેક ચપટીનો હિસાબ રાખવાનું શરૂ કરવું પડ્યું .તમાકુ તો લીલ સાથે ભેળવી દીધું, પણ આનાથી તેણે દિવસમાં ત્રણ સિગારેટ પીવાનો નિશ્ચય કર્યો, પાછળથી એ પણ બે સુધી ઘટાડવી પડી - એક સવારે, એક સાંજે.

શીતકાલીન અંગારાનું હિમકવચ તાર તાર થવા લાગ્યું, બરફનો રંગ બદલાઈ ગયો અને કિનારાઓની નજીક જ નહીં, દૂર પણ બરફની વચ્ચે ઠેકઠેકાણે પાણી દેખાવા લાગ્યું .અંગારા પરનો રસ્તો બંને બાજુએથી ઓગળીને કાળો થઈ ગયો હતો અને જુદો દેખાવા લાગ્યો હતો, તેનાં પર અસંતુષ્ટ ભાવે ક્રાઉ ક્રાઉ કરતાં કાગડા ઊડી રહ્યાં હતાં.સ્વચ્છ વસંતી હવામાં ટાપુનાં અસમાન બર્ચ વૃક્ષો રંગહિન્ અને

બદસૂરત દેખાઈ રહ્યાં હતાં, જો કે એ સમજવું મુશ્કેલ નહોતું કે ત્યાં એકધારી વહેતી હવામાં વૃક્ષો વગર ક્ષતિ પામે ઊગી જ શકતાં નહોતાં .સૌને ખબર છે કે દરેક જંગલમાં, ભોજવૃક્ષોનાં વનમાં પણ એકદમ ઉદાસીન અને અનાકર્ષક સમય આછો બરફ અને એકદમ હરિયાળી વચ્ચેનો હોય છે, જયારે માનવી ભાવનાઓ અને ઉદાસીની અતૃપ્તિથી ઘેરાઈ જાય છે અને એ રિક્તતા, કાલીમા અને નીર્જીવતાથી સંધિ કરવા નથી ઈચ્છતો, જે પાનખરમાં પણ નથી હોતી.

અંતે નમદાનાં જૂતાં ઉતારીને હલકાં, પગ માટે આરામદેય બૂટ પહેરીને અન્દ્રેઈ ખૂબ ચાલ્યો; આ તેનાં માટે સૌથી સારી અને સુખદ સ્થિતિ હતી - જ્યાં મન થાય ત્યાં આરામથી ચાલતા જાવ, આગળ વધતા જાવ .આરામથી ચાલતી વખતે વિચાર પણ સીધાસાદા આવે છે અને રસ્તામાં જે સામે આવી જાય તેનાથી તેને વ્યસ્ત રાખી શકાય છે .તે પોતાની સાથે બંદૂક લઈને ફરી રહ્યો હતો, પણ તેને ગોળી ચલાવવાની જરૂર ન પડી, કારણ કે ગોળી ચલાવવા જેવું કંઈ હતું પણ નહી : એપ્રિલ-મેમાં જાનવર વધારે સાવધાનીથી અને બચીને રહે છે, નજીકમાં જ ક્યાંક જંગલી ગ્રાઉસ પક્ષીઓનાં મિલન સ્થાનો નહોતાં, ખેતરો વગર અહીં ચકલીઓ પણ બહુ ઓછી ઊડીને આવતી હતી.

ઉનાળો જેટલો નજીક આવી રહ્યો હતો, ગરમી એટલી જ વધતી જઈ રહી હતી, એટલી વધારે જ અન્દ્રેઈની અંદર બરફ શોધવાની લાલસા જાગી રહી હતી-હિમના શેષ ચિહ્નો શોધવાની લાલસા, જે ધીચ સ્થાનો પર, જે અંધારિયાં ખૂણાઓમાં બચેલા રહી ગયાં હતાં .તે બરફ શોધી લેતો હતો, તેનાં ગંદા, ચોરસ, પીગળતાં ટૂકડાઓ સામે રોકાઈ જતો અને નિશ્ચલપણે તથા ભારે ચિંતનની સાથે, - એ વિશ્વાસ સાથે કે નવાં બરફનાં તેને હવે દર્શન નહી થાય, તેમનાથી વિદાય લેતો .તે પોતાને માનસિક રીતે એ વાત માટે તૈયાર કરી રહ્યો હતો કે તે અંતિમ ચક પર ચાલી રહ્યો છે અને જલ્દી જ આ ચક્રનાં કિનારા મળી જશે :તેણે અંતિમ પાનખર જીવી લીધી, અંતિમ શિયાળો પણ જીવી લીધો, હવે અંતિમ વસંત જીવી રહ્યો છે, આગળ અંતિમ ગ્રીષ્મ છે .ઓગળતા બરફની તરફ જોતાં અન્દ્રેઈ પોતાની અંદર તેની સાથે કોઈ અગમ્ય અનુવાંશિક સંબધ અનુભવી રહ્યો હતો:

તેઓ ત્યાં એકસાથે રહેતાં હતાં અને બરફ પણ એ જ પ્રમાણે અંતિમ છે, જેને વિદાય કરવાનું તેનાં નસીબમાં લખાયેલું છે, શેષ બધું તો ત્યારબાદ પણ ત્યાં જ રહેશે .તેણે પોતાનાં જીવનનો અંતિમ વળાંક પણ પસંદ કરી લીધો હતો, જેના પછી તેનાં અસ્તિત્વનો અંતિમ અલ્પકાલીન દોર શરૂ થઇ જશે .આ વળાંક તે દિવસે આવશે જયારે અંગારા બરફથી સંપૂર્ણ મુક્ત થઇ જશે અને જયારે તે ઉપલી ઝૂંપડીમાં ચાલ્યો જશે .તેણે તે પણ તૈયારી કરી લીધી હતી, ત્યાં તે જેના વિના અત્યારે કામ ચાલી શકતું હોય તે વસ્તુઓ પણ મૂકી આવ્યો હતો .માંચડા પર ફરની ડાળીઓ પણ નાંખી આવ્યો હતો, જેથી તે સુકાઈ જાય

અને કોઈ અજાણ્યાને ખબર ન પડી શકે કે ક્યારે કાપીને નાખવામાં આવી છે .આ દિવસ પહેલાં અન્દ્રેઈએ પોતાને માટે પોતાનાં સ્થાન પરિવર્તન વિષે વિચારવાનું વર્જિત કરી રાખ્યું હતું - બિલકુલ ત્યારે જ, નદી અને તેનાં આસપાસના જીવનનાં ઉત્સ્વવાળા દિવસે તે પોતાનાં અંતિમ આશ્રયસ્થાનમાં પ્રવેશ કરશે અને ઉલ્લાસસભર ભયથી પોતાનાં આત્માને જકડીને ઊંચાઈ પરથી ઉછાળા મારતાં પાણીને જોશે - તે બધું જોશે, જેને તેણે અહીં ભાગતી વખતે અહીંની પોતાની ઉપસ્થિતિનો અંતિમ ઉદ્દેશ્ય નિર્ધારિત કર્યો હતો .એ સમયે તે કેટલો દૂર લાગી રહ્યો હતો અને કેટલી જલ્દી તેનો સમય થઈ ગયો ! કોઈ બીજો ઉદેશ્ય તેણે વિચાર્યો નહોતો .તેણે લાગ્યું કે ગ્રીષ્મ ઋતુ આવવા સુધી જ આખું જીવન શેષ બચ્યું છે - અને લો, એ જીવન પણ ખેંચાઈ ગયું, પૂરું થઈ ગયું, જુઓ, ગીષ્મ ઋતુ પણ આવી ગઈ -હવે આગળ શું છે? તે નાસ્યોનાએ મૂકેલ દારૂની બોટલ કાઢી લેશે અને પોતાનાં કામની પૂર્તિની સાક્ષી આઝાદ, ગાંડીતૂર અંગારા તરફ જોતાં પીશે .તે પી લેશે અને એકાકી માદકતા ભરાઈ ઊઠશે, પોતાની અંદર દર્દ અને કલંક, શાંતિ અને આશા-નિરાશા અને ભય મેળવી લેશે, આ પંચમેળથી પોતાનાં આત્માને બાળશે અને માત્ર એકલોઅટૂલો, નાની પ્રકાશિત બારી સમો જ્યોતિર્મય ભાવ ઉભરવા લાગશે .હું છું, કાલે ભલે કંઈ પણ થઇ જાય, પણ આજે હું છું .તેને અત્યારથી ખબર હતી કે આવું જ કંઈ બનશે અને તે પહેલેથી જ આ દિવસથી બીતાં અને ખુશ પણ થતાં ઠંડા વિસ્મય સાથે પ્રતીક્ષા કરી રહ્યો હતો કે તે દિવસ અવશ્ય આવશે.

તેની ઊંઘ હવે તૂટક થઈ ગઈ હતી .ચાંદની રાતો તેને ઉદ્વિગ્ન કરવા લાગી હતી, તે અકારણ કોઈ ભારે ચિંતાથી જાગી જતો હતો અને ઝૂંપડીમાંથી બહાર નીકળી પડતો હતો .આ ક્ષણોમાં તેનું ઘવાયેલું હૈયું હંમેશાં કરતાં વધારે દર્દ અનુભવતું હતું .જેટલી ઝડપથી ચંદ્રમાં ચમકતો તેને એટલી જ બેચેની અને ઘૂટન થતી .બીજી દુનિયાની કલ્પના કરતાં તેને ચંદ્રમાં નજરે પડતો-પૂર્ણ, અંતહીન, ઉદય અને અસ્તથી મુક્ત, અગાશી જેવાં નીચાં અને સમતલ આકાશમાં અચળ અને ખબર નહી કેમ - ધુમાડા કાઢતો ચંદ્રમાં.

તે ઘણું કરીને અંગારાના કિનારે ચાલ્યો જતો, રાતની છાયામાં બેસી રહેતો અને બહુ વાર સુધી બરફ તરફ જોતો રહેતો -તેને તેનાથી ઈર્ષ્યા પણ થતી અને તેની વ્યર્થ જીદ્દની અસર પણ જણાતી .રાત્રે જયારે ઠંડી વધી જતી હતી, બરફ ક્ષીણ થતો જતો હતો :તેને નીચેથી પાણી કાપતું અને હલાવતું રહેતું હતું, સપાટી પર બરફના ઉભરાયેલા નાનાં નાનાં ટેકરાં ઢળી પડતાં, ઝડપથી, ઝાટકા સાથે ચરમરાતી તિરાડો દોડતી ચાલી જતી હતી, બરફરહિત સ્થાનો પર રાતનાં સમયે જામેલી પાતળી બરફની પોપડીઓ ધીમે ધીમે હાલતી જાણે અંતિમ શ્વાસ લેતી હતી .અન્દ્રેઈ દરેક ધ્વનિ અને દરેક શ્વાસનો ચૈતન્યતાપૂર્વક જવાબ આપતાં કોઈ પશુની ભાંતિ જડ થઈ જતો .તે બધી ભાવનાઓને કોઈ એક ભાવનાને આધીન કરી ત્યાં પહોંચવાનું શીખી ગયો હતો, જ્યાં મનુષ્ય માટે પ્રવેશ નિષેધ છે :તેને લાગતું

હતું કે તે સાંભળી રહ્યો છે કે કેવી રીતે ચાંદની બરફ પર લાંબી અને હળવી ખણકતી ધૂન ધીરે ધીરે સ્વરબદ્ધ કરતી ગાઈ રહી છે, કે પછી ધ્યાન કેન્દ્રિત કરીને તે અંગારાની શક્તિશાળી ધારા જોતો રહેતો, જે ઉપરથી બરફના સ્તબ્ધ લીલા ઝગમગાટથી બંધાયેલી હતી; તે પાણીમાં એક નિશાન લગાવી લેતો અને એ જોતો કે આગલી ક્ષણે તે કઈ બાજુ આગળ વધશે .રાતની આ ક્ષણોમાં તે કેવળ અંતર્જ્ઞાનને આધારે જીવતો હતો અને કંઈપણ વિચારતો નહોતો, અંતર્જ્ઞાન જ તેને સવાર થતાં પહેલાં ઝૂંપડીમાં પાછું લઈ જતું અને નિદ્રામાં ડૂબાડી દેતું.

બાકીની ઊંઘ તે દિવસના સમયે જ પૂરી કરતાં શીખી ગયો હતો, ક્યાંક જંગલમાં તડકામાં જગ્યા બનાવી લેતો.થોડી ક્ષણો સુધી તે આસમાનમાં જોતો રહેતો, જલ્દી જ તેની ચમકતી અસીમ રિક્તતાથી તે થાકી જતો અને સૂઈ જતો, જાગી જતાં ઠંડીથી કાંપતો અને ભૂખ્યો તે અસંતોષભરી નજર ચોમેર દોડાવવા લાગતો :હવે ક્યાં? આ સવાલ એકધાર્યો તેની સમક્ષ ઊભો રહેતો હતો, અન્દ્રેઈ ઘણીવાર જવાબ આપી શકતો નહોતો અને જ્યાં પગ પડતાં તે બાજુ ડોલતો રહેતો, બસ કોઈ ઉદ્દેશય વિના.

તે ચાલતો અને સૂંઘતો, નજરો ટેકવતો, ચોમેર જોતો, ક્યારેક ક્યારેક ખબર નહી કોઈકનો પીછો કરવા લાગતો, કોઈ બાળરમતની નહીં પણ તદ્દન નિરર્થક મસ્તીભરી કલ્પના કરતો કે તે કોઈના પદચિહ્નો પર પગ મૂકતો ચાલતો જઈ રહ્યો છે અને ક્યારેક પોતાની જાતનો જ પીછો કરવામાં આવશે એ ભયથી દૂર ભાગવા લાગતો, પોતાનાં પગલાં તે સાવધાનીપૂર્વક ઉઠાવતો, ખુલ્લાં સ્થાનોથી બચતો, જંગલમાં સંતાતો, પછી રમી-કરીને પોતાની જાત પર જ હસી પડતો અને તે મોટે મોટેથી, દુષ્ટતાપૂર્વક, બનાવટી નિષ્કપટતાથી હસતો હતો .એ ક્ષણોમાં તેની સુધબુધ જાણે ધૂમિલ થઈ જતી, તે એ વાતનો વિશ્વાસ કરવાનો ઈનકાર કરવા લાગતો કે ક્યારેક તે યુદ્ધ લડવા ગયો હતો અને લોકોની વચ્ચે પણ રહ્યો હતો . તેને લાગતું હતું કે તે હંમેશાથી આ જ પ્રમાણે એકલો જ ભટકી રહ્યો છે - કોઈ કામકાજ વગર, કોઈ કર્તવ્ય વિના , શરૂઆતથી જ તેનાં ભાગ્યમાં આ જ લખાયેલું છે.

તેને સતત ભૂખ લાગતી રહેતી હતી અને પોતાની ચારે બાજુનું બધું પણ તેને પોતાની જેમ જ ભૂખ્યું અને લાલચી દેખાતું હતું; તેને સાંય સાંય કરતી ચૂભતી હવા પણ થકવી નાંખતી હતી - એક એકલાં માણસનાં નસીબમાં આટલી બધી હવા !તેનું ગળું રૂંધાવા લાગતું, શ્વાસ ઘૂંટાવા લાગતો, તે અનુભવ કરતો કે અત્યાધિક ઊંડા શ્વાસ તેની અંતિમ શક્તિ પણ ખેંચીને લઇ જઈ રહ્યાં છે.

મે મહિનો આવતાં પહેલાં જ તે અંગારાના ઉપરવાસમાં, જ્યાં શિકાર કરવો સંભવ હતો, ત્યાં જવા તૈયાર થઈ ગયો .તેણે બધી જરૂરી વસ્તુઓ સાથે લઇ લીધી :બંદુક સિવાય પોતાની સાથે તેણે કુહાડી અને

સમય પડે કામ આવે તે માટે થેલો લીધા - રાત વીતાવવા માટે બંને કામમાં આવશે .તેણે ગણતરી કરી કે આ અંતર તે એક દિવસમાં પૂરું કાપી નહી શકે, તેનું મન ફરીથી કોઈ વસ્તી પાસે ફરી લેવા, લોકોને જોવા, ઉતાવળું થઈ રહ્યું હતું, પણ ગામ સુધી પહોચવા માટે ત્રીસેક વેર્સ્તા જેટલું અંતર કાપવાનું હતું . તેને પાકી ખાતરી નહોતી કે તે ત્યાં સુધી જશે કે નહીં, પણ તેને જવાની ઈચ્છા તીવ્રપણે થઈ રહી હતી, લોકોને જોઈને પોતાની જાતને ચીઢવવા અને જો સંભવ હોય તો તેમને પોતાની ઉપસ્થિતિથી હેરાન કરવાની અપરિમિત, અસહ્યનીય લાલસાભરી ક્ષણોની આવશ્યકતાની અનુભૂતિ થઈ રહી હતી .કોને ખબર, તે કદાચ તેમને હેરાન નહી કરે અને માત્ર દૂર રહીને જ તેમને જોઈ લેશે, માણસનાં અવાજો સાંભળી લેશે, સમજી લેશે કે તેઓ શેનાં વિષે વાતો કરે છે અને કોના આશરે જીવે છે, પોતાની અંદરનાં અશાંત અને કઠોર ખાલીપણાને ભરી લેશે અને પાછો પોતાનાં ઠેકાણાંનો રસ્તો પકડશે .રીબ્ન્યા તરફ જવાનો તે નિર્ણય કરી શકતો નહોતો, ત્યાં તેનાં ઓળખાઈ જવાની શક્યતા હતી, એના માટે તો કોઈ અપરિચિત ગામ જ સૌથી સારું રહેત .ખરેખર, કોણ જાણે શું થઈ જાય ?!

તે વહેલી સવારે પોહ ફાટતાં જ નીકળી ગયો અને બપોર પહેલાં જ પથરાળ ટાપુની સામેનાં કિનારે પહોંચી ગયો, આ જ ટાપુ પર તેણે શિયાળામાં જંગલી બકરાંઓનો શિકાર કર્યો હતો .તડકા અને પાણીથી ઓગળતાં કાળા પડી ગયેલાં બરફની વચ્ચે ટાપુ આ સમયે વિશેષ કરીને નાગો અને વિચિત્ર દેખાઈ રહ્યો હતો, પણ અન્દ્રેઈને વગર વાર કર્યે તરત જ ત્યાં જવાની થઈ આવી, તેની ઈચ્છા પેલી ગુફાને કારણે થઈ રહી હતી જ્યાં તેણે રાત વિતાવી હતી અને જે તેનાં માટે સફળતા લઈને આવી હતી .જો તે એ ગુફામાં રહી ન જાત તો ખબર નહી તેને ખુશનસીબી મળત પણ કે નહી .તે ગુફા તેને પોતાની તરફ કોઈ વિશિષ્ટ, રહસ્યપૂર્ણ, તેની જ જેમ કોઈ વર્જિત શક્તિથી આકર્ષિત કરી રહી હતી અને આકર્ષિત પણ કોઈ એવા રહસ્ય માટે કરી રહી હતી, જે ત્યાં ખુલી શકતું હતું કે પછી ત્યાં જ સંતાડી શકાય તેમ હતું .અન્દ્રેઈને હજી સુધી વિશ્વાસ હતો કે ગુફા તેની નજરે અચાનક જ નથી ચડી, તેમાં જરૂર નસીબનો હાથ છે .આમેય પાછલાં થોડા સમયથી જંગલમાં જેટલાં પણ ગુપ્ત સ્થાનો મળી જતાં હતાં, પછી ભલેને તે નાનાં અને નકામા કેમ ન હોય, તે બધાં તેને પોતાની તરફ ખેંચવા લાગ્યાં હતાં .દાખલા તરીકે, તે અચાનક ઉંદરોના દર પાસે રોકાઈ જતો હતો અને તેમને લાકડીથી ખોદવા લાગતો હતો, જાણે ક્યાસ કાઢી રહ્યો હોય કે તેઓ કયા કામમાં આવી શકે છે .નાનાં નાનાં ખાડાઓમાં ઊતરી જતો હતો અને તપાસતો બેસી રહેતો કે તેમાં સંતાઈ શકાય તેમ છે કે નહી, ઊંડા ખાડાઓ પાસેથી તે બહુવાર સુધી હટતો નહોતો, જ્યાં હજી પણ પાણીમાં બરફ તરી રહ્યો હતો, તે તેમનાં કાંપને જોઈને ખુશ થતો હતો અને તેમનાં ઊંડાણ માપતો રહેતો; તે રીંછની ગુફા શોધી લેવાનાં સ્વપ્નાં જોતો ઉખડેલા વૃક્ષોના મૂળિયાં નીચે ડોકિયું કરતો હતો; તેને નાળાઓમાં ચાલવું, આરામથી ચાલતાં અચાનક રોકાઈને વૃક્ષની પાછળ ઊભાં થઈ જવું અને

ચોમેર નજર દોડાવવી, ગીચ એકાંત જંગલમાં ઘુસી જવું સારું લાગતું હતું-તે જાણે પોતાને ટુકડાઓમાં સંતાડી રહ્યો હતો, એક ભાગ અહીં તો બીજો ભાગ ત્યાં, આમ જાણે તે અદ્રશ્ય બની જવાની આશા રાખતો હતો .સૂમસામ ટાપુ પર આ પથરાળ ગુપ્ત સ્થાન તેને ખુબ પસંદ પડી ગયું હતું; સંજોગવશાત તેમાં તે બધું એકસાથે સંચિત થઈ ગયું હતું જેને તે અલગ અલગ શોધી રહ્યો હતો.

ટાપુની સામેનો કિનારો પહોળો અને વિશાળ હતો, તે સુકાઈ ગયો હતો .જમીનમાંથી ઝાંખી, લીલી પારદર્શી છાંયવાળા નવા ઘાસનાં તણખલા નીકળી રહ્યાં હતાં .અંગારા પર હાલતી ડોલતી બરફની ટેકરી રોકાઈ ગઈ હતી .એમ લાગતું હતું કે બહુ જલ્દી જ આ બરફનો ઢેર તૂટી પડશે અને નદીમાં પાણી સાથે વહી જશે -સમગ્ર વાતાવરણમાં આ નજીકની ક્ષણની નિકટતા અનુભવી શકાતી હતી અને બધું અધીરાઈમાં ડૂબી ગયું હતું, આ ક્ષણોની પ્રતીક્ષામાં લાગતું હતું કે જાણે જેવી અંગારા વહેવા લાગશે તેવી તરત જ પળવારનો પણ વિલંબ કર્યા વિના ગ્રીષ્મ ઋતુ શરૂ થઈ જશે, એક જ ઝાટકે સુરજ આવી ધમકશે અને ચમકી ઊઠશે, ધગધગી ઊઠશે - કોઇપણ તેને રોકી નહીં શકે, પકડી નહી શકે અને કોઈ નવું પરિવર્તિત નસીબ અકસ્માતપણે પ્રગટ થઈ જશે .અન્દ્રેઈ પણ અચાનક અધીરાઈ અનુભવી ઊઠ્યો : કંઈક કરવું, ક્યાંક ભાગવું, કોઈ કામમાં લાગી જવું જોઈએ .નદીના ખુલ્લાં ભાગમાંથી તેણે પાણી લઈને થોડું ખાઈ – પી લીધું અને આગળ વધ્યો.

રસ્તામાં તેણે એક ચકલીને મારી નાંખી .તેનાં પર કારતુસ ખર્ચ કરવાનો અફસોસ તો હતો પણ અન્દ્રેઈને ખબર હતી કે સાંજ સુધી તે ખુબ થાકી જશે અને કાલે ફરી ચાલવાનું છે, એટલા માટે સારી રીતે ખાઈ પી લેવું જરૂરી છે.

તે એ ગામ તરફ ન ગયો જેને તેણે અંગારાના વળાંક પરથી સૂરજનાં પ્રકાશમાં જોઈ લીધું હતું, તે ઊલટો તેનાથી દૂર પહાડની દિશામાં વળી ગયો અને ભલે ગમે તેટલો થાકેલો પાકેલો અને ચિંતિત તથા દુઃખી હતો તેમ છતાં પણ તેણે પોતાની જાતને ત્યાંથી દૂર જવા માટે વિવશ કરી .જાનવરોથી તો તેણે પહેલાં જ બીવાનું છોડી દીધું હતું, પણ કોઈ માણસને તે પોતાનું નિશાન બનાવવા નહોતો ઈચ્છતો અને સવારે વસ્તી તરફ વધતાં તેણે પહાડ પર મોટું ચક્કર લગાવ્યું અને ઉપલા ભાગ તરફથી ગામની નજીકમાંથી નીકળી ગયો.

તેને ફરી મુરઘાઓની બાંગો અને અસ્પષ્ટ, નિરંતર એક જ તીણા સ્વરમાં ગૂંજતો ભણભણાટ સંભળાયા, જે દરેક વસ્તી પર છવાયેલાં રહે છે .મજાની વાત છે :અહીં મુરઘા પણ અતામાંનોવ્કાની સરખામણીમાં બિલકુલ બીજી જ રીતે ગાઈ રહ્યાં હતાં, અહીં તેઓ પોતાનાં ગામની જેમ પૂરી તાકાતથી ગળું નહોતાં

ફાડી રહ્યાં પણ હકીકતમાં ગાઈ રહ્યાં હતાં .જોયું, બીજા પ્રાંતનો શો અર્થ હોય છે .પશ્ચિમમાં મોરચાના રસ્તાઓ પર, જ્યાં તેને મુરઘાઓના અવાજ સાંભળવાની તક મળી હતી ત્યાં તેણે દરેક વખતે ધ્યાન આપ્યું હતું કે ત્યાંના મુરઘા અંગારાની સરખામણીમાં કમજોર, શાંત, સંયમી અને કદાચ ચતુર પણ છે, પણ આજે તેને ખબર પડી કે અંગારા પર પણ તેઓ જુદા જુદાં અવાજો કાઢે છે.

પહાડ પરથી નીચે ઉતરીને અન્દ્રેઈ ગોચર પાસે આવી ગયો, જેની ઊંચીનીચી અને તૂટેલી ફૂટેલી ઉપરી વાડ ભોજના ઉપવનમાં ચક્કર ખાતી દેખાતી હતી .લાગતું હતું કે વાડ સ્ત્રીઓએ ઊભી કરી છે અને તે પણ યુદ્ધ દરમ્યાન, ડાળીઓ જેમ હાથ પડ્યો તેમ લગાડી દેવામાં આવી હતી :ક્યાંક દંડાઓની સાથે, ક્યાંક બસ વૃક્ષો સાથે ઠોકેલી કે બાંધેલી હતી, તે આમ જ લટકેલી હતી અને ઠીક કરવાં માટે હજી સુધી કોઈના હાથ ત્યાં પહોચ્યાં નહોતાં .પાક વાવ્યાં પછી તેમને ઠીક કરવી જ પડશે .ગરદન લંબાવીને અન્દ્રેઈએ ડાબી બાજુ જોયું, જ્યાં તેનાથી એક વેર્સ્તા જેટલાં કે પછી થોડા વધારે અંતરે અંતિમ ઘર દેખાઈ રહ્યું હતું, તે વિચારવા લાગ્યો કે કેવી રીતે ગામ પાસે પહોંચે, જેથી જોઈ શકે કે ત્યાં શું થઈ રહ્યું છે . તેને ભય પણ લાગી રહ્યો હતો પરંતુ ખતરો ઉઠાવવાનો પ્રયત્ન કર્યા વિના રહેવાઈ પણ શકાતું નહોતું, કંઈક કરી બતાવવાની, પોતાને અને બીજાઓને બીવડાવી દેવાની તીવ્ર ઈચ્છા થઈ રહી હતી .તેનામાં એકત્ર થયેલી બધી દુષ્ટતા ઉભરાવા લાગી, ઉછાળા મારવા લાગી અને અસ્પષ્ટ એવી પરસ્પર વિરોધી ઈચ્છાઓ જાગ્રત થવા લાગી .તે સમજી શકતો નહોતો કે કઈ એવી આવશ્યક્તાએ તે પોતાની જાતને અહીં ત્રીસ વેર્સ્તા સુધી ખેંચી લાવ્યો હતો -શું માત્ર એટલા માટે કે વાડની સામે આમ જ થોડીવાર ઊભાં રહીને પાછો ફરી જાય .નાં, તે શોધવું અતિ આવશ્યક છે, જેના માટે તેણે આ આખી કૂચ શરૂ કરી છે.

નજીકમાં જ ક્યાંક ડાળી ચરમર કરી ઊઠી, અન્દ્રેઈ થથરી ઊઠ્યો .હવે તેણે જોયું કે ગોચરમાં ચેરીના ઝાડ પાછળ એક બકરી ચરી રહી છે - જાડીપાડી, ચટપટાવાળી બકરી, જેની સફેદ ખાલ પર મોટાં મોટાં કાળાં ધબ્બાં હતાં કે પછી કાળી ખાલ પર સફેદ; તે એટલા માટે પહેલાં તેને જોઈ ન શક્યો કે તે પેલાં ભોજ ઉપવનની ધુપછાયા જેવી જ ચટપટાવાળી હતી, જેની પાછળ તે ઊભો હતો.માના જેવું જ ચટપટાવાળું, ત્રણ કે ચાર મહિનાનું બચ્ચું તેની નજીકમાં જ ચરી રહ્યું હતું .કોઈ કામ મળી ગયું છે એ વાતે ખુશ થતો અન્દ્રેઈ તેમની પર નજર રાખવા લાગ્યો .બકરી માથું નીચું કરીને જમીનમાં કંઈ ખોતરી રહી હતી, જો કે હજી સારી રીતે ન ઉગેલાં ઘાસમાં મોં મારવું એ બિલકુલ ઝાકળનું ટીપું પીને તરસ છીપાવવા જેવું હતું . બચ્ચું કદાચ આ વાતને માથી વધારે સારી રીતે સમજી રહ્યું હતું અને માત્ર તેનાં આંચાળોમાં મોં ઘૂસાડી રહ્યું હતું, પણ તે તેનાં કાબૂમાં નહોતી આવી રહી, તે પગ બદલી દૂર જતી હતી .બચ્ચું પછી તેની પાછળ પડી જતું હતું, ત્યારે તે વળીને તેને પોતાનાં માથાં વડે ધકેલી દેતી હતી.

અન્દ્રેઈ તેમનાં પર એ જ વિશિષ્ટ અનિમેષ નજર રાખી રહ્યો હતો, જેવી તે મહિના પહેલાં અશ્વશાળાનાં આંગણમાં પિતાની તરફ જોતાં નાનાં વાછરડાં પર નજર રાખી રહ્યો હતો .હવે તે ધ્યાન વધારે ગહન અને કેન્દ્રિત થઈ ગયું હતું અને કદાચ તે વ્યર્થમાં જ નહોતું :તે જાણે અનુભવી રહ્યો હતો કે તેને હવે કદાપિ ઘરેલું, પાળતું પશુઓ સાથે સંબધ રાખવાની તક નહી મળે અને તેમનાથી વિખૂટાં પડેલાં તેને તેમનાંથી જેટલાં દૂર રહેવાનું હતું તેટલી જ શક્તિથી તેમનાં તરફ ખેંચાતો જતો હતો .બીજી ક્ષતિઓની સરખામણીમાં આ ક્ષતિ સૌથી વધુ મહત્વપુર્ણ નહોતી તેમ છતાં પણ કોણ જાણે કેમ તે દર્દભરી અને અસ્પષ્ટ હતી, તેની અંદરનું કંઈક એને સ્વીકાર કરી શકતું નહોતું.

નિ:સંદેહ બકરીને સંજોગવશાત જ આંગણમાંથી બચ્ચાંને લઈ આવવામાં સફળતા મળી ગઈ હશે : કોઇપણ માલિકણ આવાં મોસમમાં દૂધ પીતાં બચ્ચાંને ખુલ્લું નહી છોડે .બકરી તેનાથી ભલે કેટલો પણ છૂટવાનો પ્રયત્ન કરે તેમ છતાંય તે ઘેર આજે પાછી ફરશે દૂધ વિના જ .અન્દ્રેઈ સંતુષ્ટ થઈને મરક્યો, તેને લાગ્યું કે કોઈ બીજાએ નહીં પણ તેણે જ તેમનાં આ પલાયનની યોજના રચી છે .જો તે ન આવત તો સંભવ હતું કે બચ્ચું ઘરમાં જ રહી જાત .હવે જો છૂટી જ આવ્યું છે તો પીછે હઠ ન કર :હા, મોં મારી લે, અંતિમ ટીપાં સુધી ચૂસી લે - સાંજે તારી માલિકણ પાસે કહેવા-ઝાટકવા માટે ઘણું બધું હશે.

પણ ધીરે ધીરે ગામ તરફ આગળ વધવાનો સમય થવા આવ્યો હતો, જ્યાં તે કોઈ અજ્ઞાત કામ – જેનાં માટે તે આવ્યો હતો - તેની પ્રતીક્ષા કરી રહ્યું હતું .સારું તો એ હોત કે તે દિવસ ઢળી જવા દે,પછી એ જગ્યાએ જાય, જ્યાં તેને કોઈએ બોલાવ્યો નહોતો, તેમ છતાં તે રાહ જોવા ઈચ્છતો નહોતો, અધીરાઈ પહેલાંની જેમ તેને આગળ ધકેલતી તેની લાલસા વધારી રહી હતી, તે એકધારી અશાંત અને ઉગ્ર થતી જઈ રહી હતી .અન્દ્રેઈ જાણતો હતો કે તે કોઈ કષ્ટ સહેવા તૈયાર નહી થાય અને ચરમ મૂર્ખામી પણ નહીં કરે, તેને આશા હતી કે તેની હોશિયારી કેટલી પણ ના હોય, તે સમય આવતાં સંતાઈ જશે .તે સહેલાઈથી પકડમાં આવનારો નથી.

તે સાવધાનીપૂર્વક વાડની લગોલગ ચાલવા લાગ્યો, તે વારંવાર રોકાઈ જતો અને ચોમેર નજર દોડાવવા લાગતો હતો .જલ્દી જ તેને સામે ગામનો સીમાડો દેખાવા લાગ્યો, તેનાં દેખાતાં જ એકોર્ડિયનનો અવાજ કાને પડવા લાગ્યો .અન્દ્રેઈને યાદ આવી ગયું કે આજે સાધારણ દિવસ નથી, આજે તો તહેવાર છે-પહેલી મે .જુઓ તો :આનો અર્થ છે લોકો મનાવી રહ્યાં છે તે .યુદ્ધ હોય કે ના હોય, પણ લોકો તહેવાર મનાવી રહ્યાં છે, મોજમસ્તી માણી રહ્યાં છે, પેલો લાલ ઝંડો ફરકાવી દીધો, સંભાળીને તપાસેલું એકોર્ડિયન કાઢી લીધું, સાંજે ટોળીઓ બનાવી ઘેર-ઘેર ફરશે, ગાશે, નાચશે, દિલ ખોલીને આનંદ માણશે - ના, લોકોના ઉમંગ- ઉત્સાહને કોઇપણ સંજોગોમાં તોડી ન શકાય .અને અતામાંનોવ્કામાં

પણ અત્યારે બધાં મસ્તી કરી રહ્યાં હશે .નિરાશાએ કે ગુસ્સાએ અન્દ્રેઈને ઘેરી ન લીધો - શો ફાયદો હવે ગુસ્સો કરવાથી !તેનાં પર કોઈ અવિશ્વાસભર્યું વિસ્મય હાવિ થઈ ઊઠ્યું : લોકો જલસો મનાવી રહ્યાં છે, જેવી રીતે યુદ્ધ પહેલાં મનાવતાં રહ્યાં છે, જાણે યુદ્ધ ચાલી જ નથી રહ્યું .કોઈને તેની પડી જ નથી કે તે ક્યાંક નજીકમાં જ ફરી રહ્યો છે, તેમનાં માટે અહીં તેનાં અસ્તિત્વનું કોઈ મહાત્મ્ય નથી

હવે સમજાયું કે કેવી રીતે બચ્ચાંને આંગણામાંથી બહાર આઝાદીમાં છૂટવાની તક મળી ગઈ .બધાં મસ્તી કરી રહ્યાં છે .આજે નાની-મોટી ચિંતાઓનો કોઈ અવકાશ જ નથી :લોકોનો તહેવાર જો છે! અન્દ્રેઈએ પાછળ વળીને જોયું :બકરી ધીરે ધીરે ભોજ ઉપવન તરફ આગળ વધી રહી હતી અને જ્યાં તે હમણાં હમણાં ઊભો હતો એ જગ્યાએથી વધારે દૂર નહોતી .તે આગળ વધ્યો અને પછી તેણે ફરીથી પાછાં વળીને જોયું .મગજમાં અચાનક ચમકી ઊઠેલાં નિર્દયી વિચારે બચ્ચાં તરફ નજર નાંખી .બચ્ચાએ જાણે કોઈએ તેને દંશ દીધો હોય કે પછી કંઈ ભોંકી દીધું હોય તેમ પાછલી લાતો ચલાવી; પછી તે એકબાજુ ઉછળ્યું અને જલ્દી જ શાંત થઈ ગયું - આળસપૂર્વક પૂંછ હલાવવા લાગ્યું .અન્દ્રેઈએ હવે ગામ તરફ જોયું - ગોચર તરફનો રસ્તો સૂમસામ હતો -અને તે દ્રઢતાપૂર્વક પાછો આવી ગયો.

સૂરજ ઊંચે ચઢી આવ્યો હતો, સ્વચ્છ ગરમ હવામાં સૂરજથી ઊભરાતો સહજ અને ઉત્સવી ઘોંઘાટ બંધ થઈ ગયો હતો, જેણે વાતાવરણને નિસ્તબ્ધતાથી ભરી દીધું હતું .ગામ નજરે પડતાં સુધીમાં એકોર્ડિયન પણ શાંત થઈ ગયું, બધાં અવાજો એક વિસ્તૃત, વિશાળ અને અંતહીન પ્રવાહમાં સમાઈ ગયાં .પોતાની જાતને રોકવાનો પ્રયત્ન કરતાં અન્દ્રેઈ પળવાર માટે વાડ પાસે રોકાઈ ગયો, જ્યાંથી તેણે અંદર ધૂસવાનો નિશ્ચય કર્યો હતો .તેણે ફરી એકવાર બધું ધ્યાનથી સાંભળ્યું, ચોમેર જોયું અને ઝડપથી, હોંશમાં આવી જવાની બીકે તેણે નીચલો ઘેરો કૂદીને પાર કરી લીધો .રસ્તામાં પડેલી ડાળી ઊઠાવીને તે નીચેથી બકરીની પાછળની બાજુ વધી ગયો; બકરીએ તેની ઉપસ્થિતિ અનુભવીને માથું ધુમાવ્યું અને માણસ પર પોતાની ડબડબાયેલી આંખો ટેકવી દીધી, તે એટલી બધી તો ડબડબાયેલી અને નિશ્છલ હતી કે અન્દ્રેઈની આંખો પણ ભરાઈ આવી .તેણે ડાળી હવામાં ઉછાળી બકરીને પહાડની બાજુ હાંકી - તે આજ્ઞાકારીની જેમ ચાલતી થઈ .નાનાં નાનાં શિંગડાઓવાળું બચ્ચું માને ચોંટી ગયું .પણ વાડામાંથી બહાર નીકળીને બકરી અચાનક ગામની તરફ ડાબી બાજુ દોડી ગઈ-સારી વાત એ હતી કે તે ભોજ ઉપવન તરફ ભાગી શકતી નહોતી અને અન્દ્રેઈ તેને પાછી લાવવામાં સફળ થઈ ગયો .તે રોકાઈ ગઈ અને ગુસ્સાપૂર્વક જોરથી ગર્જી ઊઠી, બચ્ચું પણ જોડે જોડે મેં મેં કરવાં લાગ્યું અને ત્યારે અન્દ્રેઈ ચિંતિત થઈ ગયો અને ઉતાવળ કરી બેઠો.

તેણે તેમને નદી તરફ વાળી દીધાં, જેનાં કિનારે કિનારે તે સવારે ઊતર્યો હતો, તેને ખબર હતી કે ત્યાં

સૂમસામ જગ્યાએ આજે કોઈ નહીં મળે .પણ બકરી ત્યાં જ તો જવા ઈચ્છતી નહોતી અને ક્યારેક ડાબી તો ક્યારેક જમણી બાજુ ભાગવા લાગતી હતી, જેથી કરીને માણસથી છૂટીને પાછી ફરી જાય; બચ્ચું પણ કોઈ ગરબડ હોવાનો અનુભવ કરી તેનાથી અલગ નહોતું હટી રહ્યું .બકરી મહામુશ્કેલીથી શ્વાસ લઈ શકતી હતી, તે થાકી ગઈ હતી, તેનું પેટ ફૂલી ગયું હતું, મોંમાંથી લાળ ટપકતી હતી .અન્દ્રેઈ પણ હાંફવા લાગ્યો હતો, પીઠ પર લટકતી બંદૂકથી તેને પરેશાની થવા લાગી, તેણે તે ઉતારીને હાથમાં લીધી .તેઓ જંગલમાં લગભગ અડધા કલાકથી ભટકી રહ્યાં હતાં અને નદી હજી દૂર હતી .એકબીજાને ધોખો આપવાનાં દરેક પ્રયત્ન પછી રોકાઈને બકરી તથા માણસ એકબીજા તરફ તિરસ્કારપૂર્વક જોતાં હતાં; બકરી ઘાયલ સ્વરમાં ઘુરકાટ કરી રહી હતી, તેનાં સફેદ ધબ્બાઓ પર પરસેવાની ધારા વહેવા લાગી હતી.

અત્યંત દુઃખી થઇ ગયાં પછી અન્દ્રેઈના મગજમાં બીજો રસ્તો સૂઝી આવ્યો .તેણે કમર પરથી પેટી ઉતારી લીધી અને બકરીને છોડીને તે તેનાં બચ્ચાંનો પીછો કરવા લાગ્યો .જો તે આ બધું ગામથી દૂર કરત તો વધારે સારું રહેત પણ હવે બીજો કોઈ ચારો નહોતો .પણ બચ્ચું પણ તો કાબૂમાં નહોતું આવી રહ્યું, છેલ્લી ઘડીએ તે લાત ચલાવી દેતું હતું અને એકદમ ઊછળીને દૂર હટી જતું હતું .અન્દ્રેઈ તેની પાછળ પાછળ કૂદતો, બચ્ચાં પર પેટીનો ફાંસો ફેંકવાનું નિશાન તાકતો પણ તેને સફળતા મળતી નહોતી .તેનો ગુસ્સો પ્રકોપમાં પરિવર્તિત થઇ ગયો, તે બંદૂક પણ ભરી લેવા તૈયાર થઈ ગયો હતો, જેનાથી એક જ ઝાટકે શિકારને ખલાસ કરી દે, પરંતુ પોતાનો ભેદ ખુલી જવાની બીક તેને તેમ કરતાં રોકી રહી હતી.

અંતમાં તેનું નસીબ સારું રહ્યું :બચ્ચાંને ઝાડીઓ તરફ હાંકવામાં સફળતા મળી ગઈ અને હજી તે ઝાડીઓમાં ગૂંચવાઈ જ રહ્યું હતું કે ત્યાં જ અન્દ્રેઈએ ફાંસો તેનાં ગળામાં નાંખી દીધો .બચ્ચું ઘૂંટણિયે પડી ગયું, પછી ઊછળી પડ્યું અને કૂદવા લાગ્યું, છૂટવાનો પ્રયત્ન કરતાં ધમપછાડા કરવા લાગ્યું, પણ માણસને ખબર હતી કે આવી સ્થિતિમાં જાનવરને કેવી રીતે કાબૂમાં કરાય છે :તેણે બીજા હાથે તેને પૂંછડીએથી પકડી લીધું અને ઝાડીઓમાંથી બહાર કાઢી લાવ્યો .બચ્ચું ક્ષોભ અને ભયથી ચીસ પાડી ઊઠ્યું .તેને ભાનમાં આવવા દીધા વગર જ અન્દ્રેઈ તેને નદી તરફ ખેંચવા લાગ્યો .બકરી મેં મેં કરતી પાછળ પાછળ દોડવા લાગી .બચ્ચું હવે દુઃખથી બેં બેં કરી રહ્યું હતું, બંધાયેલાં ગળામાંથી ઘોઘરો, દબાયેલો અવાજ નીકળી રહ્યો હતો.

નદી સામે અન્દ્રેઈ શ્વાસ લેવા રોકાયો, તે જોર જોરથી હાંફી રહ્યો હતો .તેણે બચ્ચાંને ઝાડ સાથે બાંધી દીધું અને બકરીને દૂર હાંકવાનો પ્રયત્ન કર્યો પણ તે ગઈ નહીં .તે થોડે દૂર સુધી ભાગતી અને રોકાઈ

જતી, પછી અન્દ્રેઈ હટી પણ ન શકતો .કે ત્યાં જ તે ફરીથી બચ્ચાની તરફ વધી જતી, તેને બધી બાજુએથી સૂંઘતી, ચાટતી અને માથાં વડે ધકેલતી, જાણે તેને સમજાવી રહી હોય કે મોડું થાય તે પહેલાં છૂટી જાય અને ભાગી છૂટે .માંના હઠીલાં અને ભયભીત લાડથી બચ્ચું લથડતાં કણસી રહ્યું હતું : તે થાકીને તદ્દન નિઢાલ થઈ ગયું હતું.

થોડો શ્વાસ ખાઈને અન્દ્રેઈએ ફરીથી બચ્ચાંને પકડી લીધું અને ખેંચીને આગળ લઈ ગયો .બકરી બરફ જોઈને રોકાઈ જશે એમ વિચારીને અન્દ્રેઈએ નદી પરથી પસાર થવાનો નિશ્ચય કર્યો .ના, તે રોકાઈ નહીં, લેશમાત્ર પણ વિચાર્યાં વિના તે તેમની પાછળ પાછળ બરફ પર કૂદી પડી, તેનાં પગ જુદી જુદી દિશાઓમાં પડવાં લાગ્યાં - મુશ્કેલીમાં પડી આગલાં પગ અલગથલગ ફેલાવીને તે પડી ગઈ, તે બહુવાર સુધી ઊઠવાનો પ્રયત્ન કરતી ગૂંચવાઈ ગઈ, પણ ઊઠી ન શકી - છેવટે તે ઘૂંટણોનાં બળ પર જ ઢસડાવા લાગી - ઢસડાવા તો શું, પણ બીજાં કિનારા તરફ સરકવા લાગી .અન્દ્રેઈએ તેને રોકવા બંદૂક ઊઠાવી, તે હતાશાભર્યા કૂદકા સાથે સામેની બાજુ કૂદી પડી અને કિનારા પર પહોંચી ગઈ.

તેઓ હવે ગામથી ઓછામાં ઓછાં ત્રણ વેર્સ્તા દૂર હતાં .ગમેતેમ પણ અન્દ્રેઈ બચ્ચાંને થોડો પહાડ તરફ ખેંચીને લઈ ગયો, તેણે સૂકું અને ગુપ્ત સ્થાન શોધી લીધું અને બચ્ચાંને ફરીથી ઝાડ સાથે બાંધી દીધું . દૂર ઉભેલી બકરી માણસની દરેક હિલચાલ પર નજર રાખી રહી હતી .સહસા પોતાની જાત પર કાબૂ ગુમાવીને તેણે કમર પરથી કુહાડી કાઢી અને બકરી પર ચઢી બેઠો .તે બેં બેં કરતી લંગડાતે પગે લથડતી, પડતી, ડાળીઓ તોડતી ભાગી નીકળી, પણ જેવો તે રોકાઈ ગયો, તે પણ રોકાઈ ગઈ .બકરીથી પીછો છૂટવાની કોઈ સંભાવના નહોતી દેખાતી .પાછાં ફરતાં તેણે જોયું કે બચ્ચું સૂતું હતું - એ એટલું થાકી ગયું હતું કે પોતાનાં પગ પર ઊભું પણ રહી શકતું નહોતું .તેણે ભયભીત થઈને પાસે આવતાં અન્દ્રેઈની તરફ માથું ફેરવ્યું, તેણે આગળ કરેલાં માથાં પર એક જ ઝાટકે બિલકુલ ઠીક જગ્યાએ પ્રહાર કર્યો અને દબાયેલા અવાજે હુંકારો કરતાં બચ્ચું ઢગલો થઈ ગયું અને પેટી પર ઝૂલવા લાગ્યું .એ જ ક્ષણે બકરી પાછળથી ચીસ પાડી ઊઠી .તે એકદમ પાશવિક થઈ બકરી તરફ લપક્યો, તે તેની પર વાર પણ કરવા તૈયાર હતો, પણ તેને હાલતી ન જોઈને તે રોકાઈ ગયો .તેનાં માટે આજે એક જીવ હત્યા જ પુરતી હતી.

જ્યાં સુધી તે બચ્ચાંની ખાલ ઉતારતો રહ્યો, બકરી તેનાં પરથી નજર હટાવ્યાં વિના એ જ જગ્યાએ ઊભી રહી, તે તેને પણ ભયથી તેનાં પર નજર રાખવા વિવશ કરી રહી હતી અને વચ્ચે વચ્ચે ક્ષીણ દુઃખભરી કરાહ સાથે બરાડતી જતી હતી .ગરમ, હજી પણ જીવંત માંસથી અન્દ્રેઈને ઊલટી આવી ગઈ .તેણે બધું માંસ થેલામાં ઠૂંસી લીધું, બાકીનો ભાગ તેણે રીંછની જેમ ગયા વર્ષનાં પાંદડાથી ઢાંકી દીધો અને તેનાં પર આડીઅવળી પડેલી વસ્તુઓ પટકી દીધી .જતાં પહેલાં તેણે છેલ્લી વાર બકરી પર નજર નાંખી .

માથું ઝુકાવીને તે તેની તરફ પૂર્વવત એકીટશે સ્થિરતાપૂર્વક જોઈ રહી હતી .તેની આંખોમાં અન્દ્રેઈને ધમકીભર્યો ભાવ દેખાયો - તે બકરીની નહી પણ બીજાં કોઈની ધમકી હતી-જે કંઈ ઘટ્યું હતું તેની પણ હોઈ શકતી હતી .અન્દ્રેઈ ઝડપથી ત્યાંથી ચાલ્યો ગયો.

પાછાં ફરવાનાં રસ્તામાં તેણે તૈગામાં પથરાળ ટાપુ પાસે રાત વીતાવી .તે જગ્યા કોઈ અગમ્ય લાલસા સાથે અન્દ્રેઈને એકધાર્યો પોતાનાં તરફ આકર્ષિત કરી રહી હતી; સાંજ સુધી ત્યાં પહોંચી જવા અન્દ્રેઈએ પૂરું જોર લગાવ્યું હતું .રાત્રે તે અંગારા તરફથી રોકાઈ રોકાઈને આવતાં અવાજથી તે જાગી ગયો :બરફ ચરર ચરર કરી રહ્યો હતો .અન્દ્રેઈને ન તો અચરજ થયું કે ન તો પ્રસન્નતા :જે કંઈ થેલામાં પડ્યું હતું તે કદાચ તેની બધી ભાવનાઓ પર હાવિ થઈ ગયું હતું, તેણે અન્દ્રેઈને તેની ભાવનાઓથી મુક્ત કરી દીધો હતો .તેને હજી પણ ખબર નહોતી પડતી કે તેણે માત્ર માંસ માટે જ બકરીનાં બચ્ચાંનું કામ પૂરું કર્યું હતું કે પછી કોઈ એવી બીજી વાત માનીને, જે તેની અંદર એ સમયે દ્રઢતા અને અદમ્યતા સાથે વસી ગઈ છે . અને અઠવાડિયા પછી ઉપલી ઝૂંપડીમાં આવીને રહેતાં અન્દ્રેઈએ ભર દિવસે અતામાંનોવ્કાની તરફથી એકધારી અગણિત ગોળીઓ ચલાવવાનો આવાજ સાંભળ્યો .તે સમજી ગયો :યુદ્ધ સમાપ્ત થઈ ગયું.

પ્રકરણ ૧૬

યુદ્ધ સમાપ્ત થઈ ગયું.

કાર્દાથી કાસદ ઘોડા પર દોડી આવ્યાં અને યુદ્ધ સમાપ્તિની ઘોષણાથી ગામમાં જાણે ગગન ગાજી ઊઠ્યું અને હર્ષોલ્લાસનું પૂર આવી ગયું .હંમેશાની જેમ સૌથી પહેલાં નેસ્તોરે બંદૂક પકડી, બીજાઓએ તેનો સાથ આપ્યો - એવો ગોળીબાર શરૂ થઈ ગયો કે અતામાંનોવ્કાએ જિંદગીમાં પણ સાંભળ્યો નહોતો; સ્ત્રીઓ એકબીજાને વળગીને ખુશીને મારે ચીસો પાડવા લાગી, ગાઈ-ગાઈને રડી પડી; તેઓ લોકો સમક્ષ પોતાનું સુખ, દુઃખ, અને પળવારમાં જ ફૂટી પડેલું ધૈર્ય કાઢી રહી હતી; બાળકો આ સમાચારથી ડઘાઈને દોડાદોડી કરવાં લાગ્યાં હતાં; આ સમાચાર તેમની અંદર સમાઈ શકતાં નહોતાં, અત્યાર સુધી તેમનાં પર જે કંઈ આવી પડ્યું હતું તેનાં કરતાં આ બહુ મોટાંબ સમાચાર હતાં, તેઓ સમજી નહોતાં શકતાં કે એનું શું કરે, ક્યાં જાય .વયસ્કો પણ કિંકર્તવ્યવિમૂઢ થઈ ગયા હતાં, જેનાથી તેમને કામ ચલાવી લેવાની ટેવ પડી હતી તે સામાન્ય ભાવો હવે પૂરાં નહોતાં પડી રહ્યાં .રડી લીધાં પછી, ઘડીભર માટે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા પછી પોતાનાં હર્ષને રોકવામાં અસમર્થ લોકો વગર વિચાર્યે-સમજ્યે એક ખૂણામાંથી બીજાં ખૂણામાં ફરી રહ્યાં હતાં, તેઓ કોઈ વિશેષ સમાચાર, કોઈ આદેશ સાંભળવાની રાહ જોઈ રહ્યાં હતાં . નેસ્તોર ઘોડા પર સવાર થઈને આવી પહોંચ્યોં અને ઝંડા લહેરાવવા કહેવા લાગ્યો, જો કે હવે કોઈ સત્તા

તેનાં હાથમાં રહી નહોતી - મહિના પહેલાં તેણે પોતાનું અધ્યક્ષ પદ મક્સિમ વોલોગ્જીનને સોંપી દીધું હતું - તેમ છતાં પણ લોકોએ તેની વાત માની લીધી અને લાલ કપડું શોધવા નીકળી પડ્યાં .કોઈને તે મળ્યું, કોઈને નહીં, પણ ગામને પોતાની ક્ષમતા અનુસાર સજાવવામાં આવ્યું, લોકોએ વર્ષોથી સાચવી રાખેલાં કપડાં કાઢ્યાં અને જે સૌથી સારાં હતાં તે પહેરી લીધાં, બાળકો અહીં તહીં ઝાંપાઓ પર, ઘરોની ઉપર પોતે બનાવેલાં ઝંડા લગાવતાં જઈ રહ્યાં હતાં .અગાફિયા સોમોવાએ દંડા પર પોતાનાં દીકરાનું લાલ ખમીસ લપેટી લીધું, જે ગયા પાનખરમાં અનાથ થઈ ગયું હતું પણ હજી સારી સ્થિતિમાં હતું, તેનો રંગ હજી નહોતો ઊડી ગયો .નેસ્તોરે ઘોડા પર આવીને બુમ પાડીને કહ્યું કે અગાફિયા તે ઉતારી લે પણ તે તો તેની વાત માનવાનું વિચારી પણ નહોતી રહી, તે ઝાંપા પાસે નજર રાખવા ઊભી રહી ગઈ, જેથી તેની ગેરહાજરીમાં કોઈ ઉતારી ન લે.

સવારથી ભમ્મરો ચઢાવેલો ઉદાસ દિવસ પણ ઉત્સ્વોલ્લાસથી ભરાઈ ઊઠ્યો : આકાશમાં વાદળાં છંટાઈ ગયાં હતાં અને સૂરજ પણ પ્રફુલ્લિત થઈ ઉત્સવમય પ્રકાશની વર્ષા કરતાં સબળ થઈ ગયો., વધારે તપ્ત થઈ ગયો.

જયારે ગામમાંથી ગોળીઓનાં ધડાકા સંભળાવા લાગ્યાં ત્યારે નાસ્ત્યોના અને બુદ્ધિમાન વસિલીસા નજીકનાં ખેતરમાં વટાણા વાવવા માટે ખેતર ખેડી રહ્યાં હતાં .બુદ્ધિમાન વાસિલીસાએ તરત જ અટકળ કરી લીધી કે વાત શી છે અને ઘોડા છોડવા દોડી ગઈ, તેની પાછળ પાછળ નાસ્ત્યોના પણ .તેઓ જયારે અતામાંનોવ્કા પહોચ્યાં ત્યારે ગામ આખું લોકોથી ઉભરાઈ રહ્યું હતું .ઝાંપા પાસે ઘોડાને છોડીને ઉત્તેજિત નાસ્ત્યોના હાંફતાં-હાંફતાં એવી રીતે આવી ધમકી કે ઘરડાઓ ગભરાઈ ગયાં : ભયભીત સેમ્યોનોવ્ના બાંકડા પરથી ઊભી થઈ ગઈ, બારી પાસેથી મિખેઈચ એક ઝાટકે વળ્યો-એક સમાચારથી ઉદ્વિગ્ન થઈ તેઓ બીજાં સમાચારની રાહ જોતાં હતાં .નાસ્ત્યોના તે જ ક્ષણે ઉંબરા પાસે લથડિયું ખાઈ ગઈ :તે આમ ક્યાં ભાગી રહી છે, તેમને શું કહેશે?

“સાંભળ્યું છે, ગોળીઓ ચાલી રહી છે,” તે સમજાવવા લાગી, જો કે તે એમ જ સ્પષ્ટ હતું .અને વગર સમજ્યે-વિચાર્યે મહામુશ્કેલીએ જાણે કોઈએ તેને ટોકી દીધી હોય તેમ તેણે વાત પૂરી કરી: ”અમે તરત જ સમજી ગયાં .“

“હે ભગવાન ! “ સેમ્યોનોવ્નાએ પ્રાર્થનાભર્યાં સ્વરમાં કહ્યું અને દેવચિત્રની તરફ જોઈને ક્રોસનું નિશાન બનાવ્યું, “શું હકીકતમાં વાટ જોવાનું પૂરું થઈ ગયું છે? હવે તો તેઓ કદાચ કહેશેને જ કે આપણો અન્દ્રેઈ ક્યાં છે?”

“કહેવું જોઈએ, ડોસી, કહેવું જોઈએ,” મિખેઈચે સાવધાનીપૂર્વક નાસ્ત્યોના પર નજર નાંખી જવાબ આપ્યો, “હવે બધાંને ઘેર જવાની રજા મળી જશે...માઓની પાસેં ...ઘરવાળીઓ પાસે...”

“એકદમ બધાંને તો છોડી નહી શકાય.” “કેમ નહીં છોડી શકાય ?”

'કેમ નહી ...કોને ખબર, શું થઈ જાય .ફોજ રહેવી જરૂરી છે.”

“પેલાં યુદ્ધમા આ પ્રમાણે શાંતિની ઘોષણા નહોતી થઈ,” થોડીવાર ચૂપ રહીને સેમ્યોનોવ્નાએ યાદ કર્યું, કોઈને ખબર નહોંતી પડી કે યુદ્ધ પૂરું થયું કે નહી ...જર્મનોને છોડ્યાં અને પછી અંદરોઅંદર લડી મર્યા, એનાથી પણ વધારે મોંટી આફત .આ પ્રમાણે શાંતિ તો સમજો ફરી થઈ જ નહીં .ક્મ્યુનો માટે લડ્યાં, સામુહિક ફાર્મ માટે લડ્યાં .એક દિવસ પણ શાંતિ ન રહી.”

નાસ્ત્યોનાએ પોતાનાં વિભાગમાં જઈને કપડાં બદલી લીધાં .ખેતરમાં જ ઉડવા લાગેલું તેનું મન વધારે હર્ષોલ્લાસથી ડોલવા લાગ્યું હતું, હજી પણ જોર જોરથી ઉછાળા મારી રહ્યું હતું, લોકોની પાસે જવા જિદ્દ કરી રહ્યું હતું પણ કોઈ વાત તેને રોકી રહી હતી, સમજાવ્યે જઈ રહી હતી કે આ તેનો ખુશ થવાનો દિવસ નથી, આ તેનો વિજય નથી અને આ વિજય સાથે તેનો દૂર દૂર સુધી કોઈ સંબધ નથી.તેને સમજાતું નહોતું કે તે શું કરે, છેવટે તે પલંગના એક કિનારા તરફ આડી પડી અને ટેવ મુજબ તેણે પેટ પર હાથ ફેરવ્યો - વગર કોઈ ભાવથી ભરાયેલ, ભૂલાયેલા, ખોવાયેલાં હાથે પોતાની જગ્યા શોધી લીધી અને શાંત થઈ ગયાં .બહારથી લોકોનો શોરબકોર સંભળાઈ રહ્યો હતો, કોઈ પૂરપાટ વેગે ઘોડો હાંકતું નીકળી ગયું, કોઈ અપરિચિત પુરૂષ સ્વર અટકી અટકીને ગાવા લાગ્યો:

“ લોખંડનો ઘોડો લઈ,
અમે ચાલ્યાં ખેતરોએ,
ખેડવા ને વાવણી કરવા.”

નાસ્ત્યોનાએ એકદમ કૂદીને બારીમાંથી જોયું :શું કોઈ હકીકતમાં એ જ દિવસે યુદ્ધમાંથી આવી પણ ગયું? રસ્તાની વચ્ચોવચ નાસ્ત્યોના માટે અજાણ્યો, ઊંચા કદનો દુબળો-પાતળો માણસ બંડી ખોલીને, ઉઘાડે માથે બાળકોના ટોળામાં લથડિયા ખાતો ડગલાં ભરી રહ્યો હતો .નાસ્ત્યોનાએ સાંભળ્યું -મિખેઈચ સેમ્યોનોવ્નાને સમજાવી રહ્યો હતો:

“કાર્દાનો છે....જે સમાચાર લઈને આવ્યો છે એ જ છે .લોકોએ ખૂબ ઝૂમાંવ્યો છે તેને .આજે એ નહીં બચી શકે; ના,...પણ આવાં સમયે....”

“લો...ઓ...કો!..”રોકાઈને અને ભારપૂર્વક રોકાઈ રહેવા માટે આમતેમ હાથ ફેલાવીને તે બરાડી ઊઠ્યો, “ બધાં નીકળી આવો - સ-ર-ઘ-સ માટે ! હિટલર ખલાસ! ”તેણે પાછલાં શબ્દો સાથે મેલ બેસાડતાં મોટી ભયંકર ગાળ આપી અને માથાથી ઝાટકો આપીને, જાણે ચીસમુક્ત થઈ ઝૂમવા અને ગાવા લાગ્યો:

"હિંમતથી ડગ આ ઉઠે,
તો દુશ્મન કદી ન બચે,
જે અમારાં જનતંત્રને સ્પર્શે! ”

આ ચીસો, બૂમરાણો, આજને માટે આકસ્મિક અને સમયાતીત આ ગીત નાસ્ત્યોનાના હૃદયમાં વધારે ઊંડું શૂળની જેમ ભોંકવા લાગ્યું, તેને ખેંચથી ભરવા લાગ્યું :દુઃખી, ક્લેશગ્રસ્ત અને પીડિત હૃદય એકદમ જોરથી ધડકી ઊઠતુ હતું, બેચેનીપુર્વક પોકારતું, ક્યાંક કંઈક શોધી રહ્યું હતું .નાસ્ત્યોના આંગણામાં નીકળી આવી અને વાડમાંથી માથું બહાર કાઢતાં તેને ગલીનાં ઉપલાં ભાગમાં કોઈ હિલચાલ દેખાઈ, તેણે જાણવા ન ઈચ્છયું કે કોણ છે, એટલા માટે ધ્યાનપૂર્વક જોવાનો પ્રયત્ન પણ ન કર્યો અને ઘરમાં પાછી ફરી .તેણે પળવાર માટે અન્દ્રેઈને યાદ કર્યો પણ ક્રોધ સાથે :તેનાં, તેનાં જ કારણે તેને બધાંની જેમ મુક્ત રીતે વિજયનો આનંદ માણવાનો હક્ક નથી રહ્યો.પછી નાસ્ત્યોનાએ વિચાર્યું કે જયારે તે યુદ્ધ પૂરું થયાનાં સમાચાર જાણશે ત્યારે તેને આનાથી પણ વધારે કલેશ થશે -દુઃખ થશે, ખુદ પોતાની જાતથી દુઃખ થશે .નાસ્ત્યોનાએ તરત જ પોતાનાં પર નિયંત્રણ મેળવી લીધું અને ઢીલી પડી ગઈ .પરંતુ તેમ છતાંય તેને ખીજ અને ક્રોધભર્યા ભાવે જ તેનાં પર દયા આવી .તેને અચાનક તેની પાસે જવાની, સાથે રહેવાની ઈચ્છા થઈ આવી .આજે તો તેમણે સાથે હોવું જ જોઈએ :કેવી સરસ જોડી છે, બધાં લોકોથી, તેમનાં સર્વોત્તમ ઉત્સવથી માત્ર તેઓ બંને જુદા પડી ગયાં છે .“બિલકુલ જુદાં તો નથી પડી ગયાં,” તેણે ક્ષોભપૂર્વક પોતાનાં પક્ષમાં વિચારતાં અને પોતાની જાતને ફરીથી લોકોની નજીક લાવતાં અસંમતિ વ્યક્ત કરી, "શું મેં સમગ્ર યુદ્ધ કાળ દરમ્યાન મહેનત નથી કરી, લગન નથી બતાવી? આ દિવસ જોવા માટે બીજાઓથી ઓછી કમર તોડી છે? હમણાં જ ઊઠીશ અને ચાલવા લાગીશ, હા, ઊઠીશ અને ચાલવા લાગીશ,” એક જ જગ્યાએ જાણે ચોંટી ગયેલી તે પોતાની જાતને આગળ ધકેલી રહી હતી, જાણે કોઈ બાહ્ય પ્રબળ પ્રેરણાની પ્રતીક્ષા કરી રહી હોય, જે તેને ઊઠાડે અને લોકોની તરફ જવા વિવશ કરી મૂકે . અને તેની પ્રતીક્ષા સફળ થઈ પણ ગઈ .બારી પાસે ઘોડાની ટપટપ તથા તેને રોકવાનો અવાજ સંભળાયો અને એ જ બેલગામ શોર મચાવનાર નેસ્તોર ઘોડા પરથી નીચા નમીને જોર જોરથી કાચ ખખડાવવા લાગ્યો અને મોટેથી બરાડવા લાગ્યો: “ અરે, બધાં લોકો !બધાં વાંચનાલયમાં સભા કરવા પહોંચો !સભા કરવા, બેઠક કરવા, જલસો કરવા !મિખેઈચ !ક્યાં છે? નાસ્ત્યોના!”

“હા, હા,” મિખેઈચે આરામથી બારી તરફ આવતાં જવાબ આપ્યો, ”શા માટે બૂમો પાડી રહ્યો છે ?”

“ સભા કરવા, બેઠક કરવા, જલસો કરવા !જીતનાં પ્રસંગ પર !ફૌજી આદેશ છે .જે ઘરમાં બનેલું હોય તે બધું લઈને વાંચનાલયમાં પહોંચો .પોતપોતાનો ભાગ લઈને .મિખેઈચ,તરાસૂંન લઈને આવજે .લોભ ન કરતો .હા, કહું છું, તરાસૂંન લઈને આવજે, સમજ્યો ?”

“ સમજ્યો, સમજ્યો,” મિખેઈચ બબડવા લાગ્યો, “ તરાસૂંન, તારાં માટે .બીજું કશું નથી જોઈતું? તને તો બસ પીવા સાથે જ લેવાદેવા.”

પણ નેસ્તોરને વળી શું સંભળાવાનું હતું, તે તો પૂરપાટવેગે ઘોડો આગળ દોડાવી ગયો હતો.

“બકવાસ કરનાર,”સેમ્યોના ગભરાયેલાં જેવી, અસ્પષ્ટ ઉચ્ચારણ કરતાં માથું ધુણાવવા લાગી,”આ બધાં પીનારા, બધાં જીદ્દી છે પણ આ તો બિલકુલ બેલગામ છે.”

“જા, નાસ્ત્યોના,” લટકતી મૂંછોમાં દુઃખ અને ચિંતાથી મરકતાં મિખેઈચે કહ્યું,” તરાસૂંન પણ છે .ચાલી જા” જોશમાં આવતાં તેણે દ્રઢતાપૂર્વક કહ્યું" .હું પણ પછી ડોકિયું કરી આવીશ .આજનાં દિવસે ઘરમાં બેસી રહેવું પાપ છે .તરાસૂંન ભોંયરામાં મૂકેલ છે, જમણી બાજુ, તખત નીચે, કાઢી લે .લોકો ખૂબ જલસો માણશે અને તું પણ માણ, જા.”

“તું તરાસૂંન આપી તો દે છે પણ અન્દ્રેઈ જયારે આવશે ત્યારે શું કાઢશે?” સેમ્યોનોવ્ના વચમાં જ ટપકી પડી.

“અન્દ્રેઈ આવશે ત્યારે શોધી લઈશું .ખબર નહીં ક્યારે એ ઘડી આવશે !પણ આજનો દિવસ ફરી નહી આવે .જા, નાસ્ત્યોના કાઢી લાવ.”

આ ઘરમાં બનાવેલો સાવ સાધારણ દારૂ હતો, યુદ્ધ પહેલાંના સારાં ધાનમાંથી બનેલો, પણ એને અહીં સદીઓથી બુર્યાત ભાષાનાં શબ્દ" તરાસૂંન " જ કહેવામાં આવે છે .નાસ્ત્યોનાને ખબર હતી તે ક્યાં રાખેલો છે :વસંતની શરૂઆતમાં બટાકા કાઢતી વખતે તેને જમીનમાંથી બત્તીની જેમ ડોકાતો બૂચ દેખાઈ ગયો હતો અને તેની નીચે તેનો હાથ મોટી બોટલને અડી ગયો હતો, બોટલ ન તો નાસ્ત્યોનાથી સંતાડવામાં આવી હતી કે ન કોઈ બીજાથી, તેને બસ એમ જ સંતાડી દેવામાં આવી હતી, જેથી સમય કરતાં પહેલાં નજરેં ન પડે અને વ્યર્થમાં જ દિલને દુઃખ થાય .પછી નાસ્ત્યોનાએ બોટલમાંથી થોડું પીણું

ભરી લીધું અને અન્દ્રેઈને માટે થેલામાં ધૂસાડી દીધું :સમય-કસમયે પતિને આ દારૂ દિલાસો દેશે, જરા ધીરજ બંધાવશે, આંખોમાં ખુમારી ભરી દેશે, પણ ધ્યાન ફેરવીને, ઉદાસી અને મુસીબતથી ક્યાં ભાગશે? એકલો, હંમેશાં એકલો .અઠવાડિયાઓ અને મહિનાઓ સુધી એકલો .તે તો હમણાં લોકો વચ્ચે ચાલી જશે .શું નાસ્ત્યોના એને લાયક નથી? ના,ના, એવું ન બની શકે કે તે એને લાયક ન હોય!

સેમ્યોનોવ્નાએ અંતમાં પોતાની વાત મનાવી લીધી :અઢી લીટરની બોટલમાંથી, જે પૂરી નહોતી, અડધો દારૂ બીજી બોટલમાં કાઢીને સંતાડી દેવામાં આવ્યો અને બાકીનો અડધો દારૂ નાસ્ત્યોનાએ લોખંડના ડબ્બામાં ગાળી લીધો, જેથી મોટી બોટલ કેટલી ભરી છે તે ખબર ન પડે .તે ડબ્બો લઈને ઝાંપામાંથી બહાર નીકળી આવી અને રોકાઈને પોતાનામાં જાણે દ્રઢતા ભરતી હોય તેમ ડોસીઓની જેમ સાવધાનીપૂર્વક ગલીમાં આમતેમ જોવા લાગી.

ગલીમાં ન જાણે કેટલા બધાં વખતથી આટલો કોલાહલ નહોતો થયો .વાંચનાલય ગામની વચ્ચોવચ, અન્દ્રેઈના ઘરથી ત્રણ ઘર દૂર હતું, ત્યાંથી કોલાહલભર્યાં, ઉત્તેજિત અવાજો સંભળાઈ રહ્યાં હતાં અને ધૂમાડો નીકળી રહ્યો હતો .લોકોનાં અચાનક આટલાં બધાં શોરબકોરથી કૂતરાં પણ બેચેન થઈ આમતેમ દોડતાં ભસી રહ્યાં હતાં, મુરઘા ચીસો પાડી રહ્યાં હતાં અને પાંખો ફફડાવી રહ્યાં હતાં, મુરઘીઓ પણ એકધાર્યો અવાજ કર્યે જઈ રહી હતી, નાનાં ડુક્કરો કિકિયારીઓ કરી રહ્યાં હતાં, દરવાજા ખખડી રહ્યાં હતાં, ઝાંપા ચરર ચરર કરી રહ્યાં હતાં, બાળકોનાં ટોળેટોળાં આમથી તેમ ભાગતાં ધમાંચોકડી મચાવી રહ્યાં હતાં .પણ આ બધાં મિશ્રિત અવાજ અને શોરબકોરમાંથી રણકતો અને વહેતો કોઈ જુદો જ વિશેષ ધ્વનિ તરી આવતો હતો.મધુર, મીઠો, બીલોરીના કાચ જેવો સ્વચ્છ, ઉમંગભર્યો, નાસ્ત્યોનાને માટે સારી રીતે ચિરપરિચિત, પણ ભૂલાયેલા જેવો, ખોવાયેલા જેવો અવાજ .તે અવાજ ક્યાંથી આવી રહ્યો છે એ શોધતાં તેણે આંખો ઊંચે કરી - ઓરડીની અગાશી પર એક લાઈનમાં ત્રણ અબાબીલો બેઠી હતી અને પોતાનું સંગીત રેલાવી રહી હતી, પોતાના સ્વર વિખેરી રહી હતી .તેઓ ક્યાંકથી ઊડી આવી હતી, બિલકુલ ઠીક સમય પર, ન તો પહેલાં કે ન તો પછી, બરાબર સમયસર .આજે જ .પ્યારી પ્યારી, પોતાનાં દેશમાં ઉનાળો વીતાવવા, માળા બાંધવા, ઈંડા મૂકવા અને બચ્ચા સેવવા ઊડી આવી હતી, પાછી ફરી હતી આ લો, શાંતિમય જીવન, જ્યાં તેને કોઈ નાનાં છોડવાંની જેમ ઉખાડીને ફેંકી દેવામાં આવ્યું હતું ત્યાં પોતાની જગ્યાએ પાછું ફરી રહ્યું છે - એ કલાંત, ક્ષતવિક્ષત, અસ્તવ્યસ્ત પણ કદાચ વાસ્તવિક શાંતિમય જીવન .હા, વિશ્વાસ નહોતો બેસતો :દુઃખો અને ભયની સાથે જીવતાં જીવતાં આની ટેવ જ બિલકુલ છૂટી ગઈ હતી .અબાબીલો ખુશીથી ચહેકી રહી છે, આશા અને કૃતજ્ઞતા સાથે કોઈકની કીર્તિનાં વખાણ કરી રહી છે, જાણે ઘંટડીઓ રણકી રહી છે, પણ એ વાતની તેમને તો કદાચ ખબર જ નથી કે યુદ્ધ સમાપ્ત થઈ ગયું છે .કોને ખબર, કદાચ તેમને ખબર પડી પણ ગઈ હોય, અને તેઓ ખાસ

એટલા માટે જ જલ્દી જલ્દી ઊડીને આવી હોય, જેથી લોકો તેમનો અવાજ સાંભળીને લોકો આંખો ઉપર ઊઠાવીને જોઈ લે અને સમજી જાય કે બસ, આજે દુઃખોનો અંત આવી ગયો છે.

અને આ ક્ષણથી નાસ્ત્યોનાનો આત્મા જાણે પલળી ઊઠ્યો .તેને કોઈ ખુશનસીબ અને નાસમજ દુર્બળતાએ ઘેરી લીધી, દરેક વાત પ્રત્યે કોઈ આનંદમય, સંવેદનશીલ વિસ્મયે, એ અબાબીલોએ પણ સૌથી વધારે એ જ બતાવવાની ઇચ્છાએ તેનાં આત્માને ઘેરી લીધો કે તે બીજાઓથી ઓછી નથી અને તેને કોઈની બીક નથી.

વાંચનાલયની સામે ઈન્નોકેન્તી ઈવાનોવિચનું ઊંચું, ભભકાદાર અને ઢોળાવવાળા છાપરાવાળું ઘર હતું, જેના એક ભાગમાં વૃધ્ધો રહેતાં હતાં - ઈન્નોકેન્તી ઈવાનોવિચ અને દોમ્ના, તથા બીજો ભાગ ખોળે લીધેલ વાસ્કા) તેમને પોતાનું કોઈ સંતાન નહોતું (માટે અલગ કરેલો હતો .ગયાં બે વસંતથી, જ્યારથી તરુણ વાસ્કાને મોરચા પર મોકલી દેવામાં આવ્યો હતો ત્યારથી, તે ભાગ ખાલી પડ્યો હતો .ખાલી પડ્યો હોવા છતાં પણ તેમાં કોઈ રહેતું હોય તેવું લાગતું હતું, તેને ગરમ પણ કરવામાં આવતો હતો અને પૂરતી દેખભાળ પણ કરવામાં આવતી હતી :બારીની પાળીઓ પર ફૂલોનાં કુંડા મૂકેલાં હતાં, બંને બાજુ પડદાં નજરે પડતાં હતાં .તેની સ્થિતિ હંમેશાં સારી રહી હતી, એવી જ જિંદગી માટે તેનો જન્મ થયો હતો, બીજી તેને માફક નહોતી આવતી.

જયારે નાસ્ત્યોના સામેથી નીકળી ત્યારે ઝાંપાનો આગળો ખખડી ઊઠ્યો, ઝાંપો ખુલી ગયો અને ઈન્નોકેન્તી ઈવાનોવિચ નજરે પડ્યો - જુવાન બનેલો, સજેલો, ધાતુનાં ચળકતાં બટણો વડે બંધ ઘેરાં નીલાં રંગનું જાકેટ પહેરેલ, જેની નીચેથી બંધ ગળાનાં ખમીસની છાપ ડોકાતી હતી, એવાં જ નીલાં રંગનું પેન્ટ, જે સારી સુગંધવાળા ચામડાનાં જૂતામાં ધૂસેલું હતું .નાસ્ત્યોના ઈન્નોકેન્તી ઈવાનોવિચને જોઈને એવી રીતે ખુશ થઈ ગઈ જાણે તે કોઈ તેનો સગો હોય અને તેનાં પ્રફુલ્લિત સ્વરૂપને ખુશીથી જોતાં અને મરકતાં તેની તરફ ડગલાં ભર્યાં.

“ઈન્નોકેન્તી ઈવાનોવિચ, રાહ જોવાનું પૂરું થઈ ગયું! ” તે મોટેથી બોલી ઊઠી.

“હા, થઈ ગયું.” તેણે ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો અને પૂછ્યું, “તારાં પતિનાં કોઈ સમાચાર નથી? “
“ના,” ખડખડાટ હસીને અને સાહસથી તેની આંખોમાં જોતાં તેણે જવાબ આપ્યો, “ના, ઈન્નોકેન્તી ઈવાનોવિચ, કોઈ સમાચાર નથી.” અને કંઈ વિચારીને જોડી દીધું : “કદાચ તમને કંઈ ખબર હોય કે તે ક્યાં છે - એમ હોય તો કહી દો.”

ઈન્નોકેન્તી ઈવાનોવિચ ખમચાઈને બોલ્યો, "મને ક્યાંથી ખબર હોય?" તે હેરાન રહી ગયો, "તું, છોકરી, કેવી મશ્કરી કરી રહી છે ?'

"જુઓ કહું છું તમને કંઈ ખબર હોય તો જણાવી દો, સંતાડો નહીં," એ જ સંદિગ્ધ ખડખડાટભર્યા હાસ્ય સાથે તેણે જોડી દીધું, "મને ખબર પડશે તો હું તમને કહી દઈશ .સાચે જ કહી દઈશ."

વાંચનાલયના આંગણામાં આગ સળગી રહી હતી અને બે મોટાં દેગડામાં રસો ઉકળી રહ્યો હતો .ખબર પડી કે ફાર્મનાં નવાં અધ્યક્ષ મક્સિમ વોલોઝ્જીને જીતનાં ઉપલક્ષમાં સામુહિક ખેતરનાં બે બકરાં કાપવાની છૂટ આપી દીધી હતી .ઝાડનાં થડનાં ટૂકડાઓ પર બેઠેલી સ્ત્રીઓ બટાકા છોલી રહી હતી . લોકોની ભીડ જમા થઈ ગઈ હતી :આખું ગામ ભેગું થઈ ગયું હતું.અંદર એક લાઈનમાં મેજો ગોઠવી દેવામાં આવી હતી અને તેમનાં પર લોકો જે જે વસ્તુઓ લઈ આવ્યાં હતાં તે બધી ગોઠવી દેવામાં આવી હતી .થોડી થોડી કરીને બધાં ઘણી બધી વસ્તુઓ લઈ આવ્યાં હતાં :મીઠામાં આથેલી કૂબી, ઊંડા પ્યાલાઓમાં રાખેલ કાકડીઓ, હાંડીમાં રાખેલ પનીર, તાજી જ પકડેલી માછલીઓ, મૂળા, બન, પાઉંરોટી, ઈંડા, ચેરીવાળી કેક-લોકો દિલ ખોલીને જે હતું તે બધું લઈ આવ્યાં હતાં .નાનાં છોકરાઓનાં એક ટોળાને ભોજ રસ લેવા મોકલી દેવામાં આવ્યું હતું, જેથી લાવેલી વસ્તુઓ જો ઓછી પડી જાય તો કંઈ હોય; એમનાંથી મોટા છોકરાઓનું બીજું ટોળું અંગારામાં માછલાં પકડી રહ્યું હતું .પકડેલી માછલી-નાની કે મોટી બધી માછલીઓને તરત જ મેજ પર પહોચાડી દેવામાં આવતી હતી, તે ક્યારેક તેમનાં પર ઊછળતી તો ક્યારેક વાસણમાં કૂદતી, તો ક્યારેક ફર્શ પર પડી જતી .બારીઓ ખોલી નાખવામાં આવી હતી, એક બારીની પાળી પર મૂકેલું ગ્રામોફોન ચારે દિશાઓમાં જાણે ચીસો પાડી રહ્યું હતું, તેમાં ચાવી ભરવાનાં હેન્ડલને છાતીએ વળગાડીને નાદ્કાની લીદ્કા ઊભી હતી .નાદ્કા પણ બટાકા છોલી રહી હતી . નાસ્ત્યોના તેની પાસે આવી ગઈ, સામે ઉભડક બેસી ગઈ અને નાદ્કાના હાથ પકડી લીધા.

"વાટ જોવાની પૂરી થઈ ગઈ નાદ્કા "! અશ્રુમિશ્રિત, સુખભર્યા સ્મિત સાથે તેણે કહ્યું .નાદ્કાએ જવાબ આપ્યાં વિના નજર ફેરવી લીધી.

નાસ્ત્યોનાએ લીઝા વોલોઝ્જીનોને શોધી લીધી અને તેને બાથમાં ભરી લીધી.

"તું શું, નાસ્ત્યોના, આ તું શું કરે છે ?" દેગડાઓ પાસે વ્યસ્ત લીઝા આગથી શાંત ચહેરો નાસ્ત્યોનાની તરફ ફેરવીને કહી ઊઠી ." બહુ ખુશ છે ?"

" હા, ખૂબ ખુશ છું." "પોતાનાં અન્દ્રેઈની રાહ જોઈ રહી છે?"

“હા,રાહ જોઈ રહી છું.”

તેણે બધાની સામે હાથો વડે મેક્સિમની ગરદન પકડીને તેને ચૂમી લીધો, તે શરમાયો અને સંતુષ્ટ થઈને મોટેથી બોલી પડ્યો :”બીજું કોણ છે? પાસે આવી જાવ, હમણાં લીઝા દયાળુ થયેલી છે.”

“ હું હમણાં તને બતાવું છું કેવી દયાળુ !થોડા થોડા મજાક સાથે, થોડા થોડા ગુસ્સા સાથે લીઝાએ કહ્યું,” મેં બસ નાસ્ત્યોનાને છૂટ આપી છે, તે પણ ઉધાર, અન્દ્રેઈના આવવા સુધી, બીજાં કોઈને નહીં.”

નાસ્ત્યોના લોકોની વચ્ચે ધૂસી રહી હતી અને કાંપતી, ઉપકારભરી ગુસપુસ સાથે અસ્પષ્ટતા અને વિનયપૂર્વક મરકતી કે હસતી, ગાંડાની જેમ પૂછતી કઈ યાદ અપાવતી કહ્યે જઈ રહી હતી :“વાટ જોવાની પૂરી થઈ ગઈ?” - અને તેનાથી વધારે કશું જ કહી શકતી નહોતી .પણ આજનાં દિવસે બધું ઉચિત હતું .તે આલિંગન કરી રહી હતી, તેને પણ આલિંગનમાં લેવામાં આવી રહી હતી .તે આંસુ વહેવડાવી મળી રહી હતી, તેને આંસુઓ વડે જ જવાબ મળી રહ્યો હતો; તે હસવાનો પ્રયત્ન કરતી હતી - તેને બધાં સાથ આપવા લાગતાં હતાં .કોઈ વિચિત્ર આત્મિક પીડાથી પરાસ્ત તેને પોતાની જાતનું પૂરેપૂરું ભાન નહોતું, તેની સાધારણ, સાહજિક જીવનની અભ્યસ્ત ભાવનાઓ, પેલાં ઉત્તેજિત નર્તનથી હારેલી-થાકેલી ભાવનાઓ, જે ક્યારેક રડવા તો ક્યારેક હસવા, ક્યારેક ખુશ થવાં તો ક્યારેક ભય અને ખોફથી જડ થવાં વિવશ કરી રહ્યાં હતાં .આજે તદ્દન કિંકર્તવ્યમૂઢ અને દબાયેલી ભાવનાંઓ-બધું તેનાથી ઈનકાર કરી રહ્યું હતું .હું અને પાછલાં દિવસોથી હંમેશાં સંયમિત અને સાવધાન રહેનારી, પ્રશ્ન નહી પણ જવાબ જાણનારી તે આજ્ઞાકારીની જેમ જ્યાં તેને ખેચી જવામાં આવી રહી હતી ત્યાં ચાલી જતી હતી, તે બધું અચાનક બદલાઈ ગયું .પાછળથી તેણે શરમ પણ અનુભવી કે સ્ત્રીઓને મદદ કરવાં સુદ્ધાંની વાત તેનાં મગજમાં ન આવી અને તે રાંધેલાની સામે બેસી ગઈ .તેને યાદ હતું :ખબર નહી કેમ, તેને એમ લાગી રહ્યું હતું કે આજે લોકોની સાથે રહી શકવાનો અંતિમ દિવસ છે, કાલે તે એકલી રહી જશે, તદ્દન એકલી અટૂલી રહી જશે, કોઈ અંધકારમય સ્તબ્ધ શૂન્યમાં.

બધાં મેજ પર બેસી ગયાં .મેક્સિમ વોલોઝ્જીન પોતનાં અધિકાર અનુસાર - સૈનિકના રૂપમાં અને અધ્યક્ષનાં રૂપમાં - પહેલાં સ્થાને બેઠો .તેની એક બાજુ, નિ:સંદેહ નેસ્તોર આવીને બેસી ગયો અને બીજી બાજુ - કાર્દાંથી આવેલો કાસદ, જે વચ્ચે વચ્ચે આંખો મીંચી લેતો હતો અને માથું નીચું કરી લેતો હતો, અને વારંવાર તેને એક ઝાટકે ઉપર ઊઠાવી લેતો હતો .મક્સિમ ચંદ્રકો ખણકાવતો ઊભો થઈ ગયો.

“ગ્રામજનો! ” પાતળાં, અંદરથી અટકેલા અવાજે તેણે કહેવાનું શરૂ કર્યું અને બધાં જાણે જડ થઈ ગયાં, “ ગ્રામજનો ! હું કોઈ વક્તા નથી, અત્યારે તો આપણે કોઈ બીજાને સાંભળવું જોઈએ, પણ કહેવા માટે છે

પણ શું ! જયારે બધાં જાણી જ ગયાં છો કે જીતી જ ગયાં છીએ ત્યારે બીજું છે શું કહેવા માટે !જીત માટે કંઈ કહેવાં શબ્દો શોધ્યાં નથી મળતાં, અમે અંત સુધી અડગ રહ્યાં, પૂરી તાકાત લગાવતાં રહ્યાં, આગળ વધતાં ગયાં, આપણી અતૂટ હિંમતથી ભયંકર શેતાન હિટલરની કમર તોડી નાંખી .હું ત્યાં મોરચા પર હતો, મને ખબર છે, ત્યાં શી વીતે છે લોકો પર .હૈયું ઉકળવા લાગે છે..." મેક્સીમે ઊંડો શ્વાસ ભર્યો અને પળવાર રોકીને છોડી દીધો,"તમને બધી ખબર છે, અત્યારે મારાં બધાં સાથીઓ, બધાં યોદ્ધાઓ, જે જીવતાં છે તેઓ બધાં એકસાથે પોતાનાં ઘેર પાછાં ફરવાં ઉતાવળાં થઈ રહ્યાં છે, પોતાની જિંદગીમાં આગળ વધે .આપણી તરફ ભારે ખુંવારી થઈ છે .જ્યાં જ્યાં યુદ્ધનાં પગરણ પડયાં છે, ત્યાં ત્યાં ધરતી કબરોથી ભરાઈ ગઈ છે .જમીન વધી ગઈ છે અને હાથ ઓછાં પડી રહ્યાં છે .શું કહું ! અમે ત્યાં તમારાં લોકો વિના કોઇપણ પરિસ્થિતિમાં ટકી શકવાનાં નહોતાં કારણકે પુરૂષો લડે છે અને સ્ત્રીઓ તેમનાં પરિવારનું ભરણપોષણ કરે છે, પુરૂષો તિરસ્કાર અને ધૃણા સાથે દુશ્મન પર ચઢાઈ કરે છે અને સ્ત્રીઓ હજારો જોજન દૂર પોતાનાથી અને પરિવારથી તેનું હૃદય કોમળ બનાવી રાખે છે, દિલમાં પ્રેમ ભરી રાખે છે .તમારાં બધાં વિના અમે કંઈપણ ન કરી શકત અને આજે આ દિવસ ન આવત .આપણો દેશ મહાન છે, બહુ વિશાળ છે, બહોળો છે પણ આપણાં અતામાંનોવ્કા વિના કામ નહી ચાલી શકે .અમે ત્યાં લડતાં રહ્યાં અને તમે લોકોએ અહીં મદદ કરી .આવો ઊઠો ગ્રામજનો, આંખો ખોલીને આજનો દિવસ જોઈએ, એને વધાવીએ અને અનંત કાળ માટે યાદોમાં ભરી લઈએ .આવું યુદ્ધ કદાપિ નથી થયું, એનો અર્થ એ કે આવો ભવ્ય વિજય પણ કદાપિ નથી થયો .આવો, ગ્રામજનો, એને આદરથી અને પ્રેમથી મનાવીએ.

મેજો પર બેઠેલા લોકો ઊભાં થઈ ગયાં અને જામ ટકરાવી એક ઘૂંટડે પી ગયાં અને પાછાં ચૂપ બેસી ગયાં .નાસ્ત્યોનાએ પાસે બેઠેલી નાદ્કા સાથે જામ ટકરાવા હાથ લંબાવ્યો પણ તે સૌથી પહેલાં જ પી ચૂકી હતી .આ વખતે તે આશ્ચર્યજનક રૂપે ચૂપ હતી, વાતચીતમાં ભાગ લઈ રહી નહોતી અને ચારેબાજુ એકીટશે એવી રીતે જોઈ રહી હતી, જાણે સમજી રહી નહોતી કે શું બની રહ્યું છે, શા માટે યાતનાભર્યા પણ અભ્યસ્ત દિવસોનો ક્રમ ભંગ થઈ રહ્યો છે .કોઇપણ જીવનની જેમ તેનાં જીવનને પણ શાંતિની જરૂર હતી, પણ જયારે તેનું આગમન થઈ ગયું હતું ત્યારે નાદ્કા ઉદ્વિગ્નાતાપુર્વક વિચારી રહી હતી કે હવે કેટલાંકનું સુખ અને કેટલાંકનું દુર્ભાગ્ય વધારે સ્પષ્ટતાથી, વેધકતાથી અને નિર્દયતાથી લક્ષિત થશે.

કાર્દાનો કાસદ પીને ગાવા લાગ્યો:

"હિંમતથી ડગ આ ઉઠ્યાં,
તો દુશ્મન કદી ના બચે-
જે અમારાં જનતંત્રને સ્પર્શે."

કોઈકે સ્નેહથી તેનાં પર આક્ષેપ કર્યો : “અરે, આ તો તૈ - યાર છે ! ઘેર કેવી રીતે જશે ?”

“તેણે આ... ઘડી તો નથી લીધું કે યુદ્ધ પૂરું થઈ ગયું છે ?” સાચે જ કેટલો પીધેલો છે .કોને ખબર મગજમાં શું ચઢી જાય......”

“મેં ઘડી લીધું છે ?! કાસદે સાંભળી લીધું અને ઊભો થવા લાગ્યો, તે મહામુશ્કેલીએ ઊભો થઈ શક્યો અને તેની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યાં, “મેં ઘડી લીધું છે ?”તેણે બધાં તરફ નિરાશા, પ્રાર્થના અને રોષભરી દ્રષ્ટિ નાંખતા પૂછ્યું, “તમે આ શું કહી રહ્યાં છો? શું કહી રહ્યાં છો?!” તે મોટે મોટેથી બરાડ્યો, તેનું ગળું રૂંધાઈ ગયું અને તે એકદમ આગળ કંઈ બોલી ન શક્યો, “ કોની હિંમત છે આવું ઘડી કાઢવાની !તમે જાણો છો, શું કહી રહ્યાં છો?! હું તમારાં બધાંની તરફ ભાગી આવ્યો ...જેથી તમને ખબર પડી જાય ! પોતાનાં સાથીઓને છોડીને આવ્યો .બહુ આભાર, ….અરે, કોણ આટલું દુષ્ટ છે, જે આવું ઘડી શકે ? તમે લોકો કેવી રીતે આમ….?”

બધાં તેને શાંત કરવામાં લાગી ગયાં" :અરે ના, ના, ઘડી નથી કાઢ્યું ...દેખાતું નથી શું?”

“સાચે જ, કોણ આવી હિંમત કરી શકવાનું હતું?”

“અરે, જયારે આવ્યો હતો ત્યારે નશામાં થોડો હતો.જુઓ તો અહીં તેને લોકોએ ખુશી ખુશીમાં કેટલી ચઢાવડાવી દીધી. ”

“શા માટે નકામી આવી ઊંધીચત્તી વાતો કરો છો આ ભલા માણસ માટે … … ...મજાકની વાત છે આ શું, વીસ વેર્સ્તા દૂર દોડી આવ્યો છે એ ?”

“તેનાં માટે જામ ભરો, તે પીએ અને આપણને શંકાશીલોને માફ કરી દે .સાચું જ તો છે, કેવા શંકાશીલ છીએ આપણે.....”

અને કાસદ પીને શાંત થઈ ગયો, કહેવાં લાગ્યો કે કેવી રીતે તેણે વિજય વિષે સાંભળ્યું અને કેવી રીતે અતામાંનોવ્કા જવા માટે તૈયાર થઈ ગયો.

“અમારે ત્યાં તો બધાંને ખબર છે કે નહીં? “ મેક્સિમેં મોટેથી પૂછ્યું કારણ કે ઘોંઘાટ વધવા લાગ્યો હતો . “બધાંને - કેવી રીતે બધાંને ખબર ન હોય!”

“એવો ગોળીબાર શરૂ કરી દીધો હતો કે મરેલાઓને પણ ખબર પડી ગઈ હશે.”

“ પણ દાદા? “ અચાનક યાદ કરીને લીઝા ઊભી થઈ ગઈ, “ સ્તેપાન દાદા? તે તો કાલથી ઘંટી પર કંઈ સમારકામ કરી રહ્યાં છે .દાદાને તો ખબર જ નથી! ”

“તેણે શું ગોળીઓનો અવાજ નહી સાંભળ્યો હોય?”

“ક્યાંથી સાંભળ્યો હશે !તે તો તદ્દન બહેરો છે.”

“અરે, દાદા તો હજી પણ યુદ્ધ ચાલી રહ્યું છે તેમ જ માની રહ્યાં હશે.”

“કોઈકને તેની પાસે મોકલવું જોઈએ, - આ સારી વાત નથી.”

કાસદ ફરીથી ઘંટી તરફ નીકળી પડવાની તૈયારી કરવાં લાગ્યો, જેથી છેલ્લામાં છેલ્લા વ્યક્તિ સુધી - દાદા સુધી યુદ્ધની જીતનાં સમાચાર પહોંચાડીને પોતાનું કર્તવ્ય પૂરું કરે,” પણ લોકોએ તેને બેસાડી દીધો અને રોકાઈ જવા માટે મનાવી લીધો.” નેસ્તોર નીકળી પડ્યો, તેનો ઘોડો, જેને તે આંખો દિવસ દોડાવતો રહ્યો હતો , એ જ પ્રમાણે જીન ચઢાવેલો આંગણામાં ઊભો હતો .તેની પાછળ બીજાં બે છોકરાં ભાગવા લાગ્યાં .બારીઓમાંથી માથું બહાર કાઢીને સ્ત્રીઓ પાછળ બૂમો પાડવા લાગી:

“તું ત્યાં તેને કંઈ ન કહેતો ! અહીં લઈ આવ! ”

“ બાંધીને લઈ આવ!”

“ બાંધવાનો વિચાર સુધ્ધાં ન કરતાં !મરી જ જશે! ”

બધાં ફરીથી બેસી ગયાં, ફરીવાર જામ ભર્યા, પણ આ વખતે બીયર ભરવામાં આવ્યો, જે દોડીને ઈન્નોકેન્તી ઇવાનોવીચના ઘેરથી લાવવામાં આવ્યો હતો .તે બીજાઓની જેમ જાતે લઈને નહોતો આવ્યો, યોગ્ય તકની રાહ જોઈને તેણે ઘોષણા કરી કે તેને ત્યાં સુસ્લો દારૂ છે, જેથી બધાંને ખબર પડે : ઈન્નોકેન્તી ઇવાનોવિચનો છે સુસ્લો દારૂ .તે હકીકતમાં ઉમદા દારૂ હતો - ઘટ્ટ, મીઠો, માદક .સ્ત્રીઓ વાહ વાહ કરી ઊઠી અને ચટકારાં બોલાવવા લાગી, તેઓ યાદ કરવાં લાગી કે કેવી રીતે યુદ્ધ પહેલાં સુસ્લો બનાવતી હતી, કેવાં ભર્યાભાદર્યા તહેવારો ઉત્સાહથી મનાવતાં હતાં, કોના કોના ઘેરથી જલસો શરૂ થતો હતો.

“મન ભરીને જલસા માણીશું, હા, બધાં જલસા માણીશું,” ઘવાયેલાં હાથને ઉપર ઊઠાવતાં પ્રસન્ન મક્સિમ મોટેથી બોલ્યો, “ આપણે શું શું નથી જોયું ! બધું થશે .જલ્દી જ બધાં પુરૂષો પાછાં ફરશે... ”

“કોને આવવાનું બાકી રહ્યું છે ? “ ધીમે રહીને પણ સ્પષ્ટપણે, બધાંને સંભળાવતાં જુવાન વિધવા વેરા ઓર્લોવાએ પૂછ્યું, તે બાળકો સાથે એકલી રહી ગઈ હતી.

“હંઅ...... "મક્સિમ મૂંઝવણમાં પડી ગયો, “ કોઈ તો આવશે .....'

“મારી જાણકારી પ્રમાણે ,” ઈન્નોકેન્તી ઇવાનોવિચે ઊભાં થતાં રિપોર્ટ રજુ કર્યો,” છ માણસોએ આવવું જોઈએ.” તેણે મેજ પર બેઠેલી નાસ્ત્યોનાને શોધી લીધી, “આ અન્દ્રેઈ ગુસ્કોવ સાથે, જે ગૂમ થઈ ગયો છેં.” “કોણ કોણ આવશે ?”

“શું આપણને ખબર નથી કે કોણ કોણ? એમાં વળી પૂછવાની શી વાત છે ?” પણ તેમ છતાં ઈન્નોકેન્તી ઈવાનોવિચે ગણાવવાનું શરૂ કરી દીધું.

“મારાં પતિને શા માટે નથી ગણી રહ્યાં ?” તેની ગણતરી પૂરી થતાં અચાનક નાદ્કાએ કહેવાનું શરૂ કર્યું - જાણે એકદમ ફૂટી પડી હોય તેમ નાદ્કાએ ધમકીભર્યા સ્વરમાં ગુસ્સાથી એકાએક બોલવાનું શરૂ કર્યું, "કે પછી આગળ ગણતરી નથી આવડતી, બુક -કીપર?”

“એટલા માટે કે તને સૂચના મળી ચૂકી છે,” ઈન્નોકેન્તી ઈવાનોવિચને પરાસ્ત કરવો સહેલું નહોતું તેને ખબર હતી કે શો જવાબ આપવો જોઈએ.

“મળી ચૂકી છે તો શું થયું? તમે તેની ગણતરી કરો .તે આવશે .હું કહી રહી છું :તે આવશે.” બધાંની તરફ પડકાર કરતાં સામે આવતાં નાદ્કા ઊકળવા લાગી,” જોઈ લેજો .એ ભરોસે ન રહેતાં કે આવશે નહીં . આવશે અને તમારી ગણતરી જૂઠી સાબિત કરી દેશે .એટલા માટે તેને હમણાં ગણો .છ નહી, સાત, એમ કહો.”

“તો તો પછી મારો પતિ પણ આવશે,” ધીમે રહીને, કોઈની તરફ જોયા વિના વેરા ઓર્લોવાએ કહ્યું.

“તારાંની તો મને ખબર નથી, પણ મારો તો આવશે જ.”

સ્ત્રીઓ કંઈક ખમચાતાં બોલવા લાગી: “કોને ખબર, બધું જ બની શકે છે ...કાર્દામાં નસ્તાસિયાનાં.”

“અને કહેવાય છે કે, બ્રાત્સ્કોયેમાં, એક માણસનાં બે વાર મૃત્યુનાં સમાચાર આવ્યાં અને બંને વખત જુદી જુદી રીતે મૃત્યુ થયેલું એમ કહેવામાં આવ્યું હતું .અને તે ઉંબરે આવી ધમક્યો"..હવે કોનો વિશ્વાસ કરો

એ જ ક્ષણે ઘંટીવાળા સ્તેપાન દાદાને લઈ આવવામાં આવ્યાં.નેસ્તોર તેને પીઠ પાછળ હાથ બાંધી બંદૂક તાણી અંદર લાવી રહ્યો હતો .કોઈકે વગર સમજ્યે-વિચારે બોલી દીધું કે તેણે વાત પૂરી કરી દીધી .દાદા ઉંબરા પાસે ઠોકર ખાઈ ગયાં અને વગર કોઈ ભાવે તેણે ભરાવદાર ભમ્મરોથી ઢંકાયેલ આંખો મેજની ફરતે બેઠેલી ભીડ પર કરી, તેણે ન તો વિસ્મય પ્રગટ કર્યું કે ન તો ભય, કંઈ પણ નહી, તદ્દન ભાવશૂન્ય, જાણે તેણે અહીં એ જ જોયું હોય, જેની તેને અપેક્ષા કરી હતી.

નેસ્તોર ગરદન ઊંચી કરીને લોકોથી વધારે દીવાલ પર લટકતાં ચિત્રો તરફ મોં કરી ગરજી ઊઠ્યોઃ : “આપનાં આદેશાનુસાર આ જુદાં પડેલ દાદા હાજર છે, ઘંટી પર સંતાયેલ હતાં.”

“તું મૂરખ છે, નેસ્તોર, “ સૌથી પહેલાં નાદ્કાને સમજાયું .કેવી રીતે અમે તારી સાથે બરબાદ થવાથી બચી ગયાં ?”

“દાદા!” અનેક અવાજોએ આહ્ભર્યો ચિત્કાર કર્યો.

લોકો તેની તરફ ઝપટ્યા, તેનાં હાથ ખોલી નાખ્યાં, હાથમાં ઊઠાવીને બેસાડી દીધો, તેઓ એકબીજાને ધક્કા મારતાં અને ટોકતાં એનાં કાનોની એકદમ નજીક જઈ બરાડવા લાગ્યાં:

“દાદા, યુદ્ધ સમાપ્ત થઈ ગયું! ”

પ્રકરણ ૧૭

બધાએ હોડીઓ પાણીમાં ઉતારી દીધી હતી અને ક્યારેક ક્યારેક તેમને નદીમાં ચલાવી પણ લેતાં હતાં . પરંતુ મિખેઈચ જાણીબૂઝીને કોઈ ઉતાવળ નહોતો બતાવી રહ્યો.તેની હોડી હજી સુધી ઊંધા મોંએ કિનારા પર એકલી પડી હતી .નાસ્ત્યોનાનો જીવ નીકળી જઈ રહ્યો હતો પણ સસરાને ઉતાવળ કરવા કહેવાની તેની હિંમત ન ચાલી :એ બતાવવું ન હોત કે તેને કોઈ કામને માટે હોડીની જરૂર છે .પણ હવે ધીરજ રાખવી, વગર કંઈ કર્યે ધર્યે, અન્દ્રેઈ વિષે કોઈ ખબર જાણ્યાં વિના બેસી રહેવું, અને તે પણ તેની પાસે જવાનો રસ્તો ખુલી ગયાં પછી, તેનાથી વધારે વાર સુધી સહેવાતું નહોતું .તેને લાગી રહ્યું હતું કે હવે જયારે યુદ્ધ પૂરું થઈ ગયું છે ત્યારે અન્દ્રેઈના નસીબનો જલ્દી જ કોઈ ફેંસલો થઈ જવો જોઈએ, અને એનો અર્થ છે કે તેનાં ભાગ્યનો પણ, એટલે જરાપણ મોડું કર્યાં વિના પતિને મળવું અને તે ક્યાં જવાનો અને શું

કરવાનો વિચાર કરી રહ્યો છે એ સમજી લેવું જરૂરી છે .વર્ષો સમા આ અઠવાડિયાઓમાં, જયારે તેમની મુલાકાત થઈ શકી નહોતી, ત્યારે નાસ્ત્યોના કોણ જાણે કેટલીયે વાર તેની પાસે પાંખ લગાડીને ઊડી જવા માટે તૈયાર થઈ ગઈ હતી, જેથી તેને અને પોતાની જાતને ધીરજ બંધાવી શકે; તેને લાગતું હતું કે જયારે ગ્રીષ્મ પોતાનાં પૂર્ણ સૌંદર્યમાં ખીલી રહ્યો છે; ધરતીમાંથી કૂણું ઘાસ ઊગી આવ્યું છે, વનો હરિયાળીથી ખીલી ઉઠ્યાં છે અને અંગારા હિમમુક્ત થઈ જાદુ ફેલાવતી પોતાની ગતિ અને નીલિમાથી આકૃષ્ટ કરી રહી છે, જયારે માનવ-આત્મા બીજી કોઇપણ ઋતુથી વધારે ચૈતન્યશીલ અને સંવેદનશીલ બની જાય છે, ત્યારે એ ક્ષણોમાં અન્દ્રેઈ ક્યાંક સહનશક્તિ ગુમાવી બેસી પોતાની સાથે કંઈ કરી ન બેસે . તેને સ્વપ્નાં પણ બેચેનીભર્યાં, ગુંચવાયેલાં અને કળી ન શકાય તેવાં દેખાતાં હતાં :ક્યારેક જોતી કે કોઈ અદ્રશ્ય, અપરિચિત તેને ગલીપચી કરી રહ્યું છે અને તે ખડખડાટ હસતી, એક ઝાટકે કામળામાં લપાઈ જવા પલંગ તરફ દોડતી જઈ રહી છે; તો ક્યારેક તે ગાય માઈકા સાથે વાતો કરી રહી છે; તો ક્યારેક તે ઈર્કુસ્ત પાસે રહેનારી નાનકડી પણ વયસ્ક અને વિવાહિતા પોતાની જાતને જ અંગારામાં તરવાનું શીખવાડી રહી છે; તો એવું જ કંઈ બીજું .નાસ્ત્યોના આ સ્વપ્નાઓથી જાગી જતી અને ધડકતાં, ઉછળતાં હૈયે, હાલવાં ડોલવાથી બીતી બહુવાર સુધી એમની એમ પડી રહેતી, તે લગાતાર અન્દ્રેઈ વિષે જ વિચારતી રહેતી હતી અને તેને કટુ તથા ચિંતાશીલ પ્રેમ કરતી રહેતી .તે તેનાં પર દયા ખાતાં પ્રેમ કરતી હતી અને પ્રેમ કરતાં દયા ખાતી હતી - આ બંને ભાવ તેની અંદર અભિન્નરૂપે એક થઈ ગયાં હતાં . અને પોતાની સાથે કંઈપણ કરી શકવું નાસ્ત્યોનાનાં હાથમાં નહોતું .તે અન્દ્રેઈને દોષ આપતી હતી, ખાસ કરીને અત્યારે જયારે યુદ્ધ પૂરું થઈ ગયું હતું અને લાગતું હતું કે તે પણ ભલોચંગો બચી શકતો હતો અને જે જીવતાં બચી ગયાં છે તે લોકોની જેમ; ક્યારેક ક્યારેક તેનો દોષારોપણ કરતો ક્રોધ ઘૃણા અને નિરાશામાં બદલાઈ જતો, પણ નિરાશામાં જ તે વિચાર બદલી લેતી :છેવટે તે તેની પત્ની છે .અને જો એવું જ છે તો કાં તો તેણે તેનાથી સંપૂર્ણપણે મોં ફેરવી લેવું જોઈએ અને જોર જોરથી કહેવું જોઈએ :હું હું નથી અને મારો કોઈ દોષ નથી; કાં તો પછી અંત સુધી તેનો સાથ આપે, તેની સાથે ચાલે પછી એ રસ્તો ભલે ફાંસી સુધી હોય .વ્યર્થમાં જ કહેવાતું નથી કે ભગવાન ઉપરથી જ જોડી બનાવીને મોકલે છે .તેને તો હજારગણું વધારે કષ્ટ છે, તેનાં માથાં પર તો બહુ ખરાબ, કલંકભર્યું મૃત્યુ મંડરાઈ રહ્યું છે, તેણે કોઈની પણ સામે પોતાનો ભેદ ન ખોલવાનો દ્રઢ ઈરાદો કરી લીધો છે, જેથી પાછળ કોઈ અપકીર્તિ ન છોડી જાય કે તે દોષી છે, પણ કોણ કહે છે તે દોષી નથી !પણ હવે ક્યાંથી તે શક્તિ લાવવી, જે તેને પાછા એ જગ્યાએ ખેંચીને લઈ જાય, જ્યાંથી તે ભાગી છૂટ્યો હતો, જે બાજુ વધવું વર્જિત હતું .તે એ શક્તિનાં બદલામાં કંઈપણ આપવા તૈયાર થઈ જાત, પણ એ શક્તિ છે ક્યાં?

ના, જલ્દીમાં જલ્દી અન્દ્રેઈને મળવું જરૂરી છે, તેનાં મનમાં શું છે તે જાણી લેવું અતિ આવશ્યક છે.

નાસ્ત્યોનાનું પેટ નીકળી આવ્યું હતું, સૂતાં પહેલાં જયારે તે તેને ઉઘાડતી ત્યારે માટલાં જેવું સ્પષ્ટપણે દેખાતું હતું .હળવે હળવે અને કોમળતાપૂર્વક તેનાં પર હાથ ફેરવતાં નાસ્ત્યોના જડવત થઈ જતી, આ પહેલાં સોપાન પર થોડો વિશ્રામ કરી તે હજી વધારે જડ થવા લાગતી, તે જાણે નિર્જીવ થઈ જતી અને ક્યાંક દૂર, કોઈ અદભૂત સ્વયંદર્શી એકાંતની તરફ ઊઠવા લાગતી, જ્યાં નિસ્તબ્ધતા અને શૂન્યમાં દુન્યવી માયાને ભૂલીને પોતાનાં રોમેરોમને જોવા અને અનુભવવા લાગતી .તે એ બીજને પણ જોતી, જે ધીરે ધીરે શિશુમાં પરિવર્તિત થઈ રહ્યું હતું; તેની ભાવનાઓ શીશુને સ્પર્શીને સમગ્ર ચિત્ર દોરી લેતી - તે કેવી રીતે સૂતું છે અને કેવાં આળસભર્યા, અનવિરત આગ્રહપૂર્વક માતૃરસ ખેંચતું જઈ રહ્યું છે .અન્દ્રેઈની ઈચ્છાનુસાર આ છોકરો જ હતો, એ વાતથી નાસ્ત્યોના થોડી બી રહી હતી :જો છોકરી હોત તો એ આશા કાયમ રહેત કે આગળ બીજાં પણ બાળકો થશે, માબાપથી સગાં ભાઈ-બહેન થશે, છોકરાનાં એકલાં રહી જવાની બીક હતી .પણ એ વિષયમાં વિચારવાનું તે પાછળથી ત્યારે કરતી હતી, જયારે તે પોતાનાં અંતરમાં સંવેદનશીલ અને મુર્છતાંપૂર્ણ પ્રવેશ પછી પાછાં ફરીને પોતાની જાતને જાણે અલગ કરીને સાંભળવા લગતી હતી, જયારે ક્ષીણ બોધ સાથે સમજવા લાગતી કે તે છે ક્યાં અને તેની સાથે શું થઈ રહ્યું છે .તેને જયારે લોકોને તેનાં ગર્ભની ખબર પડી જશે તે દિવસનો ભય હતો, પણ ભયની સાથે બીતાં બીતાં એ ઇચ્છી પણ રહી હતી કે તે દિવસ જલ્દી જ આવી જાય - ત્યારે તેને પોતાનું પેટ કસવું નહી પડે, લોકોથી સંતાડવું નહી પડે, સાવધાન નહી રહેવું પડે, એ વાત પર સતત નજર નહી રાખવી પડે કે કોઈ જોઈ તો નથી રહ્યું ને કે તે એકલી નથી,તેની અંદર બાળક પણ છે .આ દિવસની પ્રતીક્ષાએ નાસ્ત્યોનાને અત્યંત થકવી દીધી હતી .તેનાં ભરાવદાર શરીરને કારણે કદાચ એકાદ મહિનો હજી કોઈને ખબર નહી પડે .પણ પછી શું? પછી તો બધાંની આંખો ફાટેલી ને ફાટેલી જ રહી જશે .ઘણીવાર નાસ્ત્યોનાને લાગતું કે કોઈ અદ્રશ્ય શક્તિ તેને કોઈ સાંકડા મોં તરફ ખેંચતી જઈ રહી છે અને જ્યાં સુધી શ્વાસ લેવો સંભવ હશે ત્યાં સુધી ખેંચતી જશે, પછી પેલી દબાયેલી-ચગદાયેલી, દમ તોડતી અને અર્ધજીવિત, અંતિમ ક્ષણમાં ક્યાંક બહાર કાઢી ફેંકશે .પણ ક્યાં? આ નવાં જીવનમાં તે ડોકિયું ન કરી શકી, ત્યાં સ્મશાનવત શાંતિ હતી, તે કબર જેવું જ અંધકારમય અને રહસ્યમય હતું.

અંગારાની પેલે પાર જવા માટે કંઈક વિચારી કાઢવું જરૂરી હતું અને નાસ્ત્યોના ચોકીદાર મત્વેઈ દાદા પાસે ગઈ .મત્વેઈ દાદા નદી પર રસ્તો બનાવવા માટે લગાડવામાં આવતી બત્તીઓ સમેત પીપોની દેખભાળ કરતાં હતાં .તેમની ઓરડી ગામનાં ઉપરવાસના છેવાડાથી અડધો વેર્સ્તા દૂર ઊંચા સુંદર ટેકરાં પર હતી .મત્વેઈ દાદા ઇન્નોકેન્તી ઈવાનોવિચનો સગો ભાઈ હતો પણ ભાઈઓનું એકબીજાં સાથે બનતું નહોતું .ઈન્નોકેન્તી ઈવાનોવિચને આદરપૂર્વક બોલાવવામાં આવતો, તેનો પ્રભાવ હતો ગામમાં, તે ભણેલોગણેલો હતો, રાજનીતિ સમજતો હતો, યુદ્ધ પહેલાં ઘણીવાર ગામમાંથી બહાર ગયો હતો અને

ઘણી દુનિયા જોઈ આવ્યો હતો, પણ ભાઈઓમાં મોટા મત્વેઈને પૂરું નામ લઈને બોલાવવા કોઈની જીભ ઉપડતી નહોતી -તે અત્યંત સીધો-સાદો, ભોળો અને સાધારણ હતો, જેણે અતામાંનોવ્કાની બહાર કાર્દી સિવાય કંઈ જોયું જ નહોતું .તે સામૂહિક ફાર્મથી સ્વતંત્ર રહેતાં હતાં, પણ ખૂબ કામનાં દિવસોમાં હંમેશાં ફાર્મ વાળાઓની મદદ કરવા આવી જતાં હતાં, વિશેષ કરીને તેમને વટાણા ઉખાડવા બહુ ગમતાં હતાં, જે કામ ઘણું કરીને પુરૂષો પસંદ નથી કરતાં અને ગંજ પર ઊભાં રહીને સૂકું ઘાસ મૂકતા જવું ગમતું હતું.

નાસ્ત્યોના એ યાદ કરીને મત્વેઈદાદા પાસે ગઈ કે ગઈકાલે તે મેક્સિમ વોલોઝ્જીનો સામે એક દિવસ માટે કોઈ મદદગાર આપવા કહી રહ્યાં હતાં, ઉનાળામાં જહાજોને સંકેત આપવા માટે પીપો લઈ જઈને પાણીમાં ગોઠવી આવવાના હતાં.

"હવે તાકાત તો બિલકુલ રહી નથી," તે સમજાવી રહ્યો હતો, "એકલાં હવે કરી નહી શકું .તને પૂછ્યા વગર કોઈને લઈ જવું ઠીક નથી .તમારે ત્યાં વાવણીનો સમય છે .ભગવાનની દયાથી સ્વાસ્થ્ય સારું રહ્યું તો ઘાસની કાપણીમાં મદદ કરી દઈશ .હું ઋણી નહી રહું."

નાસ્ત્યોનાએ વાતચીત તરફ ધ્યાન નહોતું આપ્યું, હવે અચાનક મગજમાં આવ્યું :ત્યારે જ મત્વેઈ દાદા સાથે ચાલ્યાં જવાની વાત કરી લેવા જેવી હતી, ત્યાં કોઈકને કોઈ રસ્તો નીકળી જ આવત .તેનાં ભેજામાં તરત જ કેમ ન આવ્યું? તરતાં ન આવડતું હોવાને કારણે આમ તો નાસ્ત્યોના પાણીમાં કામ કરવાથી બીતી હતી, પણ કોઈને કોઈ રીતે એક દિવસ માટે તો હિંમત કરી જ લેત, પોતાનાં ભય પર કાબૂ મેળવી લેત .હવે એવી વાતથી શું બીવાનું?

તે સાંજે ઓરડી પાસે પહોંચી ત્યારે સૂરજ અંગારા પાછળ સંતાવા લાગ્યો હતો, ક્ષિતિજમાં બિલકુલ અન્દ્રયેવ્સ્કોયે જ્યાં પ્રસરેલું હતું એ જ ભાગમાં ડૂબી રહ્યો હતો .અડધી નદી તેની છાયાથી ઢંકાયેલી હતી, જે હજી હળવા ઉજાસથી પ્રકાશિત હતી, પણ ત્યાં પ્રવાહ નદીનાં બીજાં ભાગની સરખામણીમાં બહુ પ્રબળ અને વેગીલો માલૂમ પડતો હતો .પાણી સૂર્યનાં પ્રકાશમાં ચળકાટ સાથે આંખો આંજી દેનાર દીપ્તબિંદુઓ સાથે ગેલ કરી રહ્યું હતું, ચાલતાં ચાલતાં જાણે તેનું ધ્યાન વહેંચાઈ જતું હતું, તે ચક્કર ખાવા લાગતું અને પાછું એક જગ્યાએ સ્થિર થઈ જતું હતું .માછલીઓ વારંવાર પોતાની ઉત્ફૂલ્લત્તા અને ઉત્સાહ સાથે છાંટા ઉડાડ્યે જઈ રહી હતી .દુસ્સાહસ સાથે હવામાં કૂદી આવતી અને પ્રબળ વેગથી ચક્કર મારતી સૌથી નાની માછલીઓ પણ એકધારી પોતાની પાછળ ઊઠતા તરંગોને નિસરણીમાં બદલતી ચાલી જતી હતી; અને ક્યાંક દૂર ગંભીર અને સંતુષ્ટ છપ છપના અવાજ સાથે પાણીમાં ધબાકા કરતાં મોટા માછલાં પણ . ટેકરાની નીચે હજી પણ બરફ પડેલો હતો - સખત રીતે જામેલો, ઠેકઠેકાણે કાણાંવાળો ગંદો બરફ પડ્યો

હતો, રેતી અને પથ્થરોની વચ્ચે રસ્તો બનાવતાં ઝરણાં વહેવા લાગ્યાં હતાં .કિનારા પર અશાંત, ચપળ, ચાલક, લાંબી અણીદાર ચાંચોવાળી ચકલીઓ કૂદાકૂદ કરતી ફરી રહી હતી, જેમને નાસ્ત્યોના જ્યાં ઉછરી હતી ત્યાં ત્ર્યાસોગુજ્કા અને અહીં પ્લીશ્કા કહેવામાં આવતી હતી .અને આ પ્રમાણે કિનારા પાસે ઝુંડ બનાવનારી નાની-મોટી માછલીઓને ત્યાં પોણા અને અહીં ઓનુંલ્યાવ્કી તરીકે ઓળખવામાં આવે છે .જાણે બૈઈકલ તળાવની પ્રખ્યાત ઓમુલના સન્માનમાં તેવી રીતે ન ઓળખવામાં ના આવતી હોય, જે જો કે અંગારામાં નથી રહેતી .આ ઓમ્યુંલાવ્કી નાસ્ત્યોનાના પગલાંનો અવાજ સાંભળી પાણીમાં ખળભળ કરતી ઊંડી જતી રહી, અડધું ચક્કર મારીને, માણસનાં ચાલ્યાં ગયાં પછી તે ફરીથી પ્રવાહમાં વહીને પાછી કિનારા તરફ ખેંચાઈ આવી .નાસ્ત્યોનાના માથાં પરથી સીટીઓ વગાડતી અબાબીલો પસાર થઈ ગઈ, શ્વાસ લેવામાં મુશ્કેલી ઊભી કરતી ભેજની તીવ્ર વાસ આવી રહી હતી, પોતાની અંદરથી ઉઠનારી ક્ષીણ લહેર આળસ મરોડીને દબાઈ રહી હતી કારણ કે હવા શાંત અને કલાંત હતી; દૂર ઘાસવાળા ટાપુનાં ઉપલાં ભૂશિર પરથી પાણીનો અવાજ સંભળાઈ રહ્યો હતો .પાણીમાં છાયા વધતી જઈ રહી હતી, તેની ગતિ આંખોની પકડમાં આવી ગઈ, સૂરજ હજી ડૂબ્યો જ હશે .ત્યાં જ હવા જાણે દિવસની સમાપ્તિની ઘોષણા કરતી વહેવા લાગી, પછી ફરીથી શાંત થઈ ગઈ .હવે તો સંપૂર્ણ અંગારા એક કિનારેથી બીજાં કિનારા સુધી પૂરાં વેગથી દોડવા લાગી હતી; નાસ્ત્યોનાના મનમાં બાળપણથી એ માન્યતા ઘર કરી ગયેલી હતી કે અજવાળાની સરખામણીમાં અંધારામાં પ્રવાહ વધારે શક્તિશાળી અને વેગપૂર્ણ હોય છે.

મત્વેઈ હોડીઓમાં ગૂંથાયેલો હતો, ચોકીદારની હેસિયતે તેની પાસે ચાર હોડીઓ હતી અને એ બધી તેણે પોતે જ બનાવી હતી .પથરાળ કિનારા પર પાણી પર ઉતારવા માટે તૈયાર તાજા રંગથી ચળકતાં પીપ રાખેલાં હતાં - ત્રણ લાલ અને બે સફેદ .નાસ્ત્યોના લાકડાનાં પાટિયાંની બનાવેલી નીસરણી પરથી ઊતરી ગઈ અને ખાસ કુતૂહલપૂર્વક પીપો તરફ જોવા લાગી.

"કેમ છો, દાદા," તેણે ઝટ દઈને પૂછ્યું, "મેક્સિમે તમારી મદદ માટે કોઈને મોકલ્યો?"

"અરે, શું કોઈને મોકલ્યો...." દાદાએ આરામથી પાણીમાં હાથ ધોયા, પેન્ટ વડે લુછી લીધાં અને હોડીમાંથી બહાર નીકળી આવ્યા ."મેક્સિમભાઈ ચાલાક છે :કહ્યું, જેને રાજી કરી લો, એને લઈ જાવ પણ મને કોઈને આ કામે લગાડવાનો અધિકાર નથી." દાદા નીચા નમીને કંઈ શોધતાં ખાંસી ઊઠ્યા, " બત્તી, ભઈ, ક્યાંક ખોવી નાંખી," તેણે કહ્યું, " જો તો જરા, તારી આંખો સારી છે .આવી પહોળી બત્તીઓ અને નથી, ક્યાંય મળતી જ નથી .હમણાં તો હાથમાં જ હતી - ક્યાં ખોવાઈ ગઈ એટલી વારમાં ખબર નહી ?"

બત્તી હોડીમાંથી મળી, બેસવાની જગ્યા નીચેથી, દાદાએ તેને ખિસ્સામાં મૂકી દીધી.

“મને માત્ર બે પીપ લગાડવામાં મદદ જોઈએ છે, બાકી બે તો હું પોતે લગાવી દઈશ .બે પીપ કોઈની મદદ વિના લગાડવા મુશ્કેલ છે, એક ત્યાં ટાપુ પાસે, ત્યાં પાણીનો વેગ એટલો બધો છે કે હું એકલો ઊભો નહી રહી શકું .અને બીજું - એ પણ સફેદ છે - ગામની પાછળ રેતાળ પટ્ટા સામે, જ્યાં નાગો દ્વીપ છે .તને યાદ હશે, જ્યાં ગયાં વર્ષે પણ લગાવેલાં હતાં .લાલવાળા તો હું સહેલાઈથી પહોચાડી આવીશ કોઈકને રાજી કરવા જવું જ પડશે, આજકાલમાં બોટ તપાસ કરવા આવવાની છે, હું નથી ઈચ્છતો કે બીજાઓથી રત્તીભર ઓછો રહું.

“મને લઈ જાવ, દાદા .જેવી બનશે તેવી મદદ કરી દઈશ,” નાસ્ત્યોનાએ ફરી પીપોની તરફ જોતાં અને હવે ભય સાથે સફેદ, સૌથી અઘરાંવાળાંને ઓળખતાં તેણે કહ્યું.

“તો,” દાદાએ સાવધાનીપૂર્વક જવાબ આપ્યો અને ચૂપ થઈ ગયા, તેમને સમજણ નહોતી પડી રહી કે નાસ્ત્યોનાનો વિશ્વાસ કરે કે નહી,” જો ખરેખર મજાક ન કરી રહી હોય તો શા માટે ન લઈ જાઉં ? બીજું કોણ છે ? તું સાચેસાચ જ આવશે ?”

“સાચે જ દાદા .બસ સાંજે મને થોડીવાર માટે હોડી આપી દેજો .ટાપુ પરથી નેતર કાપી લાવવાનો વિચાર કરી રહી છું.અમારી હોડી તો હજી બહાર જ પડી છે.”

“અરે, નેતર કાપવામાં હું તને મદદ કરીશ, - એ વળી કયું મોટું કામ છે! ”

“ના, ના, દાદા,” નાસ્ત્યોના ગભરાઈ ગઈ, “હું જાતે આરામથી કાપી લઈશ.” તે તેનો ભય કળી ન જાય એટલા માટે નાસ્ત્યોનાએ જોડી દીધું, “ખેર, ત્યારની ત્યારે જોઈ લઈશું....”

“જેવી મરજી .હા, નહી તો હું મદદ કરી દેત, સહેલું જ કામ છે .અરે છોકરી, તને ભગવાને ક્યાંથી મોકલી દીધી ?” મત્વેઈદાદાએ અપ્રત્યાશિત સફળતાથી સફેદ, રંગહીન ભમ્મરો અને પાંપણોવાળી સફેદ આંખો મીંચકારી અને સંતોષ સાથે નાકનો સૈડકો ભર્યો : “અને હું અહીં ચિંતા કરી રહ્યો હતો : જઈને કોને હાથપગ જોડું ? બધાની પાસે પોતપોતાનું કામ હોય .પણ જો જવું હોય તો વહેલી સવારે જ રવાના થઈ જઈશું .જરા વહેલી જાગી ને આવી જજે, દગો તો નહી દેને ?”

“આવીશ, દાદા, જરૂર આવીશ .સૂરજ ઊગતાં સુધીમાં આવી જઈશ, કદાચ એનાથી પણ વહેલાં જ .બસ, તમે મેક્સિમને ન કહેતાં કે મેં જાતે કહ્યું છે આવવાનું .કહેજો, તમે રાજી કરી લીધી .કાલે ફરીથી આ

જોતવાનાં કામે જવાની ઈચ્છા નથી, કંટાળી ગઈ છું-જરા આરામ કરી લઈશ"

"હા,હા, ઠીક છે .તું કહે છે તેમ જ કહીશ."

નાસ્ત્યોનાએ આખો દિવસ નદી પર વીતાવ્યો .પોહ ફાટવાનું હતું ત્યારે જ તેઓ તૈયાર થઈ ગયાં, વાતાવરણમાં ઠંડી તાજગી હતી અને મૌન, સ્વપ્નિલ નિસ્તબ્ધતા છવાયેલી હતી, જેમાં માત્ર નદીનાં ઉપલાં ભાગમાં પાણીનો એ જ સુદૂર ખળભળાટ અને પ્રવાહનો માંડમાંડ ઓળખી શકાય તેવો સરસરાટ સંભળાઈ રહ્યાં હતાં .અંગારા ગૂઢ અને અંધકારમય લાગી રહી હતી, કિનારાઓ પાસે હળવી હળવી તરંગો ઊઠી રહી હતી, તેની વચ્ચે ચમકતું પાણી પહોળો રસ્તો બનાવતું પસાર થઈ રહ્યું હતું .તેઓ લોન્ચ જેવી મજબૂત હોડીમાં બેસીને નીકળી પડ્યાં, પણ તેને આગળ વધારવા અને પાછળનાં ભારે, મોટાં પીપોને ખેંચવા બહુ વધારે તાકાતની જરૂર પડી રહી હતી .પહેલાં તેઓ રસ્સીથી ખેંચતાં ઉપર ગયાં, પછી નાસ્ત્યોના આગળની બાજુ હલેસું પકડીને બેસી ગઈ અને મત્વેઈદાદા પાછલી બાજુ એક હાથવાળું હલેસું પકડીને બેસી ગયાં .તેમણે કિનારો છોડી દીધો, એ જ ક્ષણથી નાસ્ત્યોના પોતાનાં પગ તરફ નજરો ગાડી, પાણી તરફ ન જોવાનો પ્રયત્ન કરવા લાગી, તે એ વિચારતાં પણ ખૂબ બી રહી હતી કે થોડી જ વારમાં તેને હોડીમાં સીધા ઊભા રહેવું પડશે મત્વેઈ દાદાને કોઇપણ રીતે મદદ કરવા.

આ પહેલાં પીપે તો જીવ જ કાઢી નાંખ્યો .હલેસું ચલાવતાં ચલાવતાં તેઓ આગળ નીકળી ગયાં અને જરૂર કરતાં વધારે નીચે પહોંચી ગયાં, નદીની વચ્ચોવચ પ્રવાહની વિપરીત ઉપર ઊઠવાનાં પ્રયત્નોનું કોઈ પરિણામ ન નીપજ્યું .એની આશા રાખવી પણ હાસ્યાસ્પદ હતી .પાણી અહીં જોરદાર, ખળખળતાં પ્રવાહ સાથે હોડી પર થાપટો મારતું વહ્યે જઈ રહ્યું હતું .મૂર્ખામી માટે પોતાની જાતને કોસતાં મત્વેઈદાદાએ હથિયાર હેઠાં મૂકી દીધાં .તેઓ હલેસાં કિનારા તરફ ચલાવવા લાગ્યાં, પણ આ વખતે ડાબા કિનારા તરફ, જે પાસે હતો અને નાસ્ત્યોના સૌથી વધારે ત્યાં જ પહોંચવાની તાકમાં હતી - પણ આ રીતે પીપ કે દાદાની સાથે નહીં .તેમ છતાં પણ જયારે તેઓ પાસે આવી પહોચ્યાં ત્યારે અહીં રોકાઈ જવા કંઈક ઘડી કાઢવાનું મન થઈ આવ્યું - સાંજે જ તેઓ આ પીપને ફીટ કરી લેત, પણ તે જાણતી હતી :તેણે એમ બિલકુલ નથી કરવાનું .થોડીવાર આરામ કરીને તેઓ ફરીથી ઉપરની તરફ નીકળી પડ્યાં, પણ આ વખતે થોડી વધારે દૂર પહોંચી ગયાં, હલેસાં પાછાં ચલાવ્યાં અને પહેલાં પીપને રોકવાનો પથ્થર નીચે ધકેલીને ફેંકી દીધો, તેને એટલા માટે ધકેલવો પડ્યો કે જેથી તે આગળ વહેવા લાગે .નાસ્ત્યોનાનું કામ દાદાની હોડીના હલેસાં ચલાવતાં રહેવાનું અને હોડી પકડી રાખવાનું હતું.પીપને ઠીક રીતે લગાવીને મત્વેઈદાદાએ રાહતનો દમ લીધો અને તમાકુ સળગાવ્યું.

“આ જ સૌથી મુશ્કેલ છે,” તેણે સ્વીકાર્યું, “હું તો આના પર લાઈટ કરવા અને ઓલવવા પણ સૌથી પહેલાં આવું છું .જુઓ તો કેવો જોરદાર પ્રવાહ છે પાણીનો .કેવી રીતે બેરોકટોક ખળખળ કરતું વહી રહ્યું છે"

બીજું પીપ સાચે જ સહેલાઈથી ફીટ થઈ ગયું .નાસ્ત્યોના ત્રીજાને માટે પણ તૈયાર હતી, સમય પણ હજી હતો, પરંતુ દાદાએ નાં પાડીને તેને છોડી દીધું.

“બસ, બહુ થઈ ગયું .બેની જ વાત થઈ હતી,” કામથી સંતુષ્ટ દાદા ખુશ થઈને બોલ્યાં, “બાકીનાની મને ચિંતા નથી .હું તે કાલે ધીમે ધીમે લગાવી દઈશ .તું જા, તારે જ્યાં જવું હોય ત્યાં, નહી તો દિવસ ઢળી જશે .તને મદદ કરું ?”

“હું મારી જાતે જ, દાદા.” “સારું, જેવી તારી મરજી.”

તે તેને હલકી, ઝડપથી ચાલે તેવી હોડી આપી રહ્યો હતો પણ નાસ્ત્યોના એ જ હોડીમાં રહી :તેને આખા દિવસમાં તેની ટેવ પડી ગઈ હતી અને બીક પણ ઓછી લાગી રહી હતી.દરેક લહેર અને હવાનાં દરેક થપેડાને માનનારી સ્ફૂર્તિલી હોડીથી તે બીતી હતી :અચાનક નીચેની બાજુએથી હવાના દબાણથી ચાલવા લાગે કે પછી કોઈ બીજી મુસીબત આવી પડી તો - બસ, ગયાં કામથી .ઉતાવળનું કામ શેતાનનું . માણસ પથારીમાં મરે કે રસ્તે ચાલતાં, અચાનક મરે કે પછી સમય આવતાં કુદરતી રીતે, પણ મરવું તેણે કોઈપણ સ્થિતિમાં ધરતી પર જ જોઈએ, જયારે પગ નીચે અભ્યસ્ત કઠોર ભૂમિ હોય અને છાતી તાજી હવાથી ભરપૂર હોય .નાસ્ત્યોનાને માત્ર એકવાર, યુદ્ધનાં ઘણાં વખત પહેલાં, ડૂબેલાં માણસની લાશ જોવાનો મોકો મળ્યો હતો અને અત્યાર સુધી તેની યાદ માત્રથી જ તેની કંપારી વછૂટી જતી હતી.

તેણે દાદાને ઓરડી પાસે ઉતાર્યાં અને ચા પીવાની ના પાડીને તરત જ અંગારા પાર કરવા નીકળી પડી .અત્યારે, જયારે તે એકલી રહી ગઈ હતી અને અન્દ્રેઈ સાથે ચીરપ્રતીક્ષિત મુલાકાત, જેના માટે તેણે કોણ જાણે કેવાં કેવાં સાચાં-જુઠ્ઠાંનો આશરો લીધો હતો) સાચું વળી કેવું? માત્ર જુઠ્ઠું જ તો હતું બધું(! , લગભગ બે મહિનાનાં વિરહી જીવન પછી અંતે નજીક આવી ગઈ હતી ત્યારે નાસ્ત્યોનાને તેને વધારે ટાળવાની, યથાસ્થિતિ જાળવી રાખવાનાં વિચારે અને સાવધાનીભરી ઇચ્છાએ ઘેરી લીધી .અન્દ્રેઈને હવે તે શું કહેશે? યુદ્ધ પૂરું થઈ ગયું, ગામમાં મોરચા પરથી એક બીજો સૈનિક, ભૂતપૂર્વ છાપામાર લુકા સ્મોલિન પાછો આવી ગયો છે, આધેડ ઉંમરના અને ઓછાબોલા આ પુરૂષને શરૂઆતમાં જ ટ્રકડીમાં લેવામાં આવ્યો હતો અને આખાં યુદ્ધ દરમ્યાન ઘોડાઓ સાથે જ સંબંધ રાખનારનું કામ કરતો રહ્યો - હા, ગાડીવાનનું કામ ..મિખેઈચે ત્રણ દિવસ પહેલાં જ નાસ્ત્યોનાને અન્દ્રેઈ વિષે પૂછવા તાપસખાનાને

કાગળ લખવા માટે વિવશ કરી હતી અને જાતે જ ટપાલીને પકડાવી આવ્યો હતો .સેમ્યોનોવ્ના પહેલાં કરતાં સારી રીતે હરવા - ફરવા લાગી છે, પણ નાસ્ત્યોના એમાં પોતાને માટે કોઈ ખાસ, દુર્ભાવભર્યાં સંકેતનો સંદેહ કરવા લાગી હતી .અને શું? પેટ...આ તો તે પોતે જ જોઈ લેશે .હા, થોડાં દિવસ પહેલાં તેણે હિંમત કરી જ લીધી, ઈન્નોકેન્તી ઈવાનોવિચને ઘડિયાળ વેચી દીધી, સ્પષ્ટ છે, સસ્તામાં, જે રકમ ઈન્નોકેન્તી ઈવાનોવિચ પાસેથી મળી તે તેણે બૉંડ માટે જમા કરાવી દીધી હતી :ચૂકવવાનો સમય આવી ગયો હતો અને બીજો કોઈ ચારો નહોતો.

અન્દ્રેઈ તેને શું કહેશે ? તેની પાસે કહેવા માટે છે શું ? તે તેનાં તરફ નજર કરશે અને તેનાં કંઈ કહ્યાં વિના જ બધું સમજી જશે :આ દિવસોમાં તેનાં પર શી શી વીતી હતી, હવે મગજમાં શું છે .આ પ્રમાણે વધારે દિવસ સુધી ચાલી શકે તેમ નહોતું, કોઈ દ્રઢ નિશ્ચય કરવો, ક્યાંક પગ મજબૂત કરવો જરૂરી હતું .પણ ક્યાં, શું ?.... ન્યાયનો દિવસ નિકટ, એકદમ નિકટ છે, લોકો ન્યાય કરશે કે પછી ભગવાન કરે ને જાતે જ ન્યાય કરવો પડશે?પણ તે દિવસ નિકટ છે તે ચોક્કસ .આ સંસારમાં કશું જ ફોગટમાં નથી મળતું.

સૂરજ હજી ઊંચે જ હતો, પરંતુ પાણી પાસે ઠંડક હતી, ઉત્તરી હવા ચાલવા લાગી હતી .નાસ્ત્યોનાને હંમેશાં આશ્ચર્ય થતું હતું કે કેવી રીતે ઉનાળામાં હવા પ્રવાહથી વિપરિત દિશામાં ચાલી શકે - તેને લાગતું હતું કે નદીએ પોતાની વિસ્તૃત અને શક્તિશાળી ગતિ વડે હવાને પોતાની સાથે ચલાવવી જોઈએ.

તે ધીરે ધીરે હોડી હંકારી રહી હતી, ભારે હલેસાંની ટેવ ન હોવાના કારણે આખાં દિવસનાં થાકની અસર બતાવી રહ્યાં હતાં :હાથ તૂટવા લાગ્યાં હતાં, પીઠ એકધાર્યા હલનચલનને કારણે જકડાઈ ગઈ હતી અને જાણે અગણિત સોયો ભોંકાઈ ગઈ હોય તેમ સૂન્ન થઈ ગઈ હતી .કાનોમાં નદીની ચીરાતી સપાટીનો પ્રિય સરસરાટ ગૂંજી રહ્યો હતો - જાણે કોમળ, સુરીલી, ડૂબતી નાની ઘંટડીઓ રણકી રહી હોય .બીજો અવાજ તેનાં હોડી હાંકતા હલેસાં વડે પાણી કાપતાં ચરર મરર કરતો, ખેંચાયેલો અવાજ નીકળી રહ્યો હતો . નદીની વચ્ચોવચ બધું જાણે કંઈક ધરતીથી ઊંચે ઊઠતુ, દૂર દૂર અને સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું, ઝૂલી રહ્યું હતું, દૂર દૂર તરતું જઈ રહ્યું હતું - ઘર, જંગલ, આકાશ, પહાડો પરનાં ખેતરો, નદીનાં કિનારાં - બધામાં નિરાશા જ ભરેલી દેખાતી હતી, બધું જાણે શૂન્ય અને અથાગ લાગતું હતું .અંગારાની ઉપર ઊંચાં આકાશમાં એક નાનાં બિંદુ સમું બાજ કંઈ જોતું અને વિચારતું ઊડી રહ્યું હતું, નાસ્ત્યોનાને જિંદગીમાં પહેલીવાર ખબર નહી કેમ, આ દુષ્ટ પક્ષી પર દયા આવી ગઈ :ખાવાનું આનાં હાથમાં પણ સહેલાઈથી નથી આવતું .આમેય નાસ્ત્યોનાને પાછલાં કેટલાંક સમયથી એમ જ લાગતું રહેતું હતું કે તેને કોઈનાં પર દોષારોપણ કરવાનો અધિકાર નથી :ન તો મનુષ્ય પર, ન તો પશુ પર, ન તો પક્ષી પર, દરેક જીવ પોતાનું, પણ પોતાનાં પર નિર્ભર નહી, પરવશ જીવન જીવે છે, જેને બદલવાની તેની પાસે શક્તિ નથી

હોતી.

તે ટાપુનાં નીચલા છેવાડે પહોંચી, પછી ગામથી ન દેખાય એ બાજુએથી ફરીથી ઉપર તરફ વધી અને ત્યાં હોડી કિનારે લગાવી લીધી .હવે ફાંટો પાર કરવાનો રહી ગયો હતો, જે અંતર હોડી હાંકીને આવી તેનાંથી ત્રીજા ભાગનું હતું .પણ તે થાકને કારણે જ નહોતી રોકાઈ ગઈ, તે કોઈ અગમ આત્મિક દુર્બળતાથી ઘેરાઈ વળી હતી .નાસ્ત્યોના પોતાની અંદર કોઈ અસ્તવ્યસ્તતા અને મુંઝવણનો અનુભવ કરી રહી હતી, જેમાં હમણાં હમણાં જ અન્દ્રેઈ સાથે થનારી મુલાકાતની ખુશી અને ભય એકસાથે ભળી ગયાં હતાં, આ અનિશ્ચિતતા તરફ ડોકિયું કરવાનો ભય પણ હતો .મન પર નિયંત્રણ પામવું, તેને એક બિંદુ પર કેન્દ્રિત કરવું જરૂરી હતું .ત્યાર પછી જ આગળ વધવું શક્ય હતું .નાસ્ત્યોના બેઠી હતી, નિરર્થક ભાવે પાણી તરફ જોઈ રહી હતી અને મંદ મંદ મરકી રહી હતી, તેનું સ્મિત પ્રયાસભર્યું અને કૃત્રિમ હતું, અંતરાભીમુખ આ સ્મિતથી તેને ચેન મળી શક્તું હતું પણ તેમ ન થયું, તેની ઉદ્વિગ્નતા દૂર ન થઈ . નાસ્ત્યોના હવે ચહેરા પર સ્મિત નહી પણ વિકૃતિભર્યા .ભાવ સાથે બેઠી હતી અને યાદ કરી રહી હતી કે તેણે કેવી રીતે ઈન્નોકેન્તી ઈવાનોવિચને ઘડિયાળ વેચી હતી .જે કંઈપણ હોય, તેને આ વાતની યાદથી શાંતિ મળી શકવાની નહોતી.

ઈન્નોકેન્તી ઈવાનોવિચ બહુવાર સુધી ઘડિયાળને હાથમાં ફેરવતો રહ્યો હતો, તેને કાન પાસે રાખી, આંખો સામે લાવ્યો, તીક્ષ્ણ, પારખું નજરો વડે નાસ્ત્યોનાની તરફ જોતો રહ્યો .સ્પષ્ટપણે જોઈ શકાતું હતું કે ઘડિયાળ તેને ગમી છે પણ ઈન્નોકેન્તી ઈવાનોવિચને તેને મેળવવા કરતાં વધારે તેનું રહસ્ય જાણવાની, એ ખબર પાડવાની ઈચ્છા ચિંતિત કરી રહી હતી કે તે કોના હાથે તેનાં સુધી પહોંચી છે .તે તેને એકદમ આંખો પાસે એટલા માટે જ લઈ ગયો હતો કે જોઈ શકે ત્યાં કોઈ નિશાન-નામ,કે પછી કોઈ ચિહ્ન તો નથી રહી ગયું, જેનાથી ખબર પડી શકે, કંઈ તાગ મળી શકે.પણ ના, કોઈ નિશાન નહોતું દેખાતું . થોડીવાર રાહ જોઈ, પોતાની અધીરાઈને સંતાડીને, થોડી વધારે વાર સુધી પોતાને તથા નાસ્ત્યોનાને પ્રતીક્ષા કરાવીને અંતે તેણે જાણે અમસ્તાં જ પૂછતો હોય તેમ પૂછી જ લીધું:

“તારી પાસે આ ક્યાંથી આવી ? શું અન્દ્રેઈએ મોકલી ?”

નાસ્ત્યોના પાસે જવાબ તૈયાર હતો, તેણે ઈન્નોકેન્તી ઈવાનોવિચ સામેં આંખ મીંચકારતા કહ્યું:

"ક્યાંથી અન્દ્રેઈએ ....તેનાં, અન્દ્રેઈના માટે જ તો મેં ગયાં વર્ષે કાર્દાથી ખરીદી હતી .પણ હવે વેચવી પડી રહી છે .બોન્ડની રકમ ચૂકવવાનો બીજો કોઈ રસ્તો નથી .તે આવશે ત્યારે પોતે ખરીદી લેશે .કેટલીયે વાર પોતાની જાતને કોસતી રહી કે લીધી જ શા માટે.”

“કેટલામાં ખરીદી ?”

“બે હજારમાં"

નાસ્ત્યોનાને મિખેઈચની જેમ તેને એ કહેવામાં બીક લાગી રહી હતી કે તેણે બંદૂકથી ઘડિયાળ બદલી છે :આને તો બસ આંગળી આપવાની વાર છે, પહોંચો સુધ્ધા પકડી લેતાં વાર નહી લાગે.

“ના, ભાઈ, મારી પાસે એટલી રકમ નથી .તેણે માથું ધુણાવી કહ્યું, “જુઓ તો કેવાં ગરીબ બની રહે છે .બે હાજર ! કહેવાની વાર ને તરત જ કાઢીને આપી દીધાં, જાણે બે રૂબલ હોય .કાર્દામાં તને વેચી કોણે?”

“મને સારી રીતે ખબર નથી .કોઈ ફોજી જેવો હતો, ઓવરકોટ પહેરેલો હતો .મને ઘડિયાળ બહુ ગમી ગઈ અને સ્વેટર,શાલ બધું વેચીને પૈસા ભેગાં કર્યાં,” નાસ્ત્યોના વગર વિચાર્યે જુઠ્ઠું બોલ્યે જઈ રહી હતી અને નિર્ભયતાપૂર્વક તેનાં ચહેરા તરફ જોઈ રહી હતી, “ હવે હું ઓછી જ ખરીદત.”

"બે હજાર તો મારી પાસે નહી .હું તારી જેમ ધનવાન તો નથી,” ઈન્નોકેન્તી ઈવાનોવિચે એ જ પ્રમાણે નાસ્ત્યોના તરફ એકીટશે જોતાં રહી હિસાબ ગણ્યો,”જેમ તેમ કરીને એક હાજર એકઠાં કરી શકીશ, વધારે નહી.” નાસ્ત્યોનાએ થોડીવાર વિચારીને ઠંડો શ્વાસ ભર્યો: “ખેર, તો પછી એક હજાર જ ભલે .અહીં હું કોને વેચીશ? અને કાર્દા જવામાં બે દિવસ નકામાં જશે, અત્યારે એટલી ફુરસદ નથી.”

ઈન્નોકેન્તી ઈવાનોવિચે હજાર રૂબલ ગણી આપ્યાં, પણ નાસ્ત્યોનાની વાત પર વિશ્વાસ ન કર્યો, તે પણ સમજી રહી હતી કે તેણે તેની વાત પર વિશ્વાસ નથી કર્યો .તેણે તેની પાસે જવાની જરૂર જ નહોતી, પણ અહીં બીજું એવું કોઈ હતું જ કોણ :અતામાંનોવ્કામાં માત્ર તેને ત્યાંજ પૈસા હતાં .એ સિવાય કોઈ બીજી વાત પણ તેનું ધ્યાન તેની તરફ ખેંચી રહી હતી, તે બીજાઓનાં નિશાન સૂંઘવાનું, દરેક વાતને સૌથી પહેલાં અને સૌથી વધારે જાણવાનું તે જરા વધારે પસંદ કરે છે - તો લે સૂંઘ અને જાણ, હું જાતે જ ઈશારો કરું છું, પોતાનું લાંબુ નાક મન ભરીને ઘૂમાવતો ફર .જલ્દી જ એક બીજી મજેદાર વાત કહીશ, મને બીક નથી.

પણ બીવાની જરૂર હતી - તે દેવદૂત તો નહોતો .ના, ના, તે જે કંઈ કરી રહી છે તે ઠીક નથી, બધું ઊલટું જ છે.

પ્રકરણ ૧૮

નાસ્ત્યોનાને યાદ હતું કે અન્દ્રેઈ હવે ઉપલી ઝૂંપડીમાં હોવો જોઈએ, પણ તેને ખબર નહોતી પડતી કે હોડીનું શું કરે :કાં તો તેને નીચે ઉતારીને નદીમાં સંતાડી દે કે પછી ટાપુની સામે કિનારા પાસે સંતાડી દે- એ બાજુથી નજરે નહી પડે અને જો આ બાજુથી કોઈ આવી પણ ગયું તો સંતાડવી આમેય સંભવ નહોતી . એટલા માટે વધારે સારું એ હતું કે સંતાડવી જ નહી .કોને ખબર તેને શા માટે અંગારા પાર કરી આવવાની જરૂર પડી ગઈ !સસરાને ગૂંથવા માટે નેતર કાપી લાવવા આવી છે અને અહીં નેતર ખૂબ છે . મિખેઈચના મોંમાંથી એકવાર નીકળી ગયું હતું કે નેતર માટે ટાપુ પર જઈ આવવું ખોટું નથી - બેશક ટાપુ પર, આગળ નહીં, પણ આ લગભગ એક જ વાત છે .મિખેઈચને કહેશે કે ટાપુ પરથી કાપી લાવી છે તો આશ્ચર્યમાં પડી જશે, પણ વાંધો ઊઠાવે તો ઊઠાવે કેવી રીતે :સાચી વાત છે, તેણે પોતે જ તો જગ્યા બતાવી હતી, નાસ્ત્યોનાએ તો તેની વાત માનીને ભલાઈ જ કરી છેને.અરે, જો નાસ્ત્યોના સારું કામ કરી લાવશે તો તે વાંધો પણ શો ઉઠાવશે - નાસ્ત્યોનાને તો દરેક જગ્યાએ અવિશ્વાસ, પોતાનાં પર દરેક જગ્યાએ જાણે કોઈ નજર રાખીને બેઠું હોય તેમ લાગે છે - જ્યાં એવું નથી ત્યાં પણ.

પણ આ વખતે સાચે જ કોઈ તેનાં પર નજર રાખી રહ્યું હતું .નાસ્ત્યોના મહામુશ્કેલીથી નદી પાર કરી હોડી સૂકામાં ખેંચીને લાવી જ શકી હતી અને ચોમેર ઉપરછલ્લી નજર ફેંકી જોઈને તેણે કિનારા પર ચઢવાનું શરૂ કર્યું જ હતું કે ત્યાં જ પાણીની ઉપર જમણી બાજુ લટકતી ઝાડીઓમાંથી કોઈ નીકળી આવ્યું .નાસ્ત્યોના ધ્યાન ન આપી શકી કે તે ક્યારે નીકળી આવ્યો, તેને પાછળથી કાંકરાનો સરસરાટ સંભળાયો અને ભયથી પાછળ વળીને તેણે તેની તરફ જોયું, તે હોડીની ઉપર ઝૂકીને જોરથી ઝટકો આપી પથરાળ કિનારા તરફ ખેંચીને લઈ જઈ રહ્યો હતો.

“તું આને આમ જ છોડીને જઈ રહી છે? પાણીમાં ખેંચાઈ જશે તો,” તેણે કહ્યું અને થોડો નમતો તેની તરફ ચાલવા લાગ્યો.

એ આન્દ્રેઈ હતો .નાસ્ત્યોના ગભરાટ અને ખુશીથી ઉછળતાં હૈયે જોર જોરથી કાંપતા અને કણસતાં તેની તરફ દોડી ગઈ, પણ તેણે આલિંગન ન કરવા દીધું .જલ્દી તે તેને ઝાડીઓ પાછળ લઈ ગયો જેથી અંગારા પરથી તેઓ કોઈની નજરે ન ચડે .ત્યાં તેણે પોતે તેને મજબૂતી પૂર્વક હાથો વડે કસી, ભારે શ્વાસ લેતાં અને તેનાં ચહેરા તરફ ઝાંકતા આલિંગનમાં ભરી લીધી.

“મને ખબર હતી કે તું આજે આવશે જ, સવારથી ખબર હતી,”તેને પાસેથી જોતાં આંખો મીંચકારતાં તે

ઝડપથી શ્વાસ છોડતાં બબડવા; લાગ્યો," સવારે નદીનાં ફાંટામાંથી અવાજો સંભળાવા લાગ્યાં અને હું તને ઓળખી ગયો .સમજી ગયો કે તું આવશે .આખો દિવસ ચોકસી કરતો રહ્યો .પછી જોયું, તું હોડી હંકારી રહી છે."

તેણે તેને વધારે દ્રઢતાપૂર્વક બાથમાં કસી લીધી.

"ધીરે, ઓ મૂરખ," તે હળવેથી હડસેલો મારીને થોડી દૂર હટી ગઈ અને પેટ આગળ કરી બોલી, "દબાવી દેશે .જોઈ નથી રહ્યો શું ?"

"ઓહ ! છે ?" પ્રસન્નતાથી માદક થઈ તેણે સંક્ષિપ્ત સવાલ કર્યો.

"તો શું એમ વિચારે છે, મેં ખીચડી વધારે ખાઈ લીધી છે?"

તે અનિપુંણતાથી, અનભ્યસ્ત જેવો અટકતાં ગણગણાટ સાથે હસી પડ્યો અને પેટનું લવચીકપણું તપાસતાં તેનાં પર સાવધાનીથી પોતાની પહોળી હથેળી ફેરવવા લાગ્યો .નાસ્ત્યોનાને આ સ્પર્શ સુખદ લાગ્યો, તેણે ગહનતા અને સ્નેહથી ઊંડો શ્વાસ લીધો.

"હજી પણ કંઈ સમજાઈ રહ્યું નથી...."

"છોડ હવે, આયો કહેનારો મોટો કે સમજાઈ રહ્યું નથી...."

તેણે તેનો હાથ પકડી લીધો અને જ્યાં બાળક અમળાઈ રહ્યું હતું ત્યાં મૂકી દીધો.

"સમજાયું ?"

"કંઈ લાગે તો છે."

"લાગે છે ...તું પોતે જ લાગે છે .સાચે જ .મને એ પણ ખબર છે :છોકરો જ છે."

"ખબર છે ?" તે વ્યંગપૂર્વક હસ્યો, " ક્યાંથી ખબર છે તને?"

"શરત મારે છે કે આ છોકરો છે ?"

"આને જન્મ તો આપી દે."

"આપી દઈશ .કેમ જન્મ નહી આપું વળી ? હજી સુધી કદી એવું બન્યું નથી કે બાળક પેટમાં જ રહી ગયું હોય," નાસ્ત્યોનાને પોતાનાં આ શબ્દો પર હસવું આવી ગયું, તે ખડખડાટ હસી પડી.

પણ અન્દ્રેઈની તરફ સારી રીતે જોઈ લીધા પછી તેનો બધો ઉત્સાહ ઠંડો પડી ગયો અને આ અપ્રત્યાશિત રૂપથી શીઘ્ર જ, નિશ્ચિત સમય કરતાં પહેલાંની ભેટની સુખદ ઉત્તેજના ધૂંધળી પડવા લાગી . તેનો ચહેરો અણીદાર થઈ ગયો હતો અને સુકાઈ ગયો હતો,દાઢી હોવાં છતાં પણ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું કે તેનાં ગાલ કેવી રીતે લટકી ગયાં હતાં .આંખો નિસ્તેજ થઈ ગઈ હતી અને એકીટશે કોઈ અંદરની યાતનાભરી નજરે જોઈ રહી હતી .તેની દાઢી હવે કાળી નહી પણ ગંદી -ચટાપટાંવાળી દેખાઈ રહી હતી, તેનાં ગુચ્છાં તેને વધારે ગંદા બનાવતાં હતાં .તેનું માથું સામેની બાજુ નમેલું હતું, જાણે પોતાની સામેની વસ્તુ તરફ ધ્યાનપૂર્વક જોઈ કે સાંભળી રહ્યો હોય, વાસ્તવમાં એવું જ કંઈ હશે .માથાં પરનાં વાળ તેણે થોડાં દિવસ પહેલાં જ વ્યવસ્થિત કર્યાં હતાં અને અંદાજે કાપ્યાં હતાં, તે નાનાં મોટાં ગુચ્છાં જેવાં લટકી રહ્યાં હતાં .આંખોએ, હા આંખોએ જ નાસ્ત્યોનાને સૌથી વધારે બીવડાવી દીધી હતી :છેલ્લી મુલાકાત પછી તે એવી રીતે બદલાઈ ગઈ હતી, એવી રીતે ઉદાસી પૂર્વક અંદર ધંસી ગઈ હતી અને બધાં ભાવહિન્ થઈ ગઈ હતી-ક્યાંય ધ્યાન લગાવ્યાં વિના .... અન્દ્રેઈ તરત જ ભાંપી ગયો કે તે કેવી યાતના સાથે તેની તરફ જોઈ રહી હતી:

" હું સારો નથી લાગી રહ્યો શું ?"

"અન્દ્રેઈ..." નાસ્ત્યોનાએ પોતાનો ચહેરો તેની છાતી પર ઢાળી દીધો, જેથી જવાબ ન આપવો પડે અને છાતીમાં ચહેરો દબાવીને ઘુંટાતા અવાજમાં, જેને સૌથી મહત્વપૂર્ણ સમજી રહી હતી તે વાત ધીમેથી બોલી, "અન્દ્રેઈ, તને હજી ખબર નથી :યુદ્ધ સમાપ્ત થઈ ગયું."

"ખબર છે," નિર્વિકાર ભાવે તેણે કહ્યું.

નાસ્ત્યોના ડગમગીને તેનાથી પાછળ હટી ગઈ: "કેવી રીતે તને ખબર છે ? કોણે કહ્યું ?" "તમારાં લોકોની સલામી સાંભળી હતી."

"હા, ગોળીઓ ચલાવી હતી ...હા."

"હવે મારી આંખો અને કાન એવાં થઈ ગયાં છે...દૂર સુધી જોઈ અને સાંભળી લઈ શકું છું." કાં તો તે વાતચીત બદલવાનો પ્રયત્ન કરી રહ્યો હતો કે પછી હકીકતમાં પોતાનાં વખાણ કરવા ઇચ્છી રહ્યો હતો . "ખુદ પોતાનાથી જ ઈર્ષ્યા થાય છે .સવારે તમે લોકો મોટી અંગારા પર જ હોડી હાંકી રહ્યાં હતાં ને હું

સમજી ગયો હતો :હોડીમાં તરી રહ્યાં છે.અને તે પણ ક્યાંથી, પહાડ પરથી, ઝૂંપડી પરથી સાંભળી લીધું . જેવાં તમે નદીનાં ફાંટામાં નીકળી આવ્યાં, મેં તને ઓળખી લીધી હતી."

"હું તારાં માટે ખાસ કંઈ લાવી જ નથી શકી," ધીરે ધીરે અલગ અલગ કરતાં, કોઈ બીજી વસ્તુ વિષે વિચારતાં નાસ્ત્યોનાએ કહ્યું," બસ થોડી પાઉંરોટી અને ઈંડાં .બી રહી હતી કે કોઈ જોઈ ન જાય."

"મને કંઈ જોઈતું પણ નથી .હવે જીવી લઈશ, તૈગા પેટ ભરી દેશે .મને બસ મચ્છરદાની જોઈએ છે, નાસ્ત્યોના .થોડાં જ વખતમાં મચ્છર બબણવા લાગશે .જાળી વગર મને ખાઈ જશે."

"મચ્છરદાની સાચે જ ,હું કેવી રીતે તેનાં વિષે ભૂલી ગઈ ?"

"આવતી વખતે લઈ આવજે."

"હા, લઈ આવીશ....

" તે વિચારવા લાગી કે મચ્છરદાની ક્યાંથી લાવશે .અન્દ્રેઈની ઘોડાનાં વાળની જૂની જાળી ઘણાં વખત પહેલાં જ તાર તાર થઈ ગઈ હતી અને ઘરમાં કોઈ વધારાની નહોતી .ક્યાંકથી શોધવી જ પડશે :અહીનાં મચ્છર તો ભયંકર જાનવરથી પણ ખરાબ છે, અહીં તે એકલો માણસ છે, બધાં તેની પર જ તૂટી પડશે.

તેઓ એકબીજાની પાસે હજી પણ અસમંજસમાં ઊભાં હતાં, નજીકમાં જ તેમની લંબાઈ જેટલાં તરુણ ભોજવૃક્ષ હતાં .તેમની કૂંપળોમાંથી ફૂટેલાં પાંદડાં હવે સીધાં થઈ ગયાં હતાં, પણ તે હજી નાનાં નાનાં હતાં, તડકામાં તેમનો રંગ હજી વધારે આછો લાગતો હતો અને તેની ઊંડી રેખાઓ સ્પષ્ટપણે દેખાતી હતી .ભોજનાં તરુણ વૃક્ષોમાંથી અંગારા ડોકિયું કરી રહી હતી .ગામને ટાપુએ પોતાની પાછળ સંતાડી દીધું હતું; સૂરજ એ બાજુ નમતાં ત્રાંસાં પ્રહાર કરી રહ્યો હતો .અહીં કિનારો વિશાળ અને સુંદર હતો - ઘાસનાં મેદાનમાં અહીં તહી ફેલાયેલાં ચેર અને ભોજનાં વૃક્ષોમાં ડૂબેલ, પાણીની તરફ હળવેથી ઢાળી લીધેલ, મૌન, જાણે રહસ્યમય કે પછી જીવશૂન્ય થઈ ગયો હોય .ઘાસમાં કોણ જાણે કઈ, નાની, ક્ષીણ સ્વરવાળી, ખિસકોલીના જેવી પટ્ટીઓથી ઢંકાયેલી પીઠો અને ઊંચા માથાંવાળી ચકલીઓ આમતેમ દોડાદોડી કરી રહી હતી .બહુ દૂરથી, પણ આ જ કિનારા પરથી કોયલ ઘણીવારથી કંટાળો ઉપજાવતી પોતાના અસ્તિત્વની આગાહી કરી રહી હતી .નદી પર જ ખબર નહી કેમ, નાસ્ત્યોનાના મગજમાં પોતાની ઉંમર જાણવાનો વિચાર આવ્યો હતો, પણ તે બી ગઈ હતી, જેટલું ઈચ્છે તેટલું જીવ, ગણતરી ક્યાં કરી શકતી હતી તે.

"કેમ, ઝૂંપડીમાં જઈશું, કે નહી ?" ખબર નહી કેમ ચારે બાજુ જોતાં અન્દ્રેઈએ કહ્યું.

"દૂર છે ને, " નાસ્ત્યોના ગભરાઈ ગઈ, " હોડી છોડીને ...કોઈ લઈ ન જાય."

"અહીં કોણ ......"

નાસ્ત્યોના હોડી પાસે ગઈ અને આગલાં ભાગમાંથી ખાવાનાની પોટલી ઊઠાવી લીધી.જો કે અંતે તેઓ ઝૂંપડીમાં ન ગયાં; બેસવા માટે ત્યાં જ જગ્યા શોધતા તેમને નાનકડું એકાંતવાળું ગોળ મેદાન મળી ગયું, જે હાડકાં જેવાં સફેદ અને મજબૂત જાડા થડ વડે બે ભાગમાં વહેચાયેલું હતું, તેઓ તેનાં પર જ બેસી ગયાં .નાસ્ત્યોનાએ અન્દ્રેઈને પોટલી પકડાવી દીધી, અન્દ્રેઈએ ક્યાંક દૂર જોતાં ધીમે રહીને તે ખોલી, પણ રોટલી જોઈને ધીરજ ન રાખી શક્યો અને દાંત મારી ખાવા લાગ્યો .નાસ્ત્યોના તે કેવી રીતે ખાઈ રહ્યો હતો તે ન જોયું કરવાનો પ્રયત્ન કરી રહી હતી .થડ પરથી નીચે ઉતરીને તેણે જમીન પર પોતાનાં પગ લાંબા કરી લીધાં, જે હોડીમાં બેઠાં બેઠાં જકડાઈ ગયાં હતાં .ક્યારેક ક્યારેક તે માથું ઊંચું કરી ચૂપકે ચૂપકે, તીરછી નજરે અન્દ્રેઈની તરફ જોઈ જ લેતી હતી, તે વિસ્મય પામી રહી હતી, આશ્ચર્યચકિત રહી ગઈ હતી .પણ તે ન તો અન્દ્રેઈને જોઈને કે, ન તો તેની ભૂખને, એ તો એ વાતથી દંગ રહી ગઈ હતી કે આ ફટેહાલ ઉપેક્ષિત, દાઢીમાંથી રોટલીનાં કણ કાઢતો પુરૂષ એ જ છે જેનાં માટે તે આખી આખી રાતો ઊંઘી નથી અને જેની પાસે પહોચવા માટે પૂરી તાકાતથી પ્રયત્ન કરતી રહી હતી .હે ભગવાન, માનવીની ભાવનાઓ કેટલી મોજીલી અને ધૂંધળી છે !તે કેટલી ચાહનાભરી અને પરિવર્તનશીલ છે !શું આ માણસની પાસે આવવા તે આટલી વાર હોડી હંકારતી રહી, આનાં માટે જ તે આટલી બધી દુઃખી થતી રહી, શું આ માણસને જ નાસ્ત્યોના પર સંપૂર્ણ ઈચ્છિત સત્તા મળી ગઈ છે? વિશ્વાસ નથી થતો !પણ નાસ્ત્યોનાએ પોતાની જાતને આગળ વધતી રોકી લીધી :શું અન્દ્રેઈએ તેને મોરચા પછી પહેલીવાર જોઈને આ પ્રમાણે જ વિચાર્યું હશે :કોની પાસે ભાગી આવ્યો હતો તે? કોને ખાતર તેણે આ મૂર્ખામી કરી હતી? તેને માત્ર અંગારા પાર કરવા જેવી જ મુશ્કેલી નહી પડી હોય, પણ તેનાં કરતાં ઘણી વધારે . ઉદાસી અને નિરાશાથી તેનું હૈયું બેસવા લાગ્યું :માણસ પોતાનાં વિષે કંઈ જાણતો નથી .પોતે પોતાની જાત પર વિશ્વાસ નથી કરતો અને સૌથી વધારે પોતાની જાતથી જ બીએ છે.

કોયલ સ્વર બદલ્યાં વિના એકધારી કૂ કૂ કૂ કરતી જઈ રહી હતી, જાણે બોલી રહી હોય કે કોને કેટલાં વર્ષ જીવવું છે? વૃક્ષોને, નદીઓને, પથ્થરોને? ટાપુની સામે પાણી કલકલ કરતુ વહી રહ્યું હતું; નીચલાં, બાજુનાં, સૂરજનાં પ્રકાશમાં વૃક્ષો પર પથરાયેલાં જાળાં ચમકી રહ્યાં હતાં .નવી વધતી હરિયાળીથી આંખોમાં લીલી જ્યોતિ ભરાઈ રહી હતી, દ્રષ્ટિ તરી રહી હતી અને ધૂંધળી પડી રહી હતી, ભીની અને

તીવ્ર ગંધો શ્વાસોને શીતળતા આપી રહી હતી .મેદાન પર ઉપરથી એક પતંગિયું આવી ટપક્યું અને ધીચ ઝાડીઓનાં ઝુંડ સાથે અથડાતું બહુવાર સુધી ઊડીને બહાર ન નીકળી શક્યું .નદીનાં ફાંટામાંથી અંગારાનું રણીયામણું દ્રશ્ય હજી દેખાઈ રહ્યું હતું, કિનારાની નજીક હોડીનો પાછલો ભાગ સુધ્ધાં નજરે પડતો હતો અને નાસ્ત્યોના ઘણીવાર એ બાજુ નજર નાંખતી રહી હતી .તે હોડી માટે એટલી નહોતી બી રહી જેટલી કોઈ બીજી વસ્તુથી બી રહી હતી, તે કોઈ વસ્તુની અનિવાર્યતાની પ્રતીક્ષા કરી રહી હતી.

અન્દ્રેઈએ ખાઈ લીધું હતું અને વાતચીત આમતેમ વળાંક ન લઈ લે એટલા માટે નાસ્ત્યોનાએ તરત જ પૂછી લીધું :“યુદ્ધ તો પૂરું થઈ ગયું, હવે આપણી સાથે શું થશે, અન્દ્રેઈ, હેં?”

“ખબર નથી,” તેણે ખભા ચઢાવી કહ્યું અને નાસ્ત્યોના પોતાની જાતને કાબૂમાં ન રાખી શકી, તેને લાગ્યું કે તેણે કંઈ વધારે જ શાંતચિત્તતાપૂર્વક" ખબર નથી "કહી દીધું, અને તે કંઈ જાણવા ઈચ્છતો નથી.

“આપણને નહી તો કોને ખબર હશે ? કંઈક તો કરવું પડશે, અન્દ્રેઈ ?”

“હું શું કરું તેમ ઈચ્છે છે તું ?”

“હું શા માટે ઈચ્છું, …. હું નહીં, …પણ …કંઈ ન કરીએ કે પછી શું કરીએ ? તું જ કહે.”

તે તેની તરફ ફર્યો, થોડીવાર ચૂપ રહીને આરંભ કરવા માટે શબ્દો વિચારીને તેણે કઠોરતાપૂર્વક જવાબ આપ્યો:

“શું કરવું છે? તારે આપણાં બાળકને જન્મ આપવાનો છે, હા, તારે એ જ કરવાનું છે .મરી જા, મીટી જા, પણ બાળકને જન્મ આપ, એમાં જ આપણી આખી જિંદગી સમાયેલી છે .તું જે ચાહે તે કર, પણ એક વાત યાદ રાખજે, તારે બાળકને જન્મ આપવાનો છે .એની જ તૈયારી કર.” તેણે સખતાઈથી પણ શુષ્કભાવે કહેવાનું ચાલુ રાખ્યું, પણ અચાનક તે અટકી ગયો; નાસ્ત્યોનાએ એ વાત પર ધ્યાન આપ્યું કે તેનો સ્વર ઘણીવાર વચ્ચે વચ્ચે તૂટી જાય છે, તે ક્યારેક અનુપયુક્ત રૂપે શુષ્ક થઈ જતો હતો, તો બીજી જ ક્ષણે તે તરત જ દર્દભર્યો રડમસ જેવો પણ, કાં તો એકધાર્યા ચૂપ રહેવાના કારણે, એકલાપણાને કારણે કે પછી કોઈ બીજાં કારણે .અન્દ્રેઈએ ખોંખારો ખાધો અને પછી આગળ કહેવા લાગ્યો; “અને મારે? મારે શું કરવાનું છે? તેં કદાચ ઘણીવાર વિચાર્યું હશે :ત્યાં મારી સાથે રત્તીભર પણ કંઈ ખરાબ ન થયું હોત .ના ન પાડ, મને ખબર છે .હું પોતે પણ એ જ વિચારું છું .જાણું છું, અત્યારે જયારે યુદ્ધ પૂરું થઈ ગયું છે ત્યારે એવું વિચારવું વ્યર્થ છે .સંભવ છે, સાચે જ કંઈપણ ન થયું હોત .હું જીવતો બચી જાત, હેમખેમ પાછો આવી જાત.” તે નાસ્ત્યોના તરફ ઝૂકી ગયો, પોતાનો ચહેરો તદ્દન તેની નજીક લાવીને અને હંમેશાં કરતાં

વધારે આંખો મીંચકારતા તથા ભયંકર, ઘોઘરા અને દબાયેલાં જેવાં ગુસપુસ અવાજે તે કહી ઊઠ્યો : "અને જો કંઈ થઈ પણ જાત તો હું અત્યારે અહીં તારી સાથે આવી રીતે ન બેઠો હોત? કોને ખબર? પણ હું અહીં બેઠો છું, અને તું પણ ન પૂછ; કંઈ કરવા માટે મને ન ઉશ્કેર .હું બસ માત્ર એક જ કામ કરી શકું છું." તે સીધો ટટ્ટાર થઈ ગયો અને હાથ હેઠા પાડી દીધાં ."ઊભી રહે, વચ્ચે ન ટોક .હું જાણું છું કે તને મારો વિશ્વાસ છે .મેં ત્યારે શું કહ્યું હતું : ઉનાળા સુધી .લો, હવે ઉનાળો પણ આવી પહોચ્યોં .એ વાતને વધારે દિવસ નથી થયાં, જયારે તું બર્ફીલાં તોફાનમાં મારી પાસે દોડતી આવી હતી, આજે પાણીમાં થઈને . નાસ્ત્યોના બરબાદ થવું કોઈ મોટી વાત નથી, કોઈપણ સ્થિતિમાં એનાંથી ક્યાંય બચી શકાવાનું નથી .મેં આ ચાર મહિનામાં અહીં પૂરાં ચાળીસ વર્ષ જીવી લીધું છે અને ત્રીસ પોતાનાં .સાચું કહી રહ્યો છું, બરબાદ થવું એ કંઈ બહુ મોટી વાત નથી, હા, પણ મને ખબર હોવી જોઈએ કે હું વ્યર્થમાં બરબાદ નથી થઈ રહ્યો . એ વિશ્વાસ કરવાનું મન થાય છે કે હું હજી પણ તારાં કામમાં આવીશ .તું અહીં મારાં માટે નહીં, પણ પોતાનાં માટે ભાગી ભાગીને આવશે, જેથી તારું મન થોડું હળવું થઈ જાય."

"મને તો હજી પણ ખબર નથી પડતી કે હું કોના માટે ભાગીને આવી છું," તેણે સ્વીકારી લીધું.

"બધાંને ચૂલામાં જવા દે, બધું ભૂલી જા - બસ બાળકને જન્મ આપ .બાળકમાં જ આપણી મુક્તિ છે .મારાં આ કારનામાંથી તારાં પર પણ ઓછાં કલંક નથી લાગ્યાં, તું સાચી છે .એટલાં માટે તને શાંતિ નથી . બાળકને જન્મ આપી દેશે - સરળતા થશે .બાળક તને દુષ્ટતાથી છૂટકારો અપાવી દેશે .શું આ ધરતી પર એવો કોઈ ગુનો છે, જે તેનાથી, આપણાં બાળકથી ઢંકાઈ નહી જાય? એવો કોઈ ગુનો નથી, નાસ્ત્યોના .એ જ યાદ રાખ .હું તારી રાહ જોતો રહ્યો, હરઘડી રાહ જોતો રહ્યો, જેથી તને મારાં દિલની વાત કહી શકું : તૈયાર રહે .છાતી પર પથ્થર મૂકી દે .હૈયાનાં બધાં કમાડ બંધ કરી લે, તારાં વિષે લોકો જે કંઈ પણ બકે તે ન સાંભળ .મને ખબર છે :તારે માટે સહેલું નથી .એના માટે તારે ધગધગતાં અંગારા પર ચાલવું પડશે ...સહન કરી લે, નાસ્ત્યોના .પણ આપણાં બાળકને કંઈ ન થવું જોઈએ, તેને કંઈ નુકસાન ન થવું જોઈએ .અને જ્યારે તારી સહનશક્તિની બહાર સ્થિતિ થવા લાગે ત્યારે - અહીં ભાગી આવજે, હા ભાગી આવજે .હું તારી રાહ જોઇશ .હું તારાં માટે જ જીવતો રહીશ, અહીં મારે બીજું કરવાનું શું છે .અને જો કોઈ તારાં જીવની પાછળ જ પડી જશે તો તે બધાંને હું ખલાસ કરી દઈશ, ખલાસ કરી દઈશ, સગી માનો પણ વિચાર નહી કરું.

કાંપતા, ઉન્મત્ત નેત્રોને અંગારાની પેલે પાર ટેકવી તેણે માથું નીચું નમાવી લીધું.

"અન્દ્રેઈ ! અન્દ્રેઈ! " નાસ્ત્યોના એકદમ બી ગઈ.

તેણે તેને ન જોઈ કરતાં નજર નાંખી અને શાંત, શ્વાસને રૂંધતા ક્રોધનાં આવેશમાંથી નીકળવાં-છૂટવા બહુવાર માટે તે ચૂપ થઈ ગયો .નાસ્ત્યોનાને પણ સમજાતું નહોતું કે શું કહે .અચાનક કોઈ અજાણ્યાં અને ઉપહાસાસ્પદ વિચારથી તેને યાદ આવી ગયું કે તે તો નેતર કાપવા આવી હતી, પણ એવું કંઈ અહીં છે જ નહીં :પોતાની સાથે ન તો ચપ્પુ લાવી હતી કે ન તો કુહાડી .ના, હાથપગવાળા માણસોમાંથી દરેકની અંદર એક નહીં ઘણાં ચહેરાં છુપાયેલાં છે :તેઓ જ મરતાં દમ સુધી તેનો પીછો નથી છોડતાં અને તેને જુદી જુદી દિશાઓમાં ખેંચતા રહે છે અને ટુકડાઓમાં વહેંચતા રહે છે .અને માણસ બિચારો તેમ છતાં કહે છે કે પારકો જીવ અજ્ઞેય છે, અને જાણે પોતાનાં આત્મા વિષે થોડું ઘણું જ જાણે છે.

નાસ્ત્યોનાની નીચેની જમીન ઠંડી થવા લાગી હતી, તેથી તે ઊઠીને થડ પર બેસી ગઈ .અન્દ્રેઈ તેની પાસે ખસી આવ્યો પણ તે ચોંકી પડી, તેણે તેને આલિંગન ન કર્યું અને ડોલવા લાગ્યો .સૂરજ મેદાન પરથી હટીને નદી તરફ વધી ગયો હતો .હોડીની પાછળ પૂંછડી પટપટાવતું ખંજન પક્ષી કૂદી રહ્યું હતું - તે ક્યાંક ઊડી ગયું, ક્યાંક સંતાઈ ગયું અને પાછું ફરીથી દેખાયુ, તે ઝડપથી નમીને પાણી તરફ જોવા લાગ્યું .પૂર્વમાં, જ્યાં સૂર્યોદય થાય છે ત્યાં વાદળાંનાં સફેદ પટ્ટા દેખાવા લાગ્યાં હતાં, નાસ્ત્યોના ચિંતા કરવાં લાગી કે ક્યાંક મોસમ બદલાઈ ન જાય.

“કદાચ હું લેના નદી પર જ જઈ આવીશ,” અચાનક અન્દ્રેઇએ કહ્યું.

“લેના પર?” નાસ્ત્યોના આશ્ચર્યમાં પડી ગઈ,” શા માટે?”

“ત્યાં મારો એક મિત્ર હતો, અમે સાથે સાથે લડ્યા હતા, કોલ્યા તીખોનોવ,”તેને ઠસકો લાગ્યો, જાણે ગળામાં કંઈ અટકી ગયું હોય, પછી ફરીથી કહ્યું,”કોલ્યા તીખોનોવ આમ તો અમે જુદી જુદી પલટનોમાં હતાં :હું પહેલીમાં, તે ત્રીજીમાં .શોધ અભિયાનો પર પલટનો વારાફરતી જ જતી હતી .અમે અવારનવાર મળતાં પણ નહોતા .તે હજી કુંવારો હતો .સારો પતિ બનત .ભલો, સીધો સાદો અને નિપુણ, તેને બધું આવડતું હતું.પોતાનું પહેરેલું છેલ્લું ખમીસ પણ ઉતારીને આપી દે અને રોટલીનો છેલ્લો ટૂકડો પણ આપી દે તેવો પરગજુ .ગાલ પર ઘાનું નિશાન હતું, પણ એવી રીતે શોભતું હતું કે જાણે કોઈ ફૂલ હોય . છોકરમતમાં ઝઘડા વખતે સિંગ વાગી ગયાં હતાં .અમે નક્કી કરી લીધું હતું કે બંનેમાંથી એક જો માર્યો જશે તો બીજો જઈને બધું જણાવી આવશે .તે લેનાનો રહેવાસી હતો, હું અંગારાનો - એક જ વતનના, દૂર જવાની જરૂર નહીં .તે જરા વિચિત્ર પ્રકૃતિનો માણસ હતો .મેં કહ્યું, જો બંને માર્યા ગયાં તો? બોલ્યો, "બંને નહી માર્યા જઈએ, એના માટે તો અંગારા અને લેનાનાં પાણીને એક થવું પડશે.” જરા હસીને અન્દ્રેઈએ લાંબો, ઊંડો શ્વાસ ભર્યો અને પોતાનું જ્ઞાન બતાવતા કહ્યું; “જો, તેમનું પાણી તો આમેય એક થઈ જાય છે

સમુદ્રમાં જઈને." તેણે જવાબ આપ્યો" :સમુદ્ર તો નદીઓનું મૃત્યુ સ્થાન છે .નદીઓ જ્યાં સુધી પોતાની ધારાઓમાં વહેતી રહે ત્યાં સુધી જ જીવંત છે અને સમુદ્રમાં ભળીને તેનું અસ્તિત્વ જ નથી રહેતું, તે મૃત છે .અને મૃત્યુ પછી તો આપણે મળવાનાં જ .એક સવારે અમે શોધ પરથી પાછાં ફર્યાં ત્યારે મને કોઈકે કહ્યું :"કોલ્યાને મરેલો લઈ આવવામાં આવ્યો છે વિચારું છું, જઈ જ આવું, કહી આવું," પળવાર રોકાઈને તેણે આગળ કહ્યું, "મને ખબર છે, યાદ છે, તેને ક્યાં દફનાવવામાં આવ્યો છે, મેં જાતે દફનાવ્યો હતો, વાયદો પૂરો કરવો જોઈએ ....."

"તું જશે કેવી રીતે ?" ધીરેથી નાસ્ત્યોનાએ પૂછ્યું.

"જુઠું કહી દઈશ કે દૂરથી આવ્યો છું .તેનું ગામ તો નાનકડું જ છે .થોડીવાર બેસી, વાત કરીને પાછો આવી જઈશ.જયારે તેને દફનાવ્યો ત્યારે હું રડ્યો નહોતો, ત્યાં એવો નિયમ છે .પણ થોડાં દિવસ પહેલાં તેની યાદ આવી ગઈ અને આંસુ વહી આવ્યાં આંખમાંથી .હું હૈયાશૂન્ય થોડો છું, નાસ્ત્યોના .જો કે આમ તો હૈયાશૂન્ય હોવું જ સારું હોત, સરળતા થાત .જ્યાં સુધી મગજ ન થાકી જાય ત્યાં સુધી બસ વિચારતાં રહો … વિચારું છું :ચાલ્યો જ જાઉં :જે કર્યું છે તેનું પરિણામ ભોગવું :અને જેટલું વધારે ભોગવું એટલું વધારે સારું, એને જ લાયક છું .આત્મહત્યા કરવાં કરતાં સારું એ છે કે જેનાં હાથમાં છે, તે જ મારાં મૃત્યુથી મારાં આ પ્રશ્નને ખલાસ કરે .તેમને પણ શાંતિ મળે અને મને પણ." નાસ્ત્યોના સ્તબ્ધ રહી ગઈ, તે પ્રયત્ન કરી રહી હતી કે એકપણ શબ્દ છૂટી ન જાય પણ ત્યાં જ અન્દ્રેઈએ માથું ઉઠાવ્યું અને નિશ્ચયપૂર્વક, જોરથી હલાવવા લાગ્યો, ના, નહી જાઉં .હું મારાં પોતાનાં માટે નથી બીતો, મારાં માટે તો કદાચ આ ખુશીની જ વાત હોત :જઈને સીધા ગોળીએ વીંધાવા ઊભા રહી જવું .ત્યાં ઓછામાં ઓછાં કોઈ દફનાવી તો દેશે; જયારે અહીં તો સંતાડ્નારું પણ કોઈ નથી .હું તમારાં લોકો પર કલંક લગાડવાં નથી ઈચ્છતો .અને એમાંય જો ખબર પડી ગઈ કે તું મારાં બાળકની માં બનવાની છે, તો તેઓ તને તો ખાઈ જ જશે .મારી વાત તો ખેર, છોડો, હું તો વિશેષ કરીને જવાબદાર છું જ, પણ તેં શું બગાડ્યું છે કોઈનું? અને તેં બાળકને જન્મ આપી દીધો તો તેનાં માથા પર તો બદનામીનો પહાડ તૂટી પડશે, તેને આખી જિંદગી તેની સામે ઝઝૂમવું પડશે .ના, ના, નહીં જાઉં .તું જ કહે :શું કરું? શું હું મારી જાતને નથી પૂછતો આ સવાલ :શું કરું ? થોડી વધારે વાર રાહ જોઈએ, કંઈક ને કંઈક તો સ્પષ્ટ થઈ જ જવું જોઈએ .કદાચ, લેના પર જઈ જ આવું .પણ કોને ખબર, બી જાઉં, ન જાઉં .નાસ્ત્યોના, મને તારાંથી ક્યાંક દૂર થતાં ભય લાગે છે, હું માત્ર તારાં પાસે હોવાનાં કારણે જ જીવતો છું .સવારે જાગતાં જ વિચારું છું :નાસ્ત્યોના અત્યારે શું કરી રહી હશે, તે ઊઠી ગઈ હશે કે નહીં? આખો દિવસ આમતેમ ડોલતો ફરું છું અને વિચારું છુ, નાસ્ત્યોના અત્યારે ક્યાં હશે ? કેવી રીતે મને યાદ કરતી હશે? અને મનમાં કહેતો રહું છું :સહન કર, નાસ્ત્યોના, સહન કર, અને ચૂપ રહે .ભગવાન ન કરે ને ને તું કોઈને કહી દે .તું મારાં માટે હવે માત્ર મારી ઘરવાળી જ નથી, ઘરવાળી

સાથે તો ઘરમાં રહેવાય, તું તો મારાં માટે હવે મારી સમગ્ર દુનિયા છે, મારું બધું માત્ર તું જ છે, તારાં વિના હું કશું જ નથી."

"આમ ન કહે, અન્દ્રેઈ, શા માટે તું આમ બોલે છે?" કહેતી તે તેને વળગી પડી અને તેનું હૃદય અસહજ, ઉદ્વિગ્ન પ્રસન્નતાથી એવી રીતે ભરાઈ ઊઠ્યું કે જાણે તે એ માણસનું હોય, જે એ ન સમજી શકતું હોય કે આકાશની લાલિમા કોની છે-સંધ્યાકાળની કે પ્રાત:કાળની.

"મેં બહુ ચૂપ રહી લીધું, હવે મારી બોલવાની ઈચ્છા થાય છે .યાદ છે, ઈલીન દિવસ, ધાર્મિક કેલેન્ડરનાં હિસાબે વીસમી જુલાઈએ મનાવવામાં આવનારો નબી ઈલીનનો તહેવાર -પર આપણે બંનેએ નદીનાં પાછલાં ટેકરાઓ પર ઘાસ કાપ્યું હતું .આપણાંવાળા મેદાનમાં ઓછું ઘાસ દેખાતું હતું, એટલે આપણે પેલી બાજુ ચાલ્યાં ગયાં હતાં.ગરમી અને માખીઓ પાછળ ગયાં હતાં, દાંતરડા ચલાવવાં અઘરાં થઈ પડ્યાં હતાં, સમતલ જગ્યા હતી જ નહીં, અને સૌથી ખરાબ વાત-ખબર જ નહોતી કે ઘાસ કાપવું જોઈએ કે નહીં .આમ તો તહેવારનો દિવસ હતો, પણ લોકો ઉત્સવ મનાવી રહ્યાં નહોતાં, પણ કામ પણ નહોતાં કરી રહ્યાં .વીજળી તો ઈલીન દિવસ પર હંમેશાની જેમ કડકવાની જ હતી, યાદ છે ?

"યાદ છે, કેવી રીતે યાદ ન હોય? આ યુદ્ધ પહેલાનાં ઉનાળાની વાત છે .તે ઉનાળામાં બુક-કીપરનું કામ છોડી દીધું હતું, તારી જગ્યાએ ઇન્નોકેન્તી ઈવાનોવિચ આવી ગયો હતો."

"હા,હા, આપણે ચાલી રહ્યાં હતાં અને એકબીજા પર ઉકળી રહ્યાં હતાં .પણ શા માટે, કયા કારણે, પોતાને જ ખબર નહોતી.તારી તરફ જોતો અને વિચારતો :એવી કઈ વાત કહું કે આ રડી પડે, ત્યારે જ કંઈક બીજું જોડી દેતો અને દિલને દિલાસો આપી લેતો .તું પણ ત્રાંસી નજરે જોઈ રહી હતી અને હોંઠ બીડી દીધા હતાં .જો અક્કલ આવી જાત તો ખરાબ થાત :ચલો, કામ છોડી દઈએ, ચૂલામાં જાય બધાં અને ગામમાં જઈએ .પણ ના, મનમાં ને મનમાં ઉકળી રહ્યાં હતાં, હાંફતા જઈ રહ્યાં હતાં, ચૂપ હતાં .અને અચાનક વીજળીની જગ્યાએ કોણ જાણે ક્યાંથી વરસાદ આવી ગયો - ભીનો ભીનો, પ્યારો પ્યારો, ભલો ભલો કોણ જાણે ક્યાંથી, આકાશમાં વાદળ તો એકપણ નહોતું .અચાનક વાદળ છવાયાં ત્યાં સુધી આકાશ તદ્દન સ્વચ્છ હતું - તદ્દન કાચ જેવું .આપણે બંને રોકાઈ ગયાં અને એકબીજાં તરફ જોયું .યાદ છે? વાતાવરણ કેટલું ખુશનુમા અને આહલાદક લાગી રહ્યું હતું, વરસાદ પડી રહ્યો હતો, તું ને હું, તદ્દન એકલાં હતાં, ઝઘડતા પણ નહોતાં .થોડીવાર પહેલાં જાણે અહીં કોઈ બીજાં જ લોકો હતાં, એમ લાગતું હતું કે આપણે તો જાણે હમણાં હમણાં જ મળ્યાં હતાં અને એકની સાથે નહીં પણ બંનેની સાથે બધું એકદમ જ બદલાઈ ગયું હતું .આ શું હતું? શું હતું આ? "શું એ વરસાદી વાતાવરણને લીધે હતું, એટલા માટે હતું કે હવે કામ

કરવાની જરૂર નહોતી ?"

"પછી આપણે વટાણાના ખેતર તરફ ચાલતા થયાં ....."

"વટાણાની તરફ આપણે પાછળથી ગયાં હતાં .દાંતરડા ફેંકી દીધાં અને એકબીજાને વળગી પડયાં .અને વરસાદ પણ જાણે કેવો હતો, તદ્દન સૂકાં જેવો, ઊડી રહ્યો હતો અને ઊડતા ઊડતાં અદ્રશ્ય થતો જઈ રહ્યો હતો .જાણે કોઈ ધૂમાડાનો હોય કે પછી કોઈ પવિત્ર પવન હોય .કોને ખબર, હકીકતમાં તેણે જ અમારાં પર જાદુ કરી દીધું હોય .વટાણાના ખેતર તરફ જવા માટે તેં બુમ પાડી હતી, ત્યારે તો હું તારી સાથે ક્યાંય પણ ચાલ્યો જાત .અરે, જુઓ તો, શું યાદ આવી ગયું......"

"આ અત્યારે આપણે અહીં બેઠાં છીએ, અન્દ્રેઈ? કે પછી પેલાં બીજાં, જેઓ ઘાસ કાપી રહ્યાં હતાં!

" તે એકબાજુ માથું ઝુકાવીને કોઈ દૂર, ભારે વિચારમાં ડૂબી ગયો.

"ખબર નથી .ન તો એ કે ન તો બીજાં, કદાચ કોઈ ત્રીજા જ .યુદ્ધ થયું ....બધું જ થયું .ના," તે અચાનક જોશમાં આવી ગયો, "આ આપણે જ છીએ, નાસ્ત્યોના, આપણે .આ ઘડીએ આ આપણે છીએ .નહીં તો મને યાદ જ ન આવત .આ આપણે જ છીએ .આ બધું સંપૂર્ણપણે નષ્ટ નથી થયું .આપણી સાથે બધું ખરાબ જ ખરાબ નહોતું, સારું પણ હતું-સાચે જ હતુંને ?"

"ખરાબને શા માટે યાદ રાખવું જોઈએ ?"

"બધું જ યાદ રાખવું જોઈએ, નાસ્ત્યોના, પણ ખરાબને શરમ અનુભવવા લાયક જગ્યાની જેમ જરૂર વિના ન દેખાડવું જોઈએ."

"અને યાદ છે?...." તે હૃદયને સામીપ્ય અને અદભૂતતાથી સ્પર્શનારી ચેતનાઓથી મંત્રમુગ્ધ થઈ, બધાંથી ઉપર ઊઠતી, હવે કોઇપણ વસ્તુની તરફ ધ્યાન નહોતી આપી રહી :તે ચીંથરેહાલ છે, ઉપેક્ષિત છે, સાફસુથરો નથી-પણ તેનો અન્દ્રેઈ છે, તેનો પોતાનો પતિ હતો, જેની સાથે તે એક સુખી જીવન જીવતી હતી .કેટલુ સુખ હતું ! અને નાસ્ત્યોના પોતાનામાં ત્યારે પાછી ફરી જયારે સૂરજ ઢળતાં પહેલાં જંગલની પેલી બાજુ પટ્ટીની જેમ ડૂબવા લાગ્યો હતો .હવા ઘટ્ટ થઈ ગઈ હતી, હરિયાળી અંધકારમય અને ઠંડી થઈ ગઈ હતી .નાસ્ત્યોનાની સામે ન જાણે ક્યાંથી આવી ટપકેલી લાર્ચની ડાળી ઝળકી રહી હતી, જેનાં પર મસા જેવી કઢંગી અને બદસૂરત કૂંપળોમાંથી કાંટા જેવાં પાંદડાઓના ગુચ્છાં ફૂટી રહ્યાં હતાં .નજીકમાં થાકેલો પાકેલો, સૈડકા ભરતો અન્દ્રેઈ બેઠો હતો .તે ભાનમાં આવતાં જ બી ગઈ:

“હે ભગવાન, હું નેતર લીધાં વિના ઘરમાં કેવી રીતે મોઢું બતાવીશ !ચપ્પુ તો તારી પાસે છે ને ?”

“છે.”

“જલ્દી ચલ.”

પણ એક વાત પર તેણે ધ્યાન ન આપ્યું અને પછી જ તેને એ સમજાયું કે તેને વિદાય કરતી વખતે અન્દ્રેઈએ શા માટે એમ પૂછ્યું હતું: “નાસ્ત્યોના, એક વાત કહે તો, મારાં અહીં આવ્યાં પછી ગામનો કોઈ માણસ માર્યો તો નથી ગયો ? કોઈનાં મૃત્યુનાં સમાચાર તો નથી આવ્યાં ?”

“તારાં આવ્યાં પછી...?”

“હા.”

“કદાચ ના .ના, નથી આવ્યાં .સૌથી છેલ્લાં સમાચાર વોલોદયા સોમોવનાં હતાં .તે પણ પાનખરમાં.

“ઠીક છે, ઠીક છે.”

તે પોતાનો વાંક, ગુનો ઓછો કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો .તે વિચારવા લાગી :કેમ ? શા માટે ? માત્ર પોતાને જ માટે કે પછી તે બીજો કોઈ હિસાબ કરી રહ્યો હતો ?

પ્રકરણ ૧૯

થોડાં દિવસ પછી નાસ્ત્યોના ફરીથી અહીં આવી પહોંચી, આ વખતે પોતાની હલકી હોડીમાં, જેને અંતમાં મિખેઈચે પાણીમાં ઉતારી જ દીધી હતી, સવારથી હળવો પણ કંટાળાદાયી એકધાર્યો વરસાદ પડી રહ્યો હતો, તેનાથી વાતાવરણ ઠંડું થઈ ગયું હતું અને ખેતરનું કામ અટકી ગયું હતું .નાસ્ત્યોનાએ પોતાનાં બગીચામાં કંઈ ખોદવા-વાવવાનું વિચાર્યું, જ્યાં માત્ર કાકડી માટે જ ક્યારીઓ બની શકી હતી, પણ વરસાદે તેને એ પણ ન કરવા દીધું, તે નકામી પલળી ગઈ અને પરેશાન થઈ ગઈ .દિવસ તદ્દન નકામો ન ચાલ્યો જાય એટલા માટે તેણે નક્કી કર્યું :જઈને પતિને મચ્છરદાની પહોંચાડી આવું, જે તેણે ગમેતેમ કરીને શોધી કાઢી હતી, કીડાઓથી બચવા માટે એક બોટલ રાળ પણ આપી આવીશ, ઓછામાં ઓછી મનની એક ચિંતા તો ઓછી થાય .તે ખુશ હતી કે મિખેઈચ નથી અને તેને સફાઈ આપવાની જરૂર નથી, સેમ્યોનોવ્નાને તેણે કહી દીધું કે માછલાં પકડવા જઈ આવશે - સેમ્યોનોવ્ના હંમેશાં બોલતી રહેતી હતી કે

"બધાં લોકો ખૂબ માછલાં પકડી રહ્યાં છે પણ આપણે તો આ વખતે અંગારાથી ઓમુલ્યાવ્કાની પૂંછડી સુધ્ધાં નથી જોઈ." નાસ્ત્યોનાએ એટલું જ કહ્યું કે" જઈ આવશે," જેથી એ સમજી ન શકે કે તે ચાલતાં જશે કે હોડીમાં - બંનેનો એક જ અર્થ હતો, "જઈ આવશે." સેમ્યોનોવ્ના જવાબ પણ ન આપી શકી, તેને ન તો રોકી શકી કે ન તો જવાની રજા પણ આપી શકી, તે પહેલાં જ નાસ્ત્યોના બહાર નીકળી આવી અને ઝડપી પગલે અંગારા તરફ આગળ વધી .હલેસાં હમામખાનાના ઉંબરામાં રાખવામાં આવતાં હતાં, ત્યાં જ માછલાં પકડવાનાં કાંટામાં લાગેલી દોરીઓ દંડાઓ પર લપેટાયેલી પડી હતી .નાસ્ત્યોનાએ તે સાથે લઈ લીધાં, ઝડપથી પાણી સુધી ઊતરી અને હોડીને ધક્કો માર્યો .ઉપરની તરફ વધવાને બદલે તે જોરથી ઝાટકા મારતી હોડી નીચેની તરફ હાંકવા લાગી .પાંચ મિનિટ પછી જયારે વરસાદનાં ધુમ્મસવાળા પડદાની પાછળ ગામ દેખાતું બંધ થઈ ગયું ત્યારે તેણે હોડીને નદી પાર કરવા માટે વાળી લીધી.

વરસાદી છાંટા પાણીમાં પડતાં ધીમો છ્પ છ્પ અવાજ કરી રહ્યાં હતાં; નદી ભૂરી, રૂપેરી અને ધૂંધળી દેખાતી હતી અને ટાપુ ધોવાયેલાં જેવો તથા થોડાં ઉપર ઊઠેલાં ગંદા ધબ્બા જેવો દેખાતો હતો, જાણે કોઈ વાદળું નીચે ઊતરી ન આવ્યું હોય .આસમાન પણ કાળું ડીબાણ જેવું હતું, જેવી રીતે સૂરજ ઢળે છે, એવી જ રીતે તે ક્યાંક ઢળી ગયું હતું અને ત્યાં અંધકાર છવાવા લાગ્યો હતો :નાસ્ત્યોનાને યાદ આવ્યું કે માર્ચમાં બરફનાં તોફાનમાં તે અહીં જ ક્યાંક બરફથી જામેલી નદી પર દોડતી રહી હતી :સમય ચાલતો રહે છે પણ નાસ્ત્યોના માટે કોઈ ફર્ક નથી, શિયાળો હોય કે ઉનાળો, તેને તો બસ ખરાબ મોસમ જ શોધવો પડે છે, જેથી ફરીથી તેના જ માટે, પાછી ત્યાં પહોંચી શકે .નાસ્ત્યોનાએ સ્વેટર પર જ રબરનો રેઈનકોટ પહેરી લીધો હતો, પણ તે ઘણાં વખત પહેલાં જ ઘસાઈ ચૂક્યો હતો અને વરસાદથી બચાવી શકતો નહોતો; પીઠ પર પાણી ગરમ ધારાઓમાં એકઠું થઈ વહી રહ્યું હતું .ભીનું સ્વેટર હાથે ચોંટી ગયું હતું અને આ પણ અસહ્યાનીય, અપ્રિય લાગતું હતું; નાસ્ત્યોના ખભા સંકોચતા વારંવાર પીઠને ઢીલી છોડતી રહેતી હતી અને આનાથી હોડી હાંકવામાં ખલેલ પડી જતી હતી.

તેણે અંગારા પાર કરી લીધી અને અંગારામાં મળતી નદી શોધીને હોડી આગળ વધારી, તેને ખાસી ઊંચાઈ પર ધકેલીને પાણીની ઉપર લટકતાં વાંકડિયાં ભોજવૃક્ષ નીચે રોકી લીધી, જેથી કોઈની નજરે ન પડે અને વરસાદનાં ટીપાં પણ તેમાં ઓછાં પડે .માછલાં પકડવાનો એક ગલ તેણે સાથે લઈ લીધો, બીજો હોડીમાં રહેવા દીધો અને કિનારા પર ઉતરીને તેણે કલાંત ચિત્તે ઊંડો શ્વાસ લીધો :ભાગી છૂટી, પહોંચી ગઈ, હા, જાણે એક જ ઘડીમાં પહોંચી ગઈ .તેણે કાંટા સાથે લઈ લીધાં હતાં, કારણ કે તેને યાદ હતું :પાછાં તો ફરવું જ પડશે .તેનાં માટે હવે બધું સાવ ઊંધું ચત્તું થઈ ચૂક્યું છે :માણસને હંમેશાં આગળ વધવા કરતાં પોતાનાં પદચિહ્નો પર પાછાં ફરવામાં સરળતા થતી હોય છે, પણ તેની સાથે એવું નથી .

અન્દ્રેઈ જ્યાંથી ભાગી આવ્યો હતો ત્યાં પાછાં ફરવાનો પ્રયત્ન કરે તો !તે પોતે એ નાસ્ત્યોના બનીને તો જુએ, જે છ મહિના પહેલાં હતી !આજે હોડી પાછી હંકારી જવી તેનાં માટે કેટલું ભારે કામ હશે :એ જ અંગારા પાંચગણી પહોળી લાગશે, એ જ હલેસાં વધારે ભારે લાગશે, એ જ પાણી વધારે ભયંકર અને ઊંડું લાગશે .શા માટે પાછી જ ન ફરે, અહીં, પોતાનાં માટે નિર્દિષ્ટ સ્થાન પર, નિર્દિષ્ટ વ્યક્તિ સાથે રહી જાય, જેથી તેને ખોટો ડોળ કરવો ન પડે, ચાલો ન ચાલવી પડે, જુઠ્ઠું ન બોલવું પડે અને આઝાદીથી એની વાસ્તવિક જિંદગી જીવી શકે.

તે પાછી અંગારા તરફ ઉતરી આવી અને ઝડપી તથા સીધાં પ્રવાહવાળા પથરાળ કિનારા પર તેણે કાંટાની દોરી ખોલી નાંખી .આવાં સાજસામાનથી માત્ર અત્યારે જ માછલાં પકડવાં સંભવ છે, અઠવાડિયા-બે અઠવાડિયા પછી જયારે પાણી સંપૂર્ણપણે સુકાઈ જશે અને નદી પોતાનું અસલી સ્વરૂપ ધારણ કરી લેશે ત્યારે આનાથી કામ નહી ચાલે .ગયા વર્ષે બરફ ઓગળ્યા પછી નાસ્ત્યોનાએ ઘણીવાર પોતાનાં કિનારા પર જ કાંટો લગાવ્યો હતો અને સફળતા પણ મળી ગઈ હતી :તે ચેલ અને ગ્રેલિંગ માછલાં પણ ઘેર લાવી હતી .મિખેઈચ વૃદ્ધ હોવાને લીધે માત્ર નેતરની ગૂંથેલી ટોપલીઓ વાપરવામાં જ માનતો હતો, બીજી રીતે માછલાં પકડવાથી તે દૂર જ રહેતો હતો .આજે નાસ્ત્યોના માટે આંખો પર પડદો નાંખવા માટે એક સૌથી મરિયલ જેવી ચેલ જ પૂરતી હોત .બસ નામ પૂરતી કોઈ પકડાવી જોઈએ . આમેય કોઇપણ સ્થિતિમાં આ બધું અંત તરફ જ વધી રહ્યું છે .કાળી માટીનાં ખાડામાં,જ્યાં વૃક્ષનાં મૂળિયાં બહાર નીકળેલા હતાં ત્યાં, નાસ્ત્યોનાએ ઢીલી માટી દૂર કરીને ઠૂંઠાંઓને ઉખાડી અળસિયાં એકઠાં કર્યાં, તેમને કાંટાઓમાં લગાવી દીધાં અને પથ્થર સાથે દોરીનો છેડો બાંધી બીજો કાંટાવાળો છેડો પાણીમાં ફેંકી દીધો .ફસાઈ જા, માછલીઓ, નાની કે મોટી, ફસાઈ જા .ચાલતી વખતે નાસ્ત્યોનાએ વિચારી લીધું હતું કે જો કોઈ માછલી પકડમાં ન આવી તો ઓછામાં ઓછાં તે કાંટાઓમાંથી બાકી બચેલાં કીડાં અલગ નહી કરે, એમ લાગે કે તેણે હકીકતમાં તે લગાવ્યો હતો, તે માછલાં પકડવા જ ગઈ હતી, કોઈ બીજાં કામે નહીં .મિખેઈચની ખોપડી તો બહુ તેજ છે, તેમાં કંઈપણ આવી શકે છે.

અકળામણ આપતો વરસાદ હજી ચાલુ હતો; નાસ્ત્યોનાને લાગી રહ્યું હતું કે તેને લાંબો અને ભારે, વજનદાર ચરમરાટ સંભળાઈ રહ્યો હતો, તેની સાથે તાલ મેળવતો વરસાદ જમીન પર પડી રહ્યો હતો . કોમળ ઘાસ તેને નિ:શબ્દ થઇ પોતાનાં ખોળામાં ભરતું જઈ રહ્યું હતું, વૃક્ષો પર પાંદડા ઠંડીથી કાંપી રહ્યાં હતાં, અંગારા પર પાનખર જેવી ફરફરની નિસ્તબ્ધ, ધુમ્મસ જેવી ચાદર ખેંચાયેલી હતી .આકાશમાં હળવી હલચલ શરૂ થઈ હતી - કે પછી એ પણ માત્ર આભાસ હતો, નાસ્ત્યોનાએ ઉપલી ઝૂંપડી નહોતી જોઈ અને તે અડસટ્ટે જ ચાલતી જઈ રહી હતી - પહેલાં તે કિનારાની તદ્દન નજીક જૂની, વેરાન પગદંડી પર આગળ વધી, જે ઘાસમાં લાંબી, સપાટ છૂટી જગ્યાને લીધે સ્પષ્ટપણે દેખાઈ રહી હતી, પછી

પહાડીની તરફ વળી ગઈ .તેને લાગ્યું કે તે જૂની જગ્યાઓ, જ્યાં લોકોએ ક્યારેક કામ કર્યું હતુ, શોધી લેશે, પણ ઢોળાવ પર ઘણાં મેદાનો હતાં અને એ કળવું મુશ્કેલ હતું કે આ મેદાનો પહેલેથી જ હતાં કે પછી જંગલીપણે ફેલાયેલાં ખેતરો છે; તે એક મેદાનથી બીજાની તરફ વધી, બીજાથી ત્રીજાની તરફ, એકધારી તે ઉપરની તરફ ચઢતી રહી પણ ઝૂંપડી તેને તેમ છતાંય ન મળી .વરસાદને કારણે નજર વધારે દૂર સુધી જઈ શકતી નહોતી અને તે એક બહુવાર સુધી ભટકતી રહી, છેવટે તે એક ઝરણાં પાસે આવી પહોંચી, તેણે તેનાં આશરે આશરે નીચે ઉતરવાનો નિશ્ચય કર્યો અને ત્યાં જ તેને બરાબર પોતાની સામે એસ્પનાં છૂટાછવાયાં જંગલની પાછળ, વરસાદ અને સમયને લીધે કાળી પડીને ઘસાઈ ગયેલી ઝૂંપડીની કાળી છત દેખાઈ .નાસ્ત્યોનાએ ફરીથી ક્યારેક પહેલાંની જેમ બારી ખખડાવી અને તરત જ બૂમ મારી, જેથી અન્દ્રેઈ તેનો અવાજ ઓળખી લે અને બી ન જાય - તે બહાર દોડી આવ્યો, તેને અંદર લઈ ગયો અને ભીનાં કપડાં ઉતારવામાં તેની મદદ કરવા લાગ્યો .જયારે નાસ્ત્યોના પહેલીવાર હોડી હાંકીને આવી હતી અને તેઓ કિનારા પર જ મળી ગયાં હતાં, તે વખતની વાતચીતની સરખામણીમાં આ વખતે તદ્દન જુદા જ પ્રકારે થઈ.

એમાં ભૂલ નાસ્ત્યોનાની હતી .અન્દ્રેઈની વાત સાંભળતા સાંભળતા તે તેનાં કહ્યામાં આવી જવા લાગતી હતી, વિશ્વાસ કરવા લાગતી હતી કે તે જેવું કહે છે, બધું જ બિલકુલ તેવું જ છે :એમની પાસે અત્યારે એના સિવાય બીજો કોઈ રસ્તો નથી કે તે અહીં સંતાતો રહે અને તે ત્યાં ચૂપ રહે - દાંત ભીંચીને, આગના દરિયા સમા દિવસો વિતાવતાં, તદ્દન અસ્પષ્ટ, કોઈ અજ્ઞાત મુક્તિદાતાની પ્રતિક્ષા કરતાં ચૂપ રહે .પણ જેવી તે એકાંતમાં રહી જતી તેવી જ તેનાં પર નિરાશા છવાઈ જવા લાગતી અને યાતનાપૂર્ણ ભયથી તેનું હૈયું વીંધાઈ જતું : છેવટે તેઓ આ શું કરી રહ્યાં છે? તેઓ કરી શું રહ્યાં છે, કોનાં ભરોસે બેઠાં છે? સત્ય તો એક દિવસ ચટ્ટાનોમાંથી પણ ફૂટી આવશે, અંગારાની વચ્ચોવચ્ચ ખળખળ વહેનારાં, ઊંડા સ્થાનમાં પાણીની અંદરથી પણ વૃક્ષ ઊગી આવશે .તેને કોઈ શક્તિ સંતાડી નથી શકવાની .શું એ વધારે ઉચિત ન હોત કે અન્દ્રેઈ બહાર નીકળી આવે અને પોતાનાં અપરાધનો સ્વીકાર કરી લેત? કહેવાય છે કે પ્રાયશ્ચિત કરનારને તો ભગવન પણ માફ કરી દે છે, અને તેને અનેરો આનંદ અને સંતોષ મળે છે .લોકોએ પણ સમજવું જોઈએ કે આવાં પાપ પછી માણસમાં બીજું કોઈ પાપ કરવાની હિમ્મત જ બચતી નથી .અને ત્યાંજ ફરીથી પોતાની સામે અન્દ્રેઈનો ચહેરો આવી જાય છે - લટકેલો, અસ્તવ્યસ્ત દાઢીવાળો, ખાડામાં ધૂસી ગયેલી અણીદાર અને યાતનાભરી પીડિત આંખો, ગંદા કપડાંમાં લપેટાયેલી તેની અડધી ઝૂકેલી સાવધ આકૃતિ, વરસાદ પછી વાસ મારતી, રૂંધતી હવાની કડવી ગંધથી ભરેલી ભેજવાળી અંધકારમય ઝૂંપડી - આ બધું જોઈ અને અનુભવીને નાસ્ત્યોના કોઈ અગમ્ય દર્દથી કંપી ઊઠી.

“તું ઝૂંપડી ગરમ નથી કરતો શું?” ખીજ રોકી શકવામાં અસમર્થ રહેતાં તેણે પૂછ્યું.

"ચૂલો જ નથી અહીં." તેની મન:સ્થિતિ સમજીને અન્દ્રેઈએ સાવધાનીપૂર્વક કહ્યું.

નાસ્ત્યોના પર ઘેરાઈ વળેલી કડવી ઉદાસીથી ખાલીપણું વધી ગયું હતું, સમગ્ર શરીરમાં જાણે કંપારીની ધ્રૂજારી દોડી ગઈ અને મગજમાં કોઈ હથોડા વીંઝી રહ્યું હોય તેવું લાગતું હતું, તે આહ ભરી ઊઠી

"અન્દ્રેઈ, આવું ન જ કરીએ તો, હેં? આવું ન જ કરીએ તો અને બહાર નીકળી આવીએ તો? હું તારી સાથે જ્યાં ઈચ્છે ત્યાં, કોઈપણ સજા ભોગવવા તૈયાર છું - જ્યાં તું, ત્યાં જ હું .આ પ્રમાણે હવે મારાથી વધારે નહી રહેવાય, અને ન તો તારાથી રહેવાશે .તું પોતાની તરફ જરા એકવાર જો તો ખરો, તારાં શાં હાલ થઈ ગયાં છે, પોતાની જાતને તે કેવી કરી મૂકી છે? કોણે તને કહ્યું કે તેઓ તને ગોળીએ ઉડાડી દેશે? યુદ્ધ પૂરું થઈ ગયું છે ...અને આમેય મોતનો અંબાર ખડકાયેલો છે...."

તે ઝડપથી બોલતાં જોઈ રહી હતી કે અન્દ્રેઈનો ચહેરો તેનાંથી દૂર હટતો જઈ રહ્યો હતો, આશ્ચર્યથી જડ થઈને તે દુર્ભાવપૂર્ણતાથી રંગાતો જઈ રહ્યો હતો .અચાનક તેણે કહ્યું:

"મારાંથી છૂટકારો મેળવવાનું વિચારે છે? બરાબર છે, ચોક્કસ."

"અન્દ્રેઈ! " તે એકદમ બી જ ગઈ.

"મળી જશે છૂટકારો, નાસ્ત્યોના, જલ્દી જ મળી જશે," અવાજને નીચો રાખીને, તેમાં ઢાઢસ ભરતાં તેણે કહેવાનું ચાલુ રાખ્યું, "બરાબર છે :થાકી ગઈ, હા, છેવટે આમ ક્યાં સુધી? હા, હવે સીમા જાણવાનો સમય આવી ગયો છે .મારે જાતે જ સમજવું જોઈએ .તને છૂટકારો મળી જશે, નાસ્ત્યોના, પણ તેં વિચારી રાખ્યું છે તેવી રીતે નહીં .તું કહી રહી છે કે તું મારી સાથે આવશે ?" તે હજી વધારે વિદ્રુપતાપૂર્વક હસી પડ્યો અને તેનાં અવાજમાં વધારે તેજી આવતી ગઈ, "અરે, તું તો જાણે છે ને કે તને મારી સાથે ગોળીએ ઉડાડવા માટે ઊભી નહી કરી દે .તારાં પર દયા કરવામાં આવશે .પણ મને તો જરૂર ગોળીએ વીંધવા ઊભો કરવામાં આવશે .તારાં પર તો પેટને લીધે પણ કદાચ દયા ખાશે .અને તું એકલી અટુલી ચાલતી થશે, તારાં આત્મા પરથી બોજ પણ દૂર થઈ જશે .જો, છે ને એકદમ બરાબર વાત ?"

"બસ, અન્દ્રેઈ, ચૂપ થઈ જા , અબઘડી ચૂપ થઈ જા .તને આવી વાત કરતાં શરમ નથી આવતી?"

"હું, નાસ્ત્યોના, તને મારાંથી છૂટકારો અપાવી દઈશ .જલ્દી જ, બસ જલ્દી જ .હવે તારે વધારે રાહ નહીં જોવી પડે .હું તને આખી જિંદગી આવી રીતે તડપાવતા રાખવાનો વિચાર નથી કરી રહ્યો .અરે, ભલે

કાલે જ, જો એવી વાત છે તો, ભલે કાલે શું કરવાં, આજે જ કેમ નહીં, હા, ભલે આજે જ - અંગારા નજીકમાં જ છે .કબર ખોદવાની ચિંતા કરવાની પણ જરૂર નથી .મારી પાસે દોરડું પણ છે .બરફ પર થઈને ઘંટીએ ગયો હતો ત્યાંથી જ દોરડું પણ ઊઠાવી લીધું હતું .મજબૂત છે - મારાં જેવાં પાંચને ઝેલી લેશે .તારી જ હોડી પરથી કૂદી જઈશ અને તું જોતી રહેજે કે ઉપર ન આવી જાઉં .તારે તો અંગારા પર થઈને જ જવાનું છે, મને પણ વચ્ચે છોડી દેજે, અડધો રસ્તો હું હોડી હાંકી આપીશ."

નાસ્ત્યોના જાણે ગભરાટમાં હૈયું બેસી ના જાય તેવી રીતે પોતાની છાતી સરસાં હાથ દબાવી અને સાંભળી, સમજી ન શકે એટલા માટે માથું ધુણાવતાં તેને ઉદ્વિગ્ન થઈ કહેવાં લાગી:

"કઈ વાતે તું મને આમ ...કઈ વાતને માટે અન્દ્રેઈ? મેં તારી સાથે એવું તો શું કર્યું છે? હું તો તારાં સારા માટે વિચારી રહી હતી...હું તને એના માટે રાજી નથી કરી રહી, મને પોતાને નથી ખબર .સાચે, આ તો જે મગજમાં આવ્યું તે કહી દીધું, અને તું આ શું કહી રહ્યો છે? શા માટે તું આ પ્રમાણે બોલે છે ?"

"મને ઉશ્કેરવાની જરૂર નથી, હું પોતે જાણું છું .મેં તને પહેલાં દિવસે જ કહી દીધું હતું :ના .અને તું મને પાછો પણ નહીં વાળી શકે, પ્રયત્ન પણ ન કરતી .કોઈ પરિણામ નહી મળે!" તે પોતાનાં પર નિયંત્રણ ખોઈને અને તેનાં પર એવી ઉગ્રતાથી ઝપટતાં કહી રહ્યો હતો કે તે તો સ્તબ્ધ જ રહી ગઈ, "જુઓ તો જરા, કેટલી દયાળુ બને છે" :સારું જ ચાહી રહી હતી." મને બધી ખબર છે, તું શું ચાહી રહી હતી .સમજાઈ ગયું કે કેવી રીતે મારાંથી છૂટકારો પામવો, એ જ વિચારતી રહી હશે, આખી રાત ઊંઘી નહી હોય, છેવટે વિચારી જ કાઢ્યું - વધારે સારું શું હશે આનાથી !મચ્છરદાની પણ લઈ આવી, જેથી જયારે મારાં હાથપગ બાંધે તો કીડાં ન કરડે .હું મારું કામ તારી મચ્છરદાની વિના જ ચલાવી લઈશ, મારે કશું નથી જોઈતું હવે . મારાં માટે બધું ઉપાડી ઉપાડીને લાવતાં તારો તો જીવ જ નીકળી ગયો, નહીં !બહુ થયું, હવે તારાં માટે બહુ થઈ ગયું, આરામ કરી લે હવે .અને હા, હવે પોતાનું મોઢું બતાવવા અહીં ના આવતી, મને તો તું હવે અહીં જોઈ જ નહીં શકે .વાત પણ સાચી છે :સ્ત્રીનાં માથે જ ચઢી બેઠો છું - ભારે તો પડશે જ ને !પણ એકવાર ફરી ધ્યાનથી સાંભળી લે અને મગજમાં ઠસી લે :કોઈને પણ કહ્યું કે હું અહીં હતો તો તને ગમે ત્યાંથી શોધી કાઢીશ, મરીને પણ પાછો આવી ધમકીશ અને તારાંથી જવાબ લઈશ."

નાસ્ત્યોના તેને રોકવાની, શાંત કરવાની આશામાં તેની તરફ આગળ વધી, પણ તેનો ચહેરો આવેશમાં વિકૃત થઈ ગયો અને તેણે માંથું નીચું ઢાળી દીધું.

"મારી તરફ જો તો, અન્દ્રેઈ," તેણે તેને વિનંતી કરતાં કહ્યું ."જો તો .ના, તું જો, આમ મોં ન ફેરવી લે .જો અને બોલ :શું હું એવી છું, જેવી તું કહી રહ્યો છે? ઓ અન્દ્રેઈ, ભગવાન તારું ભલું કરે, તેં આ શું મનમાં ઘડી

લીધું છે? બોલ તો :એવી છું હું?"

"શું હું તારી સામે પોતાની ભૂલ સ્વીકારું ? તારાં પગે પડું :આમ જ લવારો કરી રહ્યો હતો, કે પછી તું શું ઈચ્છે છે, હું શું કરું ?"

"ભૂલ સ્વીકારવાની કોઈ જરૂર નથી, અને પગે પડવા તો હું પોતે તૈયાર છું .પણ તું આવું ન બોલ .તેં જે કહી નાંખ્યું છે તેનો વિશ્વાસ ન કર, પોતાની જાતને દગો ન દે .એ વાત તારાં મગજમાં આવી જ કેવી રીતે કે હું તારી વિરુદ્ધ જઈ શકું? આ શું, અન્દ્રેઈ, આ શું !આવું ન કહે, ન કહે, ના, ના,....તું મારી તરફ જો, સારી રીતે જો અને કહે, શું હું એવી છું ? શું તને ખરેખર કંઈ નથી દેખાઈ રહ્યું ?"

અને તેનાં પરથી નજર હટાવ્યાં વિના, રડવું રોકવા દાંતો વડે હોંઠ કરડતાં, ફૂટતાં રૂદન પર પૂરી તાકાતથી નિયંત્રણ કરતી તે ધ્રૂજવા લાગી.

"એનો અર્થ એ કે હું પોતાનો વિશ્વાસ ન કરું, અને આનો વિશ્વાસ કરો ...બહુ સરસ," ગભરાટથી મોં ફેરવતાં અને બધાં પર, એકદમ બધાં પર આંધળા તથા અકારણ ક્રોધથી બળતાં તે બબડ્યો.

તેઓ બહુવાર સુધી ચૂપ રહ્યાં .નાસ્ત્યોના જવા માટે ઊભી થઈ પણ તે પોતાની જગ્યાએથી હાલ્યો પણ નહીં, જેમ ઊભો હતો તેમ જ ઊભો રહ્યો - તેને વિદાય ન કરી.

તે માંડ માંડ ત્રણ દિવસ કાપી શકી .અને પહેલી તક મળતા જ કોઈને કંઈ કહ્યાં વગર જ તેણે હોડી પાણીમાં ઉતારી દીધી અને હાંકવા લાગી - વધારે લાંબો વખત તે એ અણજાણ સ્થિતિમાં રહી શકતી નહોતી કે અન્દ્રેઈ અહીં છે કે નહી, જીવતો છે કે નહીં .અને જયારે રાત્રે, અંધકારમાં નાસ્ત્યોનાએ બારી ખખડાવી ત્યારે તે બહાર નીકળી આવ્યો .તેને જોતાં જ તે તેની છાતી સરસી ચંપાઈ ગઈ, તે ખુશીથી બેસુધ થઈ રહી હતી, ન તો તેને ક્ષોભ યાદ આવ્યો, ન તો ક્રોધ, બસ એ જ જોઈ રહી હતી કે તે ત્યાં છે, જીવતો છે .તેનાં પર પ્રેમ દેખાડતાં અને મળીને રડું-રડું થવાં આવેલો અન્દ્રેઈ પસ્તાઈ રહ્યો હતો, પોતાને મૂરખ કહી રહ્યો હતો, કાલાંવાલા કરી રહ્યો હતો કે તે તેનાં પર ગુસ્સે ન થાય, તેનાં કહ્યાં પર વિશ્વાસ ન કરે, વિનવણી કરતાં કહી રહ્યો હતો કે જો તે ન આવત તો તે હોડી ચોરી લેત અને માફી માંગવા તેની રાહ જોવત - આ બધાથી નાસ્ત્યોના હજી વધારે ગભરાઈ ગઈ, પોતાના પરનો કાબૂ ગુમાવી બેઠી અને વાયદો કરી ગઈ:

"જો તું પોતાની જાત સાથે કંઈ કરી બેસશે તો હું પણ પોતાની જાતને ખતમ કરી દઈશ – એટલું યાદ રાખજે."

પ્રકરણ ૨૦

અને હજી આગળ હોડી વમળમાં ફસાતી ગઈ, તે પણ ઊંડા વમળમાં.

શનિવારે નાસ્ત્યોનાએ હમામખાનું ગરમ કર્યું, તેને બંધ કરી લીધું અને એમ વિચારીને કે સેમ્યોનોવ્ના પહેલી વરાળ પસંદ નથી કરતી, સૌથી પહેલાં તે નહાવા ચાલી ગઈ .પણ તે માંડ માંડ માથે સાબુ લગાવી શકી હતી ત્યાં જ) લીઝા વોલીઝ્જીનાએ ક્યાંકથી મેળવીને તેને પણ કાળા સાબુનો અડધો ટૂકડો આપી દીધો હતો (કોઈ આવી પહોચ્યું અને ઉંબરામાં કપડાં ઉતારવા લાગ્યું; નાસ્ત્યોના જડવત થઈ ગઈ, તેણે સાસુનો ઉધરસ ખાવાનો પરિચિત અવાજ સાંભળી લીધો, નાસ્ત્યોના તરત જ માથું ધોવા લપકી, જેથી જલ્દી જલ્દી હમામખાનામાંથી બહાર નીકળી આવે અને જયારે સેમ્યોનોવ્ના અંદર આવે તો તેને કહી દે કે નાહી લીધું, પણ પછી બીજી ક્ષણે પોતાનો અભિપ્રાય બદલી નાંખ્યો અને પોતાની જાતને રોકી લીધી :જો સાસુ એકલી આવી હશે તો તેને જવા નહી દે, ના, બનવા કાળને કોણ ટાળી શકે છે .અને સાસુ પણ અત્યારે શા માટે ચાલી આવી છે- તેઓ કદાપિ સાથે નથી નાહ્યાં !જાણે જાણીબૂઝીને જ આવી હોય, કાં તો તેને ખબર હતી કે અહીં તેની બિલકુલ જરૂર નહોતી .કોને ખબર કદાચ જાણીબૂઝીને આવી હોય, સાચેસાચ તેને કંઈ ખબર પડી ગઈ હોય :પહેલેથી જ તેનાં પર નજર રાખી રહી હોય, ચોકસાઈ કરતી રહી હોય અને તપાસ કરવાનો ફેંસલો કરી લીધો હોય .જો સાચે જ એવું કંઈ હોય તો મજા આવશે .નાસ્ત્યોના દૂર ખૂણામાં સરકી ગઈ અને લાકડાનાં પહોળાં વાસણની આડ લઈ પેટને અંદર ખેંચવાનો પ્રયત્ન કરવા લાગી-પણ જ્યાં તે આટલું બહાર નીકળી આવ્યું હોય ત્યાં તેને કેવી રીતે તે અંદર ખેંચે :જો આ હકીકત છે જ તો તેને ક્યાંથી સંતાડી શકાવવાનું છે .કંઈપણ ભલે ને કરે, તે દેખાઈ જ રહ્યું છે, અને દેખાવાનું જ છે.

પણ આશ્ચર્યની વાત એ હતી કે આ વખતે તે બચી ગઈ .સેમ્યોનોવ્ના કાં તો કંઈ કળી શકી નહોતી કે પછી કળી લેવાં છતાં તેને વિશ્વાસ નહી થયો હોય અને કોઈ બીજું કારણ વિચારી લીધું હશે કે વહુ કદાચ જાડી થઈ ગઈ હશે .જો કે તેમ છતાં નાસ્ત્યોનાએ નહાતી વખતે બેત્રણવાર પોતાનાં પર તેની એકટક, તીક્ષ્ણ દ્રષ્ટિ ટકેલી અનુભવી અને ત્યારે તે પોતાની જાતને એ પ્રમાણે સંકોરવા લાગતી કે ખેંચથી તેનાં ગાલનાં જડબાં દર્દ કરી ઉઠતાં .પછી જયારે તે કપડાં પહેરીને બહાર નીકળી આવી ત્યારે અફસોસ કરવા લાગી :શા માટે પોતાની જાતને તે સંતાડી રહી હતી? આ તો ઊલટાનો પોતાની સંપૂર્ણ સુંદરતા બતાવવાનો સૌથી ઉપયુક્ત તથા અચૂક તક હતી અને જો સાસુ પૂછત તો બધું સાચે સાચું કહી દેત .એ વધારે સારું જ હતું કે સાસુને આ વિષયમાં તેની પાસેથી જ, નાસ્ત્યોના પાસેથી જ ખબર પડે, પારકાંઓ

પાસેથી નહી .પણ આ વાત જાણીને ઊકળતું પાણી મારાં પર ફેંકવા તો તે ન ઝપટતને, કદાચ બસ બૂમ બરાડા જ પાડી લેત, એનાથી બીજું શું થાત, પણ નાસ્ત્યોનાને ઓછામાંઓછા આ અંતહીન પ્રતીક્ષા અને ભયથી તો મુક્તિ મળી જાત, જે હવે સમયની સાથે સાથે વધારે ભયંકર અને અસહ્યનીય થતું જઈ રહ્યું છે.

હમાંમખાનાની આ ઘટના વ્યર્થ ન ગઈ .ત્યારથી સેમ્યોનોવ્ના તેની તરફ ત્રાંસી નજરે, કોઈ વિશેષ, લક્ષ્યબદ્ધ દ્રષ્ટિથી જોવા લાગી, નાસ્ત્યોનાને ખબર હતી કે એ કોઈ સારાં માટેનો સંકેત નહોતો .એનો સીધો અર્થ એ જ થતો હતો કે ડોસી કંઈક કળી જ ગઈ છે .અસલી શિકાર શરૂ થઈ ગયો હતો :સાસુ દિવસમાં વીસ વાર ટટ્ટાર ઊભી થઈ જતી હતી અને હવે સંતાડવાનો પણ પ્રયત્ન નહોતી કરતી કે તેની નજરોનું નિશાન ક્યાં છે, કઈ જગ્યાએ છે, નાસ્ત્યોના કાં તો સંતાતી, કાં તો બાજુમાંથી નીકળી જતી, કે પછી હાથો વડે આડ બનાવતાં અન્દ્રેઈનો મોટો કોટ લપેટીને ચાલતી અથવા નમી જતી, કાં છાતી આગળ કરી લેતી .પણ પેટ પાછલાં થોડાં સમયથી ફૂટબોલની જેમ ફૂલતું જઈ રહ્યું હતું અને કોઈપણ પ્રકારની ચાલાકીઓથી તેને સંતાડવું હવે અસંભવ હતું.

અને એક સાંજે, જયારે નાસ્ત્યોના અને સેમ્યોનોવ્ના પોતપોતાનાં ઘરનાં કામકાજમાં વ્યસ્ત અને એકલાં જ હતાં ત્યારે - નાસ્ત્યોના ઘણું કરીને આંગણામાં વ્યસ્ત હતી અને સેમ્યોનોવ્ના ઘરની અંદર - સાસુએ જાણે પહેલીવાર તેનાં પેટ તરફ નજર નાખતાં સીધેસીધું જ પૂછ્યું:

“અરે વહુ, તારે દિવસ તો નથી ચઢી રહ્યાં ને? આમ કેવી રીતે જાડી થઈ રહી છે?”

નાસ્ત્યોનાનું તો જાણે હૈયું જ બેસી ગયું :લો, આ આવી ગયો, તેનાં મહાભિયાનનો ઉંબર .હવે તો લાંઘવો જ રહ્યો, નાસ્ત્યોના .ના પાડવાનો, કંઈ સંતાડવાનો કોઈ રસ્તો નથી રહ્યો .અને એનાં જ શબ્દો પકડી, કઠોર ભાવે નાસ્ત્યોનાએ જવાબ આપ્યો:

“ચઢી રહ્યાં છે.”

“શું ?” આશ્ચર્ય વ્યક્ત કરતાં, પણ એ વાતે ખુશ થઈને કે તેની શંકા વ્યર્થ નહોતી ગઈ, સેમ્યોનોવ્નાએ લાંબુ ખેંચતાં કહ્યું અને એકદમ પોતાનાં માંદા પગે પણ ઊછળી પડી, ક્રોધોન્મત્ત થઈ દબાયેલી ચીસ પાડી ઊઠી અને બહુવાર સુધી એક પણ શબ્દ મોંમાંથી કાઢી ના શકતાં બસ માથું કૂટતી રહી ગઈ.

“સાલી, કૂતરી! ” થોડીવાર પછી તે બરાડી ઊઠી .નાસ્ત્યોના તરત જ કંઈ સમજી ન શકી .આજ પહેલાં સાસુએ કદાપિ ગાળો નહોતી દીધી, “સાલી, કૂતરી ! હાય-રે-રે-રે! ” તે બંને હાથે માથું પકડીને વિલાપ

કરવા લાગી, “શરમની, કેવી શરમની વાત છે !હે ભગવાન !માં મરિયમ !તું જ આને કંઈ શજા આપ, હમણાં ઊભે ઊભાં શજા આપ .દોડીને ભાગી !રાહ ન જોવાઈ !અને ઉપરથી ચૂપ છે, બેશરમ ક્યાકની ! અન્દ્યુંશ્કા આવશે, પણ આ ઘોડી તો પહેલેથી જ ભાગવા તૈયાર બેઠી છે ...તારી શરમ-હયા ક્યાં મરી ગયાં હતાં? ક્યાં હતાં, તેં એને ક્યાં સંતાડી દીધો હતો? તારાં પેટમાં કીડા પડે !તું આને જણીને પણ ન જણી શકે !એ કેટલું શારું હોત, કેટલું શારું હોત!” સેમ્યોનોવ્ના પોતાનાં ફિટકારોથી જાતે જ બી ગઈ અને રોકાઈ ગઈ, ખોંખારો ખાઈને તેણે અંતિમ આશાથી પૂછ્યું :“તું કદાચ જુઠ્ઠું બોલી રહી છે? કદાચ કંઈ જ નથી?”

“છે,” માત્ર આ જ એકમાત્ર સાચો જવાબ છે એ સમજતાં નાસ્ત્યોનાએ જડવત અસહાયતાથી કહ્યું અને અનાયાસ જ પેટ આગળ કરી દીધું.

“હં, તો છે જ,” સેમ્યોનોવ્ના ચિત્કાર કરી ઊઠી, “કહી રહી છે, છે, એવી રીતે કે જાણે એવું જ હોવું જોઈએ . શરમ,હયાથી તારો જીવ ન નીકળી ગયો - ના,ના, એમ નહીં .તું બિલાડી તો નથી -આવાં ગંદે રસ્તે કેવી રીતે ચાલી ?” તેને નવો શબ્દ મળી ગયો અને તે હાથ વડે દરવાજા તરફ ઈશારો કરતાં બિલાડીની જેમ જ તેનાં પર બરાડી : “શી-ઈ-ઈ !-નીકળી જા મારાં ઘરમાંથી, નીચ !આ ઘરમાં તારાં પાપી પગ સુધ્ધાં ન પડવા જોઈએ !અબઘડી નીકળી જા અહીંથી!જ્યાંથી આ પાપ લાવી છે ત્યાં જ ચાલી જા, જા, નીકળ . આન્દ્રશ્યા આવશે તો તેને અમે શું જવાબ આપીશું? કોને ઘરમાં રાખતાં રહ્યાં? કોને પોતાને કલંક લગાવવા આશરો દેતાં રહ્યાં? ગામમાં તો ખબર પડી જ જશે- હે ભગવાન, ગામમાં તો તરત ખબર પડી જશે !મેં તો તને, છોકરી, પહેલાં દિવસથી જ ઓળખી લધી હતી, તને જોતાં વેંત હું શમજી ગઈ હતી કે તું કેવી છે .દોડીને મોટી ભાગી અને આ પેટ લઈ આવી !અબઘડી નીકળ, નહીં તો હમણાં જ તને દંડા મારીને બહાર કાઢીશ .અહીં તારો પડછાયો સુધ્ધાં ન પડવો જોઈએ, સમજી! ”

નાસ્ત્યોના પહેરે કપડે જ ચાલતી થઈ .તેણે ઉંબરા પરથી ડોલ ઊઠાવી લીધી, જેમાં તે વાછરડાંને પીવડાવવા માટે પાણી લાવી હતી અને ઉતાવળમાં દાદરા પર જ ભૂલી ગઈ હતી, તેને બાંકડા પર મૂકી દીધી .ઘરની અંદર ફિટકારોનો ઘોંઘાટ અને ફુફકાર ચાલુ હતાં; નાસ્ત્યોના થોડીવાર સુધી ઊભી રહી, જાણે એ સમજી ન શકી રહી હોય, એ વાત પર વિશ્વાસ ન કરી શકી રહી હોય કે આ ફિટકારો તેનાં માટે જ છે અને તેને હકીકતમાં ઘરમાંથી કાઢી મૂકવામાં આવી છે, પછી અનિશ્ચયપૂર્વક, કોઈ વસ્તુની રાહમાં, ધીમે ધીમે ચાલતાં તેણે ઝાંપો ખોલ્યો .થોડે દૂર મેદાનમાં બાળકો રમી રહ્યાં હતાં .તેમનામાં રોદ્કા પણ હતો .નાસ્ત્યોનાએ તેને પૂછ્યું કે મા ઘરમાં છે કે નહીં, અને તેણે જવાબ આપ્યો કે કદાચ ઘરમાં જ છે . જવા માટે બીજી કોઈ જગ્યા પણ નહોતી - નાસ્ત્યોના નાદ્કાના ઘર તરફ ચાલતી થઈ.

નાસ્ત્યોનાને સેમ્યોનોવ્ના પર ગુસ્સો નહોતો - હકીકતમાં આમાં ગુસ્સો કરવાની શી વાત હતી?આવું બનવું વ્યાજબી હતું .પણ અંતિમ ક્ષણ સુધી નાસ્ત્યોના એ આશામાં હતી કે જો તે કોઈ રીતે દોષી નહી હોય તો સત્ય કોઈને કોઈ રીતે પ્રગટ થઈ જ જશે અને તેને આવાં અત્યાચારથી બચાવી લેશે .તેને ન્યાયની દરકાર નહોતી- અત્યારે એ સમજવું અસંભવ હતું કે શું ન્યાયસંગત છે અને શું નથી .તે પોતે પહેલેથી જ એ વિચારણામાં ભટકી રહી છે, પણ સાસુની સહાનુભૂતિ, તેનાં મૌન પુર્વાનુંમાનનો છાંટો માત્ર જ મળી જાત કે જેનાથી તેણે દુશ્મનાવટ ઠાની લીધી છે તે બાળક તેનાં માટે પારકું નથી .શું હકીકતમાં તેનાં પોતાનાં લોહીએ તેને કોઈ ગૂઢ સંકેત ન આપ્યો, તેણે તેનાં હ્રદયમાં જિજ્ઞાસાની કોઈ લહેર ન ઉછાળી? ત્યાં બીજાં લોકો પાસેથી કઈ વાતની આશા રાખી શકાય? આ વાતનો ફોલ્લો ન જાણે કેટલાં દિવસો સુધી ટીસ મારતો રહ્યો, તેની ધીરજ અને શક્તિ ખેંચતો રહ્યો અને હવે ફૂટી ગયો છે ત્યારે ઘા પર મૂકવા કંઈપણ શેષ નથી .માત્ર પોતાનાં ખોટાં દિલાસાઓ, દીન ધીરજ ક્યાં સુધી આશરો આપશે કે જે પછી આવવાનું છે એની રાહ જોવામાં બધું સહન કરવું જરૂરી છે? અને પછી પણ એવું સારું શું આવવાનું છે? ના, રાહ જોવા માટે હવે તેની પાસે કશું જ નથી, કશું જ નથી.

નાસ્ત્યોનાનું દિલ એકદમ બેસી ગયું હતું, ક્યાંક અંદરથી હળવે હળવે ધડકી રહ્યું હતું, કે પછી એમ કહો કે તેનું હૈયું રડી રહ્યું હતું .જેનાં સહારે અંદર બાળક જીવી રહ્યું હતું .તેને પોતાની કોઈ ચિંતા નહોતી, બસ કોઇપણ રીતે તેને, બાળકને બચાવી લે, તેનાં પર પોતાનાં ભાગમાં આવેલાં દુઃખની છાયા પણ ન પડવા દે, તેને તેનાં સંસારમાં પ્રવેશની ઘડી સુધી સહી સલામત બચાવી રાખે, સંભાળી રાખે .તેને જોઈને કદાચ લોકોનું હ્રદય દયાથી ભરાઈ ઊઠે અને જેવી રીતે માને પોતાનાં ઘરમાંથી કાઢી મૂકવામાં આવી તેવી રીતે પોતાનાથી દૂર નહી ભગાડે .પોતાનું જ તો ઘર હતું, તેણે અહીં આઠ વરસ વિતાવ્યાં હતાં .જે કંઈ બની ગયું તેનાં પર તેને ક્ષોભ નહીં, શરમ આવી રહી હતી; તેને પોતાને માટે શરમ નહોતી આવી રહી, પોતાનો રસ્તો તેને ખબર હતો, તેની સાથે તે સમજૂતી કરી ચૂકી હતી, શરમ તો તેને એટલા માટે આવી રહી હતી કે આવું કંઈક બની ગયું તેની સાથે, નોબત ત્યાં સુધી આવી પહોંચી કે તેને રાત ગાળવા માટેની જગ્યા માટે લોકો સામે હાથ ફેલાવવા પડશે .અહીંથી બીજે ક્યાંય જઈ પણ શકતી નહોતી તે, બધી બાજુએથી તેનાં હાથપગ બંધાયેલાં હતાં અને જાય તો જાય પણ ક્યાં? એકલી છે, તદ્દન એકલી .તે નાદ્કાને ઘેર પહોંચી ગઈ અને નિ:સહાય જેવી બારણાં પાસે જ રોકાઈ ગઈ, જ્યાં સુધી તે રાજી ના થઈ જાય ત્યાં સુધી તેની આગળ વધવાની હિંમત નહોતી થઈ રહી .કોણ જાણે, નાદ્કા કદાચ ના જ પાડી દે; દરેક માણસને હવે નવેસરથી જાણવું પડશે .જ્યાં તમે સ્થિર થયેલા હોવ અને લોકોને જે રીતે જોવાની ટેવ પડી ગઈ હોય ત્યાંથી ચલિત થતાં જ તમારાં પ્રત્યે બધું બદલાવા લાગે છે, લોકો તમને બીજાં નામે બોલાવવા એકદમ તૈયાર થઈ જાય છે .બળતી ભઠ્ઠી પાસે ગૂંથાયેલી નાદ્કાએ પૂછ્યું:

“કેમ થાકી ગઈ છે કે શું ?”

“મને થોડાં દિવસ તારાં ઘરમાં રહેવા દેશે ?” નાસ્ત્યોનાએ વધારે લાંબુ ખેંચવા અને વાતચીત માટે તૈયારી કરવામાં લાચાર થઈ તરત જ મુદ્દાની વાત કહેવાનું શરૂ કર્યું.

“કોને, તને ?”

“મને "અવિશ્વાસપૂર્વક હાથ ઝાટકવા તૈયાર નાદ્કાએ તેની તરફ ધ્યાનથી જોયું:

“એવું શું થઈ ગયું ?”

“કાઢી મૂકી.”

“તને કાઢી મૂકી?” નાસ્ત્યોનાએ પેટ તરફ ઈશારો કર્યો : “જોઈ રહી છે?”

“અરે-એ-એ-એ-એ-,” નાદ્કા કોઈ અજાણ્યાં સ્વરમાં ગાતી બોલી ઊઠી અને સાશ્ચર્ય કહ્યું, “સાચે જ શું? તું ક્યાંથી આ લઈ આવી? જરા ઊભી તો રહે, જરા ઊભી તો રહે,” નાદ્કા નાસ્ત્યોના તરફ લપકી અને તેને ખાટલા પર બેસાડીને પોતે ઝૂકીને સામે ઊભી રહી ગઈ, “આ દુનિયામાં થઈ શું રહ્યું છે? સાચે જ દેખાઈ રહ્યું છે .અરે પણ કોઈ ...કંઈપણ ...પણ તું લાવી ક્યાંથી આને? વાહ, તેં તો કમાલ કરી બતાવી !હં, તો આમ વાત છે !સરસ, બહુ સરસ !શું કહેવા માંગે છે !આ કોણે તને?”

“પવિત્ર આત્માએ,” નાસ્ત્યોના પોતાનું બધું જ આપી દેવા તૈયાર હતી, બસ, બદલામાં માત્ર એટલું ઈચ્છતી હતી કે કોઈ તેને કશું જ ના પૂછે, તેને હેરાન ન કરે, તેની પાછળ ન પડે આનાં માટે, તેને એકલી છોડી દે .સવાલો અસહ્યનીય છે.

“પવિત્ર તો ઠીક છે,” નાદ્કાએ આગળ પૂછ્યું, “તેમ છતાં કંઈ નામ-ઠામ તો ખબર પડે .જો કોઈ ભેદની વાત હોય તો રહેવા દે .આમ તો અહીં એકેય પુરૂષ હતો નહીં .પણ ના, જરા તું આખી વાત વિગતે જણાવ .વગર કોઈ ઊંધા-ચત્તાં ઈશારાઓએ .કોને ખબર, હું પોતે આ પવિત્ર આત્માની તપાસ કરવા ઈચ્છું ?”

“પહોંચી નહી શકે, નાદ્કા,” એમ વિચારીને કે કોઈને કંઈ સફાઈ આપવાની વધારે જરૂર નહી પડે, નાદ્કા એકલી જ બહુ છે, નાસ્ત્યોનાએ ફેંસલો કરી લીધો.આ બધું અત્યંત ધૃણાજનક હતું, પણ કરે શું, કંઈક ને કંઈક કહેવું તો જરૂરી હતું .આ તેનાં આત્મા પરનું ન તો પહેલું પાપ હતું કે કદાચ ન તો અંતિમ,”

યાદ છે, અધિકારી આવ્યો હતો ?" તેણે પૂછ્યું, "જેણે બોન્ડોની લખાપટ્ટી કરી હતી ?"

"તો?"

"એ જ તો! " નાસ્ત્યોના ગુસ્સે થઈ ગઈ ."ઘોડો જોત્યો, નીકળી પડ્યાં અને ....લઈ આવી .કોઈ મુશ્કેલ વાત છે શું ?"

"વધારે નહી, વધારે નહી, મને ખબર છે." નાદ્કા જલ્દી જ સંમત થઈ ગઈ, "બસ પછી બહુવાર સુધી ભોગવવું પડે છે, અરે, નાસ્ત્યોના, બહુવાર સુધી !અને હંમેશાં ચૂપ રહેતી હતી, લાલ થઈ જતી હતી . જુઓ તો આ મીંઢીને ? પણ હવે આગળ શું કરવાનો વિચાર કરી રહી છે ?જો અન્દ્રેઈ આવી ગયો તો? તે તો તને મારી જ નાંખશે."

"મારી નાંખે." તું શું પૂછી રહી છે : કેવી રીતે, કેવી રીતે ? મને ક્યાંથી ખબર ? હમણાં તું મને એ કહે કે શરૂઆતનો થોડો સમય તારે ત્યાં રહી શકું છું? તારાં ઘરમાં મને રાખશે કે નહીં?"

"અરે જરૂર રહી શકે છે, જરૂર રહી શકે છે .તને ક્યાં છોડી આવી શકવાની છું .જો કંઈ થશે તો સાથે સાથે બચાવ કરીશું .બેશક, ડોસીને તારાં પર દયા નહીં આવે, તેનાં તો રોમે રોમમાં તારાં વિરુદ્ધ ઝેર ભરેલું હશે .પૌત્ર લાવી પટક્યો મોટો, " નાદ્કા પોતાને રોકી ન શકી અને હસવા લાગી, "એટલે જ તે તારાં પર બાજ નજર રાખતી હતી .પણ સ્ત્રી પર ભલાં કોઈ નજર રાખી શક્યું છે આજસુધી? બીજાઓની વાત તો છોડો, તે પોતાની જાતને પણ છેતરી જશે .તારાં વિષે કોણ આવું વિચારી શકતું હતું? વાહ રે, નાસ્ત્યોના ! ખરી હિંમતવાળી છે તું, ખરી હિંમતવાળી, તારો રસ્તો સરળ નથી .પણ કંઈ નહીં, સાથે મળીને દુઃખ ભોગવીશું .મને તો આમેય ટેવ પડી ચૂકી છે .તું શું આમ જ ખાલી હાથે ચાલી આવી? સાથે કંઈ ન લાવી? કહે તો હું જઈને લઈ આવું?"

"હમણાં કશાની જરૂર નથી .પછી હું જાતે જ જઈ આવીશ."

"જાતે જ .તારી તો જાતે થઈ જ ગઈ .અરે, તું ઉદાસ ન થા, ન થા ઉદાસ, બરબાદ નહી થાય .કોણ જાણે શું- શું થતું આવ્યું છે .આપણે સાથે જીવી લઈશું .બીજું શું :નામની જ સ્ત્રીઓ છીએ .ના, તું જનમ આપ, બસ જનમ આપ, પછી જોઈ લઈશું .તેનું નામ શું છે?"

"કોનું ?"

"કોનું ...બીજાં કોનું ? અરે જે તને આ બોન્ડ આપી ગયો છે તેનું? કેટલો ચાલક !નામ તો તેં પૂછી લીધું

હતું કે નહીં?"

"ના."

"નામ નથી પૂછ્યું? ગાંડી જ છે તું, નાસ્ત્યોના .બાળકનાં બાપનું નામ શું લખાવશે .જોયું, પહેલાં પેદા ન કરવાનો શો અર્થ થાય છે? જન્મનાં પ્રમાણપત્રમાં તો લખાવવું પડશે, તે લોકો પૂછશે .ખેર, કંઈ ઘડી કાઢીશું .જ્યાં સુધી તેની નોબત આવશે ત્યાં સુધી તેનાં માટે બાપ શોધી જ લઈશું, સૌથી ઉમદા બાપ.

નાદ્કાએ થોડીવાર વધારે આમતેમ પંચાત કરી અને પછી ઉંબરા પરથી બહાર નીકળી ગઈ .ગામને તો ખબર પડશે જ- કેવી રીતે સૌથી પહેલાં ખબર આપવાની તક જતી કરે !એકલાં પડતાં નાસ્ત્યોના ખાટલા પર ફસડાઈ પડી, આંખો મીંચી લીધી અને તેનાં શ્વાસ એકદમ ભારે થઈ ગયાં, તેનાં દિલ પર દર્દ હાવિ થઈ ગયું .તે રડું-રડું થઈ રહી હતી, આ અપરિમિત, સમગ્ર શરીર પર છવાયેલ અકલ્પનીય દર્દને હલકું કરવા મન ભરીને રડી લેવાની તીવ્ર ઈચ્છા થતી હતી પણ તેને બીક હતી કે આંસુઓથી ક્યાંક બાળકને કોઈ નુકસાન ન પહોંચે .બહુવાર સુધી એક જ લાંબા કણસાટ સાથે તે ખાટલા પર પડખાં બદલતી રહી, ક્યારેક ઊઠી જતી, તો પાછી આડી પડતી અને કોઇપણ રીતે તેને લેશમાત્ર રાહત ન મળી, કલાંત આત્માને ન તો શાંતિ હતી, ન તો થાક.

મોડી સાંજે મિખેઈચ આવી પહોંચ્યો અને તેણે રોદ્કાને નાસ્ત્યોનાને બગીચામાંથી બોલાવી લાવવાં મોકલ્યો .તે કુહાડીનાં નિશાન લાગેલાં ઠૂંઠા પર બેસી ગયો, નાસ્ત્યોના ઊભી રહી .તે મહામુશ્કેલીથી પોતાનાં પગ પર ઊભી રહી શકતી હતી, પણ બેસી તો બિલકુલ જ નહોતી શકતી .આ પ્રમાણે ઓછામાંઓછા પગ બદલવાની, હાલવા-ચાલવાની સંભાવના તો હતી, સ્થિરતા તેને દબાવતી હતી . મિખેઈચે ગાંઠ્દાર, કાંપતી આંગળીઓએ પાઈપમાં તમાકુ ભર્યું, ચકમકથી ચિનગારી તરત જ કાઢી ન શક્યો, પછી કશ ભરવા લાગ્યો .ધૂમાડાથી ખાંસી ઊઠી ગઈ; એકબાજુ મોં ફેરવીને તે જમીન તરફ ઝૂકી ગયો, તે ખાંસતો રહ્યો, આંતરડા ખેંચાતાં રહ્યાં અને બહુવાર સુધી તે બરાબર રીતે શ્વાસ ન લઈ શક્યો . નાસ્ત્યોના રાહ જોતી રહી .મિખેઈચે શાંત થઈ શ્વાસ લઈને તથા ચેનથી બીજાં કેટલાંક કશ ખેંચી નાસ્ત્યોનાની તરફ ડબડબાયેલી આંખો ઊઠાવીને હારેલાં-થાકેલાંની જેમ ધમકાવતાં કહ્યું:

"તે અહીં જ છે, નાસ્ત્યોના .ના ન પાડ .મને ખબર છે .કોઈને ન કહે, બસ મને એકલાંને આ ભેદ જણાવ . કહી દે, નાસ્ત્યોના, મારાં પર તરસ ખાં, આ ડોસા પર દયા ખા .છેવટે હું તેનો બાપ છું."
નાસ્ત્યોનાએ માથું ધુણાવી દીધું.

“બસ એકવાર, છેલ્લી વાર મળી લેવાં દે .ભગવાનને ખાતર, બે હાથ જોડીને કરગરું છું તને, મળી લેવા દે .જો તું મારાથી છુપાવશે તો તને માફી નહીં મળે ...હું તેને પૂછવા ઈચ્છું છું કે તે કઈ વાતને ભરોસે સંતાઈને બેઠો છે .હેં? તેણે તને કંઈ કહ્યું નહી? અમારાં વંશમાં બધાં પ્રકારનાં લોકો થયાં છે, પણ કોઈ આટલી હદ સુધી અધમ નહી બન્યું હોય....ના, નીચ છે તે, નીચ .બહુ દૂર જઈ પહોંચ્યો છે....અમને એકવાર મેળાપ કરાવી આપ, નાસ્ત્યોના,” ધમકી જેવાં સ્વરમાં તેણે માંગણી કરી .“ભગવાનને ખાતર, તને હાથ જોડી કરગરું છું; મેળાપ કરાવી આપ .તે તદ્દન અધમ બની જાય તે પહેલાં તેને પાછો લાવવો જરૂરી છે .તું પોતે જોઈ રહી છે :આગળ ખેલની કોઈ ગુંજાઇશ નથી .બહુ થઈ ગયું .મારાં પર દયા ખા, નાસ્ત્યોના, મદદ કર .અને તને પણ સરળતા થશે.”

વિચારમાં પડી, સસરાની પ્રાર્થનાનાં પ્રભાવમાં આવતી નાસ્ત્યોનાએ ફરીથી માથું ધુણાવ્યું:

“તમે આ શું કહી રહ્યાં છો, બાપુ? હું તમને શું કહું? કહેવા માટે કંઈપણ નથી .અહીં કોઈ નથી, તમે બસ મનથી વિચારી લીધું છે, એવું કંઈ નથી.”

“જુઠ્ઠું ન બોલ, નાસ્ત્યોના,” મિખેઈચ ઊભો થઈ ગયો અને પાઈપને પગ પર મારી, “તું કોની સામે જુઠ્ઠું બોલી રહી છે? હું તો તારી સાથે સારી રીતે વાત કરવાનો વિચાર કરી રહ્યો હતો .હું જાણું છું, તારાં દિવસ પણ તેનાથી જ છે !બીજાં કોનાથી હોય વળી?! હું શું તને ઓળખતો નથી .હું શું જાણતો નથી કે તું કેવી છે? તું આ ડોસીને અને ગામની સ્ત્રીઓને મનગઢંત કિસ્સાઓ સંભળાવ, મને નહી .બંદૂક પણ તેને જ આપી આવી છે અને બીજી પણ ઘણી બધી વસ્તુઓ તેને પહોંચાડી આવી છે, આ રહ્યું તેનું પ્રમાણ,” તેણે પાઈપ વડે નાસ્ત્યોનાનાં પેટને સ્પર્શી જ લીધું હોત, પણ એણે પાછી ખેંચી લીધી, “આને ક્યાં લઈને જશે? ક્યાં? હું તને પૂછી રહ્યો છું, નાસ્ત્યોના, ક્યાં લઈ જઈશ?”

એ જાણતા-સમજતાં કે તેણે આવું ન કહેવું જોઈએ, તેમ છતાંય કહેવા માટે બીજું કંઈ શોધી-વિચારી ન શકતાં, ઝડપથી વાતચીતને તોડવા અને પાછાં જવાંનાં પ્રયત્નમાં નાસ્ત્યોનાએ દુષ્ટતા અને કુટિલતા ભરેલ, ગુપ્ત હથિયાર કાઢી લીધું:

“તમારાં અન્દ્રેઈ સાથે હું ચાર વરસ રહી અને કંઈ ન થયું અને તમે કહી રહ્યાં છો :પ્રમાણ છે.”

આ જવાબ સાંભળીને તે જડ થઈ ગયો, તેની સામે જોતાં ભયથી આંખો પટપટાવવા લાગ્યો અને પાછળ ફરીને ભારે ડગલે ઝાંપા તરફ ચાલવા લાગ્યો .કદાચ એ વખતે કોઈ રસ્તેથી પસાર થઈ રહ્યું હતું : મિખેઈચ ઝાંપો ખોલી પાછો લપક્યો પણ પછી પોતાની જાતને બળજબરી ધકેલી બહાર નીકળી ગયો.

પ્રકરણ ૨૧

નાસ્ત્યોના નાદ્કા અને બાળકોનાં શાંત થવાની રાહ જોતાં બહુવાર સુધી સૂવાનું બહાનું કરતી પડી રહી, તેણે થોડો સમય બીજો વીતાવી દીધો, સહન કરી લીધું, કોને ખબર તેમનામાંથી કોઈનીય આંખ કદાચ ન મીંચાઈ હોય, ત્યાર પછી તે ધીમે રહીને ઊઠી, ફ્રોક - બંડી લીધાં, જૂતાં પણ એક હાથમાં લઈ લીધાં અને ઉઘાડે પગે દબાયેલાં પગલે બહાર નીકળી આવી .ઓસરીમાં વગર બારીની દિવાલ પાસે આવી તેણે કપડાં અને જૂતાં પહેરી લીધાં, આ પ્રમાણે તૈયાર થઈને, પણ માથું ઢાંક્યા વિના ઉપલી નિસરણી પર તે પળવાર માટે રોકાઈ ગઈ, તે પોતાનામાં દ્રઢતા ભરવાનો અને એ પરખી લેવાનો પ્રયત્ન કરી રહી રહી હતી કે જે તેણે વિચારી રાખ્યું છે, તે કરવું જોઈએ કે નહીં, કે પછી વધારે સારું એ હોત કે તે ક્યાંય ન જાય અને પાછી પથારીમાં ઢગલો થઈને પડી જાય, અને થોડીવાર માટે બધું જ ભૂલી કરીને પ્રતીક્ષિત શાંતિથી આંખો મીંચી લે.

રાત ભયંકર હતી - વાદળાંઓથી ઘેરાયેલી, સૂમસામ, અંધારી - હાથને હાથ ન સૂઝે એવી .ગઈકાલે રાતે વરસાદ પડ્યો હતો, પણ સવારથી પવનનાં ઝોકાની સાથે સાથે મોટાં મોટાં, છૂટાછવાયાં છાંટા પડવાનાં શરૂ થઈ ગયાં હતાં, જાણે હવા જેવી રીતે વૃક્ષો પરથી અંતિમ પાંદડાં ઉડાડી રહી હોય તેવી રીતે જ વાદળાંઓમાંથી પણ પાણીનાં અંતિમ ટીપાં ઉડાડી રહી હોય, પણ વરસાદ ન પડ્યો .આખો દિવસ ઘેરાં વાદળ છવાયેલાં રહ્યાં, જે હવે કદાચ વધારે ગહન થઈ ગયાં હતાં .ઘોર અંધકારમાં મકાન લગભગ દેખાતાં જ નહોતાં, આંખો પર જોર દઈને એકીટશે ધ્યાનથી જોવું પડતું હતું, ત્યારે જઈને ક્યાંક નજીકનાં ઘરોને ઓળખી શકાતાં હતાં, ઓળખી તો શું બસ તેમની જૂની જગ્યાઓનાં હિસાબે અડસટ્ટો લગાવી શકાતો હતો; કાળાં ડિબાંગ વાદળોથી ઘેરાયેલું આસમાન ધરતી પર ઝૂકી આવ્યું હતું, તેની ઠંડી ભીનાશ અને હવાની કોઈ અજાણી, ધુમાવદાર હિલચાલનો અનુભવ થઈ રહો હતો .સંતાવા માટે આ રાત સૌથી ઉપયુક્ત હતી, જો નાસ્ત્યોના એ ભયંકર, વિકરાળ અંધકારથી ન બી જતી, જે ત્યાં, અંગારા પર પ્રવર્તી રહ્યો હતો, હજી વધારે વિક્ટ લાગી રહ્યો હતો.

દાદરા પરથી ઉતરતી વખતે તે અંગારા તરફ જવાનો વિચાર કરી રહી હતી; રાતોમાં અને ખરાબ વાતાવરણમાં લોકોથી સંતાવાનો તેને માત્ર એક જ રસ્તો ખબર હતો .કોઈ વસ્તુ સાથે અથડાઈને ઠોકર ન ખાઈ જાય અને તેને વાગી ન જાય તેનું ધ્યાન રાખતી, નાનાં નાનાં, સાચવી સાચવીને પગલાં ભરતાં, તે વાછરડાંઓનાં વાડામાં થઈ હમામખાના સુધી પહોંચી ગઈ, જેને ત્રણ દિવસ પહેલાં તે પોતાનું સમજતી હતી, ત્યાં ઉંબરામાંથી હાથ વડે સ્પર્શીને તેણે હલેસાં અને બલ્લીઓ શોધી લીધાં .નાસ્ત્યોનાએ એક હાથા વાળું હલેસું ન લીધું, તેને તે હજી સારી રીતે ચલાવતાં આવડતું નહોતું .હવે, જયારે તે ગુસ્કોવ

પરિવારમાં રહેતી નથી ત્યારે વગર પૂછ્યે મિખેઈચની હોડી વાપરવી ચોરી કરવાં બરાબર હતું, પણ નાસ્ત્યોના પાસે બીજો કોઈ રસ્તો નહોતો .તદ્દન પારકાંઓને ત્યાંથી લે?.. કૂતરાં પાછળ છોડી દેશે કે પછી કંઈ ખરાબ વિચારી કાઢશે; તેનાં માટે તો જેટલું ખરાબ છે, એટલું જ પૂરતું છે .જાણે તેનાં ભયનો જવાબ આપતું હોય તેમ અચાનક ગામમાં ક્યાંકથી કોઈ કૂતરું ભસવા લાગ્યું, પછી તેની સાથે બીજું જોડાઈ ગયું -નાસ્ત્યોના બી ને રોકાઈ ગઈ અને વાડાની પાસે બેસી ગઈ, ધડકતે હૈયે તે કૂતરાંઓનાં શાંત થવાની રાહ જોવા લાગી .આજે તેને દરેક વસ્તુથી બીક લાગી રહી હતી :અંધકારથી, જે હકીકતમાં તેનો મદદગાર હતો, નિસ્તબ્ધતાથી, જે હંમેશાં કરતાં વધારે ગૂઢ અને ચૈતન્યવંત હતી અને ધીમામાં ધીમો અવાજ પણ તેમાં સંભળાઈ જતો હતો .કૂતરાઓનું ભસવાનું હકીકતમાં સાવ સાધારણ જેવું હતું, માત્ર ઊંઘતાં કૂતરાઓની મૂર્ખામી હતી, કારણકે તે તરત જ શાંત થઈ ગયાં હતાં .આ ભસવાથી, જે હકીકતમાં સાવ સાધારણ હતું, તેમ છતાં તેને આ બધું જાણીબૂઝીને રચેલું, કોઈ ખરાબ ભવિષ્યવાણીભર્યું પ્રતીત થઈ રહ્યું હતું .તે સાવધાનીપૂર્વક, સરકતી, દરેક ડગલે ઝૂકતી અને કાન માંડતી ઢોળાવવાળા કિનારા પરથી ઊતરી ગઈ, પણ પગ નીચેનો કાંકરાનો ચરમરાટ તેને કોઈ ગર્જનાભર્યો લાગ્યો, એટલાં જ જોરથી, ગર્જના કરતી, ઢસડાતી હોડી સરસરાટ કરી ઊઠી .તેને આગળની તરફ ધક્કો મારીને નાસ્ત્યોના તેમાં કૂદીને ચડી ગઈ અને નમીને બેસી ગઈ, હોડીને ધારા સાથે જ ગામથી આગળ વહી જવા દેવા માટે તે ચૂપચાપ બેસી રહી.

અહીં, અંગારા પર થોડું અજવાળું હતું; નદીમાંથી ધૂંધળો ઝગમગાટ ઝળકી રહ્યો હતો, જેમાં ચળકતું પાણી અદ્રશ્ય થઈ જતું હતું, જાણે વક્ર બનીને નીચે ઝૂકી રહ્યું હોય .તેનાથી થોડે ઉપર પથરાયેલી ધૂંધળી પટ્ટીઓ જેવી, કોણ જાણે ક્યાંથી ઊઠતી અસ્પષ્ટ, ક્ષીણ આભા દેખાઈ રહી હતી; તેની એકદમ ઉપર ઘોર અંધકાર છવાયેલો હતો .નાસ્ત્યોનાની નજરોએ સફેદ પીપનો પ્રકાશ શોધી લીધો, જેને લગાવવામાં તેણે મત્વેઈ દાદાની મદદ કરી હતી અને જેને તેઓ બીજાં નંબર પર ખેંચીને લાવ્યાં હતાં.તે ત્યાં જ હતું, ગાયબ નથી થઈ ગયું, બુઝાયું નથી, નષ્ટ પણ નથી થયું, એ વાતથી તેનું મન થોડું હળવું થઈ ગયું . છીછરાં સ્થાનો પર રાતના સમયે પાણીનો અવાજ ધીમો અને શાંત લાગતો હતો, પણ પ્રવાહનો સહજ, લાંબો, હળવી સીટી જેવો સરસરાટ હવે સ્પષ્ટપણે સંભળાઈ રહ્યો હતો .સવાર પહેલાંની હવા ઊઠતી, વધતી અને ધીમે રહીને બેસતી આમતેમ ચકરાઈ રહી હતી.

હલેસાં સંભાળવાનો સમય આવી ગયો હતો .વાદળાંઓથી ગમે તેટલી ઘેરાયેલી હોવા છતાં પણ ઉનાળાની રાતો ટૂંકી જ હોય છે .નાસ્ત્યોનાએ શરૂઆતમાં પોહ ફાટતાં પહેલાં હોડી પાછી હાંકી લાવવાની ગણતરી કરી હતી, પણ હવે તેને સમજાઈ રહ્યું હતું કે એવું નહી બની શકે .જરૂર કરતાં વધારે વાર રાહ જોતી પથારીમાં પડી રહી, દાદરા પર બેસી રહી, બહુવાર સુધી હલેસાં ચલાવ્યાં વિના હોડીને પ્રવાહ

સાથે વહેવાં દેવાં દીધી - સમય વીતતો રહ્યો .પોહ ફાટવા પછી પાછી પહોંચી જાય, પણ લોકોનાં જાગવા અને તેમનાં નદી તરફ વધતાં પહેલાં પહોંચી જવી જોઈએ; જેથી બધાંની સામે હોડી કિનારે ન લગાડવી પડે તથા લોકોને વાતો કરવા, અફવાઓ ફેલાવવા માટે એક બીજો સંકેત ન મળી જાય .કોને ખબર, કદાચ તે છેલ્લીવાર જ હોડી હંકારી રહી હોય, આગળ હવે તેની જરૂર જ ન પડે તેને .વધારે આગળ નસીબ અજમાવવું ઉચિત નથી - આટલું પૂરતું છે .કદાચ તેણે, નાસ્ત્યોનાએ પહેલાં જ ક્યારેક ક્યાંક ભૂલ કરી દીધી છે, જરૂર કરતાં વધારે જ પ્રગટ કરી દીધું છે - ક્યાં, ક્યારે, શું ? હવે બહુ વિચારવાથી શો લાભ ? કોઈ પરિણામ નહી નીપજે .બસ, અન્દ્રેઈને એકવાર ચેતવી દે, તેની સાથે નક્કી કરી લે, પછી ભલે જે થવાનું હોય તે થાય.તે એવો અસહ્યનીય થાક અનુભવી રહી હતી કે તેનું બધું છોડીને ક્યાંક દૂર દૂર નીકળી જવાનું, હલેસાં છોડીને સૂઈ જવાનું અને આંખો બંધ કરી લેવાનું મન થઈ રહ્યું હતું - તે ભલે જ્યાં પણ વહેતી - ખેંચાતી ચાલી જાય, ખરાબ તો નહી જ થાય તેની સાથે.

સેમ્યોનોવ્નાએ તેને ઘરમાંથી કાઢી મૂક્યાના ત્રણ દિવસ થઈ ગયાં હતાં અને નાસ્ત્યોનાને હજી પણ એ વાતનો વિશ્વાસ કરવાનું મન નહોતું થઈ રહ્યું કે તે ક્યાંક પારકાં લોકોની વચ્ચે રહે છે, તેનું હવે પહેલાંની જેમ પોતાનાં ઓરડામાં જવું, કપડાં બદલવું, લાકડાનાં પલંગ પર પડીને ઊંઘતાં પહેલાં પેટ પર લજ્જાથી પંપોળવું વર્જિત છે .હવે જયારે તેને સંતાડવાથી કોઈ લાભ નહોતો, જે કોઈ ચાહે તે પોતાની નજરો વડે તેને વેધવા લાગતું હતું અને તેનાં પ્રગટ થઈ ગયેલાં રહસ્યનું મજા લઈ આસ્વાદન કરવાં લાગતું હતું- એવામાં બાળક પ્રત્યે કોમળ ભાવ અને તેનાં ઉગતાં જીવનની તીક્ષ્ણ, સંવેદનશીલ અનુભૂતિ ક્ષીણ અને દુર્બળ થવાં લાગી હતી .માત્ર ભય શેષ રહી ગયો હતો :તેનું શું થશે? લોકોનો પીછો કરતી અને દોષી ઠેરવતી નજરોને - ઉત્સુક, સંદેહપૂર્ણ અને દુષ્ટ નજરોને એકધારી, ઓરછોર વિના - સહન કરતી જવી એટલું સહેલું નહોતું; જેવી રીતે નાસ્ત્યોના સમજી નહોતી શકતી કે તેની સાથે જે કંઈ ઘટ્યું છે તે એક યથાર્થ છે, એવી જ રીતે બીજાં લોકો પણ વિશ્વાસ નહોતાં કરી શકી રહ્યાં કે આ એ જ નાસ્ત્યોના છે, જેને તેઓ જાણતા હતાં અને દરેક વખતે અફવાની પુષ્ટિ શોધતાં રહેતાં હતાં :દિવસ હજી પણ ચઢેલાં જ છે કે શું, પડી તો નથી ગયું ને,ક્યાંય ગાયબ તો નથી થઈ ગયું? કોઈએ પણ, સૌથી નજીકની લીઝા વોલોઝ્જીના સુદ્ધાએ પણ તેને એમ કહીને હિંમત ન બંધાવી :તું દિલ પાકું રાખ, લોકોની વાતોને ચૂલામાં જવા દે, જે બાળકને તું જન્મ આપીશ તે તારું જ છે, કોઈ બીજાનું નહીં, તારે જ તેનું ધ્યાન રાખવાનું છે અને લોકોનું તો શું, સમય વીતતાં શાંત થઈ જશે .જો જરા પણ તક મળી ગઈ હોત તો લીઝા પણ બધો દોષનો ટોપલો તેનાં જ માથે મઢી દેત, શંકા કરત કે ક્યાંક મક્સિમ તો નહોતો .કોને ખબર, અત્યારે પણ એવું જ વિચારી રહી હોય, ગણતરી કરી રહી હોય - કોણ જાણે? નેસ્તોરની ઘરવાળી કતેરીના તો તેની તરફ વાંકી નજરે જ જુએ છે, મનમાં ને મનમાં કંઈક ઘડતી જ રહે છે, હવે તે શું તેની

પાસે જાય અને સ્પષ્ટતા કરે - અરે, ધીરજ રાખ, તારાં નેસ્તોરને આની સાથે કોઈ લેવાદેવા નથી.

અધિકારી વિષે નાસ્ત્યોનાની કહાણી પર બધાંને વિશ્વાસ ન બેઠો - એવું બનવું સ્વાભાવિક હતું, પણ એ વાતથી નાસ્ત્યોનાને કોઈ આશરો મળવામાંથી રહ્યો .સ્ત્રીઓની છોડો - તેમનાંથી તો તે સમજી લેશે, તેને ખબર છે કે તે સ્ત્રીઓ સામે દોષી નથી - ઓછામાં ઓછી એ દોષની તો નહીં, જેનો તેઓ તેનાં પર સંદેહ કરી રહી હતી, અને એટલે જ તે તેમની તરફ કોઈ શરમ વિના જોઈ શકતી હતી .પણ વધારે ખરાબ વાત ત્યારે હતી જયારે સાચી વાતની આસપાસ કોઈ સંકેત કરવાં લાગતું હતું .ઈન્નોકેન્તી ઈવાનોવિચે પોતાની ચાલાક, તેજ તરાર આંખોને મીંચકારતાં અને જાણે કંઈ સમજતો હોય તેમ માથું હલાવતાં, તેનું પાપ ખુલ્યાં પછી પહેલી મુલાકાત દરમ્યાન જ તેનાં પર કાંટો ફેંક્યો હતો:

"છોકરી, જરા એ વાત પર ધ્યાન આપવું જરૂરી છે કે કોણે તને આવું પદક ભેટ આપ્યું છે, હેં?"

અને તેની તરફ જિજ્ઞાસુ, ભેદક, શોધક દ્રષ્ટિ સ્થિર કરી દીધી હતી કે ક્યાંક કોઈ રોમ ફડકી ઊઠે, જે અજાણતાં જ કંઈક સંકેત કરી દે, કોઈ ગહન ભેદ ઉઘાડો પાડી દે.

"ધ્યાનથી જોતાં રહો, ઈન્નોકેન્તી ઈવાનોવિચ, ધ્યાનથી જોતાં રહો," જેના કારણે તે પાછલાં સમયથી તેની સાથે અડિયલ વ્યવહાર કરતી આવી રહી હતી, એ જ અડિયલપણે તો નાસ્ત્યોનાએ જવાબ આપ્યો હતો, "એ દરમ્યાન ચૂપકેથી કહી દઈશ કે બાળક તો તારાં પર જ જશે."

"થું, થું, બદ્જબાન, કેવી બેશરમ છે!" તેણે થુક્યું અને જતાં જતાં ધમકી આપી હતી," કશો વાંધો નહીં, એ તો સમય આવ્યે ખબર પાડી લઈશું કે કોનાં પર જશે."

આ વધારે ડરની વાત હતી અને નાસ્ત્યોના શું કરે, કંઈ સમજાતું નહોતું .તે બિલકુલ સમજી શકતી નહોતી કે હવે શું કરે, કંઈપણ વિચારવાની, નિર્ણય કરવાની તાકાત જ જાણે તેનામાં બચી નહોતી : પહેલાં દિવસે સેમ્યોનોવ્નાના બરાડવા પર જે તે સ્તંભિત થઈ તો ફરી એ સ્થિતિમાંથી ઉગરી જ ન શકી . ચારે બાજુ બધું તેને અપ્રિય, પારકું, પોતાની વિરુદ્ધ, તેનાં દરેક ડગલાંનો પીછો કરતુ અને દરેક વિચારને કાન માંડીને કોઈને કોઈ સાંભળતું હોય તેમ લાગવા લાગ્યું હતું .તે હાલતી-ચાલતી માત્ર એટલાં માટે જ હતી કે ક્યાંક તે સંપૂર્ણ રીતે જડવત ન થઈ જાય, થીજાઈ ન જાય, કામે જતી હતી, જયારે કંઈ પૂછવામાં આવતું ત્યારે કંઈક કંઈક બોલી પણ દેતી હતી, પણ તે શું કહેતી હતી, કયા કામમાં લાગેલી રહેતી હતી, ક્યાં જતી રહેતી હતી, તરત જ ભૂલી જતી હતી .રાતનાં જયારે કોઈ વાતથી મુક્તિ પામવાની સંભાવના જ નહોતી રહેતી ત્યારે તે ભારે, કટુ પીડાથી તરફડતાં લગભગ ઊંઘતી જ નહોતી અને અજવાળામાં

દિવસ અને સાંજને અલગ પાડી શકતી નહોતી-આવાં ભટકાવ, ચક્કર અને મૂંઝવણમાં ફસાયેલી હતી . નાદ્કા તેને ક્યારેક મેજ તરફ, ક્યારેક પથારી તરફ, તો ક્યારેક ખેતરની તરફ બળજબરી ધકેલતી રહેતી હતી - નાસ્ત્યોના આજ્ઞાકારીની જેમ ચાલી જતી, તે બધું જ કરતી હતી, જેની તેની પાસેથી અપેક્ષા કરવામાં આવતી હતી અને પછી પોતાની સામે જોયા વિના, ત્રસ્ત દ્રષ્ટિ સ્થિર કરી જડવત થઈ જતી હતી .તે ઘાસની કાપણીની રાહ જોઈ રહી હતી, જે એકાદ દિવસમાં જ શરૂ થવાની હતી :ખબર નહીં કેમ, નાસ્ત્યોનાને પૂરો વિશ્વાસ હતો કે આ પ્રસન્નતાભર્યા, તેનાં હંમેશાથી પ્રિય એવા કામની ઘડીઓમાં કંઈક ને કંઈક બદલાશે, તેનું પીડાદાયી ઘુમરાઈ રહેલું વમળ એક બિંદુ પર અટકી જ જશે .બસ બહુ થયું, છેવટે ક્યાં સુધી તે સહન કરતી રહેશે?!

તે આજે અન્દ્રેઈ પાસે જવાનો વિચાર પણ નહોતી કરી રહી, પણ સાંજે નાદ્કા સ્ત્રીઓની બેઠકમાંથી પાછી ફરી અને સમાચાર આપ્યાં:

“સાંભળ તો નાસ્ત્યોના, તારાં વિષયમાં કેવી કેવી વાતો થઈ રહી છે .....કહે છે કે તને આ દિવસો કોઈ અજાણ્યાં પુરૂષથી નહીં પણ પોતાનાં પતિથી જ રહ્યાં છે.”

નાસ્ત્યોનાને લાગ્યું કે જાણે તેનાં પગથી માથાં સુધી આગ લાગી ગઈ હોય.

“ પોતાનાં પતિને અહીં ક્યાંથી લાવત?” તે બળજબરી હોંઠ પર તીખું સ્મિત લઈ આવી .“દિવસ રહેવા માટે ચાર વરસ ઘણાં કહેવાય, નહી?”

“ઈન્નોકેન્તી ઈવાનોવિચ આ બધી અટકળો ઘડી રહ્યો છે .મને લાગે છે એ જ બધી અફવાઓ ઊડાવી રહ્યો છે,”નાદ્કાએ સમજાવ્યું, “ડોસલાને ચેન જ નથી પડતું .પોતે તો સ્ત્રીઓ માટે કોઈ કામનો નથી, બસ બધાંની આંખો પર ધૂળ નાંખતો ફરે છે, જેમ ફાવે તેમ, ઊંધું ચત્તું ઘડતો ફરે છે.” “પોતાનાં પતિથી જ છે, તો તેનાથી જ ભલે હોય,” નાસ્ત્યોનાએ એ બતાવવાનો પ્રયત્ન કર્યો કે બધાં જે ચાહે તે કહે, મને તેનો કોઈ અફસોસ નથી.”

આ વાતચીત પછી તે ભયગ્રસ્ત થઈ ઊઠી :ચાલુ ક્યાંકનો, વાતની ઊંડાઈ સુધી પહોંચી જ જશે .આખી દુનિયામાં આવાં ઈન્નોકેન્તી ઈવાનોવિચનો કોઈ જોટો નથી .જ્યાં સુધી તળ નહી પકડી લે ત્યાં સુધી ઊંડો ઉતરતો જ રહેશે :જો તેનાં મગજમાં કંઈ ભરાઈ ગયું તો પાછળ હટનારાઓમાંનો તે નહોતો .જિલ્લામાં જઈને અધિકારીને શોધી પણ લેશે અને આંખ મારતાં ખબર પણ આપી દેશે કે જલ્દી જ અતામાંનોવ્કામાં તેનો વંશજ જન્મ લેવાનો છે .સ્પષ્ટ છે, તે ઇનકાર કરશે, ગુસ્સે ભરાઈ જશે અને પછી તેમની વાતચીત

ગંભીર વળાંક ધારણ કરી લેશે .ના, અન્દ્રેઈએ હવે ચાલ્યાં જ જવું જોઈએ, ક્યાંય પણ, કોઇપણ બાજુ, બસ ચાલ્યાં જવું જોઈએ .કાં તો તે બહાર નીકળી આવે અને પોતાની જાતને સોંપી દે :પોતાની મરજીથી શરણે આવવાથી માફીની ગુંજાઇશ રહે છે .હે ભગવાન, બકરાની માં ક્યાં સુધી ખેર મનાવશે ! ખૂબ ખીચડી પકાવી છે...ખૂબ...કોના માટે !જો તે ચાલ્યો જ જાય, હંમેશાં હંમેશાં માટે ક્યાંક સંતાઈ જાય, જાણે કદી તેનું ક્યાંય કોઈ નામોનિશાન જ નહોતું - તેને હવે સમજાતું નહોતું કે તે શું ચાહતી હતી - !કોઈપણ સંજોગોમાં આવનાર બાળકનાં માથાં પર તો બદનામી મંડરાતી જ રહેશે, જેનાથી તે તેને સૌથી વધારે બચાવવા ઈચ્છતી હતી :ક્યારેક એ અફવા હતી કે તેનો બાપ ભગોડીયો છે અને આ અપકીર્તિને કોઈપણ રીતે મીટાવવી સંભવ નહોતી; ફલાણા શેતાનની નસલ છે, વિશ્વાસ માત્ર કરવા ખાતર પણ નહીં કરે, શેતાન વિષે ભૂલશે પણ નહીં અને સો સો પ્રમાણો પણ શોધી લેશે :હા, તેનાથી જ, એ દુષ્ટ આત્માથી જ . એનો અર્થ એ કે બાળક પણ શરમ લઈને જન્મ લેશે; જેનાથી તે આખી જિંદગી પોતાનો પીછો છોડાવી નહીં શકે .અને આ પણ એવું નહીં હોય, જેવું તેઓ ચાહી રહ્યાં છે - કંઈપણ નહીં થાય .માબાપનું પાપ, નિર્મમ અને હૃદયવેધક પાપ તેનાં માથે પણ મઢી દેવામાં આવશે - તેનું શું કરે ?! લોકો તેને કદી માફ નહીં કરે, શ્રાપ દેશે તેને - બરાબર જ તો છે.

અંધકાર, ચોમેર ઘોર અંધકાર જ હતો, ક્યાંય આશાનું કોઈ કિરણ નજરે નહોતું પડતું !આકાશનું ભારીપણું હાવિ થતું જઈ રહ્યું હતું, ક્યાંય કિનારા પણ નહોતા - માત્ર પાણી જ પાણી છે ચારે બાજુ, જે વગર રોકાયે કોઇપણ ક્ષણે વહ્યે જતું હતું.એ પણ કળવું મુશ્કેલ હતું કે પીપનો હળવો પ્રકાશ હજી ઝળકી રહ્યો છે કે પછી ઓલવાઈ ગયો છે - ક્યારેક ઝળકતો હતો તો ક્યારેક અદ્રશ્ય થઈ જતો હતો .રાતનાં સમયે અહીં પાણીથી કપાયેલાં એક કબ્રસ્તાનની નિર્જીવ ગંધ રહેતી હતી -જાણે ગળામાં અટકેલો કડવો સડો ઉબકા મારતો રહેતો હોય અને આત્મા અસ્પષ્ટ પોકારોથી સંતાતો ક્યાંક ખૂણામાં જડ થઈ ગયો હોય; લાગતું કે હમણાં હમણાં જ ઊંડાણમાંથી કોઈ અવાજ ગૂંજી ઊઠશે અને એવી કોઈ અમંગલસૂચક, અચૂક વાત કહી દેશે કે આગળ વધવાની ઈચ્છા જ નહી રહી હોય.

નાસ્ત્યોના હળવે રહીને છાંટા ઉડાડ્યાં વગર હલેસાં નીચાં પાડતી હતી અને હોડી આગળ વધારતાં સાવધાનીપૂર્વક તેમને પાણીમાં ખેંચતી હતી .તેને લાગી રહ્યું હતું કે તે અવાજ કર્યા વિના, ધ્યાનપૂર્વક દરેક અવાજ તરફ કાન માંડીને વધી રહી હતી - નદીનાં, અજાણ્યાં, પરલોકનાં - બધાં અવાજો પ્રત્યે જાગ્રત હતી, દરેક વસ્તુ માટે તૈયાર હતી.અને જયારે કિનારા પર કોઈ વસ્તુ ઝટકા સાથે એવી રીતે અથડાઈ જાણે લાકડાં પર લાકડું પડી ગયું હોય, ત્યારે તેણે એકદમ એ અવાજ પકડી લીધો અને સ્તબ્ધ રહી ગઈ .તરત જ તેને કાંકરા પરથી હોડી નીચે ધકેલવાનો સ્પષ્ટ, ખુરેદ્તો અવાજ સંભળાયો .શાંતિ ભંગ થઈ ગયેલું પાણી છબછબિયાં કરી ઉઠ્યું, પછી એકદમ જાણે બધું શાંત થઈ ગયું, પરંતુ જલ્દી જ

નાસ્ત્યોનાના કાને એક હાથવાળા હલેસાનો છ્પ છ્પ કરતો અવાજ પહોંચી ગયો.

કોઈ શંકા ના રહી :કોઈ તેની પાછળ પાછળ હોડી હાંકી રહ્યું હતું .કોઈ તાક લગાવીને તેનાં આગળ વધવાની રાહ જોઈ રહ્યું હતું અને તરત જ પાછળ ચાલ્યું ગયું હતું .કોણ હશે - મિખેઈચ કે કોઈ બીજું? થોડે દૂર ટેકરાં નીચે બે બીજી હોડીઓ ઊભી હતી - ઈન્નોકેન્તી ઇવાનોવિચની અને અગાફીયા સોમોવાની, બંનેમાંથી કોઈની પણ લઈ શકાય એમ હતી, કોઇપણ બાંધેલી નહોતી રહેતી .નાસ્ત્યોના હાલી પણ નહીં; તેની હોડી વળી ગઈ અને વહેવા લાગી, હલેસાં આમતેમ ફેલાઈને પાણી પર લિસોટા પાડતાં ચાલતાં જઈ રહ્યાં હતાં .આગળ વધવાની વાત તો વિચારવી પણ વ્યર્થ હતી :જો તેને અહીં સંભળાઈ રહ્યું છે, તો તેનાં હાંકવાનો અવાજ પણ ત્યાં સંભળાઈ રહ્યો જ હશે .બસ, પહોંચી ગઈ, ચેતવી આવી !પાછાં ફરવું જોઈએ .સારું થશે કે જો મિખેઈચ જ હોય - તેની એટલી બીક નથી, પણ જો કોઈ બીજું હશે તો? જે કોઈ પણ હોય, તેણે તેને રસ્તો તો બતાવી જ દીધો.

નાસ્ત્યોનાનાં ચિહ્નો ઓજલ થઈ જવાં પર પેલી હોડી પણ શાંત થઈ ગઈ, પછી ધીરે ધીરે પાછલી હોડીનાં હલેસાં ચાલવાં લાગ્યાં .નાસ્ત્યોના સમજી ગઈ અને તે તેનાં અવાજ સાથે અવાજ મેળવતી કિનારાની તરફ પોતાની હોડી હંકારવા લાગી .તે દૂર હતો, પણ નીચેની બાજુ એક રેતાળ પટ્ટી અંગારામાં દૂર સુધી ચાલી આવતી હતી, ત્યાં પાણી પથ્થરો સાથે અથડાતું હતું .બસ, પટ્ટી સુધી પહોંચી જાય- પછી તો વગર ડર્યે હોડી હાંકતી રહે, હોડીથી ખટખટ ના થાય .હલેસાંનો સધેલો, માંડ માંડ ઓળખી શકાય તેવો છ્બકારો નાસ્ત્યોનાની બરાબર સુધી પહોંચ્યો અને પાસેથી પસાર થઈ ગયો, પીછો કરનાર નાસ્ત્યોનાનાં કોઈ સંકેતની પ્રતીક્ષામાં ફરી ચૂપ થઈ ગયો, પણ તેમાં નિષ્ફળ જતાં આગળ વધી ગયો.

નાસ્ત્યોનાને લાગ્યું કે અજવાળું પ્રસરવા લાગ્યું છે; હવામાં ઝાંખા ભૂરાં રંગનાં સ્તંભ ઉભરાઈ આવ્યા હતાં .સવાર પહેલાંની હવા ઠંડી થતી ચાલવા લાગી હતી, હોડીની બંને બાજુ નીચલી હવા સાથે ગેલ કરી રહી હતી .નાસ્ત્યોના પહેલાંની જેમ જ સાવધાન રહેતાં છેવટે પટ્ટી સુધી પહોંચી ગઈ અને હોડીને હલેસાંથી કિનારા સુધી ધકેલી લાવી .આ વખતે તો તેને બચવાની નહીં પણ ઊલટાનો વધારે ખડખડાટ કરવાની, અવાજ કરવાની જરૂર હતી, જેથી તેનો પીછો કરનારો વિચારી લે કે તે અંગારા પાર કરવાની જ નહોતી, બસ ઊંઘ ન આવવાને કારણે તેણે કિનારા પર પોતાનાં દુઃખ-ઉદાસી દૂર કરવા માટે હોડીમાં ફરવાનો વિચાર કર્યો હતો .તે થાકી ગઈ હતી, આ બધાંથી બહુ થાકી ગઈ હતી .થાકીને ચૂર ચૂર થઈ ગઈ હતી .બસ જલ્દી જ કોઈ અંત આવી જાય, આવી જિંદગી કરતાં તો કોઈપણ અંત વધારે સારો હતો .ઊંઘ આવી રહી હતી, પણ તેને ખબર હતી કે આન્દ્રયેવ્સ્કોયે ન પહોંચી શકવાની નિષ્ફળતાથી તેની આંખો બંધ થશે જ નહીં .તેણે બહુ ખોટું કર્યું :અંગારાનું ઠેકાણું બતાવી દીધું.

નાસ્ત્યોનાએ હોડીને કિનારા સાથે ટેકવી દીધી અને કોણ જાણે કેમ અન્યમનસ્કપણે ઢોળાવ પર ચઢી ગઈ .હકીકતમાં જ અજવાળું થવા લાગ્યું હતું :પહાડની પેલે પારથી અંધારિયા આસમાનમાં ઊજળાં ટૂકડા જાણે ઝગમગી રહ્યાં હતાં.રાતનો અંધકાર સરકી રહ્યો હતો; લાગતું હતું મોસમે પણ પડખું બદલ્યું હતું - કદાચ દિવસ ચઢતાં ચઢતાંમાં તો છેવટે આકાશમાંથી આ ઉદાસીનો બોજ ઊતરી જશે .આ રાત બહુ કષ્ટદાયક હતી અને દુષ્ટ પણ; આવી રાતે તો નિર્મળ આત્માવાળા પણ યાતના પામે, ત્યાં તેની, નાસ્ત્યોના ની તો વાત જ ક્યાં કરવી, તેનો તો સંત્રસ્ત, દુરાચારી આત્મા તૂટી ચુક્યો હતો, આશનું એક કિરણ પણ ન દેખાતાં પોતાનાં દુ:ખડા રોતી-કકળતી હતી.

નાસ્ત્યોના અચાનક લથડિયું ખાઈ ગઈ અને ચીસ પાડી ઊઠી, તેનાં હાથમાં લાકડાંનો વાંકો ક્રોસ આવી ગયો .હે ભગવાન, તે ક્યાં આવી પહોંચી ?! ડૂબેલાંઓનાં કબ્રસ્તાનમાં .ભયથી તેનાં શરીરમાં કંપારી વછૂટી ગઈ, પગ જાણે જમીનમાં જ ગડાઈ ગયાં અને તેનું કહ્યું માનવાનો ઇનકાર કરી ઉઠ્યાં .નાસ્ત્યોના સરકતી સરકતી ધસી પડેલી કબરમાંથી બહાર નીકળી અને નીચે, હોડી તરફ ગબડતી ગઈ .દયા કર, ભગવાન !આ શું!? આમ કેમ, શા માટે? શું તેનાં માટે પોતાની જ બીક ઓછી છે? તેની પરવા ન કરતાં કે કોઈ તેનો અવાજ સાંભળી જશે, તેણે બલ્લી ઊઠાવીને પૂરી તાકાતથી હોડીને પ્રવાહની વિપરિત દિશામાં આ દુષ્ટ, ભયંકર સ્થાનથી દૂર ધકેલવા લાગી .આ કબ્રસ્તાન ઉનાળા દરમ્યાન મીશ્કા મજૂરે બનાવી દીધું હતું, આ છોકરો યુદ્ધ પહેલાં જ બાલનિકેતનમાંથી અતામાંનોવ્કા આવી ગયો હતો અને હવે લગભગ વયસ્ક જુવાન થઈ ગયો હતો.

આજકાલ હંમેશાની સરખામણીમાં ડૂબેલાંઓની સંખ્યા વધી ગઈ હતી - કેમ? યુદ્ધ પૂરું થઈ ગયું, આશાઓ વધી ગઈ - કે પછી જિંદગીએ એવો વળાંક લઈ લીધો કે એ બધાં પોતાની જાતને સંભાળીને ન રહી શક્યાં અને કમજોર પડી અંગારામાં પહોંચવા લાગ્યાં? કોણ જાણે...મીશ્કા મજૂર, જેનું આ નામ એટલાં માટે પડ્યું હતું કે શરૂઆતમાં તેણે લોકોને ત્યાં મજૂરી કરી હતી, ડૂબેલાંઓને બહાર કાઢવા અને દફનાવવામાં ખચકાતો નહોતો, દરેક કબર માટે તેને ગ્રામ સોવિયેતમાંથી દસ રૂબલ મળતાં હતાં .તેને એ કમાણી ગમી ગઈ હતી; તે આખો દિવસ બાજ નજરે શિકારની શોધમાં નદી પર ડોલતો રહેતો હતો, નીચલાં ગોચરમાં તે ચાર જણાને દાટી ચૂક્યો હતો - વગર કોઈ લગને, જેમ બની શક્યું તેમ, દાટી દીધાં, બસ .સામૂહિક ફાર્મમાંથી કાગળ મળી જાય કે દાટી દીધાં, જેનાં પર ગ્રામ સોવિયેત પૈસા ચૂકવતી હતી.

હોડી હંકારતાં આખે રસ્તે નાસ્ત્યોના ધ્રૂજતી રહી .તેને તો યાદ હતું, ખૂબ સારી રીતે યાદ હતું, દિવસનાં સમયે અહીંથી એક વેર્સ્તાની દૂરી પરથી નીકળતી હતી ત્યારે તે તરફ જોતાં પણ બીતી હતી, અને હવે

રાત્રે ત્યાં જ જઈ પહોંચી હતી .સીધી કબરમાં જઈને પડી- આ શું હતું?! અને ભય તથા ધૃણાથી આહ ભરતી, થરથર કાંપતી, પોતાને માટે બીવા લાગી હતી :ખરડાઈ જ ગઈ અંતે .પાછળથી તે વારંવાર હાથ ધોતી રહી, જેનાં વડે તેણે કબરની ચીકણી માટી પકડી હતી, તેને સતત એમ જ લાગતું રહ્યું કે તેમાંથી જાણે આથો ઊઠ્યો હોય તેવી ગંધ આવી રહી હતી.

આ બધાંમાં પણ તે એ તપાસ કરવી ન ભૂલી કે તેનો પીછો કરનારે અગાફિયા સોમોવાની હોડી લીધી હતી.

પ્રકરણ ૨૨

સવારે નાસ્ત્યોના કામે ન ગયો .કામે નાદ્કા પણ ન ગઈ - એમાં કોઈ ખરાબ વાત નહોતી :બીજાં દિવસે બધાં લોકો ઘાસની કાપણી માટે રવાનાં થવાનાં હતાં અને અંતિમ દિવસ, જેને જરૂર હોય તેને તૈયારી કરવાં માટે આપવામાં આવ્યો હતો .અંતતઃ નાસ્ત્યોનાની ઘાસની કાપણીની પ્રતીક્ષા પૂરી થઈ જ ગઇ હતી, જેનાં પર તેણે પોતાની મુક્તિની બહુ મોટી આશાઓ લગાવી રાખી હતી, જો કે દૂર દૂર સુધી આશાનું એવું કોઈ ચિહ્ન દેખાતું નહોતું કે તેનાંથી કંઈ બહુ મોટો ફેર પડી જાય .પણ છેવટે તો ઘાસની કાપણી ...એ દરમ્યાન તે સદા પોતાને આશા અને ઉલ્લાસથી ભરપૂર, કાપણીના કોઇપણ કામ માટે પોતાને હંમેશાં તૈયાર અનુભવતી હતી .તેને સૂરજ ઊગતાં જ, પહેલાં ઝાકળ બિંદુઓ પર નીકળી, મેદાનનાં છેડે ઊભાં રહી, દંડો લાગેલું દાંતરડું જમીન પર ઝુકાવી પહેલાં તપાસતાં અને પછી ફટકા સાથે ઘાસ ચીરતાં ચાલતાં જવું અને પછી કપાતાં ઘાસનાં ખચાક ખચાક ઘેરાં અવાજથી સમગ્ર શરીરમાં કંપારી અનુભવતાં સતત દાંતરડા વડે પ્રહાર કરતાં જવું બહુ સારું લાગતું હતું .તેને બપોરનાં ભોજન પછીની કાપણીનો કણસતો, ચટખતો અવાજ પણ સારો લાગતો હતો, જયારે ગરમી હજી જેમની તેમ રહેતી હતી અને થોડા આરામ પછી હાથ આળસભર્યા, પણ તેમ છતાં ઝડપથી અનિચ્છાપૂર્વક ચાલવાં લાગતાં હતાં, તેમનાંમાં સ્ફૂર્તિ આવી જતી અને વ્યસ્ત થઈ એ ભૂલી જતાં કે તેઓ કામ કરી રહ્યાં હતાં; આત્મા ઉત્ફુલ, અનિયંત્રિત લાલસાથી ધધકી ઊઠતો - તમે પોતાની જાતને ભૂલીને, રમતાં રમતાં ઘાસ કાપતાં જઈ રહ્યાં છો અને એમ લાગતું કે જાણે દરેક વારની સાથે કોઈ વિસ્તૃત, રહસ્યપૂર્ણ, પોતાનાપણું ભરેલી દુનિયામાં ધૂસતાં ડગલાં ભરતાં ચાલતાં જઈ રહ્યાં છો .તેને ધોમધખતી ગરમીમાં ખંપાળી ચલાવવી પણ સારી લાગતી હતી, જયારે એકઠાં થતાં ઘાસનો સૂકો અને ચરમર સરસરાટ થાય છે અને ખૂબ ઊંચાં ઊગેલાં જાતજાતનાં ઘાસમાંથી તીખી માદક ગંધ ઊડે છે ત્યારે, તેને આસમાનની તરફ જોઈ જોઈને જયારે ઘાસમાં હજી સાંજની ભીનાશ ન આવી હોય ત્યારે,ઝડપથી ઘાસનો ઢગલો કરવાનું સારું લાગતું હતું; આ ઘાસના ગંજોની આસપાસની હિલચાલ તેને સારી લાગતી હતી .તેને શરૂથી અંત સુધી,

પહેલાં દિવસથી અંતિમ દિવસ સુધી બધું બહુ સારું લાગતું હતું.

પણ હવે તે બીજી જ નાસ્ત્યોના હતી, હા, બીજી જ નાસ્ત્યોના હતી, પણ આ એનાથી પણ વધારે અધીર અધીર નાસ્ત્યોના કોઈ વણઉકેલી અને શક્તિશાળી આકાંક્ષા તથા આંધળાં વિશ્વાસ સાથે ઘાસની કાપણીની રાહ જોઈ રહી હતી, જાણે એનાથી જ તેનાં સમગ્ર ભાગ્યનો ફેંસલો થવાનો હતો .અને હકીકતમાં તેને એમ જ લાગતું હતું :કાપણીનાં દિવસોમાં જ બધું સ્પષ્ટ થશે- તેને ક્યાં રહેવાનું છે, કોની સાથે જીવવાનુ છે .કોના પર ક્રોધ કરવાનો છે અને કોને અનુનય .તેને એટલું બધું મન થઈ રહ્યું હતું કે સૂરજ નીકળતાં પહેલાં જ એકલી, તદ્દન એકલી ગોચરમાં ઊભી રહે, ઊંચાં વધેલાં જંગલી ઘાસમાં કમર સુધી ધસી જાય અને દાંતરડું ચલાવવા લાગે - લગાતાર, સ્ફૂર્તિપૂર્વક, જ્યાં સુધી મેદાનનાં બીજાં છેડાં સુધી રસ્તો ન પથરાઈ જાય ત્યાં સુધી વગર રોકાયે ચલાવતીને ચલાવતી જ જાય !અને ત્યારે જ પાછળ વળીને જુએ અને ઉન્મુક્તાથી શ્વાસ લે .વ્યર્થમાં જ તો નથી કહેવાતું :કામ માણસનો જીવ લઈ લે છે, પણ એ જ કામ મરતાં દમ સુધી ખવડાવે છે, પોષે છે,ખાસ વાત છે કે એ રક્ષા કરે છે.

પરંતુ એ પણ હાલની વાત હતી અને આજ રાત પછી, જયારે નાસ્ત્યોના અન્દ્રેઈને મળી શકી નહોતી, તે પોતાની સુધબુધ તદ્દન ખોઈ બેઠી હતી; થાક વાંછિત, પ્રતિશોધપૂર્ણ નિરાશામાં બદલાઈ ગયો હતો .તેને હવે કોઈ ચાહના નહોતી, કોઈ આશા નહોતી, મનમાં રિક્ત, ઉદાસ ભારેપણું ઊતરી ગયું હતું .જે કંઈ તેને કાલ સુધી સંભવ અને આશાસ્પદ લાગી રહ્યું હતું તે બધું જાણે આજે અંધકારમાં ડૂબી ગયું હોય તેમ લાગતું હતું .આખી રાત આંખ મીંચાઈ નહોતી, માથું દુઃખી રહ્યું હતું- દુઃખી રહ્યું નહોતું પણ અનવરિત યાતનાથી છટપટી રહ્યું હતું; અંદર કંઈક ઘૂંટાઈ રહ્યું હતું અને અંદરથી કોઈ ટીસ ઊઠી રહી હતી - ત્યાં જ, જ્યાં બાળક હતું અને તેને સમજણ નહોતી પડી રહી કે એવું જ હોવું જોઈએ કે પછી તેણે બાળકનું અહિત કરી જ દીધું હતું .“કેવાં કેવાં મનસૂબા ઘડ્યાં હતાં,” તે ઉદાસીપૂર્વક પોતાનાં પર ફિટકાર વરસાવતી, ધિક્કારતી અને તેની અક્કલ બહેર મરી જતી, “તારી સાથે તો આવું જ થવું જોઈએ.

કરવાં માટે તો તે કંઈપણ કરી રહી નહોતી .તેણે કોઈપણ કામ હાથમાં ન લીધું, હાથ હલાવતી એક ખૂણામાંથી બીજાં ખૂણામાં, ઘરમાંથી બહાર અને બહારથી પછી અંદર એવી રીતે ડોલતી ફરતી રહી, જાણે કંઈક શોધી રહી હોય, કોઈ વસ્તુની રાહ જોઈ રહી હોય - પણ કંઈ ન શોધી શકી, ન તો અંત સુધી રાહ જોઈ શકી .તે ક્યારેક લીદ્કાને પકડી લેતી, તેને છાતીએ વળગાડીને લાડ કરતી રહેતી, પણ લીદ્કા તેનાંથી દુઃખી થઈ અને તેનાંથી સંતાવા લાગી.

“તારું ભેજું તો ખરાબ નથી થઈ ગયું ને?” નાદ્કા તેનાં પર બરાડી ઊઠી, “રાત્રે ક્યાં ભટકતી રહી?

નાસ્ત્યોનાને ન તો આશ્ચર્ય થયું અને ન તો બીક લાગી :સાચી વાત હતી, ભટકતી જ તો રહી હતી - તો પછી શા માટે ન પૂછવું જોઈએ ?" પોતાનાં મરદ પાસે પહોંચવા ઇચ્છી રહી હતી, પછી વિચાર બદલી નાંખ્યો," તેણે જવાબ આપ્યો .જયારે સાચું બોલો તો લોકોને ઓછો વિશ્વાસ બેસે છે .એનાથી સાચું બોલવું સહેલું છે .ધોખો આપતાં આપતાં તે બહુ દુઃખી થઈ ગઈ .બધાંથી દુઃખી થઈ ગઈ હતી.

"ભેજું જ ખરાબ થઈ ગયું છે," નાદ્કાએ ફેંસલો કરી લીધો, "જો એ માણસોની વાત સમજમાં ન આવે તો તારી મરજી .તું બસ જલ્દી બાળકને જન્મ આપ અને કાળજું ન બાળ .તું માણસનાં બચ્ચાંને જ જણીશ - કોઈ બીજાનાં નહી."

નાદ્કાની મહેરબાની હતી કે ઓછામાં ઓછી ધક્કા તો નહોતી મારી રહી .નાસ્ત્યોનાની પાસે બીજો કોઈ આશરો પણ કોનો હતો .કયાં લોકોની ફરિયાદ કરે? તે તો જાતે જ તેમનાંથી દૂર થઈ ગઈ હતી .આ નાદ્કાની સાથે જ, જે તેની સાથે ખુલ્લાં દિલે નિખાલસ વર્તાવ કરી રહી હતી, તે એવી રીતે જૂઠું બોલી રહી હતી જાણે તે કોઈ જીવલેણ દુશ્મન હોય .નાદ્કા ભોળી છે, એનાં પર કેવો વિશ્વાસ કરે છે .પણ ક્યારેક તો તે પણ જાણી જશે કે તેની આંખોમાં તે ધૂળ નાંખી રહી હતી, ત્યારે એનાં માટે કૃતજ્ઞ તો નહી જ થાય . ભટકી ગઈ હતી નાસ્ત્યોના, કોઈ રસ્તો નહોતો.

બપોરનાં ભોજન પહેલાં ગલી પર કરીને મિખેઈચ આવી પહોચ્યો અને પછી નાસ્ત્યોનાને બગીચામાં બોલાવી .તે ઉતાવળમાં હતો અને તેણે લેશમાત્ર સ્નેહ કે દયા વિના નાસ્ત્યોના પર નજર ઠેરવીને એક એક શબ્દ ઉપર ભાર મૂકતા તરત જ કહેવાનું શરૂ કર્યું:

"ધ્યાનથી સાંભળી લે છોકરી .જો તે અહીં હોય તો પકડાઈ જતાં પહેલાં જ જલ્દી ક્યાંક ચાલ્યો જાય, કે પછી બીજું જે કરવું હોય તે .લાગે છે ગામનાં પુરૂષોએ કંઈ વિચારી લીધું છે .ઈન્નોકેન્તી ઈવાનોવિચ તેમનો નેતા બન્યો છે .નેસ્તોર આજે કાર્દાં ગયો છે .એ આમ જ નથી ગયો...."

નાસ્ત્યોના ચૂપ રહી .જવા માટે વળી ગયાં પછી મિખેઈચે એ જ શુષ્ક, તીખાં સ્વરે જોડી દીધું : "હું તારાં પર ખૂબ ફિટકાર વરસાવત, છોકરી કે તેં મને તેને મળવા ન દીધો, પણ તારાં માથાં પર તો આમેય કલંક ઘણું મોટું લાગી ચૂક્યું છે .આ પાપ તારા પર હંમેશાં રહેશે, તેનાથી બચીને તું ક્યાંય ભાગી શકવાની નથી," છેવટે તેનાં દિલની કડવાશ બહાર નીકળી જ આવી, "એ પણ ગધેડો છે: બાપ સાથે વાત કરતાં બી ગયો .અને તમે...."

અને હવામાં હાથ વીંઝતો, હાસ્યાસ્પદ અને કઢંગી રીતે લંગડાતા પગ ઊઠાવતાં વાડ લાંઘી પાછો જવા

લાગ્યો.

નાસ્ત્યોના તો એકદમ સડક જ રહી ગઈ અને બહુવાર સુધી બગીચાની વચ્ચે નિશ્ચલ ઊભી રહી, તે કોઈ વિશેષ અને જરૂરી ફેંસલો શોધી - વિચારી કાઢવાનાં પ્રયત્ન કરી રહી હતી .પણ એક પછી એક અસ્પષ્ટ વિચારોમાં ગૂંચવાતી ત્યાં સુધી ન પહોંચી શકી .બધું બળીને રાખ થઈ ગયું હતું, રાખમાંથી શું થવાનું હતું . હવે વિચારી પણ શું કાઢે ? હવે ઘણું મોડું થઈ ગયું હતું.

તેને કોઇપણ વાતનો વિશ્વાસ નહોતો થઈ રહ્યો હતો - ન તો એ વાતનો કે મિખેઈચ આવ્યો હતો, ન તો એ વાતનો કે રાત્રે અંગારા પર કોઈએ તેનો પીછો કર્યો હતો .તેને લાગ્યું કે આ બધું તેણે પોતાનાં થાકેલાં, માંદલા મગજ વડે ઘડી કાઢ્યું હતું અને પછી ભૂલી ગઈ કે આ બધું ઘડી કાઢેલું હતું .પહેલાં તે કંટાળાથી બચવા માટે આવી કલ્પના કરવાનું બહુ પસંદ કરતી હતી કે તેની સાથે જાતજાતનાં મજેદાર પ્રસંગો થઈ રહ્યાં છે અને એ રમતમાં એવી ડૂબી જતી કે તેનાં માટે સાચું અને ખોટું શું, તે જુદા પાડવું અઘરું થઈ જતું . કદાચ આ પણ એવું જ હતું .માથું હકીકતમાં જોરથી ફાટી રહ્યું હતું, નાસ્ત્યોના પોતાની જ ખાલ ખેંચવા તૈયાર હતી .તે પ્રયત્ન કરી રહી હતી કે ઓછામાં ઓછો વિચાર કરે અને હાલતી ચાલતી રહે અને કોઈ વસ્તુ વિષે ન વિચારે, જરા પણ વિચલિત ન થાય, હમણાં પૂરતું એટલું ઘણું હતું.

સાંજે નાદ્કા નવાં સમાચાર લઈ આવી :મિલિશિયા બુર્દાક આવી ગયો છે .નાસ્ત્યોના ચૂપચાપ શંકા કરી ઊઠી :હોઈ શકે છે, આવ્યો હોય, અને હોઈ શકે છે ન આવ્યો હોય .બરાબર ખબર કોઈને નથી .તેમનો શો વિશ્વાસ કરવો, જેઓ ન જાણે શું શું બોલતાં રહે છે .અને જો આવી પણ ગયો હોય તો બીવાની વળી શી વાત હતી? કોને ખબર કયા કામે તેને અતામાંનોવ્કા આવવાની જરૂર પડી હોય? બની શકે કે તે માછલાં પકડવા માટે કે પછી જેઓ કર જમા નથી કરી રહ્યાં તેમનાંથી ઉતાવળ કરાવવા માટે આવ્યો હોય . અતામાંનોવ્કા તેનો ઈલાકો છે; તે અહીં કાયમ માટે રહેવા પણ આઝાદ છે .આવી ગયો તો આવી ગયો - એમાં શું થયું મોટું.

તે જલ્દી જ સુઈ ગઈ અને નાદ્કાનાં બાળકોની ખટપટ હોવા છતાં પણ તરત જ તે સાહજિક અને ચિંતાભરી નિંદ્રામાં ડૂબી ગઈ .અચાનક જાણે કોઈએ તેને ઝંઝોડી દીધી - તે જાગી ગઈ .તે પોતાને હલકી અને સ્ફૂર્તિલી અનુભવી રહી હતી, તેનું મગજ પણ શાંત થઈ ગયું હતું .નાસ્ત્યોનાને ખબર નહોતી કે રાત કેટલી વીતી ચૂકી હતી - દીવાલ પરની ઘડિયાળ બંધ પડી ગઈ હતી- પણ ખબર નહીં કેમ તેને વિશ્વાસ હતો કે હજી મોડું નથી થયું, તેઓ તેની આગળ નથી નીકળી શક્યાં .તેણે વગર સંતાયે કપડાં પહેરી લીધાં અને એ જ પ્રમાણે વગર સંતાયે જ સારી રીતે બારણું બંધ કરી બહાર નીકળી આવી .જયારે બચો

કે સંતાઓ નહીં ત્યારે સફળતા સહેલાઈથી મળતી જાય છે અને તેને આ વખતે સફળતાની સૌથી વધારે જરૂર હતી.

નાસ્ત્યોનાએ માત્ર હમણાં જ ધ્યાન આપ્યું કે દિવસભરનાં થોડાઘણાં વાદળાં છંટાઈ ગયાં હતાં અને હવે આસમાનમાં ક્યાંક ક્યાંક તારલાં ટમટમી રહ્યાં હતાં .રાત શાંત, અંધારી હતી, પણ એકદમ આછાં અજવાળામાં સારી રીતે જોઈ શકાતું હતું અને અંગારા પર - લાંબા, વિસ્તૃત પટ્ટા પર તો હજી વધારે સારી રીતે જોઈ શકાતું હતું .નાસ્ત્યોનાએ કિનારા પરથી હોડી ઉતારી લીધી, તેને ધકેલીને તરત જ હલેસાં પકડી લીધાં સમય રહેતાં પહોંચી જાય, અને પોતાનાં મરદને ચેતવી દે .એકબીજાથી વિદાય લેવી પણ જરૂરી છે .હંમેશાં માટે કે પછી કોઈ બીજાં યુગ સુધી - તે તો કોણ જાણે?

શરમ આવી રહી હતી ....શા માટે આટલી બધી શરમ આવી રહી હતી -અન્દ્રેઈ સામે, લોકો સામે, ખુદ પોતાની જાત સામે? એવી શરમ માટે તેણે એટલાં બધાં ગુનાઓ ક્યાંથી જોડી લીધાં જિંદગીમાં?

સૌભાગ્યનાં દિવસોમાં જીવવું કેટલું સહજ, કેટલું સહેલું હોય છે અને દુર્ભાગ્યનાં દિવસોમાં કેટલું દુષ્કર, કટુતાભર્યું અને નિરાશાભર્યું !શા માટે માણસનાં સૌભાગ્યને સંઘરી રખાતું નથી, જો એમ બનતું હોય તો તે તેનાથી પોતાનાં દુર્ભાગ્યનો બોજ તો થોડો હળવો કરી શકત ને? શા માટે આ દિવસોની વચ્ચે આટલી ઊંડી ખાઈ હોય છે? હે માનવી, એ વખતે તું ક્યાં હતો, કયા ખેલમાં મગન હતો, જયારે તારું ભાગ્ય ઘડાઈ રહ્યું હતું? શા માટે તેં એનો સ્વીકાર કરી લીધો? શા માટે તેં વગર સમજ્યે - વિચાર્યે એ સમયે પોતાની પાંખો કાપી લેવાં દીધી, જયારે તેમની જ સૌથી વધારે જરૂર હતી, જેથી આપત્તિનાં સમયે ઘસડાઈને નહીં પણ ઊડતાં બચવાની આવશ્યકતા પડે તો કામમાં આવી શકે ?

નાસ્ત્યોના હોડી હંકારી રહી હતી અને સંયમિત તથા વિનમ્ર ભાવે તેણે જે કંઈ પણ થઈ રહ્યું હતું તે બધાં સાથે સંધિ કરી લીધી હતી :કદાચ આવું જ થવું જોઈતું હતું, તે આને જ લાયક હતી ...અજ્ઞાની માણસને તેનાં એક જીવન પછી બીજું જીવન આપી પણ દો તોય તે જીવતાં નહી શીખી શકે .આકાશમાં કેટલી નીરવતા, કેટલી શાંતિ હતી .પણ ગઈકાલની રાત બહુ ભયંકર હતી; આંખોને અંધારામાં કંઈપણ નજરે નહોતું પડતું અને લાગતું હતું કે જાણે હમણાં જ કંઈપણ થઈ જશે, એવામાં બીક તો લાગે જ ને .લોકોનું કહેવું ખરેખર શું સાચું છે કે તારાં પોતાની ઊંચાઈ પરથી નીચે, દૂર દૂર ભવિષ્ય સુધી જોઈ લે છે ? તેમણે એ રાત્રે તેને, નાસ્ત્યોનાને ક્યાં જોઈ લીધી, તેઓ શું અનુભવી રહ્યાં હતાં ?

તે, અનભ્યસ્ત અને અસહ્યનીય, નિરર્થક વિચારોથી પરેશાન થતી, એ વાત પર વિસ્મય કરતી કે તેનો આત્મા તેમનો જવાબ આપવા વ્યાકુળ થઈ રહ્યો હતો, હોડી હંકારતી રહી.

તેનાં આત્મામાં કોણ જાણે કઈ વાતથી ઉત્સવી આહલાદ પ્રસરી રહ્યો હતો અને સાથે ઉદાસી પણ .જેવી રીતે કોઈ પ્રાચીન ગીતથી પ્રતીત થાય છે, જયારે સાંભળતા ભૂલી જવાય છે કે એ સ્વર કોનાં છે - તેમનાં, જે આજે જીવિત છે કે પછી તેમનાં, જેઓ સો બસ્સો વર્ષ પહેલાં જીવ્યાં હતાં .અચાનક એક સમુહમાં ગાતાં ગાતાં મૌન થઈ જાય છે, તેની સાથે બીજો સમૂહ જોડાઈ જાય છે...અને પછી ત્રીજો એ સ્વર ઉપાડી લે છે....અને આમ અવિરતપણે બસ જિંદગીનું ગીત ચાલતું જ રહે છે....

ના, જીવવું મધુર છે; જીવવું ભયંકર છે; જીવવું લજ્જાસ્પદ છે.

અને અચાનક આ વિચારોની વચ્ચે તેનાં કાને બીજાં, એ ગીતથી તદ્દન ભિન્ન સ્વર આવી અથડાયાં .તે આશ્ચર્યથી પાછળ વળી અને તેને કિનારા પર લોકોની આકૃતિઓ દેખાઈ ગઈ.

"એ રહી, એ!" નેસ્તોર બૂમો પાડી રહ્યો હતો .પાણી પર અવાજ સ્પષ્ટપણે ઓળખી શકાતો હતો કે કોણ બોલી રહ્યું છે અને સાંભળી શકાતું હતું કે શું બોલી રહ્યું છે .નેસ્તોરે ગંદા શબ્દો સાથે ગાળ આપી અને નાસ્ત્યોના સમજી ગઈ કે આ શબ્દો તેને જ સંભળાવવા માટે હતાં, "ભાગીને દોડી, આગળ નીકળી જવા ઈચ્છતી હતી .નહીં ચાલે, એમ નહીં ચાલે !હમણાં જ પકડી લઈશું!"

"બીજી હોડી ધકેલ," હવે આ ઈન્નોકેન્તી ઈવાનોવિચનો અવાજ હતો, "જલ્દી !જલ્દી!શું કરે છે આ! "

"પકડી લઈશું! "

નાસ્ત્યોના બીને પૂરી તાકાતથી હોડી હંકારવાની જ હતી, પણ એકાએક તેણે હલેસાં છોડી દીધાં .ક્યાં? શા માટે? તે આમેય ઘણે દૂર નીકળી આવી હતી, આગળ હાંકવાથી કશો ફાયદો નહોતો.

થાકી ગઈ હતી ને .કાશ, કોઈકને ખબર હોત કે તે કેટલી થાકી ગઈ હતી અને આરામ કરવાનું કેટલું મન થઈ રહ્યું હતું તેનું !ન બીએ, ન લજ્જિત થાય, ન તો કોઈ ખોફ સાથે આવનારાં દિવસની રાહ જુએ, સદાને માટે આઝાદ થઈ જાય, ન પોતાને યાદ રાખે, ન બીજાંઓને, જે કંઈ સહેવું પડ્યું તેની રજ માત્ર યાદ ન રહે .છેવટે એ રહ્યું વાંછિત, યાતનાઓ વડે કમાયેલું સુખ - શા માટે તેને પહેલાં તેનો વિશ્વાસ નહોતો? તે શું શોધી રહી હતી અત્યાર સુધી, શું પ્રાપ્ત કરવા ઈચ્છતી હતી તે? વ્યર્થ, બધું જ તદ્દન વ્યર્થ.

શરમ આવી રહી હતી ...પોતાની જાત પર શરમ આવી રહી હતી ...શું બધાં એ સમજતાં હતાં કે આવી સ્થિતિમાં જીવવું કેટલી શરમની વાત હતી? ત્યારબાદ કેવી રીતે લોકો સાથે નજરો મેળવવી સંભવ

હતી ...પણ શું શરમ લુપ્ત થઈ જશે, ભુલાવી દેવામાં આવશે, તેને મુક્ત કરી દેશે બધાથી..

તે સીધી ઊભી થઈ ગઈ અને અન્દ્રયેવ્સ્કોયે તરફ જોયું .પણ તે અંધકારમાં ડૂબેલું હતું ....

હોડીઓ પાસે આવતી જઈ રહી હતી .હવે, હવે ઘણું મોડું થઈ ચૂક્યું હતું......

હોડીની પાછળનાં ભાગમાં જઈને તેણે પાણીમાં ડોકિયું કર્યું .દૂર, બહુ દૂરથી, ક્યાંક અંદરથી, જાણે કોઈ ડરામણી પરીકથામાંથી આવતો હોય તેમ ટમટમતો પ્રકાશ આવી રહ્યો હતો - તેમાં આસમાન વહી અને કંપી રહ્યું હતું .કેટલાં લોકો ત્યાં જવાનો ફેંસલો કરી ચૂક્યાં હતાં અને કેટલાંને હજી કરવાનો બાકી હતો!

અંગારાની આરપાર પહોળી છાયા તરી ગઈ :રાત વધી રહી હતી .કાનોમાં છ્બ છ્બનો અવાજ ભરાતો જઈ રહ્યો હતો - સ્વચ્છ, સ્નેહભર્યો અને ઉત્તેજિત કરતો .એમાં જાણે દસીયો, સેંકડો, હજારો ઘંટડીઓ રણકી રહી હતી...એ ઘંટડીઓ જાણે કોઈ ઉત્સવનું નિમંત્રણ આપી રહી હતી .નાસ્ત્યોનાને લાગ્યું કે કોઈ ચીરનિંદ્રા તેનાં પર હાવિ થતી જઈ રહી હતી .હોડીનાં પડખાં પર ઘૂંટણ ટેકવીને તે તેને નીચે અને નીચે ઝુકાવતી જઈ રહી હતી – એકટક, સંપૂર્ણ દ્રષ્ટિથી, આવનારાં લાંબા વર્ષો માટે પ્રદત્ત હતી, પૂરી શક્તિથી ઊંડાઈમાં જોતાં તેણે જોઈ લીધું :એકદમ તળિયે કોઈ દીવાસળી ભડકી ઊઠી હતી.

“નાસ્ત્યોના, એવું ન કર ! નાસ્ત્યો-ઓ-ઓ-ના! ” તેને મક્સિમ વોલોઝ્જીનની હતાશાભરી ચીસ સંભળાઈ, બસ આ છેલ્લો અવાજ હતો, જે સાંભળવો તેનાં નસીબમાં લખાયેલો હતો અને તે પાણીમાં ઝૂમતી ચાલી ગઈ.

અંગારામાં એક જોરદાર લહેર ઊછળી, હોડી ડોલી ઊઠી, રાતનાં આછાં અજવાળામાં પાણીમાં વમળો ઊઠ્યા, પણ અંગારા જોરથી ઝપટી પડી અને તેમને શાંત પાડી દીધાં, પોતાનામાં સમાવી લીધાં- અને એ જગ્યાએ એક નાનકડો ખાડો સુધ્ધાં ના રહ્યો, જેનાથી પ્રવાહ ક્યાંક ઠોકર ખાઈ જાય.

ચોથે દિવસે જઈને નાસ્ત્યોના કાર્દાંથી થોડે દૂર કિનારા પર આવી .અતામાંનોવ્કામાં સમાચાર પહોંચાડવામાં આવ્યાં, પણ મિખેઈચ મરણપથારીએ પડ્યો હતો, એટલે નાસ્ત્યોના માટે મીશ્કા મજૂરને મોકલવામાં આવ્યો .તે એ જ હોડીમાં નાસ્ત્યોનાને પાછો લઈ આવ્યો અને ડૂબેલાંઓનાં કબ્રસ્તાનમાં દફનાવવાની તૈયારી કરવા લાગ્યો .સ્ત્રીઓએ એમ ન કરવા દીધું અને સુવાડી દેવામાં આવી નાસ્ત્યોનાને જમીનમાં, પોતાનાં લોકોની વચ્ચે, પણ બસ થોડાં થોડાં કિનારાં પર, વાંકી દીવાલની પાસે.

દફનાવ્યા પછી સ્ત્રીઓ નાદ્કાને ઘેર નાસ્ત્યોનાને યાદ કરવા એકઠી થઈ અને રડી પડી :ખૂબ અફસોસ હતો નાસ્ત્યોના માટે.